www.vitragvani.com

* શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય, પુષ્પ નં. ૧૬ *

ૐ

परमात्मने नमः।

# સમયસાર નાટક પ્રવચન

## (ભાગ–૨)

કવિવર પંડિત બનારસીદાસ રચિત

'સમયસાર નાટક' શાસ્ત્ર ઉપર

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મરસસભર પ્રવચન

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: પ્રસ્તુતકર્તા :

શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર, સાયન (મુંબઈ)

શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ-સ્મૃતિ ટ્રસ્ટ, સાયન (મુંબઈ)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રથમ આવૃત્તિ : ૨,૧૦૦

વીર સં. ૨૫૩૩ ✻ વિ. સં. ૨૦૬૩ ✻ ઇ.સ. ૨૦૦૭

**પ્રાપ્તિસ્થાન :—**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (જિલ્લો-ભાવનગર)

- **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
  ૩૦૨, ક્રિષ્ન-કુંજ, પ્લોટ નં. ૩૦,
  વી.એલ. મહેતા માર્ગ, વિલેપાર્લા (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦૦૫૬
  ✆ : (022) 26130820

- **શ્રી મહાવીરસ્વામી દિગંબર જૈનમંદિર**
  એન.સી. કેલકર રોડ,
  દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮

- **પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
  લામ રોડ, દેવલાલી (જિ. નાસિક)

- **શ્રી દિગંબર જૈનસંઘ**
  ૫, પંચનાથ પ્લોટ,
  શ્રી કાનજીસ્વામી માર્ગ,
  રાજકોટ

**કિંમત રૂા. ૨૫=૦૦**

મુદ્રક :

**સ્મૃતિ ઓફસેટ**
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,
સોનગઢ-૩૬૪૨૫૦
✆ : (02846) 244081

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# બે બોલ

શ્રી સમયસાર વગેરે પરમાગમોનાં ઊંડાં હાર્દને સ્વાનુભવગત કરી શ્રી તીર્થંકર-ભગવાનના શુદ્ધાત્માનુભવપ્રધાન અધ્યાત્મશાસનને જીવંત રાખનાર આધ્યાત્મિક સંત પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સરળ તેમ જ સુગમ પ્રવચનો દ્વારા તેમનાં અણમૂલાં રહસ્યો મુમુક્ષુ સમાજને સમજાવ્યાં; અને એ રીતે આ કાળે અધ્યાત્મરુચિનો નવયુગ પ્રવર્તાવી, તેઓશ્રીએ અસાધારણ મહાન ઉપકાર કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં સમગ્ર ભારતવર્ષને વિષે તેમ જ વિદેશોમાં પણ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિભીની અધ્યાત્મવિદ્યાના પ્રચારનું જે આંદોલન પ્રવર્તે છે તે પૂજ્ય ગુરુદેવશ્રીના ચમત્કારી પ્રભાવનાયોગનું અદ્‌ભુત ફળ છે.

આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-અવતીર્ણ, અધ્યાત્મરસભરપૂર પ્રવચનોનું પ્રકાશન કરવાનો અવસર પ્રાપ્ત થવો એ પણ આપણું પરમ સૌભાગ્ય છે. તદ્‌નુસાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત 'અષ્ટપ્રાભૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું સંકલન પ્રકાશિત કરતાં કલ્યાણી ગુરુવાણી પ્રત્યે અતિ ભક્તિભીની પ્રસન્નતા અનુભવીએ છીએ.

આ 'નાટક સમયસાર'ના પ્રવચનકાર પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવગુરુના પરમ ભક્ત, કુમારબ્રહ્મચારી, સમયસાર આદિ અનેક ગહન અધ્યાત્મશાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાન્તરૂપ અધ્યાત્મતત્ત્વના અસાધારણ ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્યુગસ્રષ્ટા મહાપુરુષ હતાં. તેમનાં આ પ્રવચનોનું અવગાહન કરતાં જ અધ્યેતાને તેઓશ્રીનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગ-ભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને સાતિશય પરમ કલ્યાણકારી અદ્‌ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'નાટક સમયસાર'ની પ્રત્યેક ગાથાને સર્વ તરફથી છણીને, વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યાં છે. અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને પ્રકૃત-વિષયસંગત અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'નાટક સમયસાર'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ સહજ રહે ત્યારે જીવ-પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ જ્ઞાયક નિજ ધ્રુવ તત્ત્વનો (અનેકાન્ત-

www.vitragvani.com



સુસંગત) કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય—વગેરે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત બાબતો, મનુષ્ય-જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને, એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની મિથ્યા કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'નાટક સમયસાર'ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, હૃદયમાં સોંસરવટ ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થી જગત ઉપર અનહદ ઉપકાર કર્યો છે. 'નાટક સમયસાર'ની ગાથામાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત કહાનગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે 'નાટક સમયસાર' શાસ્ત્રમાં નિહિત અધ્યાત્મતત્ત્વ વિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી, સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો એ જ ઉદ્દેશ હોવા સાથે 'નાટક સમયસાર'ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી દેશવિદેશમાં વસતાં મુમુક્ષુઓને ન્યાલ કર્યાં છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઈચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે.

આ પ્રસંગે મુમુક્ષુ સમાજ ઉપર જેમનો વિશિષ્ટ-ઉપકાર છે તે ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરમકમળમાં અત્યંત ભક્તિભાવે અભિવંદન કરીને ભાવના ભાવીએ છીએ કે—મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક આ પ્રવચનોનો ઊંડો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલાં ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, નિજ શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

આ પ્રવચનગ્રંથના પ્રકાશનપ્રસંગે, ''સદ્ગુરુ-પ્રસાદ'' માટે 'નાટક સમયસાર' ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો લિપિબદ્ધ કરનાર સંપાદક તેમ જ પ્રવચનગ્રંથનું સુંદર મુદ્રણ કરી આપનાર સ્મૃતિ ઓફસેટનો આભાર માનીએ છીએ.

અહીં 'નાટક સમયસાર'ના પ્રવચન ૫૩ થી ૧૧૬ પ્રવચનોનો સંગ્રહ બીજા ભાગ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. તૃતીય ભાગ તૈયાર થયેથી પ્રકાશિત કરવામાં આવશે.

આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ નિજ-કલ્યાણ સાધે—એવી ભાવના ભાવીએ છીએ.

—*પ્રસ્તુતકર્તા*


❀

# અર્પણ

ભવ્યોના ભાગ્યવશે ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસેથી પરમાત્મપણાનો સંદેશ લઈને તીર્થધામ સુવર્ણપુરીમાં ૪૫–૪૫ વર્ષ સુધી અધ્યાત્મ-અમૃતની ધોધમાર વર્ષા વડે આ કળિકાળને ધર્મકાળમાં પલટાવી નાખનાર હે યુગસ્રષ્ટા ગુરુદેવ! અમ ભક્તોને ભવસાગર પાર ઉતારવા, અગાધ વિશાળ પરમાગમસાગરના મંથન વડે સ્વાનુભૂતિનો માર્ગ પ્રકાશીને આપે જે અનંત અનંત ઉપકાર કર્યો છે તે અનંત ઉપકારની ચિર સ્મૃતિરૂપે, આપનાં ચરણકમળમાં કોટિ કોટિ વંદન પૂર્વક, શ્રી નાટક સમયસાર ઉપરનાં આપના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મરસભર પ્રવચનોનું સંકલન કરીને 'શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન (ભાગ-૨)' નામનું આ પુસ્તક પ્રકાશિત કરતાં અમો અત્યંત પ્રસન્નતા અનુભવીએ છીએ.

—પ્રસ્તુતકર્તા

*



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, —મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

*—હિંમતલાલ જેઠાલાલ શાહ*

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।।

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ।।

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।

❀ ❀ ❀

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ।।

❀ ❀ ❀

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।

❀ ❀ ❀

विविक्तमव्ययं सिद्धं स्व-स्वभावोपलब्धये ।
स्व-स्वभाव-मयं बुद्धं ध्रुवं स्तौमि विकल्मषम् ।।

❀ ❀ ❀

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।

सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ।।

www.vitragvani.com



ૐ

परमात्मने नमः ।

## કવિવર બનારસીદાસજી વિરચિત

# નાટક સમયસાર

## ઉપર

## પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

## [ ભાગ બીજો ]

# પુણ્ય પણ સંસારમાર્ગ છે

(સળંગ પ્રવચન નં. ૫૩)

હવે 'પુણ્ય-પાપ એકત્વ દ્વાર' કહે છે. પુણ્ય અને પાપ બંને એક જાત છે તે આ અધિકારમાં કહેશે.

करता किरिया करमकौ, प्रगट बखान्यौ मूल।
अब बरनौं अधिकार यह, पाप पुन्न समतूल॥१॥

અર્થ :—કર્તા, ક્રિયા અને કર્મનું સ્પષ્ટપણે રહસ્ય વર્ણવ્યું. હવે પાપ-પુણ્યની સમાનતાનો અધિકાર કહું છું.

પુણ્ય–પાપ બંને બંધના કારણ છે. શુભભાવ સોનાની બેડી છે અને અશુભભાવ લોખંડની બેડી છે–બંને બેડી જ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(મંગલાચરણ)

जाके उदै होत घट-अंतर,
बिनसै मोह-महातम-रोक।
सुभ अरु असुभ करमकी दुविधा,
मिटै सहज दीसै इक थोक॥
जाकी कला होत संपूरन,
प्रतिभासै सब लोक-अलोक।
सो प्रबोध-ससि निरखि बनारसि,
सीस नवाइ देत पग धोक॥२॥

જુઓ, આ બનારસીદાસ! આચાર્યદેવે કળશમાં જે ભાવ કહ્યાં છે તે જ ભાવ પોતે પદ્યમાં કહે છે.

**जाके उदै होत घट-अंतर**–શુભ અને અશુભ બંને ભાવ બંધના જ કારણ છે એમ જાણી, તેનાથી ભિન્ન પડી, જ્યાં ચૈતન્યભાવ અંતરમાં પ્રગટ થાય છે કે 'હું તો શુદ્ધ ચૈતન્ય છું' એવી અનુભૂતિ થતાં હૃદયમાંથી મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય છે.

નિજ ચૈતન્યમૂર્તિ ભગવાનને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડી સ્વરૂપમાં એકાગ્ર થતાં મહામોહનો અંધકાર નષ્ટ થઈ જાય છે. જેમ, સૂર્ય ઊગવાથી અંધકાર ચાલ્યો જાય છે તેમ ચૈતન્યસૂર્યનો પ્રકાશ થતાં મોહનો અંધકાર નષ્ટ થાય છે–મિથ્યાત્વ રોકાય જાય છે. અનાદિથી શુભ-અશુભ વિકલ્પોનો ઉદય થતો હતો તેમાં શુદ્ધચૈતન્યના પ્રકાશનો અનાદર થતો હતો હવે જ્યાં અંતર્મુખ થઈને ભગવાન આત્માની શુદ્ધતાને જુએ છે, સ્પર્શે છે, આદર કરે છે ત્યાં સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે.

**सुभ अरु असुभ करमकी दुविधा, मिटै सहज दीसै इक थोक**–શુભ અને અશુભ એ બે ભાવરૂપે પોતાને દેખાતો હતો તે બંને ભાવને જ્યાં મેલરૂપે જાણ્યાં ત્યાં તેનાથી ભિન્ન પડીને એક રૂપ જ્ઞાયકમૂર્તિને જુએ છે તો સમ્યગ્જ્ઞાન ચંદ્રમા અને કેવળજ્ઞાન ચંદ્રમાનો ઉદય થાય છે. જ્ઞાયકમૂર્તિનો અનુભવ તે સમ્યગ્જ્ઞાન છે અને આગળ વધીને તેમાંથી જ કેવળજ્ઞાન થાય છે.

**जाकी कला होत संपूरन**.....જેમ ચંદ્રમામાં પહેલાં બીજ ઊગે છે પછી તેની કળા વધીને પૂર્ણ ચંદ્રમાં થાય છે તેમ પ્રથમ તો શુભાશુભરાગથી ભિન્ન પડીને, અંતર્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્જ્ઞાનની કળા ઊગે છે અને તે કળા શુભાશુભના બંને ભેદોને તોડતી, એકરૂપ સ્વભાવમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એકાગ્ર થતી, સાધકદશા વધીને પૂર્ણ થાય છે. તે પૂર્ણકળા-કેવળજ્ઞાનમાં લોક અને અલોક બધું જેમ છે તેમ પ્રતિભાસે છે. તે **प्रबोध-ससि निरखि**—કેવળજ્ઞાન ચંદ્રમાને જોઈને બનારસીદાસજી મસ્તક નમાવીને વંદન કરે છે.

આ તો બહુ ઊંચા કવિ અધ્યાત્મકવિ છે. પહેલાં તો વ્યભિચારે ચડી ગયેલા હતાં, તેના પુસ્તકો બનાવેલા, મોટા જબ્બર કવિ હતાં. જ્યાં સત્ય વસ્તુ હાથમાં આવી ત્યાં એ શૃંગારના પુસ્તકો ગોમતીનદીમાં વહાવી દીધા. અહો! ચૈતન્યભગવાનની પ્રાપ્તિ કરવા માટેનો માર્ગ તો કોઈ જુદો છે. પુણ્ય અને પાપ બંને વિકલ્પોને છોડી, દૃષ્ટિમાં એક ચિદાનંદ આત્માને લઈને તેમાં એકાગ્ર થવું તે જ્ઞાનકળા છે.

પુણ્યપરિણામમાં એકત્વ થવું તે તો વ્યભિચાર છે. કારણ કે સહજાનંદમૂર્તિ આત્મા સુખસ્વરૂપ છે અને રાગ તો દુઃખરૂપ છે તે બંનેને એક માનવા તે વ્યભિચાર છે. સુખ અને દુઃખ એક કેમ હોય!

અરે! ધર્મના નામે કોઈ ક્રિયામાં ઉતરી પડ્યાં, કોઈ જાત્રામાં ઉતરી પડ્યાં, કોઈ ભક્તિમાં ઉતરી પડ્યાં...પણ એ બધી ક્રિયાના વિકલ્પથી પાર આત્મા રહેલો છે તેની અનુભૂતિ તે ધર્મ છે.

અહીં ચંદ્રમાનું દૃષ્ટાંત કેમ લીધું!...કે પુણ્ય-પાપના વિકલ્પમાં આકુળતા છે–અશાંતિ છે–આતાપ છે તેનાથી ખસીને જેણે ચૈતન્યનો આશ્રય લીધો તેને શીતળતા-શાંતિ મળી માટે ચૈતન્યને ચંદ્રની ઉપમા આપી છે. ચૈતન્યચંદ્રનો ઉદય થતાં મોહનો મહાઅંધકાર નષ્ટ થઈ જાય છે અને શુભકર્મ સારું છે અથવા અશુભકર્મ ખરાબ છે એ ભેદ મટીને બંને એકસરખા ભાસવા લાગે છે. પુણ્ય–પાપના ભેદ મટી જાય છે. બંને બંધના કારણ છે એમ ભાસે છે. આ ચૈતન્યચંદ્રની કળા વધીને પૂર્ણ થતાં કેવળજ્ઞાનમાં લોકાલોક ઝળકવા લાગે છે. તે કેવળજ્ઞાનરૂપ ચંદ્રમાનું અવલોકન કરીને પં. બનારસીદાસજી વંદન કરે છે.

આ એક કળશ થયો. હવે બીજા કળશના પદ્યમાં પુણ્ય–પાપની સમાનતા દૃષ્ટાંત આપીને સમજાવે છે.

**जैसैं काहू चंडाली जुगल पुत्र जनें तिनि,**
**एक दीयौ बांभनकै एक घर राख्यौ है।**
**बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ,**
**चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है।।**

www.vitragvani.com



तैसें एक वेदनी करमके जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है।
दुहूं मांहि दौरधूप दोऊ कर्मबन्धरूप,
यातैं ग्यानवन्त नहि कोउ अभिलाख्यौ है।।३।।

અર્થ :—જેવી રીતે કોઈ ચંડાળણીને બે પુત્ર થયા તેમાંથી તેણે એક પુત્ર બ્રાહ્મણને આપ્યો અને એક પોતે રાખ્યો. બંને પુત્ર છે તો ચંડાળણીના પણ એક બ્રાહ્મણ કહેવાયો અને તે મદ્ય-માંસનો ત્યાગી થયો અને ચંડાલ કહેવાયો અને તે મદ્ય-માંસ ખાવા લાગ્યો. તેવી રીતે એક વેદનીય કર્મના પાપ અને પુણ્ય એ બે નામવાળા બે પુત્ર છે. તે બંનેમાં સંસારનું ભટકવું છે અને બંને બંધ-પરંપરાને વધારનારા છે તેથી જ્ઞાનીઓ બેમાંથી કોઈની પણ અભિલાષા કરતા નથી.

પુણ્ય અને પાપ બંને વિભાવ છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે તેનાથી વિરુદ્ધ એવી વિભાવપરિણતિના આ બંને પુત્રો છે માટે તે બેમાંથી કોઈ આત્માના સ્વભાવરૂપ નથી. શુભભાવ હો કે અશુભભાવ હો તે બંને સંસારના કારણ છે–સંસારમાં રખડાવનારા છે. બન્ને કર્મબંધન કરાવનારા છે. બંનેના નામ જુદાં જુદાં આપ્યા છે પણ પુણ્ય અને પાપ બંને વિભાવના જ પુત્રો છે.

दुहूं मांहि दौरधूप दोऊ कर्मबन्धरूप.....પુણ્ય–પાપ બંને ભાવ સંસારમાં રખડાવનારા છે, કર્મનું બંધન કરાવનારા છે. ધર્મીજીવ એ બેમાંથી કોઈ ભાવની અભિલાષા કરતા નથી. કોઈ ભાવમાં મારાપણું ધર્મીને થતું નથી. શુભ-અશુભભાવની જાત એક છે અને તેનાથી બંધાતા પુણ્ય-પાપ કર્મના ફળમાં સંયોગો મળે છે તે કોઈ આત્માને હિતરૂપ નથી, સંસારમાં ભટકાવનારા છે.

પાપના ઉદયમાં શરીરમાં કીડા પડે, નિર્ધનતા આવે, લોકો અપમાન કરે એવા સંયોગો બને પુણ્યના ઉદયમાં તંદુરસ્ત શરીર મળે, ધનના ઢગલા થાય, જગતલોકો ખમા.....ખમા કરે, આવો...આવો પધારો કરે....એવા સંયોગો મળે. પણ જ્ઞાની તે કોઈની અભિલાષા કરતાં નથી. જ્ઞાની જાણે છે કે આ બંને ભાવ વિભાવરૂપી ચંડાળના પુત્રો છે. બહારના સંયોગો આત્માને કાંઈ લાભરૂપ કે નુકશાનરૂપ થતાં નથી. માટે ધર્મી શુભ અશુભભાવને, તેના કર્મબંધનને કે તેના ફળમાં મળતાં સંયોગોને બિલકુલ ઈચ્છતો નથી.

ખાજા ખાવા મળતાં હોય, લાખ-લાખની મોટરમાં ફરવા મળતું હોય...તેથી શું! આત્મા પોતાના સ્વક્ષેત્રને છોડીને ક્યાંય જતો જ નથી. માટે મોટરમાં પણ આત્મા તો પોતાના ક્ષેત્રમાં

www.vitragvani.com



જ બેઠો છે, મોટરમાં બેઠો નથી. સોનાની ખુરશીમાં બેસીને સોના-ચાંદીની થાળીમાં ભાત-ભાતના ભોજન જમવા મળતાં હોય તો અજ્ઞાની તો ખુશ ખુશ થઈ જાય પણ એમ નથી જોતો કે આમાંથી મારા આત્માનું શું આવ્યું? એ જ રીતે પાપના ઉદયમાં નિર્ધનતા આવી હોય, શરીર કાળુ હોય, એક આંખે દેખાતું ન હોય, કાને સંભળાતું ન હોય, ઘરમાં સ્ત્રી ન હોય...તેથી આત્મામાં શું ઓછું થયું! કોઈ સંયોગો આત્મામાં નથી. તે બધા માત્ર જાણવાયોગ્ય છે તેને બદલે આ ઠીક અને આ અઠીક એવી અજ્ઞાનીની માન્યતા જ દુઃખરૂપ છે.

જડની મોટાઈથી આત્માની મોટાઈ માનનારા જડ છે.

શ્રોતા :—જડ છે કે જડબુદ્ધિ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ જડ જ છે. પર તરફ ઉપયોગ જાય છે એ પણ જડ છે તો પરમાં પ્રેમ કરનારા તો જડ જ હોય ને! એ એચતન છે–પાગલ છે–મરી ગયેલાં–મડદાં છે. નિર્ધનતા મને ઠીક નથી અને સધનતામાં મારી શોભા છે....એ બધી મૂઢતા છે. તું તો ચૈતન્ય મહાપ્રભુ છો ને! તારા માલ પાસે નિર્મળ પર્યાય એ પણ એક અંશ છે માટે બારદાન છે તો પુણ્ય-પાપની ગણતરી તો જ્ઞાનીને કાંઈ હોય જ નહિ.

જ્ઞાની છખંડના રાજ્યમાં હોય કે સાતમી નરકમાં હોય પણ જ્ઞાનીને તેનો હરખ-શોક નથી. આ રૌવરૌવ નરકની વેદના કરતાં તો કાંઈક અનુકૂળતા હોત તો સારૂં હતું એમ જ્ઞાનીને થતું નથી. સમકિતીને ઈન્દ્રનો અવતાર થાય, કરોડો દેવીઓ ખમા-ખમા કરતી હોય. મોટા દેવો હાથીનું રૂપ ધારણ કરે તેના ઉપર ઈન્દ્ર બેસે છતાં આ મને ઠીક છે, સારૂં છે એમ સમકિતી માનતાં નથી.

જયપુરમાં રથયાત્રા કાઢી હતી તેમાં ૧૮ હાથી, ૧૮ ઊંટ અને બીજા રથ અને ૨૫-૩૦ હજાર માણસ...લોકોને એમ થઈ ગયું કે આ શું છે!....એ બધાં પુણ્યના ઠાઠ છે, એમાં કાંઈ આત્મા નથી, એમાં આત્માની શોભા નથી. આનંદનો નાથ આત્મા આનંદની કળાથી ખીલે તેમાં તેની શોભા છે. બહારની શોભા કે અશોભા સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

મખમલના ગાદલા ઉપર રેશમી ઝભ્ભો પહેરીને માનથી બેઠો હોય પણ આત્માનું ભાન નથી તો તેને શું સુખ છે? અને સાતમી નરકમાં બેઠો હોય પણ આત્માનું ભાન છે તો તું ત્યાં પણ સુખી છો બહારમાં તીવ્ર વેદના છે પણ તેને જ્ઞાની અઠીક માનતા નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય છે એમ માને છે.

ધર્મીજીવને કોઈ ઓળખે તો તેની કિંમત થાય અને ન ઓળખે તો તેની કિંમત ન થાય એમ ન હોય. બહારમાં લોકો મને કાંઈક ગણતરીમાં લે, મોટો માને એવી અપેક્ષા ધર્મીને

www.vitragvani.com



ન હોય. અજ્ઞાની તો કાંઈક આવડત હોય તો બધાને દેખાડવા માગે અને કાંઈક હીણી દશા હોય તો તેને ઢાંકે, શરીર કાળુ હોય અને કાણી આંખ હોય તો બાઈ સાડલો ઢાંકી રાખે એટલે કોઈને દેખાય નહિ—શું થયું છે આ પ્રભુ તને! તું તો સત્ ચિદાનંદ આનંદનો નાથ છો, આ શરીર ક્યાં તારું છે કે તેને ઢાંકવું પડે!

ધર્મીને તો આવી બધી બાબતોમાં સમાધાન જ હોય, હું તો આનંદ અને જ્ઞાન છું. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ એ તો જડની લીલા છે, મારું તેમાં કાંઈ નથી. જ્ઞાનની મૂર્તિ અને આનંદના સાગરને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકાગ્ર થતાં જે જ્ઞાનાનંદની કળા જાગે તે ધર્મ છે અને તેનો ધારક ધર્મી છે. બાકી, સામાયિક, પ્રતિક્રમણ આદિના પાઠો ભણી લે અને માન્યતા તો બધી એવી ને એવી પડી હોય તે કાંઈ ધર્મી નથી. ધર્મી તો પુણ્ય કે પાપ બેમાંથી કોઈને ઇચ્છતો નથી.

અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોની તો જીવમાં નાસ્તિ છે. આચાર્યદેવ કહે છે અમારે તો તને પ્રમત્ત અપ્રમત્ત અવસ્થાથી પણ જુદો એવો ચૈતન્યદેવ બતાવવો છે તો તું આ સંયોગમાં ક્યાં રોકાયો! તારા ધ્રુવમાં કોઈ પર્યાય જ નથી. આવા ધ્રુવસ્વભાવની અધિકતા જેને દૃષ્ટિમાં અને અનુભવમાં આવી તે કોઈ સંયોગોમાં વિશેષતા માનતો નથી. હીન કે અધિક કોઈ સંયોગોને તે પોતાના માનતો નથી.

આમ, શુભ અને અશુભ બંને ભાવ ભટકવાનો રસ્તો છે, તેનાથી સંસાર ટળતો નથી. શુભ-અશુભ બંને ભાવોથી હું જુદો છું, તેનાથી બંધાતા પુણ્ય–પાપ કર્મના બંધનથી હું જુદો છું અને તેના ફળમાં મળતાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોથી હું જુદો છું એમ તેનાથી ભેદજ્ઞાન કરીને આત્માને જુદો તારવી લેવો તે મંગળિકકાર્ય છે, તે ધર્મ છે, તેમાં જીવની શોભા છે. પાંચમાં પૂછાવું કે સભામાં સારું ભાષણ દેતા આવડવું કે લોકો રાજી થાય એવું બોલવું તેમાં જીવની શોભા નથી. વાંચતાં સારું આવડવું એ તો જડની ક્રિયા છે અને બહારનો ઉઘાડ છે તે પણ જડ છે તેમાં જીવની મોટપ નથી.

પુણ્ય–પાપભાવ, કર્મ અને સંયોગ અચેતન છે માટે ધર્મી તેને ઇચ્છતો નથી. એ તો ખરું જ છે પણ પોતાના ઉપયોગનું પર તરફ વલણ છે તે પણ અચેતન છે, દુઃખદાયક છે માટે ધર્મી તેને પણ ઇચ્છતો નથી. આવો મારગ છે બાપુ! જ્ઞાનીઓ કોઈની અભિલાષા કરતા નથી. અને અજ્ઞાનીને તો એક જરાં કાંઈ પુણ્ય કરે કે કાંઈક જાણપણું હોય તો પોતાને ડાહ્યો મનાવા માંગે છે કે અમારી કાંઈક ગણતરી તો કરો.....ભાઈ! તારી ગણતરી સંસારમાં રખડનારા જીવોમાં થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મી તો જાણે છે કે શુભાશુભભાવ, તેનું બંધન અને તેના ફળથી મારી ચીજ જુદી છે. કોઈ પણ વિકલ્પો મારી વસ્તુમાં ન હોય. આવું તો પ્રમાણજ્ઞાનમાં જાણે છે અને દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તો પર્યાય પણ મારામાં નથી એમ ધર્મી જાણે છે તેથી પર્યાય આવી કરું એવી પણ જ્ઞાનીને ઈચ્છા નથી હોતી તો પુણ્ય કરું એવી ઈચ્છા કેમ હોય?

અજ્ઞાની તો ધર્મના નામે હિંસા મારે ખપે નહિ, માંસ-દારૂ મારે ખપે નહિ, પરસ્ત્રી ખપે નહિ એમ અશુભનો ત્યાગ કરે છે પણ શુભભાવને મારો માનીને સેવે છે. તે પણ વિભાવનો પુત્ર છે, મારો નથી–એમ જાણતો નથી. ચંડાળણીનો પુત્ર બ્રાહ્મણના ઘરે રહેવાથી બ્રાહ્મણ થઈ જતો નથી તેમ વિભાવનો પુત્ર અશુભ છોડીને શુભમાં રહે તોપણ તે કાંઈ સ્વભાવ થઈ જતો નથી. શુભ અને અશુભ બંને ભાવ વિભાવના જ પુત્રો છે. ભગવાન આત્મા એ વિભાવની પરિણતિથી તદ્દન જુદો છે. તેનું જેને ભાન છે તે શુભ કે અશુભ બેમાંથી એકેયને ઈચ્છતો નથી.

દ્રવ્યદૃષ્ટિમાં આત્મા જ્ઞાયક જ છે, તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી, અચેતનરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમે તો અચેતન થઈ જાય તેથી તે પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. અસંખ્ય પ્રદેશે જ્ઞાનનો પૂંજ જ્ઞાયક છે તે શુભાશુભ ભાવે કેમ પરિણમે? તેથી શુભાશુભ ભાવવાળો જીવ એમ કહેવું તે ''ઘીના ઘડા''ની જેમ વ્યવહાર છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯૮)*

www.vitragvani.com



# પુણ્ય-પાપ બન્ને બંધ-માર્ગ છે

(સળંગ પ્રવચન નં. ૫૪)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે, તેના બીજા કળશના ત્રીજા પદ્યનો ભાવાર્થ લેવાનો છે.

ભાવાર્થ :—જેવી રીતે પાપકર્મ બંધન છે તથા સંસારમાં ભટકાવનાર છે તેવી જ રીતે પુણ્ય પણ બંધન છે અને તેનો વિપાક સંસાર જ છે તેથી બંને એક જેવા જ છે, પુણ્ય સોનાની બેડી જેવું અને પાપ લોઢાની બેડી જેવું છે, પણ બંને બંધન છે.

હિંસા, જૂઠ, રાગ-દ્વેષાદિ અશુભભાવ છે તે જેમ બંધના કારણ છે તેમ અહિંસા, સત્ય, દયા, દાન, ભક્તિ, પૂજા આદિ શુભભાવ છે તે પણ બંધના કારણ છે. બંને પ્રકારના ભાવો જીવને સંસારમાં રખડાવનારા છે. અમારે વિષય-કષાય વગર ચાલે નહિ, દારૂ-માંસ વગર ચાલે નહિ, ધંધાદિમાં પાપ થાય તેનો અમને કાંઈ વાંધો નહિ એમ માનનારા તો અશુભભાવમાં ઊભા છે પણ ત્યાગી નામ ધરાવી, શ્રાવક નામ ધરાવી અમારે વિષય કષાય ખપે નહિ, દારૂ-માંસ ખપે નહિ, પાપના ધંધા કરીએ નહિ. અમારે માટે કરેલો આહાર ખપે નહિ એવા શુભભાવમાં ઊભા છે પણ આત્માની ઓળખાણ નથી તો એ પણ સંસારમાં રખડાવનાર જ છે. અર્થાત્ પુણ્ય-પાપ બંધ જ છે માટે સંસારમાં રખડાવનાર છે. આ ખપે નહિ....આ ખપે નહિ....એ પણ બધો વિભાવભાવ છે તેને એણે ધર્મ માન્યો એ જ મોટી ભૂલ થાય છે તે તેને સંસારનું ફળ આપે છે.

અશુભ કે શુભ કોઈ પણ વિકલ્પની વૃત્તિઓ છે તે બધા વિભાવના પુત્ર છે—ચંડાલણીના પુત્ર છે. આત્મા તો જ્ઞાન અને આનંદનો સાગર છે તેમાં આ બંને વૃત્તિઓ દુઃખરૂપ છે, ઝેર છે. એક લોઢાની બેડી છે તો એક સોનાની બેડી છે, તે બંને જીવને બાંધે છે, સંસારમાં રખડાવે છે, આત્માની શાંતિને લૂંટે છે.

ભગવાન આત્મા એક વસ્તુ છે—પદાર્થ છે—સત્ છે તે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છત્વ આદિ અનંત ગુણરૂપ સત્ત્વથી ભરેલું તત્ત્વ છે. તેના શુદ્ધ પરિણામ થાય તે તેને અબંધનું કારણ છે, તે જ ધર્મના પરિણામ છે. જે જ્ઞાન અને આનંદનું ધામ છે તેમાંથી જે અંકુર ફૂટે તે જ્ઞાન અને આનંદ આપે છે. બાકી મને આ ન ખપે એવા શુભભાવ તો બધાં બંધના કારણ છે—વિકારી પર્યાય છે—આત્માનો પુત્ર નથી. વિભાવનો પુત્ર છે.

www.vitragvani.com



શુભોપયોગરૂપ વ્યવહારમાં મગ્ન રહેતો જીવ શુદ્ધોપયોગરૂપ નિજભાવને જાણતો નથી કે જે શુભ અને અશુભ બંનેથી રહિત છે. એક સૂક્ષ્મ એવા રાગના કણને પણ જે મારો માનીને લાભરૂપ માને છે તેને સંસાર છે કારણ કે તે મિથ્યાત્વના ફળમાં સંસાર જ મળે છે.

હું દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય કરું....કેમકે વિનય જ મોક્ષનું કારણ છે તેથી આ વિનયથી જ મારો મોક્ષ થશે—એમ માને છે પણ ભાઈ! ક્યા વિનયથી મોક્ષ છે એ તો તું સમજ! પરદ્રવ્ય પ્રત્યેનો વિનય તો વિકલ્પ છે. સ્વદ્રવ્યનો વિનય મોક્ષનું કારણ છે તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુના વિનયનો વિકલ્પ આવશે જરૂર પણ તેને દુઃખરૂપ જાણવો અને સ્વભાવ તરફ દૃષ્ટિ દેવી. પરદ્રવ્યનો આશ્રય લઈને જે કોઈ પરિણામ થાય છે તે બધાં બંધનના કારણ છે તેથી જ શુભભાવને પણ બંધનું કારણ કહ્યું છે. ત્રણલોકના નાથની વાણી સાંભળવાના ભાવ થાય એ પણ શુભભાવ છે માટે પુણ્યબંધનું કારણ છે.

બાપુ! તું ક્યાં ગુણ અને આનંદથી ખાલી કે પરને અનુસરીને પરિણામ કરવા જાય છો! તું તો ભગવાન છો. સાક્ષાત્ ભગવાન છો. તું પોતે પરમાત્મા છો. શાંતિ અને જ્ઞાનાદિ ગુણે પરિપૂર્ણ પ્રભુ છો, તેની દૃષ્ટિ વિના જેટલા પરાશ્રિત પરિણામ થાય તે બધાં ઝેર જેવા દુઃખદાયક છે. માટે કોઈ શુભપરિણામમાં સંતોષ માનીને અટકી જઈશ નહિ. અમે બ્રહ્મચારી છીએ, આરંભ-પરિગ્રહથી રહિત છીએ માટે સુખી છીએ એમ માનીને અટકી જઈશ નહિ. અંતરનો આત્માના સુખનો માર્ગ કોઈ જુદો છે ભાઈ?

ઈન્દ્રાણી ઉપરથી ચળાવવા આવે તોપણ ચળે નહિ એવું સાધુપણું પાળીને નવમી ગ્રૈવેઈક જાય તે શુભ વિકલ્પનું ફળ છે. તેમાં ધર્મ નથી. ભગવાન આત્મા તો નિર્મળાનંદ સત્ ચિદાનંદમૂર્તિ છે. તેના આશ્રય વિના ધર્મની શરૂઆત પણ થતી નથી. ગમે તેવા ઊંચા પુણ્યનો બંધ હો પણ તેનો વિપાક–ફળ સંસાર જ છે.

આત્મા અવિનાશી છે તેમ તેની જ્ઞાન, આનંદ આદિ બધી શક્તિઓ પણ અવિનાશી છે. આ અવિનાશીનો આનંદને પકડવો અને તેમાં એકાકાર થવું—તેનું નામ ધર્મ છે. આમ પહેલાં શ્રદ્ધામાં ધર્મના સ્વરૂપનો પક્ષ તો કર! વિકલ્પથી નિર્ણય તો કર કે અંતરસ્વભાવનાં સ્પર્શથી જ ધર્મ થાય તેમ છે. તેના શુભ અશુભ બંને ભાવ તો સંસારનો પાઠ આપનારા છે. પુણ્ય સોનાની બેડી સમાન છે અને પાપ લોઢાની બેડી સમાન છે. બંને ભાવ જીવને બંધન કરાવનારા છે.

આ સાંભળીને શિષ્યને પુણ્ય-પાપની સમાનતામાં શંકા ઉપજે છે તેથી પ્રશ્ન કરે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શિષ્ય કહે છે મહારાજ! પુણ્ય અને પાપમાં તો કેટલો ફરક છે, તે એક કેમ હોય! અશુભ ભાવવાળો જીવ દુકાનના થડે બેઠો હોય. વેપાર કરતો હોય, કારખાના ચલાવતો હોય તે અને શુભભાવવાળો ત્યાગી મુનિ થઈને મહાવ્રત પાળતો હોય તે બંનેમાં કેટલો ફેર છે તે છતાં બંનેને એક કેમ કહેવાય!

कोऊ सिष्य कहै गुरु पांहीं।
पाप पुन्न दोऊ सम नाहीं।।
कारन रस सुभाव फल न्यारे।
एक अनिष्ट लगैं इक प्यारे।।४।।

અર્થ :—શ્રીગુરુની પાસે કોઈ શિષ્ય કહે છે કે પાપ અને પુણ્ય બંને સમાન નથી કારણ કે તેમના કારણ, રસ, સ્વભાવ તથા ફળ ચારેય જુદાં જુદાં છે. એકના (કારણ, રસ, સ્વભાવ, ફળ) અપ્રિય અને એકના પ્રિય લાગે છે.

પુણ્ય-પાપના બંધનના કારણમાં ફેર છે. પુણ્યબંધનું કારણ શુભભાવ છે અને પાપબંધનું કારણ અશુભભાવ છે એમ બંનેના રસમાં પણ ફેર છે, સ્વભાવ પણ બંનેના જુદાં છે અને ફળ પણ અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારનું અલગ-અલગ લાગે છે. એક પ્રિય લાગે છે તો એક અપ્રિય લાગે છે તો એ બંને ભાવને સમાન કેમ હોય કહો છો! એકને નિર્ધનતા હોય, કાળુ શરીર હોય, કાને સંભળાતું ન હોય, આંખે દેખાતું ન હોય, ઘરમાં સ્ત્રી ન હોય, મહિને ૨૫ રૂપિયા રળવાની શક્તિ ન હોય અને એકને ઘેર બધી જાતની અનુકૂળતા હોય, શરીર સુંદર અને બળવાન હોય, કમાણીનો પાર ન હોય.–એમ બંનેમાં ફેર હોવા છતાં આપ સમાન કેમ કહો છો?

આ બંને પ્રકારની સામગ્રી બાહ્યમાં રહી જાય છે, તે કોઈ આત્માને સુખ કે દુઃખ આપનારી નથી, તેનાથી આત્માને કાંઈ લાભ કે નુકશાન નથી. માત્ર અજ્ઞાની જીવ કલ્પના કરે છે કે આ મને દુઃખ છે અને આ મને સુખ છે. આ કલ્પના એને બંધનું કારણ છે.

એકને સૂકા રોટલા ખાવા મળતા હોય અને એકને શીખંડ અને પૂરી મળતી હોય તો એ બંને સંયોગમાં ફેર છે કે નહિ!—સંયોગમાં ફેર ભલે હોય પણ આત્માને માટે તે કોઈ સંયોગ સુખ કે દુઃખના કારણ નથી.

વળી શિષ્ય વિશેષ સ્પષ્ટ કરે છે.

www.vitragvani.com



संकलेस परिनामनिसौं पाप बन्ध होइ,
विसुद्धसौं पुन्न बन्ध हेतु-भेद मानीयै।
पापके उदै असाता ताकौ है कटुक स्वाद,
पुन्न उदै साता मिष्ट रस भेद जानियै।
पाप संकलेस रूप पुन्न है विसुद्ध रूप
दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै।
पापसौं कुगति होइ पुन्नसौं सुगति होइ,
ऐसौ फलभेद परतच्छि परमानियै।।५।।

અર્થ :—સંક્લેશ ભાવોથી પાપ અને નિર્મળભાવોથી પુણ્યબંધ થાય છે. આ રીતે બંનેના બંધમાં કારણભેદ છે. પાપનો ઉદય અશાતા છે, જેનો સ્વાદ કડવો છે અને પુણ્યનો ઉદય શાતા છે, જેનો સ્વાદ મધુર છે, આ રીતે બંનેના સ્વાદમાં અંતર છે. પાપનો સ્વભાવ તીવ્રકષાય અને પુણ્યનો સ્વભાવ મંદકષાય છે. આ રીતે બંનેના સ્વભાવમાં ભેદ છે. પાપથી કુગતિ અને પુણ્યથી સુગતિ થાય છે. આ રીતે બંનેમાં ફળભેદ પ્રત્યક્ષ દેખાય છે.

આમ શિષ્યને શંકા છે કે એક તો માઠા પરિણામ છે અને એક તો વિશુદ્ધ પરિણામ છે. આમ પુણ્ય-પાપ બંનેના કારણરૂપ ભાવમાં સ્પષ્ટ ફેર છે અને તમે કહો છો કે બંને એક છે!

પાપના ઉદયમાં કડવો સ્વાદ આવે છે. બાયડી મરી જાય, નિર્ધનતા થઈ જાય, પૈસાનું કાંઈ સાધન ન રહે, આખો દિવસ ઘરમાં ક્લેશ ક્લેશ રહ્યા કરે અને પુણ્યનો ઉદય હોય તો બાયડી-છોકરા કહ્યાગરાં હોય, પૈસાની અનુકૂળતા હોય, આબરૂ આદિ હોય....આટલો બધો પાપ-પુણ્યના સ્વાદમાં ફેર છે છતાં તમે કહો છે કે બંનેમાં કાંઈ ફેર નથી?

પાપનો સ્વભાવ તીવ્રકષાય-સંક્લેશભાવ છે અને પુણ્યનો સ્વભાવ મંદકષાય વિશુદ્ધભાવ છે આમ બંનેના સ્વભાવમાં ફેર હોવા છતાં તેને તમે એક કેમ કહો છો?

પાપના ફળમાં કુગતિ મળે છે અને પુણ્યના ફળમાં સુગતિ મળે છે આવો મોટો ફેર પ્રત્યક્ષ દેખાય છે અને તમે બંનેના ફળને એકસરખું કહો છો તે અમને સમજાતું નથી.

ભાઈ! આત્માના આનંદના સ્વાદના અનુભવ વિના પુણ્યવાળા કે પાપવાળા બંને દુઃખીના દાળિયા છે, કોઈને સાચા સુખની ખબર નથી. એમ શ્રીગુરુ શિષ્યની શંકાનું સમાધાન નીચેના પદ્યમાં કરે છે.

www.vitragvani.com



पाप बन्ध पुन्न बन्ध दुहूंमैं मुकति नांहि,
कटुक मधुर स्वाद पुग्गलकौ पेखिए।
संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजालमैं विसेखिए॥
कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि,
ऐसौ द्वैत भाव ग्यान दृष्टिमैं न लेखिए।
दोऊ महा अन्धकूप दोऊ कर्मबन्धरूप,
दुहूंकौ विनास मोख मारगमैं देखिए॥६॥

અર્થ :—પાપબંધ અને પુણ્યબંધ બંને મોક્ષમાર્ગમાં બાધક છે, તેથી બંનેય સમાન છે, એના કડવા અને મીઠા સ્વાદ પુદ્‌ગલના છે તેથી બંનેના રસ પણ સમાન છે, સંક્લેશ અને વિશુદ્ધભાવ બંને વિભાવ છે તેથી બંનેના સ્વભાવ પણ સમાન છે. કુગતિ અને સુગતિ બંને સંસારમય છે તેથી બંનેનું ફળ પણ સમાન છે. બંનેના કારણ, રસ, સ્વભાવ અને ફળમાં તને અજ્ઞાનથી ભેદ દેખાય છે પરંતુ જ્ઞાનદૃષ્ટિથી બંનેમાં કોઈ અંતર નથી—બંને આત્મસ્વરૂપને ભૂલાવનાર છે તેથી મહા અંધકૂપ છે અને બંનેય કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં એ બંનેનો ત્યાગ કર્યો છે.

પાપબંધ અને પુણ્યબંધ બંને મુક્તિના કારણ તો નથી પણ બંને મુક્તિમાં બાધક છે. તેનો સ્વાદ મધુર હો કે કડવો હો પણ પુદ્‌ગલનો સ્વાદ છે. એકેયમાં આત્માનો સ્વાદ નથી. કોઈને અનુકૂળ સામગ્રી મળે કે કોઈને પ્રતિકૂળ સામગ્રી મળે તેથી આત્મામાં કાંઈ ફેર પડી જતો નથી.

આત્મા તો ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે અને સંક્લેશ પરિણામ હો કે વિશુદ્ધ પરિણામ હો તે તો બંને કર્મની ચાલ છે. આત્માના ભાવ નથી—અજ્ઞાનભાવ છે, તેમાં ચૈતન્યપ્રકાશ વ્યાપતો નથી. સહજપણે જ—સ્વાભાવિકપણે જ તે બંને કર્મની ચાલ છે, તેમાં આત્મા નથી. જગતને આકરી પડી જાય એવી વાત છે.

પુણ્યના ફળમાં દેવાદિ ગતિ મળે કે પાપના ફળમાં નરકાદિ કુગતિ મળે પણ તે બંને સંસારની જાળ છે. અજ્ઞાની જીવ પુણ્ય કરીને કદાચિત્ સ્વર્ગમાં જાય તોપણ પછી તો નીચે જ રખડવાનો છે અને જ્ઞાનીને કદાચિત્ નરકાયુ બંધાઈ ગયું હોય અને નરકમાં જવું પડે તો પછી તો તેને નરકગતિ ખરી જાય છે. ફરી તે નરકમાં જતો નથી કેમકે તે સંસારની જાળથી છૂટ્યો છે. સંસારજાળમાં ફસાયેલો જીવ નરકમાં હો કે સ્વર્ગમાં હો દુઃખી જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શિષ્યને કહે છે કે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે તેથી તેને પુણ્ય–પાપના બંધનમાં, રસમાં, સ્વભાવમાં અને ફળાદિમાં ફેર લાગે છે. જો તું સત્‌ચિદાનંદ નિજ સ્વભાવને જોઈશ તો તને જ્ઞાનદૃષ્ટિ થશે તેમાં તને પુણ્ય અને પાપમાં ભેદ નહિ દેખાય. પુણ્ય-પાપ બંને એક જ અજ્ઞાનરૂપ દેખાશે, દ્વૈત-બેપણે નહિ દેખાય. આનંદના નૂરના પૂર પાસે તે બંને ભાવ દુઃખરૂપ જ છે, બંને વિકાર છે એમ દેખાશે.

બાહ્યમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો તેને જ્ઞાની બેપણે જોતા નથી. બંનેને સમાન જાણે છે. જ્ઞાનદૃષ્ટિમાં શુભભાવ અને અશુભભાવ બંને બંધના જ કારણ છે. તેથી જ્ઞાની બંનેને ઝેરરૂપ જાણે છે. પાપ અને પુણ્યનો આશ્રય જુદો નથી. બંને એકસરખા બંધભાવ છે એમ જ્ઞાની ધર્માત્મા જાણે છે.

પુણ્ય-પાપ બંને અજ્ઞાનભાવ છે, અનુકૂળતા–પ્રતિકૂળતા બંને સંયોગ છે, કોઈ સારું કે ખરાબ નથી, માત્ર જ્ઞેય છે. પુણ્ય સારું અને પાપ ખરાબ છે એમ નથી, બંનેની જાત એક જ છે તેથી જ્ઞાની તેમાં ભેદ પાડતા નથી.

આ પ્રમાણે અંદરમાં બેસવું જોઈએ હો! માત્ર ભાષામાં નહિ! **दोऊ महा अन्धकूप** ભગવાન આત્મા તો અમૃત આનંદનો મહાસાગર છે અને પુણ્ય–પાપ તો અંધારો કૂવો છે. બંને કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં બંનેનો વિનાશ છે. પુણ્ય–પાપ બંનેનો નિષેધ થઈને નાશ થાય ત્યારે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે માટે મોક્ષમાર્ગમાં કોઈનું સ્થાન નથી.

લોકોને એમ થાય છે કે પુણ્ય કરીને પહેલાં સ્વર્ગમાં તો જવા દ્યો, પછી મોક્ષમાં જશું. પહેલાં સ્વર્ગમાં સુખ તો ભોગવી લઈએ. અરે ભાઈ! સ્વર્ગમાં સુખ છે અને પુણ્યભાવ સારાં છે એ માન્યતા જ મૂઢ અજ્ઞાનીની છે. એવી માન્યતા લઈને કોઈ મોક્ષમાં જઈ શકતું નથી. દેવલોકમાં કે શેઠાઈ આદિમાં સુખ નથી, સુખ તો આત્મામાં છે. દેવલોકમાંથી સુખ લેવા માગે છે તે મૂઢ છે, અજ્ઞાની છે.

પુણ્ય-પાપ તો એવા છે કે અતીન્દ્રિય આનંદને જીવ ભૂલે છે ત્યારે એ થાય છે. માટે તારે કલ્યાણ કરવું હોય તો પહેલાં અતીન્દ્રિય આનંદના નાથને ઓળખવો પડશે. પુણ્ય કરવાથી કલ્યાણ નહિ થાય. માનો કે ન માનો પણ આ એક જ સાચી વાત છે કે ભગવાન આત્માને ઓળખવાથી જ કલ્યાણ છે. બીજી બધી માન્યતા ખોટી છે. દયા, દાનાદિ ભાવથી કલ્યાણ થવાનું નથી. પાપ-પુણ્ય બંને ભાવ હેય જ છે. એકવાર નહિ, લાખવાર નહિ પણ અનંતવાર કહીએ છીએ કે તે હેય છે.

અરે! એક તો દ્રવ્યક્રિયાની રુચિ છે અને ઉપદેશક પણ એવા મળે છે કે ક્રિયા કરો તો ધર્મ થાય. એટલે 'બાઈ રોતી હતી અને પીયરીયા મળ્યા' એના જેવું થાય. એક તો

www.vitragvani.com



અજ્ઞાનીને પુણ્યના પરિણામ રુચે છે અને ઉપદેશક પણ એવા જ મળે પછી તેને સાચું જ્ઞાન થવાનો અવકાશ ક્યાંથી રહે!

(બારી ખોલી એટલે હવા આવે....આ બધા શરીરના ચાળાં છે. આ તો માટી છે, તેને જેમ રહેવું હોય તેમ રહે, એ કાંઈ આત્માની સંભાળથી રહે નહિ.)

**दुहूंको विनाश मोख मारगमैं जानिये।**–ભગવાને તો બંને ભાવોનો ત્યાગ કર્યો છે પણ તમે શ્રદ્ધામાં તો બંનેનો ત્યાગ કરો. ચારિત્રમાં તે બંને ભાવ ભલે હો પણ શ્રદ્ધામાંથી તો છોડી જ દ્યો. અને અરાગી નિર્દોષ સ્વરૂપ ભગવાન આત્માનો આદર કરો! એ સિવાય કદી ધર્મ થાય તેમ નથી. માટે હવે કહે છે કે મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. કારણ કે શુદ્ધ આચરણ એ જ મોક્ષનો મારગ છે. જ્યાં અંતરમાં આનંદના ઊભરા આવે છે એવી છટ્ઠા–સાતમા ગુણસ્થાનની મુનિદશામાં શુદ્ધોપયોગનો જ આદર છે.

જેટલો અશુભ ટળે છે એટલી શુભભાવમાં શુદ્ધતા છે એમ કોઈ માનતું હોય તો તે ખોટી વાત છે. શુભભાવ તો જીવે અનંતવાર કર્યો અને તેના ફળમાં નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ શુદ્ધતા પ્રગટ ન થઈ, કારણ કે શુભભાવમાં કાંઈ શુદ્ધતાનો અંશ નથી.

कर्म सर्वमपि सर्वविदो यद् बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं ज्ञानमेव विहितं शिवहेतु॥ कलश ४॥

ગુરુ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર કે જેણે ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છે તે તો આમ કહે છે કે શુભ-અશુભ બંને ભાવ બંધની પરંપરા છે, એક શુદ્ધોપયોગ જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે, તે જ પરમપદ આપનાર છે.

**सील तप संजम विरति दान पूजादिक,**
**अथवा असंजम कषाय विषैभोग है।**
**कोऊ सुभरूप कोऊ अशुभ स्वरूप मूल,**
**वस्तुके विचारत दुविध कर्मरोग है॥**
**ऐसी बन्धपद्धति बखानी वीतराग देव,**
**आतम धरममैं करम त्याग-जोग है।**
**भौ-जल-तरैया रागद्वेषकौ हरैया महा,**
**मोखको करैया एक सुद्ध उपयोग है॥७॥**

અર્થ :—બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય

www.vitragvani.com



ભોગ આદિ એમાં કોઈ શુભ અને કોઈ અશુભ છે, આત્મસ્વભાવનો વિચાર કરવામાં આવે તો બંનેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બંનેને બંધની પરંપરા કહી છે, આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર-સમુદ્રથી તારનાર, રાગ-દ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે.

પુણ્ય અને પાપના ભાવ તો અનંતકાળથી જીવ કરતો આવ્યો છે. એ તો કર્મરૂપી રોગ છે. આત્માનો સ્વભાવ નથી. 'બ્રહ્મચર્ય'માં–શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ શુભભાવ છે, કાંઈ શુદ્ધભાવ નથી. 'તપ'માં કોઈ એક ઉપવાસ કરે, બે કરે, તેનાથી વધારે કરે, ઉનોદરી કરે પણ એ બધો રાગભાવ છે, નિર્જરા નથી. અંદરમાં અતીન્દ્રિય આનંદમાં રમે તો તે ખરું તપ છે કે જે નિર્જરાનું કારણ છે.

મન અને પાંચ ઇન્દ્રિયનું દમન કરવું અને છ કાય જીવની દયા પાળવી તે સંયમ છે એ પણ શુભરાગરૂપ સંયમ છે. પાંચ પાપોનો ત્યાગ કરવો તે વ્રત છે. હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહનો ત્યાગ તે વ્રત છે અને તેનો અત્યાગ તે અવ્રત છે પણ તે બંને ભાવ બંધના કારણ છે. ખરી અહિંસા તો ભગવાન આત્મામાં અરાગી શાંતિની ઉત્પત્તિ થવી તે અહિંસા છે. આવી અહિંસા પાળવી તેને ભગવાન 'દયા' કહે છે. પરની દયાના ભાવ એ તો માત્ર વિકલ્પ છે. પરને મારવાના ભાવ પાપ અને પરને બચાવવાના ભાવ પુણ્ય છે, તે બંને બંધના કારણ છે, નિર્જરાના કારણ નથી. દાન અને પૂજાના ભાવ પણ શુભભાવ છે તેનાથી પુણ્યબંધ થાય છે.

અસંયમ, વિષય, કષાય, ભોગ, હિંસાદિ, અવ્રત એ બધાં પરિણામ પાપ છે. આમ આ બધાં પરિણામોમાં કોઈ શુભ છે તો કોઈ અશુભ છે તે બંને કર્મરૂપી રોગ છે. આત્મસ્વરૂપનો વિચાર કરતાં બંનેમાંથી કોઈ ભાવ આત્માને હિતરૂપ નથી.

વીતરાગ પરમેશ્વરનો મારગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગથી વીતરાગ માર્ગની ઉત્પત્તિ થતી નથી. ચિદાનંદ ભગવાન પાસે કોઈ પણ રાગનો વિકલ્પ કર્મરૂપી રોગ જ છે. તે ભલે અણવ્રતનો હો કે મહાવ્રતનો વિકલ્પ હો–રોગ છે. તેમાં આત્માની નીરોગતા નથી.

અરે! આવો મનુષ્ય અવતાર ચાલ્યો જાય છે. તેમાં આ વાત પોતે સમજે નહિ અને બખેડા ઊભા કરે તો તે સંસારમાં રખડશે.

ભગવાન વીતરાગદેવે શુભ અને અશુભ બંને પ્રકારના રાગને બંધની પરિપાટી તરીકે બતાવ્યા છે. સમ્યગ્દર્શન વગર અણુવ્રત પાળો કે મહાવ્રત પાળો તેનાથી આત્મામાં કાંઈ લાભ થાય તેમ નથી. સમ્યગ્દર્શન વિના માર્ગની શરૂઆત જ નથી કારણ કે પોતાના સ્વરૂપની દૃષ્ટિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થયા વિના માર્ગ કેવી રીતે શરૂ થાય? અહીં જ્ઞાની થયા પછી પણ વ્રતના વિકલ્પને બંધના કારણ કહ્યાં છે તો અજ્ઞાનદશામાં તો એ બંધ જ છે.

જ્ઞાની તો રાગથી વિરક્ત જ છે છતાં અસ્થિરતાવશ રાગ આવે છે તેને બંધનું કારણ જાણે છે. અબંધસ્વરૂપની દૃષ્ટિમાં પુણ્ય અને પાપ બંને ત્યાગવા જેવા છે. શુભરાગ આવે....હોય....પણ આદરણીય નથી, ત્યાજ્ય છે–હેય છે તો પછી આદરણીય શું છે! શુદ્ધોપયોગ એક જ આદરણીય છે.

**भौ–जल–तरैया राग-द्वैषकौ हरैया महा।**
**मोखको करैया एक सुद्ध उपयोग है॥**

એક શુદ્ધઉપયોગ જ જીવને સંસાર-સમુદ્રથી તારનાર છે, રાગ-દ્વેષનો નાશ કરનાર છે. શુભરાગથી શુદ્ધઉપયોગ થતો નથી, શુદ્ધોપયોગથી શુભરાગનો પણ નાશ થાય છે.

પરમપદ એવા મોક્ષપદને પણ શુદ્ધોપયોગ જ આપે છે. માટે તેને **मोखको करैया** કહ્યો છે. એક શુદ્ધઉપયોગ જ પરમપદ એવા મોક્ષપદને આપે છે.

આ દ્રવ્ય-સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક...જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૨)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સાધકોને શુદ્ધાત્માનું આલંબન છે

(સળંગ પ્રવચન નં. ૫૫)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ અધિકાર ચાલે છે, નીચે ૪થો કળશ આપેલો છે તે લેવાનો છે.

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परममममृतं तत्र निरताः॥४॥

તેના ઉપર બનારસીદાસજીનું આઠમું પદ્ય છે. તેમાં ગુરુ શિષ્યના પ્રશ્નોત્તરરૂપે કથન છે.

सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,
कीनी है निषेध मेरे संसै मन मांही है।
मोखके सधैया ग्याता देसविरती मुनीस,
तिनकी अवस्था तौ निरावलंब नांही है॥
कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास,
ऐसौ अवलंब उनहीकौ उन पांही है।
निरुपाधि आतम समाधि सोई सिवरूप,
और दौर धूप पुदगल परछांही है॥८॥

વાત બહુ સૂક્ષ્મ છે. અનંતકાળમાં જાણવામાં આવી નથી અને અત્યારે તો બધી ઊંધી પ્રરૂપણા ચાલે છે.

અર્થ :—શિષ્ય કહે છે હે સ્વામીન્! આપે બધી શુભ અને અશુભ ક્રિયાનો નિષેધ કર્યો તો મારાં મનમાં સંદેહ ઉપજે છે. કેમ કે, મોક્ષમાર્ગી જ્ઞાની અણુવ્રતી શ્રાવક અથવા મહાવ્રતી મુનિ નિરાવલંબી તો નથી હોતા. અર્થાત્ દાન, સમિતિ, સંયમ આદિ શુભક્રિયા કરે જ છે. ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી છે તેથી તેઓ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પોતાના જ જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે. રાગ-દ્વેષ-મોહરહિત નિર્વિકલ્પ આત્મધ્યાન જ મોક્ષરૂપ છે, એના વિના બીજું બધું ભટકવું પુદ્‌ગલજનિત છે.

આગળના શ્લોકમાં બ્રહ્મચર્ય, આઠ આઠ દિવસના ઉપવાસ, ઈન્દ્રિયોનું દમન, વ્રત, દાન, પૂજા આદિ બધી શુભક્રિયાઓ તથા અસંયમ, વિષયભોગ, કષાય આદિ અશુભક્રિયાઓને કર્મરૂપી રોગ કહીને તેનો આચાર્યદેવે નિષેધ કર્યો છે કે ભગવાન વીતરાગદેવે બંને ભાવોને બંધની પરિપાટીમાં ગણાવ્યા છે. બેમાંથી એક પણ ભાવ ધર્મનું કારણ નથી. બંને ભાવ વિકલ્પ છે–રાગ છે–બંધના કારણ છે માટે આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. આમ શુભ અને અશુભ બંને ક્રિયાનો નિષેધ સાંભળીને શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે તો પછી મુનિઓને કોનું શરણ!

**मोखके सधैया ग्याता देसविरती मुनीस.....**અણુવ્રતી શ્રાવક મહાવ્રતી મુનિઓ કે જે મોક્ષના સાધક છે, મોક્ષમાર્ગી–જ્ઞાની છે તેમને તદ્દન નિરાવલંબીપણું હોતું નથી. તેઓ દાન, સમિતિ, સંયમ આદિ શુભક્રિયાઓ કરે જ છે તેને આપ ધર્મ કહેતાં નથી તો સાધકને ધર્મ માટે કોનો આધાર રહ્યો! અશુભક્રિયામાં તો ધર્મ છે જ નહિ તો જવું ક્યાં! એમ શિષ્યને સંદેહ ઉપજે છે કે તો પછી ધર્મનું સાધન શું?

જ્ઞાની, મુનિ, વ્રત, તપ આદિ શુભ ક્રિયા તો કરે છે પણ તેના આપ ધર્મની ક્રિયા કહેતાં નથી તો ધર્મનું સાધન શું કરવું? દાન, વ્રત, તપ, સંયમ આદિમાં પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તેથી રાગ થાય છે તે વૃત્તિનું ઉત્થાન છે–કર્મનો રોગ છે તે કાંઈ આત્માનો સ્વભાવ નથી. માટે તે ક્રિયાથી સંવર કે નિર્જરા થતાં નથી એમ આપ કહો છો તો મુનિઓને કોનું અવલંબન! એમ શિષ્યનો પ્રશ્ન છે.

તેને ગુરુ ઉત્તર આપે છે કે મુનિઓ નિરાલંબ નથી. જ્ઞાની, મુનિ આદિ મોક્ષના સાધકોને પોતાના આત્માનું અવલંબન છે. **कहै गुरु करमकौ नाश अनुभौ अभ्यास ऐसौ अवलम्ब उनहीकौ उन पांही है।** ગુરુ શિષ્યને કહે છે ભાઈ! તને કર્મના નાશના ઉપાયની ખબર નથી. કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી થાય છે. આત્મા એકલો જ્ઞાન ને આનંદનો પૂંજ છે એવા જ્ઞાન અને આનંદનો અનુભવ કરતાં સાધકોને ધર્મ થાય છે અને ત્યારે કર્મોની નિર્જરા થાય છે.

લોકોને બિચારાને આ સત્ય વાત સાંભળવા પણ મળતી નથી. શરીર જરાં ઠીક હોય તો સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ અને તપાદિ કરીને ધર્મ થઈ ગયો માને છે અને શરીર ઠીક ન હોય, પૈસા હોય તો દાનાદિ કરીને ધર્મ થઈ ગયો માને છે. પણ ભાઈ! એમાં તે રાગની

www.vitragvani.com



મંદતા કરી હોય તો પુણ્ય બંધાય પણ ધર્મ તો ન જ થાય. બીજાં પ્રાણીને ન મારવાનો ભાવ કર્યો તે અહિંસા છે. સત્ય બોલે, પરિગ્રહનું ગ્રહણ ન કરે, બ્રહ્મચર્ય પાળે, લાખો રૂપિયાના દાન કરતો હોય તો એ બધો શુભભાવ છે તેનાથી પુણ્ય થાય પણ ધર્મ ન થાય. ત્રણકાળ ત્રણલોકમાં કદી શુભભાવથી ધર્મ ન થાય.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આત્માને અનંતગુણનો પિંડ કહ્યો છે. અન્યમતીઓ કહે છે તે આત્માનું સાચું સ્વરૂપ નથી. સર્વજ્ઞે કહેલો આત્મા પુણ્ય-પાપના રાગની ક્રિયાથી જુદો છે. એવા આત્માનો અનુભવ કરે તેને ધર્મ થાય છે. શુભાશુભક્રિયાના રાગનું લક્ષ છોડી, અખંડ આનંદસ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મામાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે તેને ધર્મ થાય છે. તેના વિના અઠ્ઠમ કરે કે સામાયિક, પૌષધ, ચોવ્યાર આદિ ક્રિયા કરે તેનાથી કર્મોની નિર્જરા થતી નથી. અઠ્ઠમ ઉપર એક ઉપવાસ કરે તેનાથી બહુ નિર્જરા થાય એમ માને છે. ભાઈ! ધૂળેય નિર્જરા ન થાય. એ તો લાંઘણ છે, નવતત્ત્વમાં ભગવાને જીવતત્ત્વને શુભાશુભભાવથી જુદો જોયો છે. કેમકે જીવનું એ સ્વરૂપ નથી.

શુદ્ધ આત્માના અનુભવના અભ્યાસથી જ કર્મોની નિર્જરા થાય છે તેથી તેઓ પોતાના જ જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે. ભાઈ! ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર અને આનંદનો સાગર છે. એવા આનંદસાગરમાં ઝપટ મારી–દૃષ્ટિ મૂકી, તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે–તે શ્રાવકને સંવર અને નિર્જરા છે. તેથી સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, મુનિ આદિ જ તે અનુભવથી થતાં આનંદને જાણી શકે છે. **ऐसौ अवलंब उनहीको उन पांही है।** પોતાના જ્ઞાનમાં જ તેઓ સ્વાનુભવ કરે છે.

શરીર, વાણી, મન આદિ તો જડ થઈને રહેલાં છે તે કોઈ આત્માની ચીજ નથી, જીવના થઈને તે રહેતાં નથી. મફતનો મૂઢ તેને પોતાના માને છે. પાસે બે-ચાર કરોડ રૂપિયા હોય તે પણ જડ છે. પોતાના થતાં નથી. અરે! રાગની ક્રિયા પણ જીવની થતી નથી તો બીજી તો કઈ ચીજ જીવની થાય! જીવની પાસે તો એક તેનો અનુભવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ તો દૂર છે. પણ અનુભવ તો તેની સમીપમાં છે, દૂર નથી.—**उनहीको उनपांही है।** તેનાથી કર્મોની નિર્જરા છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હો, શ્રાવિકા હો, સાચા સાધુ હો કે અર્જિકા હો તે પોતાના ચૈતન્યદેવની નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે તેને સંવર અને નિર્જરા થાય છે. રાગથી ભિન્ન અભેદ ચૈતન્યના અવલંબનથી જ આવી નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે અને તે વખતે કર્મોની નિર્જરા થાય છે. બાકી, લાંઘણો કરવાથી તો નવા કર્મ બંધાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ વીતરાગનો માર્ગ છે. બીજી રીતે માને છે તેને વીતરાગની શ્રદ્ધા નથી. તે શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. સં. ૮૦ની સાલમાં એટલે શરૂઆતમાં લોકોને આ અનુભવની વાત સાંભળીને નવાઈ લાગતી કે આ અનુભવ અનુભવ શું કરે છે! આપણા ધર્મમાં તો સામાયિક પૌષધ આદિ હોય એ સાંભળ્યું છે. 'અનુભવ' તો સાંભળ્યો નથી.

ભાઈ! મિથ્યાત્વ સહિતના તારાં સામાયિક, પોષા આદિ બધાં રણમાં પોક મૂકવા જેવા છે. દેહની ક્રિયા આત્માથી જુદી છે, અંદરમાં રાગ થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાનસ્વરૂપ કોઈ જુદું જ છે, એવા ભાન વગરની ક્રિયાથી કર્મોની નિર્જરા થતી નથી. કર્મોની નિર્જરા તો અનુભવના અભ્યાસથી જ છે.

જેમ સાકર ગળપણસ્વરૂપ છે તેમ, ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે તે જ્ઞાનમાં–અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાનનો અનુભવ કરે તો તે જીવને કર્મોની નિર્જરા થાય એમ વીતરાગદેવે કહ્યું છે. ભગવાનનું ભજન કરો–ભગવાનનું ભજન કરો એમ કરવાથી કર્મોની નિર્જરા નહિ થાય. નવકારમંત્ર ગણવા એ તો રાગ છે, ધર્મ નથી. એમાં ધર્મ માનીને અરે! જિંદગી ચાલી જાય છે. ઈયળ, કીડી આદિ મરે છે તેમ આ જીવો આત્માના ભાન વિના મરીને ચોરાશીના અવતારમાં ચાલ્યા જશે. ક્યાંય કોઈ શરણ નહિ મળે.

તારું શરણ તો અંદરમાં–આત્મા છે ભાઈ! તને વિશ્વાસ નથી પણ તારામાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભરેલો છે. તેની સન્મુખ થઈને અંદરમાં અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે તેને ભગવાન નિર્જરા કહે છે.

આત્માનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ સમજ્યા વિનાના શરીર સૂકવવા બેઠા છે એ બધાં મૂઢ છે. આ શરીર તો માંસ અને હાડકા સ્વરૂપ છે તે કાંઈ જીવ થઈને રહેલું નથી અને આત્મા તો આનંદની ખાણ છે તે કાંઈ રાગની કે જડની ખાણ નથી. ભગવાન ત્રિલોકીનાથ પરમાત્મા સો ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આમ કહેતાં હતાં તે આ વાત છે. દયા, દાનાદિ ભાવ તો પુણ્યબંધનું કારણ છે તે કાંઈ નિર્જરાનું કારણ નથી. ચૈતન્યના આશ્રયથી જે અનુભવ થાય, તેનાથી જ નિર્જરા થાય છે, બાકી પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયા એ તો કર્મનો રોગ છે, એકથી પુણ્ય બંધાય અને એકથી પાપ બંધાય તેથી એ બંને સોનાની અને લોઢાની બેડી જેવા બંધન જ છે. બંને ભાવ સંસારમાં ભટકવાના કારણ છે.

**निरुपाधि आतम समाधि सोई सिवरूप**, ભગવાન આત્મા વિકલ્પની ઉપાધિથી રહિત છે. આત્માની અસ્તિ ચૈતન્યસ્વરૂપ છે તેમાં શરીર નથી, વાણી નથી, કર્મ નથી અને દયા-દાનના વિકલ્પો પણ તેના સ્વરૂપમાં નથી. એવો એ નિરુપાધિ છે અને આતમસમાધિ સ્વરૂપ હોવાથી

www.vitragvani.com



શાંત શાંત છે. સમાધિ એટલે શું?–કે આધિ એટલે પુણ્ય–પાપના વિકલ્પ, વ્યાધિ એટલે શરીરના રોગ અને ઉપાધિ એટલે બાહ્ય સંયોગ એ ત્રણેયથી રહિત જે શાંતભાવ છે તે સમાધિ છે. આવી સમાધિને જે સાધે છે એવા શ્રાવકો અને મુનિઓને ધર્મ અને નિર્જરા થાય છે.

પુણ્ય–પાપના વિકલ્પ ઉઠે છે તે તો કર્મરૂપી રોગ છે, ઝેર છે તેનાથી રહિત આત્માના આનંદની પરિણતિરૂપ ધ્યાન છે તે શિવરૂપ છે. અંતરના અવલંબનથી પ્રગટતી દશા–તે શિવરૂપ છે. મોક્ષનું કારણ પણ તે છે અને તે જ મોક્ષરૂપ છે. જે કોઈ સિદ્ધ થયા તે સિદ્ધદશા ક્યાંથી લાવ્યા! અંદરમાં છે તેમાંથી લાવ્યા છે, તેમ દરેક આત્મા સિદ્ધ સમાન છે પણ અજ્ઞાનીને પોતાનું સ્વરૂપ શું છે, કેમ છે, કેમ પ્રાપ્ત થાય તેની ખબર નથી.

બાહ્ય વિકલ્પોને સમેટી, અંતરમાં પૂર્ણાનંદપ્રભુ છે તેમાં દૃષ્ટિ લગાવી, તેને જ્ઞેય બનાવી, તેનું ધ્યાન લગાવી, તેનો અનુભવ કરવો તેનું નામ સમાધિ છે. તે સમાધિથી કર્મોની નિર્જરા થાય છે. પુણ્ય-પાપની લાગણીને સમેટીને અંદરમાં શુદ્ધોપયોગની દશા થાય તેને અહીં આતમસમાધિ કહેવામાં આવી છે. આ સમાધિ મોક્ષનું કારણ અથવા મોક્ષસ્વરૂપ છે.

કાળીજીરીની થેલી ઉપર 'સાકર' નામ આપવાથી કાળીજીરી સાકર થઈ જતી નથી તેમ, ધુરંધર આચાર્ય, મુનિ આદિ નામ આપી દેવાથી અંતરમાં મુનિની દશા આવી જતી નથી. જે પુણ્ય-પાપની લાગણીનું લક્ષ છોડી, અંતર સન્મુખ ભાવથી શુદ્ધોપયોગને સાધે છે તેને સમાધિ છે અને એ સમાધિ જેને પ્રગટ થઈ છે તેને મુનિ કહેવામાં આવે છે. તેને કર્મોની નિર્જરા થાય છે.

સમજાણું કાંઈ! એમ કહીએ છીએ એટલે કે કાંઈક સમજાય તોપણ સારું છે, બધું સમજે તો તો ન્યાલ થઈ જાય.

દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અશુભભાવ છે. નિશ્ચયથી અધર્મ છે અને હિંસા, જૂઠું, ચોરી આદિ પાપભાવ તો અધર્મ છે જ. આ બંને ભાવોથી રહિત, અંતરમાં ચૈતન્યને અવલંબીને થતી વીતરાગી દશા કે જેમાં અતીન્દ્રિય આનંદના અનુભવનો સ્વાદ આવે છે તેને અહીં કર્મોની નિર્જરાનું કારણ કહ્યું છે.

પ્રશ્ન થાય કે તેના માટે પ્રથમ બીજું કાંઈ સાધન ખરું કે નહિ! વ્રત, તપ કરીએ, કષાયની મંદતા કરીએ તો પછી ધર્મ થાય એવું સ્વરૂપ નથી. એ તો લસણ ખાઈને કસ્તૂરીના ઓડકારની અપેક્ષા રાખવા જેવું છે. રાગની ક્રિયાના ફળમાં ધર્મ પ્રગટ થતો નથી. **और दौर धूप पुदगल परछांही है।** વ્રત, તપાદિના વિકલ્પ ઉઠે છે તે સંસારમાં રખડાવનાર છે, પુદ્‌ગલની છાયા છે–આત્માની છાયા નથી.

www.vitragvani.com



ભાવાર્થ :—ઈર્યાસમિતિપૂર્વક જોઈને ચાલવું ભાષાસમિતિ પાળવી એ બધી સમિતિ, વ્રત, તપ આદિ બધાં ભાવ આસ્રવ છે તેનાથી શ્રાવક કે સાધુના કર્મોની નિર્જરા થતી નથી. નિર્જરા તો આત્માનુભવથી જ થાય છે.

પુરુષાર્થ સિદ્ધિનો આધાર આપ્યો છે કે 'येनांशेन.......भवति' પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપમાં જેટલી વીતરાગી એકાગ્રતા થાય તેટલા અંશે રાગ અને બંધનનો નાશ થાય છે. જેટલો રાગનો ભાગ રહે છે તે બંધનનું કારણ છે.

વ્રતાદિનો વિકલ્પ તે બંધનું કારણ અને આત્માના આનંદનો અનુભવ તે નિર્જરાનું કારણ છે–આ જૈન પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવના માર્ગની વાત છે. આ સિવાય બંધનથી મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયથી અંતરમાં આનંદનું ઝરણું વહે છે તેને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે તેનું નામ નિર્જરા છે.

હવે છટ્ઠા કળશમાં આચાર્યદેવ કહે છે કે ભગવાને તો આત્માના અનુભવને ધર્મ કહ્યો છે, તેની વિધિ અંતરમાં છે. બહારના વિધિ–વિધાન તો બધાં રાગનાં છે.

બનારસીદાસજી પદ્યમાં કહે છે કે મુનિ અને શ્રાવકની દશામાં બંધ અને મોક્ષ બને છે.

मोख सरूप सदा चिनमूरति,
बंधमई करतूति कही है।
जावतकाल बसै जहां चेतन,
तावत सो रस रीति गही है।।
आतमकौ अनुभौ जबलौं,
तबलौं सिवरूप दसा निबही है।
अंध भयौ करनी जब ठानत,
बंध विथा तब फैल रही है।।९।।

અર્થ :—આત્મા સદૈવ શુદ્ધ અર્થાત્ અબંધ છે અને ક્રિયાને બંધમય કહેવામાં આવી છે, તેથી જેટલો સમય જીવ જેમાં (સ્વરૂપ અથવા ક્રિયામાં) રહે છે તેટલા સમય સુધી તેનો સ્વાદ લે છે અર્થાત્ જ્યાં સુધી આત્માનુભવ રહે છે, ત્યાં સુધી અબંધદશા રહે છે, પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં લાગે છે ત્યારે બંધનો વિસ્તાર વધે છે.

मोख सरूप सदा चिनमूरति–આત્મા સદાય મુક્તસ્વરૂપ છે. જે રાગના વિકલ્પથી જુદો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અને અબંધસ્વામી છે તેને જ ભગવાન આત્મા કહેવાય છે. જ્ઞાનપ્રકાશી–જ્ઞાનમૂર્તિ આત્મા સદા મોક્ષસ્વરૂપ છે. તેથી તેની ક્રિયા પણ મોક્ષસ્વરૂપ છે. જ્ઞાન અને આનંદનું પરિણમન થવું તે આત્માની ક્રિયા છે.

ભગવાન કહે છે કે આત્માના આનંદનો અનુભવ કરવો તે ધર્મ છે અને રાગ કરવો તે બંધ છે. આ બે ભાવમાંથી તારે જે ભાવ જોઈતો હોય તે લઈ લે, પાછળથી કજિયા ન કરીશ કે અરે! અમે તો વ્રત, તપાદિ પાળતા હતા અને તમે ધર્મ નહિ થાય એમ કહો છો?

ધીમેથી થોડું પણ સાચું સમજવું જોઈએ. ઘણાં ચોપડા વાંચે પણ સત્ય શોધી ન કાઢે તે શા કામનું! આવા અવસર ફરી મળવા મુશ્કેલ છે. મનુષ્યપણું અનંતકાળે મળવું બહુ દુર્લભ છે. એ આ મનુષ્યપણું મળી ગયું છે તેમાં ભગવાનના કહેલા માર્ગને સમજ્યો નહિ તો ભાઈ! તને કોઈ શરણ નથી. દેહના ક્ષણના પણ ભરોસા નથી. એક ભાઈ જુઓને! ગુજરી ગયા. સવારે તો વાંચન આપ્યું, આહાર લીધો, કપડાં હાથે ધોયા અને બપોરે ૧૨ વાગે જ્યાં સામાયિક કરવા બેસે છે ત્યાં હાર્ટ બંધ થઈ ગયું. આમ, કોઈના દેહનો ભરોસો નથી. કરવાનું કામ કરે નહિ અને નહિ કરવાના કામ કરીને ચાલ્યો જશે. પૈસાવાળાને એમ હોય કે અમે પૈસા ખર્ચીને વિલાયતથી ડૉકટર બોલાવશું અને સ્વજનને બચાવી લેશું પણ ભાઈ! ડૉકટર તો શું ઉપરથી ઈન્દ્ર ઊતરે તોપણ કોઈ તને બચાવી નહિ શકે! દેહની સ્થિતિ પૂરી થયે તે છૂટીને જ રહેશે અને ફરી આવા સમજવાના ટાણાં તને નહિ મળે. સમજણરૂપી દોરો સોયમાં પરોવ્યો હશે તો સોય ખોવાશે નહિ પણ જો સાચી સમજણ ન કરી તો ચોરાશીના અવતારમાં ક્યાંય ખોવાઈ જઈશ. સાચી સમજણ કરી હશે તે જન્મ-મરણના ચક્રમાંથી બહાર નીકળી જઈશ.

**जावतकाल बसै जहां चेतन**....જેટલો કાળ આત્મામાં વસે છે એટલો કાળ આત્માના આનંદને અનુભવે છે. શ્રાવક અને મુનિઓ જેટલો કાળ આત્મામાં એકાકાર થઈને વસે છે એટલો કાળ **रस रीति गही है** એટલે કે આત્માના આનંદને અનુભવે છે. આત્મસ્વભાવમાં વસે છે તે જ ખરો ચેતન છે. રાગમાં વસે છે તે ચેતન નથી અને મકાનમાં અને બાયડી-છોકરાના સંગમાં તો આત્મા કદી વસતો જ નથી. મફતનો બધાંને મારા માનીને બેઠો છે. જે તારું હોય તે તારાથી જુદું કેમ પડે!

ચંડાલણીના બંને પુત્રોની વાત આવી હતી ને! બ્રાહ્મણના ઘરે એક છોકરો મોટો થયો તે કહે મારે આ ન ખપે, આ ન ખપે તેમ, શુભભાવમાં અજ્ઞાની મારે આ ન ખપે અને આમ જ જોઈએ.....એમ કરે છે પણ તારો ભાવ પોતે જ વિભાવ છે તેનું શું! જ્ઞાનસ્વરૂપ આત્માને વિકલ્પ જ ખપતાં નથી પછી ભલે તે શુભ વિકલ્પ હો....આત્માને તે મફતમાં પણ ખપતો નથી.

www.vitragvani.com



પુણ્ય-પાપના વિકલ્પનો આશ્રય છોડીને જેટલો કાળ ભગવાન આત્માના આશ્રયમાં રહે છે ત્યાં સુધી જીવની દશા શિવરૂપ રહે છે. એટલો કાળ અબંધસ્વરૂપ આત્મા પર્યાયમાં પણ અબંધ થઈ જાય છે. પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં આવે છે ત્યારે બંધનો વિસ્તાર વધે છે. જ્ઞાનીને વિકલ્પ તો આવે છે પણ તે અસ્થિરતાને કારણે આવે છે. અજ્ઞાનીને તો સ્વરૂપમાંથી ખસીને વિકલ્પ આવે છે. તેથી તે બંધનો વિસ્તાર વધારે છે પણ જ્ઞાનીને સ્વરૂપના ભાનપૂર્વક શુભવિકલ્પ આવે છે તે પુણ્યબંધનું કારણ થાય છે.

ભાઈ ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૧૭)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જીવ અબદ્ધ-સ્વરૂપમાં ન ગયો તેથી બંધાણો છે

(સળંગ પ્રવચન નં. ૫૬)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય–પાપ એકત્વ અધિકાર છે. તેના ૭મા કળશ ઉપર ૧૦મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે 'મોક્ષની પ્રાપ્તિ અંતરદૃષ્ટિથી છે.'

**अंतर-दृष्टि-लखाउ, निज सरूपकौ आचरन।**
**ए परमातम भाउ, सिव कारन येई सदा॥१०॥**

અર્થ :—અંતરંગ જ્ઞાનદૃષ્ટિ અને આત્મસ્વરૂપમાં સ્થિરતા એ પરમાત્માનો સ્વભાવ છે અને એ જ મોક્ષનો ઉપાય છે.

શુદ્ધ આનંદઘનની દૃષ્ટિ અને તેનું લક્ષ કરવું તે મોક્ષનો ઉપાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ તો શુભરાગ છે તે ધર્મનું કારણ થતાં નથી. નિજ સ્વરૂપમાં ઠરવું તે ચારિત્ર છે. અંતરની દૃષ્ટિ, અંતરનું જ્ઞાન અને અંતરમાં સ્થિરતા તે પરમેશ્વર થવાનો ઉપાય છે.

પુણ્ય-પાપ ભાવ થાય છે તે જીવનો અંતરસ્વભાવ નથી. એ તો પુદ્‌ગલસ્વભાવ છે–પુદ્‌ગલની સાથે સંબંધવાળા ભાવ છે. ખરેખર ચૈતન્યની જાતના એ ભાવ નથી. તત્ત્વની વાત સાંભળવી, વાંચવી કે કહેવી એ પણ વિકલ્પ છે, ચૈતન્યનું સ્વરૂપ નથી. ચૈતન્યના સ્વભાવમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ પણ નથી. એવા આત્મસ્વભાવની અંતરદૃષ્ટિ–જ્ઞાન અને રમણતા તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

આત્મા સત્‌, શાશ્વત, જ્ઞાન અને આનંદાદિ ગુણનો પિંડ છે. એવા નિજ પરમાત્મ-સ્વભાવની અંતરદૃષ્ટિ અને અંતરલક્ષ પૂર્વક અંતરમાં સ્થિરતા કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે સ્વદ્રવ્યનો સ્વભાવ છે. એટલે કે પરમેશ્વર આત્માનો સ્વભાવ છે. તેનું નામ ધર્મ છે–તે મોક્ષનું કારણ છે. સ્વભાવમાંથી જે વ્યકતતા થાય તે એક દ્રવ્યનો સ્વભાવ છે. તે પૂર્ણાનંદરૂપ મુક્તિનું કારણ છે.

**ए परमातम भाउ**....પરમ સ્વરૂપી એવો પોતાનો સ્વભાવ જે સદાય છે તેની અંતરદૃષ્ટિ કરતાં, તેમાં લક્ષ કરતાં અને તેમાં સ્થિરતા કરતાં જે દશા પ્રગટ થાય તે નિજપ્રભુનો સ્વભાવ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. નિજ પરમેશ્વરનો આ સ્વભાવ જ મુક્તિનું કારણ છે. બાકી દયા, દાન, વ્રતાદિના વિકલ્પ આવે તે બધાં બંધના કારણ છે, મુક્તિના કારણ નથી.

ભાવાર્થ :—સમ્યક્ત્વસહિત જ્ઞાન અને ચારિત્ર પરમેશ્વરનો સ્વભાવ છે અને એ જ પરમેશ્વર બનવાનો ઉપાય છે.

એકરૂપ અખંડ અભેદ નિજ સ્વભાવની દૃષ્ટિ સહિત તેનું જ્ઞાન અને ચારિત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષનો ઉપાય છે. ઉપવાસ કરવા, ચોવ્યાર કરવો, ગરમ પાણી પીવા એ કાંઈ ધર્મની ક્રિયા નથી, એ તો રાગની–વિકલ્પની ક્રિયા છે.

પૂર્વાગ્રહવાળાને ઘા લાગી જાય એવી આ વાત છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે પ્રતીતિ થાય, અનુભવ થાય અને રમણતા થાય તેને અહીં મોક્ષનો મારગ કહેવામાં આવે છે.

હવે ૮મા કળશમાં બાહ્યદૃષ્ટિથી મોક્ષ નથી એ વાત કહે છે. તેના ઉપર બનારસીદાસજી ૧૧મા પદ્યમાં આ પ્રમાણે કહે છે કે–

**करम सुभासुभ दोइ, पुदगलपिंड विभाव मल।**
**इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए॥११॥**

અર્થ :—શુભ અને અશુભ એ બંને કર્મમળ છે, પુદ્‌ગલપિંડ છે, આત્માના વિકાર છે, એનાથી મોક્ષ થતો નથી અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાતું નથી.

નિત્ય પ્રગટ પ્રસિદ્ધ ભગવાન આત્માને ઓળખ્યા વિના, તેની અંતરદૃષ્ટિ વિના ધર્મ થાય એમ ત્રણકાળમાં બને નહિ.

ઘણા એવું માને છે કે આપણે તો ગુરુને માનો–તેની શ્રદ્ધા કરો તો મુક્તિ જરૂર થશે....તો અહીં ભગવાન કહે છે કે એમ મુક્તિ થતી નથી. સાક્ષાત્ ત્રણલોકના નાથને માનો તોપણ તે રાગ છે, વિકલ્પ છે, કર્મનો મેલ છે.

શ્રોતા :—'ભગવાનનું તો નામસ્મરણ પણ ભલું છે' એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાનનું નામસ્મરણ પણ ક્યારે ભલું કહેવાય કે જ્યારે સ્વરૂપના લક્ષપૂર્વક ભગવાનનું સ્મરણ કરે છે ત્યારે તે સ્મરણને વ્યવહારે ભલું કહેવાય છે. પ્રવચનસારમાં પાંચ ગાથામાં ભગવાનનું સ્મરણ કર્યું. સ્વરૂપના લક્ષ સહિત પ્રમાણ જ્ઞાનમાં વ્યવહાર પણ સાથે આવે છે. વ્યવહારથી વ્યવહાર ભલો છે પણ અહીં તો નિશ્ચયસ્વભાવની દૃષ્ટિમાં તે પણ કર્મમળ છે, વૃત્તિનું ઉત્થાન છે, આત્માનો સ્વભાવ નથી માટે તે રાગને પણ પુદ્‌ગલનો અર્થાત્ કર્મનો ભાવ છે એમ કહી દીધું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

રાગ કર્મનો ભાવ છે એમ કહ્યું ત્યાં કર્મને લઈને રાગ થાય છે એમ ન સમજવું. રાગાદિભાવ તે કર્મનો મેલ છે. આત્માનો નિર્મળસ્વભાવ નથી એટલું જ સમજવાનું છે.

નિર્વિકલ્પ આનંદધામના સ્પર્શ અને અનુભવ વિના ગમે તેટલા ઊંચા શુભભાવ આવે....તેનાથી ધર્મ નથી. માત્ર પુણ્યબંધ થાય છે. અબદ્ધસ્વરૂપમાં ન ગયો તેથી બંધાણો.

વસ્તુની સ્થિતિ આવી છે, પચાવવું કઠણ પડે તેવું છે.

**करम सुभासुभ दोइ, पुदगलपिंड विभाव मल।** શુભાશુભ બંને ભાવકર્મનો મેલ છે, પુદ્‌ગલનો પિંડ છે. એક તરફ ભગવાન આત્મારામ છે અને બીજી તરફ પુદ્‌ગલપિંડ છે–તે પરદ્રવ્ય છે. શુભાશુભભાવ જીવનો સ્વભાવ નથી. માટે પુદ્‌ગલપિંડ છે તે પરદ્રવ્ય છે એમ કહેવાય છે. જેને વ્યવહારે ધર્મનું સાધન કહેવાય છે તેને જ અહીં પુદ્‌ગલ કહી દીધા છે.

નિર્મળાનંદ પૂર્ણાનંદ નાથ પોતે પ્રભુ છે પણ તેની દશામાં ભૂલ છે. ભૂલ ન હોય તો તેની દશામાં આનંદ હોવો જોઈએ. તે ભૂલ ટાળવાનો ઉપાય અંતરમુખ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા છે. રાગાદિભાવ તો આત્માનો સ્વભાવ નથી કે સ્વભાવનું સાધન નથી, કર્મનું કાર્ય છે, કર્મનો મેલ છે–વિભાવભાવ છે. માટે રાગાદિભાવ પુદ્‌ગલપિંડ છે. રાગાદિભાવોથી મુક્તિ થતી નથી કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પંચમહાવ્રતનો ભાવ હો કે અણુવ્રતનો હો, દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણનો ભાવ હો—**इनसों मुक्ति न होइ।**–તેનાથી મુક્તિ થતી નથી.

શ્રોતા :—તો મુક્તિ કોનાથી થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'–પણ આત્મા કોને કહેવાય, ભાવના કોને કહેવાય અને કેવળજ્ઞાન કોને કહેવાય એ સમજવું જોઈએ. સમજ્યા વિના આખો દિવસ શાસ્ત્રવાંચન કરે તોપણ શું!

શુભાશુભભાવ તો આત્માના સ્વભાવથી વિપરીત હોવાથી 'વિભાવ' છે. પુણ્ય-પાપભાવ પુદ્‌ગલપિંડ છે માટે આત્માથી ભિન્ન છે. તેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી.

હવે આ સંબંધમાં શિષ્ય પ્રશ્ન કરે છે અને ગુરુ ઉત્તર આપે છે.

**कोऊ शिष्य कहै स्वामी! असुभक्रिया असुद्ध,**
**सुभक्रिया सुद्ध तुम ऐसी क्यौं न वरनी।**
**गुरु कहै जबलौं क्रियाके परिनाम रहैं,**
**तबलौं चपल उपयोग जोग धरनी।।**

www.vitragvani.com



**थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ,**
**यातैं दोऊ क्रिया मोख-पंथकी कतरनी।**
**बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ,**
**बाधक विचारि मैं निसिद्ध कीनी करनी॥१२॥**

વીતરાગના કેડાયત સંતોએ એક એક કડીમાં વીતરાગી વાણી વરસાવી છે.

અર્થ :—શિષ્ય કહે છે સ્વામી! આપે અશુભક્રિયાને અશુદ્ધ કહી તે તો બરાબર પણ, શુભક્રિયાને શુદ્ધ કેમ ન કહી?

ગુરુ ઉત્તર આપે છે કે જ્યાં સુધી શુભ-અશુભ ક્રિયાના પરિણામ રહે છે ત્યાં સુધી જ્ઞાન-દર્શન ઉપયોગ અને મન-વચન-કાયાના યોગ ચંચળ રહે છે. આત્મામાં સ્થિરતા થતી નથી અને સ્થિરતા ન થાય ત્યાં સુધી શુદ્ધ અનુભવ થતો નથી તેથી બંનેય ક્રિયાઓ મોક્ષમાર્ગમાં બાધક છે, બંનેય બંધ ઉત્પન્ન કરનાર છે, બંનેમાંથી કોઈ સારી નથી. બંને મોક્ષમાર્ગમાં બાધક છે–એવો વિચાર કરીને મેં ક્રિયાનો નિષેધ કર્યો છે.

જ્યાં સુધી વિકલ્પ આવે છે કે હું વ્રત પાળું, તપ કરું, દાન કરું, દયા પાળું....ત્યાં સુધી આત્મસ્વરૂપનો અનુભવ થઈ શકતો નથી. પઠન, પાઠન, સ્મરણ એ બધી ક્રિયામાં પણ વિકલ્પની ચંચળતા છે, સ્થિરતા નથી. વિકલ્પની જાળમાંથી છૂટ્યાં વિના સ્થિરતા આવતી નથી. મન-વચન-કાયાના યોગ અને જ્ઞાન-દર્શન ઉપયોગ એ બંને જ્યાં સુધી ચપળ છે ત્યાં સુધી સ્થિરતા થતી નથી. આવા અસ્થિર એવા શુભભાવમાં શુદ્ધાત્માનો અનુભવ કેમ હોય?

**थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ।** સ્થિરતા ન થાય ત્યાં સુધી શુદ્ધ અનુભવ થતો નથી માટે કહ્યું કે શુભ અને અશુભ બંને ક્રિયા મોક્ષપંથને કાતરનારી છે–કાપનારી છે, સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થતો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષપંથ છે તેને કાતરનારી છે. શુભભાવ પણ મોક્ષમાર્ગને કાપે છે.

શુભભાવની ચપળતા મોક્ષમાર્ગમાં બાધક છે. અનંત શાંતિનો સાગર આત્મા મહા આનંદથી પૂર્ણ છે. તેમાં સ્થિરતા કરવામાં શુભભાવ પણ વિઘ્નરૂપ થાય છે.

**बन्धकी करैया दोऊ दुहूमें न भली कोऊ।** શુભ અને અશુભ બંને ક્રિયા બંધને કરનારી છે માટે બેમાંથી એકેય ભલી નથી તો પછી મંદિર આદિનું શું પ્રયોજન છે એમ કોઈને થાય પણ ભાઈ! મંદિર આદિ તેના કારણે હોય છે અને શુભવિકલ્પ આવે ત્યારે લક્ષ ત્યાં જાય છે પણ તે મોક્ષમાર્ગમાં બાધક છે. પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બાધકભાવ આવ્યા વગર રહેવાનો નથી. સાધક છે ત્યાં સુધી બાધકભાવ આવવાનો જ છે પણ તે ધર્મનું કે મોક્ષનું કારણ નથી.

વીતરાગ પરમાત્મા અને પરમાર્થના કહેનારા સંતોએ શુભ અને અશુભ બંને ભાવોને મોક્ષમાર્ગમાં બાધક જાણીને તેનો નિષેધ કર્યો છે. આગળ આવ્યું હતું કે બંને ભાવમાં દોડધૂપ છે, ભટકવું છે. અહીં કહ્યું કે મોક્ષમાર્ગમાં બાધક છે માટે તેનો નિષેધ કર્યો છે.

હવે ૧૦ કળશના પદ્યમાં કહે છે કે માત્ર જ્ઞાન જ મોક્ષમાર્ગ છે. અહા! જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન धावति–દોડે છે. પ્રજ્ઞાબ્રહ્મ આત્મા પુણ્ય-પાપના વિકલ્પોની રુચિ છોડી નિજસ્વરૂપમાં દોડે છે–પરિણતિ કરે છે. જ્ઞાનસ્વરૂપમાં દોડે છે તેનું નામ મોક્ષમાર્ગ છે એમ અહીં કહે છે.

**मुकतिके साधककौं बाधक करम सब,**
**आतमा अनादिकौ करम मांहि लुक्यौ है।**
**एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,**
**सोई महा मूढ़ मोख मारगसौं चुक्यौ है।।**
**सम्यक सुभाव लिये हियेमैं प्रगट्यौ ग्यान,**
**उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है।**
**आरसीसौ उज्ञल बनारसी कहत आपु,**
**कारन सरूप ह्वैकै कारजकौं ढुक्यौ है।।१३।।**

અર્થ :—મોક્ષના સાધક આત્માને સર્વ કર્મ બાધક છે, આત્મા અનાદિકાળથી કર્મોમાં છુપાયેલો છે, એમ છતાં પણ જે પાપને ખરાબ અને પુણ્યને સારું કહે છે તે જ મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે અનિવાર્ય ઉન્નત્તિ કરે છે. પં. બનારસીદાસજી કહે છે કે તે જ્ઞાનદર્પણની સમાન ઉજ્જ્વળ સ્વયં કારણસ્વરૂપ થઈને કાર્યમાં પરિણમે છે અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**मुकतिके साधककौं बाधक करम सब**–મોક્ષની પ્રાપ્તિમાં કારણ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સર્વ કર્મો બાધકરૂપ છે. વ્રતના પરિણામ હો કે અવ્રતના પરિણામ હો તે વિઘ્ન કરનારા છે.

કોઈ જગ્યાએ વ્યવહારરત્નત્રયને મોક્ષમાર્ગમાં બાધક કહ્યા છે તો કોઈ જગ્યાએ સાધક કહ્યાં છે. છઢાળામાં વ્યવહારને નિશ્ચયનો હેતુ અર્થાત્ કારણ કહ્યું છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. વ્યવહારરત્નત્રયના પરિણામ નિશ્ચયપરિણમનમાં નિમિત્ત હોવાથી ઉપચારથી તેને નિશ્ચયના હેતુ કહ્યાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વરૂપનું સાધન છે તે પ્રગટ કરવામાં દયા-દાનાદિ પરિણામ તો વિઘ્ન કરનારા છે. તેને સાધન કેમ કહેવાય! પંચાસ્તિકાયમાં મૂળ ગાથામાં આચાર્યદેવે વ્યવહારને નિશ્ચયનું સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યો છે ત્યાં તે ભૂમિકામાં વિકલ્પની મર્યાદા શું હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. બાકી જે બાધકભાવ છે તે કાંઈ ખરેખર સાધન થઈ શકતા નથી. વિકલ્પમાત્ર સ્વરૂપના સાધનમાં બાધક છે.

**करम** એટલે ક્રિયા–પુણ્ય અને પાપ બંને ક્રિયા મુક્તિના સાધકને બાધકરૂપ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ શુભરાગ અને હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ અશુભરાગ એ બંને પ્રકારના રાગ મોક્ષમાર્ગમાં બાધક છે. અનાદિથી આત્મા આ પુણ્ય-પાપના ભાવમાં ઢંકાઈ ગયો છે. તેને પોતાને પોતાના સ્વરૂપની ખબર નથી. નિજસ્વરૂપ તો રાગરહિત છે તેને ઓળખ્યા વગર વ્રત પાળવા, તપ કરવા, ઉપધાન કરવા, ઉપવાસ કરવા આદિ શુભ અને અશુભ વિકલ્પોમાં પોતે ઢંકાઈ ગયો છે. છતાં પણ જે એમ કહે છે કે પાપ ખરાબ છે પણ પુણ્ય તો સારું છે–તે મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જૈનધર્મને તે જાણતો નથી. વીતરાગની વાણીને તે સમજતો નથી. મોટો મૂઢ છે. મોક્ષમાર્ગથી તે ભૂલો પડી ગયો છે.

અંતરમાં આત્મામાં એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. ક્રિયાકાંડના વિકલ્પ ઊઠે તેમાં મોક્ષમાર્ગ માને એ તો મોટો મૂઢ છે.

**सम्यक सुभाउ लिये हियेमैं प्रगट्यौ ग्यान**–હવે સવળી વાત કરે છે કે જેને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ થયું તેનો ઉન્નત્તિક્રમ ચાલુ થઈ ગયો, તેની અનિવાર્યપણે વૃદ્ધિ થશે. પૂર્ણાનંદપ્રભુ અનંતજ્ઞાન સ્વરૂપ છે તેને જેણે વિકલ્પથી દૂર થઈને અનુભવમાં લીધો તેને જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન પ્રગટ્યું. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠતાં હતા તે તો બંધના કારણ હતા, ઝેર હતા, દુઃખરૂપ હતા તેનાથી છૂટીને જેને અંતરમાં જ્ઞાન પ્રગટ્યું કે અરે! હું તો આત્મા છું, પુણ્ય-પાપના વિકલ્પના ક્રિયાકાંડથી મારી ચીજ તો ભિન્ન છે, હું તો શુદ્ધ આનંદમૂર્તિ છું એમ જ્યાં હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું તે હવે ઉત્સાહપૂર્વક સ્વરૂપમાં ઉન્નત્તિ કરે છે–આગળ આગળ ચાલ્યો આવે છે.

પુણ્યભાવમાં ધર્મ માનીને નીચે નીચે દુર્ગતિમાં જતો હતો તે હવે નિજ સ્વરૂપનું જ્ઞાન પ્રગટ કરીને ઊર્ધ્વ ઊર્ધ્વ જવા લાગ્યો. ઉન્નત્તિના પંથે ચડી ગયો. દ્રવ્યસ્વભાવને પકડ્યો તેને શક્તિમાં રહેલા કેવળજ્ઞાનાદિ ગુણો હવે પ્રગટ થયા વિના રહેશે નહિ.

બનારસીદાસજી કહે છે ઉત્સાહથી આગળ વધ! દયા, દાન, વ્રતાદિની દૃષ્ટિ છોડ,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનની દૃષ્ટિ કર! ઊર્ધ્વગામી થઈશ, અમૃતસ્વરૂપમાં રમતો આગળ વધી જઈશ. દુઃખી થવું નહિ પડે.

'હમ તો કબહૂં ન નિજઘર આયે....'
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે....
પરપદ નિજપદ માન મગન હ્વૈ, પરપરિણતિ લિપટાયે....

પુણ્ય-પાપના વિકલ્પો એ તો પરપરિણતિ છે તેમાં લપટાઈ ગયો છે. પરપદને નિજપદ માનીને તેમાં મગ્ન થઈ રહ્યો છે તેણે પોતાના શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન એવા મનોહરપદને કદી ભાવ્યું નથી. વ્યભિચારી થઈને પરઘરમાં ભમ્યો છે. ભક્તિમાં આ બધું આવે છે.

**उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है।**—ઉમંગથી આગળ વધવા લાગ્યો તેને હવે કોઈ કર્મ રોકી શકે તેમ નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ અને રમણતારૂપ નિર્મળતા પ્રગટ થઈ તેની સ્વચ્છ અરીસા સમાન ઉજ્જ્વળ દશા જ તેના મોક્ષનું કારણ થશે. પુણ્ય-પાપની દશા તો મેલી હતી. તે નાશ થઈ અને સ્વભાવની નિર્મળદશા પ્રગટ થઈ તે જ કારણરૂપ થઈને મોક્ષના પૂર્ણ નિર્મળ કાર્યને લાવશે. કારણ પ્રગટ થયું તેને અનિવાર્યપણે કાર્ય પ્રગટ થશે. અવશ્ય સિદ્ધપદ પ્રાપ્ત કરશે.

❀ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં પરિણતિના ષટ્કારકની ક્રિયાનું લક્ષ છૂટી જાય છે. પર્યાયના ષટ્કારકની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું એમ લક્ષ કરતાં સમ્યગ્દર્શન થાય છે. વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકનાં પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૦)*

www.vitragvani.com



# જ્ઞાનધારા ભવ-સમુદ્ર તરવાની નૌકા છે

(સળંગ પ્રવચન નં. ૫૭)

શ્રી નાટક સમયસારનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે. આત્મામાં જે શુભા-શુભભાવ થાય છે તે બંનેની જાત એક જ છે, બંને બંધના જ કારણ છે એમ આ અધિકારમાં સમજાવે છે તેમાં ૧૧મા કળશ ઉપરનું ૧૪મુ પદ્ય આ પ્રમાણે છે :

જ્ઞાન અને શુભાશુભ કર્મોનું વર્ણન.

जौलौं अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलौं अन्तरातमामैं धारा दोइ बरनी।
एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा,
दुहूंकी प्रकृति न्यारी न्यारी न्यारी धरनी।।
इतनौ विसेस जु करमधारा बन्धरूप,
पराधीन सकति विविध बन्ध करनी।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी।।१४।।

અર્થ :—જ્યાં સુધી આઠ કર્મ સંપૂર્ણપણે નષ્ટ ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિમાં જ્ઞાનધારા અને શુભાશુભ કર્મધારા બંને વર્તે છે. બંને ધારાઓનો જુદો જુદો સ્વભાવ અને જુદી જુદી સત્તા છે. વિશેષ ભેદ એટલો છે કે કર્મધારા બંધરૂપ છે, આત્મશક્તિને પરાધીન કરે છે તથા અનેક પ્રકારે બંધને વધારે છે અને જ્ઞાનધારા મોક્ષસ્વરૂપ છે, મોક્ષ આપનાર છે, દોષોને દૂર કરે છે અને સંસારસાગરથી તરવા માટે નૌકા સમાન છે.

ધર્મી જીવને એટલે કે શુદ્ધાત્માના અનુભવી જીવને કે જેને વિભાવથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને, અખંડ અને અભેદ એવા આત્માની અનુભવદશા પ્રગટ થઈ છે તેને જ્યાં સુધી આઠકર્મનો સંપૂર્ણપણે નાશ ન થાય ત્યાં સુધી તેની દશા કેવી હોય છે તે વર્ણવે છે.

આત્મા તો શુદ્ધોપયોગ સ્વભાવી છે તેમાં પુણ્ય-પાપ નથી. એવા આત્માનો શુદ્ધોપયોગ

દ્વારા જેણે પર્યાયમાં અનુભવ કર્યો એવા અંતરાત્મા ધર્મી જીવને પણ જ્યાં સુધી રાગનો પૂર્ણપણે અભાવ ન થાય ત્યાં સુધી તેની પરિણતિમાં બે પ્રકારની ધારા વહે છે એમ ભગવાને કહ્યું છે. તે બે ધારા કઈ છે?—એક તો જ્ઞાનધારા અને એક શુભાશુભ કર્મધારા. આમ બે ધારા તેને વર્તે છે.

શુદ્ધ અખંડ અંતરતત્ત્વનું ભાન, પ્રતીતિ અને અંતરરમણતા પ્રગટ થઈ છે તે ધર્મીની જ્ઞાનધારા છે. આત્મસ્વભાવમાં એકાગ્રતાની ધારા તે જ્ઞાનધારા છે. તેનું નામ જ આત્મધારા છે. તેની સાથે રાગધારા પણ વર્તે છે પણ તે ધર્મીનું સ્વરૂપ નથી. શુભ અને અશુભ બંને પ્રકારના ભાવો આવે છે તે બંધના કારણ છે અને ધર્માત્માને તો અબંધસ્વભાવી આત્માનું ભાન થયું છે તેથી બંધભાવોને પોતાના માનતા નથી તોપણ શુભાશુભરાગ આવે છે. જેટલું શુદ્ધાત્માનું શરણ લીધું છે એટલી તો જ્ઞાનધારા વર્તે છે–વિશુદ્ધ–શુદ્ધ–નિર્મળપરિણતિ વર્તે છે તે તો ધર્મીની પોતાની ચીજ છે પણ તેની સાથે એક શુભાશુભ વિકલ્પની ધારા વહે છે. દયા, દાન, વ્રત, ભક્તિરૂપ શુભોપયોગ અને કામ, ક્રોધાદિરૂપ અશુભ ઉપયોગ તે બંને વૃત્તિઓ કર્મધારા છે. જોકે શુભાશુભભાવનો ધર્મી કર્તા નથી પણ તેની દશામાં એવા ભાવ હોય છે. જ્યાં સુધી આઠેય કર્મનો નાશ થયો નથી ત્યાં સુધી તેની ભૂમિકામાં શુભાશુભ વિકારીભાવ હોય છે. તેને અહીં કર્મધારા અર્થાત્ વિકારીભાવરૂપી કાર્યધારા કહેવામાં આવે છે.

આ જ્ઞાનધારા અને કર્મધારા એ બંનેનો સ્વભાવ ભિન્ન છે. પુણ્ય-પાપરૂપ કર્મધારાથી આત્મા ભિન્ન છે. એવા સ્વઆત્માને જ્ઞેય બનાવીને જેણે અંતરમાં જ્ઞાન પ્રગટ કર્યું તેને નિર્મળ એવી જ્ઞાનધારા કહેવાય છે. શુભાશુભભાવની પ્રકૃતિ મેલરૂપ છે અને શુદ્ધાત્માની પરિણતિ નિર્મળ છે. બંનેના સ્વભાવ જ જુદાં છે. **न्यारी न्यारी धरनी** ધરણી એટલે હોવાપણું. બંને ધારાનું હોવાપણું જુદું જુદું છે.

ધર્મની વાતો મોંઘી અને મૂલ્યવાળી છે. ભાઈ! જગતમાં તેના મૂલ્ય જેવી કોઈ મૂલ્યવાન વસ્તુ નથી એવી આ ચીજ છે. તેને સમજવા માટે અંતર સન્મુખનો અનંત અનંત પુરુષાર્થ જોઈએ છે. એ કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ કે પૂજા કરવાથી મળી જાય એવો આત્માનો સ્વભાવ જ નથી.

આત્માના ચૈતન્યસ્વભાવની ધારા પવિત્ર છે અને તેની સત્તા પણ કર્મધારાથી જુદી છે. પુણ્ય-પાપના વિકલ્પની ભૂમિ જુદી છે. આ તો વાત જ કોઈ જુદી છે. એને એની મહિમાની ખબર નથી. પ્રભુ! ક્રિયાકાંડ કરીને ધર્મ મનાવે છે એ મિથ્યાત્વને પોષે છે. અહીં તો ભગવાન કહે છે કે પુણ્ય-પાપની સત્તા આત્માથી જુદી છે. મહા પવિત્ર ભગવાન આત્મા પુણ્ય–પાપના રાગને સ્પર્શ્યો પણ નથી.

5

જેમ અજીવની સત્તાથી જીવની સત્તા જુદી છે તેમ પુણ્ય-પાપરૂપ ચારગતિની સત્તા જીવની નિર્મળ સત્તાથી જુદી છે.

ધરણી એટલે સત્તા. આત્મા પુણ્ય-પાપ વિકલ્પની સત્તાને ધરતો નથી. અંતરસ્વરૂપનો આશ્રય લઈને જે અંતરાત્મા થયો તેને જ્ઞાનધારા અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિરૂપ કર્મધારા બંને ધારા છે એમ સિદ્ધ કરીને પછી કહે છે કે તે બંનેનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે અને સત્તા પણ ભિન્ન ભિન્ન છે. આઠ કર્મ નાશ ન થાય ત્યાં સુધી શુદ્ધતા અને અશુદ્ધતા બંને ધારાનું હોવાપણું છે પણ તેનો સ્વભાવ અને સત્તા ભિન્ન ભિન્ન છે. જીવનો સ્વભાવ શુદ્ધ છે અને અશુદ્ધતા તો આસ્રવનો સ્વભાવ છે.

મૂળ પાઠમાં **विहितस्तावन्न काचित्क्षतिः** છે એટલે કે જ્ઞાનધારા અને કર્મધારાને સાથે રહેવામાં વિરોધ નથી. તેનો અર્થ એવો નથી કે તે બંનેનો સ્વભાવ એક જાતનો છે. સ્વભાવ તો વિરુદ્ધ છે પણ સાથે રહેવામાં વિરોધ નથી. જેમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ સાથે રહી શકતાં નથી તેમ કર્મધારા અને જ્ઞાનધારા સાથે ન રહી શકે–એવું નથી. શુદ્ધભાવ અને શુભભાવની જાત એક નથી તોપણ સાથે રહી શકે છે.

કેટલાંક એમ માને છે કે પંચમહાવ્રતાદિની યતિની ક્રિયા ધર્મ છે. પણ એમ નથી. શુભક્રિયા ભલે સમ્યગ્દષ્ટિની હો કે મિથ્યાદૃષ્ટિની હો પણ તે ધર્મ નથી.

આ તો ધીરજના વેપાર છે બાપા! શાંતિના સાગરમાં જવું છે તેમાં વચ્ચે અશાંતિનો ભાવ આવે છે તે કાંઈ અવિરોધ નથી, વિરુદ્ધ જ છે પણ તે ભૂમિકામાં એવો રાગ આવે જ નહિ–એમ નથી. રાગ આવ્યો માટે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ ન હોય–એવું નથી. સ્વભાવ અને વિભાવ બંને વિરુદ્ધભાવ હોવા છતાં તેને સાથે રહેવામાં વિરોધ નથી એટલે કે જ્ઞાનીની ભૂમિકામાં તે બંને ભાવો સાથે હોય છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં પણ વિરોધ છે. સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાદર્શન રહી શકતું નથી.

અનાદિકાળથી જીવ હું રોટલી, દાળ, ભાત, મૈસૂબ, પૈસા, સ્ત્રી, ધન આદિને સ્પર્શું છું અને અનુભવું છું એમ માનતો હતો પણ સ્પર્શ કે અનુભવ થતો ન હતો, તેને તો માત્ર શુભ-અશુભ ભાવનો સ્પર્શ અને અનુભવ થતો હતો, તે હવે જ્યાં ધર્મી થયો ત્યારે તેણે શેનો અનુભવ કર્યો?–કે, શુભ-અશુભ વિકલ્પથી જેની જાત જુદી છે એવી નિજવસ્તુનો સ્પર્શ કર્યો ત્યાં તેની પર્યાયમાં શાંતિ અને આનંદની ધારા વહેવા લાગી તેનો તેણે અનુભવ કર્યો. હવે શુદ્ધ પરિણતિની ધારા વહે છે તેની સાથે શુભાશુભકાર્ય ધારા પણ વહે છે પણ તે બંનેને સાથે રહેવામાં વિરોધ નથી. તેથી રાગ આવે ત્યાં શુદ્ધપરિણતિ ચાલી જતી નથી.

www.vitragvani.com



સમ્યગ્દૃષ્ટિ જીવને પણ જેટલાં શુભાશુભભાવો થાય છે તે બંધરૂપ છે. એકબાજુ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને બંધ જ નથી, સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. તે પણ અપેક્ષાએ બરાબર છે. પણ તેની પર્યાયમાં પુરુષાર્થની નબળાઈને લઈને થતાં શુભાશુભભાવ બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અને જ્ઞાન બંધનું કારણ નથી પણ રાગ તો બંધનું જ કારણ છે.

ધર્મીજીવને શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે તે બંધરૂપ નથી અને જે બંધરૂપ છે એવી કર્મધારાનો તે સ્વામી નથી છતાં એ ધારા હોય છે–શુભ અને અશુભ-પરિણામની ધારા હોય છે તે બંધરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહારથી મુક્ત કહ્યો છે ત્યાં તેને બંધ ક્યાં રહ્યો! કેમ કે તેની દૃષ્ટિ અને નિર્મળધારામાં બંધ નથી. જેમ વસ્તુ અબંધ છે તેમ તેના આશ્રયે થતાં નિર્મળપરિણામ પણ અબંધ જ છે. એ જ સમ્યગ્દૃષ્ટિનું હોવાપણું છે અને તેમાં જ તેનું સ્વામીપણું છે. બાકી વિભાવધારા તેને રુચતી નથી તોપણ તે આવે છે. આમ, ધર્મની જ્ઞાનધારા અને કર્મધારા–વિભાવધારામાં મોટો તફાવત–વિશેષ છે.

આ કોઈ પક્ષ કે વાડાની વાત નથી. વસ્તુના સ્વભાવરૂપ ધર્મ છે. વસ્તુ જે આત્મા છે તે મહાપ્રભુ છે, પૂર્ણાનંદ છે, કૃતકૃત્યસ્વભાવી છે, તેના સ્વભાવમાં 'કરવું' એવું કાંઈ છે જ નહિ. સ્વયં પરિણમનસ્વભાવી હોવાથી પરિણમનને પણ કરવું પડતું નથી, પરિણમન થાય છે. વસ્તુસ્વભાવની દૃષ્ટિ થતાં 'મોક્ષમાર્ગના પરિણામને કરું' એ પણ રહેતું નથી તો પછી દયા-દાનના વિકલ્પને કરું એ તો ક્યાં રહે ભાઈ! પરિણામ આવી જાય છે–થાય છે–કરવાપણું રહેતું નથી.

આવો મારગ છે બાપા! આ કાંઈ કોઈનો માર્ગ નથી. તારી જાતનો માર્ગ છે. તું સમજ તો તને તારો માર્ગ છે એમ સમજાય.

જ્યાં સુધી અધૂરી દશા છે ત્યાં સુધી વિકારની ધારા રહે છે તે કર્મના અસ્તિત્વમાં નથી કે કર્મથી નથી. જ્ઞાનીની પર્યાયમાં છે પણ પોતાનું સ્વરૂપ નથી માટે જ્ઞાની તેના સ્વામી નથી પણ શાસ્ત્રમાં તો જીવને સમજાવવા માટે કથનશૈલી એવી આવે કે ધર્મીને પુણ્ય–પાપના વિકલ્પો આવે છે. દયા-દાનના ભાવ આવે છે. બીજી તરફ એમ પણ આવે કે ધર્મી વ્યવહારથી જુદાં પડી ગયા છે–ધર્મીને રાગ થતો નથી, ધર્મીને તો નિર્મળધારા થાય છે. એ નિર્મળધારા પણ થાય છે, કરવી પડતી નથી. દૃષ્ટિની દિશા બદલી એટલે પરિણામની દિશા પણ બદલાઈ ગઈ. પર્યાયમાં રમતો હતો તે હવે દ્રવ્યમાં રમવા લાગ્યો.

એને સમજાવવું શી રીતે! એક જ જીવની એક જ પર્યાયમાં અડધી નિર્મળતા છે અને અડધી મલિનતા-વિભાવ છે, તેમાંથી નિર્મળતા છે તે જ ખરેખર જીવની છે, વિભાવને જીવનો

www.vitragvani.com



માત્ર કહેવાય છે, તેમાં ચૈતન્યનો અંશ પણ નથી. રાગધારા કહો, કર્મધારા કહો કે અચેતનધારા કહો બધું એક જ છે. રાગધારા છે તે ચૈતન્યધારા નથી. જાગૃત એવો ભગવાન આત્મા અજાગૃતભાવે શી રીતે થાય! તેથી જ તો છઠ્ઠી ગાથામાં કહ્યું કે જ્ઞાયકભાવ પ્રમત્ત-અપ્રમત્તરૂપે નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી એટલે કે જ્ઞાયક જડ થતો નથી એમ કૌંસમાં ખુલાસો કર્યો છે તે બરાબર છે. કારણ કે આત્મા તો એકલો જ્ઞાનપ્રકાશનું પૂર છે, તે જેમાં જ્ઞાયકનો અંશ પણ નથી એવા પુણ્ય-પાપના વિકલ્પરૂપે કેમ થાય?

લોકોને તો કોઈ મોટી યાત્રા કાઢે, તંબુ તાણે, સાથે ભગવાનના પ્રતિમા રાખે, લાખો રૂપિયા ખર્ચે તો ધર્મ કર્યો એમ દેખાય છે પણ ભાઈ! બહારમાં ભટકવામાં ધર્મ ક્યાં હતો! ધર્મ તો અંતરમાં ઊંડા ઉતરતા પ્રગટ થાય એવો સૂક્ષ્મ ભાવ છે.

અહીં કહે છે કે, **करमधारा बंधरूप पराधीन....** કર્મધારા બંધરૂપ તો છે અને પરાધીન છે, સ્વાધીન નથી. પર તેને આધીન કરાવતું નથી પણ પોતે રાગને આધીન થઈને પરાધીન થાય છે.

શ્રોતા :—આ બરાબર સમજાયું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પુણ્ય-પાપના વિકલ્પ સ્વના આશ્રયે થતાં નથી અને પર તેને કરાવતા નથી પણ નિમિત્તને આધીન થઈને સ્વયં પરાધીનદશા ઉત્પન્ન કરે છે.

વિકાર નિમિત્તની અપેક્ષા વિના પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે પણ અહીં એ સિદ્ધ કરવું નથી. અહીં તો તે પરાધીનભાવ છે એમ સિદ્ધ કરવું છે. પરના આશ્રયે થાય છે માટે પરાધીન છે.

અહીં તો કહે છે કે પ્રતિક્રમણનો વિકલ્પ પણ કર્મધારા છે, આત્મધારા નથી.

અનંતકાળમાં અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો પણ સ્વભાવમાં કદી આવ્યો નથી. એક સમયની પર્યાયમાં જ રમ્યો છે. પર્યાય પાછળ વસ્તુ કોણ છે એ જોવાની એણે દરકાર પણ કરી નથી. બાર બાર મહિનાના ઉપવાસ કર્યા પણ વસ્તુ કોણ છે તે જોવા માટે નજર પણ કરી નથી. ચૈતન્યનિધાનની નજર વિના એની બધી ક્રિયા અને ભાવ અધર્મ છે.

તો પ્રશ્ન થાય કે અજ્ઞાનીના પુણ્ય આત્માનું હિત કરતા નથી પણ ધર્મીના પુણ્ય-પરિણામ તો આત્માને લાભરૂપ છે કે નહિ? દયા, દાન, વ્રત, ભક્તિ, વાંચન, શ્રવણ, પાંચ-પાંચ કલાક સુધી હાથમાંથી પુસ્તક મૂકે નહિ–એટલી સ્વાધ્યાય કરે, મનન કરે તેનાથી ધર્મ થાય કે નહિ!....ના....પુણ્ય–પરિણામથી ધર્મ કોઈને ન થાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્ય-પરિણામ મારા અને તે મારું કર્તવ્ય છે એમ માનનારા અજ્ઞાની તો ફેઈલ થઈ ગયા છે. એમાં ફેઈલ થયાની તો એને ખબર પણ નથી અને શરીરમાં હાર્ટફેઈલ થાય ત્યાં આહાહા–થઈ જાય. ચૈતન્યને વિકલ્પરૂપ માન્યો તેણે ચૈતન્યને મડદું માન્યો. વિકલ્પ તો ચેતના વિનાના મડદાં છે. સત્ચિદાનંદપ્રભુ આત્મા વિકલ્પથી નિરાળો છે. તેના અનુભવી જ્ઞાનીઓને એક સમયની પર્યાય થોડી પરાધીનપણે કામ કરે છે તેનું માત્ર અહીં જ્ઞાન કરાવ્યું છે.

ધર્મીને પોતાના દ્રવ્યનો પૂર્ણ આશ્રય નથી એટલો પરનો આશ્રય તેને આવી જાય છે, એટલી કર્મધારા છે અને તે સમકિતીને પણ બંધરૂપ છે, ક્ષાયિક સમકિત હોય અને મતિ, શ્રુત, અવધિ આ ત્રણ જ્ઞાનના ધારક હોય તેને પણ કર્મધારા તો બંધરૂપ જ છે.

આ કોઈ ઝગડા કે વાદવિવાદ કર્યે પાર પડે તેવી વાત નથી. આમાં તો મૌન થઈ જવાની વાત છે.

સમ્યગ્દૃષ્ટિને રાગ અને બંધરહિત કહ્યાં છે તે દ્રવ્યદૃષ્ટિના જોરથી કહ્યાં છે. પણ તેની પર્યાયમાં કમજોરીવશ રાગ થાય છે તેથી બંધ પણ છે એવી પર્યાયદૃષ્ટિની વાત પણ જણાવી દીધી છે. બાકી રાગની ક્રિયાનો રસ્તો જીવનો નથી, અનેક પ્રકારના રાગ આવી જાય છે તેથી અનેક પ્રકારનો બંધ થાય છે.

**ग्यानधारा मोखरूप मोखकी करनहार**.........ધર્મીની જ્ઞાનધારા એટલે આત્મધારા મોક્ષરૂપ છે. જ્ઞાનની પ્રધાનતાથી કથન છે તેથી જ્ઞાનધારા કહી પણ એકાંત જ્ઞાન–જાણપણાની વાત નથી. એકાંત જ્ઞાન અને એકાંત ક્રિયા એ તો મિથ્યાત્વનું ઝેર છે એ વાત આગળ કહેશે. અહીં તો જ્ઞાનધારા એટલે આત્મધારા મોક્ષરૂપ છે અને મોક્ષની કરનારી છે.

રાગ બંધરૂપ છે તો જ્ઞાન મોક્ષરૂપ છે. ત્રિકાળી શુદ્ધસ્વભાવના આશ્રયથી પ્રગટેલી જ્ઞાન અને શાંતિ આદિની નિર્મળદશા મોક્ષને દેનારી છે.

જે મોક્ષરૂપ હોય તે મોક્ષનું કારણ થાય. જે સ્વયં બંધરૂપ હોય તે મોક્ષનું કારણ ક્યાંથી થાય! એ તો બંધનું કારણ થાય.

હજુ જેને પરલક્ષી સમજણમાં પણ ફેર છે તે બધાં રઝળવાના છે.

વસ્તુ પોતે તો ત્રિકાળ શક્તિરૂપ મુક્તસ્વભાવ છે. તેથી તેના ભાનવાળી સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાયને મોક્ષરૂપ કહી દીધી છે. જ્ઞાનધારા મોક્ષરૂપ છે અને મોક્ષની કરનારી છે. અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા રાગ અને કર્મના સંબંધથી રહિત છે એટલે કે મુક્ત છે અને તેને અનુભવનારી જ્ઞાનધારા મોક્ષની કરનારી તથા દોષને હરનારી છે, રાગ-દ્વેષાદિ દોષને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાખનારી નહિ પણ ટાળનારી છે. જ્યાં સ્વભાવસન્મુખ થાય છે ત્યાં દોષને ટાળવા પડતાં નથી, ટળી જાય છે.

ભગવાન આત્માની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ જ્ઞાનધારા મોક્ષરૂપ છે, મોક્ષની કરનારી છે, દોષને હરનારી છે અને ભવ-સમુદ્રથી તારનારી છે. ચોરાશીના અવતારથી જીવને તારનારી આ જ્ઞાનધારા છે. દોષ ઉપર દૃષ્ટિ રાખીને દોષ ટળતો નથી, સ્વભાવનો આશ્રય લેતાં દોષની ઉત્પત્તિ ન થાય તેનું નામ દોષને ટાળનારી જ્ઞાનધારા કહેવાય છે. જ્ઞાનનો ઉત્પાદ્ થાય ત્યાં રાગનો ક્ષય થઈ જાય છે.

જ્ઞાનધારા સંસાર-સમુદ્રથી તરવા માટે નૌકા સમાન છે માટે તેને **भौ-समुद्र तरनी** કહી છે.

હવે ૧૫મા પદ્યમાં કહે છે કે, 'યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે.' **ये कुर्वन्ति न कर्म आतु न वशं यान्ति प्रमादस्य च।** કર્મને કરતો નથી અને પ્રમાદને વશ થતો નથી તે મોક્ષને પામે છે. કથનમાં એમ આવે કે યથાયોગ્ય કર્મ કરે છે. એટલે કે એ ભૂમિકામાં તેને યોગ્ય વિકલ્પો આવે છે. આવા કથન સમજાવવા માટે આવે પણ તેને પકડવા યોગ્ય નથી. ભાવને પકડવો, શબ્દને ન પકડવા. આ માટે એક સરસ દૃષ્ટાંત આવે છે–એક અંગ્રેજી–ગોરો માણસ કહે કે, હું બધું ગુજરાતી જાણું છું ત્યારે તેનો ડંફાસને તોડી પાડવા એક ગુજરાતી માણસ બાળકને બોલાવીને કાંઈ પૂછે છે તેનો ઉત્તર બાળકે આપ્યો. તો પહેલો ગુજરાતી કહે છે કે હવે જાણ્યું-જાણ્યું—એટલે બાળક તો સમજી ગયો કે આ મેં નથી જાણ્યું એમ કહે છે. બે વાર જાણ્યું–જાણ્યું કહ્યું એટલે જાણવું ઘણું થયું એમ નહિ. પણ જાણ્યું જ નથી એવો અર્થ પહેલો ગોરો જાણતો ન હતો. તેમ આત્મદેશની ભાષા પરદેશવાળા વિવેક કરીને સમજે તો જ સમજાય.

ધર્મીને આત્મામાં વિકલ્પ હોય છે એમ કહેવામાં પણ એકત્વ થઈ જાય છે. વિકલ્પ આવે છે તેનો ધર્મી જાણનાર રહે છે, કર્તા થતો નથી. આવો વસ્તુસ્વભાવ છે.

*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીનું નિવાસસ્થાન : સ્યાદ્વાદ-મહેલ

(સળંગ પ્રવચન નં. ૫૮)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે, તેમાં ૧૫મું પદ્ય છે.

समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,
ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।
ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
बरतैं सुछंद तेऊ बूडे हैं चहलमैं॥
जथा जोग करम करैं पैं ममता न धरैं,
रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं।
तेई भव सागरके ऊपर ह्वैं तरैं जीव,
जिन्हिकौ निवास स्यादवादके महलमैं॥१५॥

અર્થ :—જે જ્ઞાનમાં સમજતા નથી અને કર્મથી જ મોક્ષ માને છે એવા ક્રિયાવાદી જીવ મિથ્યાત્વના ઝપાટાથી બેચેન રહે છે. અને સાંખ્યવાદી જે ફક્ત જ્ઞાનનો પક્ષ પકડીને આત્માને સદા અબંધ કહે છે તથા સ્વચ્છંદપણે વર્તે છે તેઓ પણ સંસારના કીચડમાં ફસે છે, પણ જે સ્યાદ્વાદમંદિરના નિવાસી છે તેઓ પોતાના પદ અનુસાર ક્રિયા કરે છે અને જ્ઞાન-ધ્યાનની સેવામાં સાવધાન રહે છે તેઓ જ સંસારસાગરથી તરે છે.

**समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख**—આત્માના સ્વભાવને તો જે જાણતો નથી અને કર્મ એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયાથી અમારો મોક્ષ થશે એમ માને છે તે જીવ મિથ્યાત્વની ગહલમાં છે એટલે કે પાગલ છે—મિથ્યાત્વના ઝપાટાથી બેચેન છે. દયા–દાનાદિના ભાવ શુભ છે અને હિંસા, જૂઠાદિ ભાવ અશુભ છે પણ તે બંનેની જાત આત્મસ્વભાવથી વિરુદ્ધ હોવાથી એક જ છે. બેમાંથી એકેયમાં ધર્મ નથી. બંને ભાવકર્મ છે, આત્મધર્મ નથી. પણ જેને આત્માના ધર્મની ખબર નથી તે ખુશી-ખુશી થઈને શુભભાવની ક્રિયા કરતાં હોય છે.

મિથ્યાત્વના જોરમાં પુણ્યની ક્રિયામાં ધર્મ માની બેઠેલા ક્રિયાકાંડીઓની આ વાત કરી. હવે શુષ્કજ્ઞાનીની વાત કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा**....આત્મા તો સદાય અબંધ છે તેમાં વળી અશુદ્ધતા કેવી! એમ કરીને સ્વચ્છંદ સેવે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનમાં આત્માનો અનુભવ કરવો જોઈએ તે તો કરતો નથી અને એકલું જ્ઞાન (જાણપણું) એકઠું કરીને પોતાને અબંધ અને શુદ્ધ માને છે. અમે તો સિદ્ધ સમાન શુદ્ધ છીએ, જે કાંઈ રાગની લાગણીઓ થાય છે તે પુદ્‌ગલ છે એમ માનીને સ્વચ્છંદને સેવે છે.

શ્રોતા :—શાસ્ત્રમાં એવું કહ્યું છે કે રાગ તો પુદ્‌ગલના પરિણામ છે, જ્ઞાનીને બંધ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ કોને માટે કહ્યું છે!–જેને આત્માનો ખજાનો ખૂલી ગયો છે, દૃષ્ટિ આત્મા ઉપર પડી છે, દયા-દાનાદિ વિકલ્પની લાગણીથી એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે અને સ્વભાવ સાથે એકત્વ થઈ ગયું છે. સ્વભાવસન્મુખમાં ઘોલન ચાલે છે તેને પછી જે વિકલ્પ આવે તે પુદ્‌ગલના છે અને પોતે તો જ્ઞાતા-દ્રષ્ટા છે એમ કહેવાય. જેને આત્માનું ભાન તો નથી, સ્વભાવસન્મુખ દૃષ્ટિ નથી, સ્વભાવસન્મુખનો પ્રયત્ન નથી અને સ્વભાવસન્મુખ આચરણ નથી, એકલું પાપાચરણ કરે છે અને અમારે બંધ નથી એમ કરીને સ્વચ્છંદ સેવે છે તે ભવસમુદ્રમાં ડૂબે છે. કેમ કે તેણે જ્ઞાનના પક્ષને ગ્રહણ કર્યો છે, જ્ઞાનમયવસ્તુને તો ગ્રહણ કરી નથી. હું અનંત જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું, રાગ-દ્વેષાદિ મારા ભાવ નથી એમ અનુભવ કરે, તેમાં સાવધાન રહે, પ્રયત્ન કરે તે કાંઈ સ્વચ્છંદી નથી પણ જે પોતાને સિદ્ધ સમાન શુદ્ધ માનતો થકો સ્વચ્છંદપણે વિષયવાસના અને ભોગોને સેવે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રીમદ્ કહે છે ને, 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ!' આ જ વાત અહીં કરી છે કે ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની બંનેના પ્રકાર અલગ અલગ છે પણ બંને મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના ભાન વિના ભક્તિ કરો, વ્રત કરો, તપ કરો કે યાત્રા કરો એમ કરીને શુભભાવને સેવે છે અને સાથે અશુભભાવને પણ સેવે છે, કાંઈ દરકાર નથી તે સ્વચ્છંદી જ છે.

જે જે વૃત્તિ ઉઠે છે તેમાં પ્રેમ છે, ભોગની વાસના છે, અને કહે છે કે આત્મા અબંધ છે માટે અમને કાંઈ દોષ નથી તે જીવો ચોરાશીના અવતારમાં રખડી જશે....મરી જશે....

જ્ઞાનપક્ષને ગ્રહણ કરે છે, જ્ઞાનનો અનુભવ કરતો નથી તે શુભભાવ કરતો હોય તો પણ સ્વચ્છંદી જ છે. પોતાને ઠીક પડે તેમ વર્તે છે, વસ્તુસ્વરૂપને અનુભવતો નથી તે અશુભભાવ કરતો હોય કે શુભભાવ કરતો હોય–સ્વચ્છંદી જ છે. વસ્તુનો અનુભવ તો ન થયો હોય પણ તેના તરફનો પ્રયત્ન અને પુરુષાર્થ પણ કરતો નથી અને માત્ર આત્મા અબંધ છે અને શુદ્ધ છે એમ કરે છે તે સ્વચ્છંદી–મિથ્યાદૃષ્ટિ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે માટે અમને ભોગ ભોગવવામાં કાંઈ વાંધો નથી એમ કરીશ તો મરી જઈશ. જેને આત્માનો આનંદ આવ્યો છે અને કોઈ વિકલ્પોમાં સ્વામીપણું નથી, અધિકપણું આનંદમાં વર્તે છે તેના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો છે. કારણ કે તેને રાગ આવ્યો છે પણ તે રાગને સેવતો નથી.

આત્મા અબંધ છે એ વાત સાચી છે પણ કોને?–કે જે એવી દૃષ્ટિ અને અનુભવ કરે તેને આત્મા અબંધ છે. દૃષ્ટિ અને અનુભવ વિના માત્ર વાત કરે કે આત્મા અબંધ છે, સિદ્ધ સમાન નિર્લેપ છે....તેને સમકિતી કહ્યો નથી.

શ્રોતા :—તેનો આત્મા અબંધ નહિ હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા તો દરેકનો અબંધ છે. અભવિનો આત્મા પણ અબંધ છે, મુક્તસ્વરૂપ જ છે. વસ્તુ તરીકે દરેક આત્મા અબંધ મુક્તસ્વરૂપ જ છે, પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ છે. દ્રવ્ય, ગુણ સાથે નિમિત્તનો કાંઈ સંબંધ નથી.

શ્રોતા :—તો પછી શુષ્કજ્ઞાનીએ ભૂલ શું કરી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એણે ભૂલ એ કરી કે અબંધસ્વભાવની દૃષ્ટિ તો કરી નહિ, રાગ ઉપર દૃષ્ટિ રાખી અને આત્માને અબંધ કલ્પીને સ્વચ્છંદ સેવ્યો. તેને માટે બનારસીદાસજી કહે છે કે **बरतैं सुछंद तेऊ बूडे हैं चहलमैं** ધર્મી તો રાગને કરતો નથી, આવે છે તેને ભિન્ન રહીને જાણે છે. કોઈ રાગમાં ભળીને રાગને જાણી શકતો નથી.

દૃષ્ટિ ફેરવે તો એક સમયમાં મુક્ત થઈ શકે છે, છ માસ રાહ જોવી પડે તેમ નથી પણ દૃષ્ટિને સ્વભાવમાં નહિ રાખતાં જ્યાં પોતે નથી ત્યાં દૃષ્ટિ લગાવી રાખી છે. છતાને અછતો કર્યો છે અને અછતા એવા રાગાદિને પ્રસિદ્ધ કર્યા છે તેથી મુક્તસ્વભાવ અનુભવમાં આવતો નથી.

**जथा जोग करम करैं** એમ શબ્દ છે ને તેનો અર્થ એમ છે કે ધર્મી શુદ્ધસ્વભાવમાં એકાગ્ર ન રહી શકે ત્યારે તેને (ભૂમિકાને યોગ્ય) શુભરાગ આવે છે પણ કર્તૃત્વબુદ્ધિ નથી. શુભભાવ આવે છે તે ઠીક છે એમ નથી. શુભપરિણમન પોતાનું હોવા છતાં તેને ભલું જાણતાં નથી. રાગનો વિકલ્પ આવે છે તે મારો છે એમ ધર્મી અનુભવમાં લેતા નથી.

સમ્યગ્દર્શન એ આત્માની ધર્મદશા છે અને તેનું ધ્યેય 'ધ્રુવ' છે એમ જ્યાં પકડ્યું ત્યાં તો તેનું પરિણમન એ જ જીવનું કર્તવ્ય છે. રાગ એ જીવનું કર્તવ્ય નથી. દયા, દાન, વ્રત, તપસ્યાનો વિકલ્પ ધર્મીને આવે પણ તે ઉપાદેય નથી. ધર્મી રાગને કરે એમ કહેવું તે વ્યવહાર છે અને ધર્મીને રાગ હોય એમ સ્થાપવું તે પણ એક વ્યવહાર છે. ધર્મીને રાગ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવે તેને ધર્મી જાણે છે પણ સ્વચ્છંદતા કરીને સેવતો નથી.

**रहैं सावधान ग्यान ध्यानकी टहलमें**–ધર્મી જીવ રાગના કાળે પણ સાવધાન છે. રાગ થયા પછી તેને ટાળવા જેવો જાણીને ટાળે–એમ નહિ, રાગના કાળે પણ ધર્મી સ્વરૂપની સાવધાનીમાં છે. આવો ધર્મ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ થાય છે. કોઈ નગ્નમુનિ થઈને પણ અધર્મને સેવે છે અને ધર્મી ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મને સેવે છે.

સહજાત્મમૂર્તિ ચૈતન્યભગવાનની દૃષ્ટિ નથી, અનુભવ નથી, આશ્રય નથી અને એકલા ક્રિયાકાંડ કરીને ધર્મ માને. એ તો મિથ્યાત્વમાં પાગલ છે. દુનિયા ભલે તેને ડાહ્યો કહે–સાધુ માને પણ તે સંસારમાં જ ડૂબેલો છે. અને જેને રાગની એકતા તૂટીને સ્વભાવમાં એકતા થઈ છે તેને સ્વરૂપમાં સાવધાની છે. તેને રાગ આવે તોપણ એકત્વબુદ્ધિ થતી નથી.

**रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं।** એ ધર્મી જ્ઞાનની અને ધ્યાનની સેવામાં રહે છે, તેને રાગની સેવા નથી. રાગથી તો પૃથક્પણું છે. જ્ઞાન અને ધ્યાન બંનેમાં સાવધાની કહી છે એટલે કે જ્ઞાન અપેક્ષાએ સાવધાન છે અને ચારિત્ર અપેક્ષાએ પણ સ્વરૂપમાં લીનતારૂપ સાવધાની છે.

જીવ અધિકારમાં આગળ ૧૯મી ગાથામાં આવી ગયું છે કે જ્ઞાનને તો આત્મા સેવે જ છે, જ્ઞાન અને આત્મા કાંઈ જુદા નથી તો તમે જ્ઞાનને સેવો....જ્ઞાનને સેવો એમ કેમ કહો છો?–ભાઈ! જ્ઞાન અને આત્મા તદ્રૂપ હોવા છતાં જ્ઞાનની સન્મુખ થઈને તેમાં ઠરતો નથી તેણે જ્ઞાનની સેવા કદી કરી જ નથી. રાગમાં એકમેક થઈને પડ્યો છે તેને જ્ઞાન અને આત્મા એક છે એવી દૃષ્ટિ જ નથી. એ તો રાગ અને આત્માને એક માને છે. તેણે જ્ઞાનની સેવા કદી કરી નથી. અને પરની સેવા પણ કદી કરી નથી (પરની સેવા કરી શકતો જ નથી). અનાદિથી એણે તો માત્ર રાગાદિ વિકલ્પની સેવા કરી છે. એ સેવા છોડીને, ત્રિલોકનાથ તીર્થંકર જેને સ્વભાવ–સંપન્ન આત્મા કહે છે તેમાં એકાગ્રતા કરીને આત્માને જે સેવે તેણે આત્માની–જ્ઞાનની સેવા કરી કહેવાય છે. આવી સેવા તે નિર્જરા છે.

જ્ઞાનની સેવા વગર માત્ર જ્ઞાનની વાતો કરવાથી ધર્મ થતો નથી. આત્મા અબંધ છે, શુદ્ધ છે, રાગથી ભિન્ન છે એવા ભાન વિના પોતાને અબદ્ધ માને છે અને રાગને સેવે છે તે રાગના બંધમાં પડ્યો છે અને પોતાને અબંધ માને છે તે સ્વચ્છંદી ભવસમુદ્રમાં ડૂબે છે. જ્ઞાનનું જ્ઞાન કરીને જ્ઞાનમાં એકાગ્ર થવાનું નામ ધ્યાન છે એવો જ્ઞાનને સેવનારો જીવ સંસારસાગરથી તરી જાય છે. **तेई भव सागरके ऊपर ह्वै तरैं जीव जिन्हिकौ निवास स्यादवादके महलमैं।** સ્યાદ્વાદ અનુસાર વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ જાણે છે કે વસ્તુદૃષ્ટિએ હું અબંધ

www.vitragvani.com



છું અને પર્યાયમાં અશુદ્ધતા છે તથા બંધ પણ થાય છે એમ સ્યાદ્વાદથી બધું જાણે છે તે સંસારસાગરથી તરવા સમર્થ છે.

જેને પરમાનંદ પ્રાપ્ત કરવો છે તેણે દ્રવ્યની શુદ્ધતાની સાથે પર્યાયની અશુદ્ધિનું જ્ઞાન પણ કરવું પડશે, રાગનું પરિણમન મારામાં મારા કારણે થાય છે, પરદ્રવ્ય રાગ કરાવતું નથી.

શ્રોતા :—રાગને તો પુદ્‌ગલનો કહ્યો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુની અનુભૂતિ કરતાં અનુભૂતિમાં રાગ સાથે આવતો નથી એ અપેક્ષાએ રાગને પુદ્‌ગલનો કહી દેવામાં આવે છે. શુદ્ધ જ્ઞાનઘનની સન્મુખ થઈને અનુભવ કરે છે ત્યાં રાગ, શરીર, કર્માદિ કાંઈ હોતું નથી. રાગ જીવનો સ્વભાવ નથી માટે પુદ્‌ગલનો છે. રાગ જીવમાંથી નીકળી જાય છે માટે જીવનો નથી. જીવ સ્વભાવને ભૂલીને પરનું લક્ષ કરે છે ત્યારે રાગ થાય છે માટે જેના લક્ષે થયો તેનો કહી દીધો છે પણ રાગ કાંઈ પરમાણુ નથી, રાગમાં કાંઈ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી.

૫૦ થી ૫૫ ગાથામાં ચૌદમું ગુણસ્થાન પણ પુદ્‌ગલનું છે, જીવ નથી એમ કહી દીધું....તે કઈ અપેક્ષાએ! અભેદ ચૈતન્યની અનુભૂતિ થતાં પરલક્ષી ભાવ કોઈ અંદર અનુભૂતિમાં આવતો નથી તેથી બધાં ભાવોને અજીવ કહી દીધાં છે. રાગ પોતાની અપેક્ષાએ વસ્તુ હોવા છતાં જીવની અપેક્ષાએ રાગ અવસ્તુ છે. જીવ એટલે ત્રિકાળી ચૈતન્યની અપેક્ષાએ રાગ કોઈ વસ્તુ જ નથી. પ્રમાણજ્ઞાન કરવું હોય તો રાગનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ છે એમ જાણવું જોઈએ. તેથી જ ૪૭ નયમાં રાગનું કરવાપણું અને ભોગવવાપણું લીધું છે. રાગ પોતાના અસ્તિત્વમાં છે, પર અસ્તિત્વને લઈને રાગ થતો નથી–એમ જ્ઞાનમાં જાણવું જોઈએ. જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે તે ત્રિકાળને જાણે અને પર્યાયને પણ જાણે. તેથી જ જ્ઞાનને સવિકલ્પ કહ્યું છે. વિશેષ પ્રકારે–ભેદથી જાણવું તે જ્ઞાનનું સવિકલ્પપણું છે. અનુભૂતિની પર્યાય પ્રગટી તેમાં ત્રિકાળીના જ્ઞાન સાથે રાગનો અભાવ છે તેનું જ્ઞાન પણ આવી જાય છે.

રાગવાળી ભક્તિથી કે છકાયજીવોની રક્ષાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. ધર્મીને એવો શુભભાવ હોય છે પણ તેની મર્યાદા પુણ્ય બંધાય એટલી જ છે. ધર્મ તો અંતરમાં એકાગ્રતારૂપ ભક્તિથી થાય છે.

જ્ઞાનીનો નિવાસ સ્યાદ્વાદના મહેલમાં છે. ત્રિકાળ જ્ઞાયકભાવ તે ધ્રુવ છે, એ જ નિશ્ચયનયનો વિષય છે, તે જ આશ્રય કરવાલાયક છે અને પર્યાયમાં અશુદ્ધતા છે તેને જાણવી તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયના વિષયને મેચક કહેવાય છે અને નિશ્ચયના વિષયને અમેચક કહેવાય છે. આમ નિશ્ચય-વ્યવહારથી વસ્તુના સ્વરૂપને જેમ છે એમ સમજે છે તેને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા અનુભવમાં આવે છે. આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જ વસે છે. અન્ય કોઈ જગ્યાએ આત્મા વસતો નથી. માટે આત્માને ઓળખવા માટે તેના દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજવું.

હવે ૧૩ કળશ ઉપર ૧૬મા પદ્યમાં મૂઢક્રિયા તથા વિચક્ષણક્રિયાનું વર્ણન કરે છે.

### અજ્ઞાનીની મૂઢક્રિયા અને જ્ઞાનીની વિચક્ષણક્રિયાનું વર્ણન

जैसैं मतवारौ कोऊ कहै और करै और<br>
तैसैं मूढ़ प्रानी विपरीतता धरतु है।<br>
असुभ करम बंध कारन बखानै मानै,<br>
मुकतिके हेतु सुभ-रीति आचरतु है।<br>
अंतर सुदृष्टि भई मूढता बिसर गई,<br>
ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है।<br>
करनीसौं भिन्न रहै आतम-सुरूप गहै,<br>
अनुभौ अरंभि रस कौतुक करतु है॥१६॥

અર્થ :—જેમ કોઈ પાગલ મનુષ્ય કહે છે કાંઈક અને કરે છે કાંઈક, તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવમાં વિપરીતભાવ રહે છે, તે અશુભકર્મને બંધનું કારણ સમજે છે અને મુક્તિ માટે શુભ આચરણ કરે છે. પણ સાચું શ્રદ્ધાન થતાં અજ્ઞાન નષ્ટ થવાથી જ્ઞાનનો પ્રકાશ મિથ્યા–અંધકારને દૂર કરે છે અને ક્રિયાથી વિરક્ત થઈને આત્મસ્વરૂપનું ગ્રહણ કરીને, અનુભવ ધારણ કરી પરમ રસમાં આનંદ કરે છે.

મિથ્યાદૃષ્ટિ વિપરીત શ્રદ્ધા ધારે છે અને પોતાને જ્ઞાની માને છે તે પાગલ મનુષ્ય જેવો છે. તેની મિથ્યા માન્યતા શું છે?–કે અશુભક્રિયાને તો બંધનું કારણ જાણે છે પણ શુભક્રિયાને મુક્તિનું કારણ જાણીને સેવે છે તે તેની મૂઢતા છે, અજ્ઞાન છે. તેને વીતરાગમાર્ગની કાંઈ ખબર નથી.

૯૫ની સાલમાં જૂનાગઢ યાત્રા કરવા ગયા હતાં ત્યાં ચર્ચા થઈ હતી તો કીધું આ યાત્રા, ભક્તિ, પૂજા આદિ તો શુભરાગ છે તો એ લોકો કહે, અમે તો આ બધું મુક્તિ માટે કરીએ છીએ....વિચાર કરો કે ‘મુક્તિ એટલે વીતરાગતા.’ તો રાગથી વીતરાગતા કેમ મળે! પણ એને ભક્તિ-પૂજા આદિ રાગ છે એ ખબર જ નથી. ભગવાન સામે જોઈને સ્તુતિ કરવા બેસવું એ પણ રાગ છે. અજ્ઞાનીએ તો સ્ત્રી, પુત્રાદિ પાસે બેસી રહેવું કે દુકાનની ગાદીએ બેસવું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેને રાગ માન્યો છે. મંદિરમાં બેસવું તેને તે રાગ જ માનતો નથી. પોતાનો ભગવાન પોતાની પાસે છે તેની તો એને ખબર જ નથી. પોતાના ભગવાનના ભાનપૂર્વક મંદિરમાં બિરાજમાન ભગવાનની ભક્તિનો રાગ આવે છે તે માત્ર જાણવાલાયક છે. રાગને ધર્મી આદરણીય માનતો નથી. શાસ્ત્રવાંચન, શ્રવણ એ પણ શુભરાગ છે.

લોકોને એમ થાય કે, શાસ્ત્રવાંચન, શ્રવણ આદિને શુભરાગ કહેતાં જાય છે અને વળી વાંચન દેતા જાય છે. ભાઈ! શાસ્ત્રવાંચન, શ્રવણ, મનન આદિનો એવો ભાવ આવે તે જુદી વાત છે પણ તેને આદરણીય માનતાં નથી.

**अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई,** અંતરમુખ દૃષ્ટિ થતાં રાગ અને વિકલ્પ મારા છે એવી મૂઢતા વિસરાઈ જાય છે. ચૈતન્યનું સ્મરણ અને રાગનું વિસ્મરણ સાથે જ થાય છે. **ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है।** જ્ઞાનનો પ્રકાશ થાય છે તે અજ્ઞાનરૂપી તિમિર એટલે ભ્રમણારૂપી અંધકારનો નાશ કરે છે. કોઈ ક્રિયાકાંડ મિથ્યાત્વ અને અજ્ઞાનની ભ્રમણાનો નાશ કરી શકતાં નથી. જ્ઞાનની ક્રિયા જ અજ્ઞાનને ટાળે છે. ક્રિયા અનેક પ્રકારની છે. (૧) સ્વભાવિકક્રિયા (૨) વિભાવિકક્રિયા (૩) જડની ક્રિયા....શરીરની ક્રિયા જે ચાલવા, બોલવા, સ્થિર થવાની ક્રિયા તે જડની ક્રિયા છે. આત્મામાં કામ, ક્રોધાદિ કે વ્રત, તપાદિના ભાવની ક્રિયા થાય તે વિભાવિકક્રિયા છે અને તેનાથી ભિન્ન પડીને આત્મામાં એકાકાર થવું તે સ્વભાવિકક્રિયા છે.

ધર્મીજીવ જ તેને કહેવાય કે જેને 'કરણી'ના પરિણામ આવે છે પણ તેનાથી તે ભિન્ન રહે છે. હું છું ત્યાં જડ અને રાગની ક્રિયા નથી અને તે ક્રિયા છે તેમાં હું નથી. એમ તેનાથી ભિન્ન પડીને આત્માના શુદ્ધસ્વરૂપને ગ્રહે છે તે જ ધર્મી છે. બનારસીદાસજી કવિ છે એટલે ભાષા કેવી ગોઠવી છે—**करनीसौ भिन्न रहै आतम-सुरूप गहै....अनुभौ अरंभि रस कौतुक करतु है।** અનુભવ ધારણ કરી પરમ રસનો આનંદ લે છે. ધર્મીનું કર્તવ્ય–કાર્ય ક્રિયા જ આ છે. ધર્મી કહો કે જ્ઞાની કહો એક જ છે. જ્ઞાન ઘણું હોય માટે તે ધર્મી એમ નથી. ક્રિયા ઘણી કરે છે માટે તે ધર્મી–એમ નથી. આનંદમૂર્તિ ચૈતન્યસ્વરૂપને પામ્યો છે તે ધર્મી છે. રાગમાં રક્તપણું છોડી અંતરમાં રક્ત થયા છે તે ધર્મી છે અને અજ્ઞાની રાગમાં રક્ત છે માટે તે અધર્મી છે.

ધર્મી રાગને-પુણ્યને કરે નહિ, ભોગવે નહિ અને વિરક્ત રહે છે, કેમ કે તે તો રાગથી ભિન્ન છે. તેથી રાગને કરતો, ભોગવતો નથી. ધર્મી તો આનંદરસને કરે છે અને ભોગવે છે. રાગને અનુભવતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અધ્યાત્મદૃષ્ટિની શૈલીમાં થોડો રાગ કરે અને થોડું જ્ઞાન કરે એવું ન હોય. અધ્યાત્મદૃષ્ટિથી ધર્મી આનંદને જ કરે અને ભોગવે છે. રાગને કરતાં ભોગવતાં નથી. પરિણમનમાં થોડો રાગ અને તેનું વેદન છે તેની વાત આગળના પ્રવચનમાં આવી ગઈ હતી. તે જાણવાલાયક છે. આઠેય કર્મ ખરી ન જાય ત્યાં સુધી જ્ઞાનીને બે ધારા હોય છે તેમાં એક રાગધારા છે તેનું માત્ર જ્ઞાન કરવું.

આ પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો. હવે તેનો સાર કહે છે.

## ચોથા અધિકારનો સાર

જેનો બંધ વિશુદ્ધભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંક્લેશભાવોથી થાય છે તે પાપ છે.

વિશુદ્ધભાવ અનુકંપાવાળા અને કલુષતારહિત પ્રશસ્ત રાગરૂપ હોય છે. જીવો પ્રત્યે અનુકંપા તે શુભરાગ છે, ધર્મ નથી. એક તરફ અનુકંપાને સમકિતનું લક્ષણ કહ્યું છે. કારણ કે આત્માનો અકષાયભાવ તે જ અનુકંપા છે. બીજા જીવો પ્રત્યે કરુણાનો ભાવ આવે તે તો વિકલ્પ છે, તે શુભબંધનું કારણ છે. તેનાથી સંસાર પરીત થતો નથી. પરીત એટલે અલ્પ. સમકિતીને અલ્પ સંસાર હોય અને મિથ્યાદૃષ્ટિને અપરીત-અનંત સંસાર હોય છે.

અરિહંતાદિ પંચપરમેષ્ઠીની ભક્તિ તે વિશુદ્ધભાવ છે, તેનાથી પુણ્ય બંધાય છે. વ્રત પણ શુભરાગ છે તેનાથી ધર્મ થતો નથી, વ્રતથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અત્યારે તો વ્રત, તપ જ મોટા ધર્મ થઈ પડ્યા છે. એ બધો ઊંધો મારગ છે. સમ્મેદશિખર, શત્રુંજય આદિની યાત્રા તે પણ શુભરાગ છે. સંયમ અને શીલ પાળવું તે પણ શુભરાગ છે, પાંચ-પચાશ હજારના દાન દેવા તે પણ ધર્મ નથી, પુણ્ય છે.

મુ. રામજીભાઈ :—એમ કહેશો તો દાન કોઈ આપશે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—દાન કોઈ દઈ શકે છે! પૈસાના રજકણ જ્યાં જવાના હોય ત્યાં જાય છે તેને ફેરવવાનો જીવનો અધિકાર જ નથી. દાન આપવાની વૃત્તિ ઉઠે છે તે પુણ્યબંધનું કારણ છે.

''દીકરીને કુવામાં ન નાખો''

કાલે સાગરધર્મામૃતમાં વાચવામાં આવ્યું હતું કે કન્યાને પોતાના સાધર્મીને દેવી તેમાં પુણ્યનો લાભ છે. અન્યધર્મમાં કન્યાને આપવી એ તો એને કૂવામાં નાંખવા બરાબર છે. અન્યધર્મમાં દીકરી આપે છે તે આપનારને ધર્મની કિંમત નથી. પોતાને ઘરે જે બાળક ૧૫-

www.vitragvani.com



૨૦ વર્ષ રહ્યું તેને ધર્મના સંસ્કાર પડ્યા હોય તે પણ અન્યધર્મમાં જતાં પાયમાલ થઈ જશે. પહેલાં તો મંદિરે જવાની છૂટ છે એમ કહે પણ પછી એના એ વિરોધ કરવા લાગે. શાસ્ત્ર જ લાવો ને! આ વાત નીકળી છે તો વંચાવી બતાવીએ. આશાધરજીકૃત સાગારધર્મામૃતમાં ૫૯મો શ્લોક છે–સાધર્મીને સતકન્યા દેવી તે પુણ્યલાભ છે. કારણ કે વિદ્વાન લોકો સ્ત્રીને જ ગૃહ કહે છે. ઘરની ચાર દીવાલો તે ઘર નથી. સાધર્મી સાધર્મીને કન્યા આપે તો ધર્મના સંસ્કાર ટકી રહે.

આ શુભરાગની વાત છે, કાંઈ ધર્મની વાત નથી પણ સાધર્મીમાં આવો શુભરાગ હોય છે. પૈસા, ફેક્ટરી, પરદેશ આદિ જુએ પણ ધર્મ ન જુએ તેને તો આબરૂની પડી છે. ધર્મને જોયા વગર દીકરી આપે છે તે દીકરીને પાપમાં નાંખીને પોતે પણ પાપ બાંધે છે. થોડા-ઘણાં સંસ્કાર પડ્યા હશે તે તો ટકશે નહિ અને ઉલટાં મિથ્યાત્વના પાકાં ઘડાં થઈ જશે. બે-પાંચ વર્ષે ધૂળ ધાણી ને વા પાણી થઈ જશે. અને સાધર્મીને કન્યા આપશે તો ધર્મ, અર્થ અને કામ બધું ટકી રહેશે.

ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન. જેમ પરદ્રવ્યનો તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવતો નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે, તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એકરૂપ થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાયનો કર્તા સ્વ-દ્રવ્ય—શુદ્ધ પારિણામિકભાવ નથી. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૨૪)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# શુદ્ધોપયોગનું શરણ લેવું

(સળંગ પ્રવચન નં. ૫૯)

આ નાટકસમયસાર શાસ્ત્રનો પુણ્ય-પાપ-એકત્વદ્વાર અધિકાર ચાલે છે.

આત્મામાં શુભ અને અશુભભાવ થાય છે તે બંનેની જાત એક છે. આત્માના સ્વભાવની જાત નથી એમ આ અધિકારમાં બતાવવું છે. ચોથા અધિકારના સારની બીજી લાઈન છે.

પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચપરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે તેના નિમિત્તે શાતા, શુભ આયુષ્ય, ઉચ્ચ ગોત્ર, દેવગતિ, શુભનામ આદિ પુણ્યકર્મ બંધાય છે.

પ્રમાદ સહિત પ્રવૃત્તિ, ચિત્તની કલુષતા, વિષયોની લોલુપતા, બીજાઓને સંતાપ આપવો, બીજાઓનો અપવાદ કરવો, આહાર, પરિગ્રહ, ભય, મૈથુન–ચારેય સંજ્ઞા, ત્રણ કુજ્ઞાન, આર્ત્ત અને રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અપ્રશસ્ત રાગ–દ્વેષ, અવ્રત, અસંયમ, બહુ આરંભ, દુઃખ, શોક, તાપ, આક્રંદન, યોગોની વક્રતા, આત્મપ્રશંસા, મૂઢતા, અનાયતન, તીવ્રકષાય આદિ સંક્લેશ ભાવ છે—પાપભાવ છે. તે પાપબંધના કારણ છે. અને તેના નિમિત્તે બંધાતા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અશાતા, મોહનીય, નરકાયુ, પશુગતિ, અશુભનામ, નીચ ગોત્ર, અંતરાય આદિ કર્મ તે પાપકર્મ છે.

ચાર સંજ્ઞામાં આહારસંજ્ઞામાં પણ પાપભાવ છે. મુનિરાજને આહાર હોય છે પણ આહારસંજ્ઞા હોતી નથી. ભોજનમાં ગૃદ્ધિભાવ થવો તે આહારસંજ્ઞા છે તે મુનિને નથી માટે મુનિને પાપ નથી. મુનિ અનાહારી થયા નથી પણ આહારસંજ્ઞા મુનિને નથી. આ પ્રશ્ન પણ પહેલાં બહુ ચર્ચાઈ ગયો છે.

પરિગ્રહમાં પણ કોઈ વસ્તુ પરિગ્રહ નથી. વસ્તુ પ્રત્યેની પોતાની મમતાનો ભાવ તે પરિગ્રહ છે. પૈસા આદિને પોતાના માનવા એ તો મિથ્યાત્વ નામનો મોટો પરિગ્રહ છે પણ પૈસા આદિમાં આસક્તિ છે તે પણ પાપભાવ જ છે.

ભયસંજ્ઞા એટલે ભય પામવો–ડર લાગવો તે ભયસંજ્ઞા છે. જે નિઃશંક હોય તે નિર્ભય હોય. હું અખંડ આનંદમૂર્તિ અનાદિ અનંત છું–એમ પોતાના સ્વરૂપ વિષે જે નિઃશંક હોય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેને ભય શાનો હોય! શાશ્વત વસ્તુને મરણ કેવું! રોગ કેવો! શોક કેવો! વસ્તુ નિઃશંક અને નિર્ભય છે તેના વિષે શંકા કે ભય કરવો તે પાપ છે. દુકાળ પડે, શરીરમાં રોગ આવે, જંગલમાં એકલા પડી જવાય–દશ દશ ગાવની અંદર કોઈ દેખાતું ન હોય એવામાં ભય લાગે કે અરે! આમાંથી હવે શું થશે! ક્યાં જઈશ! એમ અનેક પ્રકારે ભય લાગે છે તે પાપભાવ છે.

મૈથુનસંજ્ઞા એટલે વિષયવાસના–એ તો પાપ છે જ.

કુમતિ, કુશ્રુત અને કુઅવધિજ્ઞાન પણ પાપ છે. આર્ત અને રૌદ્ર ધ્યાન પણ પાપ છે. શરીરમાં રોગ આવે, લક્ષ્મી જાય, આબરૂ જાય, ચિંતા થાય કે અરે! હવે શું થશે! આ બધું કેમ મટશે! એવા ભાવ થાય છે તે આર્ત્તધ્યાન છે. હિંસામાં આનંદ માનવો તે હિંસાનંદી રૌદ્રધ્યાન છે, ચોરી કરીને આનંદ માનવો તે ચૌર્યાનંદી રૌદ્રધ્યાન છે એમ અનેક પ્રકારે પાપરૂપ રૌદ્રધ્યાન જીવના પરિણામમાં થાય છે તે પાપબંધનું કારણ છે.

'મિથ્યાત્વ' એ તો મૂળ પાપ છે–મોટું પાપ છે. પર્યાય જેટલો જ પોતાને માનવો, રાગથી ધર્મ માનવો એ મિથ્યાત્વનું મોટું પાપ છે. અપ્રશસ્ત રાગ એ પણ પાપ છે અને દ્વેષ પણ પાપ છે. અવ્રતના પરિણામ—રાગનો અત્યાગ તે પણ પાપ છે. ઘણો આરંભ કરવો તે પણ પાપ છે. અંદરમાં દુઃખ અને શોક થાય છે તે પણ પાપ છે. તાપ એટલે આકુળતા કરવી અને આક્રંદન એટલે રડવું તે પણ પાપ છે. યોગોની વક્રતા એટલે મન, વચન, કાયાની કુટિલતા તે પણ પાપ છે.

આત્મપ્રશંસા એટલે પોતે જ પોતાની પ્રશંસા કરે કે હું સારો છું, મારામાં આ ગુણ છે વગેરે....ભાવ પણ પાપ છે.

પ્રશ્ન :—પોતામાં ગુણ હોય અને કહે તેમાં શું વાંધો?

પૂજ્ય ગુરુદેવ :—પોતામાં ગુણ હોય તે બીજાને કહીને શું કામ છે! બહાર પડીને બીજાને બતાવવાનો ભાવ પાપ જ છે. પોતે ધર્મી થાય તોપણ બીજાને બતાવવાનો ભાવ પાપ જ છે. પોતે ધર્મી થાય તોપણ બીજાને કહેવાનું શું કામ છે! બીજા માને તો જ સાચું! દુનિયા માને તેનાથી પોતાને શું લાભ છે!

મૂઢતા એ પણ પાપ છે. અનાયતન એટલે દેવ–ગુરુ–શાસ્ત્ર તે આયતન છે તેનાથી વિરૂદ્ધ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા કે તેની પ્રશંસાના ભાવ તે અનાયતન છે–પાપ છે.

આમ, આવા બધાં તીવ્રકષાયના પરિણામ એટલે કે સંક્લેશભાવ છે તે પાપભાવ છે. તેનાથી પાપકર્મનો બંધ થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ બધાં પાપભાવના ફળમાં

www.vitragvani.com



બંધાયેલા પાપકર્મ છે. મોહનીય પણ પાપકર્મ છે. અશાતા, નરકનું આયુષ્ય, પશુનું આયુષ્ય, અશુભ નામ, નીચ ગોત્ર અને અંતરાય એ બધાં પાપકર્મ છે. માટે તે કોઈ આત્માના સ્વભાવ નથી, છોડવાલાયક છે.

અશુભપરિણતિ અને શુભપરિણતિ બંને આત્માના વિભાવ છે, અજ્ઞાન છે એટલે કે આત્માનો જ્ઞાનસ્વભાવ નથી. તીર્થંકરગોત્રકર્મના બંધને યોગ્ય ઊંચામાં ઊંચો શુભભાવ પણ વિભાવ છે—સ્વભાવ નથી. જેમાં વિકલ્પની ગંધ નથી એવો ઊંડો અલૌકિક જ્ઞાનસ્વભાવ છે તેની દૃષ્ટિ થયા વિના ધર્મ નથી એમ સિદ્ધ કરવું છે.

સ્વભાવની કોઈ અચિંત્યતા હોય છે. નાળિયેરનો સ્વભાવ જુઓ ને! નાળિયેરીના મૂળમાં ખારું અને ગંદું પાણી નાંખો તોપણ ૫૦ હાથ ઉપર રહેલાં નાળિયેરમાં નિર્મળ અને મીઠું પાણી નીકળે. તે પણ ઉપર છાલા, કાચલી, ટોપરૂં હોય તેની અંદરમાંથી મીઠું પાણી મળે. એ કોઈ તેનો અચિંત્ય સ્વભાવ છે. તેમ ભગવાન આત્મા એવા કોઈ અચિંત્ય સ્વભાવની શાંતિનો રસકંદ છે. તેનો આશ્રય લે તેને અનંત જ્ઞાન, આનંદ અને શાંતિ મળે. સ્વભાવમાં તર્કનો અભાવ છે.

હાથીના જઠરનો એવો સ્વભાવ છે કે, મોટા મોટા કોળા હાથી ગળી ગયો તેમાંથી રસ બધો ચૂસી લે અને કોળાના ખોખા આખેઆખા વિષ્ટામાં બહાર નીકળે. તેમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો આત્માનો આનંદ રસ લઈને તેનો અનુભવ કરે છે. સ્વભાવની વાત જ કોઈ અચિંત્ય છે. તેમાં કેટલો અને કેમ એ પ્રશ્ન જ નથી. સ્વભાવની બેહદ-અપરિમિત શક્તિમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ જ નથી. શરીર તો તેનાથી તદ્દન જુદી વસ્તુ છે માટે એમ ન સમજવું કે શરીર પ્રમાણ રહેલાં નાનકડાં આત્મામાં આવી બેહદ શક્તિ કેમ હોય!

અરે! રાય જેવડી બટાટાની એક કટકીમાં એક શરીરની અંદર નિગોદના અનંત જીવ પડેલાં છે તેમાં પણ આવી બેહદ તાકાત રહેલી છે તે પણ એક એક જીવ અનંત આનંદ અને શાંતિને પ્રાપ્ત કરી શકે એવી તેનામાં શક્તિ રહેલી છે. માટે સ્વભાવનો વિશ્વાસ લાવ! વિશ્વાસ લાવ! એક એક આત્મામાં અનંત અનંત આનંદસ્વભાવ રહેલો છે. વિકલ્પમાં રોકાય છે પણ તે તેનો સ્વભાવ નથી. સ્વભાવથી વિપરીત એવી શુભ અને અશુભ બંને પરિણતિ વિભાવ છે.

અરે! વિચાર તો કર! નિગોદના એક શરીરમાં રહેલાં અનંત જીવમાંથી કોઈ જીવને એવી શુભપરિણતિ થાય કે ત્યાંથી નીકળીને મનુષ્ય થાય અને કોઈ જીવને એવી સામાન્ય શુભપરિણતિ થાય કે ફરી ત્યાંને ત્યાં ઉપજે. જુદાં જુદાં જીવો, જુદાં જુદાં એના પરિણામ,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણામ પ્રમાણે ફળ આ બધો વસ્તુનો સ્વભાવ છે.

જીવવસ્તુનો ત્રિકાળ સ્વભાવ જ્ઞાન અને આનંદ છે અને શુભ અશુભ પરિણતિ તો સ્વભાવથી ઉલટી પરિણતિ છે તેનાથી આત્માને લાભ કેમ થાય! શુભભાવથી ધર્મ થાય એવી માન્યતા તો મોટું શલ્ય છે. ખરેખર સ્વભાવને શુભરાગની અપેક્ષા પણ નથી એવો જીવનો સ્વભાવ છે. શુભરાગ હોય તો શુદ્ધતા થાય–એવો એનો સ્વભાવ નથી. શાસ્ત્રમાં પણ આવે છે કે, ધર્મીજીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેનો અર્થ એમ છે કે, પહેલાં એવો શુભવિકલ્પ આવે છે પણ એ વિકલ્પ છે તે નિર્વિકલ્પનું કારણ નથી. રાગને ભૂલીને સ્વભાવનો અનુભવ થાય છે તેને રાગની અપેક્ષા કેમ હોય! વર્તમાનમાં પણ રાગની અપેક્ષા નથી અને પૂર્વે પણ તેને રાગ હતો માટે વીતરાગતા થઈ એમ નથી.

ભાઈ! શરીર સારાં હોય, આજીવિકા સારી હોય તો ધર્મ થાય એ વાત જ તારી ખોટી છે. તું તત્ત્વને સમજતો નથી. તારો સ્વભાવ પરની અપેક્ષા રાખે તેવો નથી.

અશુભ અને શુભ બંને પરિણતિ આસ્રવ અને બંધરૂપ છે. વ્રતના પરિણામ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી તારી માન્યતા ખોટી છે. વ્રતાદિ બંધના કારણ છે તે શુદ્ધિના કારણ ક્યાંથી થાય! પુણ્ય–પાપભાવ બંને રોગ છે, બંધના કારણ છે, ભાવબંધ છે, તે કિંચિત્ પણ સંવર-નિર્જરાના કારણ નથી. અશુદ્ધભાવ વધે તો અશુદ્ધતા વધે, શુદ્ધતા ક્યાંથી આવે!

બનારસીદાસજીએ શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે એમ કહ્યું ત્યાં બીજી વાત છે. એકલો અશુદ્ધભાવ હોય તે વધે તો અશુદ્ધતા જ વધે. શુદ્ધતાનો અંશ હોય તો જ શુદ્ધતા વધે એ ત્યાં સાબિત કરવું છે. જ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય તેમ ચારિત્રમાં અશુદ્ધતા વધીને તો શુદ્ધતા ન થાય માટે શુભભાવની સાથે શુદ્ધતાનો અંશ છે તે વધીને યથાખ્યાત-ચારિત્ર થાય છે એમ ત્યાં સાબિત કરવું છે. યથાખ્યાતચારિત્રનું બીજડું અજ્ઞાનીના શુભભાવમાં પણ પડેલું છે તે સમ્યગ્દર્શન–જ્ઞાન થતાં સ્વભાવ તરફ જાય છે. આ વાત શાસ્ત્રમાં ક્યાંય આવતી નથી પણ બનારસીદાસજીને અંતરથી વાત આવેલી છે માટે, તે પણ યથાર્થ છે. આચાર્ય કહે તો જ માનવું, વિદ્વાનનું ન માનવું એમ ન હોય.

શુભ અને અશુભ બંને ભાવ મુક્તિના માર્ગમાં ઘાતક હોવાથી પાપ અને પુણ્ય બંને એક જ છે. સ્વભાવથી વિરુદ્ધ છે માટે બંને વિભાવ છે. પછી ભલે તે પંચમહાવ્રતના પરિણામ હો તે પણ વિકલ્પ છે, વિકૃતિ છે, અધર્મ છે. જે સ્વભાવમાં સંસારની કે ઉદયની ગંધ નથી અને અનંત અનંત જ્ઞાન અને આનંદ જેમાં વસેલા છે એવા સ્વભાવના અવલંબન વિના ધર્મની શરૂઆત પણ નથી. જેમ નાળિયેરીના મૂળમાં પાણી નાંખે તો ઉપર ચડે, ઉપર પાણી નાંખો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો અંદર ન જાય. તેમ આત્મસ્વભાવના મૂળને ગ્રહણ કરો તો ધર્મ થાય, ઉપરછલ્લા શુભાશુભભાવોથી ધર્મ ન થાય.

એકાંત લાગે, સારું ન લાગે કે લાગે, પણ સત્ય તો આ છે. અજ્ઞાનભાવ તો જ્ઞાનનો ઘાતક છે તે સાધક કેમ થઈ શકે! શુભભાવ શુદ્ધિનું કારણ બિલકુલ થઈ શકતા નથી. રાગ તો આત્માનો ઘાતક છે–નુકશાન કરનાર છે–આત્માને બંધનું કારણ છે માટે શુભ કે અશુભ બંને પ્રકારના રાગ વિભાવ છે, મુક્તિના કારણ નથી.

પોતે મોટો સાહેબ હોય, ઓફિસમાં બેઠો હોય, પોતાની નીચે કેટલાંય નોકરો કામ કરતાં હોય...એવું પુણ્યનું ફળ જીવને પ્રિય લાગે છે કે, આમાં મારી મોટાઈ છે. આમાં મને ખૂબ પૈસા મળશે, આબરૂ વધશે.....એ બધું ગમે છે અને તેનાથી ઉલટાં–પાપના ફળ જીવને ગમતાં નથી. અશાતા અળખામણી લાગે છે અને શાતા સારી લાગે છે. પણ તેને ખબર નથી કે, આ બંને ભાવ મને સંસારમાં રખડાવનારા જ છે, બેમાંથી એક પણ સંસારથી મને છોડાવી નહિ શકે. શુભઉપયોગ હો કે અશુભઉપયોગ હો–બંનેની જાત એક જ છે, બંને અશુદ્ધ છે. બેમાંથી એકેય શુદ્ધ નથી. બંને ચંડાલણીના પુત્ર સમાન અશુદ્ધ છે તેથી મોક્ષમાર્ગમાં એકેયની પ્રશંસા નથી, બંનેય હેય છે.

શુભ–અશુભ બંને ભાવ વિભાવ છે, આત્માના સ્વભાવ નથી. બંને પુદ્‌ગલજનિત છે, આત્મજનિત નથી. એનાથી મોક્ષ થઈ શકતો નથી અને કેવળજ્ઞાન પણ પ્રગટ થતું નથી.

આત્મામાં સ્વભાવ અને વિભાવ બે પ્રકારની પરિણતિ થાય છે. તેમાં એક નિર્મળ છે અને એક વિકારી છે. સ્વભાવપરિણતિ તો વીતરાગભાવ છે અને વિભાવપરિણતિ રાગ–દ્વેષરૂપ છે. ધર્મીને પણ વિભાવપરિણતિ છે. દેવ–ગુરુ પ્રત્યે રાગ છે અને દેવ–ગુરુને કોઈ સિંહ, વાઘાદિ મારવા આવતા હોય તો તેની ઉપર દ્વેષ પણ આવે છે તે બંને ભાવ વિભાવ છે, સ્વભાવ નથી અને એ વિભાવ સ્વભાવમાં પેસી પણ શકતાં નથી. રામચંદ્રજી જેવા ધર્માત્મા રાજ્ય કરતાં હતા ત્યારે કેટલી જાતના રાગ–દ્વેષ ભાવ તેમને થયા હતા! રાવણને મારવાના ભાવ થયા અને ક્રિયા પણ થઈ છતાં તે ભાવને તે ઉપાદેય માનતાં ન હતાં. આ રાગ–દ્વેષાદિભાવ કરવા જેવા છે એમ ધર્મી કદી માનતા નથી.

ગુરુને સિંહ મારવા જતો હોય તો સાધકજીવ સિંહને મારી નાંખે છતાં તેને શુભભાવ છે અને કોઈ ભલે ક્રિયા ન કરે પણ આવા મુનિ જગતમાં ન હો એવાં ભાવ કરે છે તે અશુભભાવ છે, તેના ફળમાં તે નરક–નિગોદમાં જશે અને સિંહને મારનાર સાધક મરીને સ્વર્ગમાં જશે. શુદ્ધતા અને તેની સાથે આવનારા શુભ–અશુભભાવની મર્યાદા કેવી અને કેટલી છે તેની તને ખબર નથી ભાઈ!

www.vitragvani.com



રાગ અને દ્વેષ બેમાંથી દ્વેષ તો પાપરૂપ છે પરંતુ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારનો છે. દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેનો રાગ પ્રશસ્ત છે તેથી પુણ્યબંધનું કારણ છે અને અન્ય રાગ અપ્રશસ્ત છે તેથી પાપબંધનું કારણ છે.

સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં સ્વભાવભાવનો તો ઉદય જ થતો નથી. માટે, મિથ્યાત્વદશામાં જીવની શુભ અથવા અશુભરૂપ વિભાવ પરિણતિ જ રહે છે કારણ કે તેને તો પાપ પરિણામમાં મજા લાગતી હોય છે અને પુણ્યપરિણામને તો તે ધર્મ માનતાં હોય છે તેથી એ તો વિભાવને જ સ્વભાવ માનીને વર્તતો હોવાથી મિથ્યાત્વદશામાં એકલી વિભાવ પરિણતિ જ હોય છે. સમ્યગ્દર્શન થયા પછી કર્મનો સર્વથા અભાવ ન થાય ત્યાં સુધી સ્વભાવ અને વિભાવ બંને ધારા વર્તે છે.

ધર્મી જીવને આત્માનું ભાન થયું છતાં પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વભાવ અને વિભાવ બંને ધારા હોય છે. વિભાવ છે માટે સ્વભાવધારા ન જ હોય–એમ નથી અને સ્વભાવધારા છે તો સાથે વિભાવ ન હોય–એમ પણ નથી અને સ્વભાવની સાથે વિભાવ છે માટે તે પણ ધર્મ છે એમ પણ નથી.

ગજબ વાતો છે. જેને જન્મ–મરણના અંત લાવવા હોય તેને માટે આ વાત છે. રાગમાં ક્યાંય પણ મીઠાશ રહી ગઈ હોય તો જન્મ–મરણના અંત નહિ આવે. રાગ સાધકદશામાં હોય છે પણ રાગની મીઠાશ ન હોય. સાધકદશા છે તેથી સાથે બાધકભાવ પણ હોય જ. બાધકપણું હોય ત્યાં સાધકપણું ન હોય–એમ નથી. સાધકપણું અને બાધકપણું એકસાથે હોઈ શકે છે, તેને સાથે રહેવામાં વિરોધ નથી. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે ન રહી શકે પણ સાધકદશા અને બાધકદશા સાથે રહી શકે છે.

સાધકદશામાં જે સ્વભાવ પરિણતિ છે તે સંવર–નિર્જરા અને મોક્ષની ઉત્પત્તિ કરે છે અને વિભાવ પરિણતિ છે તે તો બંધને જ ઉત્પન્ન કરે છે. ભરત અને બાહુબલી સમ્યગ્દૃષ્ટિ સાધક હતાં તે બંને લડ્યાં એ તેની વિભાવ પરિણતિ હતી. પ્રશ્ન થાય કે, આવું તે હોય! જ્ઞાની આમ લડે! હા ભાઈ! એ સાધકદશામાં છે એટલે એવો બાધકભાવ તેમને આવ્યો પણ તે તેનાથી રહિત છે. વિભાવ પરિણતિના ભાગથી ધર્મી મુક્ત છે, છતાં એવા ભાવ હોઈ શકે છે. ધર્મી વિભાવથી મુક્ત છે એમ લોકો જોઈ શકતાં નથી, વિભાવથી સહિત છે એમ જોઈ શકે છે. ફોતરાંને જુએ છે પણ અંદરમાં રહેલા કસદાર ચોખાને જોઈ શકતાં નથી.

ચોથા, પાંચમા, છઠ્ઠા આદિ ગુણસ્થાનમાં જેટલો સ્વભાવ પ્રગટ થયો છે તે મુક્તિનું કારણ છે અને જેટલો વિભાવ છે તે બંધનું કારણ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જાવત શુદ્ધોપયોગ પાવત નહિ મનોગ,
તાવત હી ગ્રહણ જોગ કહી, પુન્ન કરની.

જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પુણ્ય કરની ગ્રહણ કરવાયોગ્ય છે અર્થાત્ જ્યાં સુધી સાધકદશા છે ત્યાં સુધી તેને યોગ્ય શુભરાગ આવ્યા વગર રહેતા નથી. શુભરાગ ખરેખર ગ્રહણ કરવાયોગ્ય નથી છતાં વ્યવહારથી એમ કહેવાય કે, અશુભથી બચવા શુભરાગ ગ્રહણ કરવાયોગ્ય છે. વિકલ્પ એમ આવે છે કે, અશુભરાગ મને ન હો તેથી અશુભથી બચવા શુભને ગ્રહણ કરે છે એમ કથનમાં આવે પણ સાધકને તે કાળે તેવો શુભરાગ આવે જ છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અને મુનિ પાપ પરિણતિથી બચીને શુભોપયોગનું અવલંબન લે છે અને શુભપરિણતિ તેને આસ્રવ જ ઉત્પન્ન કરે છે. તેને જે ગુણશ્રેણીરૂપ નિર્જરા થાય છે તે તો શુદ્ધોપયોગના બળથી જ થાય છે. શુભભાવથી નિર્જરા થતી નથી, શુભભાવ તો આસ્રવ જ કરે છે.

ભાવ એ છે કે, જેટલા અંશે રાગ છે તેટલાં અંશે બંધ છે અને જેટલા અંશે જ્ઞાન તથા નિશ્ચયચારિત્ર છે તેટલા અંશે બંધ નથી, તેથી પુણ્યને પાપ સમાન હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ. સમકિતી, શ્રાવક કે મુનિને અણુવ્રત કે મહાવ્રતના પરિણામ હો તે પણ બંધનું જ કારણ છે અને રાગરહિત અંદર આત્મદ્રવ્યની દૃષ્ટિ અને રમણતા છે એટલાં સંવર–નિર્જરા છે. આત્માના ભાન વગર એકલા પંચમહાવ્રત પાળે છે તે તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ એકલા બંધનમાં જ છે. માટે પુણ્ય અને પાપ બંનેને હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ એટલે કે, શુદ્ધોપયોગ પ્રગટ કરવો, શરણ તો દ્રવ્યનું લેવું. દ્રવ્યનું શરણ લેવું તે જ મંગળ છે, ઉત્તમ છે અને શરણ છે, તેનાથી જ મુક્તિ છે. પુણ્ય–પાપભાવથી મુક્તિ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનકળા પ્રગટ થઈ

(સળંગ પ્રવચન નં. ૬૦)

[નોંધ :–આ પ્રવચનનું રેકોર્ડિંગ ફેઈલ ગયું હોવાથી અત્રે પ્રવચન આપી શકાયું નથી, તેથી શાસ્ત્રમાંથી ગાથા અને અર્થ આપેલ છે.]

पाप पुन्नकी एकता, वरनी अगम अनूप।
अब आस्रव अधिकार कछु, कहौं अध्यातम रूप॥१॥

અર્થ :—પાપ-પુણ્યની એકતાના ગહન અને અનુપમ અધિકારનું વર્ણન કર્યું, હવે આસ્રવ અધિકારનું આધ્યાત્મિક રીતે કાંઈક વર્ણન કરું છું. ૧

સમ્યગ્જ્ઞાનને નમસ્કાર

जेते जगवासी जीव थावर जंगमरूप
तेते निज बस करि राखे बल तोरिकैं।
महा अभिमानी ऐसौ आस्रव अगाध जोधा,
रोपि रन-थंभ ठाड़ौ भयौ मूछ मोरिकैं॥
आयौ तिहि थानक अचानक परम धाम,
ग्यान नाम सुभट सवायौ बल फोरिकैं।
आस्रव पछार्‍यौ रन-थंभ तोरि डार्‍यौ ताहि,
निरखि बनारसी नमत कर जोरिकैं॥२॥

અર્થ :—જેણે સંસારના બધા ત્રસ-સ્થાવર જીવોને શક્તિહીન કરીને પોતાને આધીન કર્યા છે એવો મહા અભિમાની આસ્રવરૂપ મહા યોદ્ધો મૂછ મરડીને લડાઈનો ઝંડો સ્થાપીને ઊભો થયો. એટલામાં ત્યાં અચાનક જ જ્ઞાન નામનો મહાયોદ્ધો સવાયું બળ ઉત્પન્ન કરીને આવ્યો. તેણે આસ્રવને પછાડ્યો અને રણથંભ તોડી નાખ્યો. આવા જ્ઞાનરૂપી યોદ્ધાને જોઈને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૨.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ

दर्वित आस्रव सो कहिए जहं,
पुग्गल जीवप्रदेस गरासै।
भावित आस्रव सो कहिए जहं,
राग विरोध विमोह विकासै।।
सम्यक पद्धति सो कहिए जहं,
दर्वित भावित आस्रव नासै।
ग्यान कला प्रगटै तिहि थानक,
अंतर बाहिर और न भासै।।३।।

અર્થ :—આત્મપ્રદેશોમાં પુદ્‌ગલનું આગમન તે દ્રવ્યાસ્રવ છે, જીવના રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામ ભાવાસ્રવ છે, દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવનો અભાવ આત્માનું સમ્યક્ સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનકળા પ્રગટ થાય છે ત્યાં અંતરંગ અને બહિરંગમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી. ૩.

## જ્ઞાતા નિરાસ્રવી છે

जो दरवास्रव रूप न होई।
जह भावास्रव भाव न कोई।।
जाकी दसा ग्यानमय लहिए।
सो ग्यातार निरास्रव कहिए।।४।।

અર્થ :—જે દ્રવ્યાસ્રવરૂપ નથી હોતા, અને જ્યાં ભાવાસ્રવ ભાવ પણ નથી અને જેની અવસ્થા જ્ઞાનમય છે તે જ જ્ઞાની આસ્રવરહિત કહેવાય છે. ૪.

## સમ્યગ્જ્ઞાની નિરાસ્રવ રહે છે

जेते मनगोचर प्रगट-बुद्धि-पूरबक,
तिह परिनामनकी मतता हरतु है।
मनसौं अगोचर अबुद्धि-पूरवक भाव,
तिनके विनासिवेकौं उद्दिम धरतु है।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

याही भांति पर परनतिकौ पतन करै,
मोखकौ जतन करै भौ-जल तरतु है।
ऐसे ग्यानवंत ते निरास्रव कहावैं सदा,
जिन्हिकौ सुजस सुविचच्छन करतु है॥५॥

અર્થ :—જેમને મન જાણી શકે એવા બુદ્ધિગમ્ય અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતો નથી અને મનને અગોચર અર્થાત્ બુદ્ધિગમ્ય ન હોય એવા અશુદ્ધભાવ ન થવા દેવામાં સાવધાન રહે છે; એ રીતે પર પરિણતિનો નાશ કરીને અને મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરીને જે સંસાર-સાગરને તરે છે તે સમ્યગ્જ્ઞાની નિરાસ્રવી કહેવાય છે, તેમની વિદ્વાનો સદા પ્રશંસા કરે છે.

બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૫)*

www.vitragvani.com



# સંસારમાં રહ્યાં જ્ઞાની મુક્ત છે

(સળંગ પ્રવચન નં. ૬૧)

અહીં આસ્રવ અધિકારમાં જ્ઞાની નિરાસ્રવ કેમ છે તે વાત સમજાવે છે.

જેને આત્માનું જ્ઞાન થયું તે જીવ નિરાસ્રવ છે એટલે શું? કે—શુભાશુભભાવ થાય છે તે વિકલ્પ છે, તેનાથી મારું સ્વરૂપ જુદું છે. હું પૂર્ણ શુદ્ધ આનંદસ્વભાવી છું એવો અનુભવ થતાં તે જીવ જ્ઞાની થઈ જાય છે તેને આસ્રવ થતો નથી અને બંધ પણ થતો નથી, કેમ કે રાગમાં તેને એકત્વ નથી. તેથી રાગનું બંધન તેને થતું નથી.

પાંચમા પદ્યનો ભાવાર્થ :—વર્તમાનકાળના અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતાં નથી અને ભૂતકાળમાં થયેલાં રાગાદિ પરિણામોને પોતાના માનતા નથી અથવા આગામીકાળમાં થવાવાળા વિભાવ મારા નથી એવું શ્રદ્ધાન હોવાથી જ્ઞાની જીવ સદા નિરાસ્રવ રહે છે.

ધર્મીજીવને શુદ્ધ સ્વભાવમાં સ્વામીપણું થઈ ગયું છે અને વર્તમાનમાં જે શુભા-શુભપરિણામ થાય છે તે તો અશુદ્ધ છે તેથી ધર્મીને એ શુભાશુભરાગ મારા છે એવી બુદ્ધિ થતી નથી. તેનું પરિણમન તો રાગથી પૃથક્ થઈને અંતર્મુખ થયું છે. તેથી રાગમાં પોતાપણું-આત્મબુદ્ધિ-સ્વામીત્વ હોતું નથી. જ્યાં રાગમાં સ્વામીપણું ધર્મીને હોતું નથી તો આ પુત્ર, પરિવાર, ધન, મકાન, શરીરાદિમાં સ્વામીપણું ક્યાંથી હોય! બધાંની વચ્ચે રહ્યા છતાં ધર્મીને તેમાં મારાપણું હોતુ નથી.

દુનિયા દેખે છે કે, ધર્મી સંયોગમાં બેઠા છે પણ એ તો પોતાના સ્વભાવઘરમાં બેઠા છે. રાગમાં, કર્મમાં કે શરીરાદિમાં ધર્મી નથી તેથી ધર્મીને તે કોઈમાં પોતાપણાની બુદ્ધિ નથી. એકમાત્ર નિજ સ્વભાવમાં સ્વામિત્વ છે. આનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

ભૂતકાળમાં શુભભાવ થયો માટે પુણ્ય બંધાયું તેના ફળમાં મને આ અનુકૂળ સંયોગો મળ્યાં, ધર્મની વાત સાંભળવા મળી માટે શુભભાવ સારાં છે એમ ધર્મી માનતાં નથી. પોતાના આત્મા ઉપર દૃષ્ટિ હોવાથી વર્તમાનમાં થતાં રાગાદિને તો પોતાના માનતાં નથી પણ ભૂતકાળમાં થઈ ગયેલાં પરિણામોમાં પણ એકત્વ થતું નથી અને ભવિષ્યમાં થનારા શુભાશુભરાગમાં પણ મમત્વ થતું નથી.

હું તો શુદ્ધ ચૈતન્ય પરિપૂર્ણ આનંદસ્વરૂપ છું એવી શ્રદ્ધા હોવાના કારણે ભૂત, વર્તમાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને ભવિષ્યના રાગથી ધર્મી રહિત છે. અસ્થિરતાના કારણે રાગ તો ધર્મીને આવે છે પણ એકત્વબુદ્ધિ હોતી નથી તેથી ધર્મીને નિરાસ્રવ ગણવામાં આવે છે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો રાગ, કોઈ વિષયવાસનાનો રાગ, એવા શુભ અને અશુભ બંને પ્રકારના રાગ તો આવે છે પણ તેમાં સ્વપણું નથી, એકદમ ભિન્ન પડી ગયો છે તેથી તેને જરાય પોતાના માનતો નથી. જેમ, વર્તમાનમાં અશુદ્ધપરિણામ મારા નથી તેમ ભૂતકાળમાં પણ મારા ન હતા અને ભવિષ્યમાં પણ જે થશે તે મારા નથી એવી શ્રદ્ધા વર્તે છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે, કર્મ જીવતાં છે ને જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે? ('જીવતાં' શબ્દ ઉપરથી બયાનાના 'જીવંતસ્વામી' યાદ આવી ગયાં. ૨૪ ભગવાન તો મોક્ષમાં પધારી ગયા. સીમંધરસ્વામી જીવંત બિરાજે છે તેથી ત્યાં પ્રતિમા ઉપર 'જીવંતસ્વામી' લખેલું છે.)

**ज्यौं जगमैं विचरै मतिमंद,**
**सुछंद सदा वरतै बुध तैसो।**
**चंचल चित्त असंजित वैन,**
**सरीर-सनेह जथावत जैसो॥**
**भोग संजोग परिग्रह संग्रह,**
**मोह विलास करै जहं ऐसो।**
**पूछत सिष्य आचारजसौं यह,**
**सम्यकवंत निरास्रव कैसो ?॥६॥**

અર્થ :—શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે કે, હે સ્વામી! સંસારમાં જેવી રીતે મિથ્યાદૃષ્ટિજીવ સ્વતંત્રપણે વર્તે છે તેવી જ પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવની હંમેશા હોય છે.–બંનેને ચિત્તની ચંચળતા, અસંયત વચન, શરીરનો સ્નેહ, ભોગનો સંયોગ, પરિગ્રહનો સંચય અને મોહનો વિકાસ એક સરખો હોય છે, તો પછી સમ્યગ્દૃષ્ટિજીવ ક્યા કારણે આસ્રવ રહિત છે?

જેમ મિથ્યાદૃષ્ટિજીવ વેપાર-ધંધા કરે છે, લડાઈ કરે છે, ખાય-પીએ છે તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવ પણ વેપાર-ધંધા, લડાઈ, ખાવું-પીવું આદિ બધી પ્રવૃત્તિ કરતાં હોય છે! અરે! કદાચિત્ તેને પુણ્યનો ઉદય વિશેષ હોય તો મિથ્યાદૃષ્ટિ કરતાં પણ વધારે સંયોગોને ભોગવતાં હોય છે. કરોડો, અબજો રૂપિયાના હીરા-માણેકના ધંધા કરતાં હોય અને મિથ્યાદૃષ્ટિ કોઈ નાનકડી હાટડી ચલાવીને ૧૦૦-૨૦૦ રૂપિયા પેદા કરતો હોય...આમ પ્રવૃત્તિ તો જ્ઞાની પણ મિથ્યાદૃષ્ટિ જેવી જ કરતાં હોય છે છતાં તેમને નિરાસ્રવ કેમ કહ્યા? શું તેમને આસ્રવ નથી? બધું કરે, ભોગવે છતાં નિરાળા છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



चंचल चित्त......ઘડીમાં ખાવાનું આવે, ઘડીમાં સૂવાનું હોય, ઘડીમાં આ પરિણામ તો વળી ઘડીમાં પલટીને બીજાં પરિણામ.....એમ ચંચળતા તો ધર્મીને પણ હોય છે. આત્મામાં ચિત્ત લીન થઈ ગયું હોય તો તો આવી ચંચળતા જોવા ન મળે, ધર્મી તો અસંયતવચન પણ બોલે છે. આ દીકરીના લગ્ન કરો, તેમાં આમ કરો.....એમ અનેક પ્રકારે કથન પણ કરે છે, મિથ્યાદૃષ્ટિ જેવું જ બધું તેનું વર્તન છે છતાં નિરાસ્રવ કેવી રીતે થઈ ગયા?

ભરત ચક્રવર્તીના સમયમાં એકવાર આઠ દિવસ સુધી એકધારો વરસાદ પડ્યો ત્યારે ભરત દિવાનને કહે છે, કુદરતી વરસાદ આવો એકસરખો ન હોય, મૂશળધાર હોય તોપણ તેમાં આંતરો પડે પણ આ કોઈ દેવનું કામ લાગે છે માટે જાઓ અને તપાસ કરો.....આવા વચનો બોલે છતાં નિરાસ્રવ?

ધર્મીને શરીરમાં રાગ પણ હોય છે, રોટલી કરીને રાખશો નહિ, ગરમ ગરમ કરજો, ઠંડી નહિ ખાઉં...આટલો બધો રાગ અને તમે તેને નિરાસ્રવ કહો છો? जथावत् जैसो એટલે મિથ્યાદૃષ્ટિ જેવો જ બધો દેખાય છે છતાં ધર્મી નિરાસ્રવ કેમ?

ધર્મીને ભોગ અને સંયોગ પણ છે. ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હોય તોપણ ૯૬,૦૦૦ રાણી હોય છે. સમકિતી ઈન્દ્રને કરોડો દેવીઓ હોય છે. સંયોગના પણ પાર નથી.

ધર્મી પરિગ્રહનો સંગ્રહ પણ કરે છે. સુધારકો તો કહે છે કે પરિગ્રહનો સંગ્રહ ઘટાડો તો લોકોને બધાંને સરખું મળી રહે, કોઈને વસ્તુની ખેંચ ન પડે. પૈસાવાળાઓ બહુ બધું ભેગું કરી લે છે એટલે ગરીબોને મળતું નથી એવા વ્યાખ્યાનો કરે તે બધાંને બહુ ગમે, પણ એને ક્યાં ખબર છે કે પુણ્ય વગર કાંઈ મળતું નથી. પૈસાવાળાને પુણ્યને કારણે મળ્યું છે અને ગરીબને પુણ્ય નથી માટે મળતું નથી એ સિદ્ધાંતની તો એને ખબર પણ નથી. સંગ્રહ કરેલું, પુણ્ય હોય તો ટકે, નહિ તો ચાલ્યું જાય અને ગરીબને કોઈ આપવા માંગતું હોય પણ તેના પુણ્ય ન હોય તો મળતું નથી. ધર્મીને પુણ્ય પ્રમાણે પરિગ્રહનો સંગ્રહ પણ હોય છે.

मोह विलास करै जहं ऐसो સોનાના સળિયાવાળા હીંડોળા ખાટે ધર્મી હિંચકા પણ ખાય...એમ અનેક પ્રકારે મોહવિલાસ કરતાં દેખાય છે તેને તમે નિરાસ્રવ કેમ કહો છો? એમ શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે. सम्यकवंत निरास्रव कैसो? આસ્રવ એટલે પરિણામવિકાર અને બંધ સમકિતને હોય જ નહિ એમ તેમ ક્યાં આધારે કહો છો?

છટ્ઠા શ્લોકમાં (સાતમા પદમાં) ગુરુ શિષ્યની શંકાનું સમાધાન કરે છે. અખંડ આનંદસ્વરૂપ આખા જગતથી નિરાળી વસ્તુ જેને અનુભવમાં આવી એવા ધર્મીને હવે ક્યાં મમત્વ હોય શકે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



पूरव अवस्था जे करम-बंध कीने अब,
तेई उदै आइ नाना भांति रस देत हैं।
केई सुभ साता केई असुभ असातारूप,
दुहूसौं न राग न विरोध समचेत हैं।
जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं,
जीवन–मुकतिको बिरद गहि लेत हैं।
यातें ग्यानवंतकौं न आस्रव कहत कोऊ,
मुद्धतासौं न्यारे भए सुद्धता समेत हैं।।७।।

અર્થ :—પૂર્વકાળમાં અજ્ઞાન-અવસ્થામાં જે કર્મ બાંધ્યા હતાં તે હવે ઉદયમાં આવીને ફળ આપે છે, તેમાં અનેક તો શુભ છે જે સુખદાયક છે અને અનેક અશુભ છે જે દુઃખદાયક છે. ત્યાં સમ્યગ્દષ્ટિજીવ આ બંને પ્રકારના કર્મોદયમાં હર્ષ-વિષાદ કરતાં નથી–સમતાભાવ રાખે છે. તેઓ પોતાના પદને યોગ્ય ક્રિયા કરે છે, પણ તેના ફળની આશા નથી કરતા, સંસારી હોવા છતાં પણ મુક્ત કહેવાય છે, કારણ કે સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે, તેઓ મિથ્યાત્વથી રહિત અનુભવ સહિત છે, તેથી જ્ઞાનીઓને કોઈ આસ્રવ સહિત કહેતું નથી.

આહાહા! સમ્યગ્દષ્ટિનું માહાત્મ્ય જગતને ખબર નથી. ધર્મીની દૃષ્ટિ બહુ ઊંચી છે. રાગથી ભિન્ન ભગવાનનો અનુભવ થયો છે તેથી તેની દૃષ્ટિ જુદું જ કામ કરે છે, પણ પૂર્વે બાંધેલા કર્મ તો ઉદયમાં આવ્યા વગર રહેતાં નથી. શાતાના ઉદયથી અનુકૂળતા ઘણી ઉદયમાં આવી હોય અને કોઈને અશાતાનો ઉદય હોય તો પ્રતિકૂળતા પણ ઘણી હોય, પણ ધર્મી તો તે બેમાંથી કોઈને પોતાની માનતાં નથી. શાતાની કરોડ સામગ્રી ઉદયમાં ભલે હો પણ તે મારા સ્વરૂપમાં નથી. તે જ રીતે અશાતાના ઉદયથી ધગધગતી લાલ સોયો શરીરમાં ભોંકાતી હોય તેને પણ ધર્મી પોતાની માનીને દુઃખી થતાં નથી. ધર્મી રાગથી ભિન્ન પડ્યાં છે તેમ તેના ફળથી પણ ભિન્ન જ છે.

મારું સ્વરૂપ તો આનંદમય છે એમ જાણતાં ધર્મી આનંદના વેદન પાસે શાતા કે અશાતાની સામગ્રીમાં સુખી-દુઃખી થતાં નથી. શાતાના લાખ, કરોડ, અબજ સંયોગમાં તેમને પ્રીતિ ઉપજતી નથી અને અશાતાના ઉદયવશ સાતમી નરકમાં કરોડો વીંછી એક સાથે કરડે એવી વેદના શરીરમાં હોય તેમાં ધર્મી અપ્રીતિ કરતાં નથી. શાતા-અશાતા તો સંયોગમાં છે, મારામાં આવી ગઈ નથી એમ સમજે છે.

www.vitragvani.com



ધર્મી તો ક્ષણે ને પળે સ્વરૂપથી ખસતાં નથી, ગમે તેવી પ્રતિકૂળતા આવે તેનાથી ડગતાં નથી, અરે! મને આવા વેદન ક્યાં સુધી! એમ વેદનને પોતાનું માનીને ડગી જતાં નથી. સ્વરૂપની શાંતિના વેદન પાસે શાતા-અશાતાના ગંજ બધાં જ્ઞાનના હોય છે. બહારમાં બધું દેખાય છે છતાં અંદરમાં અભિપ્રાયમાં ક્યાંય ફેર પડતો નથી. પૂર્વકર્મના ઉદયના કારણે સંયોગમાં તો બધું હોય, તેથી તો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો છે પણ ધર્મીના અંતર અભિપ્રાયમાં એ કોઈ સંયોગનો પ્રવેશ નથી.

મિથ્યાદૃષ્ટિની જેમ જ વર્તતા હોય છતાં ધર્મી અંતરથી ન્યારા છે. જેનો એક કોળિયો છન્નુ કરોડ પાયદળ પચાવી ન શકે એવો તો ચક્રવર્તીનો ખોરાક હોય, અન્ય સામગ્રીનો પાર નથી છતાં એ મારી અને હું એનો એવો અભિપ્રાય નથી તેથી ધર્મી નિરાળા છે. અનુકૂળતાની જેમ પ્રતિકૂળતા પણ એવી તીવ્ર હોય તોપણ ધર્મીને તેમાં સ્વામિત્વ નથી, આત્મબુદ્ધિ નથી, મારાપણું નથી માટે ધર્મી નિરાસ્રવ છે.

અહીં તો મિથ્યાત્વના આસ્રવની પ્રધાનતાથી કથન છે એ અપેક્ષાએ જ્ઞાની નિરાસ્રવ છે.

આનંદસ્વરૂપ ભગવાન આત્માના પ્રેમમાં પડેલાં જ્ઞાનીને શાતાની કોઈ ચીજમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી. અતીન્દ્રિય આનંદના ચૂસણિયાં ચૂસનારાંને અતીન્દ્રિય આનંદ આવે છે. આઈસ્ક્રિમને, ગુલફીને ચૂસનારાંને અંદરથી ઠંડક આવે, અગ્નિ ન આવે તેમ, અતીન્દ્રિય આનંદ ચૂસનારાંને આનંદ જ આવે તેને શાતા-અશાતાના અનુકૂળ-પ્રતિકૂળ વેદનમાં પ્રેમ કે અપ્રેમ થતો નથી.

સમકિતીના માથે વીજળી પડે કે વજ્ર પડે એવી ભયંકર પ્રતિકૂળતામાં પણ સમકિતી તેની શ્રદ્ધાથી ખસતો નથી. બહારથી ખસી જાય, ગામ છોડીને ચાલ્યો જાય પણ અભિપ્રાયમાં એમ ન આવે કે અહીંથી ખસી જવાથી મને સુખ છે.

ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ ભગવાન આત્મહીરો જેણે પહેર્યો છે તેને હવે કઈ સામગ્રી પ્રીતિ-અપ્રીતિ કરે! તેની માટે એ બધું તુચ્છ છે. ચૈતન્યહીરાના અનુભવનું નામ જ ધર્મ છે, તેને ધારે તે ધર્મી છે. બાકી, પૂજા કરવાથી કે દાન દેવાથી ધર્મ થઈ જતો નથી. અનંતગુણના ધરનાર આત્માને અનુભવમાં લેતાં અનંતા ગુણની પ્રગટ પર્યાય વેદનમાં આવી એ વેદનને લઈને બાહ્ય સામગ્રીમાં ક્યાંય રાગ કે વિરોધ હોતો નથી, સમભાવ વર્તે છે—સમતાભાવ રહે છે.

**जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं**, પોતાના પદને યોગ્ય ધર્મીજીવ ક્રિયા કરે છે

www.vitragvani.com



એટલે કે ભૂમિકા અનુસાર રાગાદિ થાય છે અને દેહની ક્રિયા પણ તે અનુસાર હોય છે પણ ધર્મી તેના ફળની આશા રાખતાં નથી.

ઘણાં કહે કે, 'અનાસક્તિએ કામ કરવું....' દુનિયાદારીના કામ કરવા, વ્યાજ-વટાવના, હીરાના, વાસણના કામ કરવા, દયા-દાનના કાર્ય કરવા પણ ફળની ઈચ્છા ન રાખવી એમ કહે છે. તેમાં બહુ ફેર છે. તે પરના કામ હું કરી શકું છું એમ માનીને કરે છે અને ફળને ઈચ્છતા નથી. જ્યારે ધર્મી તો પરના કાર્ય હું કરી શકતો જ નથી એવા અભિપ્રાયપૂર્વક ભૂમિકા અનુસાર પ્રવૃત્તિમાં જોડાય છે. એક હીરાને આમથી તેમ કરવો એ મારું કામ જ નથી એવું જ્ઞાનીને અંતર-હૃદયમાં પરથી ભિન્નપણાનું ભાન થઈ ગયું છે. તેથી તે કોઈ ફળની આશા કરતાં નથી. તેથી સંસારી હોવા છતાં જ્ઞાનીને ચોથા ગુણસ્થાનથી મુક્ત કહેવાય છે.

જ્ઞાની-ધર્મીને દેહ અને સંયોગમાં તો પોતાપણું નથી પણ એક વિકલ્પમાત્રમાં પણ પોતાપણું નથી અને જ્યાં પોતાપણું છે ત્યાં વિકલ્પ નથી. વીતરાગમારગ બહુ અલૌકિક છે. વીતરાગતાની પ્રાપ્તિ કોઈ ક્રિયા કે વિકલ્પથી થાય તેમ નથી. આખો અભિપ્રાયનો પલટો થવો જોઈએ. ધર્મીએ અભિપ્રાયમાં ગુલાંટ એવી ખાધી છે કે, અનંત અનંત ગુણવંત નિધાન હાથમાં આવ્યું છે–ચૈતન્યહીરા હાથ આવ્યા છે તેને રાગના અને સંયોગના કાંકરાની મહિમા કેમ આવે!

આમ, ધર્મીજીવ સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે. મિથ્યાત્વથી રહિત અને અનુભવથી સહિત છે તેથી જ્ઞાનીઓને કોઈ આસ્રવ સહિત કહેતું નથી. જ્ઞાની આસ્રવને પોતાના માનતા નથી તેથી જ્ઞાનીને આસ્રવ છે એમ કોઈ કહેતું નથી.

ધંધામાં મોસમ હોય ત્યારે ધનના ઢગલા થાય છે ત્યારે તો એને ધર્મ કરવાનો સમય જ ન હોય. ભાઈ તું રળે છો કે ગળે છો? અજ્ઞાનીને એમ થાય છે કે મારે તો મોસમમા મજા છે, જ્યારે જ્ઞાની તો ધંધાને કે ધનને પોતાના જ માનતાં નથી. ધર્મીને તો પરમાંથી મમત્વ જ છૂટી ગયું છે તેથી એવો કોઈ અભિપ્રાય જ રહ્યો નથી. એવો કોઈ વિકલ્પ આવી જાય તો પણ તે મેં કર્યો છે, મારો છે, મને તેનાથી લાભ છે એવું તે માનતો નથી.

**यातें ग्यानवंतकौं न आस्रव कहत कोऊ**, કેવળી ભગવાન, મુનિ કે કોઈપણ જ્ઞાનીને આસ્રવ છે એમ કહેતાં નથી. કારણે કે જ્ઞાની મિથ્યાત્વથી રહિત થઈ ગયા છે અને સ્વાનુભવને પ્રાપ્ત થયા છે તેથી આસ્રવમાં તેમને મમત્વ હોય જ નહિ એમ સૌ કોઈ જાણે છે. ધર્મી તો પવિત્રતાથી સહિત છે, અપવિત્રતાથી રહિત છે. આસ્રવ તો અપવિત્ર છે તેથી ધર્મી તેનાથી રહિત છે. જેમ સિદ્ધને દેહ નથી તેમ સમકિતીને દેહ છે પણ દેહ મારો છે એમ નથી.

આત્મા એકલી પવિત્રતાનું ધામ છે, શુદ્ધતાનો પિંડ છે તેનો અનુભવ કરનાર જ્ઞાની

www.vitragvani.com



જીવ પવિત્રતાને, શુદ્ધતાને પ્રાપ્ત હોય છે. રાગને પ્રાપ્ત થતાં નથી. રાગ અને પરથી તો તે રહિત છે. તેથી આવા જ્ઞાનીને આસ્રવ હોતો નથી.

હવે ૭મા શ્લોકમાં રાગ-દ્વેષ-મોહ અને જ્ઞાનનું લક્ષણ કહે છે.

**जो हितभाव सु राग है, अनहितभाव विरोध।**
**भ्रामिक भाव विमोह है, निरमल भाव सु बोध॥८॥**

અર્થ :—પ્રેમનો ભાવ રાગ, ઘૃણાનો ભાવ દ્વેષ, પરમાં અહંબુદ્ધિનો ભાવ મોહ અને ત્રણેથી રહિત નિર્વિકારભાવ સમ્યગ્જ્ઞાન છે.

કોઈપણ વિકલ્પમાં કે પરમાં પ્રેમનો ભાવ થાય છે તે રાગ છે, જ્ઞાનીને એ રાગ નથી. સર્વ દ્રવ્યોની મધ્યમાં પડેલો હોય છતાં જ્ઞાની નિરાળો છે અને સર્વ દ્રવ્યની મધ્યમાં પડેલો અજ્ઞાની તેમાં મારાપણું કરતો હોવાથી રાગી છે. પરદ્રવ્ય પ્રત્યે ઘૃણાભાવ થવો તે દ્વેષ છે. જ્ઞાનીને એવો ઘૃણાભાવ હોતો નથી તેથી તેમને દ્વેષ નથી. પરદ્રવ્યમાં અહમ્‌બુદ્ધિ હોવી તે વિમોહ અર્થાત્ મિથ્યાત્વ છે. શરીર, પુણ્યાદિમાં અહમ્ અર્થાત્ ઊંડે ઊંડે તેમાં પોતાપણું માનવું તે ભ્રમણા છે–અજ્ઞાન છે.

આમ, આ રાગ-દ્વેષ અને મોહ ત્રણેય ભાવોથી જ્ઞાની રહિત હોય છે. રાગ-દ્વેષ-મોહથી રહિત નિર્મળભાવને જ સુબોધ કહેવાય છે. ધર્મીએ આત્માને પવિત્ર માન્યો છે, જાણ્યો છે અને અનુભવ્યો છે તેથી ધર્મી રાગ-દ્વેષ-મોહાદિ વિકારીભાવથી રહિત નિર્મળ સુબોધમાં વર્તે છે.

ચારિત્રની અપેક્ષાએ સમકિતીની ક્રિયા ગજસ્નાનવત્ ગણાય છે. જેમ હાથી સ્નાન કરે અને તુરત ગંદો થાય છે, તેમ સમકિતીની નિર્જરા પણ એવી જ છે, પણ શ્રદ્ધાની અપેક્ષાએ તો તેમાં જરાય મલિનતા આવતી નથી. માટે સમકિતી નિર્મળ જ છે. મુનિરાજના ચારિત્રની અપેક્ષાએ સમકિતીની નિર્મળતા કાંઈ ન ગણાય કેમ કે, મુનિને તો ઘણી વીતરાગતા અને નિર્મળતા હોય છે, પણ દર્શનની અપેક્ષાએ તો સમકિતી નિર્મળ જ છે.

સુદૃષ્ટિતરંગિણીમાં છ દ્રવ્ય સમજાવવા માટે મુનિનું દૃષ્ટાંત આપ્યું છે કે, એક ગુફામાં છ મુનિરાજ ધ્યાનમાં બેઠો હોય તેને એકબીજાને કાંઈ જ સંબંધ નથી, પોતે પોતાના ધ્યાનમાં લીન છે, બીજાંની પડી નથી. તેમ જગતમાં છ દ્રવ્યો સૌ પોતપોતાના કાર્યને કરે છે, કોઈને કોઈની અપેક્ષા નથી. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ધર્મ, અધર્મ, આકાશ અને અસંખ્ય કાળ દ્રવ્ય તે સૌ પોતાથી પોતામાં રહેલાં છે. પોતાના કાર્ય માટે તેને બીજાં દ્રવ્યની રાહ જોવી પડતી નથી તેમ સમ્યગ્દૃષ્ટિ જગતમાં રહ્યો છે છતાં તેને કોઈની કાંઈ અપેક્ષા નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આમ રાગ-દ્વેષ-મોહથી રહિત ભાવને જ નિર્મળજ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ આવ્યો હોય, અનંતા ગુણની નિર્મળતા પ્રગટ થઈ હોય એવા જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે. એકલા ઉઘાડજ્ઞાનને નિર્મળ જ્ઞાન કહેવાતું નથી. રાગ-દ્વેષ-મોહ રહિત નિર્મળ સ્વસંવેદન જ્ઞાનને જેણે પ્રાપ્ત કર્યું છે તે જ જ્ઞાની છે.

૯મા પદ્યમાં કહે છે કે રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે.

**राग विरोध विमोह मल, एई आस्रवमूल।**
**एई करम बढ़ाईकैं, करैं धरमकी भूल॥९॥**

અર્થ :—રાગ-દ્વેષ-મોહ એ ત્રણેય આત્માના વિકાર છે, આસ્રવના કારણ છે અને કર્મબંધ કરીને આત્માનું સ્વરૂપ ભુલાવનાર છે.

આત્મા સિવાય રાગમાં પ્રેમ કરવો અથવા અનુકૂળ ચીજ દેખીને રાગ કરવો એ જ્ઞાનીનું કાર્ય નથી. વિરોધ એટલે દ્વેષ તે પણ જ્ઞાનીને હોતો નથી અને વિમોહ એટલે ભ્રાંતિ તે પણ જ્ઞાનીને ટળી ગઈ છે કે જે આસ્રવના મૂળ છે. રાગ-દ્વેષ-મોહથી જ કર્મનો આસ્રવ અને બંધ છે તે મૂળ જ જ્ઞાનીને નાશ પામ્યું હોવાથી જ્ઞાનીને આસ્રવ નથી. અજ્ઞાનીને આ રાગ-દ્વેષ-મોહ જ કર્મ વધારે છે અને ધર્મને ભુલાવે છે. હું વ્રતી છું, મેં પુણ્યના મોટાં કાર્ય કર્યાં છે, મેં ભક્તિ બહુ કરી છે એમ શુભના પ્રેમમાં આત્માને ભૂલી જાય છે.

હવે ૧૦મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ છે.

**जहां न रागादिक दसा, सो सम्यक परिनाम।**
**यातैं सम्यकवंतको, कह्यौ निरास्रव नाम॥१०॥**

અર્થ :—જ્યાં રાગ-દ્વેષ-મોહ નથી તે સમ્યક્ત્વભાવ છે, તેથી જ સમ્યગ્દૃષ્ટિને આસ્રવ-રહિત કહ્યો છે.

સમ્યગ્દૃષ્ટિના ભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી. દ્રવ્ય-ગુણમાં તો રાગ-દ્વેષ-મોહ નથી, પણ સમ્યગ્દૃષ્ટિને પર્યાયમાં પણ રાગ-દ્વેષ-મોહ નથી. અજ્ઞાની કદાચ બહારથી બધું છોડીને બેઠો હોય તોપણ અભિપ્રાયમાં રાગ સહિત છે. મહાવ્રતના વિકલ્પ મારા છે, હું મહાવ્રત પાળું છું એવી મિથ્યાદૃષ્ટિને વિકલ્પમાં મારાપણાની બુદ્ધિ છે તે મોહ છે. અણગાર હોવા છતાં તે રાગ-દ્વેષને મારા માને છે તો મોહી છે અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ધર્મીને રાગાદિમાં અહમ્‌બુદ્ધિ નહિ હોવાથી સમકિતી છે તે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં મોક્ષમાર્ગી છે અને પેલો નગ્ન મુનિ હોવા છતાં મોહી મિથ્યાદૃષ્ટિ છે, સંસારમાર્ગી છે. મુનિ થઈને પદ્માવતી અને ક્ષેત્રપાલને દેવ

www.vitragvani.com



માને છે તેને ધર્મનું ભાન જ નથી. અહીં તો પરમાત્મા પોતે દેવનો દેવ છે. દેવાધિદેવ સર્વજ્ઞપરમાત્મા અને આત્મદેવને ઓળખનારો પોતે દેવ છે.

અહીં કહે છે કે જ્ઞાનીને દૃષ્ટિના વિષયમાં અને જ્ઞાનીની પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ નથી માટે તેને નિરાસ્રવ કહેવામાં આવે છે.

હવે ૮મા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ધર્મી બંધથી વિધુર છે. રાગ અને રાગના પરિણામરૂપ બંધથી આત્મા વિધુર છે. આવા આત્માના અનુભવી-નિરાસ્રવી જ્ઞાનીઓનો આનંદ કોઈ જુદો હોય છે. અતીન્દ્રિય આનંદના વેદન પાસે બહારનું બધું તેને તુચ્છ લાગે છે. આવી મૂળ વાતને નહિ સમજનારા જીવો રાગની ક્રિયાના સ્વામી થઈને નિગોદગામી થાય છે પણ અજ્ઞાનમાં એ શું કરે છે તેની એને ખબર નથી. તેને અજ્ઞાનમાં એમ લાગે છે કે આવી વાત સાંભળીને લોકોના કલ્યાણ અટકી જાય છે. ભાઈ! રાગની-દયા, દાન, વ્રતાદિની ક્રિયા મારી છે, તેનાથી મારું કલ્યાણ છે એમ માની, મનાવીને તમે મિથ્યાત્વનું પોષણ કરો છો અને મિથ્યાત્વના ફળમાં તો નિગોદમાં વાસ્તુ થાય છે. જ્યારે રાગથી પોતાને ભિન્ન માનનારા સિદ્ધાલયમાં વાસ્તુ કરે છે. કેમકે તેને આસ્રવ જ નથી. તેથી સંસાર ફળતો નથી, તે તો સિદ્ધાલયમાં વાસ કરશે.

હવે ૧૧ મા કળશમાં કહેશે કે—

जे केई निकटभव्यरासी जगवासी जीव,
मिथ्यामत भेदि ग्यानभाव परिनए हैं।
जिन्हकी सुदृष्टिमैं न राग द्वेष मोह कहूं,
विमल विलोकनिमैं तीनौं जीति लए हैं।।
तजि परमाद घट सोधि जे निरोधि जोग,
सुद्ध उपयोगकी दसामैं मिलि गए हैं।
तेई बंधपद्धति विदारी परसंग डारि,
आपमैं मगन ह्वैके आपरूप भए हैं।।११।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સ્વાનુભવથી જ મોહ જિતાય છે

(સળંગ પ્રવચન નં. ૬૨)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે તેમાં આસ્રવ અધિકારનું ૧૧મું પદ્ય ચાલે છે.

જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પ કે ભ્રાંતિ આદિ કાંઈ નથી, જેણે નિર્મળ શ્રદ્ધાનથી રાગ-દ્વેષ-મોહ ત્રણેયને જીતી લીધા છે, તેની દૃષ્ટિમાં તો એક પૂર્ણ આનંદકંદ આત્મા બિરાજે છે તેથી તેને જ્ઞાન અને આનંદનું પરિણમન હોય છે. **विमल विलोकनिमैं तीनौं जीति लए हैं।** વિમળ એટલે નિર્મળ આત્મ-અવલોકન વડે જ્ઞાનીએ રાગ, દ્વેષ, મોહ ત્રણેયને જીતી લીધા છે. નિર્મળ એવા વસ્તુસ્વરૂપના અવલોકનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં રાગ-દ્વેષ-મોહ ત્રણેય જીતાય જાય છે. રાગ-દ્વેષ-મોહ તેની દૃષ્ટિમાં છે જ નહિ.

**तजि परमाद, घट सोधि जे निरोधि जोग.....**જે પ્રમાદને દૂર કરી, ચિત્તને શુદ્ધ કરી, યોગોનો નિગ્રહ કરી, શુદ્ધોપયોગમાં લીન થઈ જાય છે તે જ બંધપરંપરાનો નાશ કરીને, પરવસ્તુનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે અર્થાત્ સિદ્ધ થાય છે.

શું કહે છે! કે જેણે અશુદ્ધિને રોકીને, શુદ્ધોપયોગ પ્રગટ કર્યો છે તે મોક્ષગામી જીવ મોક્ષની સમીપ થઈ ગયો છે, તેણે રાગના અનુભવરૂપી ઉત્પાદનો નાશ કર્યો છે અને જ્ઞાનના અનુભવનો ઉત્પાદ કર્યો છે, જ્ઞાનાનંદમય નિજ ચૈતન્યનું વેદન કર્યું છે. મિથ્યાત્વ હતું ત્યાં સુધી રાગ-દ્વેષનું વિકારી વેદન હતું તે હવે સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનના વેદન દ્વારા નાશ પામ્યું એટલે કે રાગ-દ્વેષ-મોહનું વેદન ઉત્પન્ન જ થતું નથી તેથી તેને જીતી લીધા છે એમ કહ્યું છે.

પ્રમાદ છોડી, અંતરના આનંદને શોધી, મન-વચન-કાયાના યોગોનો નિરોધ કર્યો છે અને આસ્રવને રોકી જ્ઞાની શુદ્ધ ઉપયોગની દશામાં લીન થઈ ગયા છે. આત્માના અનાકુળ આનંદના શુદ્ધ વ્યાપારમાં જેનો ઉપયોગ પરિણમી ગયો છે એવો જીવો મોક્ષ એટલે કે પરમાનંદની પ્રાપ્તિની તદ્દન નજીક આવી ગયો છે.

આવા શુદ્ધોપયોગી જીવો જ બંધપદ્ધતિનો એટલે કે બંધની પરંપરાનો નાશ કરીને, પરવસ્તુઓનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને પોતારૂપ થયા છે તે સિદ્ધ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ સિદ્ધ થવાની પહેલેથી છેલ્લે સુધીની રીત કહી દીધી છે. પ્રથમ તો સ્વરૂપના અનુભવ દ્વારા રાગ-દ્વેષ-મોહની એકતા તૂટે છે. પછી તે પ્રમાદ છોડી, યોગોનો નિરોધ કરી, ઉગ્રપણે શુદ્ધ ઉપયોગમાં પરિણમી જાય છે તે જીવ, બંધની પરંપરાને છેદી, આપરૂપ થાય છે, અર્થાત્ સિદ્ધ થઈ જાય છે. આ સિદ્ધ થવાની રીત છે.

હું કોણ છું તેની ખબર વગર આ માર્ગનું મોં-માથું હાથ આવે તેમ નથી. પૂર્ણાનંદનો નાથ જ્ઞાનસાગર હું જ છું એવી ખબર વગર બધુ નકામું છે. રાગાદિ મારામાં થતાં હોવા છતાં તે મારું સ્વરૂપ નથી, મારી સત્તા એક જુદું જ તત્ત્વ છે રાગાદિ મારી અપેક્ષાએ કોઈ વસ્તુ જ નથી એમ જાણીને, આત્માનો અનુભવ કરે છે તેણે રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે. આવા નિર્મળ અનુભવનું નામ 'ધર્મ' છે. આ જૈન સંસ્કૃતિ છે. રાગ-દ્વેષ-મોહને જીતે તે જૈન છે. રાગ-દ્વેષ-મોહને ઉત્પન્ન ન થવા દેવા એ જ તેનું જીતવું છે.

જેને પોતાના માને તેને પોતાથી જુદાં કેમ કરે! અજ્ઞાની પંચમહાવ્રત, તપ, દાન, ભક્તિ આદિ ક્રિયાને પોતાની માને છે તેને તે જુદી કેમ કરે! રાગાદિ લાભદાયક છે, તેના અસ્તિત્વથી જ મારું અસ્તિત્વ છે એમ માનનાર અજ્ઞાની રાગથી છૂટો ન પડી શકે. જ્યારે જ્ઞાનીને રાગરહિત સ્વભાવની અસ્તિના સ્વીકારમાં રાગની ઉત્પત્તિ જ થતી નથી.

આવો ધર્મ ગૃહસ્થાશ્રમમાં રહીને શી રીતે કરવો? તેના માટે આગળ જવાબ આવી ગયો છે કે આત્માનો ધર્મ પરથી નિરપેક્ષ છે.

જ્યાં સુધી શુભાશુભભાવમાં કે સંયોગમાં તેનું ઉત્સાહિત વીર્ય થાય ત્યાં સુધી તે મિથ્યાત્વભાવે પરિણમે છે. સ્વરૂપનું અવલોકન, ભાન અને વેદન કરતાં આનંદ, જ્ઞાન અને શાંતિનો અનુભવ થાય છે તે જ પોતાની હયાતિનો ભાવ છે–રાગાદિ તો દુઃખરૂપ ભાવ છે એટલો જ્યાં આંતરો પડે–ભેદજ્ઞાન કરે તો બધાં સંયોગો હોવા છતાં તેમાંથી એકત્વ છૂટી જાય છે.

આઠમા કળશમાં નિરાસ્રવી જીવની વાત કરી, હવે ૯મા કળશમાં ઉપશમ અને ક્ષયોપશમભાવની અસ્થિરતા દૃષ્ટાંતથી બતાવે છે. ૧૨મુ પદ્ય છે.

जेते जीव पंडित खयोपसमी उपसमी,
तिन्हकी अवस्था ज्यौं लुहारकी संडासी है।
खिन आगमांहि खिन पानीमांहि तैसैं एऊ,
खिनमैं मिथ्यात खिन ग्यानकला भासी है।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जौलौं ग्यान रहै तौलौं सिथिल चरन मोह,
जैसें कीले नागकी सकति गति नासी है।
आवत मिथ्यात तब नानारूप बंध करै,
ज्यौं उकीले नागकी सकति परगासी है॥१२॥

અર્થ :—જેવી રીતે લુહારની સાણસી કોઈવાર અગ્નિમાં તપેલી અને કોઈવાર પાણીમાં ઠંડી હોય છે, તેવી જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોની દશા છે અર્થાત્ કોઈવાર મિથ્યાત્વભાવ પ્રગટ થાય છે અને કોઈવાર જ્ઞાનની જ્યોતિ ઝગમગે છે. જ્યાં સુધી જ્ઞાન રહે છે ત્યાં સુધી ચારિત્રમોહનીયની શક્તિ અને ગતિ મંત્રથી બાંધેલ સાપની જેમ શિથિલ રહે છે અને જ્યારે મિથ્યાત્વ રસ આપે છે ત્યારે તે મંત્રના બંધનથી મુક્ત સાપની પ્રગટ થયેલી શક્તિ અને ગતિની જેમ અનંતકર્મોનો બંધ વધારે છે.

અહીં સમકિતીને જ પંડિત કહ્યા છે. જેણે રાગના વિકલ્પથી પણ જુદા આત્માનો અનુભવ કર્યો છે તેને સમકિતી અને પંડિત કહેવાય છે. જાણપણું ઓછું હો કે વિશેષ હો તેની સાથે કાંઈ સંબંધ નથી. જેણે દૃષ્ટિમાંથી રાગના વિકલ્પનું ધ્યેય છોડીને, સ્વભાવના ધ્યેયે સ્વાનુભૂતિ પ્રગટ કરી છે તે પંડિત છે.

અનંતાનુબંધની ચાર અને દર્શનમોહનીયની ત્રણ, એ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. તેનો ઉત્કૃષ્ટ અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે, તે ઉપશમી સમ્યગ્દૃષ્ટિ છે.

અનંતાબંધુની ચાર અને મિથ્યાત્વ તથા મિશ્ર એ છ પ્રકૃતિઓનો અનુદય અને સમ્યક્ પ્રકૃતિનો ઉદય રહે છે તેને ક્ષયોપશમ સમકિત હોય છે. તેનો ઉત્કૃષ્ટકાળ છાસઠ સાગર અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે, તે ક્ષયોપશમી સમ્યગ્દૃષ્ટિ છે.

અહીં ઉપશમી કે ક્ષયોપશમી સમ્યગ્દૃષ્ટિની વાત નથી પણ તેમાંથી જે પડી જાય છે તેની દશા કેવી હોય છે તેની વાત છે. ઉપશમ સમ્યક્ત્વનો તો કાળ જ નાનો છે પણ ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં તો વધુમાં વધુ છાસઠ સાગર સુધી રહેવાની મર્યાદા છે. તેમાંથી જે પડી જાય તેની દશા લુહારની સાણસી જેવી છે. સમકિતથી પડે, વળી સમકિતમાં આવી જાય, વળી પડી જાય, આવે જાય એવું થાય છે. ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ ઘડીમાં મિથ્યાત્વમાં આવે અને ઘડીમાં સમકિતમાં આવે એવું નથી. અહીં ક્ષયોપશમથી પડી જાય તે પછી તેને ક્યારેક રાગનો રસ થઈ જાય અને ક્યારેક આનંદનો રસ આવે એવી દશા થઈ જાય છે તેની વાત છે. જે ક્ષયોપશમ સમકિતથી પડતો નથી તેની વાત નથી.

કોઈ જીવને ક્ષયોપશમ સમકિત હોય, મુનિપણું લીધું હોય પણ અંદરમાં ભ્રમણા થઈ

www.vitragvani.com



જાય એ વખતે આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભવનવાસી આદિ અસુરમાં જાય. બાકી, સમ્યગ્દષ્ટિ મરીને અસુરમાં ન જાય એ તો નિયમ છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં પડવાનો અવકાશ છે તેથી પડે તો મિથ્યાદષ્ટિ થઈ જાય. આ વાત આચાર્યદેવે કરવા માટે કહી નથી પણ ચેતવવા માટે કહી છે. હું પડી જઈશ તો! પડી જઈશ તો! એમ ડરવાની વાત નથી. પડે શું?

અહીં તો જ્યાં સુધી આત્મજ્ઞાન અને આત્મદષ્ટિ છે ત્યાં સુધી તે જીવ આસ્રવવાળો નથી, શુદ્ધતાવાળો છે, નિરાસ્રવી છે એ સિદ્ધ કરવું છે. જ્યારે કોઈ જ્ઞાની જીવ શુદ્ધતાના ભાવથી ભ્રષ્ટ થાય છે અને અશુદ્ધતાના અનુભવમાં આવી જાય છે ત્યારે તે મિથ્યાદષ્ટિ થઈ જાય છે માટે સાવધાન રહેવું જરૂરી છે. ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ નિયમથી પડે જ એવું નથી. જે પડે છે તેની અહીં વાત કરી છે. શ્રીમદ્જીએ પણ પડે છે તેની વાત કરી છે પણ બધાં ક્ષયોપશમમાંથી પડે જ છે એમ નથી. ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાંથી ક્ષાયિક સમ્યગ્દર્શન આવી જાય તે કાંઈ પડતાં નથી. અહીં જે ક્ષણમાં સમ્યક્ અને ક્ષણમાં મિથ્યાત્વની વાત લખી છે તે બધાં ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને લાગુ પડતી નથી. જે ક્ષયોપશમથી પડે છે તેને જ લાગુ પડે છે, ન પડે તો ક્ષયોપશમ સમકિત છાસઠ સાગર રહીને, ક્ષાયિક લઈને કેવળજ્ઞાન પામી જાય.

**जोलौं ज्ञान रहै तौलौं सिथिल चरन मोह,**.....જ્યાં સુધી આત્માનું ભાન અને આનંદનો અનુભવ રહે છે ત્યાં સુધી ચારિત્રમોહ શિથિલ થઈ જાય છે તેનું બંધન તેને થતું નથી અને થાય તેની ગણતરી ગણવામાં આવતી નથી. ભલે ઉપયોગ વિકલ્પમાં રોકાયો હોય પણ લબ્ધમાં આત્માનું ભાન છે ત્યાં સુધી ચારિત્રમોહનું બંધન ઢીલું પડી જાય છે. જેમ, સર્પ ઉપર ઠંડુ પાણી છાંટવાથી સર્પની શક્તિ ઢીલી પડી જાય છે તેમ ચારિત્રમોહ ઢીલો પડી જાય છે.

**आवत मिथ्यात तब नानारूप बंध करै**....જ્યારે તે જ ક્ષયોપશમ સમકિતી જીવ આત્માના ભાનથી ભ્રષ્ટ થઈ રાગની ક્રિયાને પોતાની માનવા લાગે, તેનાથી મને લાભ છે એમ માનવા લાગે ત્યારે તે મિથ્યા અભિપ્રાય અનુસાર અનેક પ્રકારના બંધ કરે છે. રાગાદિ સાથે એકત્વ થઈ જતાં તે મિથ્યાદષ્ટિ જ થઈ ગયો, તેથી તેને આસ્રવ અને બંધ થાય છે, તેથી સાસ્રવી છે. ભલે તે મુનિ હોય અને મહાવ્રતના પરિણામ હોય પણ તેમાં એકત્વ થયું હોય તો તે જ સમયે તે મિથ્યાદષ્ટિ થઈ ગયો, નિરાસ્રવી ન રહ્યો.

રાગનો રાગ થયો તેને સ્વભાવનો રાગ ન રહ્યો, છૂટી ગયો. મુનિ હોવા છતાં તેણે રાગની એકતા કરી તેથી સંસારનો બંધ બાંધવા લાગ્યો અને સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય પણ રાગની એકતા કરતો નથી તો તે નિરાસ્રવી છે, સ્વભાવની એકતામાં છે તેથી તે અબંધ છે. ચારિત્રમોહથી તે ભિન્ન પડી ગયો છે તેથી તેનો બંધ તેને નથી.

વિશેષ :—ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ અને જઘન્યકાળ અતંર્મુહૂર્ત છે અને ક્ષયોપશમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ છાસઠ સાગર અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. આ બંને સમ્યક્ત્વ નિયમથી નષ્ટ થાય જ છે એટલે કે ક્ષયોપશમ પણ કાયમ રહેતું નથી. તેથી જ્યાં સુધી સમ્યક્ત્વભાવ રહે છે ત્યાં સુધી આત્મા એક વિલક્ષણ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે. રાગથી જુદો પડ્યો એટલે જગતથી જુદી જાતની શાંતિ અને આનંદનો અનુભવ કરે છે અને જ્યારે સમ્યક્ભાવ નાશ પામવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને કર્મ-પરંપરા વધારે છે.

હવે આ શાસ્ત્રનો સાર શ્લોક દ્વારા આચાર્યદેવ કહે છે.

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि॥१०॥

અશુદ્ધનયથી બંધ અને શુદ્ધનયથી મોક્ષ છે.

**यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।**
**तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख॥१३॥**

અર્થ :—આ શાસ્ત્રમાં સાર વાત એ જ છે અને એ જ પરમતત્ત્વની પોષક છે કે, શુદ્ધનયની રીત છોડવાથી બંધ અને શુદ્ધનયની રીત ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે.

શું કહે છે! કે શુદ્ધનયની રીત પરમતત્ત્વની પોષક છે અને રાગની રીત બંધની પોષક છે માટે શુદ્ધનયને ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે અને શુદ્ધનયને છોડવાથી બંધ થાય છે. રાગનો અનુભવ કરવાથી બંધ થાય છે અને રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવાથી મોક્ષ થાય છે.

ભલે, દયા, દાન, વ્રતાદિના પરિણામ હો, પણ તે પરિણામનો અનુભવ કરનાર શુદ્ધનયથી ભ્રષ્ટ છે અને સર્વ રાગથી રહિત શુદ્ધ સ્વભાવનો અનુભવ તે શુદ્ધનય છે તે, તત્ત્વના રસનો પોષક છે. તેમાં આત્માના આનંદનો અનુભવ છે માટે શુદ્ધનય છોડવા લાયક નથી. આ આખા સમયસારનો સાર છે.

જુઓ! આમાં ત્યાગ અને અત્યાગની વ્યાખ્યા છે. શુદ્ધનયના ત્યાગથી બંધ છે અને શુદ્ધનયના અત્યાગથી મોક્ષ છે. શુદ્ધસ્વરૂપના અનુભવનો ત્યાગ નથી ત્યાં સુધી બંધ નથી. આ જૈનદર્શનનું–સમયસારનું માખણ છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ–દૃષ્ટિ–એકતા–રાગની પૃથક્તા એ શુદ્ધનય છે અને તેને છોડવાથી બંધ છે. રાગની સાથે એકતાબુદ્ધિ અને સ્વભાવના અનુભવનો ત્યાગ તે બંધનું કારણ છે અને શુદ્ધસ્વરૂપના અનુભવનો અત્યાગ અને રાગનો ત્યાગ તે મોક્ષનું કારણ છે.

*

# અહા! ધર્મી થયો ત્યાં બંધ ગયો!

(સળંગ પ્રવચન નં-૬૩)

આ, શ્રી સમયસાર નાટક નામનું શાસ્ત્ર છે તેમાં આસ્રવ-અધિકારનો ૧૧મો શ્લોક નીચે આપેલો છે તેના ઉપરનું ૧૪મું પદ્ય છે, તેમાં જીવની બાહ્ય અને અંતરંગ અવસ્થાનું વર્ણન છે.

करमके चक्रमैं फिरत जगवासी जीव,
हैव रह्यौ बहिरमुख व्यापत विषमता।
अंतर सुमति आई विमल बड़ाई पाई,
पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता।।
सुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास लीनौ,
भ्रमभाव छांडि दीनौ भीनौ चित्त समता।
अनादि अनंत अविकलप अचल ऐसौ,
पद अवलंबि अवलोकै राम रमता।।१४।।

અર્થ :—સંસારીજીવ કર્મના ચક્કરમાં ભટકતો મિથ્યાદૃષ્ટિ થઈ રહ્યો છે અને તેને અશુદ્ધતાએ ઘેરી લીધો છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન ઉપજ્યું, નિર્મળ પ્રભુતા પ્રાપ્ત થઈ, શરીર આદિથી સ્નેહ છૂટ્યો, રાગ-દ્વેષ-મોહ છૂટ્યા, સમતારસનો સ્વાદ મળ્યો, શુદ્ધનયનો સહારો લીધો, અનુભવનો અભ્યાસ થયો, પર્યાયમાં અહંબુદ્ધિ નાશ પામી ત્યારે પોતાના આત્માના અનાદિ, અનંત, નિર્વિકલ્પ, નિત્યપદનું અવલંબન કરીને આત્મસ્વરૂપને દેખે છે.

આ આસ્રવ અધિકાર છે ને! હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ અશુભ-આસ્રવ છે અને અહિંસા, સત્ય, દત્ત, શીલ, સંયમ આદિ શુભાસ્રવ છે. પોતાના શુદ્ધ-સ્વરૂપના અનુભવ વિના જગતના જીવો આવા શુભાશુભભાવરૂપ કર્મના ચક્કરમાં ભમે છે. શુભાશુભભાવના નિમિત્તે પુણ્ય-પાપ કર્મ બંધાય છે.

આત્માનું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદમય છે તેને અનાદિથી ભૂલી ગયેલો જીવ શુભાશુભ કર્મના ચક્કરમાં ફરી રહ્યો છે. હિંસા, જૂઠ, ચોરી આદિ મારે કરવા પડે છે અને દયા, દાન, વ્રત, ભક્તિ કરવા એ તો મારું કર્તવ્ય છે એમ માનીને જગતવાસી જીવો તે ભાવમાં

www.vitragvani.com



જ ફર્યા કરે છે. તે ભાવને ચક્ર એટલે કે ઘંટીની ઉપમા કેમ આપી કે ઘંટીમાં જેમ બે પડ છે તેમ આમાં પુણ્ય અને પાપ એ બે ચક્ર છે. તેમાં આત્માની શાંતિ પીસાય છે માટે તેને ચક્રની ઉપમા આપી છે. તેમાં શુભભાવ ઠીક અને અશુભ અઠીક એવા બે ભેદ કહ્યાં નથી કેમ કે બંને ભાવમાં આત્માની શાંતિ તો પીસાય જાય છે.

જ્ઞાનીને પણ બંને ભાવ હોય છે પણ તે દુઃખરૂપ જ છે, બંને ભાવ આસ્રવ છે, કર્મ ચક્ર છે. છઢાળામાં આવે છે કે

રાગ આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ....

રાગ છે તે આગ છે, ભલે શુભ હો કે અશુભ રાગ હો બંને દાહક છે. પોતાના શાંત, અવિકારી અકષાય, સ્વભાવથી તેની જાત વિરૂદ્ધ છે. તેમાં જ અનાદિથી અજ્ઞાની જીવની રુચિ પડી છે. અજ્ઞાની જીવો પોતાની અંતર્‌મુખ દૃષ્ટિ વિના બહિર્‌મુખ દૃષ્ટિ કરીને પુણ્ય–પાપકર્મના ચક્રમાં ફસાણા છે. પુણ્ય–પાપરૂપ કર્મ તો જડ છે પણ તેના કારણ એવા શુભાશુભકર્મના ચક્રમાં જીવો ફસાઈ ગયા છે. તેમાં પણ અશુભ છોડીને શુભભાવમાં આવે ત્યાં તો તેને એમ લાગે છે કે આપણે હવે ધર્મમાં આવી ગયાં. પણ ભાઈ! એ ધર્મ નથી પણ કર્મચક્ર છે, આત્માને અહિતકર છે, આત્માના શાંતસ્વભાવથી રહિત એ બહિર્મુખભાવ છે.

પરોપકાર કરવો, દયા પાળવી, જાત્રા કરવી, પૂજા કરવી એ બધાં ભાવ બહિર્મુખ છે, વિકલ્પ છે. લોકોને આકરું લાગે. દુકાને બેઠા હોય તો પાપ થાય પણ ઉપાશ્રયમાં કે મંદિરમાં બેઠા પાપ થતું નથી એમ લાગે. પણ ભાઈ! મિથ્યાત્વનું પાપ તો ચાલુ જ છે. જે કોઈ પરના લક્ષે ભાવ થાય છે તે કર્મચક્રની જાત છે, આત્માની જાત નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે તેનાથી ભિન્ન ઇન્દ્રિયજન્ય બધાં વિકલ્પો બહિર્મુખ છે. દયા પાળવાનો ભાવ, ઉપવાસ કરવાનો ભાવ, રાત્રે ચાર આહાર ન કરવાનો ભાવ એ બધાં ભાવો બહિર્મુખ છે. પાપચક્રમાંથી નીકળીને પુણ્યચક્રમાં આવ્યો પણ એ કોઈ ધર્મની જાત નથી. ભગવાનના સમવસરણમાં આ જીવ અનંતવાર જઈ આવ્યો અને વાણી સાંભળી આવ્યો પણ તેમાં આત્માનું જ્ઞાન ન થયું કેમ કે એ તો માત્ર શુભરાગ હતો. ત્રિલોકીનાથના સાક્ષાત્ ભેટા કર્યા પણ નિજ ભગવાનના ભેટા ન કર્યા તેને ભગવાનના પણ ભેટા ખરેખર થયા નથી. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે આ જીવે ભવ ભવમાં જિનવરને પૂજ્યા છે, મણિરત્નના દીવડે આરતી ઉતારી છે, કલ્પવૃક્ષના ફૂલથી ભગવાનની પૂજા કરી છે વગેરે ઘણું કર્યું પણ તે બધાં શુભભાવ છે—બહિર્મુખભાવ છે, તેનાથી આત્માનો અંતરમુખભાવ થતો નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાનની વાણી સાંભળી તેમાં પણ એ જ આવ્યું છે કે આ વાણી સાંભળવાના રાગથી તારું કલ્યાણ નહિ થાય.

.....**व्याप्त विषमता**....શુભ અને અશુભ બંને ભાવ વિષમ છે. શાંત-સ્વભાવ ભગવાન આત્મામાંથી બહાર આવીને જેટલી વૃત્તિઓ ઊઠે તે બધી કષાય-અગ્નિ છે. સાક્ષાત્ ભગવાન પણ આ આત્માથી પર હોવાથી તેના ઉપર જેટલું લક્ષ જાય તે વિષમતા છે. સમતાથી વિરૂદ્ધ ભાવ છે તેમાંથી સમતા ન આવે.

આત્માનું સ્વરૂપ તો સિદ્ધ સમાન છે. સિદ્ધમાં રાગ-દ્વેષ હોય તો આત્મામાં રાગ-દ્વેષ હોય. સિદ્ધમાં રાગ-દ્વેષ નથી કેમ કે રાગ-દ્વેષ તો વિષમભાવ છે. આત્મામાં પણ એ વિષમભાવનો અભાવ છે. શુભ-અશુભ બંને વિષમભાવ છે–અશુદ્ધભાવ છે–કર્મચક્ર છે.

**अंतर सुमति आई विमल बड़ाई पाई** પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન હું ચૈતન્ય ચમત્કારમૂર્તિ આત્મા છું એવી જ્યાં અંતરમાં સુમતિ જાગી, ત્યાં અશુદ્ધતાને પોતાની માનતો હતો તે પલટીને શુદ્ધ છે તે જ હું છું એમ માનવા લાગ્યો અને શુદ્ધપણે અનુભવવા લાગ્યો. અહો! આ પરમાત્મા તો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે આવું અંતરમુખ થઈને જે ભાન થયું તેનું નામ 'ધર્મ' કહેવાય છે. પરદ્રવ્ય તરફ લક્ષ રહેવું તે તો અશુદ્ધતા છે, વિષમતા છે, તેમાં સમતાનો અભાવ છે. તે પુણ્ય–પાપના ચક્રથી મારી પ્રભુતા ભિન્ન છે. સ્વભાવના આશ્રયે જ તે પ્રભુતા પ્રગટે છે. નિર્મળ દશામાં મારી મોટાઈ છે.

**पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता**—જીવથી ભિન્ન એવા પુદ્ગલથી તેની પ્રીતિ તૂટી જાય છે. આ બધી મારી ચીજ છે અને હું તેનો છું એવી જે માયા અને મમતા અજ્ઞાનદશામાં હતી તે છૂટી ગઈ. 'હું તો જ્ઞાનસ્વરૂપ છું' ત્રિકાળ એક જ્ઞાયકભાવે રહેલો છું, હું કદી શુભ કે અશુભભાવરૂપે થયો નથી, પર્યાયમાં શુભ-અશુભભાવ થયા હતા પણ હું તેમાં ન હતો.

બહિર્મુખદૃષ્ટિ છૂટી એટલે શુદ્ધનયમાં નિવાસ કર્યો. અનાદિથી પુણ્ય–પાપમાં નિવાસ હતો તે નિવાસ છોડીને હવે શુદ્ધનયમાં નિવાસ કર્યો. રાગના આશ્રયથી અનાસ્રવી ચીજ–ચૈતન્ય તદ્દન ભિન્ન છે. તેમાં દૃષ્ટિ સ્થપાણી અને તેનો સ્વાદ લીધો–અનુભવ કર્યો. અનાદિથી કર્મને અનુસરીને પુણ્ય–પાપના ચક્રને સેવીને રહેતો હતો તે હવે અખંડાનંદ ભગવાન આત્માને અનુભવીને રહેવા લાગ્યો એટલે તેમાં તેનો નિવાસ થયો અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. રાગનો સ્વાદ છૂટી ગયો–ભ્રમણાઓ છૂટી ગઈ. રાગ અને વિકલ્પમાં એકત્વબુદ્ધિ હતી તે છૂટી ગઈ. **भीनौ चित्त समता**–આત્માની શાંતિમાં તેનું ચિત્ત ભીંજાઈ ગયું.....અનાદિથી રાગમાં—વિકારમાં—બહિર્મુખભાવમાં રંગાઈ ગયો હતો તેને હવે અંતરમુખ દૃષ્ટિ કરતાં આત્માના આનંદનો રંગ ચડી ગયો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



अनादि अनंत अविकल्प अचल ऐसौ.....અનાદિથી રાગને અવલંબીને અજ્ઞાની રાગમાં ઘેરાઈ ગયો હતો તે હવે અનાદિ, અનંત, નિર્વિકલ્પ, નિત્ય ધ્રુવ.....ધ્રુવ ભગવાન આત્માનું અવલંબન લઈને અતીન્દ્રિય આનંદમાં રમતો થઈ ગયો. અનાદિથી ચાલી આવતી રાગની પરંપરાને તોડીને આત્માના આનંદની પરંપરામાં આવી ગયો. રાગમાં રમતો હતો તે અનાત્મારામ હતો તે જ હવે આત્મામાં રમતો આત્મારામ થઈ ગયો.

અહા! વ્યવહારનો તો આમાં ભૂક્કો ઉડાડી દીધો છે. વ્યવહાર સાધન છે—હેતુ છે તેને કેમ ઉડાડો છો એમ લોકો તકરાર કરે છે પણ પ્રભુ! તું કોની સાથે તકરાર કરે છો? તારો ભાવ જ તને ગોઠતો નથી તેથી તું તકરાર કરે છો, રાગની રુચિ કરે છો પણ અંતરમુખ થવાનો પ્રયત્ન કરતો નથી.

હવે ૧૨મા કળશના ૧૫મા પદ્યમાં કહે છે કે—

### શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે.

जाके परगासमैं न दीसैं राग द्वेष मोह,
आस्रव मिटत नहि बंधकौ तरस है।
तिहूं काल जामैं प्रतिबिंबित अनंतरूप,
आपहू अनंत सत्ता नंततै सरस है।।
भावश्रुत ग्यान परवान जो विचार वस्तु,
अनुभौ करै न जहां वानीकौ परस है।
अतुल अखंड अविचल अविनासी धाम,
चिदानंद नाम ऐसौ सम्यक दरस है।।१५।।

અર્થ :—જેના પ્રકાશમાં રાગ-દ્વેષ-મોહ રહેતા નથી, આસ્રવનો અભાવ થાય છે, બંધનો ત્રાસ મટી જાય છે, જેમાં સમસ્ત પદાર્થોના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાય ઝળકે છે અને જે પોતે સ્વયં અનંતાનંત ગુણપર્યાયોની સત્તા સહિત છે, એવો અનુપમ, અખંડ, અચળ, નિત્ય જ્ઞાનનું નિધાન ચિદાનંદ જ સમ્યગ્દર્શન છે. ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણથી પદાર્થનો વિચાર કરવામાં આવે તો તે અનુભવગમ્ય છે અને દ્રવ્યશ્રુત અર્થાત્ શબ્દ શાસ્ત્રથી વિચારવામાં આવે તો વચનથી કહી શકાતું નથી.

ભગવાન આત્માના ચૈતન્ય પ્રકાશના પૂરમાં જ્યાં નજર પડી ત્યાં રાગ-દ્વેષ-મોહ તો દેખાતાં જ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનું શરણ મળતાં પુણ્ય–પાપ અને મોહભાવ

www.vitragvani.com



થતાં નથી તેથી આસ્રવ મરી જાય છે અને આસ્રવ મરવાથી બંધનો ત્રાસ પણ મરી જાય છે. નવા કર્મ જેનાથી આવે એવા ભાવ જ થતાં નથી તેથી કર્મ આવતાં નથી અને બંધ થતો નથી. અહા! ધર્મી થયો ત્યાં બંધ નથી!!

રાગના અંધકારમાં ઊભો હતો ત્યાં સુધી બંધનો ત્રાસ હતો. હવે જ્યાં ભગવાન આત્માના બેહદ જ્ઞાન, દર્શન, વીર્ય, આનંદ સ્વભાવમાં ભળ્યો ત્યાં તેને આસ્રવ અને બંધનો ત્રાસ ટળી ગયો. હવે તેને બંધ થતો નથી. આત્મા સ્વરૂપથી જ અબંધસ્વભાવ છે, શુભાશુભવિકલ્પ આત્મામાં નથી અને પુણ્ય–પાપ કર્મ પણ આત્મામાં નથી. આવા અબંધ સ્વભાવી આત્માને જે દેખે છે તે ૧૫ મી ગાથામાં કહ્યું છે તેમ સકલ જિનશાસનને દેખે છે.

ભાવશ્રુતજ્ઞાનમાં એટલે નીચે છદ્મસ્થદશામાં પણ એમ ભાસવા લાગે છે કે હું રાગ અને કર્મના બંધનથી રહિત છું અને ત્રણકાળ ત્રણલોકવર્તી સર્વ પદાર્થોને જાણવા–દેખવાવાળો છું પણ કોઈ પદાર્થને મારા કરીને મારામાં રાખું એવો હું નથી. રાગને સાથે રાખીને રાગમય થઈ જાઉં એવો મારો સ્વભાવ જ નથી. હું તો રાગને અને આખી દુનિયાને માત્ર જાણનાર દેખનાર છું. શુભાશુભરાગને કરનારો કે તે–રૂપે પરિણમનારો હું નથી.

લોકોને આ એકાંત જેવું લાગે પણ, સમ્યક્ નિશ્ચય જ એકાંત ધર્મ છે. જ્ઞાન છે તે રાગને કરે કે જ્ઞાનને કરે! જ્ઞાન તો જ્ઞાન જ કરે ને! જ્ઞાનમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે એટલે કે લોકાલોકનું જ્ઞાન થાય છે. ત્રણલોકના અનંતાનંત પદાર્થો જ્ઞાનમાં જણાય જાય છે અને જ્ઞાયક આત્મા પોતે પણ અનંત ગુણથી સહિત છે.

આત્મા રાગરહિત છે પણ અનંત જ્ઞાનાદિ ગુણથી તો સહિત છે. ચૈતન્યસત્તા ખાલી નથી તેમ જ માત્ર ત્રણકાળ ત્રણલોકને જાણનાર જ નથી, એ તો અનંત ગુણથી ભરપૂર છે. જે આસ્રવથી છૂટે છે તે અનંતગુણથી સહિત પોતાની સત્તાને અનુભવે છે.

**भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु**—અંતરમુખ થઈને જેણે આત્માનો પત્તો મેળવ્યો તેણે ભાવશ્રુતજ્ઞાન વડે આખા જૈનશાસનને જોઈ લીધું. ભાવશ્રુત એટલે વાણી નહિ પણ જ્ઞાન દ્વારા આખા આત્માને જ્ઞેય બનાવ્યો–એ જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવાય છે. દ્રવ્યશ્રુતથી આત્મા પમાતો નથી, ભાવશ્રુતજ્ઞાનથી જ આત્મા પમાય છે. દ્રવ્યશ્રુત એટલે જિનવાણી આત્માના એક એક ગુણને ક્રમથી કહે પણ આત્માના પૂર્ણ સ્વરૂપને કહેવાની તેનામાં તાકાત નથી. માટે કહ્યું કે વચનથી આત્માનો પાર પામી શકાતો નથી. અનુભવ વડે જ આત્માનો સ્વાદ લઈ શકાય છે, પાર પામી શકાય છે.

ભૂંડ વિષ્ટાને ચાટે તેમ અજ્ઞાની રાગ-દ્વેષને ચાટે છે. જે કાઢી નાંખવાની ચીજ છે તેને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ ચાટે છે. જ્ઞાની તો નિજ આનંદને ચાટે છે. આત્મા અનુભવગમ્ય છે તેને વાણી વડે જાણી શકાતો નથી. તેમ જ વિકલ્પ વડે પણ જાણી શકાતો નથી. વચનાતીત અને વિકલ્પાતીત વસ્તુને વાણી કે વિકલ્પ અડી શકતા નથી તેથી પ્રશ્ન થાય કે તો આત્માને અનુભવવા માટે સાધન શું?—એ જ કહીએ છીએ કે અંતરમાં આત્માને સમજવો તે જ સાધન છે, રાગાદિભાવ સાધન નથી. જે આસ્રવ છે તે સાધન કેમ હોય! ઘણાં એમ માને છે કે ઉપાદાનમાં યોગ્યતા તો અનેક પ્રકારની છે પણ જેવું નિમિત્ત મળે તેવું કાર્ય થાય છે. જો એમ હોય તો તો નિમિત્તથી જ કાર્ય થયું ગણાય, તેમાં જીવે શું કર્યું!....પણ એમ નથી ભાઈ! વસ્તુમાં એક સમયની પર્યાયમાં એક જ પ્રકારની યોગ્યતા હોય છે અને તે પ્રમાણે કાર્ય થાય છે, નિમિત્તથી કાર્ય થતું નથી.

**अतुल अखंड अविचल अविनासी धाम**....અતુલ—જેની કોઈ તુલના થઈ શકે તેમ નથી, જેને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી એવો અતુલ આત્મા રાગથી ભિન્ન એક અખંડ વસ્તુ છે તે પોતાના ધ્રુવધામથી કદી ખસતો નથી એવો અવિચલ છે. અનાદિ-અનંત ધ્રુવ પ્રભુ કદી પર્યાયમાં આવતો નથી, ત્રિકાળ નિત્ય રહે છે.

અજ્ઞાનદશામાં એને એમ થાય છે કે હું ઘરમાં જાઉં છું, દુકાને જાઉં છું, બે-ચાર કલાક દુકાન સંભાળું છું, પેદાશ સારી થાય છે એમ માનીને એ હરખાય છે પણ અહીં કહે છે તું ક્યાંય જતો જ નથી. તું તો આસ્રવના વિકલ્પના સંબંધ વિનાનો છો તો હવે તને કોના સંબંધવાળો કહેવો! આ મોક્ષ માટે ધર્મના દરવાજા ખોલવાની કળા બહુ સૂક્ષ્મ છે. અંતરમુખ દૃષ્ટિ કર્યા વિના તે કળા હાથ આવે એવી નથી.

**चिदानंद नाम ऐसौ सम्यक दरस है** જ્ઞાન અને આનંદ સ્વરૂપ અખંડ આત્માના અનુભવપૂર્વકની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

આ સમ્યગ્દર્શન પ્રમાણે આત્મા છે, પ્રતીતિ આખા દ્રવ્યમાં વ્યાપેલી છે તેથી તેના પ્રમાણે આત્મા છે એમ કહ્યું છે. રાગ કે વિકલ્પ જેવડો આત્મા નથી પણ આત્મા સમ્યગ્દર્શન પ્રમાણ છે કારણ કે પૂર્ણને પ્રતીતિમાં લેનારી પ્રતીતિ પણ પૂર્ણસ્વરૂપ છે.

શ્લોકમાં **ज्ञानमुन्मग्नमतेत्** શબ્દ છે ને! જ્ઞાન ઉન્મગ્ન થાય છે–બહાર આવે છે. ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે ત્યારે વચ્ચે વૈતાઢ્ય પર્વતમાંથી બે નદી આવે છે તેમાં એક નદીનું પાણી એવું છે કે તેમાં જે વસ્તુ પડે તે નીચે ચાલી જાય–ડૂબી જાય તે નદીનું નામ નિમગ્ના છે અને એક નદીના પાણીનો સ્વભાવ એવો છે કે તેમાં જે વસ્તુ પડે તે ઉપર આવી જાય. એ નદીનું નામ ઉન્મગ્ના છે. તેમ આત્મા અજ્ઞાનમાં ડૂબી જાય અને જ્ઞાન થતાં ઉપર આવી

www.vitragvani.com



જાય છે અર્થાત્ સંસારસમુદ્રમાંથી તરી જાય છે. આત્માનું ભાન થતાં પર્યાયમાં આનંદ અને જ્ઞાનના ઉછાળા આવે છે. ભક્તિમાં આવે છે ને! 'પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલસી આવે એમ......'

આ રીતે અહીં પાંચમો આસ્રવ અધિકાર પૂર્ણ થયો. હવે તેનો સાર કહે છે.

રાગ-દ્વેષ-મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કર્મણવર્ગણારૂપ પુદ્ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. શુભ અને અશુભ બંને મેલા પરિણામ છે તે ભાવાસ્રવ છે અને તેના નિમિત્તે જે કર્મો આવે છે તેને દ્રવ્યાસ્રવ કહેવાય છે. આત્માનું જ્ઞાન તો આ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના આસ્રવોથી ભિન્ન છે. આત્મા બંને પ્રકારના આસ્રવથી રહિત છે તેથી તેનું જ્ઞાન પણ આસ્રવથી રહિત છે. સમ્યગ્દર્શન થતાં જ જીવમાં વર્તતા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

આમ, જીવવસ્તુના દ્રવ્ય અને ગુણમાં તો શુભાશુભ આસ્રવનો અભાવ છે અને તેનું ભાન થતાં જીવની પર્યાયમાંથી પણ આસ્રવનો અભાવ થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે. ધર્મી જીવ કદાચિત્ અવ્રતી હોય તોપણ તેને આસ્રવ થતો નથી. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ દેવ હો, રાજા હો, ચક્રવર્તી હો, નારકી હો, દેડકો હો, અરે! ઢેઢગરોળી (छिपकली) સમ્યગ્દૃષ્ટિ હો તો તેને આત્માનું ભાન પર્યાયમાં થયું હોવાથી આસ્રવનો અભાવ છે કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહમ્ બુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી. તેને પોતાપણું તો એક શુદ્ધ જ્ઞાનાનંદમાં જ છે તેથી અવ્રતીને પણ આસ્રવ નથી. પાંચમાં ગુણસ્થાને વ્રત છે એ પણ રાગભાવ છે. મૂળ તો અંદરની શુદ્ધિથી જ આસ્રવનો નિરોધ થાય છે.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીની અંતર-દશા

(સળંગ પ્રવચન નં-૬૪)

આ, શ્રી નાટક સમયસારશાસ્ત્રમાં આસ્રવ અધિકાર છે.

શુદ્ધ આનંદકંદથી વિપરીત જે કાંઈ અજ્ઞાન, કષાય, શુભ અને અશુભ પરિણામ છે તે બધાં આસ્રવ છે. અજ્ઞાનીને અનાદિથી નિરંતર આવા પરિણામ થયા કરે છે. આ આસ્રવ જ જીવને નવા બંધનું કારણ થાય છે.

જ્ઞાનીને તો નિજ સ્વભાવનું જ્ઞાન હોવાથી કષાયમાં એકત્વ થતું નથી તેથી તેમને તો આસ્રવ થતાં જ નથી પણ અજ્ઞાનીને નિજ શુદ્ધ અસ્તિત્વનું ભાન નથી અને શરીર, રાગ-દ્વેષાદિના અસ્તિત્વને જ પોતાનું સ્વરૂપ માને છે તેથી તેને મિથ્યાત્વભાવ વડે ઘણાં આવરણ થાય છે.

અહીં પાંચમાં આસ્રવ અધિકારના સારમાં ધર્મીને આસ્રવ થતો નથી એમ કહેવામાં આવે છે. પાંચમી લીટી છે–સમ્યગ્જ્ઞાની અવ્રતી હોય તોપણ તેમને આસ્રવ થતો નથી. એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતાં નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી.

ધર્મીને હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના આદિનો ત્યાગ ન હોય (શ્રદ્ધામાં તો ત્યાગ હોય પણ સ્થિરતા–ચારિત્રમાં તેનો ત્યાગ ન હોય) છતાં તેને આસ્રવ નથી એમ કહેવામાં આવે છે.

શ્રોતા :—આસ્રવ નથી કે આસ્રવ નથી એમ કહેવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આસ્રવ નથી એમ કહેવામાં આવે છે કેમ કે ધર્મીને એકલું શુદ્ધ પરિણમન નથી, અશુદ્ધ પરિણમન પણ છે પરંતુ દૃષ્ટિના જોરમાં, શુદ્ધ પરિણમનવાળાને અશુદ્ધ પરિણમન નથી એમ કહેવામાં આવે છે કેમ કે દૃષ્ટિમાં તેને અવ્રતના પરિણામથી વિરક્તતા વર્તે છે. મારો આનંદ તો મારામાં છે, શરીરમાં, સ્ત્રી, કુટુંબ, પરિવારમાં કે ધનાદિમાં મારો આનંદ નથી. મારું સુખ પણ મારામાં છે, બહારમાં ક્યાંય નથી. મારું આખું સુખ તો એક સમયની પર્યાયમાં પણ નથી. પૂર્ણ સુખસાગર હું આત્મા છું.

સમ્યગ્દૃષ્ટિ થયો તે ભલે આઠ વર્ષનું બાળક હો કે સ્ત્રી હો કે દેડકો હો–પણ તેના

www.vitragvani.com



ચૈતન્યસૂર્યમાં જાગૃતદશા થઈ ગઈ છે તેથી રાગ-દ્વેષાદિ શુભાશુભભાવોથી ભિન્ન પડીને સ્વભાવને અનુભવે છે. બહારથી ધર્મીજીવ રાજા હોય તો હજારો રાણીઓના વૃંદમાં બેઠેલો દેખાય પણ અંતરથી કોઈને તે 'મારા' માનતો નથી. વસ્તુતત્ત્વનો અનુભવ થયો છે તેથી સમ્યગ્દૃષ્ટિ સ્વભાવ સિવાય ક્યાંય મમત્વ કરતા નથી અને વિષયવાસનાનો વિકલ્પ તો આવે છે પણ તેમાં તલ્લીન થતાં નથી કેમ કે આત્માનો આનંદ અનુભવ્યો છે તેથી તેમાં ક્યાંય આનંદ આવતો નથી.

હું આત્મા, આનંદની મૂર્તિ છું એવું ભાન હોવાથી ધર્મીને શરીરાદિમાં અહમ્ નથી અને વિષયાદિમાં લીનતા નથી. આ ધર્મીનું રૂપ છે. બાહ્યથી કાંઈ ત્યાગ નથી પણ અંતરંગથી કોઈ વસ્તુમાં મમત્વ નથી. વિકલ્પ ઊઠે છે તેમાં પણ ધર્મી એકમેક નથી. વિકલ્પમાં એકતા થતી નથી અને સ્વરૂપમાંથી એકતા તૂટતી નથી એનું જ નામ ધર્મ છે.

જોકે બાહ્યદૃષ્ટિથી લોકોને જોવામાં મિથ્યાદૃષ્ટિજીવો અને અવ્રતી સમ્યગ્દૃષ્ટિઓના વિષયભોગ, પરિગ્રહ-સંગ્રહ આદિની પ્રવૃત્તિ એકસરખી દેખાય છે પરંતુ બંનેના પરિણામમાં મોટો ફેર છે. ધર્મીરાજા રાજ-પાટમાં બેઠો હોય, સૌની સાથે ખાતો-પીતો હોય, બધી ક્રિયા મિથ્યાદૃષ્ટિ જેવી કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં ફેર ત્યાં પડે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સિવાય ક્યાંય આનંદ માનતો નથી, જ્યારે મિથ્યાદૃષ્ટિ શરીરમાં, આબરુંમાં, ધનમાં, અનુકૂળતામાં આનંદ માની લે છે. બિલાડી ઉંદરને પકડે અને પોતાના બચ્ચાને પકડે પણ પકડ—પકડમાં ફેર હોય છે, તેમ અજ્ઞાનીની અને જ્ઞાનીની ક્રિયા બહારથી સરખી દેખાતી હોવા છતાં પરિણામમાં મોટો ફેર છે. અજ્ઞાનીના પરિણામ જ્યાં હોય ત્યાં પકડાય જાય છે–ફસાય છે પણ ધર્મી ક્યાંય પકડાતાં નથી.

ઇન્દ્રાણીના વિષય અને સુખની બધી સામગ્રી હોય છતાં ધર્મી તેમાં પકડાતાં નથી. આ નહિ.....આ નહિ.....આ તો ઝેરની વાસનાનું નિમિત્ત છે, સુખનું કારણ નથી....નથી..... એમ તેનાથી ન્યારા રહે છે.

શ્રોતા :—તો ધર્મી રાગ કરે છે શું કામ?

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી :—ધર્મી રાગ કરતાં નથી. કર્મના ઉદયવશ જોડાણ થાય છે પણ અંતરથી મીઠાશ ઉડી ગઈ છે. જોડાયા વગર સમાધાન થતું નથી તેથી એવા રાગના પરિણામ આવે છે પણ ધર્મી તેમાં તલ્લીન નથી.

૫૦ વર્ષ પહેલાં બોટાદમાં આવી ચર્ચા ચાલી હતી ત્યારે કહ્યું હતું કે શાસ્ત્રમાં પણ આવે છે કે નીચલા ગુણસ્થાનવર્તી ધર્મી ઉપરની ભાવના ભાવે છે કે ક્યારે હું સકળ પરિગ્રહ

www.vitragvani.com



છોડીને, મુનિ થઈ આત્માની વીતરાગીદશાની સાધના સાધુ! તેની પાસે વર્તમાનમાં અબજો રૂપિયા, સ્ત્રી, પુત્ર, પુત્રી, મકાન આદિ બધો પરિગ્રહ છે પણ ભાવના આવી ભાવે છે તો શું એની ભાવના ખોટી છે? શું એ મૂરખ છે? શું એ અત્યારે જ બધું છોડી દે તો ભાવના સાચી કહેવાય! એમ ન હોય ભાઈ! બહારથી ધર્મીના માપ ન થાય બાપુ! પકડ-પકડમાં ફેર છે.

ભગવાન તારી જાત તો અનાદિ અનંત સત્ ચિદાનંદની જાત છે તેનો જેને વિશ્વાસ આવ્યો અને એક ક્ષણ અતીન્દ્રિયાનંદનો સ્વાદ આવ્યો તેને સમ્યગ્દૃષ્ટિ–ધર્મી કહેવામાં આવે છે, પછી તેની ક્રિયાઓ મિથ્યાદૃષ્ટિ જેવી હોય પણ અંતરથી એને ક્યાંય એકત્વ નથી. મિથ્યાદૃષ્ટિ કદાચિત્ બાહ્યથી બધુ ત્યાગી દે પણ અંદરમાં રાગની એકતાનો ત્યાગ નથી તો એ ત્યાગી નથી–પૂરો અત્યાગી છે.

એક સમ્યગ્દૃષ્ટિ અને એક મિથ્યાદૃષ્ટિ બંને ભાઈઓ હોય તો એક જ દુકાનમાં બંને કામ કરતાં હોય, બન્ને એક થાળીમાં જમતાં હોય પણ બંનેની અંતરશ્રદ્ધામાં મોટો ફેર છે. જેમ કોઈ વ્યક્તિ પોતાની માતાને જુએ અને સ્ત્રીને જુએ પણ જોવા-જોવામાં ઘણો ફેર હોય છે. આ તો મારી જનેતા છે, જેના પેટમાં હું સવાનવ મહિના રહ્યો છું....એમ નિર્દોષ પરિણામથી જુએ છે અને સ્ત્રીને તેના અંગ-ઉપાંગને જુદાં જ પરિણામથી જુએ છે, એમ પરિણામમાં મોટો ફેર હોય છે. તેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના પરિણામમાં મોટો ફેર હોય છે. મિથ્યાદૃષ્ટિ જે શુભાશુભ ક્રિયા કરે તેની પાછળ ફળની અભિલાષા હોય છે, પરિણામમાં એકત્વબુદ્ધિ હોય છે, ક્રિયાના ફળમાં મને ઠીક પડશે એમ એ માને છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ક્રિયા તો કરે છે પણ તેના ફળની અભિલાષાથી શૂન્ય હોય છે. શુભ-અશુભ પરિણામ જ મારી ચીજ નથી તો તેના ફળમાં મળનારા સંયોગ મારા કેમ થાય? તેનાથી મને લાભ ન હોય.

જ્ઞાની તો શુભાશુભક્રિયા કે તેના ફળના અભિલાષી નથી, જ્ઞાની તો જ્ઞાતા-દ્રષ્ટા છે. જે ચીજને તે પોતાની માનતાં નથી તે ચીજ વધે, ટકે એવી તેને ભાવના કેમ હોય! ધર્મીને તો આત્માનો પ્રેમ લાગ્યો છે તેથી આત્મામાં પરિણામ ટકે અને વધે એવી ભાવના હોય, સંયોગની ભાવના ધર્મીને ન હોય.

આમ હોવાથી અજ્ઞાનીની શુભાશુભક્રિયા આસ્રવનું કારણ છે અને જ્ઞાનીની શુભાશુભક્રિયા નિર્જરાનું કારણ છે. અજ્ઞાની શુભાશુભભાવ અને ક્રિયાને પોતાનું સ્વરૂપ માનતો હોવાથી તેને નવા આવરણો આવે છે. જ્યારે જ્ઞાની તો જાણે છે કે હું તો જ્ઞાનસૂર્ય છું, મારામાં રાગાદિ ભાવ હોય જ નહિ. તેથી જ્ઞાનીને નવા આવરણ આવતાં નથી. શુભાશુભ વિકલ્પ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવીને ખરી જાય છે. એકત્વ નથી, પૃથક્તા રાખીને થાય છે તેથી નવા કર્મ બંધાયા વિના જૂના કર્મ ખરી જાય છે.

નોઆખલીમાં બનેલા અત્યાચારના દૃષ્ટાંતથી ધર્મીની એકતાબુદ્ધિ વિનાની ક્રિયા સમજાય તેમ છે. માતા અને પુત્રને, ભાઈ અને બેનને નગ્ન કરીને ભેગાં કરીને ભેગાં કરતાં....શરીર અડેલાં દેખાય છે પણ પરિણામમાં તો એમ છે કે જમીન મારગ આપે તો સમાય જઈએ. તેમ ધર્મી, અજ્ઞાની જેવી બધી ક્રિયા કરતાં દેખાય છે પણ ક્યાંય એકત્વબુદ્ધિ કે મીઠાસ નથી. મારા ચૈતન્ય ભગવાનના આનંદ પાસે આ રાગ તો ઝેર છે એમ ધર્મીને લાગે છે. શુભરાગ પણ ઝેર જેવો લાગે છે. શાંત અવિકારી સ્વભાવમાંથી બહાર આવીને જે કોઈ વૃત્તિ ઊઠે તે બધી જ્વાળા છે. જેને અવિકારી સ્વભાવનો અનુભવ થયો તેને એ અનુભવની અપેક્ષાએ આ રાગ જ્વાળા જેવો લાગે છે. જેને અનુભવ નથી તેને જ્વાળા ક્યાંથી લાગે! એને તો એ ભાવ જ હું છું એમ લાગે છે તેથી તેમાં એકત્વ વર્તે છે.

જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાનો હેતુ કેમ છે?–કે જે પરિણામ આવે છે તેમાં જ્ઞાનીને એકતા નથી, મીઠાસ નથી, રુચિ નથી, પ્રેમ નથી તેથી એ પરિણામ ચાલ્યા જાય છે–ખરી જાય છે. વિકલ્પમાં એકત્વની ગાંઠ તૂટી ગઈ છે તે ગાંઠને કોણ જોડે? રાગની વૃત્તિ મારી ચીજમાં ત્રણકાળમાં હતી નહિ, છે નહિ, મારી થવાની નથી–તેને હું 'મારી' કેમ માનું?

અજ્ઞાનીએ તો નિજઘર જોયા નથી તેથી પુણ્ય–પાપમાં એકત્વ થયા વગર રહેતું નથી. જ્યાં એકત્વ માન્યું છે ત્યાં પ્રેમ થયા વગર રહેતો નથી.

સ્વરૂપનું ભાન અને રાગથી ઉદાસીનતારૂપ જ્ઞાન અને વૈરાગ્યની એવી મહિમા છે કે તેને પરિણામ થવાં છતાં આસ્રવ થતો નથી. અખંડ અભેદ નિજ વસ્તુની અસ્તિની પ્રતીતિ તે જ્ઞાન છે અને રાગની નાસ્તિ તે વૈરાગ્ય છે. બીજો કોઈ વૈરાગ્ય નથી. પુણ્ય–પાપના વિકલ્પના અભાવરૂપ પરિણમન તે વૈરાગ્ય છે.

જેવી રીતે રોગી અભિરુચિ ન હોવા છતાં પણ ઔષધિનું સેવન કરે છે, કડવી કડવી ઝેર જેવી ઔષધિ પાણીની માફક પી જાય છે, કમળાના રોગમાં તો એવી ઔષધિ આવે કે કૂતરાની વિષ્ટા જેવી ગંધ મારતી હોય તોપણ પીએ છે. રુચિ તો જરાય નથી પણ રોગ થયો છે તેથી પીવી પડે છે, પીવાનો ભાવ જરાય નથી, તેમ જ્ઞાનીઓને ઉદયથી બળજોરીવશ શુભાશુભ પરિણામમાં જોડાવું પડે છે પણ પ્રેમ જરાય નથી. આ તો અંતરની વાતો છે. અંતરમાં આત્મા સિવાય ક્યાંય ચેન પડતું નથી પણ પરિણામ એવા આવે છે કે કોઈ રીતે સમાધાન થાય એ માટે જોડાય છે એમ પણ કહેવાય. રુચિ નથી તેથી ખરેખર જોડાતાં જ નથી. નબળાઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનુસાર પરિણામ આવે છે તેનું નામ કર્મમાં જોડાણ થયું કહેવાય. રસ નથી, મજા પડતી નથી છતાં ભોગવે છે એમ દેખાય છે તેથી કહેવાય છે કે ધર્મી ભોગ ભોગવે છે.

ઉદયની બળજોરી એટલે પોતાના પુરુષાર્થની નબળાઈ છે અને રાગનો પુરુષાર્થ વધી ગયો છે પણ રાગનો રસ જરાય નથી રુંવાટે રુંવાટેથી રાગનો રસ ઊડી ગયો છે છતાં રાગ આવે છે તેથી ધર્મી ભોગવતાં દેખાય છે પણ અંતરમાં મોટો આંતરો છે. ઘણાં શોખથી શરબત, મુરબ્બા આદિ ચાખે છે તેમાં અને રોગી દવા ખાય છે તેના રસમાં કેવો મોટો ફેર છે તેવો ફેર ધર્મી-અધર્મીના પરિણામમાં છે. અજ્ઞાની મોજ માટે ગૃદ્ધિપૂર્વક ભોગ ભોગવે છે અને જ્ઞાની ઉદયની બળજોરીવશ રુચિ વગર ભોગ ભોગવે છે.

આસ્રવનું થવું તેરમા ગુણસ્થાન સુધી યોગોની પ્રવૃત્તિ હોવાથી રહે છે, સર્વજ્ઞ થાય તોપણ થોડો આસ્રવ રહે છે અને ચોથા ગુણસ્થાને તો સીત્તેર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. આત્માનું જ્ઞાન થાય, આત્માના આનંદનો અનુભવ થાય છતાં સીત્તેર પ્રકૃતિ તો બંધાય છે છતાં અહીં જ્ઞાનીને નિરાસ્રવ કહ્યાં તેમાં અભિપ્રાય એ છે કે અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ અને તેની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ચોકડીનો ઉદય સમ્યક્ત્વની દશામાં રહેતો નથી તેથી તે સંબંધી કર્મનો બંધ પડતો નથી તેની મુખ્યતાથી જ્ઞાનીને નિરાસ્રવ કહ્યાં છે.

રાગની એકતાબુદ્ધિ એ મહામિથ્યાત્વ અને મહાપાપ છે. આ અધિકારના ૯ મા કળશમાં આ વાત આવી હતી–**रागादियोगमुपयान्ति विमुक्त बोधाः।** આત્માનું ભાન જેને થયું તેને રાગનો યોગ હોવા છતાં રાગ સાથે એકતા નથી અને અજ્ઞાનીને બાહ્યત્યાગ હોવા છતાં અંદરમાં રાગ સાથે એકતા છે. રાગમાં એકતા માનનારો મિથ્યાદૃષ્ટિ છે અને રાગમાં એકત્વબુદ્ધિને તોડે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે. ચારિત્રનો દોષ અનંત સંસારનું કારણ નથી, તે મૂળ સંસાર પણ નથી. મૂળ સંસાર મિથ્યાત્વ જ છે. પૂર્ણાનંદના નાથનો સ્વીકાર નહિ અને શુભા-શુભ ભાવો તે જ હું એવો સ્વીકાર છે તે ખરેખર સંસાર છે. સ્ત્રી, પુત્ર, પરિવાર એ સંસાર નથી પણ તેમાં રાગની એકતા કરે છે તે સંસાર છે. એક દીકરો હોય કે છ દીકરા હોય પણ તેમાં રાગની એકતા કરીને બેઠો છે એ એકતા તે જ મિથ્યાત્વરૂપ સંસાર છે. સંયોગને છોડવાથી મિથ્યાત્વ છૂટતું નથી કેમ કે સંયોગ તો કાંઈ પોતાની અંદર ઘૂસી ગયો ન હતો, મૂળ તો તેમાં એકતા કરી છે તે એકતાબુદ્ધિ છોડવાની છે.

મિથ્યાત્વ છોડવાનો ઉપદેશ તો આપે નહિ અને ઘર-બાર છોડી દ્યો—તેના ઉપર દ્વેષ

www.vitragvani.com



કરો એવો ઉપદેશ આપે છે તે અજ્ઞાની છે. બધું છોડી દે પણ મિથ્યાત્વ લઈને બેઠો છે તે મોટો સંસાર લઈને બેઠો છે.

બાહ્યચીજ તો મારામાં નથી પણ ઉદયભાવ પણ મારામાં નથી એમ તેનાથી પૃથક્ પડે ત્યારે મિથ્યાત્વ છૂટ્યું કહેવાય. ઉદયભાવ તે સંસાર છે તેને છોડ્યા વિના સંસાર છૂટતો નથી. બહારથી બાવો તો અનંતવાર થયો, સાધુ થયો, નગ્ન દિગંબર મુનિ થયો, એક લંગોટી પણ ન રાખી, પરંતુ અંદરમાં ઉદયભાવની એકતાબુદ્ધિ ન તોડી તેને સંસાર ઊભો જ રહ્યો. જેનાથી પૃથક્ થવાનું છે તેનાથી પૃથક્ થતો નથી અને બીજાથી તો પૃથક્ છે જ તેથી જેનાથી પૃથક્ છે તેનાથી પૃથક્ થવાની માન્યતા જ મિથ્યાત્વ છે.

શરીરાદિમાં હુંપણું, સ્ત્રી, પુત્ર, મકાન, ધનાદિમાં મારાપણું અને રાગાદિભાવોમાં મીઠાશ....એવો જે અંદરનો મિથ્યાત્વભાવ છે–વિપરીત શ્રદ્ધાન છે તે મૂળ સંસાર છે. તેનો જેણે નાશ કર્યો તેને મિથ્યાત્વની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભની પ્રકૃતિનો આસ્રવ થતો નથી–સંવર રહે છે. કુલ મળીને એકતાલીસ પ્રકૃતિઓનો ધર્મીને સંવર રહે છે. ધર્મીનું સ્વજ્ઞેય આત્મા છે, રાગાદિ એ જ્ઞાનીનું સ્વજ્ઞેય નથી કેમ કે ધર્મીની દૃષ્ટિ રાગથી ઊઠીને આનંદ ઉપર પડી છે. તેથી ધર્મીની ક્રિયા અજ્ઞાની જેવી દેખાતી હોવા છતાં મિથ્યાત્વ સંબંધી એકતાલીસ પ્રકૃતિનો સંવર છે—તેથી બંધ પડતો નથી. ધર્મી કદાચિત્ લડાઈમાં ઊભો હોય તો ત્યારે પણ ૪૧ પ્રકૃતિનો સંવર છે અને અજ્ઞાની ધ્યાનમાં બેઠો હોય પણ વિકલ્પની સાથે એકત્વ છે તેથી પૂરી પ્રકૃતિનો આસ્રવ અને બંધ થાય છે. સંયોગ છોડીને વનમાં ગયો હોય પણ સંયોગીભાવમાં એકતા રાખી છે તો એ ધર્મનો ત્યાગી છે અને રાગનો ભોગી છે. જ્યારે ધર્મીને રાગ થવા છતાં રાગનો ત્યાગ છે એવા પરિણામને કારણે તેને ૪૧ પ્રકૃતિનો બંધ નથી. વળી બાકીની પ્રકૃતિઓનો પણ બહુ જ અલ્પ અનુભાગ અને અલ્પ સ્થિતિવાળો બંધ પડે છે.

આઠ પ્રકારના કર્મ છે તેની ૧૪૮ પ્રકૃતિ છે–પેટાભેદ છે તેમાંથી સમકિતીને જેટલી પ્રકૃતિનો બંધ થાય છે તે બહુ ઓછી સ્થિતિ અને થોડા રસવાળો બંધ થાય છે અને વળી (પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનથી તો) ગુણશ્રેણી નિર્જરા શરૂ થઈ જાય છે. ગુણશ્રેણી એટલે શુદ્ધ પરિણતિની ધારા શરૂ થઈ ગઈ. ડુંગરમાંથી જેમ પાણી ઝરે તેમ દ્રવ્યમાંથી શુદ્ધતા ઝરે છે તે શુદ્ધતા કોઈ સમયે બંધ રહેતી નથી. તેથી અજ્ઞાનીના સિત્તેર ક્રોડાક્રોડી સાગરપ્રમાણ અને તીવ્રતમ અનુભાગની સામે જ્ઞાનીનો આ બંધ કોઈ ગણતરીમાં નથી, તેથી જ્ઞાનીઓને નિરાસ્રવ કહ્યાં છે.

ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ છે તેની સાથે રાગના નાનામાં નાના અંશને પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એકત્વ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિને વધુમાં વધુ ૭૦ ક્રોડાક્રોડી સાગર સુધી ફળ આવે એવી લાંબી સ્થિતિવાળા કર્મ બંધાય છે તેની પાસે જ્ઞાનીના અલ્પ સ્થિતિ, અલ્પ રસવાળા કર્મબંધનની કાંઈ કિંમત નથી. આવું મિથ્યાત્વનું અને સમકિતનું માહાત્મ્ય છે. મિથ્યાત્વ અને સમકિતનો આંતરો પકડ્યા વગર તે નહિ સમજાય.

શ્રોતા :—આ વકીલાત આદિનો ધંધો છોડીને અહીં બેઠા તેની કાંઈ કિંમત નહિ! બધું પાણીમાં ગયું?

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી :—એણે ધંધો કદી કર્યો જ નથી. માનતો હતો કે હું ધંધો કરું છું. કર્તાબુદ્ધિના ભાવનો ત્યાગ સ્વભાવના આશ્રય વિના થતો નથી.

લોકોને આ એકાંત જેવું લાગે પણ એક સ્વભાવનો આશ્રય તે જ ધર્મ છે. આ એકાંત છે–તે સાચું છે. અબંધસ્વભાવી ભગવાન આત્મા રાગથી બંધાયેલો જ નથી છતાં તેને રાગથી બંધાયેલો માને છે તેથી મિથ્યાદૃષ્ટિને ૭૦ ક્રોડાક્રોડી જેટલી લાંબી સ્થિતિનો બંધ પડે છે અને રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં રાગનો અભાવ થઈને પરિણમન થયું તેને અલ્પ રાગાદિ હોય છે. તેનો અલ્પ સ્થિતિરસવાળા કર્મનો બંધ પડે છે તેની કાંઈ ગણતરી નથી.

વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે. વીતરાગમૂર્તિ આત્મામાં વિકલ્પની એકતા માનવી તે જ ખરો આસ્રવ એટલે કે નવા બંધનું કારણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ કરીને ધર્મ મનાવે છે તેને પણ રાગમાં એકત્વ હોવાથી મિથ્યાત્વ છે, તે અંનત સંસારનું કારણ છે. સમકિતનો ઉદય થતાં મિથ્યાત્વ રહેતું નથી. તેથી આસ્રવ નથી.

આસ્રવ વિભાવ પરિણતિ છે. અશુભભાવ તો વિભાવ છે જ પણ દયા, દાન, અણુવ્રત, મહાવ્રતાદિના શુભભાવ પણ વિભાવ જ છે તેને ધર્મ કહેનારાઓએ જગતને વગર મોતે મારી નાખ્યું છે. નિશ્ચયધર્મ પ્રગટ થયો હોય તેને રાગની મંદતામાં વ્યવહારધર્મનો આરોપ આવે છે. ખરેખર તો પુણ્યબંધનું જ કારણ છે પણ ધર્મનો આરોપ અપાય છે. જેને નિશ્ચયધર્મ પ્રગટ્યો નથી તેના મંદરાગને વ્યવહારધર્મનો આરોપ નથી.

વિભાવ પરિણતિ કર્મના લક્ષે થતી હોવાથી તેને પુદ્‌ગલમય અથવા પુદ્‌ગલજનિત કહેવાય છે–આત્મજનિત નથી. આત્માની ખાણમાં રાગ નિજસ્વભાવ નથી એમ જાણીને જ્ઞાનીઓ પોતાના સ્વરૂપમાં વિશ્રામ લે છે. જ્ઞાનીને ફરી ફરીને સ્વરૂપમાં ઠરવાની જ ભાવના છે, રાગ કરવાની ભાવના નથી એમ કહેવું છે.

પહેલાં તો, ભગવાનની ભક્તિ એ રાગ છે એમ માનવું જ મુશ્કેલ પડે છે. અમારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્યાં રાગ જોઈએ છે! અમારે તો વીતરાગતા જોઈએ છે માટે ભક્તિમાં રાગ નથી એમ જૂનાગઢમાં વર્ષો પહેલાં પ્રશ્ન પણ થયેલો. પણ ભાઈ! શાંતસમુદ્ર ભગવાન આત્મા વિકલ્પમાં આવે છે તે કષાય છે. ભગવાનની ભક્તિનો વિકલ્પ છે તે પોતે રાગસ્વરૂપ જ છે.

જ્ઞાની તો અતુલ, અખંડ, અવિચળ, અવિનાશી, ચિદાનંદરૂપ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે.

આત્માની વાત કદી સાંભળી ન હોય તેને તો એમ થાય કે 'આત્મા' વળી શું હશે! ભાઈ! બહારની સામાન્ય શીખંડ, બરફી આદિ વસ્તુમાં પણ તેને મહિમા આવી જાય છે તો આ તો એક મહાપદાર્થ છે. આત્મા અતીન્દ્રિય આનંદરસથી ભરેલો છે તેનું ભાન થાય તે જીવ તો અતીન્દ્રિયાનંદનો જ રસિયો થઈ જાય. રાગનો રસ એને ઊભો ન રહે–રસ છૂટી જાય.

આત્મા અતુલ છે–તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. અખંડ વસ્તુ છે–મહાપદાર્થ છે. તે પોતાના સ્વભાવથી કદી ચળ્યો નથી માટે અવિચળ છે. એવો અવિચળ છે કે કદી રાગમાં કે પર્યાયમાં આવ્યો નથી. વળી અવિનાશી–નાશ ન થાય એવું તત્ત્વ છે. ચિદાનંદરૂપ છે એટલે કે જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આવા આત્મામાં એકાગ્ર થઈને ધર્મી પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાનાદિને નિર્મળ કરે છે. આવા ધર્મીને આસ્રવ હોતો નથી, ધર્મ હોય છે, નિર્જરા હોય છે.

ધ્રુવ છું ને શુદ્ધ છું ને પરિપૂર્ણ છું ઈ બધા વિકલ્પો છે; ભોગીના ભોગનું મૂળ છે. પહેલાં અશુભને ચોંટ્યો હતો પછી શુભને ચોંટ્યો, પણ ઈ તો ઈ ને ઈ દશા છે! દૃષ્ટિને ધ્રુવ ઉપર લઈ જવાની વાત છે.

(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૨૬)

www.vitragvani.com



# ભેદવિજ્ઞાનનો મહિમા

(સળંગ પ્રવચન નં. ૬૫)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. સંવર અધિકાર શરૂ થાય છે.

आस्रवकौ अधिकार यह, कह्यौ जथावत जेम।
अब संवर वरनन करौं, सुनहु भविक धरि प्रेम॥१॥

અર્થ :—આસ્રવના અધિકારનું યથાર્થ વર્ણન કર્યું, હવે સંવરનું સ્વરૂપ કહું છું તે હે ભવ્યો! તમે પ્રેમપૂર્વક સંભળો.

આત્મભ્રાંતિ, શુભાશુભભાવોમાં સુખબુદ્ધિ, પર પ્રત્યે પ્રેમ...એ બધો આસ્રવભાવ છે, દુઃખદાયકભાવ છે. સુખદાયક એવા સ્વભાવને છોડીને જે કોઈ ભાવો થાય છે તે બધાં આસ્રવભાવ છે–અજ્ઞાનભાવ છે–મિથ્યાભાવ છે. તેનું જેમ છે તેમ યથાર્થ વર્ણન અહીં કર્યું. હવે વિકારની ઉત્પત્તિને રોકીને, સ્વભાવદૃષ્ટિપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું પરિણમન થવું એ રૂપ જે 'સંવર' તત્ત્વ છે તેનું કથન કરીએ છીએ તેને હે ભવ્યો! તમે પ્રેમથી સાંભળો. બનારસીદાસ મહાજ્ઞાની અને કવિ થઈ ગયા. તેમણે અમૃતચંદ્રાચાર્યના રચેલાં શ્લોક ઉપર પદ્યમાં સવૈયા ટીકાની રચના કરી છે. તેમાં પ્રથમ જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર કરે છે.

आतमकौ अहित अध्यातमरहित ऐसौ,
आस्रव महातम अखंड अंडवत है।
ताकौ विसतार गिलिबेकौं परगट भयौ,
ब्रहमंडकौ विकासी ब्रहमंडवत है॥
जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै,
सबनिसौं अलिप्र आकास-खंडवत है।
सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै,
ताकी रुचि-रेखकौं हमारी दंडवत है॥२॥

અર્થ :—જે આત્માનો ઘાતક છે અને આત્મ-અનુભવથી રહિત છે એવો આસ્રવરૂપ

www.vitragvani.com



મહા અંધકાર અખંડ ઈંડાની જેમ જગતના બધાં જીવોને ઘેરી રહેલ છે. તેનો નાશ કરવાને માટે ત્રણલોકમાં ફેલાતાં સૂર્ય જેવો જેનો પ્રકાશ છે અને જેમાં સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે અને પોતે તે બધાં પદાર્થોના આકારરૂપ થાય છે, તોપણ આકાશના પ્રદેશની જેમ તેમનાથી અલિપ્ત રહે છે, તે જ્ઞાનરૂપી સૂર્ય શુદ્ધ સંવરના વેષમાં છે, તેના પ્રકાશને અમારા પ્રણામ છે.

મંગલાચરણમાં ધર્મ અને અધર્મનું સ્વરૂપ બતાવ્યું છે.

જે મિથ્યાત્વ અને શુભાશુભભાવ છે તે આત્માનું અહિત કરનારા છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એ અશુભાસ્રવ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્રવાંચન, શ્રવણ એ આદિ ભાવો શુભાસ્રવ છે. જે પરિણામથી નવું આવરણ આવે છે તેવા ભાવને આસ્રવ કહેવામાં આવે છે. આસ્રવભાવ આત્માના અનુભવથી રહિત છે.

આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ આનંદઘન ચૈતન્ય છે તેમાં તો વિકાર નથી પણ અહીં તો તેની પર્યાયની વાત ચાલે છે. અજ્ઞાનીજીવને પર્યાયમાં આત્મ-અનુભવનો અભાવ છે અને વિકારનો સદ્‌ભાવ છે કે જે આત્માનું અહિત કરનારા છે. આ અજ્ઞાનરૂપી અંધકાર આખા જગતમાં ફેલાઈ ગયો છે તેનો નાશ કરવા માટે 'સંવર' છે તે સૂર્ય સમાન છે. શુભ અને અશુભભાવ જ્ઞાનપ્રકાશથી વિરૂદ્ધ છે. તે અજ્ઞાનીજીવની પર્યાયમાં અનાદિકાળથી અખંડપણે વર્તી રહ્યાં છે. અજ્ઞાનીના અજ્ઞાનમાં કદી ખંડ પડ્યો નથી. જેમ ઈંડું અખંડ હોય છે તેમ અજ્ઞાન અખંડ છે.

ચૈતન્યજ્યોત ભગવાન આત્મા તો શાશ્વત અનાકુળ આનંદથી છલોછલ ભરેલું તત્ત્વ છે પણ વર્તમાન પર્યાયમાં જે મિથ્યાત્વ અને શુભાશુભ ભાવરૂપ અજ્ઞાન છે તે અનાદિથી અખંડપણે વર્તી રહ્યું છે. અજ્ઞાનમાં કદી તિરાડ પડી નથી. કદાચિત્ અજ્ઞાન મંદ થયું તોપણ તડ પડી નથી. અખંડપણે વર્તી રહ્યું છે. જૈનમુનિ થઈને નવમી ગ્રૈવેઈક ગયો તોપણ આત્મજ્ઞાન થયું નથી, ત્યાં સુધી એના અજ્ઞાનમાં ખંડ પડતો નથી. એ તો અખંડ છે. ઉપર દેવલોકમાંથી આવીને ઈન્દ્રાણી ચળાવે તોપણ ચળે નહિ એવો બ્રહ્મચર્યનો શુભભાવ હોય પણ તેમાં એકત્વબુદ્ધિ છે, દયા, દાનાદિ સર્વભાવમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે, તેને અજ્ઞાનમાં ખંડ પડ્યો નથી. તેને મારું દ્રવ્યસ્વરૂપ કેવું છે, પર્યાયમાં શું છે, તેની ખબર જ નથી. તેથી માત્ર રાગની મંદતા થવાથી અજ્ઞાન ટળતું નથી એ તો અખંડપણે વર્તે છે.

**ताकौ विसतार गिलिबेकौं परगट भयौ,** સંવર કેમ પ્રગટ થયો છે?–કે અજ્ઞાનના વિસ્તારને ગાળી નાંખવા માટે સંવર પ્રગટ થયો છે. આસ્રવે આખા જગતના બધાં જીવોને પોતાની જાળમાં ઘેરી રાખ્યા છે. જંગલમાં જઈને સાધુ થયો, મહાવ્રત પાળે છે, તપસ્યા કરે છે તેને

www.vitragvani.com



પણ આસ્રવ છોડતો નથી. જ્યાં સુધી શુભાશુભભાવમાં એકત્વ છે ત્યાં સુધી અજ્ઞાનરૂપ આસ્રવ અખંડપણે વર્તે છે, અખંડ સંસાર પડ્યો છે તેના વિસ્તારને ગાળવા માટે–આસ્રવનો નાશ કરવા માટે સંવરરૂપી સૂર્યપ્રગટ થાય છે જે ત્રણલોકમાં પ્રકાશ ફેલાવે છે. આ રાગાદિ કોઈ ભાવો 'હું' નથી. હું તો ચૈતન્યસૂર્ય છું એમ સ્વભાવમાં એકત્વ કરતો સંવરસૂર્ય પ્રગટ થાય છે તે આસ્રવ-અંધકારનો નાશ કરે છે અને ત્રણકાળ ત્રણલોકને અલિપ્ત રહીને પ્રકાશે છે. આ સંવર છે તે જ ધર્મ છે.

વસ્તુ તો ત્રિજગપ્રકાશક શક્તિ લઈને બેઠી જ છે પણ પર્યાયમાં જ્યારે રાગથી ભિન્નતા થઈ–ભેદજ્ઞાન થયું ત્યારે તે જ્ઞાન સર્વને પ્રકાશવા લાગ્યું. રાગને પણ તે જ્ઞાન જાણે છે પણ પોતાનો માનતું નથી. એ જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિનો વિકાસ થઈ જાય છે. વસ્તુ તો ત્રિકાળ અખંડ આનંદસ્વરૂપ ધ્રુવપ્રભુ છે અને તેની પર્યાયમાં જે જ્ઞાનનો વિકાસ થયો તે પણ ત્રણ જગતને પ્રકાશે એવી શક્તિવાળો છે. જ્યાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે ત્યાં શ્રુતજ્ઞાનમાં ત્રણ જગતને જાણવાની શક્તિ પ્રગટ થઈ જાય છે. પોતામાં રહીને પોતાનું જ્ઞાન કરતાં પરનું જ્ઞાન તેમાં આવી જાય છે.

હું જાણનાર-દેખનાર વસ્તુ છું માટે જાણવું-દેખવું એ મારું કાર્ય છે, શુભા-શુભભાવોમાં રમવું એ મારું કાર્ય નથી. જેમ અજગર બકરાને ગળી જાય છે તેમ, ચૈતન્યસૂર્ય રાગને ગળી જાય છે-ગાળી નાંખે છે. હું તો અતીન્દ્રિય આનંદનો રસીલો છું. શુભાશુભનો અનુભવ કરનારો હું નથી.

**जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै,** જ્ઞાનપ્રકાશ એવો પ્રગટ થયો કે જગતના સર્વપદાર્થોનું રૂપ તેમાં પ્રકાશવા લાગ્યું અર્થાત્ સર્વજ્ઞેયોના આકારરૂપ પોતાનું જ્ઞાન થયું, પણ કોઈ જ્ઞેયોરૂપ જ્ઞાન ન થયું. શરીર અને રાગાદિ જ્ઞાનમાં જણાવા લાગ્યાં પણ, જ્ઞાન શરીર કે રાગાદિરૂપ થતું નથી.

આ તો માખણની વાત છે. ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. જ્ઞાનપ્રકાશ થતાં જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે પણ જ્ઞાન રાગરૂપ થતું નથી તેમ જ્ઞાનમાં સર્વને જાણવાની શક્તિ પ્રગટ થઈ ગઈ પણ જ્ઞાન કોઈ ચીજરૂપ થતું નથી. આ વાત અત્યારે કોઈને બેસે કે ન બેસે પણ ધર્મનું સ્વરૂપ તો આવું છે. ધર્મ કહો, સંવરદશા કહો, અનાસ્રવીદશા કહો, મોક્ષમાર્ગ કહો– તે આ છે. ભેદજ્ઞાનરૂપી પ્રકાશ પ્રગટ થયો તે પોતાનું રૂપ છોડીને રાગ, વ્યવહારરૂપ થતો નથી. ધર્મીને રાગ, દયા, દાનરૂપ વ્યવહાર થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે.

પ્રગટ જ્ઞાન સર્વને જાણે પણ સર્વરૂપ ન થાય.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ તો પ્રભુના પડખે ચડવાની વાત છે, અનાદિથી રાગનું પડખું સેવ્યું છે તે છોડીને હવે પ્રભુના પડખે ચડ, તેમાં તારું કલ્યાણ છે. અનાદિથી અખંડ આસ્રવ છે તેનો ખંડ નહિ પણ, નાશ કરવાની વાત છે. આત્મસન્મુખતા વગર આસ્રવનો નાશ થાય તેમ નથી. અખંડસ્વરૂપ આત્મપ્રભુના આશ્રયે જ આસ્રવનો મૂળમાંથી નાશ થાય છે તેથી, સોગાનીએ કહ્યું છે કે, ચક્રવર્તી છ ખંડને નહિ પણ અખંડને સાધે છે. આ ચૈતન્યભગવાનના પ્રકાશની વાત ચાલે છે.

એને વિશ્વાસ નથી આવતો.....અરે, આવડો મોટો હું? આ સંવર તો એક અંશ છે, વેષ છે, આખી વસ્તુ નથી તે પણ એક સમયમાં પોતાથી પોતામાં સર્વને અડ્યા વિના સર્વને જાણવાની શક્તિ ધરાવે છે. શ્રુતજ્ઞાનમાં પણ જ્ઞાનની આવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે કે, સર્વને જાણે પણ સર્વરૂપ ન થાય તો એ વસ્તુની તાકાત કેટલી!!

**सबनिसौं अलिप्त आकास-खंडवत है**– આકાશમાં ગમે તેટલાં ચિતરામણ કરો તેનાથી આકાશમાં કાંઈ લેપ લાગતો નથી. આકાશ તો સર્વવ્યાપક છે. તેમાં ગમે તેટલાં વાદળાં આદિ હો તેનાથી અમૂર્તિક આકાશમાં શું ફેર પડે? ૧૪ બ્રહ્માંડરૂપ લોકની બહાર અનંત અનંતભાગ ખાલી આકાશ છે. અનંત...અનંત આકાશની વચ્ચે લોક તો એક પરમાણુ સમાન છે તે લોકમાં ગમે તેટલાં ધૂમાડાં કરો કે કાંઈપણ ચિત્તરામણ કરો પણ તે આકાશને અડતાં નથી, આકાશ તો અલિપ્ત જ છે તેમ, આત્મા અનંતને જાણે પણ તેમાં કોઈનો લેપ લાગતો નથી, તે તો અલિપ્ત જ રહે છે.

લોકમાં અનંત વસ્તુ છે તેનાથી અનંતગુણી વસ્તુ હોય તેને પણ આ જ્ઞાન જાણવાની શક્તિ રાખે છે. છદ્મસ્થના શ્રુતજ્ઞાનમાં આટલી તાકાત છે તો સ્વભાવની મહિમા શું કહેવી!

જ્ઞાન સબરૂપ થાય છે એટલે કે જ્ઞેયાકારરૂપ થાય છે પણ જ્ઞેયરૂપે થતું નથી. અલોકમાં ખાલી ભાગ સિવાય કોઈ ચીજ નથી પણ લોકમાં તો મોટા મોટા કારખાના, પર્વત, નદી વગેરે કેટલી વિચિત્ર ચીજો છે પણ તેનાથી આકાશમાં કાંઈ ફરક પડતો નથી. આકાશ નિર્લેપ છે તેમ, જીવ દરેક ચીજોને જાણતો હોવા છતાં તેમાં જરાય લેપ લાગતો નથી. જ્ઞાન નિર્લેપ છે. આકાશ દરેક વસ્તુને અવગાહન આપે છે પણ આકાશને કોઈનો ભાર લાગતો નથી. તેમ જ્ઞાન સર્વને જાણે તેથી જ્ઞાનમાં બોજો થતો નથી. અનેક વિચિત્રતાઓને જાણવા છતાં જ્ઞાનની પર્યાય રાગરૂપ થતી નથી. આનું નામ સંવર છે, તેનું નામ જ ધર્મ છે.

**सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै**, 'સંવર' એ પર્યાય છે, માટે વેષ છે. જ્ઞાનભાનુએ સંવરનો વેષ ધર્યો છે. આ સંવર પર્યાયનો વેષ કાયમ રહેવાનો નથી. સંવરનો અભાવ થઈને કેવળજ્ઞાન અને મોક્ષ થઈ જશે. આ કેવળજ્ઞાન અને મોક્ષ પણ ત્રિકાળી દ્રવ્ય માટે એક વેષ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ મારો છે, રાગથી મારું કલ્યાણ છે, પુણ્યથી મને લાભ છે એવું માનતો હતો તે આસ્રવનો વેષ હતો. તેનો નાશ કરીને જ્ઞાનભાનુએ સંવરનો વેષ ધારણ કર્યો છે તેની પ્રભાને અમારાં નમસ્કાર છે. **ताकी रुचि-रेखकौं हमारी दंडवत है ।**– સમ્યગ્દર્શનરૂપ રુચિ અને તેમાં જ્ઞાનની રેખાને અમે નમન કરીએ છીએ. રાગાદિ કે પુણ્યાદિને અમે નમન કરતાં નથી.

વસ્તુસ્વભાવ-પૂર્ણાનંદના નાથ તરફ ઝુકાવ થવો તે જ સંવર છે. રાગનો સંગ છોડીને ભગવાન આત્મા શુદ્ધતામાં આવ્યો ત્યાં જે સંવર પ્રગટ થયો તેણે રાગનો ઝંડો તોડી પાડ્યો. સંવરનો વિજય થયો, રાગની સેનાનો નાશ કરી નાંખ્યો. હું આત્મા અમર છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું, મને રાગનો લેપ નથી એવી હું અલિપ્ત વસ્તુ છું.

મુરબ્બી શ્રી રામજીભાઈ :—આ ક્યા દેશની વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ આત્માના દેશની વાત છે.

હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે,
આતમ અનુભવ કરીને અમે, જાશું સ્વરૂપ-સ્વદેશ રે...

એ....રાગ અને ભરતક્ષેત્રના અમે નથી. અમે તો પૂર્ણાનંદના નાથના દેશમાં વસનારા છીએ.

રચનારે પદ્ય પણ કેવા રચ્યા છે! **व्यावृत पररूपतो**–પરરૂપથી રહિત છું, જ્ઞેયાકાર થવા છતાં જ્ઞેયરૂપ નહિ થતો હું સંવરસ્વરૂપ છું. **ज्योति चिन्मय**.....જ્ઞાનના તેજનો ભાર પ્રગટ થયો તે બોજો રાગ સહન ન કરી શકે, જ્ઞાન જ સહન કરી શકે.

અહીં તો કહે છે કે ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન પણ મારા ભગવાન નથી, મારા ભગવાન તો મારી પાસે જ બિરાજમાન છે. પોતે જ પોતાનો તારનાર અને તરનાર 'તારક' છે મારી ગુણદશાને જ મારા નમસ્કાર છે. બાહ્ય વિષ કે પંચમહાવ્રતાદિને મારા નમસ્કાર નથી.

આ સંવર અધિકારનો એક શ્લોક થયો. હવે બીજા શ્લોકના પદ્યમાં ભેદવિજ્ઞાનનું મહત્વ બતાવે છે.

**सुद्ध सुछंद अभेद अबाधित,**
**भेद-विग्यान सुतीछन आरा।**
**अंतरभेद सुभाव विभाऊ**
**करै जड़-चेतनरूप दुफारा॥**

www.vitragvani.com



सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा।
आतमको अनुभौ करि ते,
हरखैं परखैं परमातम-धारा॥३॥

અર્થ :—શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ-વિભાવ અને જડ-ચેતનને જુદાં-જુદાં કરી નાંખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

सुद्ध सुछंद अभेद अबाधित–શુભાશુભરાગથી ભિન્ન પડવાવાળું ભેદજ્ઞાન પોતે પર્યાય છે. અવસ્થા છે, ત્રિકાળીની અપેક્ષાએ અંશ જ છે પણ શુદ્ધ છે. સમ્મેદશિખરની યાત્રા કરવાનો ભાવ શુભ છે તેનાથી કદાચિત્ નરક, પશુગતિનો ભવ ન થાય પણ ભવનો અભાવ ન થાય કેમ કે, તે શુદ્ધભાવ નથી–ધર્મ નથી. સમ્મેદશિખરથી અનંત અનંત જીવો મુક્તિ પામ્યા છે તે જે ભાવથી પામ્યા છે તે ભેદજ્ઞાનની આ વાત છે.

ભેદવિજ્ઞાન કેવું છે? રાગથી ભિન્ન પડીને આત્માનો આશ્રય લેનારું ભેદજ્ઞાન કેવું છે?–કે, શુદ્ધ છે અને સ્વચ્છંદ એટલે સ્વતંત્ર છે. જ્ઞાનના આશ્રયે જ્ઞાન પરિણમે છે તેને પરનો આશ્રય નથી. ભેદજ્ઞાન સંવરસ્વરૂપ છે તેથી રાગની મલિનતાને તે ઉત્પન્ન થવા દેતું નથી. જ્ઞાનની પર્યાય કોઈને ગણકારતી નથી. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પણ ગણતી નથી કેમ કે એ તો આસ્રવભાવ છે. લોકો તો તીર્થંકરગોત્રના ભાવ ઉપર ખુશી થઈ જાય કે અહો! આના ફળમાં તો ભગવાનને સમવસરણની રચના થશે, સો ઈન્દ્રો પ્રભુને પૂજશે.....!

લૌકિકમાંથી નીકળવા માટે અલૌકિક ભાવ હોવો જોઈએ ને! અહીં અલૌકિક એવા ભેદવિજ્ઞાનની મહિમા છે. ભેદવિજ્ઞાન શુદ્ધ, સ્વચ્છંદી અને સ્વતંત્ર છે. શુદ્ધાત્માના આશ્રયે જે સંવર પ્રગટ થાય છે તેમાં રાગ કે નિમિત્તની કોઈ અપેક્ષા નથી.

વળી ભેદવિજ્ઞાન અભેદ છે તેનો અર્થ કે એકરૂપ છે. ધ્રુવસ્વભાવનો આશ્રય લેવાથી એકરૂપ શુદ્ધદશા પ્રગટ થાય છે. શુદ્ધતાના અંશ ભલે વધે પણ શુદ્ધતાની દશા એકરૂપ રહે છે. વિકલ્પની અનેકરૂપતા તેમાં આવતી નથી. રાગમાં ભેદ પડતો હતો, હવે સંવરરૂપ શુદ્ધદશા થઈ તેમાં એકરૂપતા છે, ખંડ પડતો નથી.

ભેદવિજ્ઞાન અબાધિત છે–ભેદવિજ્ઞાનને વિઘ્ન કરવાવાળી કોઈ ચીજ દુનિયામાં નથી. ભલે ગમે તેવા કર્મનો ઉદય આવે તે ભેદજ્ઞાનમાં પ્રવેશ કરી શકતો નથી. મારામાં તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આનંદ અને જ્ઞાન છે ત્યાં કર્મના ઉદયનો પ્રવેશ નથી. 'હું છું', 'કર્મ નથી' એવું ભેદજ્ઞાનનું જોર છે.

કર્મે અને વિકલ્પે જીવને પકડ્યો નથી. અજ્ઞાનીજીવે એમ માની લીધું છે કે, મને વિકલ્પે પકડ્યો છે. પેલાં પોપટની જેમ ભૂંગળી ઉપર પોપટ બેઠો ત્યાં ભૂંગળી ફરી ગઈ એટલે પોપટ ઊંધો લટકી ગયો. પોતે ઊડી જાય તો ભૂંગળીએ કાંઈ તેને પકડ્યો નથી પણ પોતાને એમ થઈ ગયું કે મને પકડ્યો છે એટલે પોતે જ ઉડતો નથી તેની જેમ, અજ્ઞાની પોતે જ વિકલ્પને પકડીને પરાધીન થઈ રહ્યો છે.

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધ-પર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૪૦)*

www.vitragvani.com



# પરમાત્મસ્વરૂપની પરખ

(સળંગ પ્રવચન નં. ૬૬)

આ, શ્રી સમયસાર નાટકનો સંવરદ્વાર છે, તેમાં ભેદવિજ્ઞાનનું મહત્વ બતાવતાં બનારસીદાસ લખે છે કે

सुद्ध सुछंद अभेद अबाधित,
भेदविग्यान सुतीछन आरा।
अंतरभेद सुभाव विभाऊ,
करै जड़-चेतनरूप दुफारा॥
सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा।
आतमको अनुभौ करि ते,
हरखैं परखैं परमातम-धारा॥३॥

અર્થ :—શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ-વિભાવ અને જડ-ચેતનને જુદાં જુદાં કરી નાંખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

શું કહે છે!—ભેદવિજ્ઞાન શુદ્ધ છે-એટલે કે જેને શરીર, વાણી, મન આદિ જડપદાર્થથી જુદાં અને શુભાશુભરાગથી જુદાં ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું તે જ્ઞાન શુદ્ધ છે. જડ તો ચેતનથી જુદું છે જ પણ ચેતનમાં ઊઠતાં રાગાદિ વિકાર પણ અપરાધ હોવાથી ચેતનનો સ્વભાવ નથી, તે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન 'શુદ્ધ' છે. આ શુદ્ધ એવા ભેદજ્ઞાનથી જ ધર્મની પ્રથમ શરૂઆત થાય છે.

ભેદવિજ્ઞાન સ્વતંત્ર છે. તે કોઈ નિમિત્તનો કે રાગનો સહારો લેતું નથી માટે ભેદજ્ઞાન સ્વચ્છંદ એટલે કે સ્વાધીન છે. વળી, ભેદજ્ઞાન ભેદરહિત છે-અભેદ છે-એકરૂપ છે. વિકલ્પો તો અનેક હતાં તેનાથી જુદું પડીને જે ભેદજ્ઞાન પ્રગટ થયું તે એકરૂપ છે, તેમાં અનેકતા કે વિવિધતા નથી પણ એકરૂપતા છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મ એટલે શાંતિના પંથે ચડતો, પૂર્ણશુદ્ધ એવી મુક્તિના પંથે ચાલ્યો જતો ભેદવિજ્ઞાની–ધર્મીજીવ ભલે ગૃહસ્થાશ્રમમાં રાજ-પાટમાં દેખાય છતાં તેની શુદ્ધસ્વભાવમાં એકાકાર દૃષ્ટિ છે તેમાં ભંગ પડતો નથી અને તેને કોઈ બાધા પહોંચાડી શકતું નથી. શુદ્ધચૈતન્યના ભાનમાં ધર્મીને વિઘ્ન કરે એવી કોઈ ચીજ જગતમાં નથી. એવું આ ભેદવિજ્ઞાન અબાધિત હોય છે.

જેમ શેરડીનો કૂચો અને રસને જુદાં પાડીને રસ પીએ ત્યારે સ્વાદ આવે છે તેમ, શુભાશુભરાગ અને જડથી ચેતનને જુદો પાડીને અનુભવે ત્યારે તેનો સ્વાદ આવે છે. મૂળ શ્લોકમાં **चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं**...નો આ અર્થ છે. ઝીણી વાત છે. લોકો માને છે તેવું ધર્મનું રૂપ નથી. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત કરવા, દાન દેવું એ કોઈ ધર્મ નથી, શુભભાવ છે રાગ છે.

શ્રોતા :—એ ધર્મ નથી પણ ધર્મનું કારણ તો થાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગ તે ધર્મનું કારણ કેમ થાય! ભેદજ્ઞાનની તીક્ષ્ણધારા વડે ચૈતન્યરૂપ અને રાગને જુદાં પાડી દે ત્યારે ધર્મ થાય છે. કરવત મૂકતાં જેમ લાકડાંનાં બે ભાગ પડી જાય છે તેમ, ભેદવિજ્ઞાનરૂપી કરવત મૂકતાં જ્ઞાનાનંદસ્વભાવી ચૈતન્ય અને પુણ્ય-પાપરૂપી રાગ જુદાં પડી જાય છે. ભેદજ્ઞાની જીવને રાગની વૃત્તિ તો ઊઠે છે પણ રાગથી ચૈતન્યસ્વભાવ ભિન્ન ભાસે છે અને ચૈતન્યસ્વભાવથી રાગ ભિન્ન ભાસે છે. આવું ભેદજ્ઞાન વર્તે છે તેને જ ધર્મ અર્થાત્ સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

**अंतर भेद सुभाव विभाऊ, करै जड़–चेतनरूप दुफारा।** દુફારા એટલે બે કટકા કરી નાંખે છે. એક જ્ઞાનાનંદનો ભાગ અને એક રાગ–વિકલ્પનો ભાગ, બંનેને જુદાં પાડી દે છે. અનાદિથી જીવને સંસારદશામાં રાગ તો છે જ. રાગ ન હોય તો તો રખડવાનું રહે જ નહિ. એ રાગને પોતાના સ્વભાવથી જુદો જાણે છે. જેમ ચૂરમું ખાતો હોય અને કાંકરી મોઢામાં આવે તો તરત એ કાંકરીને જુદી પાડી દે છે અને માલ ખાઈ જાય છે તેમ ધર્મી રાગની કાંકરીને જુદી પાડી દે છે અને એકલા જ્ઞાનાનંદના સ્વાદનો અનુભવ કરે છે.

બીજાને એમ લાગે કે આ લોકોને કરવું-ધરવું કાંઈ નહિ અને આનંદ લેવા માંગે છે, એમ કહીને મશ્કરી કરે...પણ અહીં તો 'કરવું એ મરવું છે.' સત્‌ચિદાનંદ પ્રભુ પોતે પરમાત્મા છે તેને ઓળખવો એ કરવાનું છે. ચિદાનંદપ્રભુને વિભાવથી જુદો અનુભવવો અને જડથી જુદું પડી જવું બસ, આ કરવાનું છે, તેના ફળમાં આનંદ...આનંદ...આનંદ છે.

**सो जिन्हके उरमैं उपज्यौ, न रुचे तिन्हकौं परसंग–सहारा।** વિકલ્પ અને નિર્વિકલ્પ-તત્ત્વ વચ્ચે જેને ભેદ ઉપજ્યો છે તેને કોઈ પરદ્રવ્યનો સહારો કે વિકલ્પનો સંગ રુચતો નથી.

www.vitragvani.com



શુભાશુભરાગનો પરિચય તેને ગોઠતો નથી. અતીન્દ્રિય આનંદ સ્વભાવની રુચિ થઈ છે તેની પાસે રાગ તો ઝેર સમાન લાગે છે–રુચતો નથી. **आतमको अनुभौ करि ते, हरखै परखैं परमातम-धारा ।** ધર્મીજીવ નિજ આત્માનો અનુભવ કરીને આનંદને વેદે છે અને મારું શુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે એમ પરખી લે છે.

ભગવાન ત્રિલોકીનાથ હો કે પ્રતિમા હો, તેના પ્રત્યેની ભક્તિનો ભાવ રાગ છે–શુભભાવ છે–આત્માનો સ્વભાવ નથી. ધર્મીને પ્રસન્નતા તો આત્માના આનંદની છે પણ તેનો અર્થ એવો નથી કે ભગવાન પ્રત્યે ભક્તિ આદિનો શુભરાગ ઊઠે જ નહિ. રાગ તો ઊઠે છે પણ તેમાં ધર્મબુદ્ધિ નથી.

ધર્મી પરીક્ષા કરીને શુદ્ધભાવને પરખી લે છે કે આ જ પરમાત્મા છે. ધ્રુવ ઉપર લક્ષ જાય છે ત્યાં તેની પરખ થઈને આનંદનો સ્વાદ આવે છે. પર્યાયને ધ્રુવમાં વાળવી એમ કહેવા કરતાં પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર જાય છે ત્યાં ઉપયોગમાં આનંદનો સ્વાદ આવે છે. ઉપયોગ સદાય ધ્રુવ ઉપર ન હોય પણ લબ્ધમાં આનંદ તો સદાય હોય. આત્મામાં જ આનંદ છે એવું ભાન નિરંતર રહે છે, ચોવીશે કલાક તેની દૃષ્ટિ તો સદાય ધ્રુવ ઉપર જ પડી છે, રાગ ઉપર દૃષ્ટિ નથી. રાગને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે કેમ કે, રાગને જાણવાનું લક્ષ નથી, રાગ જણાય જાય છે કારણ કે પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. રાગને જાણું એવો ભાવ નથી.

જ્ઞાનના અસ્તિત્વમાં સ્વ અને પરનું જ્ઞાન રહે છે. જ્ઞાન દ્રવ્ય સાથે અભેદ થયું એટલે દ્રવ્ય જેવું શુદ્ધ છે તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટે છે. ધ્રુવ અને પર્યાય એક થઈ જતા નથી. વસ્તુસ્થિતિ બહુ સૂક્ષ્મ છે.

અહીં તો કહે છે કે અનુભવરસ વેદતાં, આ આત્મા છે તે જ પરમાત્મા છે એમ પરખાય જાય છે. આત્મા જ પરમાત્મા છે એવો વિકલ્પ ઊઠતો નથી પણ પરખ થઈ જાય છે. પૂર્ણશુદ્ધ ધ્રુવસ્વરૂપ તરફ પર્યાયનું વલણ છે તેથી હું જ પરમાત્મા છું એમ અનુભવમાં આવે છે તેથી બીજા કોઈ પરમાત્મા છે અને તેણે આ જગત બનાવ્યું છે તેથી મારો કર્તા ઈશ્વર છે એવી ભ્રાંતિ ટળી જાય છે. આ બધી ચોથા ગુણસ્થાનની વાત છે. તેમાં આવો અનુભવ થાય છે. શ્રાવકની દશા તો તેનાથી ઊંચી છે અને મુનિદશા તો ઘણી ઊંચી છે પણ દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાનથી જ ધ્રુવ ઉપર છે.

વસ્તુ તદ્દન નિરાળી છે. શરીર અને કર્મથી તો વસ્તુ ભિન્ન જ છે પણ રાગથી પણ ભિન્ન પડે ત્યારે તેનો નિરાળો અનુભવ થાય છે. આ વાત સંપ્રદાયમાં–વાડામાં ક્યાંય નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વાડામાં તો ચીભડાં હોય પણ સાંઠા ન હોય. આનંદ-અમૃતના સાંઠા તો વસ્તુના અનુભવમાં જ મળે છે.

આમાં કાંઈ પૈસાથી મોટા થવાય એવી વાત પણ નથી. પૈસા તો મોટા કતલખાના ચલાવનારા પાસે ઘણાં હોય છે. અમેરિકામાં દોઢ માઈલના વિસ્તારમાં જેનું કતલખાનું છે તેની પાસે પૈસા કેટલાં હશે! એક વેશ્યા પાસે પણ કરોડ રૂપિયા હોય. તેથી શું! પૈસાથી જીવની મોટાઈ નથી. પરદેશથી એક 'પોપ' મુંબઈમાં આવ્યો હતો તો, લોકોએ તેને ભેટમાં મોટર, પૈસા અને કેટલી તો વસ્તુઓ આપી કે મોટી બોટમાં ભરીને પરદેશ ગયો. તેથી શું થયું! એ તો બધું માટી–ધૂળ છે. અહીં તો કહે છે કે એ વસ્તુથી મોટાઈ તો નથી પણ તેને મારી માનનારા જીવ 'મૂઢ' છે, પાડા જેવા જડ છે.

અરે! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ ઊઠે છે તે મારું કલ્યાણ કરનાર છે કે મને ધર્મ કરવામાં સહાય કરશે એમ માનનાર પણ મૂઢ છે, દીન છે, દુઃખી છે, ભિખારી છે, પાપી છે. આવી વાત છે ભાઈ! ધનરૂપી ધૂળમાં તો કાંઈ નથી પણ શુભભાવથી પણ કાંઈ લાભ નથી. એ ભાવ તારો સ્વભાવ નથી, તેનાથી તને લાભ થવાનો નથી. માટે તેનાથી જુદો પડ અને જુદો છો એવું જ્ઞાન કર તો સ્વતંત્રપણે પરમાત્માને ઓળખી શકીશ.

ભાવાર્થ :—જ્ઞાન પરભાવથી રહિત છે તેથી શુદ્ધ છે. પુણ્ય-પાપના ભાવથી જ્ઞાનસ્વભાવ રહિત છે માટે શુદ્ધ છે. આ પહેલો બોલ થયો. (બીજો)—જ્ઞાન નિજ-પરનું સ્વરૂપ બતાવે છે તેથી સ્વતંત્ર છે. શરીર અને રાગ છે માટે આત્માને જ્ઞાન થાય છે–એમ નથી. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે માટે સ્વ-પરનું જાણવું સ્વતંત્રપણે જ્ઞાનથી જ થતું હોવાથી જ્ઞાન સ્વતંત્ર છે. જ્ઞેયને જાણવામાં જ્ઞાનને જ્ઞેયની અપેક્ષા નથી. જ્ઞાન સ્વ અને પરને જાણવાની સ્વતંત્ર તાકાત ધરાવે છે માટે જ્ઞાનને પરતંત્રતા નથી. (ત્રીજો બોલ) જ્ઞાન એક છે કેમ કે તેમાં કોઈ પરવસ્તુનો મેલ નથી. અનાદિ-અનંત જ્ઞાન એકરૂપ છે, રાગના અંશનો પણ જ્ઞાનમાં મેલ નથી. આવા નિરાળા જ્ઞાનસ્વરૂપી આત્માને ધર્મીએ જાણ્યો છે અને અનુભવ્યો છે માટે તેને ભેદજ્ઞાની કહેવાય છે.

પ્રથમ જ્ઞાનમાં કબૂલાત તો ઘણી આવે છે કે પર્યાયમાં વિકાર હતો, વિકારમાં બીજી ચીજનું લક્ષ હતું, બીજી ચીજના લક્ષ વગર વિકાર થતો નથી, વિકાર પર્યાય છે માટે નવી ઉપજે છે અને નાશ પણ થાય છે, સ્વભાવ તો અનાદિ-અનંત શુદ્ધ છે, આત્મામાં ગુણો નવા ઉત્પન્ન થતાં નથી કે નાશ પામતા નથી, સદાય ગુણો તો છે...છે...છે...આવી સમજણ પર્યાયમાં થઈ–વસ્તુસ્થિતિનો ખ્યાલ આવ્યો ત્યારે જ તેનું વલણ આત્મામાં ગયું છે કારણ કે આત્માની સ્થિતિનો ખ્યાલ આવ્યા વગર યથાર્થપણે આત્મામાં વલણ ન થાય. વસ્તુ સદાય



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સદ્દશપણે છે અને ઉત્પાદ્-વ્યયમાં વિસદ્દશતા છે એ બધો ખ્યાલ આવે ત્યારે જ અંતરમાં વલણ થઈ શકે છે.

(ચોથો બોલ) જ્ઞાન અબાધિત છે કારણ કે તેમાં નય–પ્રમાણની બાધા નથી. નિશ્ચયનયથી ધ્રુવ શુદ્ધ છે, વ્યવહારનયથી અશુદ્ધ છે એવો પ્રથમ વિકલ્પથી નિર્ણય કરતો હતો તેને છોડીને સ્વરૂપનો અનુભવ કરે છે તેમાં જ્ઞાનને કોઈ બાધા આવતી નથી.

આવા ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ કરવત જ્યારે અંદર પ્રવેશ કરે છે ત્યારે સ્વભાવ–વિભાવનું પૃથક્કરણ કરી નાંખે છે અને જડ–ચેતનાનો ભેદ બતાવે છે. હંસની ચાંચ દૂધમાં પડતાં જ દૂધ અને પાણીને જુદાં કરી નાંખે છે તેમ ભેદજ્ઞાનની તીક્ષ્ણ ધાર પડતાં જ આત્મામાં સ્વભાવ અને વિભાવનું પૃથક્કરણ થઈ જાય છે. તીક્ષ્ણ જ્ઞાન ચૈતન્યને અને રાગને જુદાં પાડી દે છે. આ ભેદવિજ્ઞાનની 'ક્રિયા' છે. આ ક્રિયાની સૂઝ ન પડી તેથી લોકો બીજી ક્રિયાને વળગી પડ્યાં છે.

પરને પોતાથી ભિન્ન જાણી લીધાં તેથી ભેદવિજ્ઞાનીઓની રુચિ પરદ્રવ્યમાંથી ખસી જાય છે. પરદ્રવ્યનો પ્રેમ છૂટી જાય છે. હજારો રાણીઓનો સંયોગ દેખાય પણ અંદરમાં તેના ઉપરનો પ્રેમ છૂટી ગયો છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો, તેનો પ્રેમ થયો ત્યારથી બધાં પરદ્રવ્યની રુચિ છૂટી જાય છે. તેથી જ્ઞાની ધન, પરિગ્રહ આદિમાં રહે તોપણ ખૂબ આનંદથી પરમતત્ત્વની પરીક્ષા કરીને આત્મિકરસનો આનંદ લે છે. બધાંથી નિરાળા નિજ પ્રભુને ઓળખીને તેનો આનંદ લે છે તેને બાહ્ય કોઈ ચીજની રુચિ રહેતી નથી.

આ બીજા કળશનું ત્રીજું પદ્ય પૂરું થયું. હવે ત્રીજા કળશના ૪થા પદ્યમાં સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ બતાવે છે.

जो कबहूं यह जीव पदारथ,
औसर पाइ मिथ्यात मिटावै।
सम्यक धार प्रवाह बहै गुन,
ज्ञान उदै मुख ऊरध धावै।।
तौ अभिअंतर दर्वित भावित,
कर्म कलेस प्रवेस न पावै।
आतम साधि अध्यातमके पथ,
पूरन ह्वै परब्रह्म कहावै।।४।।

અર્થ :—જ્યારે કોઈવાર આ જીવપદાર્થ અવસર પામીને મિથ્યાત્વનો નાશ કરે છે અને સમ્યક્ત્વરૂપ જળના પ્રવાહમાં વહીને જ્ઞાનગુણના પ્રકાશમાં ઊંચે ચઢે છે ત્યારે તેના અંતરંગમાં દ્રવ્યરૂપ અને ભાવરૂપનું કલેશ પ્રવેશ પામતો નથી. તે આત્મશુદ્ધિના સાધન એવા અનુભવના માર્ગમાં લાગીને પરિપૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થાય છે તેને જ પરમાત્મા કહે છે.

ભગવાન આત્મા અનંતકાળથી રખડે છે. અનંત ગતિમાં અનંત અનંત ભવો કરતો આવ્યો છે. કાળની કોઈ આદિ નથી તેથી અનાદિથી આ જીવ નિગોદના, નરકના, તિર્યંચના ભવમાં રખડી રહ્યો છે. અનંતવાર ધનાઢ્ય પણ થયો, ગરીબ થયો, સ્વર્ગમાં ગયો...બધાં ભવ કરી ચૂક્યો છે. અજ્ઞાનમાં અનંતભવ કર્યા તેમાં ક્યાંય નવીનતા કે વિશેષતા નથી. ભગવાન આત્મા પાસે પરની કાંઈ કિંમત જ નથી.

તું તો સત્ ચિદાનંદ અખંડાનંદ સાહેબ છો પ્રભુ! તારામાં શું ખામી છે? તારામાં કઈ અપૂર્ણતા છે? તું એક પૂર્ણ વસ્તુ છો. તારી પ્રભુતામાં કચાશ શું છે! તારી પ્રભુતાને કબૂલ કરવાનો આ અવસર આવી ગયો છે. આનંદઘનજી લખે છે કે, 'અવસર પામીને ચૂકીશ નહિ સાહેબા...' મનુષ્યપણા અનંતવાર મળ્યાં, ત્યાગી અનંતવાર થયો, ધર્મના નામે ઘણી ક્રિયાઓ કરી, વૈરાગી થયો. પણ આત્મા શું ચીજ છે તેનો પત્તો કદી લીધો નથી.

**औसर पाइ मिथ्यात्व मिटावै**–અવસર પામીને જીવ મિથ્યાત્વ મટાડે તો કર્મ નાશ થાય. કર્મ નાશ થાય તો મિથ્યાત્વ મટે એમ કહ્યું નથી. જીવને રાગવાળો, કર્મવાળો, પુણ્યવાળો માન્યો છે તે મિથ્યાત્વ છે–ભ્રમણા છે. હવે આત્મા પોતાનો પત્તો મેળવે તો 'હું તો આનંદમૂર્તિ આત્મા છું' એવો અનુભવ થાય તો ભ્રમણા ટળી જાય, મિથ્યાત્વ મટી જાય અને જ્ઞાનધારા સમ્યક્ પ્રકારે એકરૂપધારાએ વહેવા લાગે. જ્ઞાનની ધારા સ્વભાવ-સન્મુખ જ જાય. મૂળ શ્લોકમાં **कथमपि धारावाहिना बोधनेन**...છે. તેનો આ ભાવ છે કે અનાદિથી રાગની એકતાબુદ્ધિની ધારા વહેતી હતી તેને પૃથક્ કરીને જ્ઞાનની ધારા વહેવા લાગી–સ્વરૂપની ધારા વહી–તે ધર્મધારા છે. આ પર્યાય છે–દશા છે પણ શુદ્ધ અને સ્વતંત્ર છે–પરાધીન નથી.

અધ્યાત્મની વાત કડક ઘણી...શુભભાવની ક્રિયામાં તો દુનિયાને કાંઈક દેખાય પણ ખરું...જાત્રા કાઢે, મંદિર બંધાવે તો લોકો જાણે. ભાઈ! એ ક્રિયા રાગને જણાવે છે. જાણનારો તો એ કાળે પણ ક્રિયાથી અને રાગથી જુદો છે.

**ऊरध मुख**–અનાદિથી અધોમુખ દશા હતી, હવે ઉરધમુખ દશા થઈ. પુણ્ય-પાપને પોતાના માનીને અનુભવતો હતો તે તેની અધોદશાના લક્ષણ હતાં, તેનાથી ભિન્ન પડીને જ્ઞાન સ્વભાવસન્મુખ થયું ત્યાં શુદ્ધ આનંદમાં તેની પરિણતિ વહેવા લાગે છે. આ રાગથી ભિન્ન

www.vitragvani.com



પડેલી પરિણતિમાં કર્મ પ્રવેશી શકતાં નથી. જેનાથી પોતે જુદો પડ્યો એવા કર્મો હવે પ્રવેશી શકતાં નથી અને જ્ઞાનની ધારા તો વધતી જ જાય છે–તેમાં કર્મનો ક્લેશ કેમ પ્રવેશે!

શુદ્ધશ્રદ્ધા, જ્ઞાનની ધારામાં દ્રવ્યકર્મનો તો પ્રવેશ નથી પણ ભાવકર્મનો પણ તેમાં પ્રવેશ નથી, વિકલ્પમાત્રનો ત્યાં પ્રવેશ નથી. **आतम साधि अध्यात्मके पथ, पूरन ह्वै परब्रह्म कहावै** અંતરમાં આત્માનો આશ્રય લઈ, રાગનો આશ્રય છોડી, અંતર આનંદના પંથે ચડેલો તે જીવ અધ્યાત્મના પંથમાં આવી ગયો. અંતરમાં આત્માનું સાધન સાધતો સાધતો તે પૂર્ણ થાય છે. જ્યાં સુધી પૂર્ણદશા ન થાય ત્યાં સુધી સ્વભાવ તરફનું સાધન કરતો જ રહે છે. અંતરમાં એકાગ્રતારૂપ સાધકધારા પૂર્ણતા સુધી ચાલુ રહે છે. જેવા પરમાત્મા પૂર્ણ છે તેવી પોતાની પૂર્ણદશા થઈ જાય તેનું નામ પરબ્રહ્મ કહેવાય છે અર્થાત્ જેવું પોતાનું પૂર્ણ ધ્રુવસ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ થઈ જાય તેને પરબ્રહ્મ કહેવાય છે. બાકી બીજો આ જગતનો કર્તા–હર્તા—ઈશ્વર કે પરબ્રહ્મ કોઈ નથી.

ચૈતન્યપ્રભુના સ્વભાવને સાધીને આત્મા પોતે પરમબ્રહ્મ થાય છે. તેમાં તેને કોઈ પરદ્રવ્યની કે રાગની કે વ્યવહારની અપેક્ષા નથી. રાગથી જુદો પડે ત્યારે સ્વભાવનું સાધન થાય છે તો રાગ સાધન ક્યાંથી થાય? પણ ભાઈ! શાસ્ત્રમાં જ રાગને સાધન કહ્યું છે તેનું શું? એમ પ્રશ્ન થાય. પણ ભાઈ! શાસ્ત્રમાં રાગમાં સાધન થવાનો ઉપચાર કર્યો છે. ખરેખર રાગ સાધન થઈ શકતું નથી. અંતરની શુદ્ધિની સાથે ભૂમિકા અનુસાર જેવો જેવો રાગ હોય છે તેને ઉપચારથી સાધન કહ્યું છે. પ્રયોજન તો માત્ર શુદ્ધિની સાથે રાગ કેવો હોય છે તેને બતાવવા પૂરતું જ છે.

ભાવાર્થ :—અનંત સંસારમાં પરિભ્રમણ કરતો જીવ કોઈવાર કાળલબ્ધિ, દર્શન મોહનીયનો અનુદય અને ગુરુ ઉપદેશ આદિનો અવસર પામીને તત્ત્વશ્રદ્ધાન કરે છે ત્યારે દ્રવ્યકર્મો અને ભાવકર્મોની શક્તિ શિથિલ થઈ જાય છે અને અનુભવના અભ્યાસથી ઉન્નતિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઊર્ધ્વગમન કરે છે અર્થાત્ સિદ્ધગતિને પામે છે.

અહા! ભૂતકાળ ઉપર દૃષ્ટિ કરે તો જીવ અનંત સંસારમાં રખડતો હતો. જેની આદિ નથી એવા અનંતકાળથી સંસારમાં સંસરણ કરતો હતો. તે જીવ ક્યારેક પોતાની સ્વકાળલબ્ધિની પ્રાપ્તિ થતાં સાચાં તત્ત્વની શ્રદ્ધા કરે છે તો કર્મનો ઉદય ટળી જાય છે. વિપરીત માન્યતા કરતો હતો ત્યાં સુધી જડકર્મનું નિમિત્ત હતું, જ્યાં વિપરીત માન્યતા છૂટી ત્યાં કર્મો સ્વયં ટળવા લાગે છે. ત્યાં પ્રથમ દર્શનમોહનીયકર્મનો અનુદય થાય છે.

અજ્ઞાનીજીવને પ્રથમ તો ગુરુનો ઉપદેશ મળે છે તેમાં દેશનાલબ્ધિ થાય છે. તે ઉપદેશ કેવો હોય છે?—કે રાગથી ભિન્ન પડવાનો ઉપદેશ હોય. રાગ કરતાં કરતાં ધર્મ થશે એવો

www.vitragvani.com



ગુરુનો ઉપદેશ ન હોય અને એવું કહેનારાં ગુરુ ન હોય. ભગવાનની ભક્તિ કરતાં કરતાં તમારું કલ્યાણ થઈ જશે એવો ગુરુનો ઉપદેશ ન હોય. રાગને અને જ્ઞાનને જુદાં પાડી દે— ફડચાં પાડી દે–એવો ઉપદેશ તે જ સત્ય ઉપદેશ છે અને એ ગુરુ જ સાચા ગુરુ છે. કેટલોક ઉપદેશ એવો હોય કે બધાંને સરખો લાગે. જેમ સમુદ્રમાં ઉપલી સપાટી એકસરખી હોય તેથી ઉપર ટપકે જોનારને બધે સરખું પાણી લાગે પણ ઊંડાણ માપવા જાય તો ખબર પડે કે કાંઠા ઉપર પાણી છીછરું હોય અને વચ્ચે તો બહું ઊંડુ હોય. આ ફેર તો જે પાણીનું માપ કાઢવા જાય તેને ખબર પડે. સપાટીને જુએ તેને ખબર ન પડે તેમ, ગુરુનો ઉપદેશ ઉપર ટપકે ગ્રહણ કરવાથી તેના ઊંડાણનું માપ ન આવે. ઊંડાણથી જુએ તો જ સાચા ગુરુ અને સાચા તત્ત્વનું માપ નીકળે.

ગુરુના ઉપદેશથી પાત્ર શિષ્ય તત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરે છે. હું જ્ઞાયક ચિદાનંદતત્ત્વ છું એવી શ્રદ્ધા કરે છે તેમાં હું પુણ્ય–પાપ કે આસ્રવ–બંધરૂપ નથી એવી શ્રદ્ધા આવી જાય છે. આવી યથાર્થ શ્રદ્ધા થતાં દ્રવ્યકર્મો અને ભાવકર્મોની શક્તિ શિથિલ થતી જાય છે અને એ જ માર્ગે અનુભવના અભ્યાસથી અંતરમાં એકાગ્રતાની વૃદ્ધિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઊર્ધ્વગમન કરે છે. જ્યાં સિદ્ધગતિ છે ત્યાં જઈને વસી જાય છે–પૂર્ણદશાને પ્રાપ્ત થાય છે. આમ, રાગથી પૃથક્તા અને આનંદમાં લીનતા દ્વારા જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

શુદ્ધાત્માની અનુભૂતિના સદ્‌ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે; તોપણ શુદ્ધ પરમ પારિણામિકભાવ બંધ-મોક્ષને કરતો નથી, શુભાશુભ ભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દૃષ્ટિથી અનુભૂતિનો તથા શુભાશુભ ભાવનો અકર્તા છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૧)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ભેદ-વિજ્ઞાનથી સર્વસિદ્ધિ

(સળંગ પ્રવચન નં. ૬૭)

આ, શ્રી નાટક સમયસારનો સંવર અધિકાર છે. તેના ચોથા શ્લોક ઉપરનું ૫મુ પદ્ય છે. તેમાં સમ્યગ્દૃષ્ટિનો મહિમા બતાવે છે.

પુણ્ય-પાપથી રહિત શુદ્ધ, પૂર્ણ, ચૈતન્યવસ્તુની દૃષ્ટિ થતાં તે જીવ સમ્યક્ દૃષ્ટિવંત થાય છે તેની મહિમા વર્ણવે છે.

भेदि मिथ्यात सु वेदि महारस,
भेदविज्ञान कला जिन्ह पाई।
जो अपनी महिमा अवधारत,
त्याग करैं उर सौंज पराई।।
उद्धत रीति फुरी जिन्हके घट,
होत निरंतर जोति सवाई।
ते मतिमान सुवर्न समान,
लगै तिन्हकौं न सुभासुभ काई।।५।।

અર્થ :—જેમણે મિથ્યાત્વનો વિનાશ કરીને અને સમ્યક્ત્વનો અમૃતરસ ચાખીને જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી છે, પોતાના નિજગુણ દર્શન, જ્ઞાન, ચારિત્ર ગ્રહણ કર્યા છે, હૃદયમાંથી પરદ્રવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓનું ગ્રહણ કરીને જ્ઞાનજ્યોતિની સવાઈ વૃદ્ધિ કરી છે, તે વિદ્વાનો સુવર્ણ સમાન છે, તેમને શુભાશુભ કર્મમળ લાગતો નથી.

भेदि मिथ्यात सु वेदि महारस, અનાદિથી અજ્ઞાનીને મિથ્યા માન્યતા છે કે હું પુણ્ય–પાપવાળો છું, નિમિત્તના સંગવાળો છું, પર્યાય જેવડો છું....તે મિથ્યા માન્યતાને જેણે પોતાના અસંગ પદાર્થની દૃષ્ટિ વડે ટાળી છે અને ચૈતન્યનો મહારસ ચાખ્યો છે એવા જીવોની વાત છે. તેને પણ પ્રથમ મિથ્યાત્વ હતું—એ સિદ્ધ કર્યું. મિથ્યાશ્રદ્ધામાં મિથ્યાદૃષ્ટિ રાગ અને દ્વેષના વિકલ્પોની અશાંતિને વેદતો હતો, તેને જ કરતો હતો અને એટલો જ હું છું એમ માનતો હતો. હવે તેણે ભેદવિજ્ઞાનની કળા વડે આ મિથ્યાત્વને ભેદી નાખ્યું—અધર્મની ઝેરીદશાને

www.vitragvani.com



છેદી નાંખી.....કેવી રીતે? કે પૂર્ણ શુદ્ધ આનંદકંદ નિજ આત્માનો આશ્રય લઈને મિથ્યાત્વને ભેદી નાખ્યું છે. મિથ્યાત્વને છેદવાની આ એક જ રીત છે. મિથ્યાત્વ નષ્ટ થતાં આત્માનો મહા આનંદરસ પ્રગટ થાય છે તેને ધર્મી વેદે છે.

જ્યાં સુધી નિજ વસ્તુનું અભાન હતું ત્યાં સુધી, પરમાં સુખબુદ્ધિ અને પરમાં દુઃખબુદ્ધિ થતી હતી તેથી કલ્પિત સુખ અને દુઃખનું વેદન થતું હતું—તે ખરેખર ઝેરનું વેદન હતું—અધર્મદશા હતી, તેને ધર્મીએ ભેદી અને મહારસને વેદ્યો. કવિએ 'भेदि' અને 'वेदि'નો મેળ કર્યો છે. પાપના પરિણામમાં સુખબુદ્ધિ રહેવી એ તો મિથ્યાત્વભાવ છે જ પણ શુભભાવમાં હિતબુદ્ધિ રહેવી તે પણ મિથ્યાત્વ છે. આવા મિથ્યાત્વને જેણે ભેદી નાખ્યું અને આત્માનો અતીન્દ્રિય મહા આનંદરસ વેદ્યો તે એક ક્ષણનો અનુભવ પણ મહા અમૃતનો સ્વાદ છે, મિથ્યાત્વના અનંતકાળના અનુભવમાં એકલો ઝેરનો અનુભવ હતો તેને છેદનારો છે.

આ કરોડપતિ અને અબજોપતિ ગણાય છે તે બધાં ઝેરને અનુભવ કરનારા છે. રૂપિયા પોતે ઝેર નથી પણ 'તે મારા છે' એવી અજ્ઞાની જીવની માન્યતા પોતે ઝેર છે. માટે કહે છે કે પૈસાવાળાઓ ઝેરને અનુભવે છે. અમે પૈસાવાળા, અમે મોટા અમલદાર અધિકારી એવો જે અનુભવ છે તે ઝેરનો અનુભવ છે. પૈસા ઝેર નથી પણ તેના ઉપર જે રાગનો રંગ ચડ્યો છે તે ઝેર છે.

**भेद-विज्ञान कला जिन्ह पाई।** ભેદવિજ્ઞાન કહેતાં જ બે ચીજ સિદ્ધ થાય છે. એક ચીજમાં ભેદજ્ઞાન થઈ શકતું નથી. એક તરફ અખંડાનંદ પ્રભુ આત્મા છે અને બીજી બાજું શરીર, કર્મ અને રાગ–દ્વેષ છે. પણ અનાદિથી જીવ તે બધું એક વસ્તુ તરીકે માને છે. અનાદિથી ભેદ તો છે પણ ભેદવિજ્ઞાન નથી, તે ભેદજ્ઞાનની કળા વડે પ્રગટ થાય છે. આ ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે એવા ધર્મીને જ્ઞાનસ્વરૂપ નિજાત્માના ગુણોની મહિમા હોય છે પણ પુણ્ય–પાપ પરિણામ અને તેના ફળમાં મળતાં સંયોગોના ઢગલાની મહિમા હોતી નથી.

જેણે પોતાના શુદ્ધસ્વભાવનો મહિમા ગ્રહણ કર્યો છે તેને જ ધર્મી કહેવાય છે. પુણ્ય–પાપ અને તેના ફળમાં મળેલી ચીજથી જેને પોતાની અધિકાઈ લાગે છે—સંયોગો વડે પોતાની મહાનતા ભાસે છે તે ધર્મી નથી. પોતાના સ્વભાવ સિવાય બીજા કોઈ સંયોગો કે ભાવોમાં મહિમા–અધિકતા–વિશેષતા જણાય છે તો એ ભાવ પોતે મિથ્યાત્વ છે. ધર્મીને એવા ભાવ ન હોય. અહીં સારા ભાવ કરીશું તો મરીને સ્વર્ગમાં જશું એવી ભવની કે ભાવની ધર્મીને મહિમા હોતી જ નથી.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કે મુનિ મરીને સ્વર્ગમાં જ જાય, વ્યંતર, ભવનવાસી કે જ્યોતિષ-દેવમાં ન જાય, વૈમાનિકદેવ જ થાય, દેવી ન થાય....પણ કહે છે કે ધર્મીને ભવની મહિમા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી, એને તો પોતાના સ્વરૂપની મહિમા છે. સ્વર્ગમાં એ દેવ પાસે આવીને દેવીઓ અબજો રૂપિયાના હીરાના સ્વસ્તિક રચીને દેવની મહિમા કરે તો પણ એ ધર્મીદેવને તેની મહિમા આવતી નથી. સમકિતી ચક્રવર્તી પોતે મનુષ્ય છે અને ઇન્દ્ર તેના મિત્ર થઈને સમીપ આવીને સિંહાસન પર બેસે પણ ધર્મીને તેની મહિમા નથી. જે નિજમહિમામાં રત છે તેને બીજા કોની મહિમા આવે!

**निजमहिमरतानां भेदविज्ञानशक्त्या**....આ શબ્દ મૂળ શ્લોકમાં છે ને! જેણે પુણ્ય-પાપના રાગથી જુદો પાડીને નિજ ચૈતન્યને અનુભવ્યો, એવા સમકિતીને પોતાના સ્વરૂપની મહિમા જ ગ્રહણ થાય છે. બીજા કોઈની મહિમા આવતી નથી. સ્વભાવની મહિમાની ખબર નથી તે તો પરની મહિમામાં ગૂંચવાઈ ગયો છે. દસ–બાર છોકરાઓ હોય, એટલી વહુઓ હોય, દરેકના જુદાં જુદાં દાગીના, દીકરીને આણુ સારું કર્યું હોય, જમાઈને હજારોનો હીરો આપ્યો હોય, આબરૂ સારી હોય તેની જગતમાં મહિમા ગણાય પણ એમાં ધૂળેય મહિમા નથી. ચામડાના શરીર અને તેની ચામડા સાથે સગાઈ કરી તેમાં મહિમા કોની કરવી! અહીં તો સમકિતીએ અનંત આનંદના નાથ સાથે સગાઈ કરી છે તેની મહિમા છે.

આનંદઘનજીએ ભજનમાં લખ્યું છે : ‘સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારસુ ગાઢી’ સમકિતીએ અનંતગુણના નાથ સાથે ગાઢ સગાઈની ગાંઠ બાંધી છે. હવે લગન કરીને કેવળજ્ઞાન કરવું એટલી જ વાર છે. પછી સમકિતી સદાને માટે સ્વઘરે ચાલ્યો જશે. આવા સમકિતીને આત્માના આનંદની મહિમા પાસે જગતની કોઈ ચીજની મહિમા નથી, સાક્ષાત્ તીર્થંકરનું સમવસરણ અને વાણીની પણ સ્વભાવ પાસે મહિમા નથી.

**त्याग करैं उर सौंज पराई**–ધર્મીજીવ નિજ મહિમામાં રત છે અને રાગથી માંડીને **सौंज** નામ પરવસ્તુની મહિમાના ત્યાગી છે. આ ‘ત્યાગ’એ ખરો ત્યાગ છે. હૃદયમાં પરનું મમત્વ રાખીને બાહ્યથી ત્યાગ કરે તે ત્યાગી નથી. ધર્મીને પાપ અને પાપના ફળનો જ ત્યાગ છે એમ નથી. પુણ્ય અને પુણ્યના ફળની પણ ધર્મીને મહિમા નથી, તેથી હૃદયમાંથી તે બધાનો ત્યાગ છે. મારી ચીજ–ચૈતન્યદેવ તે જ હું, બાકી કાંઈ મારું નથી. મિથ્યાત્વનો ત્યાગ થતાં વિકલ્પાદિનો પણ દૃષ્ટિમાંથી ત્યાગ થઈ જાય છે. રાગાદિનું ધણીપણું ઉડી જાય છે. ઊંચામાં ઊંચી તીર્થંકરગોત્રની પ્રકૃતિ જે ભાવથી બંધાય તેનો પણ ધર્મીને દૃષ્ટિમાં ત્યાગ છે. નિજ વસ્તુ અને વસ્તુની દશાના ધ્યેયમાં અન્ય સર્વનો દૃષ્ટિમાંથી ત્યાગ છે.

**उद्धत रीति फुरी जिन्हके घट**—રાગ અને કર્મના નિમિત્તને નહિ ગણતો, પોતાના શુદ્ધ સ્વરૂપને ગણતો ધર્મી આગળ વધી જાય છે. પોતાના ઉન્નતિક્રમમાં સ્વભાવના ડુંગરે ચડતો જાય છે. હૃદયમાંથી પરદ્રવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગ્રહણ કરતો જાય છે. અંદરમાં શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે તેમ વિકલ્પમાં તેને અનુરૂપ રાગની મંદતા થતી જાય છે. નિર્મળ પુરુષાર્થની ઉગ્રતા દ્વારા અખંડ જ્ઞાનની ધારા અંદરમાં વધી જાય છે. તે ઉદ્ધતધારા કહી છે. કર્મને ગણતો નથી, રાગને ગણતો નથી એવો ધર્મી એક પોતાની ચીજને જ ગણે છે. પોતાના સ્વભાવ અને ગુણને જ ગણતો ધર્મી અન્ય કોઈને ગણત્રીમાં લેતો નથી એવો ઉદ્ધત થઈ ગયો છે. પિતા કમાઈને છોકરાને આપે અને જ્યાં છોકરાં કમાતા થઈ જાય ત્યાં તેને પિતાની કાંઈ ગણત્રી ન હોય, એકબાજુ બેસાડી રાખે એવી ઉધ્ધતતાની આ વાત નથી. અહીં તો બાહ્ય અનુકૂળતા કે પ્રતિકૂળતા કોઈને નહિ ગણતો ધર્મી પોતાના સ્વભાવની શ્રેણીમાં આગળ વધી જાય છે તેની વાત છે. આનું નામ જ સંવર છે.

અંતરમાં સ્વભાવની મહિમા લાવી, વિકલ્પમાત્રની મહિમા છોડી, સ્વભાવના આશ્રયે આગળ વધતો જાય છે એવા ધર્મીને સંવર છે. **होत निरंतर जोति सवाई.....** સવૈયાનો મેળ બેસડવા 'સવાઈ' વૃદ્ધિ કહી છે, બાકી નિરંતર વૃદ્ધિ થતી જાય છે એમ કહેવું છે. ચૈતન્યજ્યોત ભગવાન, પૂર્ણ આનંદ–જ્ઞાન સ્વરૂપમૂર્તિ, નિરંતર ઉદ્ધત રીતે સવાઈ વૃદ્ધિ કરતો આગળ વધતો જાય છે.

**ते मतिमान सुवर्ण समान** જેને આત્મા અનુભવમાં આવ્યો છે તે મતિમાન છે કેમકે, તેણે ખોટી ચીજને છોડીને સાચી ચીજને પકડી લીધી છે. સમકિતી સુવર્ણ સમાન છે. જેમ સુવર્ણને કાટ લાગતો નથી તેમ સમકિતીને પુણ્ય–પાપના પરિણામનો મેલ લાગતો નથી. શુદ્ધતા વધતી જાય છે તેમાં મેલ લાગતો જ નથી. કવિએ કેવું ગોઠવ્યું છે! લોકો કહે છે કે દયે રોટલાનો ટૂકડો, તેને ભગવાન ઢૂંકડો.....અહીં કહે છે કે સંવરમાં આનંદનો ટૂકડો તેને ભગવાન ઢૂંકડો છે. અનુભવરસનો ટૂકડો લે છે તેને ભગવાન ઢૂંકડો–સમીપ છે. અનુભવરસ એ ધર્મીનો ખોરાક છે.

સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષ એટલે શુદ્ધિની પરિપૂર્ણતા....એ શા વડે થાય?—કે ભેદજ્ઞાનથી જ સંવર–નિર્જરા અને મોક્ષ થાય છે. આ વાત હવે દ્દટા પદ્યમાં કવિ કહે છે.

**भेदग्यान संवर-निदान निरदोष है।**
**संवरसौं निरजरा, अनुक्रम मोष है॥**
**भेदग्यान सिवमूल, जगतमहि मानिये।**
**जदपि हेय है तदपि, उपादेय जानिये॥६॥**

અર્થ :—લોકમાં ભેદવિજ્ઞાન નિર્દોષ છે, સંવરનું કારણ છે. સંવર, નિર્જરાનું કારણ છે. તેથી ઉન્નતિના ક્રમમાં ભેદવિજ્ઞાન જ પરંપરાએ મોક્ષનું કારણ છે. જો કે ત્યાજ્ય છે તોપણ ઉપાદેય છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભેદવિજ્ઞાનમાં ભગવાન આત્માને વિકલ્પથી ભિન્ન પાડીને અનુભવવામાં આવે છે માટે ભેદવિજ્ઞાન નિર્દોષ છે અને સંવરનું કારણ છે એટલે કે ધર્મ છે. શુદ્ધાત્મામાં–રાગથી રહિત નિર્વિકલ્પતત્ત્વમાં—આરૂઢ થતાં સંવર થાય છે—શુદ્ધિની શરૂઆત થાય છે અને તે સંવર જ શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે. નિર્જરામાં શુદ્ધિ વધતી જાય છે અને અશુદ્ધિ ટળતી જાય છે. ભેદવિજ્ઞાન કરે નહિ અને નિર્જરા કરવા માટે લાંઘણ કરે તેનાથી સંવર થતો નથી. લાંઘણ એ તો ભગવાન પાસે ત્રાંગા કરવા જેવું છે. નિર્વિકલ્પ નિરાકુળસ્વરૂપ ભગવાન આત્મા પાસે ત્રાંગા કરવા એ તો ક્લેશના ભાવ છે. સંવર એ તો રાગથી ભિન્ન, આત્માની નિર્દોષ દશા છે. સંવરપૂર્વક આત્મામાં વિશેષ સ્થિરતા થવી તે નિર્જરા છે અને વૃદ્ધિ થતાં પૂર્ણપણે સ્વરૂપમાં સ્થિર થઈ જવું તે મોક્ષ છે. સમયસારમાં પણ આવે છે કે ભેદ અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર આવે છે.

**भेदग्यान सिवमूल**—ભેદજ્ઞાન જ મોક્ષનું મૂળ છે કેમકે ભેદજ્ઞાનથી જ અનુક્રમે સંવર–નિર્જરાની વૃદ્ધિ થતાં થતાં મોક્ષ થાય છે. ચૈતન્યમૂર્તિ પરમાત્માના ભેટા અંતરમાં થાય છે તેને જ સંવર થાય છે તેને જ શુદ્ધતા વધતાં નિર્જરા થાય છે અને તેને જ શુદ્ધતાની પૂર્ણતા થતાં મોક્ષ થાય છે. આમ, મોક્ષનું મૂળ કહો કે કારણ કહો તે ભેદજ્ઞાન જ છે.

એક વિકલ્પથી માંડીને શરીરાદિ બધાં પરપદાર્થથી ભિન્ન ભગવાન આત્મા અનુભવમાં આવે–એ જ ભેદજ્ઞાન છે–તે જ મોક્ષનું મૂળ છે. જગતમાં મોક્ષનું મૂળ આ સિવાય બીજું કોઈ નથી.

**जदपि हेय है**....ભેદજ્ઞાન એ અધૂરી દશા છે તેથી હેય છે. જેવું કેવળજ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ છે તેવું આ નથી. ભેદજ્ઞાનમાં આ શરીરાદિ તે હું નહિ, આ ચૈતન્ય તે હું એવો ભેદ પડે છે અને અપૂર્ણદશા છે માટે હેય છે, તોપણ પરંપરાએ મોક્ષનું કારણ હોવાથી ઉપાદેય છે.

મોક્ષનું અસલી કારણ તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે પણ ભેદવિજ્ઞાન વિના સંવર–નિર્જરા થતાં નથી અને સંવર–નિર્જરા વિના મોક્ષ થતો નથી. માટે પ્રથમ અવસ્થામાં ભેદજ્ઞાન ઉપાદેય છે, પરંપરા મોક્ષનું કારણ છે. મોક્ષ થયા પછી તેનું કાંઈ પ્રયોજન નથી. કાર્ય થઈ ગયા પછી કારણની આવશ્યકતા રહેતી નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગયા પછી અધૂરી પર્યાય રહેતી નથી. માટે ભેદજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે, પૂર્ણ થયા પછી હેય છે અર્થાત્ હોતું જ નથી.

જોયું! ભેદજ્ઞાન અંશ છે અને ભેદરૂપ છે માટે તે ઉપાદેય નથી, હેય છે. અભેદ પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જવી તે જ ઉપાદેય છે.

હવે એ છઠ્ઠા કશળમાં આચાર્યદેવ કહે છે કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં ઠરી ન જાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્યાં સુધી નિરંતર ભેદજ્ઞાન ભાવવું, પછી કોઈ વિકલ્પને અવકાશ નથી. આ માટે કવિવર ૭મુ પદ્ય લખે છે.

**भेदग्यान तबलौं भलौ, जबलौं मुकति न होइ।**
**परम जोति परगट जहां, तहां न विकलप कोइ॥७॥**

અર્થ :—જ્યાં સુધી મુક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભલું છે-પ્રશંસનીય છે. જ્યાં જ્ઞાનની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રકાશમાન થાય ત્યાં કોઈપણ વિકલ્પ નથી.

લોકોને એમ થઈ જાય કે આમાં કરવું શું? ભાઈ! અંતરમુખ થવું અને બહિર્મુખતાથી જુદું પડવું-એ તારે કરવાનું છે. જ્ઞાની મુનિના માત્ર બાહ્ય તપાદિ જોઈને તપ કરવા લાગીશ પણ અંતર જોઈને નિર્મળતા પ્રગટ નહિ કર તો તારું કામ નહિ થાય. પેલો શેઠાણીનો દાખલો આપીએ છીએ ને! લાખોપતિની શેઠાણી ખાંડણિયામાં ચોખા ખાંડતી હતી તો ઉપર તો ફોતરાં દેખાય તે જોઈને એક ગરીબ બાઈ બજારમાંથી ફોતરાં લઈ આવીને ખાંડવા બેઠી કે શેઠાણી ખાંડે છે માટે તેમાંથી કાંઈક નીકળશે. પણ કયાંથી નીકળે! હોય તો નીકળેને! શેઠાણીને પૂછ્યું ત્યારે ખબર પડી કે તે તો ચોખા ખાડતાં હતાં. તેમ, ધર્મીને મહાવ્રત અણુવ્રતાદિ પાળતાં જોઈને તું પણ પાળવા માંડીશ તો તારા હાથમાં કાંઈ નહિ આવે કેમ કે ધર્મી પાસે અંતરમાં રહેલી શુદ્ધતા તારી પાસે કયાં છે! રાગથી ભિન્ન પડેલો આનંદકંદનો કસ ધર્મીને પાસે છે. તેના વગર એકલા વ્રત-તપાદિ કરવાથી મુક્તિ નહિ થાય.

ઋષભદેવ ભગવાનને છ મહિના આહાર ન મળ્યો પણ તેઓ તો અતીન્દ્રિય આનંદમાં રહેતાં હતાં, ભોજનની ઈચ્છાની વૃત્તિ જ તૂટી જતી હતી. ભગવાનનું જોઈને અત્યારે ઘણાં વર્ષીતપ કરે છે અને પછી પૈસા ખરચે અને વાહ વાહ થાય. પણ એની પાસે આત્માનો અંતરનો આનંદ અને શાંતિ કયાં છે!

અહીં તો કહે છે કે જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી પરથી ભિન્નતાનો ભાવ હોય છે. જ્યાં પૂર્ણપણે પરથી અને વિભાવથી ભિન્ન પડી ગયા ત્યાં ભેદ કરવાનો કોઈ વિકલ્પ રહેતો નથી.

હવે ૭મા કળશમાં કહે છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અછિન્નધારાએ ભેદજ્ઞાન ભાવવું, વચ્ચે ખંડ પડવા ન દેવો. બદામમાંથી તેલ કાઢવું હોય તો એકધારી ઘૂંટે તો તેલ નીકળે. તેમ ભેદજ્ઞાન એકધારાએ ભાવવું, તેમાં વિચ્છેદ પડવા ન દેવો. કારણ કે ભેદજ્ઞાન જ પરંપરા મોક્ષનું કારણ છે. જે કોઈ સિદ્ધ થયા તે ભેદજ્ઞાનથી જ થયા છે અને જે કોઈ નથી થયા તે ભેદજ્ઞાનના અભાવથી જ થયા નથી. નિરંતર રાગથી ભિન્નતાનો અનુભવ

www.vitragvani.com



કર્યા કરે તો જ રાગથી સર્વથા ભિન્ન પડી જ્ઞાન જ્ઞાયકમાં ઠરી જાય. માટે ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે એમ ૮મા પદ્યમાં કહે છે.

**भेदज्ञान संवर जिन्ह पायौ।**
**सो चेतन सिवरूप कहायौ॥**
**भेदग्यान जिन्हके घट नांही।**
**ते जड़ जीव बंधैं घट मांही॥८॥**

અર્થ :—જે જીવોએ ભેદજ્ઞાનરૂપ સંવર પ્રાપ્ત કર્યો છે તેઓ મોક્ષરૂપ જ કહેવાય છે અને જેના હૃદયમાં ભેદવિજ્ઞાન નથી તે મૂર્ખ જીવો શરીર આદિથી બંધાય છે.

**भेदज्ञान संवर जिन्ह पायौ** એટલે કે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થાય છે. જે કોઈ મુક્તિ પામ્યા તે ભેદવિજ્ઞાનથી જ પામ્યા છે. કોઈ વ્યવહાર ક્રિયાથી કે દયા, દાનાદિથી મુક્તિ પામ્યા હોય એવો એકપણ દાખલો નથી. વ્યવહારના રાગથી પણ જુદા પડી, સ્વભાવનો આશ્રય લઈને જ દરેક જીવો મુક્તિ પામ્યા છે. વ્યવહારને રાખીને કોઈ મુક્તિ પામી શકતું નથી, વ્યવહારના શરણે મુક્તિ થતી નથી.

જેના અંતરમાં ભેદવિજ્ઞાનનો અભાવ છે, રાગથી જે જુદા પડયા નથી, રાગને એકપણે માનીને અનુભવે છે તે જીવો જગતમાં બંધાય છે.

બે કારણથી કાર્ય થતું નથી, ઉપાદાનથી જ કાર્ય થાય છે ત્યારે સાથે નિમિત્ત હોય છે પણ તેનાથી કાર્ય થતું નથી. રાગથી જુદા પડીને અંતરમાં જાય તે મુક્તિ પામે છે. અમુક નિમિત્ત હોય તે મુક્તિ પામે છે એમ નથી. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય ભાઈ! ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્તની રાહ જોવાની ન હોય! તકરાર કરવી રહેવા દે બાપુ! જે કોઈ મુક્તિ પામ્યા તે ભેદજ્ઞાનથી જ પામ્યા છે અને નથી પામ્યા તે ભેદવિજ્ઞાનના અભાવથી પામ્યા નથી એવી બેધડક એક જ વાત છે. જે કોઈ બંધાયા તે કર્મનું નિમિત્ત હતું માટે બંધાયા એવી બીજી વાત જ કરી નથી. અશુદ્ધ ઉપાદાનવાળા, રાગની એકતા કરીને બંધાયા અને શુદ્ધ ઉપાદાનવાળા, રાગમાંથી એકતા તોડીને મુક્તિ પામ્યા. અહીં તો આ એક જ વાત લીધી છે.

❀ ❀ ❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન

(સળંગ પ્રવચન નં.-૬૮)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. સંવર દ્વારના આઠમા કળશમા અમૃતચંદ્રાચાર્ય ફરમાવે છે કે ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જ્વળ થાય છે, ભેદજ્ઞાનથી ધર્મ થાય છે. આ ભેદજ્ઞાન એટલે શું? કે પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પરૂપ રાગથી પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ભિન્ન કરીને અનુભવવો તેનું નામ ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાનથી જ ધર્મની શરૂઆત થાય છે.

ભેદજ્ઞાનથી આત્માની ઉજ્જ્વળતા બતાવવા બનારસીદાસજી ૯ મા પદ્યમાં લખે છે કે–

**भेदग्यान साबू भयौ, समरस निरमल नीर।**
**धोबी अंतर आतमा, धोवे निजगुन चीर॥९॥**

બહું ટૂંકી ભાષા! સાબુ અને પાણી વડે ધોબી કપડાં ધોઈને સાફ કરે છે તેમ ભેદજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપી પાણી વડે અંતરાત્મા પોતાના ગુણરૂપી વસ્ત્રને ધોઈને સાફ કરે છે.

અંતરાત્મા કહો કે સમકિતી કહો એક જ છે. જેણે પોતાના શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માનો રાગથી ભિન્ન પડીને અનુભવ કર્યો છે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આત્માના અનુભવથી જ ધર્મની શરૂઆત થાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપને છોડીને, શરીર, વાણી, મન અને શુભાશુભરાગ કે જે પર છે, વિભાવ છે, દોષરૂપ ભાવ છે તેને પોતાના માને છે તે તો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ જીવ છે. કદાચિત્ બાહ્યથી તે સાધુ થયો હોય તોપણ અંતરંગમાં તો બહિરાત્મબુદ્ધિએ વર્તતો તે મિથ્યાદૃષ્ટિ જ છે, તે જૈન નથી.

નિજ શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાનો જાણીને, જે રાગથી પોતાના જ્ઞાનને ભિન્ન રાખે છે તેને સમ્યગ્દૃષ્ટિ-ધર્મી-અંતરાત્મા કહેવામાં આવે છે. તેનું સ્વરૂપ અહીં ધોબીની ઉપમા આપીને સમજાવ્યું છે કે ધર્મી ભેદજ્ઞાનરૂપી સાબુ વડે ક્રમે ક્રમે રાગને ભિન્ન પાડતાં જાય છે અને સમતારસથી રાગને કાઢી નાંખે છે. આમ, ધર્મી પોતાના જ્ઞાન-આનંદગુણરૂપી વસ્ત્રને ધૂએ છે તેમાં, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેયની વાત આવી જાય છે. ધર્મીને શુભ અને અશુભ બંને ભાવમાં સમભાવ છે, બંનેથી વૈરાગ્ય છે, તેથી સમરસરૂપી નિર્મળ નીર વડે ધર્મી પોતાની પરિણતિમાંથી રાગ-દ્વેષના મેલને કાઢી નાંખે છે. તેનું જ નામ ‘ભેદજ્ઞાન’ અને ધર્મ છે.

www.vitragvani.com



દેહાદિ તો જડ માટી છે તેની સાથે તો ધર્મીને કાંઈ એકત્વ નથી. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ અને વિષય-કષાયાદિ અશુભભાવ ઊઠે છે તે બંને પ્રકારના ભાવ વિભાવે છે–વિકાર છે, તે બંનેને ભેદીને ભેદજ્ઞાની થયા છે એવા અંતરાત્મા પોતાના સમતારસમાં મલિન પરિણામને ધૂએ છે તેનું નામ સંવર છે. અનુવાદમાં લખ્યું છે–જુઓ! સમ્યગ્દૃષ્ટિરૂપ ધોબી, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારૂપ નિર્મળ જળથી આત્મગુણરૂપ વસ્ત્રને સાફ કરે છે તે અંતરાત્મા છે.

હવે ૧૦મા પદ્યમાં ભેદવિજ્ઞાનની ક્રિયાના દૃષ્ટાંત આપે છે.

**जैसे रससोधा रज सोधिकैं दरब काढ़ै,**
**पावक कनक काढ़ि दाहत उपलकौं।**
**पंकके गरभमैं ज्यौं डारिये कतक फल,**
**नीर करै उज्ञल नितारि डारै मलकौं॥**
**दधिकौ मथैया मथि काढ़ै जैसे माखनकौं,**
**राजहंस जैसें दूध पीवै त्यागि जलकौं।**
**तैसैं ग्यानवंत भेदग्यानकी सकति साधि,**
**वेदै निज संपत्ति उछेदै पर-दलकौं॥१०॥**

અર્થ :—જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને સોનું-ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિ ધાતુને ગાળીને સોનું જુદું પાડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે, હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે. તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મસંપદા ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષાદિ અથવા પુદ્‌ગલાદિ પરપદાર્થોને ત્યાગી દે છે.

ધૂળધોયા માણસો રજ, પીળી કટકી, પીત્તળ અને સોનું એ બધાંને તેના લક્ષણથી ભિન્નભિન્ન ઓળખે છે તેથી એ રજમાંથી સોનાને જુદું પાડી લે છે. સોનાનું વજન, ચીકાશ, પીળાશ આદિ પીત્તળ અને બંગડીના ઝીણા કટકાથી જુદાં હોય છે તેને ઓળખીને ધૂળધોયા સોનાને જુદું તારવી લે છે તેમ, ધર્મી-જ્ઞાની જીવ શરીરની ક્રિયા, કર્મની ક્રિયા, રાગની ક્રિયા એ બધાંની વચ્ચેથી જ્ઞાનની ક્રિયા વડે પોતાને જુદો તારવી લે છે. દેહની ક્રિયા તો જડ છે, કર્મના ઉદયની ક્રિયાથી સંયોગ મળ્યા છે અને રાગ-દ્વેષ થાય છે એ પણ મારી ક્રિયા નથી. શુભાશુભ વિકલ્પ ઊઠે છે તેમાં અશુભ વિકલ્પ તો બંગડીના પીળા ટુકડાં જેવા છે અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુભવિકલ્પ પીત્તળના કટકા જેવા છે તે પણ સોનાની જાત નથી. મારા જ્ઞાન અને આનંદની ક્રિયા છે તે જ મારી છે એમ ધર્મી જ્ઞાન અને આનંદસ્વભાવનો રાગથી ભિન્ન પાડીને અનુભવ કરે છે.

આ તો બનારસીદાસજીએ ભેદજ્ઞાનીની ક્રિયાને ઓળખવા માટે સુંદર દૃષ્ટાંત આપ્યા છે. ભેદજ્ઞાની ધર્મી જીવ શરીર અને રાગની ક્રિયાથી ભિન્ન પોતાના સ્વરૂપને ઓળખીને આનંદ અને જ્ઞાનની ક્રિયાનો અનુભવ કરે છે અને રાગાદિ ક્રિયાને દૂર કરે છે. અજ્ઞાનીને આવું ભેદજ્ઞાન કરવું આકરું લાગે છે પણ તે આકરું નથી–કઠણ નથી. તું ચૈતન્યપ્રકાશનું પૂર છો પ્રભુ! તારી ક્રિયા તારામાં જ છે. જ્ઞાનસ્વભાવ એ તારી ચીજ છે, શુભાશુભ વિકલ્પ એ તારી ચીજ નથી. માટે, રજધોયાની જેમ તું પણ શરીરની અને રાગની ક્રિયાથી તારી જ્ઞાનક્રિયાને જુદી ઓળખીને રાગને જુદો પાડી દે અને જ્ઞાન અને શાંતિનો અનુભવ કર!

આ તો દુનિયાથી જુદી જાતની વાત છે!

બીજું દૃષ્ટાંત...જેમ અગ્નિ અન્ય ધાતુને ગાળી નાંખે છે અને સોનાને જુદું પાડી દે છે તેમ ધર્મી પોતાની જ્ઞાનાગ્નિ વડે રાગાદિ અશુદ્ધિને બાળી નાંખે છે અને શુદ્ધ જ્ઞાનને જુદું પાડી દે છે. આમ, ધર્મી આનંદ અને જ્ઞાનરૂપ નિજસંપત્તિને વેદે છે અને **उछेदे पर दलकौं**—પુણ્ય-પાપના વિકલ્પનો ઉચ્છેદ કરી નાંખે છે.

જુઓ! આ ધર્મીની ભેદજ્ઞાનની ક્રિયા!!

ત્રીજુ દૃષ્ટાંત...કાદવવાળા પાણીમાં જેમ, નિર્મળી ઔષધિ નાંખવાથી કાદવ નીતરી જાય છે અને પાણી સાફ થઈ જાય છે તેમ, ધર્મીજીવ ભલે નારકીના શરીરમાં હો, સ્ત્રી હો કે પુરુષ હો પણ પરથી પોતાના સ્વરૂપને જુદું જાણીને રાગને દૂર કરે છે અને પોતાના સ્વરૂપને સાધે છે. કેવી રીતે?—પોતાના નિર્મળ સ્વભાવની દૃષ્ટિ કરીને નિર્મળતાને અનુભવે છે અને રાગાદિ મલિનતાને નીતારી નાંખે છે–દૂર કરે છે.

ચોથું દૃષ્ટાંત....**दधिकौ मथैया मथि काढैं जैसे माखनकौं**—જેમ, દહીનું મંથન કરીને મથૈયા માખણ કાઢી લે છે અને છાશને દૂર કરે છે તેમ, ધર્મી રાગથી ભિન્ન પડવાની મંથન ક્રિયાથી પોતાના શુદ્ધસ્વરૂપ રૂપ માખણને જુદું તારવી લે છે અને રાગાદિરૂપ છાશને છોડી દે છે.

પાંચમું દૃષ્ટાંત....જેમ દૂધ અને પાણી એકસાથે હોવા છતાં રાજહંસ દૂધ પી લે છે અને પાણીને છોડી દે છે તેમ, **तैसै ग्यानवंत भेदग्यानकी सकति साधि, वेदै निज संपति उछेदै पर-दलकौं॥** ધર્મી જ્ઞાનનો અનુભવ કરે છે અને રાગને છોડી દે છે.

www.vitragvani.com



આજે ભગવાનના જન્મદિવસે પાંચ તો દૃષ્ટાંત આપ્યાં. ભાઈ! ભગવાન! તું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો. તારી ક્રિયા તો રાગથી ભિન્ન જ્ઞાન અને આનંદ એ તારી ક્રિયા છે એમ, ભગવાન મહાવીરે કેવળજ્ઞાનમાં જાણ્યું છે અને દિવ્યધ્વનિમાં કહ્યું છે.

જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી નિજ આત્મસંપદાને ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષ આદિ તથા પુદ્‌ગલાદિ પરપદાર્થોને છોડી દે છે. શુભાશુભ વિકલ્પ એ જીવનો સ્વભાવ નહિ હોવાથી પુદ્‌ગલ છે તેને ધર્મી છોડે છે. અહીં તો આનંદરૂપ નિજસંપત્તિને વેદે અને અનાત્મા એવા રાગાદિનાં અનુભવને છોડી દે તે આત્મા છે.

શ્રોતા :—આપ તો અમને બધાંથી છૂટા પડાવો છો?

પૂજ્ય ગુરુદેવ :—છૂટા છો માટે છૂટા પડી શકો છો. છૂટા ન હો તો છૂટા પડી ન શકો. જીવને રાગાદિ મલિનતાથી ભિન્ન શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરાવવા માટે અહીં પાંચ તો દૃષ્ટાંત આપ્યાં–ધૂળધોયાનું, અગ્નિનું, નિર્મળી ઔષધિનું, દહીંના મંથનનું અને રાજહંસનું. પ્રભુ! તારું ચૈતન્યદળ, આનંદસ્વરૂપ છે. શરીર તો જડ થઈને રહ્યું છે, પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ થઈને રહ્યાં છે અને તું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ થઈને રહ્યો છો! માટે તું સ્વરૂપનો અનુભવ કર તો રાગ દૂર થઈ જશે. ઉપદેશમાં કથન એમ આવે કે રાગ દૂર કર! પણ રાગ દૂર થઈ જાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકીનાથે આત્માને મહા મહિમાવંત કહ્યો છે તેની મહિમા સમજીને તેના આનંદને વેદવો અને રાગની મહિમા છોડી દેવી તેનું નામ ભેદજ્ઞાન છે. તેનાથી ધર્મ થાય છે. પૈસા મેળવવાથી કે દાનમાં દેવાથી ધર્મ થતો નથી.

પૈસા મારા છે હું પૈસા દાનમાં દઉં છું, તેનાથી મને ધર્મ થશે...એમ માનનાર તો મહા મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે.

તું આત્મા છો તો તારામાં કાંઈ શક્તિ છે કે નહિ! રાગ અને પુણ્ય-પાપમાં જ તારી શક્તિ છે? ભાઈ! તારી શક્તિ તો અનંત જ્ઞાન અને અનંત આનંદમય છે. તે શક્તિની સંભાળ કરવી અને રાગાદિની સંભાળ છોડી દેવી તેનું નામ ભેદજ્ઞાનરૂપી ધર્મ છે.

હવે ૧૧મા પદ્યમા બનારસીદાસ 'ભેદવિજ્ઞાનને મોક્ષનું મૂળ' કહે છે.

प्रगटि भेद विग्यान, आपगुन परगुन जानै,
पर परनति परित्याग, सुद्ध अनुभौ थिति ठानै।
करि अनुभौ अभ्यास, सहज संवर परगासै,
आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**छय करि विभाव समभाव भजि,**
**निरविकल्प निज पद गहै।**
**निर्मल विसुद्धि सासुत सुथिर,**
**परम अतीन्द्रिय सुख लहै॥११॥**

અહીં તો એકદમ માખણ છે.

અર્થ :—ભેદવિજ્ઞાન આત્માના અને પરદ્રવ્યોના ગુણોને સ્પષ્ટ જાણે છે, પરદ્રવ્યોમાંથી પોતાપણું છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર થાય છે અને તેનો અભ્યાસ કરીને સંવરને પ્રગટ કરે છે, આસ્રવદ્વારનો નિગ્રહ કરીને કર્મજનિત મહા અંધકાર નષ્ટ કરે છે. રાગ-દ્વેષ આદિ વિભાવ છોડીને સમતાભાવ ગ્રહે છે અને વિકલ્પરહિત પોતાનું પદ પ્રાપ્ત કરે છે તથા નિર્મળ, શુદ્ધ, અનંત, અચળ અને પરમ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરે છે.

જેને શરીર, વાણી, મન, શુભ-અશુભભાવથી પોતાનો આત્મા ભિન્ન છે એવું ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે તે પોતાના ગુણ અને પરના ગુણને સ્પષ્ટ જાણે છે. ભેદવિજ્ઞાન વિના જીવને પોતાના કે પરના ગુણ જણાતા નથી. જ્ઞાની અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તોપણ એ પોતાના જ્ઞાન, આનંદ ગુણરૂપ સ્વભાવને જાણે છે અને રાગાદિ પરભાવ છે એમ જાણે છે. શરીર તો જડ છે માટે પરગુણ છે—પોતાનું નથી પણ શુભાશુભ રાગ પણ પરગુણ છે–જીવનો સ્વગુણ–સ્વભાવ નથી. અજ્ઞાનીને આ સમજવું ભારે પડે છે કેમ કે તેની નજર સ્વગુણ ઉપર પડી નથી અને નજર પડ્યા વિના આ સમજાય તેમ નથી. આત્મદૃષ્ટિવંત, ભેદવિજ્ઞાની પોતાના આત્મજ્ઞાનના બળથી આમ જાણે છે કે હું તો જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ છું. દયા, દાન, વ્રતાદિ વિકલ્પ મારા ગુણ નથી, એ તો પરગુણ છે.

આ તો નિશ્ચયની અધ્યાત્મની વાત છે તેમાં વ્યવહાર કાંઈ ન આવ્યો?–આવ્યો ને! વ્યવહારથી હું ભિન્ન છું એમ જાણીને દૃષ્ટિમાંથી વ્યવહારને છોડી દેવો અને સ્વભાવને ગ્રહણ કરવો. આ ભેદવિજ્ઞાન છે. દૃષ્ટિમાંથી વ્યવહારને છોડવો.

**प्रगटे भेदविग्यान आपगुन परगुन जानै।** રાગની મલિનતાથી નિર્મળાનંદ પ્રભુને જુદો જાણીને અનુભવવો તે ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન થતાં પોતાના ગુણ અને પરના ગુણ જાણવામાં આવે છે. પોતાની જ્ઞાન-આનંદની પરિણતિ તે નિજગુણ છે અને રાગાદિની પરિણતિ તે પરગુણ છે. જ્ઞાનીને પરપરિણતિનું લક્ષ છૂટીને, નિજ સ્વભાવનું લક્ષ થયું છે તેથી પરપરિણતિનો ત્યાગ થયો છે એમ કહેવામાં આવે છે. પુણ્ય-પાપ ભાવનો અનુભવ તો મલિન છે. તેને છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર રહે—તેમાં એકાકાર થાય–ત્યાં દૃષ્ટિમાં એકાકાર થાય

www.vitragvani.com



તો જન્મ-મરણ મટે, એ વિના વાતો કરવાથી જન્મ-મરણ મટે તેમ નથી.

લૌકિકમાં પણ કહેવત છે કે વાતો કર્યે વડા ન થાય. દાળ હોય, તેલ હોય, આવડત હોય અને વડાને તળે તો વડા થાય. જેમ તે ક્રિયા કરે તો વડા થાય તેમ રાગથી ભિન્ન પડે તો અનુભવ થાય; તેમાં આત્મા પ્રગટે અને જન્મ-મરણ ટળે.

રાગના પડદા પાછળ પવિત્ર સત્ ચિદાનંદપ્રભુ સિદ્ધ સમાન બિરાજે છે પણ તેની ઉપર નજર નથી તેથી તેની મહિમા આવી નથી. અધિકતા સમજાણી નથી. જે એકવાર રાગથી ભિન્ન પવિત્ર પ્રભુને દૃષ્ટિમાં લે છે તે તો પછી તેના શુદ્ધ અનુભવમાં જ સ્થિર થાય છે, રાગાદિને છોડીને શુદ્ધ ચૈતન્યદળમાં સ્થિરતા કરે છે. આનું નામ 'અભ્યાસ' છે. શાસ્ત્રનો અભ્યાસ તે અનુભવનો અભ્યાસ નથી. અતીન્દ્રિય આનંદના અભ્યાસથી સ્વાભાવિક ધર્મ–સંવર પ્રગટ થાય છે. બાકી, વ્રત કરવાથી કે જાત્રા કરવાથી, તપ કરવાથી ધર્મ પ્રગટ થતો નથી. ચૈતન્યના અભ્યાસથી જ ધર્મ પ્રગટ થાય છે. આ છોકરાઓ લૌકિક ભણતરની પરીક્ષા માટે કેટલી મહેનત કરે છે! પણ, આત્માના અભ્યાસ માટે કોઈને સમય મળતો નથી...તો ક્યારે મરી જશે ત્યારે સમય મળશે? માયાએ ચારે તરફ ઘેરો ઘાલ્યો છે!!

પ્રભુ! તું જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છો, તું જ્ઞાન, આનંદ અને શાંતિથી ખાલી નથી પણ તેં તારી ચીજ શું છે, તેમાં શું ભર્યું છે તેનો અભ્યાસ અનંતકાળમાં કદી કર્યો નથી. ધર્મના નામે પણ બાહ્યક્રિયા જ કરી છે. અનુભવનો અભ્યાસ ક્યારેય કર્યો નથી. અનુભવનો અભ્યાસ કરે તો સહજ સંવર–સ્વાભાવિક ધર્મદશા પ્રગટ થાય છે.

**आस्रव द्वार निरोधि, करमघन तिमिर विनासै ।** પુણ્ય-પાપની લાગણીઓ ઊઠે છે તે વિકાર છે, આસ્રવ છે અને બંધનું કારણ છે. આવા આસ્રવદ્વારનો અનુભવના અભ્યાસથી નિરોધ થતાં કર્મજનિત મહા અંધકાર નષ્ટ થઈ જાય છે અને ચૈતન્યપ્રકાશ ઝળહળી ઊઠે છે.

આવા ચૈતન્યપ્રકાશથી અજ્ઞાત હોય અને જુવાન શરીર હોય, ચામડી જરા રૂપાળી હોય, પૈસાદાર હોય, કમાણી સારી હોય તેને તો જાણે હું પહોળો અને શેરી સાંકડી–એના જેવું મિથ્યા અભિમાન થઈ જાય છે. લોકો એમ કહે કે અમારા કુળમાં આ કરમી પાક્યો છે. હા, કર્મનો કરનાર એ કર્મી જ છે, ધર્મી નથી, અધર્મ કરનારો છે.

બાપુ! તારી ચીજ તો કોઈ જુદી જ છે. અતીન્દ્રિય આનંદનો નાથ છે પણ એને ક્યાં ખબર છે! જ્યાં ત્યાં સુખ માટે ફાંફાં મારે છે. ધર્મી થાય પછી તેને પણ સ્ત્રી, પુત્ર, રાજપાટ આદિ તો હોય છે પણ અંદરમાં તેનાથી પોતાને ભિન્નપણે અનુભવે છે, બહારથી સુખ માનતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**छय करि विभाव समभाव भजि निरविकल्प निज पद गहै।** શુભાશુભ વિકલ્પનો પણ નાશ કરી ધર્મીજીવ નિજ સમભાવને ભજે છે. સ્વભાવમાં એકાગ્ર થઈને શાંતિ...શાંતિ નિર્દોષભાવને સેવે છે તે પોતાના નિર્વિકલ્પપદને પ્રાપ્ત કરે છે. અતીન્દ્રિય આનંદનો નાથ પોતે સુખથી સનાથ છે, દુઃખથી સનાથ નથી. નિજપદ નિર્વિકલ્પ છે-રાગ અને ભેદ વિનાનું છે. આઠ વર્ષની બાલિકા પણ જો ધર્મ પામે તો આવા નિજપદને પ્રાપ્ત કરે છે.

**निर्मल विसुद्धि सासुत सुथिर, परम अतीन्द्रिय सुख लहै ।** ભગવાન આત્મા કેવો છે? કે સંસારના વિકલ્પોથી પાર અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પથી પણ પાર નિર્મળપ્રભુ છે. શુદ્ધ છે. તે ધર્મીને નિર્મળ અને શુદ્ધપણે અનુભવમાં આવે છે. વસ્તુ પોતે અનંત અતીન્દ્રિયસ્વરૂપ છે તેમ રાગથી ભિન્ન પડીને તેનો અનુભવ કરતાં પર્યાયમાં પણ આનંદની અનંતતા આવે છે. વળી આત્મા નિજસ્વરૂપથી ચળે નહિ તેવો અચળ છે તેમ તેની પર્યાયમાં પણ ચળે નહિ તેવો અચળ આનંદ પ્રાપ્ત થાય છે. આવો પરમ અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય તેનું નામ મુક્તિ અથવા મોક્ષમાર્ગનું ફળ છે.

આ છઠ્ઠો 'સંવર' અધિકાર પૂરો થયો તેનો સાર કહે છે.

પૂર્વ અધિકારમાં કહેતાં આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે. શરીરની ક્રિયાથી મને લાભ થાય છે, રાગની ક્રિયાથી ધર્મ થાય છે, પરથી મને લાભ-નુકશાન થાય છે એવો જે મિથ્યાત્વભાવ છે તે જ અધર્મ અને આસ્રવ છે. અને આ આસ્રવ જ બંધનું કારણ છે. અહીં તો મિથ્યાત્વને જ આસ્રવ કહ્યો છે. મિથ્યાત્વ ગયા પછી અવ્રત, પ્રમાદ આદિનો આસ્રવ રહે છે પણ તેને ભિન્ન અનુભવતો હોવાથી તે મુખ્ય આસ્રવ નથી. મુખ્ય આસ્રવ તો વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ જ છે. તે જ સંસારમાં રખડવાનું કારણ છે. એક અંશ પણ રાગનો પોતાનો માનવો તે મિથ્યાત્વ છે-આસ્રવ છે-બંધનું કારણ છે. ધર્મના નામે પણ પુણ્યની ક્રિયા કરીને ધર્મ માને છે તે મિથ્યાત્વ જ છે.

મિથ્યાત્વ જ આસ્રવ છે એમ જોર આપ્યું છે. અનંત જ્ઞાનાનંદસ્વભાવના ભંડાર આત્માને અલ્પજ્ઞ માનવો, રાગસહિત માનવો, દેહવાળો અને કર્મવાળો માનવો તે મિથ્યાત્વ છે. આત્માને પોતાના સ્વભાવથી રહિત અને વિભાવથી સહિત માનવો તે મિથ્યાત્વનું ઘોર પાપ છે. શુદ્ધ આનંદકંદ નિજાત્માને ભૂલીને દેહની ક્રિયા હું કરું છું. દેહ, વાણી, મન મારા છે. શુભાશુભભાવ મારા છે અને મને લાભદાયક છે એવા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવમાં ઘોર પાપ છે.

જે તારું નથી તેને પોતાનું માનવું તે વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વનો ઘોર અંધકાર છે-મહા પાપ છે માટે મિથ્યાત્વને જ મોટો આસ્રવ કહ્યો છે. આ આસ્રવનો નિરોધ તે સંવર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે–સમકિત છે. જ્ઞાન અને આનંદના ધામ ભગવાન આત્માને છોડીને બીજે ક્યાંય પણ જ્ઞાન અને આનંદ માનવો તે ઘોર મિથ્યાત્વ છે, તેનો નિરોધ કરવો તે ધર્મ અને સંવર છે.

વિચાર તો કર કે મારું સુખ તો મારામાં જ હોય ને! મારું સુખ મારાથી દૂરની ચીજમાં ન હોય. અત્યારે લોકોને પૈસામાં સુખ લાગે છે એટલે પૈસાવાળાના વખાણ કરે. પૈસા હશે તો ધર્મ શાંતિથી થશે એમ કહે. પણ ભાઈ! પ્રથમ તો જીવને પૈસાવાળો માનવો એ જ મિથ્યાત્વ છે. પૈસા તો જડ છે. આત્મા જડવાળો હોય? આત્મા તો જ્ઞાન-આનંદવાળો હોય. તેને પૈસાવાળો માનવો એ મિથ્યાત્વ–મોટું પાપ છે.

અરે, લોકોને આ મૂળ પાપની ખબર નથી અને હિંસા, જૂઠું આદિને મોટા પાપ માની લીધાં છે. અંતરમાં સત્‌ને અસત્ માનવો એ મહા પાપ છે અને તેને રોકવું એ મોટો ધર્મ છે. વિપરીત અભિપ્રાય છોડીને, અવિપરીત અભિપ્રાયરૂપ સમ્યગ્દર્શન પ્રગટ કરવું–સ્વરૂપની રુચિ અને અનુભવ કરવો તે જ સંવર છે. સંવર એટલે અધર્મને રોકવો અને ધર્મ પ્રગટ કરવો. બાકી ક્રિયાકાંડથી તો ધૂળેય ધર્મ થતો નથી. પાંચ લાખની પૂંજી હોય તેમાંથી બે લાખ ધર્માદામાં ખર્ચી નાંખે તો લોકો તો ધર્માત્મા ગણીને વાહ–વાહ કરે પણ તેનાથી ધર્મ બિલકુલ ન થાય. પૈસા મારી વિચીક્ષણતાથી મળે છે એમ માનનારા તો મહા મૂઢ છે–પાપી છે. પૂર્વના પુણ્યનો ઉદય હોય તો પૈસાના રજકણ આવી મળે, તેમાં તારો કોઈ પુરુષાર્થ કામ લાગતો નથી અને તે પૈસા પણ તારા થઈને રહેવાના નથી, પૈસા તો જડ છે ને જડના જ થઈને રહેશે.

શ્રોતા :—પૈસાવાળા ઉપર ધોકા પડે છે!

પૂજ્ય ગુરુદેવ :—અહીં તો એટલું જ કહેવું છે કે પરવસ્તુ પરરૂપે છે અને સ્વવસ્તુ સ્વ-રૂપે છે. તેમાં પરને પોતારૂપે માનવા એ મહા મિથ્યાત્વનું પાપ છે અને પરને પરરૂપ અને સ્વને સ્વ-રૂપ જાણીને પરને દૃષ્ટિમાંથી છોડી દેવા તે સંવરરૂપ ધર્મ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સંવર નિર્જરાનું સમ્યક્ સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૬૯)

આ, શ્રી નાટક સમયસારના સંવર દ્વારનો સાર કહેવાય છે.

પૂર્વ અધિકારમાં કહેતાં આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે. મુખ્ય આસ્રવ મિથ્યાત્વને જ કહ્યો છે. મિથ્યાત્વ ગયા પછી ચારિત્રના દોષથી જે આસ્રવ થાય છે તેમાં સ્થિતિ અને અનુભાગ ઘણાં અલ્પ હોય છે તેથી તેને અહીં મુખ્યપણે આસ્રવ કહેવામાં આવ્યાં નથી. મિથ્યાત્વના પરિણામ જ મુખ્ય બંધનનું કારણ છે.

આ મિથ્યાત્વભાવ કેવા કેવા પ્રકારનો હોય છે તે જાણવું જોઈએ. કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુને માનવા તે મિથ્યાત્વ છે, દેહાદિની ક્રિયા હું કરી શકું છું તે પણ મિથ્યાત્વ છે, અંતરમાં પાપના ભાવ થાય છે તેમાં મજા પડે છે તે મિથ્યાત્વ છે, પુણ્યના ભાવમાં હિત લાગે તે પણ મિથ્યાત્વ છે. એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ રાખવી તે પણ મિથ્યાત્વભાવ છે. આ મિથ્યાત્વ એ જ ખરેખર પાપ છે.

પોતે અનાકુળ જ્ઞાન-આનંદસ્વરૂપ વસ્તુ છે એમ નહિ જાણતાં જે કાંઈ વિપરીત માન્યતા કરે છે તે બધો મિથ્યાત્વભાવ જ છે. કોઈ નિમિત્તના સંબંધથી મને ધર્મ થાય અથવા મારા નિમિત્તથી બીજાને ધર્મનો લાભ થાય એવી માન્યતા તે પણ મિથ્યાત્વ છે. ચૈતન્યમૂર્તિ સ્વાત્માના આશ્રય વિના બીજે ક્યાંયથી લાભ થાય જ નહિ.

સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થોથી મને લાભ થશે કે શાસ્ત્ર ભણવાથી લાભ થશે એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. પોતાના સ્વરૂપની તો ખબર નથી તેથી અજ્ઞાનથી જેને તે 'મારા' માને છે તેના ઉપર જ તેની દૃષ્ટિ હોય છે તેથી તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. મહાવ્રતના પરિણામ 'રાગ' છે પણ તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ મહાપાપ છે. બીજા જીવને ન મારું, બીજાનું ભલું કરું એવા જે વિકલ્પ ઉઠે છે તે વિકાર છે–શુભરાગ છે પણ તેને જ પોતાનો સ્વભાવભાવ માનવો તે મિથ્યાત્વ છે.

આ મિથ્યાત્વ જ આસ્રવ છે એમ કહ્યું તેમાં તો એકાંત થઈ જાય છે. શાસ્ત્રમાં તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચેય પ્રકારના ભાવોને આસ્રવ કહ્યાં છે અને

www.vitragvani.com



અહીં એક મિથ્યાત્વને આસ્રવ કેમ કહ્યો એમ પ્રશ્ન થાય, પણ મિથ્યાત્વ હોય ત્યાં જ બીજા અશુદ્ધ પરિણામ થાય છે, મિથ્યાત્વના અભાવમાં એવા અશુદ્ધ પરિણામ થતાં જ નથી માટે મિથ્યાત્વને મૂળ આસ્રવ કહ્યો છે. એક સમયની પર્યાય, રાગ કે નિમિત્તમાં જ પોતાનું અસ્તિત્વ સ્વીકારવું એ મિથ્યાત્વનો મોટો દોષ છે—મોટી વિપરીતતા છે. અવ્રત, પ્રમાદ, કષાય આદિ દોષો તો મિથ્યાત્વની સાથે હોય છે. માટે મૂળ આસ્રવ મિથ્યાત્વ તેનો નિરોધ એ જ સમકિતરૂપ સંવર છે. મિથ્યાત્વદશામાં નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞતા ઉપર દૃષ્ટિ અને રુચિ હતી તે ઉઠાવીને પૂર્ણસ્વરૂપમાં રુચિને પ્રસરાવવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન શુદ્ધ છે અને તેનો વિષય પણ શુદ્ધ છે તેથી સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી એમ કહેવાય છે. મિથ્યાત્વ ગયા પછી અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ છે તેને સમકિતી પોતાનો સ્વભાવ માનતાં નથી. મારા દ્રવ્યનો, ગુણનો કે પર્યાયનો એકેયનો સ્વભાવ અશુદ્ધ નથી એમ જાણતાં જ્ઞાનીને આસ્રવનો નિરોધ થાય છે.

આમ, આસ્રવનો અર્થાત્ મિથ્યાત્વનો નિરોધ થવાથી સમ્યક્ત્વ થાય છે તે સંવર છે. સંવર એ આત્માની શુદ્ધદશાની ઉત્પત્તિ છે તેમાં મિથ્યાત્વરૂપ અશુદ્ધદશાનો વ્યય છે અને મિથ્યાત્વનો વ્યય છે ત્યાં આસ્રવનો વ્યય છે. સંવરપૂર્વક નિર્જરા થાય છે. નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ. આમ, સંવર પ્રગટ થતાં કર્મ ગળે છે, અશુદ્ધતા ટળે છે અને શુદ્ધિ વધે છે. શુદ્ધતાની પ્રતીત અને અનુભવ તે સંવરધર્મ છે અને સંવર જ નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે.

લોકોને આવા મહાન 'સમ્યગ્દર્શન'ની કાંઈ ખબર નથી અને વ્રત અને તપસ્યાની મહિમામાં રોકાઈ ગયા છે. જેમાં પોતાનો લાભ થાય તેમ છે એવા સમ્યક્ત્વની કિંમત નથી અને અલાભ થાય એવા વિકલ્પો ઊભા કર્યા કરે છે. પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે તે તો અશુદ્ધ છે તેનો અનુભવ નહિ કરતાં, અખંડાનંદ શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ કરવો તે જ સંવર છે અને તે જ કર્મોની નિર્જરા, શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિની પૂર્ણતારૂપ મોક્ષનું કારણ છે.

આવો સંવર ક્યારે પ્રગટ થાય?—કે જ્યારે આત્મા સ્વયં બુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા-અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ-વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનરૂપ સંવરધર્મ પ્રગટ થાય છે. આત્મા સીધો પોતાના સ્વભાવને પકડી લે તો નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય છે અને શ્રીગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને અંતરમાં ઉતરે છે અને સમ્યક્ત્વ પામે છે તેને અધિગમસમ્યક્ત્વ કહે છે.

અંતરમાં ઉતર્યા વિના, શ્રીગુરુ તરફ લક્ષ રાખ્યા કરવાથી સમ્યક્ત્વ થતું નથી. શ્રીગુરુ અથવા શાસ્ત્રનો ઉપદેશ એ જ છે કે તારો આત્મા પૂર્ણાનંદ શુદ્ધ છે તે અશુદ્ધતા રાગથી ભિન્ન છે. રાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવો ઉપદેશ જ્ઞાનીઓ આપતાં નથી. જ્ઞાનીગુરુ તો એમ

www.vitragvani.com



જ ઉપદેશ આપે કે તું તારામાં જો! તારામાં આનંદ અને શાંતિની બેહદ સંપદા પડેલી છે. જેનો જે સ્વભાવ છે તેમાં મર્યાદા કેવી!

અંતરમુખ થવાના ધ્યેયથી ચૈતન્ય પકડાય છે એમ ગુરુ કહે છે. ગુરુ એમ નથી કહેતાં કે અમારી સામે જોવાથી ચૈતન્ય પકડાશે.

શ્રોતા :—પહેલાં ગુરુની સામે તો જોવું પડે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલાં ગુરુની સામે જોવાનો ભાવ હોય છે પણ તેનાથી અંતરમાં જવાતું નથી. આ તો વસ્તુસ્થિતિ જ છે કે બહિર્મુખતાથી અંતરમુખતા થતી નથી. દૃષ્ટિ બહાર રાખીને અંતરમાં એકાગ્રતા કેવી રીતે થાય! ગુરુનો ઉપદેશ સાંભળીને, સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન અને સ્વાનુભવ થાય ત્યારે ગુરુના ઉપદેશને ધર્મનું નિમિત્ત કહેવાય છે. આમ, સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન જ સંવર છે અને સંવરપૂર્વક જ નિર્જરા અને અનુક્રમે મોક્ષ થાય છે. એ સિવાય લાખ ઉપાય કરે તોપણ વ્યર્થ છે.

સ્વને 'સ્વ' અને પરને 'પર' જાણવું તેનું નામ જ ભેદવિજ્ઞાન છે. સ્વ અને પર બંને પૃથક્ છે તેને પૃથક્ જાણવા એ જ ભેદજ્ઞાન છે. એ જ ખરો વિવેક છે. બહારમાં વિવેક કરે છે તે વિવેક નથી. ધર્મ વિવેકે નીપજે, જો સમજે તો થાય...એમ આવે છે ત્યાં આ ભેદજ્ઞાનરૂપ વિવેકની વાત છે. 'મોટા એવા આત્મદેવનો આદર કરવો અને રાગનો આદર છોડવો' એવા સ્વ-પરના વિવેકને 'ભેદવિજ્ઞાન' કહેવામાં આવે છે. આ ભેદજ્ઞાન જ સુખનો પંથ છે. રાગનો પંથ તો દુઃખનો પંથ છે, જેને રાગની જ રુચિ અને રાગનો જ સ્વીકાર છે એવા મિથ્યાદૃષ્ટિ દુઃખના પંથે છે, એ ભલે પૈસાવાળા હોય, રૂપાળા હોય, લાખોની મોટરમાં બેઠા હોય પણ દુઃખના પંથે છે કેમ કે ખરેખર તો એ પોતે મોટરમાં બેઠો નથી પણ મોટર એની છાતી ઉપર બેઠી છે. પોતાના પૈસાના પ્રમાણમાં મોભો જળવાય તો એને સુખ લાગે એ તો માનની ભીખ થઈ. માન અને મરતબા રાખીને સુખી થવાતું નથી.

છઢાળામાં આવે છે કે 'તાસુ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનૌ' અર્થાત્ સ્વ-પરનું ભેદવિજ્ઞાન એ સમ્યગ્દર્શનનું કારણ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનું અને પરનું જ્ઞાન થયા વિના આત્માની શ્રદ્ધા શી રીતે થાય! વસ્તુ જ્ઞાનમાં પકડાયા વિના શ્રદ્ધા કોની કરે! સસલાનાં શીંગડાની શ્રદ્ધા ન હોય, તેમ વસ્તુના જ્ઞાન વિના વસ્તુની શ્રદ્ધા થઈ શકતી નથી. માટે ભેદવિજ્ઞાન જ સમ્યગ્દર્શનનું કારણ છે. બીજી જગ્યાએ એમ પણ આવે કે સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે તો સમ્યક્પણાની અપેક્ષાએ તે વાત પણ બરાબર છે.

જેવી રીતે કપડાંને સાફ કરવામાં સાબુ સહાયક છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે. કપડું અને સાબુ તો બે ભિન્ન દ્રવ્ય હોવાથી કપડું સાફ થવામાં સાબુ માત્ર નિમિત્ત છે, કપડું સ્વયં સાફ થાય છે, સોનું સ્વયં સોળવલું થાય છે તેમાં અગ્નિ તો માત્ર નિમિત્ત છે પણ એક જ દ્રવ્યની પર્યાયમાં તેની પૂર્વપર્યાય કારણ છે અને ઉત્તરપર્યાય કાર્ય છે, એ જ પર્યાય તેના પછીની પર્યાયનું કારણ છે એમ અનાદિ અનંત (કારણ-કાર્યની) પર્યાયની શ્રૃંખલા ચાલી આવે છે. સ્વતંત્ર પરિણમન છે. કારણ છે માટે કાર્ય થાય છે એમ નથી. પર્યાયનો પ્રવાહ ચાલુ જ છે. એક સમયની એક પર્યાય કારણ પણ છે અને કાર્ય પણ છે. પૂર્વ પર્યાયની અપેક્ષાએ તે કાર્ય છે અને ઉત્તરપર્યાયનું તે કારણ છે.

ઘઉં વાવે છે માટે ઊગે છે–એમ નથી. રજકણે રજકણનું પરિણમન સ્વતંત્ર છે. કોઈ રજકણને પરનું કારણ નથી. દરેકની પર્યાયને તેની જ પૂર્વપર્યાય કારણ છે, બીજું દ્રવ્ય કારણ નથી. પૂર્વપર્યાયને કારણ કહેવું તે પણ વ્યવહાર છે. પૂર્વપર્યાય ખરેખર કારણ હોય તો સમકિતની આગલી પર્યાય તો મિથ્યાત્વની હતી તે સમકિતનું કારણ કેમ થાય! તેનાં વ્યયને કારણે કહેવું તે પણ વ્યવહાર છે, કેમ કે એ પર્યાય તો ચાલી ગઈ છે. નિશ્ચયથી તો તે સમયની દ્રવ્યની યોગ્યતા જ એ પ્રકારની છે તેને કોઈ અન્ય કારણની અપેક્ષા નથી. ત્રિકાળી દ્રવ્ય જેમ સત્ છે તેને કોઈની અપેક્ષા નથી તેમ તેના દરેક સમયના પરિણમનમાં પણ કોઈની અપેક્ષા નથી, કેમ કે એ પણ સત્નો જ અંશ છે ને! ત્રિકાળી સત્ને કોઈ હેતુ નથી તેમ વર્તમાનને પણ કોઈ હેતુ નથી. ક્રમબદ્ધ પરિણમન ચાલુ જ છે એવું જે માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે.

ચૈતન્ય ભગવાન મહાપ્રભુ-મહાશક્તિનો સાહેબ છે તેની દૃષ્ટિ થતાં પર્યાયમાં સમ્યક્ત્વ થાય તેનું કારણ ભેદજ્ઞાનરૂપ સાબુ કહ્યો. દૃષ્ટાંતમાં તો સાબુ અને કપડાં ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે પણ સિદ્ધાંતમાં સમ્યક્ત્વ અને ભેદવિજ્ઞાન બંને એક દ્રવ્યની નિર્મળ પર્યાય છે. ભેદજ્ઞાનને સમ્યક્ત્વનું કારણ કહેવું તે પણ ઉપચાર છે. સમ્યક્ત્વ થાય ત્યાં રાગથી ભિન્ન પડેલું સ્વનું જ્ઞાન હોય જ છે, તેથી તેને સમ્યક્ત્વનું કારણ કહ્યું છે.

મિથ્યાત્વમાં પડ્યો છે તે જીવ દુઃખમાં સૂતો છે. રાગમાં એને ઠીક લાગે છે તેથી સ્વભાવને શોધતો નથી. જે સ્વભાવને શોધીને તેની પ્રતીત સહિત આનંદનો અનુભવ કરે છે તે સુખમાં સૂતો છે. આત્મા પલંગ અને તેમાં રૂના ગાદલાની શૈયામાં સૂનારો નથી.

શ્રીકૃષ્ણને એવું પરાક્રમ અને પુણ્યનો યોગ હતો કે પાટીની જગ્યાએ પલંગમાં નાગ ગોઠવાયેલા હોય અને ફેણ માંડી હોય એવી નાગશૈયામાં સૂઈને શંખ ફૂકતાં....તેની રાણીને એકવાર નેમિનાથે નાહીને કપડું ધોવા કહ્યું ત્યારે રાણી કહે છે, અમે તો નાગશૈયામાં સૂનારા શ્રીકૃષ્ણના કામ કરીએ, તમારા કામ અમે ન કરીએ....આ સાંભળીને નેમિનાથ તો ચાલ્યા

નાગશૈયા તરફ....હજુ સંસારદશામાં હતાં, રાજપુત્ર હતાં, નાગશૈયા ઉપર સૂઈને શંખ ફૂક્યો ત્યાં તો ૧૨ યોજન પહોળી અને ૯ યોજન લાંબી દ્વારિકા નગરીમાં ખળભળાટ મચી ગયો. જુઓ આ સંસારના ચાળા! નેમિનાથ ભગવાન થવાના હતાં પણ હજુ ગૃહસ્થાશ્રમમાં હતાં એટલે આવો વિકલ્પ ઉઠ્યો અને સીધા ધનુષબાણ હાથમાં લઈને ટંકાર કર્યો–શંખ ફૂંક્યો એવો કે આજુબાજુની ધારો ગરજી ઉઠી. આ સાંભળીને શ્રીકૃષ્ણ દોડતાં આવીને ક્ષમા માંગે છે. જુઓ આ સંસારની જાળ! સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાન લઈને આવેલાં નેમિનાથને આવો વિકલ્પ આવે છે!

અહીં કહે છે કે જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી, જો સાબુ હોય તો ભાર લાગે છે, તેમ સાધકપણામાં સાધના કરીને સાધ્ય પ્રગટ થઈ ગયું તેને સાધકપણાનું હવે કાંઈ કામ નથી રહેતું. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાધકપણું રહે છે, કેવળજ્ઞાન થયા પછી સાધનરૂપ સાધકદશા રહેતી નથી.

સાધ્યરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયા પછી સ્વ-પરના વિકલ્પની આવશ્યકતા રહેતી નથી, હું શુદ્ધ છું, આ રાગાદિ અશુદ્ધ ભાવોથી ભિન્ન છું એવો વિકલ્પ કરવાનો ત્યાં રહેતો નથી કારણ કે રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરી લીધો છે. જુદા પડ્યાં પછી જુદું પાડવાનું રહેતું નથી માટે ભેદજ્ઞાનના વિકલ્પ હેય છે.

ભાવ એ છે કે ભેદવિજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થયા પછી તેનું કાંઈ કામ નથી, હેય છે. રાગરહિત આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો પછી આ વિકલ્પની જરૂર રહેતી નથી. અભેદ એક શુદ્ધ ચૈતન્યવસ્તુ ઉપર દૃષ્ટિ પડી તેનું પરિણમન શુદ્ધ થઈ ગયું, તેને અશુદ્ધતાનું પરિણમન રહેતું નથી. અહીં તો અખંડ એક શુદ્ધતા જ સિદ્ધ કરવી છે સાથે રહેલી અશુદ્ધિને અહીં સિદ્ધ કરવી નથી. અધ્યાત્મમાં એક ભાવને બીજામાં ભેળવાતાં નથી. એકલી શુદ્ધતા જ છે એ ભાવ બતાવવો છે.

ભેદવિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે. તેથી સ્વગુણ અને પરગુણની ઓળખાણ કરીને પર-પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ. હીરા-માણેકની પરીક્ષા કરે છે ને! તેમ અહીં પણ સ્વગુણ અને પરના ગુણ, શુદ્ધ સ્વભાવ અને વિભાવની પરખ કરીને, શુદ્ધ અનુભવનો અભ્યાસ કરવો જોઈએ. વીતરાગતા પ્રગટ કરીને વીતરાગતામાં જ રહેવું જોઈએ. આ સંવર અધિકારનો સાર છે.

હવે નિર્જરા અધિકારની શરૂઆત કરીએ.

www.vitragvani.com



वरनी संवरकी दसा, जथा जुगति परवांन।
मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान॥१॥

અર્થ :—આગમમાં જેવું સંવરનું કથન છે તેવું વર્ણન કર્યું, હવે મોક્ષ આપનાર નિર્જરાનું વર્ણન કરીએ છીએ તેને હે ભવ્યો! કાન દઈને સાંભળો–એકાગ્રતાથી સાંભળો!

આગમમાં યુક્તિપૂર્વક જેવું સંવરનું સ્વરૂપ કહ્યું છે તેવું અહીં સંવરની દશાનું ભેદવિજ્ઞાનપૂર્વક વર્ણન કર્યું. હવે નિર્જરા કે જે અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરે છે, પૂર્ણશુદ્ધતા મોક્ષને પ્રાપ્ત કરાવે છે, એવી નિર્જરાનું વર્ણન કરીએ છીએ. સંવરપૂર્વક નિર્જરા થાય તેને જ નિર્જરા કહેવામાં આવી છે. અજ્ઞાનીને અકામનિર્જરા થાય છે તે કાંઈ ખરી નિર્જરા નથી. આ તો મુક્તિની દેનારી નિર્જરાની વાત છે.

નિર્જરા કોને કહેવાય? કે–અશુદ્ધતાનું ગળવું, કર્મનું ખરવું અને અશુદ્ધતાનું વધવું આ ત્રણેયને નિર્જરા કહેવામાં આવે છે. (૧) અસ્તિથી શુદ્ધતાનું વધવું તે નિર્જરા છે. (૨) નાસ્તિથી અશુદ્ધતાનું ટળવું તે નિર્જરા છે અને (૩) અસદ્‌ભૂત ઉપચારથી કર્મનું ખરવું તે નિર્જરા છે.

આ નિર્જરાના સ્વરૂપને હે ભવ્યો! તમે એકાગ્રતાપૂર્વક સાંભળો!

મંગળાચરણ

जो संवरपद पाइ अनंदै।
सो पूरवकृत कर्म निकंदै॥
जो अकंद ह्वै बहुरि न फंदै।
सो निरजरा बनारसि बंदै॥२॥

જુઓ! બનારસીદાસ નિર્જરારૂપ શુદ્ધપર્યાયને વંદન કરે છે.

અર્થ :—જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

અહા! જે કોઈ રાગની ભિન્નતા કરીને આત્માના આનંદસ્વરૂપને અનુભવે છે તે આનંદમાં રહે છે. સંવરમાં આનંદ છે. સંવરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. મિથ્યાત્વમાં જે રાગનો સ્વાદ હતો તે તો ઝેરરૂપ દુઃખદાયક હતો. મોટા શેઠિયાઓ કે રાજાઓ હો પણ, આસ્રવમાં પડેલાં છે તે ઝેરને અનુભવે છે. એકલાં પંચમહાવ્રતાદિ શુભવિકલ્પથી લાભ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



માનનારા પણ ઝેરના પીણા પીએ છે. અણુવ્રત કે મહાવ્રત કે બારવ્રતના પરિણામ ઝેરના પ્યાલા છે. કારણ કે તે દુઃખદાયક એવા બંધના ભાવ છે. તેનાથી ભિન્ન પડીને આત્માના આનંદને અનુભવે છે તે સંવર છે.

વ્રતાદિમાં ધર્મ માનનારા એમ કહે કે ઉપવાસ, વ્રત, તપ, લોંચ કરવા, શિયાળામાં નગ્ન રહેવું, વરસાદના ઝાપટાં વાગે તે સહન કરવા એ બધું કરી તો જુઓ! એ બધું બહું આકરું છે. હા ભાઈ! એ કષ્ટ સહન કરવામાં ધર્મ ક્યાંથી થાય! આત્મા સ્વભાવથી જ શરીર, કપડાં અને શુભાશુભરાગ વિનાનો દિગંબર છે તેના અનુભવ વિના ક્યાંય આનંદ નહિ આવે. અંદરમાં શુભાશુભરાગના કપડાં પહેરીને અમે ધર્મી છીએ એમ માને છે તે ઝેરના પ્યાલા પીએ છે તેને આનંદ ક્યાંથી આવે! એ તો ઝેર ઘોળે છે. આત્માના ભાન વિના મહાવ્રત પાળનારા ઝેર ઘોળીને દુઃખને પીએ છે. કારણ કે રાગની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વનું મહાન ઝેર છે તે તૂટ્યા વિના આનંદનો અનુભવ ક્યાંથી થાય!

જે સંવરપદ પ્રાપ્ત કરીને આનંદમાં રહે છે તે જીવ પૂર્વે કરેલાં કર્મોને ટાળે છે કારણ કે સંવર થયો હોવાથી નવું બંધન થતું નથી અને પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બંધાયેલાં કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે. કર્મ ઉદયમાં આવે છે ત્યારે તે આત્મા તો પોતાની સ્વરૂપ તરફની સ્થિતિમાં છે તેથી નવું કર્મ બંધાયા વિના જ જૂના કર્મ ખરી જાય છે. આમ, સંવરધારી જ્ઞાનીઓ પૂર્વકર્મનું નિકંદન કરી નાંખે છે. કર્મની સત્તાનો નાશ કરે છે. સંવર અધિકારના ૮મા કળશમાં આવ્યું હતું કે **रागग्रामप्रलय-करणात्कम्मणां** અર્થાત્ રાગરૂપી ગ્રામની સત્તાનો મૂળથી નાશ કરી નાંખે છે. તેમ પૂર્વકર્મનો ધર્મી મૂળમાંથી સત્યાનાશ કરી નાંખે છે.

**जो अफंद ह्वै बहुरि न फंदे**—જે રાગના ફંદમાં ફસાતો નથી, અફંદ રહ્યો થકો નિજ આનંદને અનુભવે છે એવી નિર્જરાને બનારસીદાસજી વંદે છે. જુઓ! પોતાનું નામ નાંખીને વંદન કર્યાં છે. ધર્મીજીવ રાગ અને નિમિત્તોના ફંદમાં ફસાતો નથી માટે અફંદ છે. અજ્ઞાની તો રાગ અને નિમિત્તના લાકડામાં–ફંદમાં ફસાઈ જાય છે. ધર્મી રાગના ફંદમાં ફસાતા નથી અને સ્વરૂપના આનંદને અનુભવે છે એવા અફંદ આત્માને બનારસીદાસજીએ વંદન કરીને નિર્જરા અધિકારનું માંગલિક કર્યું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીનું ચિત્ત ચૈતન્યમાં ચોંટ્યું હોવાથી નિરંતર નિર્જરા થાય છે

(સળંગ પ્રવચન નં. ૭૦)

આ, સમયસાર નાટક શાસ્ત્ર છે. નિર્જરા અધિકાર શરૂ થાય છે.

वरनी संवरकी दसा, जथा जुगति परवान।
मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान॥१॥

અર્થ :—આગમમાં 'સંવર'નું જેવું કથન છે તેવું વર્ણન કર્યું. હે ભવ્યો! હવે મોક્ષ આપનાર નિર્જરાનું કથન ધ્યાન દઈને સાંભળો.

રાગની એકતાબુદ્ધિ હોય ત્યાં સુધી તો મિથ્યાત્વનો બંધ થાય છે. જ્યાં રાગની એકતા તૂટીને સ્વભાવમાં એકત્વ થાય છે ત્યાં કર્મોનો સંવર થાય છે, નવા કર્મો આવતાં અટકી જાય છે પણ જૂના કર્મો સત્તામાં પડ્યા છે તેનું શું? જૂના કર્મોથી મુક્તિ આપનારી 'નિર્જરા' છે તેનું સ્વરૂપ આ અધિકારમાં વર્ણવ્યું છે તો હે ભવિક જીવો તમે કાન ધરીને સાંભળો! નિર્જરા મોક્ષદાયી છે તે સાંભળો.

મંગળાચરણ

जो संवरपद पाइ अनंदै।
सो पूरवकृत कर्म निकंदै॥
जो अफंद ह्वै बहुरि न फंदै।
सो निरजरा बनारसि बंदै॥२॥

અર્થ :—જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલા કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી, તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

જેણે આત્માને વિકારથી ભિન્ન જાણ્યો અને અનુભવ્યો તેને આનંદ થાય છે. સંવર થતાં અતીન્દ્રિય આનંદ આવે છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ થતાં હતા તે આસ્રવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હતો તેનાથી તેને દુઃખ થતું હતું. હવે તેનાથી ભિન્ન પડીને, આત્માનો અનુભવ કર્યો ત્યાં અતીન્દ્રિય આનંદ આવ્યો–સમ્યક્ત્વ પ્રગટ થયું. આ સંવરદશા છે.

સંવર થતાં મિથ્યાત્વ અને અમુક પ્રકારના રાગ-દ્વેષ પરિણામ તો થતાં જ નથી. તેથી એ પ્રકારના કર્મો બંધાયા નથી અને અતીન્દ્રિય આનંદને પામતો તે જીવ પૂર્વના કર્મોને પણ ખપાવે છે તેનું નામ નિર્જરા છે. ઉપવાસ કરવા કે કષ્ટ વેઠવાથી કર્મ ખપે–એ વાત જૂઠી છે. કષ્ટ લાગે એ તો અજ્ઞાન છે, સ્વરૂપના આશ્રયે કષ્ટ લાગતું નથી. એ તો પૂર્વ કર્મના ઉદયવશ પ્રતિકૂળતા હો તેને ગણતો નથી. આનંદને વેદતો એ પૂર્વકર્મનું નિકંદન કાઢી નાંખે છે.

જે અંતરસ્વભાવના શરણમાં આવ્યો છે અને રાગના ફંદામાંથી છૂટ્યો છે તે ફરીને રાગના ફંદમાં આવતો નથી. આત્માને રાગથી ભિન્ન પાડ્યો છે એવો સમ્યગ્દૃષ્ટિ–સંવરવાળો જીવ ફરીને રાગમાં આવતો નથી–રાગને તાબે થતો નથી, તેને પૂર્વકર્મોની નિર્જરા થાય છે, અશુદ્ધિની હાનિ થાય છે અને શુદ્ધિ વધતી જાય છે. આમ ત્રણ પ્રકારે નિર્જરા થાય છે! બનારસીદાસજી કહે છે કે અહો! આવી સ્વભાવની ભાવના અને સ્વભાવની એકતાની દશાને હું વંદું છું. 'નિર્જરા એટલે શુદ્ધભાવ' તેને હું વંદન કરું છું.

જ્ઞાનીને જ્ઞાન–વૈરાગ્યના બળથી શુભાશુભક્રિયાઓથી પણ બંધ થતો નથી એમ કહેતાં ત્રીજું પદ્ય લખે છે.

**महिमा सम्यकज्ञानकी, अरु विरागबल जोइ।**
**क्रिया करत फल भुंजतै, करम बंध नहि होइ।।३।।**

અર્થ :—સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી અને વૈરાગ્યના બળથી શુભાશુભક્રિયા કરવા છતાં અને તેનું ફળ ભોગવવા છતાં પણ કર્મબંધ થતો નથી.

ધર્મીને અસ્તિત્વનું જ્ઞાન અને રાગના અભાવની પરિણતિ એમ જ્ઞાન અને વૈરાગ્ય બંને ભાવ એકસાથે હોય છે. નિર્જરા અધિકાર છે ને! આત્મજ્ઞાનની મહિમા બતાવે છે. સ્વસન્મુખ થયેલું જ્ઞાન છે અને શુભાશુભક્રિયાથી વિરક્તિ છે. તેથી શુભાશુભકર્મના ફળને જ્ઞાની ભોગવે છે એમ દેખાય છે પણ ખરેખર જ્ઞાની તેને ભોગવતાં નથી. જડની ક્રિયા થાય છે તેના તો જ્ઞાતા છે, જ્ઞાની જડક્રિયાના કર્તા થતાં નથી. રાગ થાય છે તેના પણ સ્વામી નથી, સ્વામી તો પોતાના ચૈતન્ય આનંદના છે, દેહની કે રાગની ક્રિયાના સ્વામી નથી, તેથી જ્ઞાની તેને ભોગવતાં દેખાતાં હોવા છતાં જ્ઞાનીને બંધ નથી.

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે પણ જ્ઞાની કર્મના ફળને ભોગવતાં જ નથી. પોતાના આનંદના અનુભવ પાસે જ્ઞાનીને રાગનો અનુભવ જ નથી. **क्रिया करत फल भुंजतै,**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ્ઞાની કઈ ક્રિયા કરે! જડની ક્રિયા કરે! રાગની ક્રિયા કરે! જડની ક્રિયાને ભોગવે! રાગની ક્રિયાને ભોગવે! જ્ઞાની જડની કે રાગની ક્રિયાને કરે પણ નહિ અને ભોગવે પણ નહિ પણ સમજાવે શી રીતે! માટે, શબ્દો તો એમ આવે કે, ક્રિયા કરતાં અને ફળને ભોગવતાં છતાં જ્ઞાનીને કર્મનો બંધ થતો નથી. કેમ? કે સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યનું બળ વર્તે છે તેથી જ્ઞાનીને બંધ થતો નથી અને નિર્જરા થાય છે.

આત્મા–વસ્તુ પરિપૂર્ણ છે એવું અંતરમુખ થઈને પ્રગટેલું 'જ્ઞાન' અને રાગાદિના અભાવરૂપ 'વૈરાગ્ય' આ બેના બળે રાગની ક્રિયા અને દેહની ક્રિયા હોવા છતાં જ્ઞાની કર્મથી બંધાતા નથી.

હવે આ જ વાત દ્રષ્ટાંતથી સમજાવે છે કે ભોગ ભોગવવા છતાં જ્ઞાનીઓને કર્મકાલિમા લાગતી નથી.

**जैसें भूप कौतुक सरूप करै नीच कर्म,**
**कौतुकी कहावै तासौं कौन कहै रंक है।**
**जैसें विभचारिनी विचारै विभचार वाकौ,**
**जारहीसौं प्रेम भरतासौं चित बंक है।।**
**जैसें धाइ बालक चुँघाइ करै लालिपालि,**
**जानै ताहि औरकौ जदपि वाके अंक है।**
**तैसें ग्यानवंत नाना भांति करतूति ठानै,**
**किरियाकौं भिन्न मानै यातें निकलंक है।।४।।**

જુઓ! અહીં ખુલાસો આવી ગયો. છેલ્લી પંક્તિમાં જ્ઞાની ક્રિયા કરે અને ભોગવે એમ આગળ કહ્યું હતું તે કેવી રીતે?—કે ભિન્ન માનીને જ્ઞાની ક્રિયા કરે—ભોગવે છે. માટે જ્ઞાની નિષ્કલંક છે.

જેમ રાજા કૌતુક વશ ગધેડા ઉપર ચડીને ખેલ ખેલે તો તેને કોઈ રંક માનતું નથી કેમ કે એ તો ગધેડા ઉપર બેસીને ખેલ ખેલે છે એવો એ કૌતુકી છે. તે કાંઈ ગરીબ નથી, ખેલાડી છે. તેમ જ્ઞાની દેહની ક્રિયા કરતાં દેખાય છે છતાં એ દેહની ક્રિયા કરનારા નથી તેનાથી ભિન્ન જ્ઞાનની ક્રિયા કરનારા છે. કર્તા છતાં અકર્તા છે. દેહ, રાગાદિની ક્રિયા કર્તા જ્ઞાનીને કહેવા એ તો નામમાત્ર છે.

સમકિતી–ધર્મી પોતાના સ્વભાવમાં સાવધાન છે અને રાગથી અસાવધાન છે તેથી દેહની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ક્રિયા ગમે તે થાય–મારાથી નથી અને અંદરમાં રાગ આવે છે તે પણ મારું સ્વરૂપ નથી એમ જાણીને તેનાથી ભિન્ન રહે છે માટે ધર્મીને નિર્જરા થાય છે.

**जैसैं विभचारिनी विचारै**.....જેમ વ્યભિચારી સ્ત્રી પતિની પાસે રહે તોપણ તેનું ચિત્ત યારમાં જ રહે છે, પતિ ઉપર પ્રેમ રહેતો નથી, તેમ ધર્મી જીવ દેહમાં રહે છે પણ પ્રેમ તો આત્મામાં લાગેલો છે તેથી દેહની અને રાગની ક્રિયા થાય છે તેનાથી પોતાને ભિન્ન જાણે છે અથવા જેવી રીતે ધાવમાતા બાળકને દૂધ પીવડાવે, લાલન–પાલન કરે અને ગોદમાં લે છે તોપણ બાળકને પોતાનું માનતી નથી, બીજાનું જાણે છે, તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી જાતજાતની શુભાશુભક્રિયા કરે છે પરંતુ તે ક્રિયાને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે.

**तैसैं ग्यानवंत नाना भांति करतूति ठानै**.....રાજા, વ્યભિચારી અને ધાવમાતાની જેમ જ્ઞાની અનેક પ્રકારની દેહની અને રાગની ક્રિયાને થતી જાણે છે–**ठानै** એટલે થાય છે તેને જાણે છે. સમજાવવા માટે એ ક્રિયાને જ્ઞાની કરે છે એમ કહે પણ ધાવમાતાની જેમ જ્ઞાની તે ક્રિયાને પોતાની માનતા નથી. આત્માના આનંદનો રસ આવ્યો છે તેની પાસે જ્ઞાનીને દેહ અને રાગની ક્રિયાનો રસ ઉડી ગયો છે. ધર્મ કોઈ સાધારણ વાત નથી. તેને અશુદ્ધતા ટળતી જાય છે અને કર્મ ગળતાં જાય છે અને આત્મામાં શુદ્ધિ વધતી જાય છે તે નિર્જરા છે.

શાસ્ત્રમાં **तपसा निर्जरा** કહ્યું છે ને! એ તો આત્માના સ્વભાવના ભાનપૂર્વક રાગ ઘટે અને સ્વભાવની ક્રિયા થાય ત્યારે જેનાથી લક્ષ છૂટયું હોય એવા આહાર છોડવાના ભાવરૂપ ઉપવાસને નિર્જરાનું કારણ વ્યવહારથી કહી દીધું છે, બાકી નિર્જરા તો સ્વભાવના લક્ષે પ્રગટેલી શુદ્ધિથી થાય છે. જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી શુભક્રિયા કરે છે એમ કહ્યું તેનો અર્થ પણ એ છે કે જ્ઞાનીને આનંદની રુચિ છે, રાગની રુચિ નથી તોપણ કર્મનો ઉદય આવે તેમાં પોતાની ચારિત્રની નબળાઈથી જોડાઈ જવાય છે ત્યારે કર્મની પ્રેરણાથી ક્રિયા કરે છે એમ કહેવાય છે. નબળાઈ તો પોતાની છે છતાં જ્ઞાની તેને પોતાની ન જાણતાં સ્વભાવને આગળ કરીને તેને કર્મના ઉદયમાં નાંખી દે છે મારામાં રાગ ક્યાં છે!

અજ્ઞાની લૂખૂં ખાય તોપણ એને ધર્મ ન થાય અને જ્ઞાની દૂધપાક પૂરી ખાય તોપણ ધર્મ થાય? ધર્મી ત્રણ ત્રણ ગાદલાની તળાઈમાં સૂવે, સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીના તો વૈભવના પાર ન હોય, બધાં ભોગ ભોગવે છતાં એ જ્ઞાની અને અમે ચટાઈ ઉપર સૂઈ રહીએ, કાંઈ મોટા વૈભવ ન રાખીએ છતાં અમે જ્ઞાની નહિ! તેનું કારણ શું? આમ અજ્ઞાનીને પ્રશ્ન ઊઠે પણ ભાઈ! જ્ઞાની એ બધી ક્રિયા કરતાં હોવા છતાં તેમાં એકતા અનુભવતાં નથી અને અજ્ઞાનીને તેમાં એકતાબુદ્ધિ છે એ મોટો ફેર છે. અજ્ઞાની નગ્ન થઈને જંગલમાં ફરતો હોય પણ દેહ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને રાગમાંથી એકત્વ છૂટ્યું ન હોય તો તે જ્ઞાની શી રીતે કહેવાય! અને જેને જડનો અને રાગનો રસ તૂટી ગયો છે એવા ધર્મી ચક્રવર્તી જેનો એક કવળ પણ કોઈ પચવી ન શકે એવા ૩૨ કવળનો આહાર લેતાં હોય તોપણ જ્ઞાની છે. ચૈતન્યના નિર્વિકલ્પ આનંદરસના રસમાં ચડ્યો છે તેને બીજે ક્યાંય રસ લાગતો નથી. બધે સ્મશાન જેવું લાગે છે. ઉદાસ....ઉદાસ.....ઉદાસ....

શ્રોતા :—ઉદાસ છે તો રાગ કેમ કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ રાગને કરતો નથી, થાય છે તેને જાણે છે. રાગથી ઉદાસ જ છે. પાઠમાં જ કહ્યું છે ને! શુભાશુભક્રિયાને જ્ઞાની પોતાના સ્વરૂપથી ભિન્ન માને છે, કર્મજનિત માને છે—કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલ એ રોગ છે, ઝેર છે, દુઃખ છે. અશુભભાવ કાળો નાગ લાગે છે જ્યારે અજ્ઞાની તો તેમાં રસબોળ હોય છે–અજ્ઞાનીને એ જ બંધનું કારણ છે માટે મિથ્યાત્વને બંધનું કારણ કહ્યું છે.

ધર્મી જીવ તો ચૈતન્યરસનો રસીલો છે. ભગવાન આત્માના સુખનો રસીલો છે તેને રાગનો રસ હોતો નથી. તેથી રાગની ક્રિયા થતી હોવા છતાં ધર્મીને કર્મકાલિમા લાગતી નથી.

શ્રોતા :—તમે જ્ઞાનીનો પક્ષ તો નથી કરતાં ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પક્ષનો સવાલ જ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જ્ઞાનીનું ચિત્ત રાગમાં, નિમિત્તમાં કે સંયોગમાં ક્યાંય ચોટતું નથી અને જ્યાં ચોટ્યું છે ત્યાંથી ખસતું નથી. ધર્મી અતીન્દ્રિય આનંદના રસીલા છે. નિત્યાનંદ રસના રસીલાને ક્ષણિક રાગાદિ વ્યભિચારી ભાવોમાં રસ આવતો નથી.

**किरियाकौं भिन्न मानै यातैं निकलंक** है। અહો! ધર્મીનું એટલે સંવર-નિર્જરાનું આવું સ્વરૂપ છે. લોકો કલ્પે છે તેવું તેનું સ્વરૂપ નથી. ભગવાનનું મંદિર બનાવી, પંચકલ્યાણક કરી, શાંતિયજ્ઞ કરી લેવાથી નિર્જરા થતી નથી. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને પરથી અને ક્રિયાથી નિરાળો દૃષ્ટિમાં અને અનુભવમાં લેવાથી નિર્જરા થાય છે.

સ્વરૂપના સાધન વડે ચારગતિનો નાશ થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં અરહંતાદિના સ્વરૂપનું વર્ણન સરસ આવ્યું છે. જે ૧. ગૃહસ્થપણું છોડી ૨. મુનિધર્મ અંગીકાર કરી ૩. નિજસ્વરૂપ-સાધન વડે ૪. ચાર ઘાતિકર્મમો ક્ષય કરી ૫. અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થયાં છે તે 'અરિહંત' છે. આ પાંચ બોલમાં કેટલું આવી જાય છે. વિકલ્પ અને વ્યવહાર-સાધનથી ચારગતિનો નાશ થતો નથી પણ સ્વરૂપ-સાધન વડે ચારગતિનો નાશ થાય છે અને પ્રગટ શું થાય છે!—કે અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



"મૈં હૂં અપનેમેં સ્વયં પૂર્ણ, પરસે કુછ ભી સંબંધ નહિ,
મૈં રંગ-રાગસે ભિન્ન, ભેદસે ભી, મૈં ભિન્ન નિરાલા હૂં....

આવા ભાવમાં નિર્જરા થાય છે, શબ્દ બોલવાથી નિર્જરા થતી નથી.

મૈં અખંડ ચૈતન્યપિંડ, નિજરસમેં રમનેવાલા હૂં
મૈં હી મેરા કર્તા-ધર્તા, મુજમેં પરકા કુછ કામ નહિ
મૈં મુઝમેં રહનેવાલા હૂં, પરમેં મેરા વિશ્રામ નહિ
મૈં શુદ્ધ-બુદ્ધ અવિરુદ્ધ એક, પરપરિણતીસે અપ્રભાવી હૂં
આત્માનુભૂતિસે પ્રાપ્ત તત્ત્વ મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં....

ધર્મી નિજરસમાં રમવાવાળા છે, નિજભાવના જ કર્તા-ધર્તા છે. પોતાના સ્વધામમાં જ રહેવાવાળા છે, પરમાં તેમને વિશ્રામ લાગતો નથી. શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘનના પ્રેમી જ્ઞાની વિભાવથી પ્રભાવિત થતાં નથી. ધર્મી જાણે છે કે મારું સ્વરૂપ તો સ્વાનુભવગમ્ય જ છે, હું તો જ્ઞાન-આનંદસ્વભાવી છું. આવું અંતરમાં ભાન હોય તે ધર્મી પૂર્વકર્મકૃત ક્રિયા વર્તે તેને પોતાની માનતાં નથી. તેથી તેમને નવા કર્મની કાલિમા લાગતી નથી.

વળી, બનારસીદાસજી આ જ વાતને સ્પષ્ટ કરતાં પદ્ય લખે છે.

जैसैं निसि वासर कमल रहै पंकहीमैं,
पंकज कहावै पै न वाकै ढिग पंक है।
जैसैं मंत्रवादी विषधरसौं गहावै गात,
मंत्रकी सकति वाकै विना-विष डंक है।।
जैसैं जीभ गहै चिकनाई रहै रूखे अंग,
पानीमैं कनक जैसैं काईसौं अटंक है।
तैसैं ग्यानवंत नानाभांति करतूति ठानै,
किरियाकौं भिन्न मानै यातैं निकलंक है।।५।।

૧. જેમ, (નિસિ એટલે રાત અને વાસર એટલે દિવસ) રાત–દિવસ કમળ કાદવમાં રહે છે પણ તેના ઉપર કાદવ લાગતો નથી. કમળને 'પંકજ' કહેવાય છે કેમ કે પંક એટલે કાદવમાંથી તે ઉત્પન્ન થયેલું છે તોપણ તેને કાદવ લાગતો નથી. જાણે કમળ અને કાદવને કાંઈ સંબંધ નથી એમ કમળ કાદવથી નિર્લેપ રહે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૨. જેમ મંત્રવાદી સર્પનાં મોઢામાં હાથ નાંખે અથવા સર્પ પાસે પોતાના શરીર ઉપર ડંખ મરાવે તોપણ મંત્રની શક્તિને કારણે તેને ઝેર ચડતું નથી. મંત્રની શક્તિ હોય ત્યાં સુધી જ એવું બને છે, બાકી મંત્રના નામે ભ્રમણાઓ ચાલતી હોય તેની વાત નથી. નવકારમંત્ર પણ શુભભાવનું નિમિત્ત છે, મંત્ર કોઈને કાંઈ કરી દેતાં નથી.

૩. જેમ, જીભ ગુંદર, ખાંડ, ઘી જેવા ચીકણાં પદાર્થ ખાય છે પણ પોતે ચીકણી થતી નથી. ગુંદર ખાઈને જીભને સાબુથી ધોવી પડતી નથી.

૪. જેમ, સોનું પાણીમાં પડ્યું રહે તોપણ તેને કાટ લાગતો નથી એવો જ તેનો સ્વભાવ છે.

આ બધાં દૃષ્ટાંતોની જેમ, જ્ઞાનાનંદ સ્વભાવને પ્રાપ્ત જ્ઞાની-આત્મા શુભાશુભ અનેક ક્રિયાઓ કરે છે પણ એ ક્રિયાથી પોતાના આત્માને તદ્દન ભિન્ન જાણે છે. જુઓ, આ ભેદજ્ઞાનની મહિમા છે! ક્રિયાને ભિન્ન જાણતાં જ્ઞાની કર્મકલંકને પામતાં નથી, નિષ્કલંક રહે છે. જ્યારે અજ્ઞાનીને ભેદવિજ્ઞાન નહિ હોવાથી તેની શુભક્રિયા પણ સંસારબંધનનું કારણ થાય છે અને ભેદજ્ઞાનીને અશુભભાવ હોય તોપણ નિર્જરાનું કારણ છે કેમ કે જ્ઞાનીને તેમાં રસ નથી, જ્ઞાની તેના સ્વામી નથી, ધણીપણે અશુભભાવને કરતાં નથી, થાય છે તેને પોતાના આત્માથી ભિન્ન જાણે છે, તેથી તેને કર્મની નિર્જરા થાય છે.

લ્યો આવું નિર્જરાનું સ્વરૂપ છે! પરિષહ બહુ સહન કરે તો નિર્જરા બહુ થાય–એમ નથી. પોતાના સ્વભાવના રસના ભાનમાં તેના રસીલાને બહારની ક્રિયામાં રસ નથી માટે તેને નિર્જરા થાય છે. સોનું જેમ પાણીમાં કાટ વિનાનું રહે છે તેમ ધર્માત્માને રાગની ક્રિયામાં રાગનો રંગ લાગતો નથી તેથી ધર્મી રાગમાં લેપાતાં નથી. તેથી સમ્યગ્જ્ઞાની–ધર્મીજીવને કર્મકાલિમા લાગતી નથી.

www.vitragvani.com



# જ્ઞાનીની નિર્જરાનું રહસ્ય

(સળંગ પ્રવચન નં. ૭૧)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રમાં નિર્જરા અધિકાર છે.

આનંદનો સ્વાદ લેનાર એવા ધર્મીને આત્મામાં જ સુખ ભાસે છે, બહારમાં ક્યાંય સુખ ભાસતું નથી. ધર્મી આત્મ-આનંદના રસીયા છે. મિથ્યાત્વદશામાં પરમાં સુખ ભાસે છે ત્યાં સુધી તેને દુઃખનો જ અનુભવ હોય છે પણ સુખનો ભાસ થાય છે. જે વિષયોમાં ધર્મીને દુઃખ લાગે છે તે જ વિષયોમાં અજ્ઞાનીને સુખ ભાસે છે આટલો ધર્મી અને અજ્ઞાનીમાં ફેર છે. આખો ઉગમણો અને આથમણા જેટલો ફેર છે.

ધર્મીને આત્માના આનંદના રસ પાસે પુણ્ય-પાપના ભાવ રોગ જેવા લાગે છે. શરીરમાં કેન્સર કે કોઢનો રોગ આવે તો કેવો આકરો લાગે છે! તેમ, ધર્મીને રાગ રોગ જેવો આકરો લાગે છે, પોષાતો નથી, તેથી પૂર્વ-ઉદયવશ વિષય-ભોગ ભોગવતાં હોવા છતાં કર્મબંધ થતો નથી. આ વાત છટ્ઠા પદ્યમાં કહે છે.

### વૈરાગ્યશક્તિનું વર્ણન

**पूर्व उदै सनबंध, विषै भोगवै समकिती।**
**करै न नूतन बन्ध, महिमा ग्यान विरागकी।।६।।**

સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે આત્મઆનંદનો અનુભવી જીવ વિષયાદિ ભોગવે છે એટલે કે પૂર્વ-ઉદયવશ વિષયાદિના સંયોગમાં દેખાય છે, રાગ આવે છે પણ તે રાગને સમકિતી રોગ જાણે છે. લોકોની દૃષ્ટિમાં એમ દેખાય છે કે જ્ઞાની વિષયોને ભોગવે છે પણ સમકિતી જ્ઞાની વિષયોથી ઉદાસ છે. પૂર્વ-ઉદયથી વિષયોનો સંયોગ થતાં જરાં રોગ તો આવે છે પણ જ્ઞાની તે રાગને રાગ જાણે છે. શુભાશુભભાવમાંથી તેને રસ ઊડી ગયો છે તેથી શુભાશુભભાવોથી એ છૂટો પડી ગયો છે તેથી કર્મબંધ થતો નથી. એ જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ છે.

ત્રીજા કળશમાં આ જ વાત કરે છે કે **नाश्नुते विषयसेवन**...આત્મવસ્તુની સત્તાનો સ્વીકાર જેને આવ્યો તેને અતીન્દ્રિય આનંદના નાથનો અંશે અનુભવ થઈ ગયો તેને એ અતીન્દ્રિય આનંદ પાસે વિષયભોગોની મહિમા હોતી નથી. પૂર્વે અજ્ઞાનદશામાં કર્મ બાંધ્યા છે તેનો ઉદય તો

www.vitragvani.com



આવ્યા વગર રહેતો નથી તેથી ઉદયથી મળેલી સામગ્રીની વચ્ચે ધર્મી ઊભેલાં દેખાય છે. રાગનો વિકલ્પ પણ આવે છે પણ ધર્મી તેને રોગ જાણે છે. અજ્ઞાની પણ એ રીતે જ ભોગ ભોગવતો દેખાય અને જ્ઞાની પણ એ રીતે જ ભોગવતાં દેખાય પણ અંતરમાં આંતરા ઘણાં મોટા છે. અજ્ઞાનીને રાગનો રસ છે જ્યારે જ્ઞાનીને રાગનો રસ નથી પણ નિજસ્વભાવનો રસ છે, આટલો ફેર છે.

આ જ જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ છે તેથી જ્ઞાની કર્મથી બંધાતા નથી. જ્ઞાન એટલે 'નિજભાવનો અનુભવ' અને વૈરાગ્ય એટલે 'રાગરહિત શુદ્ધ પરિણતી'. આ જ્ઞાન અને વૈરાગ્ય જ ધર્મીનું લક્ષણ છે. જ્ઞાન અને વૈરાગ્યના કારણે ધર્મી પરભાવથી ઉદાસ હોવાથી કર્મથી બંધાતા નથી. તેનો અર્થ એમ નથી કે ધર્મીને સર્વથા બંધ નથી. જેટલો રાગ છે તેટલો અલ્પબંધ તો ધર્મીને પણ છે. અજ્ઞાનીને રાગના રસપૂર્વક જેવું કર્મબંધન થાય છે તેવું બંધન ધર્મીને થતું નથી. અનંતાનુબંધીનો રાગ ધર્મીને નથી તેથી તેનું બંધન ધર્મીને નથી. પણ જેટલો રાગ છે તેટલું બંધન છે, એટલું દુઃખ છે, ઝેર છે. આ રાગ મને બંધનનું નિમિત્ત છે એમ ધર્મી જાણે છે.

ધર્મી તેને કહીએ કે જેને આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડે નહિ. ચક્રવર્તીનું રાજ્ય હો કે ઈન્દ્રના ઈન્દ્રાસન હો—ધર્મીને તેમાં સુખ લાગતું નથી. સુખબુદ્ધિ તો પરમાં પડી હોય અને સામાયિક, પ્રતિક્રમણ આદિ કરી લે તેનાથી ધર્મી થઈ જવાતું નથી. આત્માનો અનુભવ અને રાગથી વૈરાગ્ય હોય તેને જ ધર્મીપણું છે. કર્મના નિમિત્તથી બે પ્રકારની સામગ્રી મળે છે. ઘાતિકર્મના નિમિત્તે રાગ થાય છે તે એક પ્રકાર અને અઘાતિકર્મના નિમિત્તે બાહ્ય સામગ્રી મળે છે તે બીજો પ્રકાર. બંને પ્રકારની સામગ્રી પ્રત્યે ધર્મીને વૈરાગ્ય છે. જ્યાં કર્મ જ મારા નથી ત્યાં તેના નિમિત્તે મળતી સામગ્રી મારી કેમ હોય!

અજ્ઞાની કદાચિત્ વિષયોને ન ભોગવે, શરીરથી બરાબર બ્રહ્મચર્ય પાળે પણ અંદરમાં ઊંડે રાગનો કણ પડ્યો છે, રાગનો રસ છે, માનનો રસ છે, પરથી પોતાનું અધિકપણું ભાસે છે, રાગથી હું ભિન્ન છું એમ ભાસતું નથી.

હવે ૪થા કળશમાં આચાર્યદેવ કહે છે કે 'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्य-शक्तिः....। તેના ઉપર બનારસીદાસજી ૭મા પદ્યમાં કહે છે કે જ્ઞાન-વૈરાગ્યથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

सम्यकवंत सदा उर अंतर,
ग्यान विराग उभै गुन धारै।
जासु प्रभाव लखै निज लच्छन,
जीव अजीव दसा निरवारै।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



आतमकौ अनुभौ करि ह्वै थिर,
आप तरै अर औरनि तारै।
साधि सुदर्व लहै सिव सर्म,
सु कर्म-उपाधि विथा वमि डारै।।७।।

જુઓ! આ ધર્મી અને અધર્મીની ઉલટી દશા!

અર્થ :—સમ્યગ્દષ્ટિ જીવ સદૈવ અંતઃકરણમાં જ્ઞાન અને વૈરાગ્ય બંને ગુણ ધારણ કરે છે જેના પ્રતાપથી નિજ આત્મસ્વરૂપને દેખે છે અને જીવ અજીવ તત્ત્વોનો નિર્ણય કરે છે. તેઓ આત્મ-અનુભવ કરીને નિજસ્વરૂપમાં સ્થિર થાય છે તથા સંસાર-સમુદ્રથી પોતે સ્વયં તરે છે અને બીજાઓને તારે છે. આ રીતે આત્મતત્ત્વ સિદ્ધ કરીને કર્મોની જાળ દૂર કરે છે અને મોક્ષનો આનંદ પ્રાપ્ત કરે છે.

ધર્મજીવને નિરંતર આત્માના આનંદનું જ્ઞાન અને અનુભવ વર્તે છે અને રાગ તથા નિમિત્ત પ્રત્યે વૈરાગ્ય વર્તે છે, રાગની પ્રીતિ નથી અને નિમિત્તમાં અર્પાઈ જતો નથી–ભિન્ન રહે છે. ભલે ચક્રવર્તીપણાનો ઉદય હો–રાજમાં બેઠો હોય પણ આ કાંઈ મારું નથી એમ જાણે છે કારણ કે અંતરમાં પોતાની અસ્તિનું જ્ઞાન છે અને રાગાદિ પ્રત્યે વૈરાગ્ય છે.

જ્ઞાન અને વૈરાગ્ય બંને પર્યાય છે પણ તેને અહીં ગુણ કહ્યાં છે. અવગુણનો અભાવ હોવાથી ગુણ કીધાં પણ પર્યાય છે. આ જ્ઞાન અને વૈરાગ્યના પ્રતાપે ધર્મી નિજસ્વરૂપને દેખે છે કે 'આ ચૈતન્ય જ હું છું, રાગાદિ તે હું નથી.' નિજલક્ષણ એટલે આત્માનું સ્વરૂપ તેને જ્ઞાન-વૈરાગ્યશક્તિના બળે દેખે છે. તો શું દેખાય છે?–ધર્મીને પોતામાં શાંતિ દેખાય છે, બહારમાં શાંતિ દેખાતી નથી. સંયોગમાં કે શુભાશુભરાગમાં શાંતિ હોય તો દેખાય ને! તેમાં શાંતિ નથી માટે દેખાતી નથી.

जीव–अजीव दसा निरवारै। એટલે જીવ અને અજીવતત્ત્વોનો નિર્ણય કરે છે. શરીર અને રાગાદિ અજીવ છે, એક ચિદાનંદ ભગવાન હું પૂર્ણાનંદસ્વરૂપ જીવ છું એમ જીવ અને અજીવનો ધર્મી નિર્ણય કરે છે. પરથી પોતાને ભિન્ન અને પોતાથી અભિન્ન જાણે છે. ૯૬ હજાર રાણી અને ૯૬ કરોડ પાયદળ મારા નહિ એ મારા માટે અજીવ છે. અજીવની ચીજ અજીવને ધારીને રહી છે તે મારી નથી, મારા કારણે નથી અને મારામાં નથી. રાગનો વિકલ્પ ઊઠે છે તે પણ અજીવ છે. દયા, દાન, વ્રતાદિ પરિણામમાં પણ ચૈતન્યનો અભાવ છે. જ્યાં ચૈતન્ય છે ત્યાં તેનો ધર્મ છે. ધર્મના મોઢાં મોટા છે બાપુ! જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે તે ધર્મ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચોથા ગુણસ્થાને જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને આનંદ પ્રગટ થયા છે તે ધર્મ છે. શુભરાગ થાય છે તે ધર્મ નથી–અધર્મ છે. વિકલ્પની વૃત્તિ ઊઠે છે તેમાં આનંદ નથી. જ્યાં આનંદ નથી ત્યાં ધર્મ નથી. અતીન્દ્રિય આનંદ વિના વિકલ્પ ઊઠે છે તે વિકાર છે–દુઃખ છે, તેથી ધર્મી પોતાના આનંદને જીવસ્વરૂપ જાણે છે અને વિકારને અજીવસ્વરૂપ જાણે છે.

**आतमकौ अनुभौ करि ह्वै थिर**, પોતાના આત્માનો અનુભવ કરી તેમાં સ્થિર થાય છે અને વ્યવહારના રાગથી ભિન્ન પડી જાય છે. પોતે અનુભવ કરીને પોતાને સંસારથી તારે છે અને એવો ઉપદેશ આપે છે કે તેના નિમિત્તે બીજા જીવો પણ તરે છે. અજ્ઞાની પોતે તરતો નથી અને તેની વાણી બીજાને તરવામાં નિમિત્ત પણ થતી નથી. ધર્મી તો ઉપદેશ જ એવો આપે કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો સ્વીકાર કર! રાગનો સ્વીકાર છોડી દે! આવું ધર્મનું સ્વરૂપ છે.

**साधि सुदर्व लहै सिव सर्म**,...ધર્મી તેને કહીએ કે જે પોતાના દ્રવ્યને સાધે છે. ધર્મી છ ખંડને સાધતા નથી, અખંડ આત્માને સાધે છે. અંદરમાં આત્મા અતીન્દ્રિય આનંદનો છલોછલ દરિયો છે. આત્મા પુરુષાર્થનો પિંડ છે, વીર્યની મૂર્તિ છે. અનંત અનંત બળના સ્વભાવ સામર્થ્યની મૂર્તિ છે. પુરુષાર્થની પર્યાય તો તેના અનંતમાં ભાગે છે. પૂરણ પુરુષાર્થસંપન્ન એવા નિજદ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી ત્યારથી પુરુષાર્થની પરિણતિ ચાલે જ છે. તે નિત્ય શાશ્વત એવી વસ્તુને સાધે છે કારણ કે પર્યાયમાં તેનું જ ધ્યેય છે.

રાગનું કરવું એ તો શાંતિનું મરવું છે. અહીં તો આત્મામાં ઠરવું અને રાગનું મરવું છે. ધર્મી આત્મામાં ઠરે છે ત્યાં રાગ મરી જાય છે અને શિવસર્મ એટલે મોક્ષનો આનંદ પ્રાપ્ત થાય છે. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, આનંદ, શાંતિસ્વભાવ છે તેને સાધતાં મોક્ષરૂપી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

આ બધુ સ્વરૂપના સાધન વડે થાય છે, બાહ્ય સાધનથી થતું નથી. ચક્રવર્તી છ ખંડને સાધે છે જ્યારે ધર્મી સુદ્રવ્યને–સ્વદ્રવ્યને સાધે છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણે એવી અનંતી પર્યાયનો પિંડ જે દ્રવ્ય છે તેને ધર્મી સાધે છે અને કર્મોના ફંદને હટાવી દે છે, કર્મ-ઉપાધિને વમી નાંખે છે, પછી એ વમનને ફરી ગ્રહણ કરતાં નથી–રાગને ફરી ગ્રહણ કરતા નથી.

હવે ૫મા શ્લોક ઉપર ૮મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે સમ્યગ્જ્ઞાન વિના સંપૂર્ણ ચારિત્ર નકામું છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! આત્માનુભવ વિના વ્રત, નિયમ આદિ બધું જૂઠું છે.

શ્રોતા :—અહીં તો 'ચારિત્ર'ને જૂઠું કહ્યું છે ક્રિયા નથી કહી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—અજ્ઞાનીને ચારિત્ર ક્યાં છે? ક્રિયાકાંડને જ લોકો ચારિત્ર માને

છે કે આ નગ્ન છે, વ્રતધારી છે, ઉપવાસી છે માટે ચારિત્રવંત છે પણ આત્માના અનુભવ વિના ચારિત્ર તો નથી, માત્ર દુઃખની ક્રિયા છે તેને ચારિત્ર માને છે તેથી કહ્યું કે તેનું સંપૂર્ણ ચારિત્ર નકામું છે.

जो नर सम्यकवंत कहावत,
सम्यकग्यान कला नहि जागी।
आतम अंग अबंध विचारत,
धारत संग कहै, हम त्यागी॥
भेष धरै मुनिराज-पटंतर,
अंतर मोह-महानल दागी।
सुन्न हिये करतूति करै पर,
सो सठ जीव न होय विरागी॥८॥

અર્થ :—જે મનુષ્યને સમ્યગ્જ્ઞાનનું કિરણ તો પ્રગટ થયું નથી અને પોતાને સમ્યગ્દષ્ટિ માને છે, તે નિજાત્મસ્વરૂપનું અબંધરૂપ ચિંતવન કરે છે અને શરીર આદિ પરવસ્તુમાં મમત્વ રાખે છે અને કહે છે કે અમે ત્યાગી છીએ. તે મુનિરાજ જેવો વેષ ધારણ કરે છે પરંતુ અંતરંગમાં મોહની મહાજ્વાળા સળગે છે, તે શૂન્ય-હૃદય થઈને (મુનિરાજ જેવી) ક્રિયા કરે છે પરંતુ તે મૂર્ખ છે, વાસ્તવમાં સાધુ નથી.

જુઓ! અહીં આવા જીવને 'શઠ' કહ્યો છે, કુંદકુંદઆચાર્ય પણ અજ્ઞાની-એકાંતી મિથ્યાદૃષ્ટિને પશુ કહે છે, મૂઢ કહે છે, અંધ પણ કહે છે. આચાર્યો, જ્ઞાનીઓ કરુણાથી અજ્ઞાનીને બધું કહી શકે છે.

જે જીવ જગત પાસે એમ મનાવે છે કે અમે સમકિતી છીએ, પોતે સમકિતી માને છે અને બીજા પાસે પણ મનાવે છે પણ રાગ અને નિમિત્તથી ભિન્ન આત્માનું જ્ઞાન તો થયું નથી તેને સમકિતી કેમ મનાય?

અમે ચારિત્ર પાળીએ છીએ, તે શું સમકિત વિના હોય! ભગવાને કહ્યું છે કે સમકિતીને બંધ ન હોય માટે અમને પણ બંધ નથી. નિશ્ચયનયનો એકાંતપક્ષ લઈને પોતાને અબંધ વિચારે છે. સમ્યગ્દર્શનમાં તો આત્માનો અનુભવ, આનંદનો સ્વાદ અને સ્વજ્ઞેયનું યથાર્થ ભાન હોવું જોઈએ એ તો પોતાને સમકિતી મનાવનાર પાસે નથી–સમ્યગ્જ્ઞાનનું એક કિરણ પણ પ્રગટ્યું નથી, સંગમાં એકત્વ માની રહ્યો છે અને પોતાને ત્યાગી મનાવી રહ્યો છે. શરીરની ક્રિયા મારી છે, વાણી હું બોલું છું, મારું લખાણ મોતીના દાણા જેવું છે જેને જોઈને લોકો ખુશ થઈ

www.vitragvani.com



જાય....એમ અનેક પ્રકારે શરીરાદિ પરદ્રવ્યાં મમત્વ રાખે છે, પુસ્તકો પોતે બનાવ્યાનું માન ધરાવે છે અને પોતાને સમ્યગ્દષ્ટિ માને છે તે શઠ છે–મૂર્ખ છે.

શરીર, વાણી, અક્ષર, પુસ્તકો વગેરેમાં મમત્વ રાખે છે કે આ મારા છે, પુસ્તકની રચના અમે કરી છે એમ પરવસ્તુના સંગમાં મમત્વ છે અને પોતાને ત્યાગી કહે છે. બાહ્યથી મુનિરાજ જેવો વેષ–નગ્નત્વ, પીંછી, કમંડળ રાખે છે પણ અંતરમાં તો મોહની મહાજ્વાળા સળગે છે. શરીર અને રાગની ક્રિયા મારી છે એવી મિથ્યાત્વની અગ્નિ તો જલી રહી છે. જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માનતાં અશાંતિ જ થાય છે–મિથ્યાત્વની જ્વાળા સળગે છે. ધર્મીને પરમાં ક્યાંય એકત્વ નથી અને સ્વમાં એકત્વ છે તેથી શાંતિમાં ધારા વહે છે ત્યારે અજ્ઞાનીને મિથ્યાત્વની અશાંતિની ધારા સળગે છે.

બાહ્યથી પરનો સંગ બધો ત્યાગી દીધો છો પણ અંદરમાં બધામાં અજ્ઞાનીને એકત્વબુદ્ધિ પડી છે તેથી મોહની મહાજ્વાળા સળગે છે, શૂન્યહૃદયથી કરતૂતી કરે છે–રાગના અભાવરૂપ જે ભાવ હોવો જોઈએ તે તો અજ્ઞાનીને નથી માટે તે શૂન્યહૃદય છે–આંધળો છે. મુનિવેષ ધારે છે પણ વૈરાગી નથી માટે વાસ્તવમાં તે સાધુ નથી.

અરે! નગ્ન થયો છે, ૨૮ મૂળગુણ પાળે છે તોપણ શઠ છે? શૂન્ય-હૃદય છે? શું એને ભાવ નથી? ભાઈ! તે રાગભાવ છે તેને મુનિપણું કેમ કહેવાય! રાગ છે તે તારો નિજભાવ નથી. મુનિરાજ જેવી ક્રિયા કરતો હોવા છતાં વૈરાગી નથી–મૂરખ છે. વાસ્તવમાં મુનિ નથી પણ દ્રવ્યલિંગી છે.

હવે ૯મા પદ્યમાં આ જ વાત વિસ્તારે છે કે ભેદવિજ્ઞાન વિના સમસ્ત ચારિત્ર નકામું છે. ચારિત્ર એટલે વ્રત, તપાદિની ક્રિયાઓ બધી નિઃસાર છે.

ग्रन्थ रचै चरचै सुभ पंथ,
लखै जगमैं विवहार सुपत्ता।
साधि संतोष अराधि निरंजन,
देइ सुसीख न लेई अदत्ता।।
नंग धरंग फिरै तजि संग,
छकै सरवंग मुधारस मत्ता।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता।।९।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અર્થ :—તે મૂરખ ગ્રંથ-રચના કરે છે, ધર્મની ચર્ચા કરે છે, શુભ-અશુભ ક્રિયાને જાણે છે, યોગ્ય વ્યવહાર આપે છે, સંતોષને સંભાળે છે, અર્હંત્ ભગવાનની ભક્તિ કરે છે, સારો ઉપદેશ આપે છે, આપ્યા વિના લેતો નથી, બાહ્ય પરિગ્રહ છોડીને નગ્ન ફરે છે, અજ્ઞાનરસમાં ઉન્મત્ત થઈને બાળતપ કરે છે, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી.

બીજાના ગ્રંથમાં પોતાનું નામ નાંખી દે એ તો ખોટું જ છે. પણ પોતે ગ્રંથ રચે અને તેનું સ્વામિત્વ પોતાને માને તે મૂઢ છે. અમે સમયસાર છપાવ્યું છે, અમારા તરફથી ટીકા થઈને છપાયું છે એમ માને...પણ અરે! વિકલ્પ પણ તારો નથી ત્યાં ગ્રંથ તારો ક્યાંથી થયો?

ग्रंथ रचै....ગ્રંથની ચર્ચા કરે એ પણ શુભભાવ છે, ધર્મ નથી. ૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવો ચર્ચા કરે છે પણ તે વિકલ્પ છે ધર્મી તેમાં ધર્મ માનતો નથી. એ વિકલ્પથી મારી શુદ્ધિ વધે છે એમ પણ ધર્મી માનતાં નથી. ધવલમાં શાસ્ત્ર-અભ્યાસથી અસંખ્યગુણી નિર્જરા કહી છે તે અપેક્ષા જુદી છે. અંતર આનંદના લક્ષ પૂર્વક શાસ્ત્ર-અભ્યાસમાં અંતરની વિશેષતા વધે છે. મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રની ચર્ચા કરે પણ અંદરમાં રાગની એકતા પડી છે, આત્માનો અનુભવ નથી માટે તેની બધી ક્રિયા નકામી છે.

અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિ ૨૮ મૂળગુણનો વ્યવહાર બરાબર જાણે અને બરાબર પાળે–બરાબર યોગ્ય રાખે તોપણ મિથ્યાદૃષ્ટિ છે. કુંદકુંદઆચાર્યે પોતે ૨૮ મૂળગુણ પાળ્યા હતાં તેવા જ અમે પાળીએ છીએ તોપણ ખોટું? –હા. કુંદકુંદઆચાર્ય પોતે તેને ઝેર કહે છે. રાગ છે માટે ઝેર છે. જેના વ્યવહારના પણ ઠેકાણાં નથી તેની તો અહીં વાત જ કરી નથી.

साधि संतोष अराधि निरंजन...રાગની મંદતાના પરિણામમાં સંતોષ રાખે છે તે પણ બાહ્ય સંતોષ છે, તેનાથી પોતાને લાભ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે અરિહંત ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ મૂરખ છે. ૫મા શ્લોકમાંથી બનારસીદાસજી આ બધું સ્પષ્ટ કરે છે હો!

देई सुसीख....બીજાને ઉપદેશ બરાબર આપે પણ તે ઉપદેશની ક્રિયા તો જડની છે તેને પોતાની માની રહ્યો છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે, તેનું ચારિત્ર નકામું છે. વૈરાગ્યનો ઉપદેશ આપે કે ભાઈ! આ સંસાર ખરાબ છે, કોઈ કોઈનું નથી એમ કહે પણ પોતાને તો એ બેઠું નથી. કોઈ તો કોઈનું નથી પણ રાગ પણ તારો નથી. મુક્તિ જોઈતી હોય તો સંસાર છોડો–આ સંસારમાંથી કાંઈ સાથે આવવાનું નથી માટે બધું છોડીને અહીં આવી જાવ! સાધુ થઈ જાવ—એમ ઉપદેશ આપે છે પણ તું પોતે હજુ સાધુ ક્યાં થયો છો ભાઈ!

બીજાનાં દીધા વિના કાંઈ લે નહિ–અચૌર્યવ્રત પાળે, જૂઠું બોલે નહિ, નિર્દોષ આહાર

www.vitragvani.com



લે, અહિંસા પાળે, ચોકા કરીને આહાર ન લે એવો સુંદર વ્યવહાર પાળે તોપણ અજ્ઞાની છે. તો પછી ઉદ્દેશિક આહાર લઈને પોતાને મુનિ મનાવે એ તો અજ્ઞાની જ છે. મારગ તો આવો છે બાપુ! સાક્ષાત્ ભગવાન નથી, કાળ હલકો છે માટે કાંઈ બચાવ કરાય—એમ નથી.

નગ્નપણું ધારે, બધો પરિગ્રહ છોડે પણ આત્મ-આનંદના ભાન વિના તે રાગના રંગમાં ઉન્મત્ત થઈને જે કાંઈ તપ કરે છે તે બાળતપ છે.

❒ ❒ ❒

આ ભગવાન આત્મા ઊંડે-ઊંડે ધ્રુવ તળમાં કેટલી શક્તિ ધરાવે છે? —કે અપરિમિત અનંત જ્ઞાન, આનંદ આદિ અનંત—અનંત ગુણોનો ભંડાર ભર્યો છે. એવા એ નિજ જ્ઞાયક ભગવાનનો સાચો મહિમા પર્યાયમાં જેને બરાબર ખ્યાલમાં આવે છે તે રાગાદિ વિભાવથી એટલો બધો થાકી જાય છે કે 'મારે પૂર્ણાનંદસ્વરૂપ મારા નાથ સિવાય બીજું કાંઈ જોઈતું નથી' એમ અંદરમાં પાકી દૃઢતા કરી 'માત્ર જ્ઞાયક દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે. અરે! દુનિયા પ્રશંસા કરે કે નિંદા કરે,—એ તો જગતની ચીજ છે. તેની સાથે મારે શો સંબંધ છે? આત્મસ્વભાવનો અદ્ભુત મહિમા બરાબર સમજાતાં મુમુક્ષુ જીવ અંતરમાં સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે એક મારું આત્મદ્રવ્ય જ જોઈએ છે, બીજું કાંઈ જ જોઈતું નથી—પૂર્ણાનંદસ્વરૂપ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે એક જ જોઈએ છે' એવી અંદર દૃઢતા કરીને બસ, 'જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તે જ હું છું, શરીરાદિ પરવસ્તુ કે રાગાદિ પરભાવ તે હું નથી. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ કે એક સમયની અધૂરી-પૂરી પર્યાય મારું ત્રિકાળી સ્વરૂપ નથી, અરે! જ્ઞાનાદિ ગુણભેદરૂપ પણ હું નથી, અનંત ગુણોનો સાગર એક શુદ્ધ અભેદ ભગવાન તે જ હું છું' એવા ભાવરૂપે તે પરિણમી જાય છે—સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નિર્મળ ભાવે પરિણમી જાય છે. એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ તે જ હું છું, તે જ મારે જોઈએ છે—એવી દૃઢતા કરીને તે ભાવરૂપ પોતે પરિણમી જાય છે અને બાકી બીજું બધું કાઢી નાખે છે. ચાહે તો શુભ રાગ હો કે ક્ષાયોપશમિક જ્ઞાન હો, તે બધું ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને કાઢી નાખે છે. જીવ જ્યારે પર્યાયનો આશ્રય છોડી દે છે અને એકલા ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૫૬)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ચૈતન્ય-મહાસત્તાના ભાન વિના બધી ક્રિયા થોથા છે

(સળંગ પ્રવચન નં. ૭૨)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ નિર્જરા અધિકાર છે.

ध्यान धरै करै इंद्रिय-निग्रह,
विग्रहसौं न गनै निज नत्ता।
त्यागि विभूति विभूति मढै तन,
जोग गहै भवभोग-विरत्ता॥
मौन रहै लहि मंदकषाय,
सहै बध बंधन होई न तत्ता।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता॥१०॥

અર્થ :—આસન લગાવીને ધ્યાન કરે છે, ઈન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન-સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે, પ્રાણાયામ આદિ યોગસાધન કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે, વધ-બંધન સહન કરીને દુઃખી થતો નથી. તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી.

જેને આત્મસત્તા અને અનાત્મસત્તાનું ભાન નથી એટલે કે હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું અને વિકલ્પમાત્ર અનાત્મા છે એવું જેને ભેદજ્ઞાન નથી તે ધ્યાન લગાવે કે ઈન્દ્રિયનિગ્રહ કરે કે ગમે તેટલી ક્રિયા કરે પણ તે મૂર્ખ છે, તેની ક્રિયા આત્મા માટે સફળ નથી, રખડવા માટે સફળ છે. મફતની મજૂરી કરીને ઉપરથી ચારગતિમાં રખડવાનું ફળ પામે છે.

એ જીવ એમ પણ કહે છે કે શરીર સાથે મારે કાંઈ સંબંધ નથી, એમ માને પણ અંતરમાં અનાકુળ આનંદસ્વરૂપ આત્માનું જેને ભાન નથી, વિવેક નથી, ભેદજ્ઞાન નથી સમ્યગ્દર્શન નથી તે બધાં શઠ એટલે મૂરખ છે. શરીર સાથે મારે સંબંધ નથી પણ હું કેવી

www.vitragvani.com



વસ્તુ છું? મારામાં શું છે તેની કાંઈ ખબર નથી. તેથી ગમે તેટલી ક્રિયાઓ કરતો હોય તોપણ એવો જીવ મૂરખ ગણાય છે. સ્વભાવની એકતાનું ભાન નથી અને રાગની એકતા તૂટી નથી તેથી અજ્ઞાની ધાર્મિક ક્રિયા કરતો હોવા છતાં મૂરખમાં ખપે છે.

નિર્લેપ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ નથી, અનુભવ નથી તે જીવો પ્રાણાયામ કરે કે મંદકષાય કરે કે મૌન ધરે પણ તે બધાં મિથ્યાદૃષ્ટિ-મૂઢ છે. કદાચિત્ ચામડી ઉતારીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે પણ આનંદ ક્યાંથી લાવે? માત્ર નાસ્તિથી અસ્તિ આવતી નથી. અસ્તિ-મહાસત્તાના ભાન વિનાની બધી ક્રિયા થોથાં છે.

અહીં તો એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય ગણી છે. જ્ઞાનનો ક્ષયોપશમ મૂળ વસ્તુ નહિ હોવાથી પરદ્રવ્ય છે. અજ્ઞાની જેને આત્મા માને છે તે આત્મા નથી. અહીં તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જેને 'આત્મા' કહે છે એવા આત્માની જેને દૃષ્ટિ અને અનુભવ છે તે જ જ્ઞાની છે, તે સિવાય બધાં અજ્ઞાની છે. પાંચ ઈન્દ્રિયના ભોગો ભોગવતો ન હોય–બાળબ્રહ્મચારી હોય તોપણ એ મૂઢ છે. કારણ કે અતીન્દ્રિય આત્માના અનુભવ વિના આ બધી ક્રિયાકષ્ટ ચારગતિના ફળને આપનાર છે.

કોઈ સંસાર અને ભોગોથી વિરક્ત થઈને રસ વિનાનું લૂખું ખાય, દાળિયા-મમરા ખાઈને ચલાવે તેથી શું થયું! એ તો જડની ક્રિયા થઈ, તેની સાથે રાગની મંદતા છે તે પણ અચેતન છે–આત્મા નથી. શરીરથી અબ્રહ્મચર્યની ક્રિયા ન કરી તેમાં આત્માનું હિત ક્યાં આવ્યું! હું અનંતગુણનો પિંડ છું, મારામાં જ્ઞાન, દર્શન, સુખ આદિ ગુણ છે એવો ભેદ કરીને વિકલ્પ કરવો તે પણ આત્માની ચીજમાં નથી તો બીજો ક્યો રાગ આત્મામાં હોઈ શકે?

આ જૈનશાસન છે કે જેમાં પુણ્યનો, રાગનો, કર્મનો સંબંધ જ નથી, સંબંધ માનવો એ મિથ્યાત્વ છે. આત્માની ઓળખાણ વિનાની સામાયિક કે પૌષધ પણ એકડાં વિનાના મીંડા સમાન છે. મિથ્યાદૃષ્ટિને સાચી સરળતા કે સમતા હોઈ જ ન શકે. કષાયની મંદતા કરે પણ તેમાં જ ધર્મ માને તો તેને રાગથી ભિન્ન ભગવાનનું ભાન નહિ હોવાથી તે મૂઢ છે.

શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે એક સમયની પર્યાયને જ જે આત્મા માને છે, ત્રિકાળી દ્રવ્યની જેને દૃષ્ટિ જ નથી તે ભલે વનવાસી દ્રવ્યલિંગી સાધુ હોય, ૨૮ મૂળગુણ પાળતો હોય તોપણ શઠ છે–મૂઢ છે–મિથ્યાદૃષ્ટિ છે. કોઈ તેનું વધ અને બંધન કરે છતાં ક્રોધ ન કરે તોપણ આત્મભાન વિનાનો તે મૂઢ છે. વિકલ્પથી નિરાળી નિર્વિકલ્પ ચીજનું દર્શન અને ભેદવિજ્ઞાન પ્રગટ્યું નથી તેવા જીવો આવો મંદકષાય કરે છતાં મિથ્યાદૃષ્ટિ છે. જૈનદર્શન બહુ આકરું છે ભાઈ! આ તો જૈનપરમેશ્વરની વાણી છે કે આવી ક્રિયા કરે છતાં તેને નિર્જરા થતી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આત્મા એટલે શું ચીજ બાપુ! એકલો સહજ પરમ સ્વભાવભાવ જેને પર્યાયના ચારભાવ પણ અડતા નથી એવો દ્રવ્યસ્વભાવ તે જ આત્મસત્તા છે. સર્વજ્ઞસ્વભાવથી ભરેલો પ્રભુ અલ્પજ્ઞ નથી, અલ્પ-ઉપયોગવાળો નથી. જેમાં ઠરતાં આત્માની શાંતિ અને આનંદ વૃદ્ધિને પામે, શોભા વધે એવી આત્મસત્તામાં પ્રતપન તે તપ છે અને એવા તપથી નિર્જરા થાય છે માટે **तपसा निर्जरा** કહ્યું છે. ઉપ નામ આત્માની સમીપમાં વાસ કર્યો તે જીવ ઉપવાસી છે તેને નિર્જરા થાય છે. આત્માની ઓળખાણ વિના રોટલાનો ત્યાગ કરે તે ઉપવાસી નથી.

હવે ૧૧મા પદ્યમાં શું કહે છે!

**जो बिनु ग्यान क्रिया अवगाहै।**
**जो बिनु क्रिया मोखपद चाहै॥**
**जो बिनु मोख कहै मैं सुखिया।**
**सो अजान मूढनिमैं मुखिया॥१२॥**

અર્થ :—જે સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ધારણ કરે છે અથવા ચારિત્ર વિના મોક્ષપદ ચાહે છે તથા મોક્ષપદ વિના પોતાને સુખી માને છે, તે અજ્ઞાની છે, મૂર્ખાઓમાં પ્રધાન અર્થાત્ મહામૂર્ખ છે.

આત્માના આનંદનું વેદન–સ્વસંવેદન તો નથી અને માત્ર ક્રિયાઓ કરે છે તે ચારિત્ર વિના મોક્ષને ચાહે છે. મહાવ્રતના વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, ચારિત્રનો દોષ છે. અહીં તો જગતની માન્યતાથી ઊંધી વાત છે. ચારિત્ર એટલે 'આત્મ-આનંદમાં લીનતા' તેના વિના મોક્ષ માગે તે જૂઠુ છે તેમ જ આત્માના જ્ઞાન વિના કોઈ મોક્ષ માગે તો પણ ખોટું છે.

જે 'મોક્ષ' વિના સંસારમાં પોતાને સુખિયો માને છે તે મોક્ષસ્વરૂપ આત્માના જ્ઞાનથી અજાણ–મૂરખમાં મુખ્ય છે. પૈસે-ટકે સુખી હોય, સ્ત્રી-પુત્રાદિ આજ્ઞાંકિત હોય, છોકરાઓ અઢળક કમાણી કરતાં હોય, પોતે બાદશાહીથી પેઢી સંભાળીને બેઠો હોય એટલે તેને એમ થાય કે હું સુખી છું, બીજા પણ તેને સુખી માને પણ એ માન્યતા જ ભૂલભરેલી છે. ચારિત્ર વિના મુક્તિ ન થાય અને મુક્તિ વિના સુખ ન થાય.

વિકલ્પમાત્રમાં દુઃખ છે તે વિકલ્પ અશુભ હો કે દયા, દાન, પૂજાનો શુભ વિકલ્પ હો–તેમાં પણ દુઃખ છે, કષાય-અગ્નિ છે, ભઠ્ઠી છે. શુભભાવ પોતે તો દુઃખરૂપ છે અને તેના ફળમાં સ્વર્ગ મળે તેમાં પણ અંગારા છે-ભઠ્ઠી છે.

સ્વર્ગમાં એક સાગરના આયુવાળાને એક હજાર વર્ષે તો આહારનો વિકલ્પ ઊઠે અને અમૃતના ઓડકારથી તૃપ્તિ થઈ જાય, ૧૫ દિવસે એકવાર શ્વાસ લેવો પડે, રતનના મહેલ વચ્ચે

www.vitragvani.com



રહેવાનું હોય છતાં દુઃખી?–હા. એ કષાયની અગ્નિમાં શેકાય છે. અકષાયસ્વરૂપ ભગવાન આત્માના જ્ઞાન અને વેદન વિના પોતાને સુખી માને છે તે બધાં મૂરખમાં મુખિયા છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય તોપણ સમ્યક્ચારિત્ર વિના મુક્તિ થતી નથી. ચારિત્ર એટલે 'સ્વરૂપની લીનતા.' સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્માની શ્રદ્ધા અને જ્ઞાન તો થયું પણ એ જ અતીન્દ્રિય આનંદધામમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે. એવી લીનતા વિના મહાવ્રત લઈને મોક્ષ માગવો તે રણમાં પોક મૂકવા જેવી વાત છે.

અહીં તો આ ક્રમ બતાવી દીધો કે સમ્યક્ અનુભવ વિના ચારિત્ર ન હોય, ચારિત્ર વિના મોક્ષ ન હોય, મોક્ષ વિના સુખ ન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવે છે પણ તેની જ વિશેષતા તે ચારિત્ર છે અને મુક્તિમાં તેની જ પૂર્ણતારૂપ ફળ છે. મોક્ષ વિના સુખ નથી એટલે કે પૂર્ણ સુખ નથી. સમ્યગ્દર્શનમાં અંશે સુખ છે, ચારિત્રમાં વિશેષ સુખ છે અને તે સુખના ફળમાં જ પૂર્ણસુખ છે. વ્યવહાર તો પોતે રાગ છે, દુઃખ છે, તેના ફળમાં મુક્તિ નથી. મોક્ષ વિના પોતાને સુખી કહે છે તે અજ્ઞાની-મૂર્ખાઓમાં પ્રધાન-મહામૂર્ખ છે.

હવે છઠ્ઠા કળશમાં આચાર્ય અમૃતચંદ્રદેવ શું કહે છે તે લઈએ. ૯૦૦ વર્ષ પહેલાં આ આચાર્ય ભરતક્ષેત્રમાં વિચરતા હતાં, અંતરમાં અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં હતાં. આ સમયસાર શાસ્ત્રની ટીકા બનવામાં તેમના વિકલ્પનું નિમિત્ત છે. શાસ્ત્ર તો તેના બનવાકાળે બની ગયું પણ નિમિત્તથી એમ કથન થઈ શકે કે અમૃતચંદ્રાચાર્યે તે બનાવ્યું છે.

નિર્જરા અધિકારનો છઠ્ઠો કળશઃ—

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमुदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति॥६॥

શ્રી ગુરુ કરુણા કરીને સંસારી જીવોને કેવો ઉપદેશ આપે છે કે અહીં આવો...અહીં આવો...આ ચૈતન્યધાતુ એ તમારા પદ છે. જે શુદ્ધ શુદ્ધ છે તેમાં આવો...આમ છતાં અજ્ઞાની જીવો માનતા નથી તેથી બનારસીદાસજી ૧૨મા પદ્યમાં લખે છે કે—

जगवासी जीवनिसौं गुरु उपदेस कहै,
तुमैं इहां सोवत अनंत काल बीते हैं।
जागो ह्वै सचेत चित समता समेत सुनौ,
केवल-वचन जामैं अक्ष-रस जीते हैं॥

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



आवो मेरे निकट बताऊँ मैं तुम्हारे गुन,
परम सुरस-भरे करमसौं रीते हैं।
ऐसे बैन कहै गुरु तौऊ ते न धरै उर,
मित्रकैसे पुत्र किधौं चित्रकैसे चीते हैं॥१२॥

અજ્ઞાની જીવો માટીના પૂતળા જેવા છે કે જેથી તેને ગુરુની વાણીની અસર થતી નથી. પર્યાયબુદ્ધિમાં...રાગમાં રહેતાં અનંતકાળ આમ વીતી ગયો પ્રભુ! ભગવાન આત્માના અમૃતસ્વરૂપની સાવધાની અનંતકાળમાં એક સમયમાત્ર પણ કરી નથી.

હે જીવ! હવે તો જાગૃત થા! સાવધાન થા! ચેત ભાઈ ચેત! શાંતચિત્ત થઈને એકવાર ભગવાનની વાણી સાંભળ. ભગવાનની વાણી કેવી છે! કે જેનાથી પાંચ ઈન્દ્રિયના વિષયો જીતી શકાય છે. केवल-वचन जामैं अक्ष रस जीते हैं। ઈન્દ્રિયો, ઈન્દ્રિયો તરફનો વિકલ્પ અને ઈન્દ્રિયના વિષયો એ બધાની દૃષ્ટિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ ઈન્દ્રિયોને જીતી કહેવાય. તેમાંથી એક ઉપર પણ જેનું લક્ષ છે તે વિષયને જ સેવે છે. ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાન છે, ક્ષયોપશમજ્ઞાન છે તે પણ પરવિષય છે, એ પરવિષયને ભોગવનારો વિષયને જ ભોગવે છે. સ્વને વિષય બનાવ્યો નથી અને પરવિષયનું લક્ષ અને ધ્યેય છે તે પરવિષયને જ સેવે છે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે અમારી સામે જોવું એ પણ ઈન્દ્રિયનો વિષય છે તેને છોડી દે. અમને સાંભળવા છોડીને તું તને જો! એમ કહીને ભગવાનની વાણી પર્યાયબુદ્ધિનો નાશ કરાવે છે, સ્વભાવની સન્મુખતા કરાવે છે અને વિકલ્પથી વિમુખતા કરાવે છે. આવી વાણીનું નામ જ વીતરાગની વાણી છે.

તારો ભગવાન તારી પાસે પૂરો પડ્યો છે. વીતરાગની આ વાત જગત સાથે મેળ ખાય તેવી નથી. એક તરફ એમ કહે છે કે ભગવાનની વાણી સાંભળ તો ભવ અને ઈન્દ્રિયોને જીતી શકીશ અને એક તરફ ભગવાનની વાણીને ઈન્દ્રિયનો વિષય કહ્યો છે તો વાણી સાંભળવી કે ન સાંભળવી? તેનું સમાધાન પણ ભગવાનની વાણીમાં આવે છે કે ઈન્દ્રિયથી લક્ષ કરીને તું વાણી સાંભળે છે તેમાં ઈન્દ્રિયોનું જીતવું થતું નથી પણ તું ઈન્દ્રિયથી જીતાય જાય છે. આહાહા...! એકલાં જ્ઞાનનો નૂરનો પૂર, સુખનો સાગર ભગવાન આત્માને ધ્યેય બનાવીને તેમાં દૃષ્ટિ આપ તો તે ભગવાનની વાણી સાંભળીને ઈન્દ્રિયોને જીતી કહેવાય. ભગવાનની વાણી તો તને ઈન્દ્રિયોને જીતવાનું કહે છે.

જેને આનંદ સહિત સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થયું છે તેને આગળ વધતાં વિશેષ લીનતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સહિત જે વિકલ્પ ઊઠે તેનું જ્ઞાન થાય છે. સ્વભાવની સન્મુખ થયેલાંને રાગનું જ્ઞાન થાય છે. રાગની સન્મુખ થયેલાંને રાગનું જ્ઞાન પણ થતું નથી.

**आवो मेरे निकट बताऊं मैं तुम्हारे गुन**—નજીક આવો–સાંભળવાને લાયક થાઓ તો હું તમારા ગુણ તમને બતાવું. તમારામાં આનંદ, શાંતિ અને અતીન્દ્રિય સુખ પડ્યું છે તે હું બતાવું. તું તો અનંત શક્તિઓનો સાગર છો. અનંતા સિદ્ધોને પેટમાં રાખીને પડ્યો છે એટલે કે અનંતી સિદ્ધપર્યાય થવાની યોગ્યતા તારામાં ભરી પડી છે. તું નિકટ આવ તો તારા સ્વભાવની મહિમાને બતાવું એમ કહ્યું, વ્યવહાર બતાવવાનું કહ્યું નથી.

અનંત આનંદ અને શાંતિવાળું તત્ત્વ તે નિજપદ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે નિજપદ નથી. એ તો અપદ છે. પ્રભુ! તું તો આનંદનો નાથ છો ને! તારામાં દુઃખ નથી, રાગ નથી, અલ્પજ્ઞતા નથી. તારામાં તો જ્ઞાન, આનંદ, સ્વચ્છતા આદિ બધાં પૂર્ણ સ્વભાવો રહેલાં છે. પૂર્ણ અકર્તૃત્વસ્વભાવ અને પૂર્ણ અભોકતૃત્વસ્વભાવ હોવાથી રાગાદિનું કરવું કે ભોગવવું તારા સ્વભાવમાં બિલકુલ નથી. માટે, વિકલ્પ, પર્યાય અને નિમિત્તની બુદ્ધિ છોડી દે, એ તારા માટે અપદ છે.

**तुम्हारे गुन, परम सुरस-भरे, वीरमसौं रीते है।** તારા ગુણ કેવા છે?—કે પરમ અતીન્દ્રિય આનંદરસથી ભરેલાં છે અને કર્મથી ખાલી છે. કર્મનો જેમાં અભાવ જ છે અને આનંદથી પરિપૂર્ણ છે તેને આત્મા કહેવાય. આવા આત્માનું સમ્યક્-દર્શન થાય ત્યારે સમકિત અને ધર્મની શરૂઆત થઈ કહેવાય.

**ऐसे बैन कहे गुरु तौऊ ते न धरै उर,...** ગુરુ આવાં અમૃત જેવા વચનો કહે છે તોપણ જે તેને હૃદયમાં ધરતાં નથી તે જીવો કેવા છે! જાણે માટીના પૂતળા જોઈ લ્યો. જેમ માટીના પૂતળા કે ચિત્રમાં દોરેલાં મનુષ્યને કાંઈ ભાન હોતું નથી તેમ તેને કાંઈ ભાન નથી. ગુરુ જે આત્મપદ બતાવે છે ત્યાં જવાને બદલે અમારે તો વ્રત પાળવા છે, તપ કરવા છે, જપ કરવા છે એમ કરીને તેમાં રોકાય રહે છે તે માટીના પૂતળા છે. માટીના પૂતળાને કાંઈ અસર થતી નથી તેમ તને પણ કાંઈ અસર થતી નથી? એમ કહીને ગુરુ તેને જગાડે છે. જાગ રે જાગ આત્મા! હવે તો નિદ્રા છોડ!

આ છઠ્ઠો કળશ અને ૧૨મું પદ્ય થયું.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જાગૃત અને અજાગૃત દશાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં.-૭૩)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં નિર્જરા દ્વારનું ૧૩મું પદ્ય લેવાનું છે જેમાં બનારસીદાસજી જીવની શયન અને જાગૃતદશા કહેવાની પ્રતિજ્ઞાનું કથન કરે છે.

एतेपर बहुरौं सुगुरु, बोलैं वचन रसाल।
सैन दसा जागृत दसा, कहै जुहूंकी चाल॥१३॥

અર્થ :—આમ છતાં ફરીથી કૃપાળુ સુગુરુ જીવની નિદ્રિત અને જાગૃતદશાનું કથન મધુર વચનોમાં કહે છે.

અજ્ઞાનમાં જીવની દશા કેવી થઈ રહી છે અને જ્ઞાન થતાં જીવની દશા કેવી થાય છે તેનું વર્ણન સુગુરુ મધુર વચનો દ્વારા કરે છે.

## જીવની શયન અવસ્થા

(સવૈયા એકત્રીસા)

काया चित्रसारीमैं करम परजंक भारी,
मायाकी संवारी सेज चादरि कलपना।
सैन करै चेतन अचेतना नींद लियै,
मोहकी मरोर यहै लोचनकौ ढपना॥
उदै बल जोर यहै स्वासकौ सबद घोर,
विषै-सुख कारजकी दौर यहै सपना।
ऐसी मूढ दसामैं मगन रहै तिहूं काल,
धावै भ्रम जालमैं न पावै रूप अपना॥१४॥

અનાદિથી જીવ અજ્ઞાનમાં સૂતો છે.

શ્રોતા :—હાલે-ચાલે છે તેને સૂતો છે એમ કેમ કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેને પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપનું ભાન નથી એવા જીવો શુભાશુભરાગ અને અજ્ઞાનમાં સૂતા જ છે. શુભ અને અશુભ બંને પ્રકારના વિકલ્પ ઊઠે છે



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે આત્માનું સ્વરૂપ નથી, આસ્રવ છે, રાગ છે, વિકાર છે–વિભાવ છે. અનાદિથી અજ્ઞાની જીવો આ આસ્રવમાં સૂતા છે, પોઢેલાં છે.

અર્થ :—શરીરરૂપી મહેલમાં કર્મરૂપી મોટો પલંગ છે, માયાની પથારી સજેલી છે, કલ્પનારૂપી ચાદર છે, સ્વરૂપની ભૂલરૂપ નિદ્રા લઈ રહ્યો છે, મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે, કર્મોદયની જોરાવરી એ નસકોરાંનો ઘુરકાટ છે, વિષયસુખના કાર્યો માટે ભટકવું એ સ્વપ્ન છે, આવી અજ્ઞાનદશામાં આત્મા સદા મગ્ન થઈને મિથ્યાત્વમાં ભટકતો ફરે છે પરંતુ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી.

શરીરને મહેલની ઉપમા આપી છે, તેની અંદર કર્મરૂપી પલંગ પાથરેલો છે અથવા કર્મના નિમિત્તે થયેલા વિકારોનો પલંગ છે, તેમાં અજ્ઞાની સૂતો છે. રાગ અને શરીર વિનાના ચૈતન્યમહેલની તો એને ખબર નથી, તેથી રાગમાં જ પોઢી ગયા છે–મરી ગયા છે. ઘોર નિદ્રામાં સૂતા છે.

વળી એ શૈયા કેવી છે!–કે માયાથી સજાવેલી છે. લક્ષ્મી, વૈભવ આદિ બધી માયાજાળ છે. અજ્ઞાની તેને પોતાની માનીને અજ્ઞાનમાં સૂતો છે અને ઉપર કલ્પનારૂપી ચાદર ઓઢી લીધી છે. અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પ કર્યા કરે છે. આનું આમ થશે, આમ કરવું છે એમ સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે, પરનું તો કાંઈ કરી શકતો નથી, મનમાં કલ્પના કર્યા કરે છે.

**सैन करै चेतन अचेतना नींद लियैं।** જ્ઞાન-દર્શનસ્વભાવ ચેતનાને ભૂલી અચેતન એવા રાગની નિદ્રામાં સૂઈ રહ્યો છે. ઊંધી શ્રદ્ધાને લીધે સમ્યગ્જ્ઞાનના નેત્રો પણ ઢંકાઈ ગયા છે. જે જ્ઞાન દ્વારા આત્માને જાણવો જોઈએ તે જ્ઞાનનેત્ર મિથ્યાત્વના કારણે બંધ થઈ ગયા છે. મોહમાં સુખ છે, રાગમાં સુખ છે, સામગ્રીમાં સુખ છે એવી મિથ્યા માન્યતાની નિદ્રા લઈ રહ્યો છે. તેથી મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે.

**उदै बल जोर यहै स्वासकौं सबद घोर...** જેમ ઊંઘમાં નસકોરાં બોલે છે તેમ અજ્ઞાનનિદ્રામાં કર્મના ઉદયના જોરથી વિકારના નસકોરાનો ઘોર અવાજ થાય છે. પુણ્યનો ઉદય હોય તેમાં ઘણી બધી ધનની ધૂળ ભેગી થઈ હોય એટલે આ જીવ મિથ્યાત્વમાં ઘૂરકે છે. તેમાં તેને મજા આવે છે. આ બધી બનારસીદાસજી ઉપમા આપે છે. નિદ્રામાં જેમ સ્વપ્ન આવે છે તેમ આ અજ્ઞાનીજીવને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખનું સ્વપ્ન આવે છે તેથી તેને માટે ભટકે છે. મીઠાં શબ્દ સાંભળીને કે માખણ જેવા સ્ત્રીના શરીર જોઈને તેમાં સુખ છે એવી કલ્પનારૂપ સ્વપ્ના તેને આવે છે. તેથી તેની પ્રાપ્તિ માટે ઝાવા નાંખે છે. પરદેશ કમાવા જવું, જ્યાં સુંદર શબ્દો મળે ત્યાં સાંભળવા જવું, રૂપને દેખું, રસ ચાખી લઉં, સુંવાળા શરીરના ભોગ લઉં, સુગંધ લઉં...એમ પરચીજમાં ઝાવા નાંખીને સુખની કલ્પના કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ऐसी मूढ दसामैं मगन रहै तिहूं काल...અજ્ઞાન-અવસ્થામાં આત્મા સદા ભ્રમથી મિથ્યાત્વમાં લીન રહે છે. વિષયો માટે ભટકતો ફરે છે પણ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી. નિજનિધાનમાં નજર જ કરતો નથી, ખબર પણ નથી કે મારી પાસે આવું ચૈતન્યનિધાન છે અને જ્યાં પોતાનું કાંઈ નથી એવા વિષયોમાં સુખની કલ્પનાથી દોડી રહ્યો છે એવો મૂઢ મિથ્યાદૃષ્ટિ પોતાના ખોટા લક્ષણથી જ ચારગતિમાં રખડી રહ્યો છે.

જુઓ ભાઈ! આ સમજવાનું છે, બાકી ધૂળમાં કાંઈ નથી.

શ્રોતા :—ધૂળમાં કાંઈ નથી પણ ધનમાં માલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધન જ ધૂળ છે, શરીર પણ ધૂળ છે અને અંદર શુભ અને અશુભભાવ થાય છે તે પણ ચૈતન્યની જાતિના નથી માટે અચેતન છે–ધૂળ છે. આમાં પણ કહ્યું ને! अचेतना नींद लियैं... શુભ અને અશુભ વિકલ્પો અચેતન છે. શરીર તો પ્રત્યક્ષ રાખ થતું દેખાય છે તેથી શાસ્ત્રમાં તેને મૃતકક્લેવર કહ્યું છે. દેહદેવળમાં ચૈતન્યમૂર્તિ બિરાજે છે તે દેહથી તો ભિન્ન છે પણ શુભાશુભરાગથી પણ સ્વભાવે ભિન્ન છે. એવા ચૈતન્યમૂર્તિનું ભાન નથી તે બધાં મૂઢ જીવો અજ્ઞાનમાં સૂતા છે. અંદરમાં શું ચીજ છે તે જોવાની નવરાશ પણ લેતાં નથી.

અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર છે તેથી ઉદયનું બળ છે એમ કહ્યું છે. આત્મબળ નથી ત્યાં ઉદયનું બળ છે.

આ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમાં શું શું થાય તેનું વર્ણન 'શયન અવસ્થા'ના પદ્યમાં કર્યું. તે જીવ ભલે ત્યાગી હોય, સાધુ હોય કે ભોગી હોય પણ અંતરમાં જેને આત્મસ્વરૂપની ખબર નથી તે જીવો પુણ્ય-પાપના વિકલ્પોમાં જ ધર્મ માનીને મિથ્યાત્વમાં નિરાંતે સૂતા છે, આત્મા શું ચીજ છે તેની તો એને ખબર જ નથી.

હવે જીવની જાગૃતદશાનું વર્ણન કરે છે. જ્યારે જીવ જ્ઞાનદશામાં જાગૃત થાય છે કે અરે! હું તો આનંદનું ધામ છું, વિકલ્પમાત્ર મારી ચીજમાં નથી એવી જેને જાગૃતદશા થઈ તેનું વર્ણન કરે છે.

**चित्रसारी न्यारी परजंक न्यारौ सेज न्यारी,**
**चादरि भी न्यारी इहां झूटी मेरी थपना।**
**अतीत अवस्था सैन निद्रावाहि कोउ पै,**
**न विद्यमान पलक न यामैं अब छपना।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



स्वास औ सुपन दोऊ निद्राकी अलंग बूझै,
सूझै सब अंग लखि आतम दरपना।
त्यागी भयौ चेतन अचेतनता भाव त्यागि,
भालै दृष्टि खोलिकैं संभालै रूप अपना॥१५॥

જેને ભગવાન પ્રથમ દરજ્જાનો ધર્મી—સમ્યગ્દષ્ટિ કહે છે તેની જાગૃતદશા કેવી હોય તેની વાત અહીં બનારસીદાસજી કરે છે.

અર્થ :—જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપ પથારી જુદી છે, કલ્પનારૂપ ચાદર જુદી છે, આ નિદ્રાવસ્થા મારી નથી–પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વીતાવું, ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન–એ બંને નિદ્રાના સંયોગથી દેખાતાં હતાં. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યાં. આ રીતે આત્મા અચેતનભાવોનો ત્યાગી થઈને જ્ઞાનદષ્ટિથી જોઈને પોતાનું સ્વરૂપ સંભાળે છે.

જ્યારે 'હું ચૈતન્ય જીવસ્વરૂપ છું' એવી અંતરદષ્ટિ અને તેનો અનુભવ થતાં તે જીવ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની થાય છે તે પોતાના જીવને કેવો માને છે?–કે હું શરીરરૂપ મહેલથી–માટીથી જુદો છું, એ મારામાં નથી અને હું તેનામાં નથી. શરીર તો અજીવ છે તે મારા દ્રવ્ય, ગુણમાં તો નથી પણ પર્યાયમાં પણ નથી અને તેના અજીવપણામાં મારું કાંઈ નથી. હવે જ્યાં શરીરમાં જ મારું કાંઈ નથી તો સ્ત્રી, પુત્રાદિ કુટુંબમાં મારું શું હોય!

અનાદિથી હું પુણ્ય-પાપકર્મનાં પલંગમાં સૂતો હતો પણ તે પલંગ પણ મારો નથી, હું તેનાથી જુદો છું. સર હુકમચંદ શેઠને ત્યાં સુવાના પલંગમાં સોનાના અક્ષરથી સજાવેલો હતો. પલંગને સજાવો કે ઘરને સજાવો પણ એ જીવના થાય છે? ધર્મી તો જાણે છે કે આ કોઈ ચીજ મારી નથી. જે ચીજ મારી હોય તે મારાથી કદી જુદી પડે નહિ. જે જુદી પડે છે તે ચીજ મારી નથી.

આ મારું અને આ તારું એવી જે કલ્પના અજ્ઞાનીજીવ કરે છે તેને જ્ઞાની જૂઠી જાણે છે. પરચીજમાં મારા-તારાના ભેદ પાડ્યા એ ખોટી કલ્પના છે. પરમાં એવા બે ભેદ જ નથી. પર તે પર જ છે. છતાં પૂર્વે અજ્ઞાનદશામાં હું પણ એવા ભેદ પાડતો હતો તે મારી અવસ્થા બીજી હતી. હવે તો મારી દશા જ ફરી ગઈ છે. નિદ્રા છોડીને હું જાગૃત થયો છું.

આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યક્ત્વ પામે તો તેની આવી જાગૃતદશા થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન થતાં આવી દશા થાય છે. ચારિત્રની વાત તો પછી છે. સ્વરૂપમાં રમવું અને ઠરવું એવી ચારિત્રની દશા તો અલૌકિક છે પણ પ્રથમ દરજ્જાની ધર્મદશામાં ધર્મીને એમ થઈ જાય છે કે પૂર્વની નિદ્રાની દશા હતી તે દશા જ મારી નહિ એ અજ્ઞાન અવસ્થા હતી, મારું સ્વરૂપ એવું નથી. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું એવું ભાન થયું તેથી પૂર્વની અવસ્થા જૂઠી હતી એમ તેને ખ્યાલમાં આવે છે.

ધર્મીને એમ થાય છે કે વર્તમાનની એક પળ પણ હું નિદ્રામાં એટલે કે અજ્ઞાનમાં નહિ વીતાવું. આ દયા, દાન, વ્રત, ભક્તિ રાગની એકતામાં હું એક પળ પણ નહિ વીતાવું. શુદ્ધ ચૈતન્યનું ભાન થયું એટલે વિકલ્પમાત્રથી વિરક્ત થઈ ગયો. બહારમાં સંયોગ તો દેખાય છે પણ અંતરમાં ધર્મીસંયોગ અને સંયોગીભાવથી તદ્દન જુદાં હોય છે. જેમ નાળિયેરમાં ગોળો અને કાચલી જુદાં છે તેમ ચૈતન્યગોળો અને શરીર તો જુદાં જ છે પણ કાચલી તરફની લાલ છાલથી પણ સફેદ મીઠો ગોળો જુદો છે તેમ શુભાશુભરાગની છાલથી શુદ્ધ આનંદકંદ ચૈતન્ય જુદો છે.

પર્વત ઉપર વીજળી ત્રાટકે અને પર્વતના બે ભાગ થઈ જાય તે રેણ દેવાથી ભેગાં ન થાય તેમ, રાગ અને શરીર તથા આત્માની વચ્ચે ધર્મીએ ભેદજ્ઞાનની એવી છીણી મારી છે કે તે હવે કદી ભેગાં ન થાય. અર્થાત્ ધર્મીને રાગમાં કે શરીરમાં એકત્વબુદ્ધિ ન થાય. અજ્ઞાનમાં ઉદય મારો ભાસતો હતો, વિષયમાં સુખ છે એમ લાગતું હતું તે હવે કદી લાગતું નથી.

હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્તગુણો દેખાવા લાગ્યાં...સ્વરૂપના શ્રદ્ધા અને જ્ઞાનમાં ધર્મીને પોતાના અનંત ગુણોની સૂઝ પડે છે. રાગાદિ તે મારા નહિ પણ જ્ઞાનાદિ તે મારા ગુણ છે. રાગથી ભિન્ન પડેલાં મારા તત્ત્વમાં તો અનંતગુણ વસેલાં છે એમ ધર્મીને દેખાવા લાગ્યું છે તેથી સર્વ અચેતનભાવોનો ત્યાગી થઈને નિજસ્વરૂપને સંભાળે છે. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું એમ અનુભવતાં જ્ઞાની, જ્ઞાનાનંદધામની જ સંભાળ કરે છે. રાગ અને પરચીજને તો પોતાના જ્ઞાનમાં રહીને માત્ર જાણે છે કે આ પર છે. હવે ધર્મી તેની સંભાળ કરતા નથી.

વીતરાગમાર્ગમાં આવી દશાનું નામ ધર્મ છે, આ જ સમ્યગ્દર્શન છે.

પ્રભુ! તારી ચીજમાં શાંતિ અને આનંદ ભરેલાં છે, રાગ તારા સ્વરૂપમાં નથી. આવા નિજસ્વરૂપને ભાવનારા ધર્મી રાગાદિના ત્યાગી છે, રાગાદિના સ્વામી નથી. જે શુભાશુભરાગના સ્વામી થાય છે તે જડ છે. ભેંસનો ધણી પાડો હોય તેમ પુણ્ય-પાપ અને તેના ફળમાં મળતાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંયોગોનો સ્વામી થાય છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ–જડ છે. ધર્મી તેના સ્વામી થતાં નથી તેથી ધર્મીને તેની સંભાળ કરવાની રહી નથી. બસ, હવે ધર્મી તો સ્વભાવની સંભાળ કરવામાં સાવધાન થઈ ગયા છે. રાગાદિ વિકલ્પના તો અંતરથી ત્યાગી થઈ ગયા છે. તેથી તેને સંભાળું કે રાખું એવી ભાવના રહી નથી.

પરદ્રવ્યની સંભાળ તો અજ્ઞાની પણ કરી શકતાં નથી પણ કલ્પના કરીને એમ માને છે કે હું બાયડી, છોકરાંને અને ધંધા આદિને સંભાળું છું. પરને તે શું સંભાળી શકે! એ તો જગતની સ્વતંત્ર ચીજો છે તે સૌ પોતાના કારણે ટકીને બદલી રહી છે. તારે તો તારા આત્માને સંભાળવાનો છે. અજ્ઞાની મૂઢને કોણ પર છે અને કોણ સ્વ છે તેનું જ ભાન નથી. અજ્ઞાનથી પરને પોતાના માનીને સંભાળવાનો પ્રયત્ન કરે છે અને જે ખરેખર પોતાના છે એવા અનંત ગુણોને સંભાળતો નથી. અહા! સ્વની સંભાળ નહિ અને પરને સંભાળવાની કલ્પના એ તો મૂઢતા છે.

હું તો શાંતિ, આનંદ આદિ અનંત ગુણનો નિધાન છું, રાગાદિ તે મારા નિધાનમાં નથી, મારા સ્વરૂપમાં નથી એવી જે જાગૃતદશા થઈ તેનું ફળ શું આવે છે તે હવેના ૧૬મા દોહરામાં બતાવે છે.

## જાગૃતદશાનું ફળ

इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव।
जे सोवहि संसारमैं, ते जगवासी जीव॥१६॥

અર્થ :—જે જીવ સંસારમાં આ રીતે આત્મ-અનુભવ કરીને સચેત થયા છે તે હંમેશા મોક્ષરૂપ જ છે અને જે અચેત થઈને સૂઈ રહ્યા છે તે સંસારી છે.

અહા! જેણે જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માને જાણ્યો તેને ફળ શું મળ્યું?–કે તેનો મોક્ષ થશે એમ નહિ પણ તે મોક્ષરૂપ જ છે. તે સમ્યગ્દૃષ્ટિ शिवरूप सदीव। સદા મોક્ષરૂપ જ છે કેમ કે રાગાદિ વિકલ્પથી ભિન્ન પોતાના સ્વભાવનો તેને આદર થયો છે તેથી ધર્મી રાગથી મુક્ત છે માટે સંસારથી પણ મુક્ત છે, તેનામાં સંસાર નથી.

અનંત અનંત ગુણનિધાન આત્માને જેણે રાગથી અને પરદ્રવ્યથી ભિન્ન કરીને જાણ્યો તે જીવ રાગથી અને પરથી ભિન્ન છે–મુક્ત છે અને જે જીવ પરચીજને અને રાગને પોતાનો માને છે તે જીવ બહિરાત્મા છે–મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ સંસાર છે. જેની દૃષ્ટિ મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી રહિત દ્રવ્ય ઉપર ગઈ છે તે પર્યાયમાં પણ મિથ્યાત્વ અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ-દ્વેષથી રહિત મુક્ત થઈ જાય છે. દ્રવ્યમાં તો અપૂર્ણતા પણ નથી તો રાગદ્વેષ તો ક્યાંથી હોય?

લોગસ્સમાં આવે છે ને! **विहूये रयमला** એટલે ભગવાને રજ અને મળને ટાળ્યાં છે. તેના બદલે બીજો અર્થ કરે છે તેને અર્થની પણ ખબર નથી તો ભાવની ખબર ક્યાંથી હોય!

જાગૃત જીવ સદાય મુક્ત જ છે. વ્યવહારથી અને નિમિત્તથી મુક્ત થયો તેને કોઈની સાથે હવે સંબંધ રહ્યો નથી. સ્વભાવ સાથે સંબંધ થતાં આસ્રવતત્ત્વ સાથે સંબંધ છૂટી ગયો. આસ્રવનો સંબંધ છૂટ્યા વિના આત્માનું દર્શન, જ્ઞાન થાય જ નહિ.

ઈન્દ્રોની ઉપસ્થિતિમાં વીતરાગ પરમેશ્વરની વાણીમાં આવા ધોધ આવતાં હતાં, સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે તેમની વાણીમાં પણ આ જ વાત આવે છે.

જે જાગૃત થયો તેને એમ થાય છે કે હું તો અચેતનનો ત્યાગી છું અને ચેતનનો ભોગી છે. રાગાદિનો ત્યાગી છું અને સ્વભાવનો ભોગી છું. જે રાગનો કર્તા નથી તેને રાગનો સંબંધ નથી અને રાગનો ભોગ પણ નથી. આસ્રવ એ જુદું તત્ત્વ છે, તેને અને અજીવતત્ત્વને એક માનવા તે મિથ્યાત્વ છે. જુદાં તત્ત્વને જુદાં માનવા તે સમ્યક્ત્વ છે. અજાગૃત એવી રાગના સંબંધવાળી દશા છૂટ્યા વિના સ્વભાવ સાથે સંબંધરૂપ જાગૃતદશા પ્રગટ થતી નથી.

**जे सोवहि संसारमैं, ते जगवासी जीव।** જે અચેત બનીને સંસારમાં સૂતો છે તે સંસારમાં જ રખડે છે, નરક અને નિગોદમાં રખડે છે અને જે સંસાર અને સંસારીભાવથી છૂટો પડી ગયો તે જીવ સદૈવ મુક્ત છે.

આમ, જાગૃત અને અજાગૃતજીવની દશાનું ફળ બતાવી દીધું. હવે, આત્મ-અનુભવ ગ્રહણ કરવાની શિખામણ ૧૭મા પદ્યમાં આપશે.

www.vitragvani.com



# નિજપદનું ભાન થતાં અન્ય પદો આપત્તિરૂપ ભાસે છે

(સળંગ પ્રવચન નં. ૭૪)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે ધર્મ. આ અધિકારમાં ધર્મને ધારણ કરવાની શિખામણ આપી છે.

૭મા કળશનું ૧૭મું પદ્ય છે, તેમાં આત્મ-અનુભવ ગ્રહણ કરવાનું કહેવાય છે.

जो पद भौपद भय हरै, सो पद सेऊ अनूप।
जिहि पद परसत और पद, लगै आपदारूप।।१७।।

અર્થ :—જે જન્મ-મરણનો ભય દૂર કરે છે, ઉપમા રહિત છે, જેનું ગ્રહણ કરવાથી બીજાં બધા પદ વિપત્તિરૂપ ભાસવાં લાગે છે તે આત્મ-અનુભવરૂપ પદને અંગીકાર કરો.

જેને જન્મ-મરણ દૂર કરવા છે અને શુદ્ધ ચૈતન્ય પદ પ્રાપ્ત કરવું છે તેણે આત્મ-અનુભવરૂપ પદ અંગીકાર કરવું. આત્માનો અનુભવ એવો શાંત સ્વરૂપ છે કે તેનો અનુભવ કરનારને ઈન્દ્ર, નરેન્દ્ર કે ધરણેન્દ્રના પદ તો વિપત્તિરૂપ લાગે છે, દુઃખના સ્થાન લાગે છે, આપદા આવી પડી હોય એવા લાગે છે.

આત્માનો અનુભવ કરવાથી અશુદ્ધતા ટળે છે. વ્રત, તપ, ઉપવાસ કરવાથી અશુદ્ધતા ટળતી નથી અને શાંતિ થતી નથી. સ્વસંપત્તિ પાસે શુભાશુભ ભાવ અને તેના ફળ આપત્તિરૂપ છે. ત્રણલોકના ઈન્દ્રની સંપદા પણ અનુભવ પાસે આપદા જેવી લાગે છે. તો બે પાંચ લાખ રૂપિયા થાય અને મકાન રીપેરીંગ થઈને નવું થઈ જાય તેમાં અનુભવીને સુખ ક્યાંથી લાગે!

ધર્મી તેને કહીએ કે જે અનંત ધર્મના ધારક એવા નિજધર્મી આત્માનો અનુભવ કરે તે ધર્મી છે. જેને ધર્મી થવું છે તે ઉપમા રહિત એવા નિજપદની સેવી કરો કે જે પદ ભવભયને હરે છે અને એવું મહાન અતીન્દ્રિય પદ છે કે તેનો અનુભવ કરનારને બીજા બધાં પદ આપદારૂપ ભાસવા લાગે છે એવી એ અતીન્દ્રિય આનંદની ખાણ છે કે તેની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરતાં બીજા લૌકિક પદ તુચ્છ લાગે છે.

અજ્ઞાની પૈસામાં, આબરૂમાં, શરીર અને સંયોગોની અનુકૂળતામાં સુખ માને છે તે

www.vitragvani.com



ખરેખર દુઃખ છે. માટે, પરપદમાં સુખ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે અને સ્વપદમાં જ સુખ માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. તેને સંસારના મોટાં મોટાં પદ પણ આપદારૂપ ભાસે છે.

આવા નિજપદના અનુભવનું નામ જ નિર્જરારૂપ ધર્મ છે. ઉપવાસ કે અઠ્ઠમ આદિ કરવાથી નિર્જરારૂપ ધર્મ થતો નથી.

હવે, ૧૮મા પદ્યમાં કહે છે કે સંસાર સર્વથા અસત્ય છે.

जब जीव सोवै तब समुझै सुपन सत्य,
वहि झूठ लागै तब जागै नींद खोईकै।
जागै कहै यह मेरौ तन मेरी सौंज,
ताहू झूठ मानत मरन थिति जोइकै॥
जानै निज मरम मरन तब सुझै झूठ,
बूझै जब और अवतार रूप होइकै।
वाहू अवतारकी दसामैं फिरि यहै पेच,
याही भांति झूठौ जग देख्यौ हम टोइकै॥१८॥

ધર્મીને આખું જગત જૂઠું ભાસે છે.

અર્થ :—જ્યારે જીવ સૂવે છે ત્યારે સ્વપ્નને સત્ય માને છે, જ્યારે જાગે છે ત્યારે તે જૂઠું જણાય છે. શરીર કે ધન-સામગ્રીને પોતાની ગણે છે, પછી મૃત્યુનો ખ્યાલ કરે છે ત્યારે પણ જૂઠી માને છે, જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે મૃત્યુ પણ અસત્ય જણાય છે અને બીજો જન્મ સત્ય લાગે છે. જ્યારે બીજા જન્મનો વિચાર કરે છે ત્યારે ફરી આ જ ચક્રાવામાં પડી જાય છે—આ રીતે શોધીને જોયું તો આ જન્મ-મરણરૂપ આખો સંસાર જૂઠો જ જૂઠો જણાય છે.

જ્યારે પોતે નિદ્રામાં હોય ત્યારે જે સ્વપ્ન આવે તે સાચું લાગે છે. સુખડી ખાઉં છું, ભૂખ લાગી છે, આમ કરું છું, તેમ કરું છું–એ બધું સાચું લાગે છે પણ જ્યાં ઊંઘ ઉડે છે ત્યાં તો કાંઈ નથી ઊંઘમાં જે સાચું લાગે છે તે જ સ્વપ્ન જાગૃત થતાં જૂઠું જણાય છે–આ તો બધું ખોટુ હતું. જાગે ત્યાં શરીર મારું, પુત્ર મારાં, ઘર મારું, ધન મારું.....આમ બધી સામગ્રીમાં હુંપણું માનવા લાગે છે. સ્વપ્નમાં જે સાચું લાગતું હતું તે ખરેખર જૂઠું હતું તેમ જાગૃતિમાં સંસાર મારો લાગે છે તે ખરેખર જૂઠું છે, કોઈ સંયોગ એના નથી. જ્યાં સુધી સંયોગોની વચ્ચે ઊભો છે ત્યાં સુધી તેનાં જુદાપણાનો અજ્ઞાનીને ખ્યાલ આવતો નથી. જ્યાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મરણની તૈયારી થઈ જાય છે, સ્ત્રી, પુત્ર, ધનાદિ, કોઈ શરણ થતું નથી ત્યારે એમ થાય છે કે આ બધું જૂઠું છે. હું તો ચાલ્યો....આ કોઈ સંયોગો મારી સાથે નહિ આવે. આમાંથી નીકળીને મારે એકલાં જવું પડશે.

આમ, વિચાર કરતાં કરતાં જ્યાં પોતાના સ્વરૂપનો વિચાર કરે કે હું આત્મા તો શાશ્વત છું, મારે મરણ કેવું! હું મરતો નથી, હું તો કાયમ રહેનારો છું એમ જ્યાં સ્વરૂપનો સ્વીકાર કરે છે ત્યાં મૃત્યુ અસત્ય લાગે છે અને હું તો બીજા જન્મને ધરણ કરીશ એમ માને છે પણ બીજા અવતારનો વિચાર કરતાં ફરી એમાં મારાપણું માનીને એના એ જ ચક્રવામાં પડી જાય છે.

એક રાજાનું દ્દષ્ટાંત આવે છે કે રાજાને કોઈએ કહ્યું કે તું મરીને કૂતરીના પેટે ગલુડિયું થવાનો છો. તારા માથે ચાંડલો હશે.....રાજા કહે અરે! હું એમાં રહું!! મને તરત મારી નાંખજો એટલે મારે એવામાં રહેવું ન પડે. રાજા મરી ગયો અને કૂતરીનું બચ્ચું થયો તેને જ્યાં મારવા ગયા ત્યાં તો ભાગી ગયું. કેમ કે ત્યાં પણ તેને હુંપણું થઈ ગયું છે. જ્યાં જ્યાં અવતરે ત્યાં જીવ અહમ્ અને મમત્વ કરી લે છે પણ હું અનાદિ અનંત એક જીવ છું એનું એને ભાન નથી.

આ નિર્જરા અધિકારમાં આ વાત કેમ લખી?–કે આત્માની નિત્યતાના અનુભવ સિવાય બીજું બધું જૂઠું ભાસે છે. અખંડ અનાદિ અનંત આત્માની ખોજ થતાં સંકલ્પથી માંડીને આખી દુનિયા જૂઠી ભાસવા લાગે છે.

હવે, ૮મા શ્લોક ઉપર ૧૯મા પદ્યમાં સમ્યગ્જ્ઞાનીનું આચરણ બતાવે છે.

ધર્મી—સમ્યગ્જ્ઞાની ભલે ગૃહસ્થાશ્રમમાં હો, શ્રાવક થયા પહેલાંનો સમ્યગ્દૃષ્ટિ હો તોપણ ધર્મીને કેવા ભાવ હોય છે તે અહીં બતાવે છે.

એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી ધર્મ અર્થાત્ નિર્જરા થતી નથી. માટે જીવની નિત્યતાનો અનુભવ કર્તવ્ય છે.

આ રીતે સત્યને ખોજતાં આખું જગત જુઠું ભાસે છે.

**पंडित विवेक लहि एकताकी टेक गहि,**
**दुंदज अवस्थाकी अनेकता हरतु है।**
**मति श्रुति अवधि इत्यादि विकल्प मेटि,**
**निरविकलप ग्यान मनमैं धरतु है।।**

www.vitragvani.com



**इंद्रियजनित सुख दुःखसौं विमुख ह्वैके,**
**परमके रूप ह्वै करम निर्जरतु है।**
**सहज समाधि साधि त्यागी परकी उपाधि,**
**आतम आराधि परमातम करतु है॥१९॥**

જુઓ! આવા પંડિત એટલે સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્જરા થાય છે. ઘણાં શાસ્ત્રો ભણ્યો હોય તે પંડિત નથી. રાગના વિકલ્પો અને મતિજ્ઞાનાદિ ભેદોથી જેણે જુદો જાણ્યો છે તે પંડિત છે, તે ભેદજ્ઞાની છે, તે વિવેકી છે.

અર્થ :—સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને એક આત્માનું જ ગ્રહણ કરે છે, દેહાદિથી મમત્વના અનેક વિકલ્પો છોડી દે છે. મતિ, શ્રુત, અવધિ ઈત્યાદિ ક્ષાયોપશમિક ભાવ છોડીને નિર્વિકલ્પ કેવળજ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે છે, ઈન્દ્રિયજનિત સુખ-દુઃખમાંથી રુચિ ખસેડીને શુદ્ધ આત્મ-અનુભવ કરીને કર્મોની નિર્જરા કરે છે અને રાગ-દ્વેષ-મોહનો ત્યાગ કરીને ઉજ્જ્વલ ધ્યાનમાં લીન થઈને આત્માની આરાધના કરીને પરમાત્મા થાય છે.

**पंडित विवेक लहि**—શરીરાદિથી હું ભિન્ન છું, રાગના વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી અને જ્ઞાનના ભેદો પડે છે એટલો પણ હું નથી, હું તો અભેદ ચૈતન્ય છું–એમ ભેદજ્ઞાન કરીને ધર્મી એક આત્માને જ ગ્રહણ કરે છે, કારણ કે ધર્મીનું ધ્યેય એક આત્મા છે. **एकताकी टेक गही**–હું તો અખંડ અભેદ એક આત્મા છું. શરીર, વાણી, મન અને વિકલ્પ તો હું નહીં પણ જ્ઞાનની પર્યાયમાં અનેકતાના ભેદો પડે છે તે પણ હું નથી. હું અભેદ એક છું એમ અનુભવ કરતાં જ્ઞાની અનેક પ્રકારના વિકલ્પોને છોડી દે છે. હું એક અને રાગાદિ મારી ચીજ છે એવો દ્વંદભાવ જ્ઞાનીને રહ્યો નથી ત્યાં મકાન, દુકાન, પૈસા આદિ બીજી ચીજ તો બહુ દૂર રહી ગઈ. એ તો બધી જડ ચીજ છે તે જડ થઈને જ રહી છે તે તો જીવ નથી જ પણ વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી.

**मति, श्रुति, अवधि इत्यादि विकलप मेटि**, ધર્મી નિમિત્તનો સંબંધ તો છોડે છે, રાગનો વિકલ્પ પણ મટાડે છે અને મતિ, શ્રુત આદિ જ્ઞાનની પર્યાયના ભેદો પણ મટાડી દઈ નિર્વિકલ્પજ્ઞાનને મનમાં ધરે છે એટલે કે અનુભવે છે તેનું નામ ધર્મ છે. મંદિરમાં બેસીને ઉપવાસ કરવામાં ધર્મ નથી. ધર્મ મંદિરમાં, ઉપાશ્રયમાં કે સ્વાધ્યાયમંદિરમાં નથી. નિજવસ્તુને એકરૂપ ગ્રહણ કરીને અનુભવ કરવો તે ધર્મ છે.

**....इह विध बोध वचनिका फैली, समै पाय अध्यात्म शैली,**
**प्रगटी जगमांहि जिनवानी, घर घर नाटक कथा बखानी।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આમ, બનારસીદાસજીએ કળશટીકાની મહિમા કરી છે કે આ 'સમયસાર' નાટકની ચાલતી ભાષામાં વચનિકા કરવાથી ઘરે ઘરે સમયસારની કથા થવા લાગી—ચર્ચા થવા લાગી. 'આત્મા સત્ ચિદાનંદ છે તેના આશ્રયથી શુદ્ધિ પ્રગટ થાય, ભેદ કે રાગના આશ્રયે શુદ્ધિ પ્રગટ ન થાય'–આવી ચર્ચા આ કાળે પણ આવા શસ્ત્રોને કારણે ઘરે ઘરે થવા લાગી. આ તો ત્રણસો વર્ષ પહેલાં બનારસીદાસજી આમ લખે છે એટલે એ વખતે પણ ઘરે ઘરે આવી ચર્ચા ચાલતી હશે.

અહા! આત્મા રાગ વિનાની ચીજ છે એટલું જ નહિ ભેદને મુખ્ય કરવાથી પણ આત્મા જણાય તેવો નથી. અભેદ આત્માને પોતાની જ્ઞાનની પર્યાયમાં ધારે છે, અનુભવે છે તેને જ નિર્જરા થાય છે. બાકી કોઈ ઉપાયથી કોઈને ધર્મ કે નિર્જરા થતી નથી.

**इंद्रियजनित सुख दुःखसौं विमुख ह्वैकै।**—ઈન્દ્રિયના નિમિત્તથી પહેલાં કલ્પના કરતો હતો કે આ મને ઠીક છે અને આ અઠીક છે તેનાથી વિમુખ બનીને સ્વની સન્મુખ થઈને સમકિતી પરમરૂપ બનીને કર્મોની નિર્જરા કરે છે. બાહ્યમાં ચક્રવર્તીરાજ હોય કે ઈન્દ્રના ઈન્દ્રાસન હોય તેમાં સમકિતીને સુખની કલ્પના થતી નથી અને નરક જેવા પ્રતિકૂળ સંયોગોમાં દુઃખની કલ્પના થતી નથી. સુખ-દુઃખ બંને કલ્પનાથી તેની રુચિ હટી ગઈ છે.

સામાન્ય માણસને આજે પાંચ-દસ હજારનો વકરો થયો હોય તો સુખની કલ્પના થાય—એ તેની મૂઢતા છે. ધર્મીને નિજાનંદની પાસે બાહ્ય અનુકૂળતામાં સુખની કે પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના જ થતી નથી.

**परमके रूप ह्वै**—પોતાનું પરમ જ્ઞાનાનંદસ્વરૂપ છે તે–રૂપે પરિણતિ કરીને ધર્મી કર્મોની નિર્જરા કરે છે. પુણ્ય-પાપના વિકલ્પથી એટલે આધિથી રહિત સહજ સમાધિ એટલે શાંતિને સાધીને ધર્મી નિર્વિકલ્પ શાંતિને પીએ છે. વિકલ્પની જાળ જે ઉપાધિરૂપ છે તેને છોડી ધર્મી સ્વરૂપના સાધન વડે પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પ શાંતિને આસ્વાદે છે. શુદ્ધાત્માને સાધી, તેને આરાધી, તેમાં લીનતા કરી—એકાગ્રતા કરી પોતાના આત્માને પરમાત્મા બનાવી દે છે.

આ રીતે આત્માની આરાધનાથી પરમાત્મા થવાય છે. વ્યવહાર કે નિમિત્તની આરાધનાથી પરમાત્મા થવાતું નથી. શબ્દ કેવો વાપર્યો છે! 'आतम आराधि' ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેનું આરાધન એટલે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા વડે આત્માની સેવના કરતાં આત્મા પરમાત્મા થઈ જાય છે.

ધંધા કરવા માટે બહાર ગામ જાય, પૈસા જેમ જેમ વધારે આવતાં જાય તેમ પોતે વધારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ખુશી થાય જાણે હું વધ્યો. પૈસાના દરોડા પડે ત્યાં આહાહા......થઈ જાય પણ ભાઈ! એમાં ધૂળેય સુખ નથી, પાપ છે, પાપમાં લપેટાઈ જાય છે અને કલ્પનાથી પોતાને સુખી માને છે.

અહીં તો આત્મામાંથી પરમાત્મા થવાની વાત છે. પોતાના સ્વરૂપને ધ્યેય બનાવી, તેનું ધ્યાન કરવાથી કર્મો નિર્જરીને આત્મા પરમાત્મા થઈ જાય છે.

હવે, ૨૦મા પદ્યમાં સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા આપે છે.

ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો છે—ચૈતન્યરત્નાકર છે. તેમાં એટલાં રત્નો ભર્યાં છે કે જો અંતરદૃષ્ટિ કરીને અનુભવ કરે તો બધાં રત્નો એકસાથે અનુભવમાં આવે. ચૈતન્ય રત્નાકરમાં શુભાશુભ વિકલ્પો ભર્યાં નથી માટે ચૈતન્યને અનુભવતાં વિકલ્પોનો અનુભવ થતો નથી. મધ્યલોકમાં છેલ્લો મોટો સ્વયંભૂરમણ સમુદ્ર છે તેવો આ ભગવાન આત્મા સ્વયંભૂ ચૈતન્યરત્નાકર છે. જેમ તે સમુદ્રમાં નીચે રેતી નથી, રત્નો જ છે તેમ, આત્મામાં વિકલ્પો નથી, ગુણરત્નો જ ભર્યાં છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં મનુષ્યો નથી. મનુષ્ય હોય તો તો રત્ન લઈ આવે. દેવ ત્યાં જાય છે પણ તેને રત્નની જરૂર નથી, તિર્યંચને રત્નો કામના નથી.

આત્મા અદ્‌ભુતનિધિ ચૈતન્યરત્નાકર છે. એક વિકલ્પની પાછળ અને એક સમયની પર્યાયની પાછળ એકલો ચૈતન્યરત્નાકર અનંત ગુણમણિરત્નોથી ડોલી રહ્યો છે. અરે! આવો ચૈતન્યરત્નાકર હોવા છતાં બે બીડીમાં સંતોષાય છે! ઘરે પુત્ર જન્મે ત્યાં હરખાય છે!....તારા ચૈતન્યરત્નાકરને તો જો! તેને કેવી ઉપમા આપી છે!

## સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા

(સવૈયા એકત્રીસા)

**जाके उर अंतर निरंतर अनंत दर्व,**
**भाव भासि रहे पै सुभाव न टरतु है।**
**निर्मलसौं निर्मल सु जीवन प्रकट जाके,**
**घटमैं अघट-रस कौतुक करतु है॥**
**जागै मति-श्रुत औधि मनपयै केवल सु,**
**पंचधा तरंगनि उमंगि उछरतु है।**
**सो है ग्यान उदधि उदार महिमा अपार,**
**निराधार एकमैं अनेकता धरतु है॥२०॥**

અહા! તેની ઉદાર, અપાર મહિમાનું શું કહેવું! તેના દ્રવ્ય, ગુણની તો વાત જ શી!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેની એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય એવું છે કે તેમાં લોકાલોક પ્રતિભાસે છે. આવું તો એકપર્યાયનું સામર્થ્ય છે. તેના દ્રવ્ય-ગુણના સામર્થ્યનું શું કહેવું?

અર્થ :—જે જ્ઞાનરૂપ સમુદ્રમાં અનંતદ્રવ્ય પોતાના ગુણ-પર્યાયો સહિત હંમેશા ઝળકે છે, પણ તે એ દ્રવ્યોરૂપ થતો નથી અને પોતાના જ્ઞાયકસ્વભાવને છોડતો નથી. તે અત્યંત નિર્મળ જળરૂપ આત્મા પ્રત્યક્ષ છે જે પોતાના પૂર્ણરસમાં મોજ કરે છે. તથા જેમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારની લહેરો ઊઠે છે, જે મહાન છે, જેનો મહિમા અપરમપાર છે, જે નિજાશ્રિત છે તે જ્ઞાન એક છે. તોપણ જ્ઞેયોને જાણવાની અનેકતા સહિત છે.

જ્ઞાયકભાવમાં નિરંતર અનંત દ્રવ્યો, ગુણો અને પર્યાયો ભાસે છે પણ તે કદી પોતાનો સ્વભાવ છોડતો નથી. ચૈતન્યરત્નાકરમાં અનંતદ્રવ્યો જણાવા છતાં પોતાના સ્વભાવની અસ્તિ છે તેની કદી નાસ્તિ થતી નથી.

જ્ઞાયકસ્વભાવની અંતરદૃષ્ટિ થતાં તેમાંથી અત્યંત નિર્મળ દશાઓ ઊછળે છે તે આત્માનું સ્વરૂપ છે. જે શુભાશુભ વ્યવહાર ઊછળે છે તે આત્માનું સ્વરૂપ નથી. નિર્મળ ચૈતન્ય જેની દૃષ્ટિમાં બેઠો તેને સમયે સમયે નિર્મળતાની—શુદ્ધિની ધારા પ્રગટ થાય છે તેથી ક્ષણે ક્ષણે તેને કર્મોની નિર્જરા થાય છે.

ઘટ એવું જે આ શરીર તેમાં અઘટ નામ ઘટે નહિ એવો પૂર્ણ ચૈતન્યસ્વરૂપ આત્મા વસેલો છે. એ પૂર્ણ સ્વરૂપમાં આત્મા મોજ માણે એવું તેનું સ્વરૂપ છે. ધર્મની પ્રથમદશા-સમ્યગ્દર્શન તથા આત્મા પોતાના પૂર્ણસ્વરૂપમાં મોજ માણે છે. મારો સ્વભાવ આનંદમય છે એવું ભાન થતાં સુખસાહેબી અને શાંતિ પ્રગટ થાય છે.

કોઈને એમ લાગે કે ધર્મીને કેટલાં પરિષહ, ઉપસર્ગના દુઃખ સહન કરવા પડે છે! ના ભાઈ! દુઃખ સહન કરવું પડે એવું ધર્મીનું સ્વરૂપ જ નથી. એ તો કૌતુક નામ મજા કરે છે. ચૈતન્યની નિર્મળધારાને મજાથી અનુભવે છે. આનંદનો અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે.

જેમ દરિયામાં તરંગ ઊઠે છે તેમ, સમ્યગ્જ્ઞાનરૂપી સમુદ્રમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાનના તરંગ ઊઠે છે તેની ઉદાર મહિમા અપાર છે. વળી તેને કોઈ પરદ્રવ્યનો આધાર નથી–એવો એ નિરાધાર ચૈતન્યરત્નાકર છે. તે વસ્તુએ 'એક' હોવા છતાં પર્યાયદૃષ્ટિએ અનેકપણે પરિણમે છે. અનેક જ્ઞેયોને જાણતાં કોઈ જ્ઞેયરૂપે પરિણમતો નથી.

*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સાચી નિર્જરાનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૭૫)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે. તેમાં, ધર્મ કેમ થાય અને ધર્મ થતાં અશુદ્ધતા અને કર્મ કેમ ગળે તેની વાત ચાલે છે. ૨૦મા પદ્યનો ભાવાર્થ લેવાનો છે.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, શુભાશુભભાવ થાય છે તે કાંઈ આત્માના સ્વરૂપમાં નથી, દેહાદિ તો પરદ્રવ્ય છે, તેથી તે કોઈ સ્વભાવને મદદગાર નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે પણ આત્માને 'નિર્જરા'ના કાર્યમાં મદદ કરતાં નથી. નિર્જરા તો જ્ઞાનાનંદસ્વરૂપમાં એકત્વ અને એકાગ્રતા કરતાં જ થાય છે. અંતરમાં એકાગ્રતાથી શુદ્ધતા પ્રગટ થાય છે. તેનાથી અશુદ્ધતાની અને કર્મોની નિર્જરા થાય છે.

આત્મા આનંદનો દરિયો છે એટલે અહીં તેને સમુદ્રની ઉપમા આપી છે. (૧) સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે. (૨) સમુદ્ર રત્નાદિરૂપ થઈ જતો નથી, જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી. (૩) સમુદ્રનું જળ નિર્મળ રહે છે, જ્ઞાન પણ નિર્મળ રહે છે. (૪) સમુદ્ર પરિપૂર્ણ રહે છે, જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે. (૫) સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે, જ્ઞાનમાં પણ મતિ, શ્રુત આદિ તરંગો ઉત્પન્ન થાય છે. (૬) સમુદ્ર મહાન હોય છે, જ્ઞાન પણ મહાન હોય છે.(૭) સમુદ્ર અપાર છે, જ્ઞાન પણ અપાર છે. (૮) સમુદ્રનું જળ નિજાધારે રહે છે, જ્ઞાન પણ નિજાધારે રહે છે. (૯) સમુદ્ર પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક અને તરંગોની અપેક્ષાએ અનેક હોય છે, જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક અને જ્ઞેયોને જાણવાની અપેક્ષાએ અનેક હોય છે.

શુભાશુભરાગની પાછળ આખો આ ચૈતન્યદરિયો છે પણ તેણે કદી નજર કરી નથી. આ ચૈતન્યદરિયાનું જે જ્ઞાન કરે અને તેનું વેદન કરે તે જીવને નિર્જરા થાય છે. એકલા ઉપવાસ કરવાથી નિર્જરા થાય તેમ નથી. એ આગળ ૨૧મા પદ્યમાં આવશે.

સમુદ્રમાં જેમ અનંત રત્ન છે તેમ, જ્ઞાનસમુદ્રમાં અનંતપદાર્થો જાણવામાં આવે છે તેને રત્નની ઉપમા છે પણ જેમ, સમુદ્ર રત્નરૂપ થઈ જતો નથી તેમ, જ્ઞાન તે જણાવાયોગ્ય પદાર્થોરૂપ થઈ જતો નથી. ભગવાન આત્મા શરીર અને રાગાદિને જાણે છતાં શરીર કે રાગાદિરૂપ થતો નથી, એ તો ચૈતન્યસમુદ્ર ચૈતન્યપણે જ રહે છે. આવા ચૈતન્યને જે ઓળખે તેને ધર્માત્મા કહેવામાં આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મધ્યલોકમાં દ્વીપ અને સમુદ્ર છે તેમાં જે છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે તેમાં નીચે રેતી નથી પણ રત્નો જ છે. પણ ત્યાં કોઈ મનુષ્ય નથી અને મનુષ્ય ત્યાં જઈ શકતા નથી તેથી રત્નોને કોઈ લેતું નથી.

આત્મા કોઈનું કાર્ય કરે કે આત્માનું કાર્ય કોઈ કરે એવો આત્મામાં ગુણ જ નથી. 'જાણવું' એ આત્માનું કાર્ય છે તેને આત્મા કહે છે.

શ્રોતા :—ગુરુને તો કરુણા હોય એટલે ગુરુ તો શિષ્યનું કાર્ય કરી આપે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ગુરુ તો ન કરે પણ ગુરુના દેવ પણ કોઈનું કાર્ય ન કરી આપે. અહીં તો એ કહેવું છે કે એકમાત્ર દ્રવ્યના આશ્રયથી જ કલ્યાણ થાય છે, દ્રવ્યના આશ્રય વગર પર્યાયમાં કલ્યાણ થઈ જતું નથી. વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. દેવ, ગુરુ પણ પર છે તેનાં આશ્રયે કલ્યાણ થતું નથી.

જેમ, સમુદ્ર રત્નરૂપ ન થાય તેમ, જ્ઞાન જ્ઞેયરૂપ ન થાય. જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે તેથી જ્ઞાનમાં આ શરીર છે, પૈસા છે, વાણી છે, આ કર્મ છે એમ જાણવામાં આવે–એ રીતે અનંત જ્ઞેયો જાણવામાં આવે પણ કોઈ જ્ઞેયરૂપે જ્ઞાન થાય નહિ. આવા જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરે છે તેને ખરેખર 'આત્મા' કહેવાય.

સમુદ્ર જેમ નિર્મળ છે તેમ, જ્ઞાન પણ નિર્મળ છે. અનંત જ્ઞેયોને જાણવાથી જ્ઞાનમાં મેલ આવી જતો નથી. જ્ઞાન તો નિર્મળ-નિર્મળ જ છે. જ્ઞાનસ્વભાવ સદાય પરિપૂર્ણ છે. ભલે પર્યાયમાં અપૂર્ણતા હો પણ સ્વભાવ પૂર્ણ છે. ચૈતન્યસ્વરૂપ અખંડ, અભેદ અને પરિપૂર્ણ છે.

સમુદ્રમાં જેમ લહેર ઊઠે છે તેમ જ્ઞાનમાં મતિ, શ્રુતાદિના તરંગ ઊઠે છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં મતિ આદિની તરંગ ઊઠે છે. રાગાદિ ઊઠે છે તે આત્મામાં નથી.

સમુદ્ર અપાર છે તેમ જ્ઞાન પણ અપાર છે. જ્ઞાનનું ક્ષેત્ર ભલે નાનું છે તો પણ તે અનંત—અપાર ક્ષેત્રને જાણી લે છે. અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ભાવોને તો જાણે પણ તેનાથી અનંતગુણા હોય તોપણ જ્ઞાન જાણી લે એવી જ્ઞાનની શક્તિ અપાર છે. તેની મહિમા અપાર છે.

સમુદ્રનું જળ નિજાધારે છે તેમ, જ્ઞાન પણ નિજાધારે છે. લવણસમુદ્રની મધ્યમાં પાણી દસ દસ હજાર જોજન જેટલું ઊંચે ચડેલું છે. તેને કોઈએ ચડાવ્યું નથી. અનાદિથી એવી દેગડી ચડેલી છે તેને કોઈના આધારની જરૂર નથી. તેમ ચૈતન્યભગવાન અનંતજ્ઞાને ઊછળે તેને કોઈની અપેક્ષા નથી. કોઈના આધારની જરૂર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમ સમુદ્ર તરંગની અપેક્ષાએ અનેક છે અને સ્વરૂપની અપેક્ષાએ એક છે તેમ, ચૈતન્ય પોતાના ધ્રુવભાવની અપેક્ષાએ એક છે અને મતિ, શ્રુત આદિ પર્યાયોની અપેક્ષાએ અનેક છે, અનેક જ્ઞેયોને જાણનારો છે.

આવા મહિમાવંત જ્ઞાનસ્વભાવના ભાન વિના જેટલી ક્રિયા કરે તે બધી રણમાં પોક મૂકવા સમાન છે. અણુવ્રત, મહાવ્રત કરીને સૂકાઈ જાય તોપણ તેને ધર્મ ન થાય. આ જ વાત ૧૦મા કળશમાં ૨૧મા પદમાં કહે છે.

## જ્ઞાનરહિત ક્રિયાથી મોક્ષ થતો નથી

केई क्रूर कष्ट सहैं तपसौं सरीर दहैं,
धूम्रपान करैं अधोमुख ह्वैकै झूले हैं।
केई महाव्रत गहैं क्रियामैं मगन रहैं,
वहैं मुनिभार पै पयारकैसे पूले हैं।
इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि,
फिरैं जगमांहि ज्यौं वयारिके बघूले हैं।
जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौ निरवान,
करमके करतार भरममैं भूले हैं॥२१॥

અર્થ :—અનેક મૂર્ખ કાયક્લેશ કરે છે, પંચાગ્નિતપ આદિથી શરીરને બાળે છે, ગાંજો ચરસ વગેરે પીવે છે, નીચે મસ્તક અને ઉપર પગ રાખી લટકે છે, મહાવ્રતનું ગ્રહણ કરીને તપાચરણમાં લીન રહે છે, પરિષહ આદિનું કષ્ટ ઉઠાવે છે. પરંતુ જ્ઞાન વિના તેમની આ બધી ક્રિયા કણ વિનાના ઘાસના પૂળા જેવી નિસ્સાર છે. આવા જીવોને કદી મોક્ષ મળી શકતો નથી, તેઓ પવનના વંટોળિયાની જેમ સંસારમાં ભટકે છે–ક્યાય ઠેકાણું પામતાં નથી. જેમના હૃદયમાં સમ્યગ્જ્ઞાન છે, તેમને જ મોક્ષ છે. જ્ઞાનશૂન્ય ક્રિયા કરે છે તેઓ ભ્રમમાં ભૂલેલાં છે.

અનેક જીવો કાયક્લેશથી ધર્મ થવો માનીને કાયાને કૃશ કરી નાંખે છે, અનેક પ્રકારના કષ્ટ સહન કરે છે, મહાવ્રત પાળે છે અને તેની ક્રિયામાં જ મગ્ન રહે છે, અંતર ભાવલિંગ વિના મુનિપણાનો ભાર વહે છે પણ તેને બિલકુલ ધર્મ થતો નથી. અરે કાંઈક લાભ તો થાય ને! ના. જરાય લાભ ન થાય. રાગની ક્રિયાથી આત્માને લાભ ક્યાંથી થાય! આત્માના ભાન વિના–આત્માના વેદન વિના ક્રિયાકાંડમાં રંગાઈ ગયા છે તે જીવો વંટોળિયાના તરણાંની જેમ, જગતમાં આમથી તેમ ફર્યા કરે છે. —ચોરાસીના અવતારમાં રખડે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આકરું કામ છે ભાઈ! બાહ્ય ક્રિયાથી ધર્મ ન થાય. જ્ઞાનમાં જ્ઞાનની ક્રિયા અંતરમાં થાય તે મોક્ષનું કારણ છે. બાકી, બાવાલોકો પંચાગ્નિ તપે, ઊંધા માથે લટકે, ગાંજો, ચરસ આદિ પીએ તેનાથી ધર્મ ન થાય. શરીરની ક્રિયા તો જડ છે તેનાથી આત્માનો ધર્મ ન થાય અને રાગની ક્રિયા અંદરમાં વિકલ્પરૂપે ઊઠે કે દયા પાળું, વ્રત પાળું, ઉપવાસ કરું એવી રાગની ક્રિયા પણ વિકાર છે તેનાથી આત્માનો ધર્મ ન થાય. વિકલ્પ વિનાના ચૈતન્યતત્ત્વનું ભાન કરીને, આત્માનું વેદન કરે તે ધર્મ અને મોક્ષનું કારણ છે.

**वहैं मुनिभार**—આમ ચાલવું, આમ ભોજન લેવું, અમુક ક્રિયા કરવી, અમુક ન કરવી, પરિષહ સહન કરવા, ઉપવાસમાં પાણીનું એક બિંદુ પણ ન લેવું એવું બધું 'હું મુનિ છું' એમ માનીને નિયમરૂપે કરે પણ તે બધો કષાયભાવ છે–રાગભાવ છે. રાગ રહિત જ્ઞાનાનંદસ્વરૂપના ભાન વિના એ બધાં ભાવ નિરર્થક છે. કણ વિના ફોતરાં ખાંડવા સમાન છે, કારણ કે રાગરહિત જ્ઞાનસમુદ્ર ભગવાન આત્માની દૃષ્ટિ તો નથી તો તેને જરાય મુક્તિ નથી. પવનમાં ઉડતાં રજકણની જેમ સંસારમાં ભટકે છે–ક્યાંય ઠેકાણું પામતાં નથી.

જેમ, ચોખાની ઉપર કઠણ ફોતરું હોય અને નીચે લાલ રંગ હોય તે ચોખા નથી. તેમ શરીર છે તે ફોતરાં સમાન છે અને દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ થાય તે લાલ રંગ સમાન છે તેની અંદર રહેલાં રસકસથી ભરેલાં ઉજ્જ્વળ ચોખાની જેમ, ચિદાનંદ નિર્મળનાથનું જ્ઞાન અને તેનો અનુભવ કરવો તે ધર્મ છે. તેને જ નિર્જરા કહેવામાં આવે છે.

**जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौ निरवान**–અંતરમાં જ્ઞાન, આનંદની મૂર્તિ ભગવાન આત્માનું જ્ઞાન છે તેને નિર્વાણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન વિના ક્રિયા કરનારાં તો ભ્રમમાં ભૂલેલાં છે. અજ્ઞાનથી ભૂલ્યાં છે. દ્રવ્યસંયમ લઈને જીવ ઘણીવાર ગ્રૈવેયકમાં જઈ આવ્યો પણ ત્યાંથી ફરી ચારગતિમાં જ પટકાયો, મોક્ષ ન પામ્યો. વિકલ્પમાત્ર બંધન છે, ઝેર છે, દોષ છે. તેનાથી રહિત અંતરમાં અતીન્દ્રિય આનંદના સાગરની દૃષ્ટિ અને જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ગુણોની શક્તિને વ્યક્ત કરવી તેનું નામ નિર્જરા છે.

'જ્ઞાન' એટલે તત્ત્વજ્ઞાનની વાતો કરવી તે જ્ઞાન નથી. અંતરમાં જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાનમાં વેદન કરવું, રાગ અને મનનો સંબંધ છૂટીને જ્ઞાન જ્ઞાનને વેદે–સ્વસંવેદન પ્રત્યક્ષ કરે–અનુભવે તેનું નામ જ્ઞાન છે. આવા જ્ઞાન વિના જીવો ભ્રમણામાં ભૂલેલાં, ચારગતિમાં રખડે છે.

હવે બનારસીદાસજી 'વ્યવહાર લીનતાનું પરિણામ' પદ્યમાં કહે છે.

**लीन भयौ विवहारमैं, उकति न उपजै कोइ।**
**दीन भयौ प्रभुपद जपै, मुकति कहासौं होइ?॥२२॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—જે ક્રિયામાં લીન છે, ભેદવિજ્ઞાન રહિત છે અને દીન થઈને ભગવાનના ચરણોમાં જાપ કરે છે અને એનાથી જ મોક્ષની ઈચ્છા રાખે છે તે આત્માનુભવ વિના મોક્ષ કેવી કીતે મેળવી શકે?

આ ખાવું, આ ન ખાવું, આટલા ઉપવાસ કરવા, અહિંસા પાળવી, સત્ય બોલવું એ તો બધી વિકલ્પની ક્રિયા છે, તેમાં તો લીન છે પણ ઉક્તિ એટલે ભેદવિજ્ઞાન નથી–આત્મા વિકલ્પથી જુદી ચીજ છે એવું એને ભાન નથી તે ધર્મમાં ભૂલેલાં છે. બે રીતે ભૂલમાં છે. વિકલ્પથી ભિન્નતાનું ભાન તો નથી અને વિકલ્પમાં જ લીન થઈ રહ્યાં છે. આ ભૂલ આજકાલની નથી, અનંતકાળથી ભૂલેલો છે. અનંતવાર દિગંબર જૈન મુનિ થઈને નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ વિકલ્પની ક્રિયાને પોતાની માનીને જ રહ્યો માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

જે વિકલ્પની ક્રિયાથી ભિન્ન છે તે સમ્યગ્દૃષ્ટિ છે, ધર્મી છે. તે વ્યવહારથી મુક્ત છે. જ્યારે અજ્ઞાની વિકલ્પની ક્રિયારૂપ વ્યવહારમાં જ લીન છે. તેથી ચારગતિમાં રખડે છે. નાનપણમાં દુકાનમાં બેઠાં બેઠાં આ 'દ્રવ્યસંયમસે ગ્રૈવેઈક પાયો, ફેર પીછો પટક્યો' ની પંક્તિ સજ્જાયમાળામાં વાંચતો ત્યારે જ ખ્યાલ આવતો કે આ શું? રાગની ક્રિયા મારી છે એવી માન્યતારૂપ મિથ્યાત્વ પડ્યું છે ત્યાં સુધી ઉગરવાનો ઉપાય નથી. સ્વર્ગમાં, ગ્રૈવેઈકમાં અનેકવાર જાય તોપણ શું? સંસાર તો ઊભો જ રહ્યો. છઢાળામાં આવી ગાથા આવે છે કે—

"મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો."

શ્રોતા :—ગ્રૈવેઈકમાં અનુકૂલતા તો મળી ને!—ધૂળેય અનુકૂળતા આત્માને મળી નથી. ત્યાં ઊંચી ધૂળ હતી ત્યાંથી પટકાઈને મનુષ્ય, તિર્યંચ થઈને નિગોદમાં ચાલ્યો ગયો.

બાપુ! આત્મતત્ત્વ કોઈ જુદું તત્ત્વ છે. શુભાશુભ વિકલ્પ તો આસ્રવ અને બંધતત્ત્વ છે. આત્મતત્ત્વને બદલે તું ક્યાં તત્ત્વમાં મોહાયો!

૭૨ની સાલમાં ફાગણ સુદ તેરસના દિવસે પાળિયાદમાં આ ચર્ચા બહુ ચાલી હતી, કેમ કે મૂળચંદજી વારંવાર બોલ્યા કરતાં હતાં કે "ભગવાને દીઠું હોય તેમ થાય, આપણે કાંઈ પુરુષાર્થ ન કરી શકીએ." આવી પુરુષાર્થહીન વાત સાંભળીને કીધું, આવી વાત ક્યાંથી લાવ્યાં છો? ભગવાનની વાણીમાં આવા વાક્ય ન હોય, કેવળીએ દીઠું એમ જે માને તેને તો સમ્યગ્દર્શન થાય. એને ભવ ન હોય....પછી તો હું ઊઠી ગયો એટલે હીરાચંદજી મહારાજે કહ્યું, ભાઈ! આ કાંઈ મોટી ભૂલ નથી. ત્યારે કીધું હતું કે જીવ નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો તોપણ આ ભૂલ રહી ગઈ છે. તે દિવસે આ વાત કહી હતી. (મિથ્યાત્વની ભૂલ કાંઈ નાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી.) આ વાત મને સાંભળવી પાલવે નહિ, આ સંપ્રદાય પાલવે નહિ, આ વાત પાલવે નહિ. ભગવાન જેના જ્ઞાનમાં બેઠાં એને ભવ જ ન હોય.

એક માણસે જયપુરમાં પ્રશ્ન કર્યો હતો–મહારાજ! ક્રમબદ્ધનો ખુલાસો કરો. 'જે પર્યાય જે સમયે જ્યાં જેવી થવાની હોય તે થાય'–તેનો અર્થ શું થાય? કીધું સાંભળો, ક્રમબદ્ધ એટલે કે જેને ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપનું અંતરમાં ભાન થયું તેને રાગનું અને પરનું કર્તાપણું મારામાં નથી એવું અકર્તાપણાનું ભાન થયું તે જીવ પર્યાય જે કાળે જ્યાં થાય તેને જાણે પણ કર્તા ન થાય–એ ક્રમબદ્ધનું તાત્પર્ય છે.

આમ, "જ્ઞાતા થવું" એ ક્રમબદ્ધનું તાત્પર્ય છે. રાગથી અને નિમિત્તથી પાર મારી ચીજ છે એમ જેને જ્ઞાયકનું ભાન થયું તે જ્ઞાતા થઈ ગયો. રાગનો કર્તા ન રહ્યો. જેની દૃષ્ટિ તો રાગ ઉપર હોય અને બોલે એમ કે થવું હોય તેમ થશે તેની દૃષ્ટિ અને જ્ઞાન સાચું નથી. ક્રમબદ્ધનો વિષય નવો છે અને ઝીણો છે એટલે સમજવો કઠણ પડે.

અહીં કહે છે અહો! ભગવાન આત્મા જ્ઞાનનો સાગર, આનંદનો સાગર છે તેની દૃષ્ટિ નહિ કરતાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં જ ધર્મબુદ્ધિથી લીન છે તે મૂરખ ભેદવિજ્ઞાનથી રહિત છે. તેને સમ્યગ્દર્શન નથી. રાગમાં લીન છે તેને રાગથી ભિન્નતાનું ભાન જ નથી. તે તો પ્રભુ પાસે દીનતા કરે છે કે હે પ્રભુ! મને તારજો. આવી દીનતા કરે છે તે મૂઢ છે. ભગવાન....ભગવાનનો જાપ કરે તોપણ ભગવાન તેને તારી ન દે. જાપ કરવો એ તો રાગ છે તેનાથી આત્મા કેવી રીતે તરે! જાપ આદિ બધાં શુભરાગ પુણ્યબંધના કારણ છે, ધર્મ નથી.

પોતે પ્રભુશક્તિ ધારીને બેઠો છે તેનું તેને ભાન નથી અને એકાંતે પોતાને પામર માનીને ભગવાનનો જાપ કરે છે તે મૂરખ ચારગતિમાં રખડવાના છે. તેને **मुक्ति कहासौं से होय**? કવિએ ઉક્તિ અને મુક્તિનો મેળ કર્યો છે. અખંડાનંદ ધ્રુવનિજપદનાં ભાન વિના, રાગની ક્રિયાથી ભિન્ન પોતાના સ્વરૂપના ભાન વિનાના જીવો દીન થઈને પ્રભુના ચરણને પૂજે કે હે નાથ! મને તારજો હો. તો પ્રભુ તેને તારી દે? ભગવાન તો પરદ્રવ્ય છે તે ભક્તને કેવી રીતે તારે! ભક્ત પોતે તરે ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય.

પર્યાયમાં રાંકો (પામર) હોવા છતાં દ્રવ્યસ્વભાવે ત્રિકાળે જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે તેની પ્રતીત અને ભજન નથી તેને કોણ તારે!

૧૮ વર્ષની ઉંમરમાં એક અર્જિકા થઈ ગયેલ તે અર્જિકા અમારી પાસે આવ્યા હતા કે આપના ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. આજે જ મને ખબર પડી કે મારી ચીજ શું છે!

www.vitragvani.com



ભગવાનપણાના ભાન વિના દયા કરો....દયા કરોના પોકાર કરે છે એ તો મૂઢ છે.

શ્રોતા :—ભક્ત તો ભગવાન પાસે એમ જ કહે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો કથનની શૈલી એવી હોય છે. બાકી, પોતાને દીન માને એ તો મૂઢ છે. ત્રણલોકનો નાથ ચિદાનંદપ્રભુ એક સમયની પર્યાય જેવડો નથી છતાં પોતાને પર્યાયમાત્ર માનીને હીન માનવો તે મિથ્યાત્વ છે.

વળી બીજુ એવું જ પદ્ય બનારસીદાસજી લખે છે–

प्रभु सुमरौ पूजौ पढौ, करौ विविध विवहार।
मोख सरूपी आतमा, ग्यानगम्य निरधार॥२३॥

અર્થ :—ભગવાનનું સ્મરણ કરવાથી, પૂજા-સ્તુતિ કરવાથી અથવા અનેક પ્રકારનું ચારિત્ર ગ્રહણ કરવાથી કાંઈ થઈ શકતું નથી, કેમ કે મોક્ષસ્વરૂપ આત્મા અનુભવ-જ્ઞાનગોચર છે.

ભગવાનનું સ્મરણ, પૂજા, ભક્તિ આદિ અનેક પ્રકારના શુભ વિકલ્પ આવે, કેમ કે હજુ પૂર્ણદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી એવા વિકલ્પ તો આવે પણ તે મુક્તિના કારણ ન થાય એમ ધર્મી તો જાણે છે પણ અજ્ઞાનીને અંદરમાં એમ શલ્ય રહી જાય છે કે ભગવાનના સ્મરણ આદિ વગર હું ભગવાન કેમ થઈ શકું! એને ખબર નથી કે સ્વયં મોક્ષસ્વરૂપી આત્મા અંતરમાં જ્ઞાનમાં જ ગમ્ય થાય તેવો છે. કોઈ ક્રિયાથી તેની પ્રાપ્તિ થાય તેમ નથી. મોક્ષસ્વરૂપી આત્મા અનુભવજ્ઞાનમાં જ ગોચર થાય તેમ છે તે નક્કી કરવા બનારસીદાસજી ૨૪મા પદ્યમાં દાખલા આપે છે.

## જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી

काज विना न करै जिय उद्यम,
लाज विना रन मांहि न जूझै।
डील विना न सधै परमारथ,
सील विना सतसौं न अरूझै॥
नेम विना न लहै निहचै पद,
प्रेम विना रस रीति न बूझै।
ध्यान विना न थंभै मनकी गति,
ग्यान विना सिव पंथ न सूझै॥२८॥

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—પ્રયોજન વિના જીવ ઉદ્યમ કરતો નથી, સ્વાભિમાન વિના સંગ્રામમાં લડતો નથી, શરીર વિના મોક્ષ સાધતો નથી, શીલ ધારણ કર્યા વિના સત્યનો મેળાપ થતો નથી, સંયમ વિના મોક્ષપદ મળતું નથી, પ્રેમ વિના રસની રીત જાણી શકાતી નથી, ધ્યાન વિના ચિત્ત સ્થિર થતું નથી અને જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી.

**काज विना**—પૈસાના પ્રયોજન વિના કોઈ ધંધો કરતું નથી. એ જ રીતે કાંઈપણ પ્રયોજનથી જ માણસ કાર્ય કરે છે. પ્રયોજન વિના ઉદ્યમ કોઈ કરતું નથી. **लाज विना**—રાજા થઈને લડવા ન જાય તો નાક કપાય તેથી સ્વાભિમાન ખાતર ૨૫ વર્ષનો નવપરિણત યુવાન રાજા પણ લડવા જાય–'અમે રજપૂત છીએ, પ્રાણ જાય તોપણ પાછા ન ફરીયે.'

**डील विना न सधै परमारथ**—મનુષ્યભવ વિના મુક્તિ ન હોય. મનુષ્યભવથી મુક્તિ થતી નથી પણ તિર્યંચ, નારક કે દેવભવમાંથી મુક્તિ ન થાય. મનુષ્યભવમાંથી જ મુક્તિ થાય એમ સિદ્ધ કરવું છે. 'જ્ઞાન વિના શિવપંથ ન સૂઝે' તે વાતને સિદ્ધ કરવા આ દૃષ્ટાંત આપ્યા છે. મનુષ્યભવ વિના મુક્તિ થઈ શકતી નથી.

**सील विना**—બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મામાં આચરણરૂપ અંતરના શીલ વિના સત્યસ્વરૂપનો મેળાપ થતો નથી. ભોપાલમાં હમણાં એક ૨૫ વર્ષના જુવાન છોકરાએ આજીવન બ્રહ્મચર્ય લીધું. એંજીનીયર છે, સારો પગાર છે અને તત્ત્વનું જાણપણું પણ છે, હોશિયાર છે. કહે છે–'મારગ તો આ છે, બાકી તો બધું અનંતવાર કરીને મરી ગયા.'- છ ભાઈઓ છે, ચાર પરણેલાં છે, આણે બ્રહ્મચર્ય લીધું તેથી પિતાજી તો રાજી છે પણ માતા જરાં રડે છે એમ કહેતો હતો. અરે, આ તો નિવૃત્તિ લીધી, એટલી પ્રવૃત્તિથી છૂટ્યો, એમાં રોવા જેવું શું છે? આ એક શુભરાગ છે, ધર્મ નથી. અંતરમાં અતીન્દ્રિય આનંદરૂપ શુદ્ધભાવના શીલ વિના સત્યનો મેળાપ થતો નથી.

**नेम विना न लहै निहचै पद**–સ્વરૂપનું સમ્યક્ દર્શન અને જ્ઞાન થવા છતાં સ્વરૂપના ચારિત્ર વિના કદી મુક્તિ મળતી નથી. ચારિત્ર અર્થાત્ સંયમ એટલે સ્વરૂપમાં રમણતા, સ્વરૂપમાં આનંદની રમણતા વિના માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનથી મુક્તિ થતી નથી અને આત્મામાં પ્રેમ વિના અતીન્દ્રિય આનંદનો રસ આવતો નથી અને તેમાં એકાગ્રતા થઈ શકતી નથી. શુભાશુભરાગનો રસ છૂટીને આનંદનો રસ આવ્યા વિના અંતરમાં એકાગ્રતા થઈ શકતી નથી. 'હું પરમાત્મા છું' એવો પ્રેમ થાય તેને જ આનંદનો રસ આવે.

**ध्यान विना न थंभै मनकी गति**–અંતરમાં સ્થિરતારૂપ ધ્યાન વિના મનની ચંચળતાને રોકી શકાતી નથી. ભગવાન સર્વજ્ઞદેવે જે આતમા કહ્યો તેના ધ્યાન વિના મન સ્થિર થતું નથી. અજ્ઞાની કહે છે તેવા ધ્યાનની આ વાત નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ બધાં દૃષ્ટાંત કહીને આ સિદ્ધ કરવું છે કે **ग्यान विना सिवपंथ न सूझै।** રાગથી ભિન્ન ભગવાન આત્મસ્વરૂપના ભાન વિના મોક્ષનો માર્ગ સૂઝતો નથી. શાસ્ત્રના જાણપણા થઈ જાય તે જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન–અતીન્દ્રિય આનંદ સહિત આત્માનું જ્ઞાન–રાગથી ભિન્ન ભગવાન આત્માના જ્ઞાન વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પંથની સૂઝ પડતી નથી.

દૃષ્ટાંત આપીને કેટલું સ્પષ્ટ કર્યું છે. તું પોતે જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છો એવા જ્ઞાનનું અનુભવીજ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન વિના મોક્ષપંથ હાથ આવતો નથી. સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્દર્શનની ખબર ન પડે, સમ્યગ્જ્ઞાન વિના જ્ઞાનની ખબર ન પડે, સમ્યગ્જ્ઞાન વિના આત્માની ખબર ન પડે અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રની પણ ખબર ન પડે. આવા જ્ઞાન વિના નિર્જરા ન થાય એમ સિદ્ધ કર્યું છે. જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયા કરે તેનાથી નિર્જરા કે ધર્મ ન થાય એમ સિદ્ધ કર્યું છે. માત્ર પુણ્ય કરીને દેવ કે શેઠનો ભવ કરીને નીચે ચાલ્યાં જાય, એ રખડતાં રામ રહે પણ આતમરામ ન થાય.

આ નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે કર્મોનું ટળવું. આવી નિર્જરા કોને થાય? કે રાગ, કર્મ અને શરીર રહિત આત્માનું જ્ઞાન કરે, આત્માની શ્રદ્ધા કરે અને આત્મામાં સ્થિર થાય એટલે કર્મ ગળે. તે સિવાય ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ નિર્જરા ન થાય.

આમાં સાર તો એટલો કહેવો છે કે જેટલો વિકલ્પ છે–વ્યવહાર છે તે બધો બંધનું કારણ છે. વિકલ્પથી રહિત ભગવાન આત્માનો આશ્રય લઈને જેટલી જ્ઞાન, આનંદ, શાંતિની શુદ્ધતા પ્રગટ થાય એટલો જ ધર્મ છે અને એટલી જ નિર્જરા છે. તે સિવાય માત્ર બાહ્ય ક્રિયાકાંડથી નિર્જરા થવાનું માને છે તે પોતાના મિથ્યાત્વને પુષ્ટ કરે છે. આનંદમૂર્તિ આત્માની સમીપ વાસ કરવો તે ઉપવાસ છે અને તેનાથી નિર્જરા થાય છે. આત્માની સમીપતા વિના તો બધી લાંઘણ છે–ઉપવાસ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન વિનાના ઉપવાસ–લાંઘણ મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે. અહિંસા પાળે, સત્ય બોલે તેનાથી પુણ્યબંધ થાય પણ મિથ્યાત્વ ગયા વિના અને સમકિત થયા વિના વ્રતાદિ આત્માને લાભરૂપ થતાં નથી.

* * *

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીની અટપટી દશા

(સળંગ પ્રવચન નં. ૭૬)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે.

જ્ઞાનીની પરિણતિ એવી છે કે ઇન્દ્રિયોના વિષયો ભોગવતો હોય છતાં કર્મની ઝટાઝટી છે–જ્ઞાનીને કર્મ ખરતું જાય છે. અતીન્દ્રિય જ્ઞાનના આનંદની જાગૃતિ થઈ ગઈ છે તેની પાસે જ્ઞાનીને બધી ક્રિયાઓ પરપણે જણાય છે. તે પોતાના જ્ઞાનની સ્વાવલંબીદશાનું પરિણામ છે. જ્ઞાની બોલે છતાં મૌન છે, ચાલે છતાં સ્થિર છે અને વિષયની વાસના હોય છતાં શાંતિ અને સમાધિ વર્તે છે.

આવા 'જ્ઞાનની મહિમા'નું ૨૫મું પદ્ય કહે છે.

ग्यान उदै जिन्हके घट अंतर,
जोति जगी मति होत न मैली।
बाहिज दिष्टि मिटी जिन्हके हिय,
आतमध्यान कला विधि फैली॥
जे जड़ चेतन भिन्न लखैं,
सुविवेक लियैं परखैं गुन–थैली।
ते जगमैं परमारथ जानि,
गहैं रुचि मानि अध्यातम सैली॥२५॥

આ નિર્જરા અધિકાર છે ને! જ્ઞાનકળાની મહિમા બતાવે છે. સમ્યગ્જ્ઞાનની દશા જાગૃત થઈ છે એટલે કે સ્વસન્મુખતાથી સ્વસત્તાવલંબી જ્ઞાન પ્રગટ થયું છે તેની મહિમા છે. પરલક્ષી શાસ્ત્રજ્ઞાનની મહિમા નથી.

અર્થ :–જેમના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે. જેમની આત્મજ્યોતિ જાગૃત થઈ છે અને બુદ્ધિ નિર્મળ રહે છે, જેમને શરીર આદિમાંથી આત્મબુદ્ધિ ખસી ગઈ છે, જે આત્મધ્યાનમાં નિપુણ છે, તેઓ જડ અને ચૈતન્યના ગુણોની પરીક્ષા કરીને તેમને જુદા જુદા માને છે અને મોક્ષમાર્ગને સારી રીતે સમજીને રુચિપૂર્વક આત્મઅનુભવ કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ग्यान उदै....मति होत न मैली। જે સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે તેમાં વિકલ્પથી માંડીને બધાં પરિગ્રહનો અભાવ છે તેથી તેની મતિમાં મેલપ આવતી નથી.

बाहिज दिष्टि मिटी....વિકલ્પથી માંડીને એક સમયની અવસ્થાની દૃષ્ટિ પણ જેને રહી નથી અને આત્મામાં જ એકાગ્રતારૂપ ધ્યાનની કળા જાગૃત થઈ છે. અંતરદૃષ્ટિમાં જ એકાગ્રતાની કળા ખીલે છે.

जे जड चेतन भिन्न लखैं....હું જ્ઞાયકસ્વરૂપ છું અને વિકલ્પથી માંડીને કર્મ, શરીર આદિ બધું જડ-અચેતન છે એમ સ્વ-પરને ભિન્ન જાણે છે. અંતરમાં એવો સુવિવેક પ્રગટ થયો છે કે સ્વને સ્વરૂપે અને પરને પરરૂપે ભિન્ન ભિન્ન જાણે છે. ગુણોની થેલી એવા આત્માને પોતાની પરીક્ષાશક્તિથી ઓળખી કાઢે છે અને તેમાં એકાગ્ર થાય છે તેવા જીવને જ નિર્જરા થાય છે કારણ કે આવા જ્ઞાની જ મોક્ષમાર્ગને યથાર્થપણે સમજી રુચિપૂર્વક નિજ આત્માનો અનુભવ કરે છે.

હવે ૧૧મા કળશ ઉપર ૨૬મું પદ્ય કહે છે.

बहुविधि क्रिया कलेससौं, सिवपद लहै न कोइ।
ग्यानकला परकाशसौं, सहज मोखपद होई॥२६॥

અર્થ :—અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના ક્લેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં ક્લેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ઉપવાસ, અનશન, ઉણોદરી... ઈત્યાદિ મહાવ્રત અને ત્યાગના ભાવની અનેક પ્રકારની ક્રિયા તો વિકલ્પરૂપ હોવાથી ક્લેશમય છે. તેનાથી કોઈનો મોક્ષ થતો નથી. મોક્ષ તો આનંદસ્વરૂપ છે તેની પ્રાપ્તિ ક્લેશ વડે કદી થાય નહિ. અંતરમાં ચૈતન્યકળાનો પ્રકાશ થાય તેનાથી મોક્ષની પ્રાપ્તિ સહજ થાય છે. આત્મા સહજ ચૈતન્યસ્વરૂપ મૂર્તિ છે, તેમાં એકાગ્રતા કરવાથી જ સ્વાભાવિકપણે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. મોક્ષની પ્રાપ્તિ માટે કાંઈક ઉપસર્ગ કે પરિષહાદિ સહન કરે તો મોક્ષ થાય–એવું નથી. કોઈ પ્રકારના ક્લેશ વિના અંતર એકાગ્રતાથી સહજપણે મોક્ષ પ્રાપ્તિ થાય છે.

ग्यानकला घट घट बसै, जोग जुगतिके पार।
निज निज कला उदोत करि, मुकत होइ संसार॥२७॥

અર્થ :—જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દરેક શરીરમાં જુદાં જુદાં ભગવાન વસે છે. એ ભગવાનનું સ્વરૂપ જ ચૈતન્યમય છે, તે જોગ અને મુક્તિ એટલે મન-વચન-કાયાના યોગ અને યુક્તિથી પાર છે. યુક્તિ એટલે વિકલ્પથી પાર છે. આવા નિજ આત્માને હે ભવ્યો! તમે જ્ઞાનજ્યોતિ વડે પ્રગટ કરો અને સંસારથી મુક્ત થાઓ. દરેક જીવને પોત પોતાની નિજાલંબી કળાથી તેની પ્રાપ્તિ થાય છે.

તે જ્ઞાનકળા કઈ છે?–કે નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ સ્થિરતા એ બધી જ્ઞાનકળા છે. તેમાં રાગકળાનો અભાવ છે. આવી જ્ઞાનકળાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, કોઈ ક્રિયાકાંડથી થતી નથી. અખંડાનંદ નિજપ્રભુનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય તે દશા મુક્તિનું કારણ છે. બહારના લક્ષે જેટલા ક્રિયાકાંડ છે તે બધાં બંધના કારણ છે, તેનાથી મુક્તિ થતી નથી.

હવે ૧૨મા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે આત્મા તો અચિંત્ય શક્તિવાળો દેવ છે, ચિન્માત્ર ચિંતામણિ છે, તેનાથી જ સર્વ અર્થની સિદ્ધિ થાય છે માટે જ્ઞાનીને અન્ય પરિગ્રહનું શું પ્રયોજન છે?

આ કળશ ઉપર બનારસીદાસજી નીચે પ્રમાણે પદ્યમાં અનુભવની પ્રશંસા કરે છે કે—

**अनुभव चिंतामनि रतन, जाके हिय परगास।**
**सो पुनीत सिवपद लहै, दहै चतुरगतिवास॥**
**दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै।**
**नूतन बंध निरोध, पूब्बकृत कर्म विहंडै॥**
**ताके न गनु विकार, न गनु बहु भार न गनु भव।**
**जाके हिरदै मांहि, रतन चिंतामनि अनुभव॥२८॥**

અર્થ :—અનુભવરૂપ ચિંતામણિનો પ્રકાશ જેના હૃદયમાં થઈ જાય છે તે પવિત્ર આત્મા ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારનો નાશ કરીને મોક્ષપદ પામે છે. તેનું આચરણ ઈચ્છારહિત હોય છે, તે કર્મોનો સંવર અને પૂર્વકૃત કર્મોની નિર્જરા કરે છે. તે અનુભવી જીવને રાગ–દ્વેષ, પરિગ્રહનો ભાર અને ભાવી જન્મ કાંઈ ગણતરીમાં નથી અર્થાત્ અલ્પકાળમાં જ તે સિદ્ધપદ પામશે.

અનુભવની પ્રશંસા :—આત્મા નિર્વિકલ્પ વીતરાગસ્વભાવ છે તેને અનુસરીને જે દશા થાય છે તે 'અનુભવ' છે. આ અનુભવ મુક્તિનું કારણ છે. કોઈના હાથમાં દેવ-અધિષ્ઠિત ચિંતામણિરત્ન આવ્યું હોય તો તે જે ઈચ્છે તે બધી વસ્તુ તેને પ્રાપ્ત થાય. તેમ, 'અનુભવ'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ આત્માનું એવું ચિંતામણિરત્ન છે કે તેનાથી ધારે તેટલી આનંદની પ્રાપ્તિ જીવ કરી શકે છે. જેટલો અનુભવ કરે તેટલી આનંદની પ્રાપ્તિ થાય. વીતરાગદશાનો અનુભવ એ ચિંતામણિરત્ન છે.

આ પવિત્રરત્ન પ્રાપ્ત કરીને જ્ઞાની જીવ શું કરે છે? કે શિવપદને લહે છે અને ચતુરગતિવાસને દહે છે. અનુભવથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, બાકી વ્રત, તપ, ભક્તિ આદિ ક્રિયાકાંડથી મુક્તિ થતી નથી. પણ અત્યારે તો બધાં સંપ્રદાયમાં એ જ વાત છે કે ઉપવાસ કરો, પૌષધ કરો, તપ કરો....તમારી મુક્તિ થઈ જશે. પણ એમ કોઈની મુક્તિ થવાની નથી. એ તો અનાદિથી જે કરતો આવ્યો છે તેની જ વાત છે, તેનું ફળ સંસાર છે.

**अनुभव चिंतामनि रतन**–જેમાં મહાવ્રતાદિના વિકલ્પનો પણ અભાવ છે અને આનંદની દશાના અનુભવની હયાતિ છે એવું ચિંતામણિરત્ન જેના હૃદયમાં પ્રકાશી રહ્યું છે તે પવિત્ર આત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

ધર્મીજીવ પોતાના આનંદસ્વરૂપનો અનુભવ કરે છે પણ કોઈ પ્રકારની ઈચ્છા રાખીને ક્રિયા કરતો નથી. વ્રત-તપાદિના ભાવ આવી જાય અને તેનું પાલન કરે એ જુદી વાત છે પણ, ઈચ્છાપૂર્વક વ્રતાદિ કરતાં નથી. આ રાગ કરવા જેવો છે એમ માનીને રાગની ક્રિયા કરતાં નથી. એ તો સ્વરૂપમાં સ્થિરતારૂપ ક્રિયાને કરે છે.

શુદ્ધ આત્માના અનુભવની દશાથી ધર્મીજીવને નવા કર્મ આવતાં અટકી જાય છે અને જૂના કર્મ ખરી જાય છે. આમ, સંવર–નિર્જરાની ક્રિયા એ ધર્મીની ધર્મ ક્રિયા છે.

**ताके न गनु विकार**–ધર્મીને વિકાર થાય છે તે ભિન્ન રહી જાય છે. અનુભવમાં વિકાર આવતો નથી. ધર્મી વિકાર અને વ્યવહારથી મુક્ત છે. જે વિકારને ગ્રહે તે તો મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી તો છખંડના રાજને સાધતો હોય તોપણ એ તો અખંડ આત્માને સાધે છે. છખંડના રાજનો કે વિકારનો બોજો ધર્મી રાખતાં નથી. જ્યાં વિકલ્પ મારા નથી ત્યાં રાજ્ય મારું ક્યાંથી હોય! સમ્યગ્દૃષ્ટિ ધર્મીને રાગ-દ્વેષાદિ વિકલ્પ છે જ નહિ. પરિગ્રહનો ભર ધર્મી ઉપાડતો જ નથી. ધર્મી પાસે તો બસ–અબંધ શુદ્ધ દ્રવ્ય, અબંધ ગુણ અને અબંધ પરિણામ છે.

કોઈ એમ પ્રશ્ન કરે કે આવું સમકિત અત્યારે થઈ શકતું હશે?–હા. સમ્યગ્દર્શન તો ધર્મનો એકડો છે તેના વગર ધર્મ ક્યાંથી હોય! આ કાળે ધર્મ થઈ શકે છે.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારના રાગથી મુક્ત છે. વ્યવહારનો બોજો તેને ન હોય. 'આટલો વ્યવહાર કરવો પડશે.'–એવો ભાવ જ્ઞાનીને હોતો જ નથી. સવાર–સાંજ પ્રતિક્રમણ કરવા પડે, ત્રણવાર સામાયિક કરવી પડે એવા વિકલ્પનો બોજો જ્ઞાનીને હોતો નથી. માટે અહીં કહ્યું કે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



न गनु विकार, न गनु बहु भार–રાગ-દ્વેષના ભારને ધર્મી ઉપાડતાં નથી અને ભવને પણ ગણતરીમાં લેતા નથી. ધર્મીને ભવ જ નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ભવ કેવા? એક-બે ભવ હોય એ જ્ઞાનના જ્ઞેય છે, જ્ઞાની ભવના સ્વામી નથી. જ્યાં આત્મા રાગથી પણ સહિત નથી ત્યાં ભવસહિત ક્યાંથી હોય! પોતે તો જ્ઞાતા-દ્રષ્ટા છે. ભવનો ભાવ કે ભવ મારામાં નથી.

શક્રેન્દ્ર એકાવતારી કહેવાય છે ને! ઈન્દ્ર-ઈન્દ્રાણી બંને એક ભવ કરીને મોક્ષમાં જાય છે એમ કહેવાય છે. પણ જ્ઞાનીને તે ભવ માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. ધર્મીને જ્ઞાનમાં ભવ નથી. કારણ કે ભવ અને ભવનો ભાવ એ બંને પર છે. તેનાથી ધર્મી આત્મા છૂટો છે.

આ બધી 'અનુભવ' ચિંતામણિરત્નની મહિમા છે. અનુભવ-પ્રાપ્ત જીવ ભલે પશુ હોય તોપણ ભવ અને ભવના ભાવના ભારથી રહિત છે.

અર્થમાં 'અલ્પકાળમાં સિદ્ધપદ પામશે...' એ તો પછી ખુલાસો કર્યો છે. ખરેખર તો ધર્મીને 'હું અખંડ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એવો અનુભવ થયો તેમાં ભવ કે ભવના ભાવ કાંઈ દેખાતાં જ નથી. જ્યાં વિકલ્પ જ પર તરીકે ભાસવા લાગ્યાં ત્યાં ભવ પોતાનો ક્યાંથી લાગે! રાગથી મુક્ત થયો તેને કોનાથી મુક્તિ બાકી રહી છે? એ તો મુક્ત જ છે. જેટલો રાગ બાકી છે તે પ્રમાણે ભવ છે એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવાની વાત છે.

આ અનુભવની પ્રશંસા કરી. હવે સમ્યગ્દર્શનની પ્રશંસાનું પદ્ય કહે છે. વાત તો એક જ છે પણ બીજી રીતે કહે છે.

## સમ્યગ્દર્શનની પ્રશંસા

जिन्हके हियेमैं सत्य सूरज उदोत भयौ,
फैली मति किरन मिथ्यात तम नष्ट है।
जिन्हकी सुदिष्टिमैं न परचै विषमतासौं,
समतासौं प्रीति ममतासौं लष्ट पुष्ट है।।
जिन्हके कटाक्षमैं सहज मोखपंथ सधै,
मनको निरोध जाके तनकौ न कष्ट है।
तिन्हके करमकी कलोलै यह है समाधि,
डोलै यह जोगासन बोलै यह मष्ट है।।२९।।

અર્થ :–જેમના અનુભવમાં સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી. સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે. જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

અહા! જેના અનુભવમાં જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા જાગૃત થયો–સત્યસૂર્ય પ્રકાશિત થયો કે જે અનંત ચૈતન્યપ્રકાશમય છે તેનો અનુભવ થતાં મિથ્યાત્વનો અંધકાર તો નાશ પામ્યો અને સુબુદ્ધિના કિરણો ફેલાઈ રહ્યા.

સમકિતી અનુભવી જ્ઞાનીને રાગ સાથે કાંઈ સંબંધ નથી. અશુભરાગ સાથે તો સંબંધ નથી પણ વ્યવહારરત્નત્રયરૂપ રાગ સાથે પણ ધર્મીને કાંઈ સંબંધ નથી. સમ્યક્ શ્રદ્ધા અને અનુભવમાં રાગ સાથે કાંઈ લગાવ નથી. કેમ કે સાચા શ્રદ્ધા-જ્ઞાનને વિષમતા એટલે કે રાગ-દ્વેષ સ્પર્શતા જ નથી. તેથી પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવને વેદતાં ધર્મીને રાગ સાથે કાંઈ પરિચય નથી. 'રાગ મારો છે' એવી મમતા પ્રત્યે ધર્મીને મમતા નથી પણ દ્વેષ છે–વિરોધ છે અને સમતા પ્રત્યે પ્રેમ છે–આદર છે.

આમ તો, ચારિત્ર અપેક્ષાએ ધર્મીને ૧૦મા ગુણસ્થાન સુધી રાગ હોય છે પણ અહીં શ્રદ્ધા-જ્ઞાનની અપેક્ષાએ કથન છે તેથી કહ્યું છે કે ધર્મીને રાગ સાથે કાંઈ નાતો નથી. રાગ સાથે સંબંધ માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે, તેને બંધ થાય છે. આત્મા રાગ અને બંધથી સહિત માનવો તે જ ભવનું બીજ છે. ધર્મીને આ ભવબીજનો નાશ થયો છે. તેથી દેવ–ગુરુ કે દેવ–ગુરુ પ્રત્યેનો રાગ મારો છે એવું ધર્મી માનતાં નથી.

આહાહા! જેની જ્ઞાનની ઉગ્રદશામાં મોક્ષપંથ સહજપણે સધાય છે. કટાક્ષ એટલે ચિંતવન-એકાગ્રતા. જ્ઞાનની ધારાથી–એકાગ્રતાથી મોક્ષપંથ સધાય છે. ક્રિયાના કષ્ટ સહન કરે તો મોક્ષમાર્ગની સાધના થાય એવું નથી. દુઃખ સહન કરવાથી ધર્મ થાય એવો ધર્મનો માર્ગ નથી. ધર્માત્માને જ્ઞાનની એકાગ્રતાના કટાક્ષમાં જ મોક્ષપંથ સધાય છે. તેને કોઈ કષ્ટ અને દુઃખ સહન કરવા પડે એવો માર્ગ નથી. આનંદસ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ આનંદથી થાય, દુઃખથી ન થાય.

હું કષ્ટ સહન કરું, ભૂખ-તરસ સહન કરું તો મને ધર્મ થાય એ ભાવ જ મિથ્યાત્વ છે. મને ભૂખ-તરસ લાગે છે અને હું તેને સહન કરું છું એ ભાવમાં નિર્જરા થતી નથી પણ મિથ્યાત્વનો બંધ થાય છે. ધર્મીને તો કાયક્લેશ વિના મનનો નિરોધ સહજ થઈ જાય છે.

www.vitragvani.com



સ્વરૂપમાં દૃષ્ટિ અને સ્થિરતા થતાં નિર્વિકલ્પ આનંદ આવતાં કાયક્લેશ વિના પણ મનનું રોકાવું સ્વયં થઈ જાય છે. ધર્મીને કર્મનો ઉદય વર્તે છે પણ તેમાં તેને સમાધિ છે, આકુળતા નથી. કારણ કે ધર્મી કર્મના ઉદયનું માત્ર જ્ઞાન કરે છે, પોતાનો માનતાં નથી. રાગને પણ ધર્મી પોતાનો માનતાં નથી. રાગનું માત્ર જ્ઞાન કરે છે અને તે પણ પોતાનો જ્ઞાનસ્વભાવ હોવાથી પોતાને જાણતાં રાગને પણ જાણે છે. રાગ છે માટે રાગનું જ્ઞાન થાય છે–એમ નથી.

ધર્મીને વિષય-ભોગ પણ સમાધિ છે તે કઈ રીતે? કે–વિષય-ભોગમાં કે વિષયભોગની વૃત્તિમાં ધર્મીને એકત્વ નથી તેથી તેનાથી ભિન્ન પડીને તે સંબંધીનું જ્ઞાન પણ પોતાથી કરે છે માટે તેને સમાધિ પણ કહી છે. વિષય-ભોગનો ભાવ તો રાગ જ છે, તે કાંઈ સમાધિ નથી, પણ તે રાગને પૃથક્ રાખીને સ્વ અને પરને જાણવાની ક્રિયા થાય છે તે સમાધિ છે.

ધર્મીને સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે તે સમાધિ છે. બનારસીદાસજીએ આ વાત કેટલું જોર આપીને કહી છે કે સમકિતી ચાલે છતાં સ્થિર છે, બોલે છતાં મૌન છે, સમકિતી તો જે કાંઈ ક્રિયા થાય છે તેને જ્ઞાતા તરીકે માત્ર જાણે છે. યોગોની ક્રિયા અને કંપન પણ છૂટતા જાય છે. જ્ઞાન-આનંદ સ્વરૂપના અનુભવમાં ક્રિયાનો સ્પર્શ નથી માટે તે સ્થિર છે એમ કહેવાય છે. જ્ઞાની સ્વના-ચૈતન્યના આસનમાં સ્થિર થયાં છે માટે યોગની ક્રિયાકાળે પણ સ્થિર છે.

અહા! પોતાના પરમાત્મસ્વરૂપનો સ્પર્શ થયો ત્યાં રાગનો અને કંપનનો સ્પર્શ ધર્મીને છે જ નહિ. મિથ્યાત્વ ગયું અને સમ્યક્ત્વ થયું પછી અવ્રત, કષાય, પ્રમાદ યોગના પરિણામ છે પણ તેને ધર્મી પોતાનું સ્વરૂપ માનતાં નથી તેથી બોલે કોણ અને ચાલે કોણ? પોતાને સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટ થયું છે તેમાં આ બોલવા ચાલવાની ક્રિયા જણાય છે.

ચૈતન્ય ભગવાન અનંત અનંત સ્વચ્છતા અને શાંતિ સ્વરૂપ છે. આવા સ્વરૂપનો જ્યાં સ્પર્શ થયો, વેદન થયું, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને શ્રદ્ધા થયાં ત્યાં હવે જ્ઞાનીને જે કાંઈ ક્રિયા સંયોગમાં વર્તે છે તે પરપણે જણાય છે માટે કહ્યું કે બોલે છતાં અબોલ છે અને ચાલે છતાં સ્થિર છે. આવી ''ચિન્મૂરત દૃગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી.'' ઈન્દ્રાણીના સંગમાં રહેવા છતાં પરપરિણતિની હટાહટી છે. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની જાગૃતિ પાસે બધી ક્રિયાથી ભેદજ્ઞાન વર્તે છે.

બનારસીદાસની આવી વાત વાંચીને વિરોધ થયો હતો કે 'આ તો વ્યવહારના ભૂકા ઉડાવે છે.' જેને ક્રિયા ઉપર જ ધર્મનો આધાર છે તેને એમ કહે કે તારા વ્રત અને તપ બધાં બંધના કારણ છે માટે તું ઝેરને પીએ છો....આકરું લાગે પણ શું થાય! અંતરના આનંદના સ્વાદ પાસે બોલવા, ચાલવા આદિ કોઈ ક્રિયાનો પ્રેમ નથી, બધેથી રુચિ છૂટી ગઈ છે તેથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ તો ધર્મીને સમાધિ કહી છે. ખરેખર વિકલ્પ છે તે કાંઈ સમાધિ નથી. ધર્મીને રાગનો સ્વીકાર નથી, વિકલ્પથી વિરક્તિ વર્તે છે અને સ્વભાવમાં વિકલ્પની નાસ્તિ છે. વળી પૂર્ણની પ્રતીતિ અને ભાન વર્તે છે તેથી વિકલ્પકાળે પણ ધર્મીને સમાધિ વર્તે છે એમ કહ્યું છે.

આ તો જેને અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત થવાની છે તેની વાતો છે. જેને સંસારમાં રખડવાનું છે તેને આ વાત અંતરમાં બેસવી કઠણ પડે છે.

ભાવાર્થ :—સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં જ ગુણશ્રેણી નિર્જરા પ્રગટ થાય છે. જ્ઞાનીને કર્મની ધારા ટળતી જાય છે એવી એમની દશા હોય છે. જ્યાં સુધી પોતાના પુરુષાર્થની કમી છે ત્યાં સુધી ધર્મી સંયમ લેતાં નથી તોપણ કર્મ નિર્જરા થાય છે. અવ્રતના પરિણામ છે પણ તેને ધર્મી પોતાના માનતાં નથી, પરપણે જાણે છે તેથી વિષય આદિ ભોગવતાં, ચાલતાં, બોલતાં છતાં પણ તેમને કર્મ ખરે છે.

આ વાંચી કોઈને પ્રશ્ન થાય કે ધર્મીને અશુભભાવમાં પણ નિર્જરા કહી છે તો શુભભાવમાં નિર્જરા કેમ ન થાય?–અરે ભાઈ! ધર્મીને કાંઈ અશુભભાવથી નિર્જરા થતી નથી. અંદર રાગથી રહિત એવો અનુભવ વર્તે છે તેના કારણે ધર્મીને નિર્જરા છે. અશુભ કે શુભભાવથી નિર્જરા થતી નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ રાગનો સ્વાદ ઝેર જેવો લાગે છે તેથી અશુદ્ધતા ટળે છે અને કર્મ ગળે છે.

પરિણામમાં રાગ થવાં છતાં મારા અસ્તિત્વમાં રાગ આવ્યો છે એમ ધર્મી માનતાં નથી. મારામાં તો મારું સ્વ-પરપ્રકાશક જ્ઞાન આવ્યું છે, રાગ આવ્યો નથી એમ માને છે. તેથી સમાધિ, યોગ, આસન અને મૌનનું જે પરિણામ છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલ થવા છતાં મળે છે. સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે. આસ્રવ આવે છતાં તેની હટાહટી થાય છે. હું દ્રવ્યે અબદ્ધ છું, ગુણે અબદ્ધ છું અને પર્યાયે પણ અબદ્ધસ્વરૂપ છું, મુક્તસ્વરૂપ છું એમ માનતાં જ્ઞાની રાગ સાથેના જોડાણને પોતાનું કેમ માને?

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ મુક્તસ્વરૂપ ઉપર હોવાથી તે મુક્ત છે માટે જગત સાથે સમકિતીની મીંઢવણી થઈ શકે તેમ નથી.

www.vitragvani.com



# પરિગ્રહના ઘેરાવામાં પણ જ્ઞાની નિષ્પરિગ્રહી છે

(સળંગ પ્રવચન નં. ૭૭)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. નિર્જરા અધિકારના ૧૩મા કળશ ઉપર ૩૦મું પદ્ય છે તેમાં પરિગ્રહના વિશેષ ભેદ કથન કરવાની પ્રતિજ્ઞા કરી છે.

आतम सुभाउ परभाउकी न सुधि ताकौं,
जाकौ मन मगन परिग्रहमैं रह्यौ है।
ऐसौ अविवेककौ निधान परिग्रह राग,
ताकौ त्याग इहांलौं समुच्चैरूप कह्यौ है।।
अब निज पर भ्रम दूरि करिवैके काज,
बहुरौं सुगुरु उपदेसको उमह्यौ है।
परिग्रह त्यार परिग्रहकौ विशेष अंग,
कहिवेकौ उद्दिम उदार लहलह्यौ है।।३०।।

અર્થ :—જેનું ચિત્ત પરિગ્રહમાં રમે છે તેને સ્વભાવ-પરભાવની ખબર રહેતી નથી તેથી પરિગ્રહનો પ્રેમ અજ્ઞાનનો ખજાનો જ છે. તેનો અહીં સુધી સામાન્ય રીતે સમગ્રપણે ત્યાગ કહ્યો છે. હવે શ્રીગુરુ નિજ-પરનો ભ્રમ દૂર કરવા માટે પરિગ્રહ અને પરિગ્રહના વિશેષ ભેદ કહેવાને ઉત્સાહપૂર્વક સાવધાન થાય છે.

આત્મા શુદ્ધ આનંદકંદ છે. તે સિવાય શુભવિકલ્પથી માંડીને બધો પરિગ્રહ ગણવામાં આવે છે. આત્મા એ પરિગ્રહથી તદ્દ્ન ભિન્ન છે. જ્ઞાનાદિ અનંત ગુણ તે આત્માનો સ્વભાવ છે અને દરેક પ્રકારના વિકલ્પ પરભાવ છે આવો જેને સ્વભાવનો અને પરભાવનો વિવેક નથી તે વિકલ્પમાં જ મગ્ન રહે છે, તેને પોતાના સ્વભાવની ખબર નથી તેથી વિકલ્પને જ પોતાનો સ્વભાવ માનીને તેમાં લીન છે. ખરેખર વિકલ્પ તો પરિગ્રહ છે. તેમાં લીન થવાથી જ કર્મનો બંધ થાય છે અને વિકલ્પથી ભિન્ન ચૈતન્યનું ભાન થવાથી નિર્જરા થાય છે.

શુદ્ધ ચૈતન્ય નિજવસ્તુ અને રાગની ભિન્નતાની જેને સૂઝ પડતી નથી તેનું મન તો રાગમાં જ લીન છે. રાગમાં અને પરસંયોગમાં જ તેને મારાપણાની પક્કડ છે તેથી તેમાં જ લીન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગમાં એકતા છે તે અવિવેકનું નિધાન છે. અવિવેક એટલે અજ્ઞાનનો તે ખજાનો છે, તેમાં આત્મા નથી. રાગની એકતા તૂટીને સ્વભાવની દૃષ્ટિ થાય તેમાં આત્મા છે. તેમાં જ્ઞાનનો ખજાનો છે. રાગનો જેને પ્રેમ છે તેની પાસે તો અવિવેકનો ભંડાર છે. તેમાંથી અજ્ઞાન જ ફેલાય છે-વધે છે, શરીર, સ્ત્રી, પુત્ર, પૈસા આદિ તો પરિગ્રહ છે જ, તેના પ્રેમમાં તો અજ્ઞાન જ છે પણ રાગના પ્રેમમાં પણ અજ્ઞાન જ ફેલાય છે.

જ્ઞાનીને સ્વભાવ અને પરભાવનો વિવેક થઈ ગયો હોવાથી રાગથી માંડીને બધી વસ્તુ- બધાં પરિગ્રહનો તેની દૃષ્ટિમાં ત્યાગ છે. રાગનો રાગ નથી માટે રાગનો ત્યાગ છે. લક્ષ્મી આદિ બધાં પરિગ્રહનો ધર્મીની દૃષ્ટિમાં ત્યાગ જ છે.

સમુચ્ચયરૂપે રાગનો ત્યાગ કહીને તેમાં બધાં પરિગ્રહનો ત્યાગ કહ્યો હતો. હવે શ્રીગુરુ પરિગ્રહત્યાગના વિશેષ ભેદો બતાવીને તેનો ત્યાગ કરવાનું સમજાવે છે. વિશેષ પ્રકારના શુભ અને અશુભ રાગ, કર્મનો ઉદય, બાહ્ય સામગ્રી આદિ જેમાં જેમાં જીવની વિશેષ પક્કડ છે તે અવિવેક અને અજ્ઞાન છે. કોઈપણ પરચીજ કે રાગની એકતા માનવી તે ભ્રમ છે. હું શુભરાગ કરું છું, મને પુણ્ય બંધાય છે, મને બાહ્યસામગ્રી અનુકૂળ મળી છે.....આ બધું અજ્ઞાન છે. આવા અનેક પ્રકારના પરિગ્રહમાં અજ્ઞાનીને વિશેષ પ્રકારે પક્કડ થયેલી છે. તેમાંથી તેને મુક્ત કરાવવા માટે શ્રીગુરુ વિશેષ પ્રકારે સાવધાન થાય છે. સ્વ-પરની એકતાનો ભ્રમ દૂર કરવા માટે શ્રીગુરુ પરિગ્રહ અને તેના વિશેષ ભેદો કહે છે.

## સામાન્ય-વિશેષ પરિગ્રહનો નિર્ણય

**त्याग जोग परवस्तु सब, यह सामान्य विचार।**
**विविध वस्तु नाना विरति, यह विशेष विस्तार॥३१॥**

અર્થ :—પોતાના આત્મા સિવાય અન્ય સર્વ ચેતન-અચેતન પરપદાર્થ ત્યાગવા યોગ્ય છે. એ સામાન્ય ઉપદેશ છે અને તેમનો અનેક પ્રકારે ત્યાગ કરવો એ પરિગ્રહનો વિશેષ ત્યાગ છે.

ટૂંકમાં બધી વાત કરી દીધી છે કે પોતાના જ્ઞાયકભાવ સિવાય અન્ય બધી ચેતન અને અચેતન વસ્તુ ત્યાગવા યોગ્ય છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ એક અંગીકાર કરવા લાયક છે. બાકી સર્વ ચીજો અંગીકાર કરવાયોગ્ય નથી. શુભવિકલ્પથી લઈને સર્વ વિકલ્પ હેય છે. છોડવા યોગ્ય છે.

આ પરિગ્રહના ત્યાગનો સામાન્ય ઉપદેશ થયો. હવે તેના વિશેષ ભેદો પાડીને કરવો- જેમકે શુભરાગમાં અસંખ્ય પ્રકાર છે, અશુભરાગના અસંખ્ય પ્રકાર છે, તેના બંધના અનેક પ્રકાર છે અને તેના ફળના પણ અનેક પ્રકાર છે તે બધાંનો ત્યાગ કરવો કે આવો રાગ નહિ, આ ભાવ નહિ.....એમ બધાંનો ત્યાગ કરવો તે પરિગ્રહત્યાગનો વિશેષ પ્રકાર છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવાર્થ :—મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ચૌદ અંતરંગ પરિગ્રહ અને ધન–ધાન્યાદિ દસ બાહ્ય પરિગ્રહ–આ બધાંનો ત્યાગ એ સામાન્ય ત્યાગ છે અને મિથ્યાત્વનો ત્યાગ, અવ્રતનો ત્યાગ, કષાયનો ત્યાગ, કુકથાનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, અન્યાયનો ત્યાગ આદિ વિશેષ ત્યાગ છે.

'મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા.' શું વિપરીત માન્યતા?–કે હું અંશ જેવડો જ છું, હું જ રાગ છું, પુણ્યના પરિણામ મારાં છે, તેનું બંધન મને થાય છે, તેના ફળમાં અનુકૂળ સંયોગો મને મળ્યા છે એવો જે મિથ્યાત્વભાવ છે તે અંતરંગ પરિગ્રહ છે. તેનો ત્યાગ કરવો.

રાગ અને દ્વેષ એ પણ અંતરંગ પરિગ્રહ છે. રાગ–દ્વેષને પોતાના માનવા એ પણ જ્યાં મિથ્યાત્વ નામનો અંતરંગ પરિગ્રહ છે તો પૈસાને મારા માનવા એ તો પરિગ્રહ છે જ. પૈસા મારા, શરીર મારા, કર્મ મારા, સ્ત્રી–પુત્ર મારા, તેના પ્રત્યેનો રાગ મારો, એ બધો મિથ્યાત્વભાવ છે. તે બધાં ભાવોનો ત્યાગ તે મિથ્યાત્વપરિગ્રહનો ત્યાગ છે અને ધન–ધાન્યાદિ દસ પ્રકારના બાહ્યપરિગ્રહ છે તેનો પણ ત્યાગ કરવો....આ સામાન્ય ત્યાગ છે. તેના જ ભેદરૂપ મિથ્યાત્વ, અવ્રત, કષાય, કુકથા, પ્રમાદ આદિની પક્કડ છે તેનો ત્યાગ કરવો તે વિશેષ ત્યાગ છે.

અવ્રત, પ્રમાદ, કષાય આદિ પણ પરિગ્રહ છે, તેમાંય મને પ્રમાદ છે—હું પ્રમાદી છું એવી પક્કડ છે તે મિથ્યાત્વપરિગ્રહ છે.

સ્ત્રી, પુત્રાદિનો ત્યાગ કરીને બેસે અને માને કે હું ત્યાગી છું તેને પણ પરિગ્રહ છે કેમ કે સ્ત્રી–પુત્રાદિ મારા હતાં અને તેને મેં તજ્યા એ જ મિથ્યાત્વ છે—વિપરીત માન્યતા છે. રાગ મારો હતો અને મેં રાગને છોડ્યો એ પણ મિથ્યાત્વ છે, પરિગ્રહ છે, અન્યાય અને અભક્ષ્ય એ પણ પરિગ્રહ છે, તેનો પણ ત્યાગ કરવો.

સારાંશ એ કે આત્માના જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવ સિવાય જે કાંઈ છે તે બધો પરિગ્રહ છે. વિકલ્પથી માંડીને બધો પરિગ્રહ છે તે સામાન્ય કથન થયું અને તેના વિશેષ પ્રકારો પાડીને સર્વનો ત્યાગ કરવો તે વિશેષ પ્રકારે પરિગ્રહત્યાગનું કથન છે.

આ સામાન્ય અને વિશેષ કોઈપણ પ્રકારનો પરિગ્રહ છે તે મારો છે, મને છે એ પ્રકારની માન્યતા છે તે અવિવેક અને અજ્ઞાન છે.

મારી ભાષા મીઠી છે, ચોખ્ખી છે, હું સુંદર અને પદ્ધતિસર બોલનારો છું—આ વાણીનો પરિગ્રહનો છે તે પણ મિથ્યાત્વનું કારણ છે. 'મેં ઉપદેશ કર્યો' એવી પક્કડ છે તે મિથ્યાત્વ છે. શાસ્ત્રના ભણતરની પક્કડ એ પણ મિથ્યાત્વપરિગ્રહ છે અને એક સમયની પર્યાય જેવડો પોતાને માનવો એ પણ મિથ્યાત્વ છે. આ બધાં મિથ્યાત્વ-પરિગ્રહના વિશેષો છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ નિર્જરા અધિકાર છે કે સ્વભાવ સિવાય કોઈપણ ચીજને પોતાની માનવામાં મિથ્યાત્વનો બંધ છે, તે પરિગ્રહ છે, તેને છેડતાં નિર્જરા થાય છે. કેવી રીતે? આત્મા સિવાય કોઈ વિકલ્પ કે વસ્તુ મારી નથી. હું તદ્દન શુદ્ધ વસ્તુ છું. મારું દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પરિણમન પણ શુદ્ધ છે. આવા દ્રવ્ય, ગુણ, પર્યાય સિવાય કોઈ ચીજ મારી નથી એમ અનુભવતાં નિર્જરા થાય છે, કેમ કે તેની દૃષ્ટિમાંથી પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય સિવાય બધાંનો ત્યાગ થઈ ગયો છે. તેથી તેને કર્મ ગળે છે, શુદ્ધિ વધે છે અને અશુદ્ધિ ઘટે છે.

અહીં સ્ત્રી, પુત્રાદિ બાહ્ય પરિગ્રહ તો શું પણ એક સમયની પોતાની પર્યાયમાં જ આખા આત્માપણાની બુદ્ધિ છે તેને સમયે સમયે મિથ્યાત્વની જ પક્કડ છે માટે તે કદાચ બાહ્યથી ત્યાગી હોય તોપણ ક્ષણે ક્ષણે બંધાય છે—મિથ્યાત્વપરિગ્રહથી બંધને પામે છે અને જો કોઈ બાહ્યથી ગૃહસ્થાશ્રમમાં હોય, ચક્રવર્તીની સંપદામાં રહ્યા હોય છતાં વિકલ્પથી માંડીને સર્વ ચીજનો મારામાં અભાવ છે એવી દૃષ્ટિ થઈ છે તેને મિથ્યાત્વપરિગ્રહ છૂટી ગયો હોવાથી સંયોગના ઘેરાવમાં પડ્યો છતાં સમયે સમયે નિર્જરા થાય છે કેમ કે અંતરમાં સ્વભાવના આશ્રયનું પરિણમન છે તેથી ધર્મીને પોતાના આનંદ–સ્વભાવ સિવાય બીજું કાંઈ પોતાનું ભાસતું નથી. રાગથી પણ રહિત એવા અપરિગ્રહી ચૈતન્યના નિર્મળ પરિણમન સહિત ધર્મી ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની વચ્ચે રહ્યો હોય છતાં પરિગ્રહનો ત્યાગી છે માટે તેને નિર્જરા થાય છે.

## પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવ નિષ્પરિગ્રહી છે

**पूरव करम उदै रस भुंजै,**
**ग्यान मगन ममता न प्रयुंजै।**
**उरमैं उदासीनता लहिये,**
**यौं बुध परिग्रहवंत न कहिये॥३२॥**

અર્થ :—જ્ઞાનીજીવ પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી સુખ–દુઃખ બંને ભોગવે છે પણ તેઓ તેમાં મમતા અને રાગ–દ્વેષ કરતાં નથી. જ્ઞાનમાં જ મસ્ત રહે છે, તેથી તેમને નિષ્પરિગ્રહી જ કહ્યાં છે.

પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા કર્મોનો ઉદય ધર્મીને આવે છે ત્યારે તેના તરફ રાગનું વલણ થોડું હોય છે તેથી દુનિયાને એમ લાગે છે કે ધર્મી સુખ–દુઃખને વેદે છે પણ ખરેખર જ્ઞાની રાગને કે સંયોગને ભોગવતાં નથી. ચૈતન્યના આનંદની જ્યાં પ્રીતિ વર્તે છે ત્યાં ધર્મીને રાગની કે સંયોગની પ્રીતિ કેમ થાય! ધર્મીને બાહ્યમાં બધાં ઉપરથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, શુભભાવ હો, અશુભભાવ હો, અનુકૂળ સામગ્રીનો સંયોગ હો પણ તેમાં મારાપણાની બુદ્ધિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઊડી ગઈ છે. એકલો જ્ઞાતા-સ્વભાવનો પ્રેમ છે તેથી જ્ઞાનનો રસ ચડ્યો છે. બીજો બધો રસ છૂટી ગયો છે.

દુનિયા તો એમ કહે છે કે બહારથી બધો પરિગ્રહ છોડી દે તો અમે જ્ઞાનીને પરિગ્રહત્યાગી માનીએ, પણ દુનિયાને ખબર નથી કે જ્ઞાનીને બધાં પરિગ્રહમાંથી મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે, તેને તો એકમાત્ર ચૈતન્યનો પરિગ્રહ છે. જ્ઞાનીને વ્યવહારરત્નત્રયના વિકલ્પનો પણ પરિગ્રહ નથી ત્યાં બીજો ક્યો પરિગ્રહ હોય!

જ્ઞાનીને રાગ અને સંયોગની રુચિ ટળી ગઈ છે તો રાગ કેમ કરે છે?—ભાઈ! એ રાગને કરતાં નથી, તને એમ ભાસે છે કે રાગને કરે છે. એ તો પોતાને આનંદના રસમાં રહીને, સ્વમાં સુખબુદ્ધિ રાખીને રાગને માત્ર જાણે છે.

શું નિશ્ચયથી આમ હશે? કે કહેવામાત્ર હશે? એમ કોઈને પ્રશ્ન ઊઠે છે. અરે ભાઈ! વસ્તુ જ એવી છે. જ્યાં આનંદસ્વરૂપ નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તરફ વલણ અને તેનું ભાન થયું ત્યાં તે જીવ જ્ઞાતા–દ્રષ્ટા થઈ ગયો, રાગથી વિરક્ત થઈ ગયો. પછી તેને શુભાશુભ વિકલ્પ થતાં દેખાય, શરીરાદિનો સંયોગ થતો દેખાય છતાં તેનાથી તે વિરક્ત છે. ધર્મીનો રાગથી વિરક્ત છે. રાગમાં જે રક્ત છે તે તો અજ્ઞાની છે.

**ग्यान मगन ममता न प्रयुंजै।** ધર્મી તો જ્ઞાનાનંદસ્વભાવમાં મગ્ન છે કેમ કે દૃષ્ટિ ત્યાં થંભી ગઈ છે. એ દૃષ્ટિમાં હવે બીજી ચીજ આવતી નથી. રાગમાં મારાપણું થતું જ નથી તેથી રાગમાં લીન થતાં નથી.

અહા! મારગ તે મારગ છે ને! તે સાંભળ્યા અને સમજ્યા વિના ત્યાગ કર્યો એમ માની લે કે અમે ત્યાગી છીએ, બ્રહ્મચારી છીએ પણ તેને જે અંદરમાં વિકલ્પ ઊઠે છે તેનો રસ છે એ પરિગ્રહનો રસ છે, તેને આત્માનો રસ નથી. ધર્મીને તો જ્ઞાનમાં રાગથી ઉદાસીનતા વર્તે છે. રાગમાં મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે તેથી રાગથી ઉદાસપણે વર્તે છે. જ્ઞાની–ધર્મીનું આસન રાગથી ઉદાસ છે. ભારે મારગ છે! આમ ૯૬ હજાર સ્ત્રીના સંગમાં પડ્યો હોય છતાં કહે છે–ના, એ તો રાગથી વિરક્ત છે અને અજ્ઞાની નગ્ન દિગંબર થઈને ફરે પણ જેને રાગનો રસ છે તે પરિગ્રહવંત છે, તેને બધો પરિગ્રહ વળગેલો છે.

**यौं बुध परिग्रहवंत न कहिये।** જેને જ્ઞાનાનંદ ધામ આત્માની પક્કડ થઈ છે એવો ધર્મી જીવ રાગથી ઉદાસીન છે માટે તેને પરિગ્રહવંત કહેતાં નથી. તે કરોડપતિ છે કે નૃપતિ છે કે પત્નીનો પતિ છે એમ અમે કહેતાં નથી. કેમ કે ધર્મીની રુચિનું પડખું બદલાઈ ગયું છે. રાગના વિકલ્પમાં મમતાનો ભાવ હતો ત્યાં સુધી પર તરફ પડખું હતું. તે હવે છૂટી ગયું છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને મહાપ્રભુનું પડખું સેવવા લાગ્યો છે, માટે ધર્મીને અસ્થિરતા હોવા છતાં દૃષ્ટિ અને જ્ઞાનની સમ્યક્તાની અપેક્ષાએ પરિગ્રહવંત કહેતાં નથી. એ અસ્થિરતાનો સ્વામી નથી, તેને પોતાનું સ્વરૂપ માનતાં નથી માટે તેનાથી ભિન્ન છે.

દ્રવ્ય શુદ્ધ છે એમ અનુભવનારનું પરિણમન પણ શુદ્ધ થઈ ગયું છે, તેને પરમાં ઉત્સાહ નથી, પરથી ઉદાસ છે. અજ્ઞાની તો સ્વમાં ઉદાસ છે અને પરમાં ઉત્સાહથી વર્તે છે. બહારની અનુકૂળતા અને શુભભાવ આદિમાં તેને ઉત્સાહ છે. અજ્ઞાનીને સ્વભાવ પ્રત્યે અસાવધાની છે જ્યારે જ્ઞાની સ્વભાવમાં સાવધાન છે અને રાગથી ઉદાસ છે.

અહા! આ ભેદજ્ઞાનની વાતનું શું માહાત્મ્ય છે તેની ખબર વિના બહારથી માપ કાઢે તેનું કાંઈ મૂલ્ય નથી. આચાર્યોએ ટૂંકા શબ્દમાં નિર્જરાનો અધિકાર આખો કહી દીધો છે, ગજબ વાત છે!

ખરેખર તો ધર્મી તેને કહીએ કે વસ્તુ શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને તેનું પરિણમન પણ શુદ્ધ છે, અશુદ્ધતાનું પરિણમન જ નથી પછી અશુદ્ધતાની પક્કડરૂપ પરિગ્રહ કેમ હોય! શ્રદ્ધા–જ્ઞાન અપેક્ષાએ ધર્મી વિકારથી તો વિરક્ત છે, અસ્થિરતાવશ વિકાર છે તે જુદી અપેક્ષા છે. રાગના રસથી ખસી ગયો છે તે વિરક્ત છે અને અજ્ઞાની કદાચિત્ નગ્નલિંગ ધારીને ફરતો હોય પણ આ શુભરાગથી મારું હિત છે એવી વિકલ્પની પક્કડ છે માટે તે પરિગ્રહવંત છે, રાગથી વિરક્ત નથી.

આ તો તમે નિશ્ચયની વાત કરી....એમ થાય, પણ નિશ્ચયની એટલે સાચી વાત છે ભગવાન! તારું સત્ય જ એવું છે પ્રભુ! તું સત્યનો સાહ્યબો થઈને વિકારનો સાહેબ કેમ થાય! એક સમયની પર્યાયની પણ જ્યાં પક્કડ નથી તેને અમે પરિગ્રહવંત કહેતાં નથી. પરિગ્રહના ઘેરાવામાં પડ્યો દેખાવા છતાં એ નિષ્પરિગ્રહી છે.

બાહ્યપરિગ્રહ છોડી, કુટુંબ પરિવાર છોડી, બાવો–સાધુ થઈ જાય પણ અંદરના ઊંડાણમાં દયા–દાનનો રાગ, મહાવ્રતનો રાગ મારો છે, તેનાથી મને લાભ છે, રાગમાં હું છું માટે રાગથી મને લાભ છે એમ માને છે તો તે મહાપરિગ્રહવંત મિથ્યાદૃષ્ટિ છે અને પોતાને ચારિત્રવંત માનીને છેતરાય જાય છે. આ કાંઈ પોપાબાઈના રાજ નથી, દુનિયા તેને સાધુ માને તેથી કાંઈ સાધુપણાનું ફળ આવી જવાનું નથી. લાખો માણસ મહિમા કરે તેથી કાંઈ તેની અંદર ચારિત્ર કે ચારિત્રનું ફળ આવી ન જાય.

સમકિતી સોનાના થાળમાં ખાતો હોય, હીરાના સિંહાસનમાં બેઠો હોય, ઈન્દ્ર તો જેના મિત્ર હોય...છતાં તેને પરિગ્રહ નથી એમ કેમ મનાય! ભાઈ! તને જોતાં આવડતું નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમકિતીને બધો રસ ઊડી ગયો છે તે તને દેખાતું નથી. તેને તો ધ્રુવ એવા પોતાના સ્વવિષયનો રસ છે. ૧૨મા કળશમાં આવી ગયું ને! અચિંત્ય શક્તિવાળા સ્વયમેવ દેવને જેણે દૃષ્ટિમાં લીધો તેને અન્ય પરિગ્રહનો પ્રેમ કેમ હોય! એકલો વીતરાગભાવ–ધ્રુવભાવ–સ્વભાવભાવનો અનુભવ થયો ત્યાં બીજો બધો પ્રેમ છૂટી ગયો છે. વ્યવહારરત્નત્રય હોવા છતાં તેની પક્કડ નથી. 'વ્યવહાર મારે હોય ને!' એવી પક્કડ પણ રહી નથી. વ્યવહાર તો રાગની ક્રિયા છે એ તારી હોય તો તો રાગ અને સ્વભાવ બંને એક થઈ ગયા.

જિનવરનો માર્ગ આવો છે. જિનવરનો માર્ગ કહો કે આત્માનો માર્ગ કહો એક જ છે. એ કાને પડ્યા વગર જીવન ચાલ્યાં જાય છે. જ્યાં ધર્મ નથી ત્યાં ધર્મ માનીને બેઠો છે અને દુનિયા વખાણ કરે છે તેનાથી તેને ધર્મ થઈ જવાનો નથી.

ધર્મી તો પોતાના ધર્મસ્વરૂપમાં મસ્ત છે, રાગમાં મસ્ત નથી, વ્યવહારમાં મસ્ત નથી. તેથી ધર્મીને નિર્જરા થાય છે.

હવે, જ્ઞાનીને પરિગ્રહરહિત કહેવાનું કારણ બતાવે છે.

**પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવોને પરિગ્રહરહિત કહેવાનું કારણ—**

जे जे मनवांछित विलास भोग जगतमैं,
तै ते विनासीक सब राखे न रहत हैं।
और जे जे भोग अभिलाष चित्त परिनाम,
तेऊ विनासीक धारारूप ह्वै बाहत हैं।।
एकता न दुहूं मांहि तातैं वांछा फुरै नांहि,
ऐसे भ्रम कारजकौं मूरख चहत हैं।
सतत रहैं सचेत परसौं न करैं हेत,
यातैं ग्यानवंतकौ अवंछक कहत है।।३३।।

અર્થ :—સંસારની મનવાંછિત ભોગ–વિલાસની સામગ્રી અસ્થિર છે, તેઓ અનેક પ્રયત્નો કરવા છતાં પણ સ્થિર રહેતી નથી, એવી જ રીતે વિષય–અભિલાષાઓના ભાવ પણ અનિત્ય છે. ભોગ અને ભોગની ઇચ્છાઓ આ બંનેમાં એકતા નથી અને નાશવંત છે તેથી જ્ઞાનીઓને ભોગોની અભિલાષા જ ઉપજતી નથી. આવા ભ્રમપૂર્ણ કાર્યોને તો મૂર્ખાઓ જ ઇચ્છે છે, જ્ઞાનીઓ તો સદા સાવધાન રહે છે–પરપદાર્થોમાં સ્નેહ કરતાં નથી, તેથી જ્ઞાનીઓને વાંછારહિત જ કહ્યાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જે જે **मनवांछित**.......મને આવી આવી સામગ્રી હો એમ ભોગવિલાસની સામગ્રીની ઇચ્છા તો કરે પણ એ સામગ્રી કાંઈ સ્થિર રહેતી નથી. એ તો નાશવંત છે. ઇચ્છા કરે કે મને અનુકૂળ સ્ત્રી મળો, કમાઉ પુત્ર થાઓ, નોકર–ચાકર પણ મારી આજ્ઞામાં રહે તેવા મળો એમ અનેક પ્રકારે જીવ ઇચ્છા કરે તેથી કાંઈ સામગ્રી મળી જતી નથી. ઇચ્છા થાય ત્યારે સામગ્રી હોતી નથી અને સામગ્રી મળે તોપણ ટકતી નથી માટે ઇચ્છા અને સામગ્રીને મેળ નથી.

એને એમ થાય કે પૈસા આદિની અનુકૂળતા હોય, શરીર નીરોગી હોય તો નિરાંતે ધર્મધ્યાન થાય પણ એ ચીજો તો પર છે અને નાશવંત છે.

શ્રોતા :—ચીજો રહે ત્યાં સુધી તો શાંતિ લાગે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ચીજો ક્યાં એની થઈને રહે છે! ચીજ તો ચીજમાં રહે છે તે કાંઈ જીવની થઈને રહેતી નથી તો તેનાથી જીવને લાભ ક્યાંથી થાય!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે જ્ઞાનીને સામગ્રીની ઇચ્છા નથી અને ઇચ્છાની પણ ઇચ્છા નથી. કારણ કે ઇચ્છા અને સામગ્રી બંને નાશવંત છે. નાશવાનની દૃષ્ટિવાળો નાશવાનને ઇચ્છે પણ જ્ઞાની તો અવિનાશીની દૃષ્ટિવાળા છે તે નાશવાન સામગ્રી અને ભોગના ભાવને કેમ ઇચ્છે?

વેદ્ય એટલે વેદવાયોગ્ય સામગ્રી અને વેદક એટલે વેદનાર. તે બંને સાથે હોતા નથી. વેદનાર એવી ઇચ્છા હોય ત્યારે સામગ્રી હોતી નથી અને સામગ્રી આવે ત્યારે એ ઇચ્છા રહેતી નથી. બીજી ઇચ્છા ઊભી થઈ જાય છે. આમ, ઇચ્છા અને સામગ્રીને મેળ ખાતો નથી. માટે એવી ઇચ્છા જ જ્ઞાની કરતાં નથી. અમેળ ઇચ્છા અને અમેળ સામગ્રીને ધર્મી કેમ ઇચ્છે! કોઈ બાહ્યસામગ્રીને ધર્મી ઇચ્છતા જ નથી. તેને તો અંતરમાં શુદ્ધ ચિદાનંદ પ્રભુની પૂર્ણદશાની ભાવના હોય છે. ભાવના એટલે ઇચ્છા નહિ પણ અંતરમાં જ્ઞાનાનંદની પૂર્ણતા થાય એવી એકાગ્રતા હોય છે.

અજ્ઞાનીને બહારમાં સુખની કલ્પના હોવાથી મનવાંછિત ભોગસામગ્રીને મેળવવા અને રાખવા ઘણો પ્રયત્ન કરે છે પણ નિરર્થક જાય છે. પર સામગ્રી અને તેની ઇચ્છાને મેળ હોતો નથી. કેમ કે એક તો એ પર છે અને નાશવાન છે અને ઇચ્છા થાય ત્યારે સંયોગ હોતો નથી તેને ધર્મી કેમ ઇચ્છે! ધર્મીને તો પોતાની અંદર જ વેદ્ય અને વેદક બંને ભાવ છે. તેથી ધર્મીને પર સામગ્રી અને તેની ઇચ્છા–એ બંનેનો દૃષ્ટિમાંથી ત્યાગ છે માટે ધર્મીને પરિગ્રહવંત કહેતાં નથી, પણ અપરિગ્રહવંત કહીએ છીએ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેને અનિત્ય ઉપર દૃષ્ટિ નથી તેને અનિત્ય એવા પદાર્થોની ઈચ્છા કે પક્કડ હોતી નથી. અસ્થિરતાવશ ઈચ્છા થાય છે તેનાથી તે વિરક્ત છે અને સામગ્રી તો પરદ્રવ્ય છે તેને એ મારી માનતાં નથી.

**जे जे भोग अभिलाष चित्त परिनाम**–ચિત્તમાં એવા પરિણામ થાય કે આટલું કામ કરીએ, આટલો ઉપદેશ આપીએ તો આપણને અભિનંદન મળે, દુનિયા વાહ.... વાહ....પોકારી જાય ત્યારે ખરો લાભ કહેવાય....અરે મૂઢ છો! આ બધી અજ્ઞાનમય ઈચ્છા છે. ઈચ્છા અને બાહ્ય યોગનો મેળ હોતો નથી, એવા બાહ્યપદાર્થની અજ્ઞાનીને ભાવના છે. જ્ઞાનીને એવી ઈચ્છા જ ઉપજતી નથી. આનંદસ્વરૂપ ભગવાનની જ્યાં એકાગ્રતા વર્તે તેને આવી ઈચ્છા કેમ ઉપજે! ઉપજે જ નહીં.

આમ, અભ્યંતરમાં જ્ઞાની ઈચ્છા અને પરસામગ્રીના ત્યાગી હોવાથી જ્ઞાનીને અપરિગ્રહવંત કહેવામાં આવે છે. ધર્મી તો પોતાના જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવમાં સાવધાન રહે છે. રાગાદિમાં પ્રેમ કરતાં નથી તેથી ધર્મીને પરિગ્રહરહિત કહેવાય છે.

દેવ–શાસ્ત્ર–ગુરુ કહે છે કે અમે તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ માટે તું જ્ઞેયનિષ્ટતાથી હટી જા. અમારી વાણી પણ જ્ઞેય છે અને જ્ઞેયની તત્પરતા એ સંસાર છે, જ્ઞાયક ઉપર તત્પર થા અને અમારા ઉપરથી તત્પરતા હટાવી દે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૮૪)*

# જ્ઞાન-મહિમા-ઉદય પણ સમાધિનું કારણ

(સળંગ પ્રવચન-૭૮)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં નિર્જરા અધિકારના ૧૬મા કળશ ઉપર ૩૪મું પદ્ય છે. તેમાં બનારસીદાસજી દૃષ્ટાંત આપે છે.

પરિગ્રહમાં રહેવા છતાં જ્ઞાની જીવ નિષ્પરિગ્રહી છે તેના ઉપર દૃષ્ટાંત

जेसैं फिटकडी लोद हरडेकी पुट बिना,
स्वेत वस्त्र डारिये मजीठ रंग नीरमैं।
भीग्यौ रहै चिरकाल सर्वथा न होइ लाल,
भेदै नहि अंतर सुफेदी रहै चीरमैं॥
तैसैं समकितवंत राग द्वेष मोह बिनु,
रहै निशि वासर परिग्रहकी भीरमैं।
पूरव करम हरै नूतन न बंध करै,
जाचै न जगत-सुख राचै न शरीरमैं॥३४॥

આ નિર્જરા અધિકાર છે ને! ધર્મીને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે તેથી રાગમાં તેને રસ આવતો નથી. જ્યારે અજ્ઞાનીને પોતાના આનંદનું જ્ઞાન નથી અને રાગમાં રસ વેદાય છે તેથી તેને બંધન થાય છે અને જ્ઞાનીને કર્મોનું બંધન થતું નથી.

અજ્ઞાનીને ભલે મંદરાગ હો તોપણ તેની પ્રીતિ હોવાથી બંધ થાય છે. પરિગ્રહ અને ધંધાદિની પ્રવૃત્તિ છોડીને ત્યાગી થયો હોય તોપણ રાગની પ્રીતિ પડી છે માટે તેને બંધન થાય છે કેમ કે એ ત્યાગી હોવા છતાં રાગનો ભોગી છે અને જ્ઞાનીને કાંઈ ત્યાગ ન હોય છતાં રાગનો રસ નથી તેથી તે કર્મોથી બંધાતો નથી. ગમે તે સ્થિતિમાં ઊભો હોય છતાં રાગનો રસ નહિ હોવાથી ધર્મીને કર્મની નિર્જરા જ થાય છે.

પદ્યનો અર્થ-જેવી રીતે ફટકડી, લોધર અને હરેડનો પુટ દીધા વિના મજીઠના રંગમાં સફેદ કપડું બોળવાથી તેના ઉપર રંગ ચડતો નથી. તે તદ્દન લાલ થતું નથી. અંદરમાં સફેદ જ રહે છે. તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ રહિત જ્ઞાની મનુષ્ય પરિગ્રહ-સમૂહમાં રાત-દિવસ રહે છે તોપણ પૂર્વ સંચિત્ત કર્મોની નિર્જરા કરે છે, નવીન બંધ કરતો નથી, વિષયસુખની વાંછા કરતો નથી અને શરીર ઉપર મોહ પણ રાખતો નથી.

www.vitragvani.com



સફેદ વસ્ત્રને મજીઠમાં પલાળી રાખો તોપણ તેની સફેદાઈ છૂટીને એકદમ લાલરંગ નહિ થાય કેમ કે તેને હરડે આદિનો પુટ દીધેલ નથી. તેથી ઉપરથી કપડું લાલ થવા છતાં તેના તાણા-વાણાં રંગાતા નથી. તેમ જેને બાહ્યમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ છે અને અંતરનું સુખ અનુભવમાં આવી ગયું છે એવા ધર્મી સ્વર્ગાદિના સુખ મળે તોપણ તેના રાગમાં રંગાતા નથી. સ્વર્ગનો સંયોગ ઠીક છે અને નરકાદિ પ્રતિકૂળતાનો સંયોગ અઠીક છે એવો ભાવ તેમને આવતો નથી કારણ કે ધર્મી પરમાં સાવધાન નથી.

છ ખંડનું રાજ હો, ૯૬૦૦૦ સ્ત્રી હો, સોળહજાર તો દેવ જેની સેવા કરતા હો, રાત-દિવસ આવા પરિગ્રહની મધ્યમાં પડેલા દેખાતા હોય છતાં ધર્મી પૂર્વકર્મ ખપાવે છે. કેમ કે સ્વરૂપના આનંદની અધિકતામાં તેને કોઈ ચીજ અધિક દેખાતી નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર જેવું સર્વોત્કૃષ્ટ પુણ્ય બંધાય છે એવા ભાવમાં પણ તેને રસ લાગતો નથી.

અજ્ઞાની કદાચિત્ પંચમહાવ્રતના પરિણામમાં રહેતો હોય પણ સ્વરૂપનો આનંદ અનુભવ્યો નથી અને રાગમાં જ રસ છે તેથી મિથ્યાત્વભાવ વડે તે આઠેય કર્મોથી બંધાય છે અને ધર્મી કદાચિત્ આવી ક્રિયા કરતો હોય તોપણ અંતરમાંથી રાગની રુચિ ઊડી ગઈ છે, આખા જગતની સ્પૃહા છૂટી ગઈ છે, જગતના સુખની અભિલાષા-રુચિ-સુખબુદ્ધિ ટળી ગઈ છે તેથી કર્મોથી બંધાતા નથી. जचै न जगत-सुख राचै न शरीरमैं। સ્વરૂપમાં રાચ્યો છે તે શરીરમાં રાચતો નથી.

જુઓ, આ સમ્યગ્દૃષ્ટિનું આચરણ અને સમ્યગ્દૃષ્ટિની દશા!

ભાવાર્થ :—રાગ-દ્વેષ-મોહ રહિત હોવાના કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ પરિગ્રહ આદિનો સંગ્રહ રાખવા છતાં પણ નિષ્પરિગ્રહી છે તો શું સમ્યગ્દૃષ્ટિ કેવળી થઈ ગયા! સમ્યગ્દૃષ્ટિને રાગાદિ હોવા છતાં તેનાથી વિરક્ત છે જ્યારે કેવળીને તો રાગાદિનો અભાવ થઈ ગયો છે.

છ દ્રવ્યની વચ્ચે રહેલાં ધર્મી સ્વદ્રવ્યના અનુભવના રસ પાસે આખી દુનિયાથી વિરકત છે આવું સમકિતનું સ્વરૂપ જ છે. માટે કોઈ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધામાત્રથી સમકિત માની લે તો તે યથાર્થ નથી, તેમ પંચમહાવ્રત પાળી લેવાથી ચારિત્ર માને તો તે જૂઠું છે. ધર્મીને તો અતીન્દ્રિય આનંદના અનુભવપૂર્વક શ્રદ્ધા થઈ છે કે આત્મા જ સુખ સ્વરૂપ છે તેથી આત્માના સુખ પાસે તે આખા જગતના સુખની સ્પૃહાથી નિવૃત્ત થઈ ગયા છે.

અહા આ ત્યાગ! આખા જગતની સ્પૃહા ઊડી ગઈ અને એક ભગવાન આત્માના આનંદની જ ભાવના રહી છે તેના ત્યાગને જગત જોઈ શકતું નથી. ધર્મી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિગ્રહ આદિનો સંગ્રહ રાખતો હોવા છતાં નિષ્પરિગ્રહી છે એ તો સમજાવવા માટે કહેવાય છે. બાકી, ધર્મી પરિગ્રહને રાખતાં નથી (ઉદય અનુસાર) પરિગ્રહ હોય છે.

એક શ્વેતાંબર પંડિત લાલન કહેતાં હતાં કે અમારા રાજા મોટા બાદશાહ છે એને પણ એક જ રાણી છે અને તમારા સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી આદિને હજારો રાણીઓ હોય છે તો એ તો વ્યભિચારી કહેવાય. તેને કીધું ભાઈ! એમ નથી. આ સમજવા માટે ધીરું થવું પડે. રાગની એકતાબુદ્ધિ છે તે પરિગ્રહ છે. કોઈને ૫૦૦ ધનુષનું શરીર હોય તો તેમાં ઘણાં પરમાણુ છે માટે તેને ઘણો પરિગ્રહ અને કોઈને પાંચ હાથનું શરીર છે તો પરમાણુ થોડા છે માટે પરિગ્રહ થોડો ગણાય?—ના, એમ નથી. થોડો કે વધારે પદાર્થના સંગ્રહથી પરિગ્રહબુદ્ધિ થતી નથી, તેમાં રાગની એકતા છે તો પરિગ્રહ છે અને રાગની એકતા છૂટી ગઈ છે તો ધર્મી એ પરિગ્રહથી મુકત છે. છ ખંડનું રાજ ન હોય અને કોઈ ગરીબ માણસ હોય પણ જો તેને રાગની એકતાબુદ્ધિ છે તો તે મોટો પરિગ્રહવંત છે અને જ્યાં રાગની એકતા ટળી છે તેને કોઈ પરિગ્રહને રાખવાની બુદ્ધિ નથી. જ્યાં રાગનો જ રસ નથી ત્યાં પરદ્રવ્યનો પ્રેમ ક્યાંથી હોય!

શરીરમાં પરમાણુ ઘણાં હોય, ભાષાવર્ગણા પણ ઘણી હોય, પુણ્યના કારણે લક્ષ્મી પણ ઘણી હોય, સ્ત્રીઓ પણ ઘણી હોય અને ચક્રવર્તી જેવાને તો પુત્રો પણ ઘણાં ૬૪,૦૦૦ અને પુત્રીઓ ૩૨,૦૦૦ હોય, જમાઈ પણ ૩૨,૦૦૦ હોય પણ ધર્મી-સમકિતીનું એમાંથી કાંઈ નથી. કોઈને એ પોતાના માનતાં નથી. જ્યાં પરદ્રવ્ય અને રાગમાં મારાપણાની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે ત્યાં પરિગ્રહનો સંગ્રહ જ નથી. અંતરમાં જુઓ તો એ તો વૈરાગી છે. રાગથી પણ વિરકત છે ત્યાં બીજી કઈ ચીજથી વિરકત ન હોય!

લોકોને સમ્યગ્દર્શનની દશાના સ્વરૂપની ખબર નથી અને તેની મહિમા નથી તેથી બાહ્યથી સમ્યગ્દર્શનનું માપ કાઢવા જાય તેમાં સાચું માપ ક્યાંથી આવે? અંતરના માપ કાઢવા કઠણ છે. દૃષ્ટિ ફેરે સંસાર અને દૃષ્ટિ ફર્યે મુક્તિ છે.

રાગના નાનામાં નાના કણમાં પણ મમત્વ છે તો તે મિથ્યાદૃષ્ટિ સંસારતત્ત્વ છે.

વળી આગળ કહેશે કે સમકિતીને કર્મનો બંધ નથી એ વાત જાણીને તું રાગના રસથી ભોગો ભોગવીને કહીશ કે અમે તો સમકિતી છીએ માટે અમને બંધ નથી-તો તું મરી જઈશ. અરે! મિથ્યાત્વભાવમાં તું મરી ગયો છો. સુખબુદ્ધિપૂર્વક ભોગ ભોગવે તેને પરિગ્રહ નથી એમ શાસ્ત્રમાં કહ્યું નથી. સુખબુદ્ધિએ ભોગ ભોગવે છે એ તો આખા સંસારનો પરિગ્રહવંત છે.

હવે આવું જ બીજુ દૃષ્ટાંત આપીને જ્ઞાનીની દશા સમજાવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जैसें काहू देसकौ बसैया बलवंत नर,
जंगलमैं जाइ मधु-छत्ताकौं गहतु है।
वाकौं लपटांहि चहुओर मधु-मच्छिका पै,
कंबलकी ओटसौं अडंकित रहतु है।।
तैसै समकिती सिवसत्ताकौ स्वरूप साधै,
उदैकी उपाधिकौ समाधिसी कहतु है।
पहिरै सहजकौ सनाह मनमैं उछाह,
ठानै सुख-राह उदवेग न लहतु है।।३५।।

અર્થ :–જેમ કોઈ બળવાન પુરુષ જંગલમાં જઈને મધપૂડો તોડે છે તેને ઘણી મધમાખીઓ ચોંટી જાય છે પણ તેણે કામળો ઓઢેલો હોવાથી માખીના ડંખ લાગતા નથી. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ ઉદયની ઉપાધિમાં રહેવા છતાં પણ મોક્ષમાર્ગને સાધે છે. તેમને જ્ઞાનનું સ્વાભાવિક બખ્તર પ્રાપ્ત છે તેથી આનંદમાં રહે છે. ઉપાધિજનિત આકુળતા વ્યાપતી નથી, સમાધિનું કામ આપે છે.

જંગલમાં તો મોટા મધપૂડા થતાં હોય તેમાં એકસાથે લાખો મધમાખી ચોંટી હોય તેને ઉડાડે એટલે કેટલી માખી તેના શરીરને ચોંટવા જાય પણ જેણે કામળો ઓઢ્યો છે તેને માખીનો એકપણ ડંખ લાગી શકતો નથી. માત્ર આંખના કાણાં ખુલ્લાં હોય બાકી આખા શરીર ઉપર કંબલ હોય તેથી મધમાખી ક્યાં કરડે? બનારસીદાસજીએ દૃષ્ટાંત પણ કેવું શોધી કાઢ્યું છે! તે કંબલ ઓઢેલા પુરુષની માફક ધર્મી, પરિગ્રહની વચ્ચે પણ તેનાથી વિરકત રહેતાં થકાં સ્વરૂપના આનંદને સાધે છે, આનંદમાં એકાગ્રતા અને આનંદની વૃદ્ધિ કરે છે. सिवसत्ता એટલે મોક્ષમાર્ગને ધર્મી સાધે છે.

ધર્મી ઉદયની ઉપાધિને સમાધિ માને છે કેમ કે પોતે અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ છે. જેમ, પૂરણપોળી ઘીમાં તરબોળ કરીને લોકો ખાય છે ને! તેમ ધર્મી પોતાને અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ કરીને અનુભવે છે ત્યાં સ્ત્રી, પુત્રાદિનો રસ તેને ક્યાંથી આવે! ૯૬,૦૦૦ સ્ત્રી આદિ બધો સંયોગ તેને રોગ સમાન લાગે છે.

ધર્મીએ સમ્યગ્જ્ઞાનનું બખ્તર પહેર્યું છે તેથી રાગના ડંખ તેને લાગતાં નથી. અતીન્દ્રિય શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન–સ્વાભાવિકજ્ઞાન–સ્વસન્મુખતાથી પ્રગટ થયેલા જ્ઞાનનું બખ્તર પહેરે છે તેને ઉદયનો ડંખ લાગતો નથી.

ठानै सुख-राह उदवेग न लहतु है। અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આનંદનો પંથ સાધે છે તેથી આનંદમાં રહેતા હોવાથી ઉદયની ઉપાધિ જોઈને તેમને આકુળતા થતી નથી. આખા આત્માના અસંખ્ય પ્રદેશમાં અંતરથી પ્રગટ થયેલું જ્ઞાન વ્યાપી ગયું છે. અનુભવનું જ્ઞાન આત્માએ ઓઢેલું છે તેથી તેને કર્મના ઉદયનો અને રાગનો ડંખ લાગતો નથી. તેને તો સમાધિનું કામ સધાય છે.

ભાવાર્થ :–સમ્યગ્જ્ઞાની સમયે સમયે સ્વભાવ સન્મુખ અનુભવમાં વધતાં વધતાં પરિણમી રહ્યા છે, આનંદના સાધનને વધારતાં જ જાય છે, તેથી ઉદયની ઉપાધિ તેમને નિર્જરાનું કારણ થાય છે. તેથી જ્ઞાનીને ઉદયની ઉપાધિ ચારિત્ર અને તપનું કામ આપે છે માટે તેમની ઉપાધિ પણ સમાધિ છે.

'ધર્મી સ્વભાવમાં રકત છે અને ઉદયથી વિરકત છે, આનંદમાં લીન છે અને વિકારથી વિરકત છે' આવું સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપ છે. કંબલ ઓઢનારને માખી કરડી શકતી નથી તેમ સમ્યગ્દર્શન-જ્ઞાનનું કંબલ ઓઢનારને ઉદયની ઉપાધિ ડંખી શકતી નથી. ઉદય કે ઉદયભાવ ધર્મીને અડતો પણ નથી. તેને તો સમયે સમયે આનંદની વૃદ્ધિ થતી જાય છે. ભારે વાત છે ભાઈ! ઉપાધિ પણ સમાધિનું કામ આપે છે એ દશા કેવી!

અહા! ધર્મી અતીન્દ્રિય આનંદમાં ચરે છે, રમે છે, તેમાં લીન થઈ ગયા છે-મશગૂલ થયા છે તે ચારિત્રવંત મુનિ તો પંચપરમેષ્ઠીમાં ભળી ગયા છે. તેની તો શું વાત કરવી! પણ અહીં તો સમ્યગ્દ્રષ્ટિની વાત ચાલે છે. ત્રણ કષાયનો જેને અભાવ થયો છે અને એટલી જ વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે તેવા મુનિ તો મોક્ષસ્વરૂપ જ છે. નિયમસારમાં આવે છે કે અમે જડ છીએ કે સ્વરૂપગુપ્ત મુનિમાં અને કેવળીમાં ફેર માનીએ છીએ! માત્ર સંજ્વલન કષાયનો અંશ બાકી રહ્યો છે એવા મુનિ રાગમાં રહેલા નથી એ તો પોતાથી પોતામાં પ્રગટેલા સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં રહેલાં છે.

જેમાંથી નીકળવું ન ગમે એવો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચારિત્રદશામાં આવે છે. એ ચારિત્રવંત મુનિની તો શું વાત કરવી! પણ સમ્યગ્દ્રષ્ટિને પણ રાગરૂપી ઝેરની રુચિ છૂટી ગઈ છે અને સ્વભાવ-સન્મુખ એકાગ્રતા વધતી જાય છે તેથી તેને ઉદય પણ ચારિત્ર અને તપનું કામ કરે છે એટલે કે ઉદયની ઉપાધિ પોતે સમાધિ નથી પણ ઉદયના કાળમાં તેને ઉદયનો આદર નથી પણ સ્વભાવનો આદર વર્તે છે તે સમાધિ છે.

અહા! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કેવું છે કે તેણે આખા આત્માને કબજે કરી લીધો છે. તેનું એકમાત્ર ધ્યેય 'આત્મા' છે. અનાદિથી રાગ અને નિમિત્ત ઉપર પોતાનો કબજો માન્યો હતો તે ઉઠાવી લીધો છે અને અનંત ગુણનિધાન આત્મામાં કબજો કરી લીધો છે.

www.vitragvani.com



આ કહેવામાત્ર વાત નથી. વસ્તુસ્થિતિનું વર્ણન છે. ધર્મીને ખજાનો ખૂલી ગયો છે. રાગની એકતા તૂટતા આખાં સંસારની એકતાબુદ્ધિ છૂટી ગઈ છે. એકલા મુકત સ્વભાવનો જ આદર અને અનુભવ રહી ગયો છે અને તેમાં જેમ જેમ એકાગ્રતા વધતી જાય છે તેમ ખજાનો વધારે ખૂલતો જાય છે.

અજ્ઞાની બધું ત્યાગીને પંચમહાવ્રત પાળતો હોય, ક્રિયાકાંડમાં મશગુલ હોય, સમિતિ-ગુપ્તિના પાલનમાં તત્પર હોય પણ તેના ખજાનાને હજુ તાળા મારેલા છે-ખજાના ખૂલ્યા નથી.

આમ, જ્ઞાની અને અજ્ઞાનીની દશામાં ઘણો આંતરો છે.

જ્ઞાનીને ઉદયમાં એકત્વ નથી તેથી ઉદય ખરીને ચાલ્યો જાય છે. ઘરે કોઈ માણસ આવ્યો હોય પણ તેની સામે ન જુઓ અને પોતાનું કામ કર્યા કરો તો પેલો જાણે કે આને મારી સાથે વાત કરવાનો ટાઈમ નથી તેથી એ ચાલ્યો જશે. ઊભો નહિ રહે તેમ, ઉદયની સામે ન જુઓ અને સ્વભાવના આદરમાં રહો તો ઉદય ચાલ્યો જશે. અમૃત આનંદના આદર પાસે રાગ-ભિખારી-ઝેરના આદર શાં હોય!!

ઉદય તો જ્ઞાનીને સ્પર્શતો નથી પણ ઉદયભાવ પણ સ્પર્શતો નથી. શુભભાવ પણ ઉદય ભાવ છે. તીર્થંકરગોત્ર જેનાથી બંધાય એવા શુભભાવનો પણ જ્ઞાનીને આદર નથી. માટે હવે કહે છે–જ્ઞાની જીવ સદા અબંધ છે.

**ग्यानी ग्यानमगन रहै, रागादिक मल खोइ।**
**चित उदास करनी करै, करम बंध नहि होइ॥३६॥**

અર્થ :–જ્ઞાની મનુષ્ય રાગ-દ્વેષ-મોહાદિ દોષોને દૂર કરી જ્ઞાનમાં મસ્ત રહે છે અને શુભાશુભક્રિયા વૈરાગ્ય સહિત કરે છે, તેથી તેને કર્મબંધ થતો નથી.

જ્ઞાનમાં મગ્ન જ્ઞાનીની લીનતા સ્વભાવમાં છે, ઉદયભાવમાં તેની લીનતા નથી. શુભાશુભ પરિણામ આવે છે તેમાં પણ રસ નથી. વૈરાગ્ય સહિત શુભાશુભ રાગ આવે છે. પુણ્ય-પાપ માટે આ નિર્જરા અધિકારમાં જ આવે છે કે જ્ઞાનીને સ્વરૂપસત્તાનો અનુભવ અને પુણ્ય-પાપથી વૈરાગ છે. આવી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ ધર્મીને નિરંતર વર્તે છે તેથી તેને કર્મબંધન થતું નથી.

અજ્ઞાનીએ બાયડી-છોકરાં છોડ્યા હોય કે બાળબ્રહ્મચારી હોય પણ અંદરમાં સ્વભાવનો આશ્રય લીધો નથી તો એ પણ રાગના પક્ષમાં ઊભો છે. રાગના પડખે ઊભેલો અજ્ઞાની ક્ષણે ક્ષણે દર્શનમોહ અને ચારિત્રમોહ સહિત સાત કર્મનો બંધ કરે છે. વળી ધર્મી શું કરે છે તે વિશેષ કહે છે—

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



मोह महातम मल हरै, धरै सुमति परकास।
मुकति पंथ परगट करै, दीपक ग्यान विलास॥३७॥

અર્થ :–જ્ઞાનરૂપી દીપક મોહરૂપી મહા અંધકારનો મળ નષ્ટ કરીને સુબુદ્ધિનો પ્રકાશ કરે છે અને મોક્ષમાર્ગ બતાવે છે.

ચૈતન્યનું આત્મજ્ઞાન એ જ્ઞાન છે, શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. આત્મજ્ઞાનરૂપી દીવો જ મોહરૂપી મહા અંધકારને નષ્ટ કરે છે. સ્વરૂપની સન્મુખતાથી જે જ્યોતિ પ્રગટ થાય છે તે મોહનો નાશ કરી મુક્તિ પંથ પ્રગટ કરે છે. રાગનું જ્ઞાન કે શાસ્ત્રનું જ્ઞાન નહિ પણ આત્માનું જ્ઞાન કે જે સ્વના આશ્રયથી પ્રગટ થયું છે તે જ્ઞાનરૂપી દીવાએ મોહાંધકારને નષ્ટ કરી નાંખ્યો છે અને સુબુદ્ધિનો પ્રકાશ ફેલાવી દીધો હોવાથી તેમાં રાગ અને સ્વભાવની ભિન્નતાનું ભાન વર્તે છે.

સ્વભાવની સન્મુખ થયેલું જ્ઞાન સ્વભાવની શુદ્ધતાને વધારે છે એ જ આત્મજ્ઞાનરૂપી દીવાનો વિલાસ છે. હવે તેની જ પ્રસંશા કરતાં કહે છે :—

जामैं धूमकौ न लेस वातकौ न परवेस,
करम पतंगनिकौं नास करै पलमैं।
दसाकौ न भोग न सनेहकौ संजोग जामैं,
मोह अंधकारकौ वियोग जाके थलमैं॥
जामैं न तताई नहि राग रकताई रंच,
लहलहै समता समाधि जोग जलमैं।
ऐसी ग्यान दीपकी सिखा जगी अभंगरूप,
निराधार फुरी पै दुरी है पुदगलमैं॥३८॥

આ, ચૈતન્યભગવાનના જ્ઞાનની વાત છે. એ જ્ઞાન ચૈતન્યનું ક્યારે કહેવાય!–કે રાગ અને નિમિત્તથી ખસી સ્વભાવ-સન્મુખનું જ્ઞાન કરે ત્યારે તેને આત્મજ્ઞાન કહેવાય છે. નિમિત્તના જ્ઞાનને કે વ્યવહારના જ્ઞાનને કે પરના જ્ઞાનને આત્મજ્ઞાન કહેતા નથી. આનંદના વેદન સહિતનું આત્મજ્ઞાન જ મોહનો નાશ કરે છે, સુબુદ્ધિનો પ્રકાશ કરે છે અને મોક્ષમાર્ગ દેખાડે છે. આવા સમ્યગ્જ્ઞાનની બનારસીદાસજી પ્રશંસા કરે છે.

અર્થ :–જેમાં જરાપણ ધૂમાડો નથી, જે પવનના ઝપાટાથી બુઝાઈ જતો નથી, જે એક ક્ષણમાત્રમાં કર્મરૂપી પતંગીયાઓને બાળી નાંખે છે, જેમાં બત્તીનું ઢાંકણ નથી અને જેમાં ઘી,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેલ વગેરે આવશ્યક નથી, જે મોહરૂપી અંધકારને મટાડે છે, જેમાં કિંચિત્ પણ આંચ નથી તેમજ ન રાગની લાલશ છે, જેમાં સમતા, સમાધિ અને યોગ પ્રકાશિત રહે છે તે જ્ઞાનની અખંડજ્યોત સ્વયંસિદ્ધ આત્મામાં સ્ફૂરિત થઈ છે–શરીરમાં નથી.

જ્ઞાનરૂપી દીવો કેવો છે?–કે જેમાં ધૂમાડો જરાય નથી. રાગ ધૂમાડા સમાન છે. જ્ઞાનમાં રાગનો અંશ પણ નથી. જડ દીવો તો પવન લાગતાં બૂઝાઈ જાય પણ આ જ્ઞાનદીવો પવનથી તો ન બૂઝાઈ પણ ઉદયના વાયુથી પણ તે બૂઝાય તેવો નથી. ચૈતન્યદીવો શાશ્વત છે તેને કોઈ બૂઝાવી શકે તેમ નથી.

ચૈતન્યભગવાનના અનુભવજ્ઞાનમાં કર્મરૂપી પતંગીયા તો નાશ પામી જાય છે. આનંદસ્વરૂપમાં એકાગ્રતાના કારણે ધર્મીને કર્મો તો બળી જાય છે. ચારિત્રવંતને જ કર્મો બળે છે એમ નથી. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે કે તેને કર્મો બળી જાય છે.

વળી આ દીવો એવો છે કે જેમાં ઘી-તેલની જરૂર નથી. ઘી-તેલ વગર એવો પ્રકાશ આપે છે કે જેમાં મોહાંધકાર ટળી જાય છે. શાશ્વત ચૈતન્યદીપકને અગ્નિની જેવી આંચ નથી કે રાગની લાલાશ પણ નથી, જ્ઞાનરૂપી પ્રકાશમાં અકષાય સમતા, અંતર એકાગ્રતારૂપ યોગ અને સમાધિના સુખ પ્રકાશિત રહે છે.

આવા જ્ઞાનદીપની શિખા સ્વયં સ્ફૂરિત છે, તેને કોઈનો આધાર નથી. શરીરાદિ પુદ્‌ગલના આધારે તે રહેલ નથી. પુદ્‌ગલથી અને રાગથી તો એ દૂર છે. આવો સમ્યગ્જ્ઞાનનો દીવો જેણે પ્રગટાવ્યો છે તેને નિર્જરા થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# જ્ઞાન વૈરાગ્યની મૈત્રી કર્મને હણે છે

(સળંગ પ્રવચન નં. ૭૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના નિર્જરા અધિકારનો આ ૧૮મો શ્લોક છે તેના ઉપર ૩૯મા પદ્યમાં બનારસીદાસજી દૃષ્ટાંત કહે છે.

ધર્મીની દૃષ્ટિ અને જ્ઞાન તો શુદ્ધ ચૈતન્યજ્ઞાન અને આનંદ ઉપર હોય છે. તેથી ધર્મીને અનુભવ પણ જ્ઞાનાનંદનો છે તેથી બહારમાં ધર્મી સંયોગનો ઉપભોગ કરતો દેખાતો હોય છતાં એ ઉપભોગ કરતો નથી. કેમ કે તેને રાગમાંથી અને ભોગાદિમાંથી સુખબુદ્ધિ ટળી ગઈ છે. સમ્યગ્દૃષ્ટિનું હૃદય જ આખુ પલટાઈ ગયું છે. શ્રદ્ધા-જ્ઞાન નિર્મળ થઈ ગયા છે.

## જ્ઞાનની નિર્મળતા પર દૃષ્ટાંત

जैसो जो दरव तामैं तैसोई सुभाउ सधै,
कोऊ दर्व काहूकौ सुभाउ न गहतु है।
जैसें संख उज्जल विविध वर्न माटी भखै,
माटीसौ न दीसै नित उज्जल रहतु है।।
तैसें ग्यानवंत नाना भोग परिगह-जोग,
करत विलास न अग्यानता लहतु है।
ग्यानकला दूनी होइ दुंददसा सूनी होइ,
ऊनी होइ भौ-थिति बनारसी कहतु है।।३९।।

અર્થ :—પં. બનારસીદાસજી કહે છે કે જે પદાર્થ જેવો છે તેનો તેવો જ સ્વભાવ હોય છે, કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થના સ્વભાવનું ગ્રહણ કરી શકતો નથી. જેમ કે શંખ સફેદ હોય છે અને માટી ખાય છે પણ તે માટી જેવો થઈ શકતો નથી-હંમેશા ઉજળો જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ પરિગ્રહના સંયોગથી અનેક ભોગ ભોગવે છે પણ તે અજ્ઞાની થઈ જતા નથી. તેમના જ્ઞાનના કિરણો દિવસે દિવસે વધતાં જાય છે, ભ્રમદશા મટી જાય છે અને ભવ-સ્થિતિ ઘટી જાય છે.

સમકિતીનું દ્રવ્ય શુદ્ધચૈતન્યપણે પરિણમેલું છે. વસ્તુનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે તેને સાધનારા ધર્મીને પ્રથમ દશામાં જ શુદ્ધ જ્ઞાનાનંદનો અનુભવ થાય છે. કોઈ અન્ય દ્રવ્ય

www.vitragvani.com



આ જીવને જ્ઞાન કે સુખ, આનંદ આદિનો અનુભવ કરાવી શકતું નથી. અજ્ઞાની જીવ પરમાં સુખની કલ્પના કરે છે તે પણ સ્વયં કરે છે, કોઈ પરદ્રવ્ય તેને સુખબુદ્ધિ ઉપજાવી શકતું નથી.

સુખ અને આનંદ તો જીવદ્રવ્યનો જ સ્વભાવ છે, તે આનંદ શુભાશુભ વિકલ્પમાં નથી કે શરીરની કોઈ ક્રિયામાં પણ આનંદ નથી. માટે જેને સુખ અને આનંદ જોઈએ છે તે જીવ સ્વભાવનો આશ્રય કરે તો જ મળે છે. ધર્મીએ આવા આનંદનો અનુભવ કર્યો છે તેથી ઈન્દ્રના ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીના ભોગ તેને કાળા નાગ જેવા દુઃખરૂપ લાગે છે. ક્રિયામાં ભોગાદિ દેખાય છે પણ અંદરમાં તેને રોગ જેવા લાગે છે. કેમ કે સુખ તો એક આત્મામાં જ છે એવો અનુભવ છે.

જુઓ! આ ધર્મીનું અને વસ્તુના સ્વરૂપનું કથન છે. સંયોગી ચીજો કે સંયોગીભાવ ધર્મીને સુખબુદ્ધિ ઉપજાવે એવી તેનામાં તાકાત નથી.

જેમ, શંખ ઉજ્જ્વળ છે અને કાળી માટી ખાય છે તેથી કાંઈ શંખ કાળો થઈ જતો નથી. દરિયાની કાળી માટી ખાતાં છતાં શંખ હંમેશા ઉજ્જ્વળ જ રહે છે તેમ ધર્મી ગૃહસ્થાશ્રમમાં પરિગ્રહની વચ્ચે રહ્યો છે, ઘરનાં બધાં માણસો ખાય છે તેવું જ ભોજન આદિ તે ખાય છે, સુવામાં કપડા આદિ પહેરે છે, બધી ક્રિયા કરે છે તોપણ તે અજ્ઞાની થઈ જતો નથી.

દુનિયાને દુનિયાની ભાષામાં કહેવું પડે છે કે ધર્મી ભોગાદિ ભોગવે છે પણ ખરેખર આનંદના ભોગ પાસે તેને રાગનો અને પરનો અનુભવ જ નથી. સમ્યગ્દ્રષ્ટિનું એટલું માહાત્મ્ય છે કે તેને પોતાના આનંદ પાસે બીજે ક્યાંય આનંદ કે સુખ લાગતાં જ નથી. તે સમકિતી ભલે આઠ વર્ષની બાલિકા હોય કે તિર્યંચ–પશુ–દેડકો હોય તેને સ્વરૂપના અનુભવમાં જ સુખ ભાસ્યું છે, બીજે ક્યાંય સુખ ભાસતું નથી.

અમુક રોગની દવા એવી ગંધ મારતી હોય કે કૂતરાની વિષ્ટા કરતાં પણ વધારે દુર્ગંધવાળી હોય, તે દવા જેને લેવી પડતી હોય તેને શું હોંશ હોય છે! તેમ ધર્મી પરિગ્રહની વચ્ચે ભોગ ભોગવતો દેખાય પણ તેને હોંશ નથી. બહુ સામગ્રી ભેગી કરી છે માટે તેને તેમાં મજા પડે છે–એમ નથી. ભોગવિલાસ કરતો દેખાવા છતાં તેમાં મજા નહીં માનતા જ્ઞાની અજ્ઞાનપણાને પામતાં નથી—જ્ઞાની જ રહે છે.

**ग्यानकला दूनी होइ दुंददसा सूनी होइ,** શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સ્વભાવ–એકલો આનંદ સ્વભાવ–જ્ઞાનસ્વભાવની અંતરદ્રષ્ટિ અને અનુભવ હોવાથી ધર્મીને શરીરાદિની ક્રિયા અને ભોગાદિના સંબંધમાં રહેવા છતાં પણ જ્ઞાનકળા વધતી જ જાય છે અને દુંદ નામ રાગદશા સૂની થતી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જાય છે—ટળતી જાય છે અને ભવની સ્થિતિ પણ ક્ષણે ક્ષણે ઘટતી જાય છે. આવું વસ્તુનું સ્વરૂપ છે એમ બનારસીદાસજી કહે છે.

આ સાંભળીને કોઈ એમ માને કે જ્ઞાનીને વિષયો સેવવા છતાં બંધ નથી તેમ હું પણ વિષયો પ્રેમથી સેવું છું છતાં બંધ નથી થતો. તેને કહે છે કે એ તો તારી મૂઢતા છે. જ્ઞાનીને તો રાગનો રસ તૂટીને અતીન્દ્રિય આનંદનો રસ ચાખ્યો છે તેની પાસે તેને આખી દુનિયાનો રસ તૂટી ગયો છે તેથી તેને નિર્જરા થાય છે. તને તો આત્માના આનંદનો સ્વાદ તો આવ્યો નથી અને ભોગોના સ્વાદમાં સુખ લાગે છે તો નિર્જરા ક્યાંથી થાય! તારો અને જ્ઞાનીની દશાનો મેળ ન ખાય.

આવા જીવોને સમજાવવા માટે હવે ૧૯મો શ્લોક અને ૪૦મું પદ્ય કહે છે.

## વિષયવાસનાઓથી વિરકત રહેવાનો ઉપદેશ

**जौलौं ग्यानकौ उदोत तौलौं नहि बंध होत,**
**बरतै मिथ्यात तब नाना बंध होहि है।**
**ऐसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं,**
**जोगनिसौं उद्दमकी रीति तैं बिछोहि है।।**
**सुनु भैया संत तू कहै मैं समकितवंत,**
**यहु तौ एकंत भगवंतकौ दिरोहि है।**
**विषैसौं विमुख होहि अनुभौ दसा अरोहि,**
**मोख सुख येहि तोहि ऐसी मति सोहि है।।४०।।**

અર્થ :—હે ભાઈ ભવ્ય! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષયભોગમાં લાગી જાવ તથા સંયમ, ધ્યાન, ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાંત મિથ્યાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરકત થઈને આત્મ-અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે.

**जौलौं ग्यानकौ उदोत**—જ્યાં સુધી રાગ અને સંયોગથી ભિન્ન સ્વરૂપનો અનુભવ છે ત્યાં સુધી તો બંધ નહિ થાય. પણ જ્યાં વિષયમાં સુખબુદ્ધિ થઈ, રાગમાં હોંશ આવી ત્યાં તો મિથ્યાત્વમાં વર્તન થયું. તેને બંધ જરૂર થશે. ભલે વસ્તુ નાનામાં નાની હો પણ તેનો પ્રેમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થયો, રાગમાં રુચિ થઈ તો તે મિથ્યાત્વભાવ છે. પોતાની આબરૂની કે કીર્તિની વાત સાંભળે ત્યાં હોંશ આવે–મોટપ લાગે છે તો તું મિથ્યાદૃષ્ટિ છો અને જ્યાં મિથ્યાત્વ છે ત્યાં મોહનીય સહિત આઠેય કર્મનો બંધ થાય છે.

જ્યાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ છે, અંતરનો આનંદ વર્તે છે ત્યાં કદાચિત્ તીર્થંકરગોત્રને યોગ્ય ઊચામાં ઊંચો શુભવિકલ્પ ઊઠતો હોય તોપણ તેમાં હેયબુદ્ધિ છે—દુઃખબુદ્ધિ છે.

કોઈ લખે છે કે મોક્ષમાર્ગ બે છે. મોક્ષમાર્ગ પણ બંધનું કારણ છે;—પણ એમ નથી. જેટલી સ્વભાવની દૃષ્ટિ છે તે તો સંવર-નિર્જરાનું જ કારણ છે, તે જ મોક્ષમાર્ગ છે. સાથે જે રાગનો ભાગ છે તે બંધનું કારણ છે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી–રત્નત્રય નથી. રત્નત્રય કદી બંધનું કારણ ન હોઈ શકે. નિશ્ચયરત્નત્રય જ ખરાં રત્નત્રય છે, વ્યવહારરત્નત્રય એ કાંઈ રત્નત્રય નથી.

ધર્મીને પણ જેટલા અંશે રાગ છે એટલો બંધ છે અને જેટલી વીતરાગતા છે એટલી નિર્જરા છે પણ અહીં તો સમ્યગ્દર્શનની શુદ્ધતાના માહાત્મ્ય પાસે રાગાદિને પોતાનો ગણ્યો નથી તેથી ધર્મીને બંધ નથી એમ કહ્યું છે.

અરે! એક સાકરનો ગાંગડો મોઢામાં પડ્યો અને સારો લાગ્યો તો એ મિથ્યાત્વભાવ છે. પ્રશ્ન થાય કે મીઠી વસ્તુને મીઠી જાણવી એ તો સમ્યક્ જ્ઞાન થયું તેમાં મિથ્યાત્વ ક્યાં આવ્યું?–એણે સાકર મીઠી છે એમ માત્ર જાણ્યું નથી પણ તેની મજા લીધી છે–સાકર સારી લાગી છે તે મિથ્યાત્વ છે. પોતાના ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદની મીઠાશની ખબર નથી અને જ્યાં ત્યાં મીઠાશ માનીને મજા લેવા જાય છે પણ પોતાના સ્વાદ પાસે તો એ કડવા ઝેર જેવો સ્વાદ છે તેમાં એ મીઠાશ વેદે છે એ જ મિથ્યાત્વભાવ છે. આવા મિથ્યાત્વભાવ સહિત એ કદાચ ત્યાગી હોય તોપણ તે ભોગી જ છે અને જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં ભોગના સંબંધમાં હોય છતાં તેમાં મીઠાશ વેદતો નહિ હોવાથી છૂટતો જાય છે કેમ કે રાગ અને સંયોગ તેની દૃષ્ટિનો વિષય જ નથી.

**ऐसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं**—જ્ઞાનીને બંધ નથી એ વાત સાંભળીને જો તું વિષયભોગમાં લાગી ગયો–વિષય લગની લાગી–રસ આવ્યો તો એ તો ઊલટું મિથ્યાત્વ વધ્યું છે. સ્વરૂપની સાવધાની તો તેં છોડી દીધી અને રાગની સાવધાનીમાં જોડાઈ ગયો અને કર્મ નિર્જરી જાય છે એમ માને છો તો તું મૂઢ છો. અનેક પ્રકારના દર્શન મોહ સહિત સાત–આઠ કર્મોનો બંધ તને થાય છે.

વિષયની રુચિવાળો તો એકલા બંધમાં જ પડ્યો છે. રાગના પ્રેમમાં પડેલો તે પોતાને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમકિતવંત કહે છે તે તદ્દન જૂઠું છે, એકાંતે મિથ્યાત્વ છે–આત્માનું અહિત કરનાર છે. વિષયનો તને રસ છે, ઉલ્લસીત વીર્યથી રાગને સેવે છો અને હું સમકિતવંત છું એમ કહે છો તો તું સર્વજ્ઞપરમાત્માનો દ્રોહી છો–દ્વેષી છો અને સર્વજ્ઞસ્વભાવી આત્માનો પણ દ્વેષી છો.

જેને સંયોગમાં સુખ ભાસ્યું છે તે ભગવાન આત્માનો વૈરી થયો અને વીતરાગ ભગવાનનો પણ વેરી થયો. આવા દૃષ્ટિના તોલ બહારના માપથી થાય તેમ નથી. જ્ઞાની નામ ધરાવીને વિષયનો રસ રાખે, તેમાં સુખબુદ્ધિ રાખે અને કહે કે અમારે ભોગમાં પણ નિર્જરા થાય છે તો તું તારા આત્માનું અહિત કરનાર છો.

આનો અર્થ એમ પણ નથી કે જ્ઞાનીને વિષયનું સેવન જ ન હોય, જ્ઞાનીને વિષયસુખથી વિમુખતા થઈ જાય–વિરકિત આવી જાય એમ સમજવું. સમયસારના કર્તાકર્મ અધિકારની ૭૨મી ગાથાનો કેટલાંક લોકો એમ અર્થ કરે છે કે જે વિષયથી નિવર્તતો નથી તે જ્ઞાની નથી. પણ તેનો અર્થ એમ નથી. અભિપ્રાયમાં જે રાગથી નિવર્તતો નથી તે જ્ઞાની નથી–એમ તેનો અર્થ છે. અભિપ્રાયમાં જે રાગનો રસ પડયો હોય અને કહે કે અમારે આસ્રવ નથી, બંધ નથી....તો તે જૂઠો છે, પોતાનું અહિત કરનાર છે. તે વિષયથી વિરકત નથી માટે તેને બંધ થાય જ છે.

કકડીને ભૂખ લાગી હોય અને સામે મેવા, મીઠાઈ તૈયાર પડ્યાં હોય તો ખાવાનો વિકલ્પ ઊઠે અને ખાવાની ક્રિયા પણ થાય. પરંતુ જ્ઞાનીની દૃષ્ટિ કે રુચિ તેના ઉપર નથી. વિકલ્પ આવે છે તેના ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ છે તે વિષયથી વિમુખ છે અને જેની દૃષ્ટિ વિષય ઉપર પડી છે તે કદાચિત્ બહારથી બ્રહ્મચર્ય પાળતો હોય તોપણ વિષયથી વિમુખ નથી પણ વિષય સન્મુખ છે. રાગનો ભોગ કરે છે એ જ મોટો ભોગી છે.

**विषैसौं विमुख होहि अनुभौ दसा अरोहि**–રાગમાં સુખબુદ્ધિ છોડી દઈને આત્માના આનંદના અનુભવમાં રહે છે તેને વિષયસુખથી વિરક્ત કહેવામાં આવે છે. જ્ઞાની રાગની સન્મુખ નથી, રાગથી વિમુખ છે અને સ્વભાવની સન્મુખ છે, જ્યારે અજ્ઞાની રાગની સન્મુખ છે અને સ્વભાવથી વિમુખ છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આટલો ફેર છે. સુંવાળા શરીર આદિ વિષયોને જોઈને અંદરમાં ઉન્મેદ આવે છે તે વિષયની સન્મુખ જ છે. હજારો રાણી છોડીને ત્યાગી થયો હોય પણ અંદરમાં જો શુભરાગનો પણ પ્રેમ અને એક્તાબુદ્ધિ છે તો તે વિષયની સન્મુખ જ પડેલો છે.

**मोख सुख टोहि तोहि एसी मति सोहि है**–મોક્ષસુખ તરફ જો–તારું સુખ તેમાં છે, રાગમાં ક્યાંય સુખ નથી. મોક્ષસુખને અંતરમાં ખોજ તો તેમાં તારી શોભા છે, રાગમાં તારી શોભા નથી. મિથ્યાત્વનું કલંક છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવાર્થ :—જ્ઞાનીને બંધ થતો નથી એવો એકાંતપક્ષ ગ્રહણ કરીને વિષયસુખમાં નિરંકુશ ન થઈ જવું જોઈએ, મોક્ષસુખની સન્મુખ જવું જોઈએ, વિષયસુખને આધીન ન થવું જોઈએ. જ્યાં આનંદની ગંધ પણ નથી ત્યાં આનંદ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

હવે ૨૦મા કળશમાં કહે છે કે સમકિતીનો સ્વભાવ રાગના ત્યાગનો છે. આ જ વાત પંડિત બનારસીદાસજી ૪૧મા પદ્યમાં કહે છે.

### જ્ઞાની જીવ વિષયોમાં નિરંકુશ રહેતા નથી

ग्यानकला जिनके घट जागी।
ते जगमांहि सहज वैरागी।
ग्यानी मगन विषै-सुख मांही,
यह विपरीत संभवै नांही॥४१॥

અર્થ :—જેમનાં ચિત્તમાં સમ્યગ્જ્ઞાનના કિરણો પ્રકાશિત થયા છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે. જ્ઞાની થઈને વિષયસુખમાં આસક્ત હોય એવી ઊલટી રીત અસંભવ છે.

ધર્મી રાગના ભાવથી ઉદાસ છે. સ્વભાવના આદરની દૃષ્ટિમાં સમ્યક્ ધર્મીને રાગનો ત્યાગ વર્તે છે–રાગનો રાગ નથી–રાગથી વૈરાગ્ય છે. દૃષ્ટિનો વિષય અને સમ્યગ્દૃષ્ટિની દશા કોઈ સાધારણ નથી, અલૌકિક છે. 'જ્ઞાયકભાવ' એ સમ્યગ્દૃષ્ટિનો વિષય છે. જેને જ્ઞાયકભાવની દૃષ્ટિ અંતરમાં ઊછળી છે તેને આત્મામાં જ આનંદ ભાસે છે. જગતથી તેને વૈરાગ્ય થઈ જાય છે. ભરતચક્રવર્તીની વાત આવે છે ને! 'ભરતજી ઘરમેં હી વૈરાગી.' છ ખંડનું રાજ્ય અને ૯૬ હજાર સ્ત્રી આદિ સ્મશાનના લાકડાં સમાન લાગે છે. શરીર પણ મૃતક કલેવર છે. કોઈ પણ પરદ્રવ્યનો રાગ કે પ્રેમ અંતરરુચિમાં આવતો નથી.

ધર્મીને વસ્તુના અસ્તિભાવનો અનુભવ છે અને એક વિકલ્પથી માંડીને આખી દુનિયાથી વૈરાગ્ય છે. તેથી તેને જ્ઞાની કહેવાય છે. માટે, જ્ઞાની હોય અને વિષયસુખમાં મગ્ન હોય એવી વિપરીત વાત સંભવી શકતી નથી. ઈન્દ્ર સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની છે તેને કરોડો ઈન્દ્રાણી છે પણ તેમાં ક્યાંય સુખબુદ્ધિ નથી. બહારથી જોતાં અજ્ઞાનીને એમ દેખાય કે ધર્મીને ભોગની ક્રિયામાં રાગ છે–પ્રેમ છે પણ એ પ્રેમ વેશ્યાના પ્રેમ જેવો છે.

એક મ્યાનમાં બે તલવાર ન રહે તેમ જેને વિષયસુખની બુદ્ધિ છે તેને સમ્યગ્દર્શન ન રહે. છતાં સમ્યગ્દર્શન છે એમ માને છે તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એનાથી વિપરીત, જેને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન છે તેને વિષયસુખમાં રુચિ રહી શકતી નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે વિષયસુખનો વિકલ્પ એને ઝેર જેવો લાગે છે. લાડવો ખાતા વચ્ચે કાંકરી આવે તો ફટ મોઢામાંથી કાઢી નાંખે છે તેમ અતીન્દ્રિય આનંદના વેદન પાસે આ વિષયસુખ ઝેરની કાંકરી જેવા લાગતાં હોવાથી જ્ઞાની તેને કાઢી નાખવા માગે છે. દૃષ્ટિમાંથી તો કાઢી જ નાંખ્યા છે અને સ્થિરતામાં પણ વિષયસુખ પોષાતા નથી—છૂટવા માગે છે.

આવી સમ્યગ્દૃષ્ટિની કિંમત છે. તેનું ધ્યેય ધ્રુવ ઉપર છે. આનંદના ધામમાં દૃષ્ટિ પડી છે તેની દૃષ્ટિ વિષયસુખમાં હોઈ જ ન શકે. ચૈતન્યરસને લૂંટી જાય એવો કોઈ નાનામાં નાનો પણ વિષયરસ તેને ન હોય.

## જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે જ હોય છે

**ग्यान सकति वैराग्य बल, सिव साधैं समकाल।**
**ज्यौं लोचन न्यारे रहैं, निरखैं दोऊ नाल॥४२॥**

અર્થ :—જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે ઊપજવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધે છે, જેમ કે આંખ જુદી જુદી રહે છે પણ જોવાનું કામ એકસાથે કરે છે.

સ્વરૂપના આનંદનું જ્ઞાન અને એ જ ક્ષણે રાગના અભાવવાળા વૈરાગ્યનું બળ એકસાથે હોય છે. શુદ્ધ ધ્રુવનો આદર અને રાગથી માંડીને સર્વ ચીજનો વૈરાગ્ય—આ બન્ને ભાવ એકસાથે જ હોય છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી છે તેથી રાગાદિ અધ્રુવ ચીજથી વૈરાગ્ય વર્તે છે.

કોઈ એમ કહે કે સમકિતી હોય તેને રાગ હોય–ભોગ હોય–બધું હોય. ન હોય ભાઈ! માત્ર બહારનો સંયોગ હોય પણ તેનો પ્રેમ ન હોય. સંયોગ તો તેના કાળમાં અને ક્ષેત્રમાં હોય પણ તે કાંઈ જ્ઞાનીના કાળમાં કે ક્ષેત્રમાં આવી જતાં નથી. રાગની એકતા તૂટી છે તેથી પોતાના સ્વકાળ કે સ્વક્ષેત્રમાં તેનો પ્રવેશ નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. અતીન્દ્રિય આનંદપદનું ભાન થયું ત્યાં રાગપદનો આદર કેમ હોય! અસ્તિસ્વભાવનું જ્ઞાન અને રાગાદિથી વૈરાગ આ બન્ને સાથે જ હોય. રાગનો વૈરાગ અને સ્વરૂપના ભાનથી જ સમકિતી મોક્ષને સાધે છે.

જ્ઞાન હોય અને વૈરાગ ન હોય તો એ જ્ઞાન જ નથી અને વૈરાગ હોય અને જ્ઞાન ન હોય તો એ વૈરાગ જ નથી. જ્ઞાનાનંદસ્વરૂપની સન્મુખતા અને રાગથી વિમુખતા એકસાથે જ થાય છે. બંને આંખ જુદી હોવા છતાં કામ એકસાથે કરે છે તેમ જ્ઞાન અને વૈરાગ બે જુદાં ગુણ હોવા છતાં નિર્જરાનું કામ એકસાથે મળીને કરે છે. આત્માનો અનુભવ અને રાગથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વૈરાગ્ય આ બંને વડે કર્મની નિર્જરા થાય છે. બહારથી સ્ત્રી, પુત્રાદિ છોડી દેવાથી વૈરાગ થઈ જતો નથી. સમ્યગ્જ્ઞાન સહિત રાગથી વૈરાગ્ય–તે જ સાચો વૈરાગ્ય છે અને વૈરાગ વિનાનું જ્ઞાન પણ જ્ઞાન નથી. વૈરાગ સહિતનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

એકલું જ્ઞાન કે એકલો વૈરાગ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. પૂર્ણાનંદસ્વરૂપની પ્રતીત, જ્ઞાન અને રાગથી વૈરાગ એ બંને મળીને મોક્ષમાર્ગને સાધે છે. જ્ઞાન અને વૈરાગ સાથે જ રહે છે અને સાથે જ કામ કરે છે.

ભાવાર્થ :—જેવી રીતે આંખ જુદી જુદી હોવા છતાં પણ જોવાની ક્રિયા એકસાથે કરે છે તેવી જ રીતે જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે કર્મની નિર્જરા કરે છે. જ્ઞાન વિનાનો વૈરાગ્ય અને વૈરાગ્ય વિનાનું જ્ઞાન મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે.

નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે, છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે, પરંતુ તે-રૂપે હું પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં, પછી અનુભવ થશે પર્યાયમાં, પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૩)*

www.vitragvani.com



# સમ્યક્ત્વનો અટપટો મહિમા

(સળંગ પ્રવચન નં-૮૦)

આ શ્રી નાટક સમયસારનો નિર્જરા અધિકાર છે તેમાં "ધર્મથી નિર્જરા થાય અને ધર્મ વિના જીવને કર્મબંધન થાય" એ વાત ચાલે છે. ૪૩ મું પદ્ય છે.

## અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ છે.

मूढ़ करमकौ करता होवै।
फल अभिलाषा धरै फल जोवै॥
ग्यानी क्रिया करै फल–सूनी।
लगै न लेप निर्जरा दूनी॥४३॥

અર્થ :—મિથ્યાદૃષ્ટિ જીવ ક્રિયાના ફળની (ભોગોની) અભિલાષા કરે છે અને તેનું ફળ ચાહે છે તેથી તે કર્મબંધનો કર્તા છે. સમ્યગ્જ્ઞાની જીવોની ભોગ આદિ શુભાશુભ ક્રિયા ઉદાસીનતાપૂર્વક હોય છે તેથી તેમને કર્મનો બંધ થતો નથી અને પ્રતિદિન બમણી નિર્જરા જ થાય છે.

ભગવાન આત્મા રાગ રહિત શુદ્ધ ચિદાનંદ વસ્તુ છે એવું જેને જ્ઞાન નથી તે તો શુભાશુભ પરિણામને જ પોતાનું સ્વરૂપ અને પોતાનું કાર્ય માનીને વર્તે છે; દયા–દાન–વ્રતાદિના પરિણામ મારા છે અને હું તેનો કર્તા છું એમ માને છે. જેને પોતાના માને તેનો જીવ કર્તા થાય છે. શુદ્ધ ચિદાનંદ વસ્તુની દૃષ્ટિ નથી તેથી અજ્ઞાની શુભાશુભરાગને જ મારા માનીને કર્તા થાય છે. આ મૂળ વાત છે.

**मूढ़ करमकौ करता होवै**–આનંદમૂર્તિ આત્માનો અનુભવી જીવ તો રાગને પોતાનો માનતો નથી તેથી રાગના કાર્યનો કર્તા થતો નથી પણ અનાદિથી સ્વરૂપનો અજ્ઞાનીજીવ–મૂઢજીવ, અતીન્દ્રિય આનંદનો ગાઠડો જે પોતાનો આત્મા તેનો અનાદર કરીને, તેનાથી વિરુદ્ધ એવા રાગભાવની દૃષ્ટિ કરીને રાગને જ પોતાનો માનીને કર્તા થાય છે. એ રાગ ભલે શુભ હોય કે અશુભ હોય પણ તેને જે પોતાનું સ્વરૂપ માને છે તે જ તેનો કર્તા થાય છે અને રાગનો કર્તા થાય છે તેને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન થાય છે. આમ તેને નિર્જરા તો નથી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ અધર્મ છે, કારણ કે રાગ છે તે પોતે જ અધર્મ છે–ધર્મનું સ્વરૂપ નથી.

સર્વજ્ઞદેવે જોયેલો–અનુભવેલો એવો જે આત્મા તેની જેને દૃષ્ટિ નથી, તેનું અવલંબન નથી, તેને પોતાનો માન્યો નથી અને રાગને પોતાપણે માન્યો છે તે મૂઢ, રાગનો કર્તા થાય છે. તેણે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માને દૃષ્ટિમાં લીધો નથી, આત્મા તેની પ્રતીતિમાં આવ્યો નથી, અનુભવમાં આવ્યો નથી તેથી તેને ધર્મ થતો નથી, ઉલટો અધર્મ થાય છે.

**फल अभिलाषा....!** મૂઢ અજ્ઞાની જે રાગભાવને કરે છે તેમાં જ તેને સુખબુદ્ધિ છે. રાગમાં મને ઠીક પડે છે–મજા પડે છે એવી જે દૃષ્ટિ છે તે મિથ્યા દૃષ્ટિ છે કેમ કે રાગમાં મજા બિલકુલ નથી. ભલે શુભરાગ હો તોપણ એ કષાય-અગ્નિ છે–દુઃખ છે.

આત્મામાં આનંદ છે એવી દૃષ્ટિ નથી તેને રાગમાં સુખ છે એવી મિથ્યા દૃષ્ટિ છે. રાગ તો ખરેખર દુઃખ છે તેમાં સુખ માને છે તેથી રાગ કરતાં કરતાં મારું કાંઈક કલ્યાણ થશે એવી માન્યતા એને થયા વગર રહેતી નથી. રાગને પોતાનો માનનાર રાગનો કર્તા થયા વગર રહેતો નથી અથવા રાગનો કર્તા થાય છે તે રાગને પોતાનો માને છે. અજ્ઞાની રાગની ક્રિયાનો કરનાર–રચનાર–બનાવનાર થાય છે, સ્વયં રાગરૂપે થનારો થાય છે.

અજ્ઞાની ભલે દ્રવ્યલિંગ ધાર્યું હોય, ૨૮ મૂળગુણ બરાબર પાળતો હોય, નગ્નદિગંબર દશા હોય છતાં એ રાગની ક્રિયાને પોતાનું કર્તવ્ય માને છે તો એ મિથ્યાદૃષ્ટિ જ છે. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવભાવનું તો એને ભાન નથી, તેથી ક્યાંક હુંપણું તો માનવું જ રહ્યું! રાગની ક્રિયા વડે મૂઢ જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વથી સંસારની વૃદ્ધિ થાય છે. રાગને પોતાનો માનનાર રાગના ફળને ઈચ્છે છે, રાગના ફળમાં મને આત્મા માટે કાંઈક અનુકૂળતા મળશે એવી અભિલાષા છે તે એની મૂઢતા છે.

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે ફરમાવેલો સિદ્ધાંત છે કે રાગને પોતાનું સ્વરૂપ માનનારો મૂઢ જીવ રાગનો કર્તા થાય જ છે. કેમ કે એને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા શ્રદ્ધા–જ્ઞાનમાં બેઠો નથી તેથી સ્વરૂપથી વિપરીત એવા રાગાદિભાવમાં એકત્વ થયા વિના રહેતું નથી.

પ્રભુ ચૈતન્ય આત્મા સુખનો સાગર છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે તેની જેને દૃષ્ટિ નથી, તેની જેને અભિલાષા નથી, તેનું જેને ભાન અને ભાવના નથી એવા અજ્ઞાની અનાદિથી પોતાને વિકારપણે પરિણમનારા જ માને છે. રાગને પોતાનો માને છે અને રાગના ફળની અભિલાષા કરે છે કે આ હું શુભભાવ કરું છું તેથી મને તેના ફળમાં સ્વર્ગ અને શેઠાઈ આદિ મળશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—ભગવાન પાસે જઈશ એમ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પણ ભગવાન તો અહીં (અંદરમાં) બેઠા છે! ત્યાં તો પર ભગવાન છે. તે ભગવાન પાસે તો જીવ અનંતવાર જઈ આવ્યો છે. ભગવાનની વાણી પણ સાંભળી છે. રાગથી વાણી સાંભળી છે. સાંભળવામાં તો રાગ જ હોય પણ એ રાગની આડમાં તેની દૃષ્ટિ પરમાત્મા ઉપર જતી નથી. તેથી તે વિકલ્પમાં રાગનો કર્તા થઈ તેના ફળની વાંછા કર્યા કરે છે.

જ્ઞાની તો તેને કહીએ કે જેને રાગાદિ ભાવ તો આવે પણ તેને પોતાના ન માને, તેના ફળની અભિલાષા ન કરે અને પોતાના સ્વરૂપથી વિપરીત જાણી રાગાદિ ભાવને હેય માને છે. સમ્યગ્દૃષ્ટિ તો પોતાના જ્ઞાન અને આનંદને કરે છે, રાગના કર્તા થતા નથી. રાગની ક્રિયાનો વિકલ્પ તો ઊઠે છે પણ તેને એકપણે માનતો નથી તેથી તે રાગની ક્રિયાનો કર્તા નથી, રાગનો સ્વામી નથી, રાગને પોતાપણે માનતો નથી, રાગને સ્વભાવમાં એકમેક કરતો નથી, રાગને ભિન્ન રાખીને, તેનો કર્તા થતો નથી તેને તો રાગ ઝેર સમાન લાગે છે.

નિજસ્વરૂપનો આનંદ અનુભવ્યો છે તેને રાગ ઝેર જેવો દેખાય છે, રાગમાં સુખબુદ્ધિ કે હિતબુદ્ધિ તેને હોતી નથી. તેથી જ્ઞાની શુભાશુભ પરિણામથી ઉદાસીન છે. જેમ પરદ્રવ્યોનો આત્મામાં અભાવ છે તેમ ધર્મીના આત્મામાં શુભાશુભ વિકલ્પનો અભાવ છે.

અહા! વીતરાગ ધર્મ અલૌકિક છે પણ એણે કદી વિચાર્યો નથી. વિચાર વગરના જીવન ચાલ્યા જાય છે. વ્રત પાળતો હોય, પૂજા–ભક્તિ કરતો હોય એટલે એને એમ લાગે કે અમે આત્મા માટે કાંઈક કરીએ છીએ. પણ દેહની ક્રિયા તો જડની છે તેના ઉપર દૃષ્ટિ રાખીને તે પરિણમનને 'મારું' માનવું એ તો મિથ્યાત્વ છે.

જ્ઞાની રાગથી મુક્ત છે, અજ્ઞાની રાગ સહિત છે. પોતાને રાગ સહિત માનનારા અજ્ઞાની જ રાગનું કર્તૃત્વ સ્વીકારે છે. પોતાને રાગરહિત જ્ઞાનાનંદસ્વરૂપ માનનારા જ્ઞાની પોતાને રાગરહિત માનતાં નથી. તેથી જ્ઞાનીને રાગનો કે કર્મનો લેપ લાગતો નથી.

**लगै न लेप निर्जरा दूनी।** સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો અને આખો આત્મા આવો અતીન્દ્રિયમય છે એવી શ્રદ્ધા અને અનુભવ વર્તે છે તેને રાગાદિભાવમાં મમત્વ નહિ હોવાથી રાગનો લેપ લાગતો નથી અને નિર્જરા તો બમણી નહીં પણ ઘણી નિર્જરા થાય છે.

ધર્મી તો અનંતી સિદ્ધ પર્યાયને પેટમાં રાખનારા છે, જેટલી જેટલી સ્વભાવસન્મુખતા વર્તે છે તેટલું કર્મનું ક્ષરણ–કર્મની નિર્જરા થતી રહે છે. ધર્મીએ સિદ્ધસમાન આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં લીધો છે માટે તેને નિર્જરા થાય છે. માત્ર વ્રત, તપાદિ, કરનારને નિર્જરા થતી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અજ્ઞાનીને તપ સાચા ક્યાંથી હોય! અજ્ઞાનીના વ્રત, તપને બાળવ્રત અને બાળતપ જ કહ્યાં છે કારણ કે તેના વ્રત, તપ મૂર્ખાઈ ભરેલાં હોય છે. હું રાગનો કર્તા નથી, દેહની ક્રિયાનો કરનાર નથી, આહારનો લેનાર કે છોડનાર નથી, હું તો અરૂપી આનંદમૂર્તિ વસ્તુ છું એવો અનુભવ નથી તેના વ્રત-તપ અજ્ઞાન ભરેલાં મૂર્ખાઈ ભરેલાં, બંધન કારણ જ હોય.

હવે ૪૪મા પદ્યમાં જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના બંધ ઉપર દૃષ્ટાંત કહે છે. અજ્ઞાનીને રેશમના કીડાની અને જ્ઞાનીને ગોરખધંધા કીડાની ઉપમા આપી છે.

**बंधै करमसौं मूढ़ ज्यौं, पाट-कीट तन पेम।**
**खुलै करमसौं समकिती, गोरख धंधा जेम॥४४॥**

અર્થ :-જેવી રીતે રેશમનો કીડો પોતાના શરીર ઉપર પોતે જ જાળ વીંટે છે તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિજીવ કર્મબંધનને પ્રાપ્ત થાય છે અને જેવી રીતે ગોરખધંધા નામનો કીડો જાળમાંથી નીકળે છે તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિજીવ કર્મબંધનથી મુક્ત થાય છે.

જાળ કાંઈ બહારથી આવતી નથી. રેશમનો કીડો પોતાના મોઢામાંથી જ જાળ કાઢે છે અને તેમાં વીંટાઈ જાય છે તેમ અજ્ઞાની સ્વરૂપના જ્ઞાન વિના વિકલ્પની લાળ કાઢીને તેમાં જ વીંટાઈ જાય છે. રાગ મારું સ્વરૂપ છે એમ માનીને તેમાં વીંટાઈ જાય છે, તેમાં તેને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન પડે છે.

**खुलै करमसौं समकिती**-ગોરખધંધા નામનો કીડો થાય છે તે જાળમાં વીંટાતો નથી, જાળમાંથી નીકળી જ જાય છે તેમ ધર્મી તેને કહીએ કે જે રાગની લાળમાં વીંટાતો નથી. એ તો જ્ઞાનાનંદસ્વભાવમાં લ્હેર કરતો, રાગને હેય માનીને વર્તતો, કર્મબંધનથી મુક્ત થાય છે. ક્ષણે ક્ષણે તેને કર્મની નિર્જરા થાય છે.

સમ્યગ્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઝેર જેવો દેખાય છે. વિકલ્પથી રહિત સ્વભાવનો સ્વાદ આવે છે તેથી તેને સમાધિ છે-શાંતિ છે. યોગની ક્રિયા હોવા છતાં ધર્મી તેનાથી ભિન્ન છે. માટે કહે છે કે હલન-ચલન કરતો હોવા છતાં ધર્મીએ તો સ્વરૂપમાં આસન જમાવ્યું છે. ૧૪૮ પાના ઉપર જુઓ (૨૯મા પદ્યના ભાવાર્થમાં) હાલતાં-ચાલતાં અને બોલતાં છતાં પણ જ્ઞાનીને કર્મ ખરે છે. જે ફળ સમાધિ, યોગ, આસન અને મૌનનું છે તે જ ફળ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે. સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે.

ધર્મી જીવને અંતરમાં આત્માના પ્રેમ પાસે સર્વજ્ઞ પરમેશ્વર પ્રત્યે પણ અંતરથી પ્રેમ જતો નથી. એવો પોતાના નિજાત્માનો આનંદ અને પ્રેમ છે તેને વિષયભોગમાં પ્રેમ ક્યાંથી હોય! વિષયભોગના વિકલ્પના કાળમાં પણ સ્વભાવ-સન્મુખતા વર્તતી હોવાથી તેને શાંતિ અને

www.vitragvani.com



સમાધિ વધતી જાય છે. શરીરની ક્રિયા મારી નહિ, મારામાં નહિ, મેં તેને કરી નથી, હું તો મારામાં રહીને માત્ર તેનો જાણનાર–દેખનાર છું એમ માનતાં ધર્મીને ક્રિયા હોવા છતાં સ્થિરતા છે. ધર્મી બોલે છતાં મૌન છે અને અજ્ઞાની મૌન હોય છતાં બોલતો છે કેમ કે વાણીમાં એકતા હોવાથી તે બોલતો મિથ્યાદૃષ્ટિ છે.

આવા રેશમના અને ગોરખધંધા નામના કીડા થાય છે. ભાગલપુરમાં એરંડી (શાલ) બને છે તે બે પ્રકારની બને છે : એક તો, જે જાળ જીવતાં કીડા સહિત હોય તેને ગરમ પાણીમાં નાંખે એટલે કીડા મરી જાય અને જાળમાંથી આખા તાર નીકળે તેમાંથી એરંડી બનાવે એટલે તેમાં તો મહાપાપ છે અને બીજી એ રીતે બને છે કે એ કીડા જાળને તોડીને બહાર નીકળી જાય છે તે જાળના કટકાને જોડીને એરંડી બનાવે છે તેમાં કીડા મરતાં નથી માટે નિર્દોષ છે. અમે ભાગલપુર ગયા હતાં ત્યાંથી ચંપાપુરી ગયા હતાં. ચંપાપુરથી વાસુપૂજ્યભગવાન મોક્ષ ગયા છે.

જેમ તે કીડા જાળના કટકા કરીને પોતે છૂટી જાય છે તેમ ધર્મી પોતાના સ્વભાવના આનંદ પાસે રાગાદિ ક્રિયાને હેય માનીને કર્મબંધનથી છૂટી જાય છે. આમ ધર્મીને નિર્જરા થાય છે.

શ્રોતા :—ધર્મી રાગને હેય માને છે તો રાગ કરે છે શું કામ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધર્મી રાગને કર્તા નથી. રાગ હોય છે, પુરુષાર્થની નબળાઈને લીધે રાગ હોય છે. ધર્મીને એ નબળાઈનો કે રાગનો કોઈનો પોતાના સ્વરૂપ તરીકે સ્વીકાર નથી. હું તો ચૈતન્ય છું, પૂર્ણાનંદ મૂર્તિ છું એવો ધર્મીને સ્વીકાર છે.

વીતરાગ મારગ આકરો છે. જગતને સાંભળવા મળ્યો નથી. વર્ષીતપ આદિ કરીને ધર્મ મનાવે છે પણ તેમાં ધૂળેય ધર્મ નથી. અજ્ઞાનમાં એવા તપ તો અનંતવાર કર્યા પણ કર્મની નિર્જરા ન થઈ. મિથ્યાદૃષ્ટિ રાગની મંદતામાં ધર્મ માની તેમાં જ વીંટાઈ જાય છે. ધર્મીને રાગની મંદતા તો છે પણ તેમાં પોતાપણું માન્યું નથી તેથી છૂટતો જાય છે અને જેમાં પોતાપણું છે એવા સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે.

હવે ૪૫મા પદ્યમાં કહે છે કે—

## જ્ઞાની જીવ કર્મના કર્તા નથી.

जे निज पूरब कर्म उदै,
सुख भुंजत भोग उदास रहैंगे।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जे दुखमैं न विलाप करैं,
निरबैर हियैं तन ताप सहैंगे॥
है जिन्हकै दिढ़ आतम ग्यान,
क्रिया करिकैं फलकौं न चहैंगे।
ते सु विचच्छन ग्यायक है,
तिन्हकौं करता हम तौ न कहैंगे॥४५॥

અર્થ :–જે પૂર્વે બાંધેલા પુણ્યકર્મના ઉદયજનિત સુખ ભોગવવામાં આસક્ત થતા નથી અને પાપકર્મના ઉદયજનિત દુઃખ ભોગવતા દુઃખી થતા નથી, દુઃખ દેનાર પ્રત્યે દ્વેષ કરતાં નથી પણ સાહસ પૂર્વક શારીરિક કષ્ટ સહન કરે છે, જેમનું ભેદ-વિજ્ઞાન અત્યંત દઢ છે, જે શુભક્રિયા કરીને તેનું ફળ સ્વર્ગાદિ ઇચ્છતા નથી, તે વિદ્વાન સમ્યગ્જ્ઞાની છે. તેઓ જોકે સાંસારિક સુખ ભોગવે છે તોપણ તેમને કર્મના કર્તા તો અમે નહિ કહીએ.

આ ૨૧મા શ્લોકના અર્થરૂપ પદ્ય છે.

जे निज पूरव कर्म उदै....પૂર્વકર્મનો ઉદય બે પ્રકારે આવે છે. ઘાતિકર્મના નિમિત્તે જીવના પરિણામમાં રાગાદિ થાય છે અને અઘાતિકર્મના નિમિત્તે સંયોગ મળે છે. આ સંયોગ અને રાગ બંને કર્મની સામગ્રી છે, આત્માના ધર્મની સામગ્રી નથી, વૈરીની સામગ્રી છે, એ બધું વૈરીનું લશ્કર છે. શુભાશુભ રાગ અને અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી એ બધી વૈરી એવા કર્મની ફૌજ છે–ભગવાન આત્માનું સ્વરૂપ નથી.

सुख भुंजत....ભાષા તો શું કહે! પૂર્વકર્મના ઉદયે જ્ઞાની સુખને ભોગવે છે એમ ભાષા આવે અને એવું જ દેખાય...જ્ઞાની અને અજ્ઞાની બંને દૂધપાક–પૂરી ખાતાં દેખાય પણ ધર્મી તો જાણે છે કે આ મારી ચીજ નથી, હું તેનો સ્વામી નથી, મારામાં આ ખાવાની ક્રિયા નથી, આ તો પૂર્વકર્મના ઉદયનું કાર્ય છે, મારા ઘરમાં કર્મ કે તેની સામગ્રીનો અભાવ છે. હું તો આનંદનો નાથ–આનંદનો સ્વામી છું.

જ્ઞાની ઉદયજનિત સુખ ભોગવતાં દેખાય છતાં અંદરથી ઉદાસ છે. ધર્મી ઠપકો પણ આપે કે આ વસ્તુ કાચી છે, આ કોણે બનાવી છે! આમ કેમ ચાલે! વગેરે...પણ તે ભાષા કે વિકલ્પ સાથે ધર્મીને કાંઈ સંબંધ નથી. જેમ રોગી કડવી ઔષધી પીએ છે પણ તેનો પ્રેમ નથી તેમ જ્યારે જે સામગ્રી હોય તેનો ખ્યાલ તો બરાબર આવે પણ તેમાં ધર્મીને સુખબુદ્ધિ નથી. વિષયનું સુખ ઝેરના પ્યાલા પીવા જેવું લાગે છે.

અહા! ધર્મી કોને કહે! જેને આત્મામાં આનંદ છે તેનો માત્ર ભાસ નહિ પણ ભાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને અનુભવ થયો છે તે ધર્મી છે, તેને આત્માના આનંદ પાસે વિષયસુખ કાળા નાગ જેવા લાગે છે, ઝેર જેવા લાગે છે. કોઈ ઉપાય નથી તેથી પૂર્વકર્મના ફળમાં આ ક્રિયા દેખાય છે, પણ તે મારા આત્માનું ફળ નથી તેમ જાણે છે.

**जे दुखमैं न विलाप करैं**–ધર્મીને પૂર્વકર્મના ઉદયવશ સાતમી નરકનો સંયોગ બન્યો હોય તોપણ સમકિતી તેનો વિલાપ કરતો નથી. બાહિર નારકકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી... ૩૩ સાગરની સ્થિતિએ સાતમી નરકમાં પણ ધર્મી પોતાને આનંદમૂર્તિ દેખે છે. આ સંયોગ અમારા અસ્તિત્વમાં નથી એમ જાણે છે તેથી સાતમી નરકના દુઃખની વચ્ચે પણ ધર્મી દુઃખને વેદતો નથી. એ સંયોગ અને સંયોગ સંબંધી દ્વેષનો અંશ આવે તેને ધર્મી પરજ્ઞેય તરીકે જાણે છે. મારા સ્વરૂપમાં એ સંયોગ પણ નથી અને દ્વેષ પણ નથી.

ન્યાલભાઈએ એક જગ્યાએ લખ્યું છે કે રૂંવાટે રૂંવાટે સોય ચૂંભતી હોય તોપણ ડર નથી કેમ કે તે મારા અસ્તિત્વમાં નથી.

મારા હોવાપણામાં કોઈ સંયોગ નથી અને સંયોગના લક્ષે થતો રાગ કે દ્વેષ એ પણ મારા સ્વરૂપમાં નથી, મારી હયાતીમાં નથી. મારી હયાતીમાં તો જ્ઞાન ને આનંદ છે.

**निरबैर हियैं तन ताप सहैंगे**–પહેલી કડીમાં પૂર્વપુણ્યના ઉદયથી સુખની સામગ્રી અને વિકલ્પની વાત આવી, બીજી કડીમાં પૂર્વપાપકર્મના ઉદયથી દુઃખની સામગ્રીની અને વિકલ્પની વાત આવી. દુઃખને શાંતિથી જ્ઞાની સહન કરે છે, કોઈ પ્રત્યે દ્વેષ કરતાં નથી. જ્યાં દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાના વિકલ્પથી પણ સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે ત્યાં સુખદુઃખના સંયોગથી તો મુક્ત છે જ. સંયોગનું અસ્તિત્વ મારી હયાતીમાં નથી. એમ પોતાની સત્તાને સર્વથી જુદી અનુભવતાં જ્ઞાની રાગ અને દ્વેષને પણ સ્પર્શતા નથી કેમ કે ચૈતન્યની સત્તામાં રાગ–દ્વેષનો સ્વીકાર તેને આવતો નથી. માથું કાપનાર દુશ્મન ઉપર પણ તેને દ્વેષબુદ્ધિ થતી નથી અને ચંદન ચોપડનાર મિત્ર ઉપર તેને રાગબુદ્ધિ થતી નથી કેમ કે એ બંને ક્રિયા દેહમાં થાય છે; દેહ જ્યાં મારો નથી ત્યાં તેને રાખનાર કે કાપનાર ઉપર રાગ–દ્વેષ કેવો!

અજ્ઞાનીએ ઉપવાસ કર્યો હોય અને ભૂખ–તરસ લાગી હોય છતાં ખોરાક–પાણી તો ન લે પણ દુઃખ વેદે છે એ તેનો મિથ્યાત્વભાવ છે. ભૂખ–તરસનું દુઃખ મને થાય છે–મારામાં થાય છે એ માન્યતા જ વિપરીત છે.

**है जिन्हकै दिढ़ आतम ग्यान**....જેમનું ભેદવિજ્ઞાન અત્યંત દૃઢ છે. રાગ અને પરનું જ્ઞાન નહિ પણ આતમજ્ઞાન દૃઢ છે એમ કહ્યું છે. આત્મજ્ઞાનની દૃઢતાવાળાને રાગ કે દ્વેષ આવે પણ તે તેના સ્વામી નથી અને તેના ફળની અભિલાષા રાખતાં નથી. આચાર્યદેવ કહે છે–

www.vitragvani.com



આવા જીવો રાગના કર્તા છે અને રાગમાં તેને સુખબુદ્ધિ છે એમ અમે માનતા નથી. ભરત અને બાહુબલી ચરમશરીર છે, બે સગા ભાઈ છે પણ ભાઈ ઉપર ચક્ર ચલાવે છે તે કાળે પણ અંતરમાં એ ક્રિયા અને રાગથી ભેદજ્ઞાન વર્તે છે. ક્રિયા અને રાગમાં એકત્વ થતું નથી જાણનાર રહે છે. જ્ઞાની તો રાગને ઝેર જાણીને ઓકે છે, અંદરમાં સંગ્રહ કરતા નથી. હાથમાં કાળો નાગ પકડ્યો હોય તે છોડવા માટે પકડ્યો છે, રાખવા માટે નહિ. જલ્દી છોડવા માગે છે. તેમ ધર્મી સંયોગને અને રાગને ઝેર જાણીને જલ્દી છોડવા માંગે છે. આવા ધર્મી જીવોને ક્ષણે ક્ષણે કર્મની નિર્જરા થાય છે, તેને બંધન હોતું નથી.

હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા–કર્મ, સ્વ-સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ–નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક–અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણલોકના નાથ તે વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણલોકના નાથ પણ વિશ્વમાં—જ્ઞેયમાં આવે છે ને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામી એવો સ્વ–સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા–કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેય છું તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૮૭)*

www.vitragvani.com



# જ્ઞાનીને ઇષ્ટ-અનિષ્ટમાં સમતા છે

(સળંગ પ્રવચન નં-૮૧)

શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે તેનો આ નિર્જરા અધિકાર ચાલે છે. તેમાં ધર્મીને કેવી જ્ઞાનધારા હોય, શ્રદ્ધા કેવી હોય અને સમતા કેવી હોય તેની વાત ચાલે છે.

## સમ્યગ્જ્ઞાનીનો વિચાર

जिन्हकी सुदृष्टिमैं अनिष्ट इष्ट दोऊ सम,
जिन्हकौ अचार सु विचार सुभ ध्यान है।
स्वारथकौं त्यागि जे लगे हैं परमारथकौं,
जिन्हके बनिजमैं न नफा है न ज्यान है।।
जिन्हकी समुझिमैं सरीर ऐसौ मानियत,
धानकौसौ छीलक कृपानकौसौ म्यान है।
पारखी पदारथके साखी भ्रम भारथके,
तेई साधु तिनहीकौ जथारथ ग्यान है।।४६।।

અર્થ :–જેમની જ્ઞાનદૃષ્ટિમાં ઈષ્ટ–અનિષ્ટ બંને સમાન છે, જેમની પ્રવૃત્તિ અને વિચાર શુભધ્યાનનું કારણ છે, જે લૌકિક પ્રયોજન છોડીને સત્યમાર્ગમાં ચાલે છે, જેમના વચનનો વ્યવહાર કોઈને નુકશાનકારક અથવા કોઈને લાભકારક નથી, જેમની સુબુદ્ધિમાં શરીરને કમોદના ફોતરાંની જેમ અને તલવારના મ્યાનની જેમ આત્માથી જુદું ગણવામાં આવે છે, જે જીવ અજીવ પદાર્થોના પરીક્ષક છે, સંશય આદિ મિથ્યાત્વની ખેંચતાણના જે માત્ર જ્ઞાતા–દ્રષ્ટા છે તે જ સાધુ છે અને તેમને જ સાચું જ્ઞાન છે.

જ્ઞાનીની દૃષ્ટિમાં બધાં પદાર્થો માત્ર જ્ઞાનના જ્ઞેય છે, કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી. અજ્ઞાનીને તો અનુકૂળતા ઈષ્ટ લાગે છે અને પ્રતિકૂળતા અનિષ્ટ લાગે છે. કેમ?–કે મિથ્યાત્વભાવને કારણે તેને એવી ઈષ્ટ–અનિષ્ટની કલ્પના થાય છે. જ્ઞાનીને મિથ્યાત્વ નહિ હોવાથી તેને અનુકૂળતા કે પ્રતિકૂળતામાં ઈષ્ટ–અનિષ્ટની કલ્પના થતી નથી. જ્ઞાનીને ઈષ્ટ હોય તો એક પોતાનો 'ધ્રુવસ્વભાવ' અને અનિષ્ટ કોઈ હોય તો–'રાગ' છે એમ પ્રવચનસારમાં આવે છે. બાકી પરવસ્તુ તો કોઈ ઈષ્ટ–અનિષ્ટ નથી.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અશાતાના ઉદયમાં પણ જ્ઞાનીને સમતા હોય છે. આ અશાતા મને ઠીક નથી એમ જ્ઞાની માનતા નથી. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનું ભાન વર્તે છે તેથી જ્ઞાનીની દૃષ્ટિમાં જગતના કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ લાગતાં નથી.

**जिन्हकौ अचार सुविचार.....**સ્વરૂપમાં ધ્યાન કરવું એ જ્ઞાનીનો આચાર અને વિચાર છે. લૌકિક આચાર–વિચારની વાત નથી તેમ જ વ્યવહાર વિકલ્પરૂપ આચાર અને જ્ઞાનનો વિચાર એ પણ નહિ. જ્ઞાનીને સ્વરૂપ તરફની એકાગ્રતાનું ધ્યાન છે એ જ તેનો આચાર અને વિચાર છે. રાગનું વર્તન છે એ તો ભિન્ન છે.

**स्वारथकौ त्यागि जे लगे हैं परमारथकौं,**–સ્વાર્થ એટલે લૌકિક પ્રયોજનને જ્ઞાની પોતાનું પ્રયોજન માનતાં નથી. છોકરા–છોકરી સારાં ઠેકાણે પાર પડે, વેપાર સારો ચાલે...એવો ભાવ જ્ઞાનીને નથી.

શ્રોતા :–એવો વિકલ્પ ન આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–વિકલ્પ આવે. પણ તે જ્ઞાનીનું આચરણ નથી–જ્ઞાની તે વિકલ્પને પોતાનાં માનતાં નથી માટે કહ્યું છે કે ધર્મી સ્વાર્થના ત્યાગી છે. ધર્મી તો પરમાર્થમાં લાગેલાં છે. અહા! સમ્યગ્દર્શન એટલે શું ચીજ!! આખી નિજવસ્તુ જ્યાં પ્રતીતિમાં અને પ્રસિદ્ધમાં આવી ગઈ તેની શું વાત કરવી! એ તો લૌકિક પ્રયોજનના ત્યાગી છે અને પરમાર્થ પ્રયોજનના જ સાધક છે. વ્યવહારરત્નત્રયનો ભાવ છે તેના પણ ધર્મી ત્યાગી છે, સાધક નથી. અંતર શુદ્ધ ચૈતન્ય તરફના વલણ થતાં ધર્મના વ્યવહાર તરફના વલણ પણ છૂટી જાય છે.

**जिन्हके बनिजमें न नफा है न ज्यान है**–ધર્મીની વાણી પોતાને કે પરને કોઈને લાભ–નુકશાનનું કારણ નથી. ઉપદેશ કરે છે તેનાથી લાભ થાય છે–એમ નથી. ઉપદેશ ન કરે તો નુકશાન થાય–એમ નથી. ધર્મી વાણીના વ્યાપારનો પણ જાણનાર-દેખનાર છે માટે તેનાથી લાભ કે નુકશાન માનતાં નથી. અજ્ઞાની એવું માને કે જેને વાણીનો યોગ હોય એવા ધર્મીથી બધાને વધારે લાભ થાય. હજારો–લાખો જીવો ધર્મ પામે....અહીં તેની ના કહે છે. ધર્મીના ઉપદેશથી કોઈ ધર્મ પામતું નથી. જે ધર્મ પામે છે તે પોતાથી પામે છે. **ज्यान** એટલે તોટો. ધર્મીની વાણીથી કોઈને નુકશાન પણ થતું નથી.

**जिन्हकी समुझिमैं...म्यान है**–જેમ અનાજ ઉપર ફોતરું હોય છે તે અનાજથી જુદું છે તેમ, ભગવાન આત્મા ઉપર શરીર છે તે ફોતરાંની જેમ જીવથી જુદું છે. જેમ તલવાર અને મ્યાન તદ્દન જુદાં છે તેમ જીવ અને શરીર તદ્દન જુદાં છે. શરીર સાથે આત્માને કાંઈ સંબંધ નથી. શરીરનો સદ્ઉપયોગ કરવો....વાણીનો સદ્ઉપયોગ કરવો.... એમ કહેવાય છે પણ જડનો

www.vitragvani.com



સદ્‌ઉપયોગ શું થાય! શરીર સારું હોય, વાણીનો યોગ હોય તો બધાંને લાભ થાય એમ કેટલાક કહે છે. આપણે બીજાને ઉપદેશ આપીએ તો કર્મની નિર્જરા થાય એમ પણ કેટલાક માને છે. ભાઈ! એમ નિર્જરા થતી નથી. જડના ઉપયોગથી આત્માને શું લાભ થાય!

**पारखी पदारथके**....ધર્મી તો જડ અને ચૈતન્ય બંનેનો બરાબર 'પારખું' છે–પરીક્ષક છે. શરીર અને રાગાદિ અજીવ છે અને જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા તે જીવ છે એમ ધર્મી બંનેને બરાબર ઓળખે છે. જગતમાં અનેક પ્રકારના દર્શનો છે તેની ખેંચતાણમાં જ્ઞાની પડતાં નથી. જગતમાં આવા અભિપ્રાયો છે તેને માત્ર જાણે છે.

આમ જે, ઉપદેશથી લાભ–નુકશાન માનતો નથી, જડ અને ચૈતન્યની તથા વિકાર અને અવિકાર સ્વભાવની જેને અંતરમાં પરીક્ષા વર્તે છે, લૌકિક વ્યવહારનો ત્યાગી અને સ્વરૂપનો સાધક છે, સ્વરૂપમાં એકાગ્રતા એ જ જેનો આચાર-વિચાર છે એવા સાધુને યથાર્થ જ્ઞાન છે. આનાથી વિપરીત માનનારાને સાચું જ્ઞાન હોતું નથી.

જે એમ માને છે કે અમે બીજાંને ઉપદેશ આપીએ તેનાથી અમને અને બીજાંને બધાંને લાભ થાય–આ તેનું જ્ઞાન સાચું નથી, મિથ્યાજ્ઞાન છે. કેમ કે વાણી પોતે જીવ નથી તેનાથી જીવને લાભ શી રીતે થાય? ભગવતી આરાધનામાં આવે છે કે 'જગતમાં વાણીની ક્યાં કમી છે?' સારા શબ્દો જ વાપરવા. ખરાબ શબ્દો બોલવા નહિ! એમ કહીને તારાં ભાવમાં ખરાબી આવવા ન દેવી એમ આશય છે. વ્યવહારથી કથન એમ થાય પણ વાણી કોણ બોલી શકે છે! વાણી તો રજકણ છે તેને જીવ લેતો કે મૂકતો કે કરતો નથી.

આમ જેને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે તેના જ્ઞાનને સમ્યક્ કહેવામાં આવે છે. તેનાથી વિપરીત જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવાય છે.

હવે ૨૨મા કળશ ઉપર ૪૭મું પદ્ય છે તેમાં જ્ઞાનની નિર્ભયતા બતાવે છે.

અહો! ચૈતન્ય વસ્તુ જ્યાં પરથી નિરાળી ભાનમાં–અનુભવમાં આવી ત્યાં એ પુરુષ નિર્ભય થઈ ગયો. તેને મરણનો કે આલોક–પરલોક આદિ કોઈનો ભય નથી. શાશ્વત વસ્તુને ભય કેવો! ધ્રુવ ચૈતન્યવસ્તુ જ્ઞાનમાં જ્ઞેય થઈને અનુભવમાં આવી એવા ધર્મી જીવ નિઃશંક હોવાથી નિર્ભય છે એમ અહીં કહે છે.

**जमकौसौ भ्राता दुखदाता है असाता कर्म,**
**ताकै उदै मूरख न साहस गहतु है।**
**सुरगनिवासी भूमिवासी औ पतालवासी,**
**सबहीकौ तन मन कंपित रहतु है।।**

www.vitragvani.com



उरकौ उजारौ न्यारौ देखिये सपत भैसौं,
डोलत निसंक भयौ आनंद लहतु है।
सहज सुवीर जाकौ सासतौ सरीर ऐसौ,
ग्यानी जीव आरज आचारज कहतु है।।૪૭।।

અર્થ :–આચાર્ય કહે છે કે જે અત્યંત દુઃખદાયક છે, જાણે જમનો ભાઈ છે, જેનાથી સ્વર્ગ, મધ્ય અને પાતાળ–ત્રણલોકના જીવોનાં તન–મન કાંપ્યા કરે છે, એવા અશાતાકર્મ, ઉદયમાં અજ્ઞાની જીવ નિરાશ થઈ જાય છે. પરંતુ જ્ઞાની જીવના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે તે આત્મબળથી બળવાન છે, તેનું જ્ઞાનરૂપી શરીર અવિનાશી છે, તે પરમ પવિત્ર છે અને સાતભયથી રહિત નિઃશંકપણે વર્તે છે.

**जमकौसौ भ्राता**....શરીરમાં રોગ આવે એ તો જાણે જમનો ભાઈ હોય એવો દુઃખરૂપ લાગે છે. અજ્ઞાનીને અશાતાકર્મનો ઉદય આવે ત્યાં શરીરમાં કંપારી છૂટી જાય છે. અશાતાકર્મના ફળમાં અનેક પ્રકારે અત્યંત દુઃખના નિમિત્તો ઊભા થઈ જાય છે. માથે છરા પડે એવા પ્રસંગો બને છે જેને દેખીને અત્યંત ભય ઉત્પન્ન થઈ જાય છે. અરે! આવા રોગ અમને ન હજો એમ થઈ જાય છે. જ્યારે જ્ઞાની જમના ભાઈ જેવા રોગ કાળે પણ નિર્ભય જ રહે છે. રોગ તો જડની દશા છે અને સંયોગો પ્રતિકૂળ હોય તે પણ મારાં આત્માથી બાહ્ય છે એમ જાણનારા ધર્મીને ભય થતો નથી તે તો નિઃશંક અને નિર્ભય રહે છે. માટે ધર્મીને કર્મોની નિર્જરા થાય છે.

**सुरग निवासी**....ઊર્ધ્વ, મધ્ય અને અધો ત્રણેય જગતવાસી જીવો રોગાદિ અશાતા સાંભળીને કંપી ઊઠે છે. શરીર તો કંપે છે પણ મન પણ કંપી ઊઠે છે. નિરાશ થઈ જાય છે કે આમાંથી હું કેમ બચીશ!....પણ જેના હૃદયમાં જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ ગયો છે એવા ધર્મી જીવો જ્ઞાનબળ–આત્મબળથી બળવાન છે તેથી સાત પ્રકારના ભયથી ભયભીત થતાં નથી. **सपत भै** એટલે સાત ભયથી ધર્મીની પરિણતિ નિરાળી રહે છે.

પ્રશ્ન થાય કે શ્રેણિક રાજા તો ક્ષાયિક સમકિતી હતાં, તીર્થંકર ગોત્રની પ્રકૃતિ બાંધતા હતાં છતાં કેમ માથું પછાડ્યું! કેમ ઝેર ખાધું! ભાઈ! એ અંતરમાં નિર્ભય હતાં. આપઘાત કરવાનો વિકલ્પ આવ્યો અને ક્રિયા થઈ પણ અંતરથી ધર્મી તેના ત્યાગી છે.

જુઓ! ધર્મીને પણ કેવો અશાતાનો ઉદય આવે છે! પોતાના દીકરાએ જ રાજ્ય ખાતર પિતા શ્રેણિકને જેલમાં પૂર્યા! પિતાની હાજરીમાં તો પુત્ર રાજા ન થઈ શકે તેથી રાજા થવા માટે પિતાને જેલમાં નાખ્યાં પણ એ તો ધર્મી છે તેથી અંતરથી નિર્ભય રહે છે. જરા ભયનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વિકલ્પ આવે છે પણ અંતરમાં અસંખ્યપ્રદેશી ધ્રુવ ચૈતન્યમાં ક્યાંય ખંડ પડે એવો ભય ધર્મીને થતો નથી.

શ્રેણિક આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થવાના છે પણ અત્યારે નરકનું આયુષ્ય બાંધી લીધું છે તેથી નરકમાં ગયા વગર છૂટકો નથી. કુણિક પહોંચે તે પહેલાં પોતાની મેળે જ શ્રેણિક મરી જાય છે. અહા! રાગની રમત તો જુઓ! નરકમાંથી નીકળતાં પહેલાં છ મહિનાથી એ તીર્થંકરની માતાની સેવા સ્વર્ગમાંથી દેવીઓ આવીને કરશે, ઇન્દ્રો જેની પૂજા કરશે તેને અત્યારે નરકમાં જવું પડે છે છતાં અંતરથી ભય નથી એમ અહીં કહેવું છે.

જ્ઞાનીને નરકનો ભય નથી, મરણનો ભય નથી, વેદનાનો ભય નથી. અહા! બધાંથી જુદાં પડેલાં ભગવાનને તેમાં એકતાં કેમ થાય! જે રાગથી પણ જુદો છે તો શરીરના રજકણમાં તેને એકતા કેમ હોય! પરથી જુદાં પડેલાંને જુદા પદાર્થથી ભય કેમ થાય! સાતેય પ્રકારના ભયથી ધર્મી ભિન્ન છે. અખંડાનંદ વજ્ર ચૈતન્યમૂર્તિ ધ્રુવને ક્યાંયથી ખોડખાંપણ આવે તેમ નથી એવો અનુભવ વર્તે છે તેને ભય ન હોઈ શકે. બાહ્યમાં એવા ભયના પ્રસંગો બને ત્યારે પણ એ તો અંતરમાં નિઃશંકપણે આનંદથી ડોલે છે.

નિઃશંક અને અભય એ બંને ભાવને એક કરીને લીધા છે. જે નિઃશંક છે તે નિર્ભય છે અને નિર્ભય છે તે નિઃશંક છે. અસ્તિથી લ્યો તો વસ્તુ નિઃશંક છે તે હાથ આવી તેથી નિઃશંક થયો છે તે જીવ પરથી નિર્ભય થઈ જાય છે એ નાસ્તિથી કથન છે.

ગામમાં પ્લેગનો રોગ આવ્યો હોય અને પોતાના કુટુંબના દશ વ્યક્તિમાંથી ૯ ને તો પ્લોગ લાગી ગયો હોય એવા સમયે ધર્મી પણ ગામ છોડીને પહેલાં બહાર નીકળી જાય. અંતરથી નિર્ભય છે છતાં વિકલ્પ તો એવો જ ઊઠે. ત્યારે અંતરના અભિપ્રાયને નહિ ઓળખનારને ધર્મીની નિર્ભરતાની વાત બેસે નહિ પણ ધર્મી તો એ ક્ષણે પણ અતીન્દ્રિય આનંદની મજા માણે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીની આકુળતા નાશ પામી છે એટલી નિરાકુળ આનંદદશા તો સમકિતીને પ્રગટ પ્રસિદ્ધ છે, નિઃશંકપણે આનંદ લે છે તેથી ધર્મીને પૂર્વના કર્મો ખરી જાય છે.

જુઓ આ ધર્મીની અંતરદૃષ્ટિ અને નિર્ભયતા!

**સહજ સુવીર**....શરીરમાં નિર્બળતા આવી ગઈ હોય તોપણ આત્મામાં તો ધર્મીને સ્વાભાવિક અંતરબળ વર્તે છે. અનંતવીર્યવાન આત્માને પકડ્યો છે તેથી તેના બળને કોઈ ડોલાવી શકે તેમ નથી. જ્ઞાનરૂપી મારું શરીર તો શાશ્વત છે એવો અનુભવ કરતાં ધર્માત્મા આત્મબળથી બળવાન છે. આવા ધર્માત્માને આચાર્યદેવ આર્ય કહે છે. આર્ય એટલે પવિત્ર કહે

www.vitragvani.com



છે. ચૈતન્યના નૂરના તેજવાળા આત્માને બાહ્ય ઉદય કે રાગાદિ કોઈ હલાવી શકે નહિ. એ તો સાત ભયથી રહિત થઈને નિઃશંકપણે વર્તે છે. આ સાતભયના નામ હવે કહે છે.

**इहभव–भय परलोक–भय, मरन वेदना जात।**
**अनरच्छा अनगुप्त–भय, अकस्मात–भय सात।।४८।।**

અર્થ :–આલોક–ભય, પરલોક–ભય, મરણ–ભય, વેદના–ભય, અરક્ષા–ભય, અગુપ્તિ–ભય અને અકસ્માત–ભય આ સાત ભય છે. તેનો અર્થ આગળ આવશે.

(૧) અરે! મારું શું થશે! શરીરમાં રોગ છે, સ્ત્રી મરી ગઈ છે, પુત્રાદિ નથી, સંપતિ નથી, હવે મારું શું થશે એવો આલોકનો ભય ધર્મીને હોતો નથી.

(૨) મરીને ક્યાં જાશું એવો ભય ધર્મીને હોતો નથી. નરકમાં જવાના હોય તોપણ ધર્મીને પરભવનો ભય નથી. શ્રેણિકરાજાએ ભગવાનને પૂછ્યું હતું કે હું ક્યાં જઈશ? તો ભગવાનની વાણીમાં આવ્યું કે તું નરકમાં જઈશ. છતાં અંતરથી નિર્ભય હતાં. બહારના જ્ઞેયની સ્થિતિ જે પ્રમાણે થવાની હશે તે થશે. તીર્થંકર થવાનું છે છતાં નરકમાં જવાનું છે એ ખબર છે છતાં અંતરમાં નિર્ભય છે. શાશ્વત ધ્રુવ આત્મા અનુભવમાં આવ્યો તેને ભય શા! નરકમાં જશે તોપણ કર્મ ખપાવશે. યોગીન્દ્રદેવ યોગસારમાં કહે છે કે ધર્મી કદાચિત્ નરકાદિમાં જાય તોપણ દોષ નથી કેમ કે એ ત્યાં પણ પૂર્વ કર્મ ખપાવશે.

અજ્ઞાની સ્વર્ગમાં જાય તોપણ એ ભયવાળો અને દુઃખી છે અને ધર્મી નરકમાં જાય તો પણ સુખી છે. ખરેખર તો ધર્મી નરકમાં જાય છે એ પણ સમજાવવાની વાત છે. ધર્મી રાગમાં પણ આવતો નથી તો નરકગતિમાં કેમ આવે! ધર્મીનો વાસ તો વસ્તુભાવમાં–જ્ઞાનાનંદમાં છે. ત્યાં શરીર, કર્મ અને રાગાદિમાં તેનો વાસ બતાવવો એ તો જ્ઞાન કરાવવાના કથન છે. વ્યવહારની કથનશૈલી નિશ્ચયથી તદ્દન જુદી છે.

ધર્મીને નરકાદિ ગતિનો સંયોગ છે એ તો તેના જ્ઞાનનું જ્ઞેય છે, તેમાં–ગતિમાં હું છું એમ ધર્મી માનતા નથી. આ માત્ર કહેવાની વાત નથી. વસ્તુસ્વરૂપનું ભાન હોવાથી ધર્મીની દશા જ એવી થઈ જાય છે કે આલોકથી માંડી અકસ્માત આદિ કોઈ ભય તેમને રહેતાં નથી.

## સાત ભયનું પૃથક્ પૃથક્ સ્વરૂપ

**दसधा परिग्रह–वियोग–चिंता इह भव,**
**दुर्गति–गमन भय परलोक मानिये।**
**प्राननिकौ हरन मरन–भै कहावै सोइ,**
**रोगादिक कष्ट यह वेदना बखानिये।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



रच्छक हमारौ कोऊ नांही अनरच्छा–भय,
चोर–भै विचार अनगुप्त मन आनिये।
अनचिंत्यौ अबही अचानक कहाधौं होइ,
ऐसौ भय अकस्मात जगतमैं जानिये।।४६।।

અર્થ :–(૧) ક્ષેત્ર આદિ દસ પ્રકારના પરિગ્રહનો વિયોગ થવાની ચિંતા કરવી તે આલોકનો ભય છે.

(૨) કુગતિમાં જન્મ થવાનો ડર લાગવો તે પરલોકભય છે.

(૩) દસ પ્રકારના પ્રાણોનો વિયોગ થઈ જવાનો ડર રહેવો તે મરણભય છે.

(૪) રોગ આદિ દુઃખ થવાનો ડર માનવો તે વેદનાભય છે.

(૫) કોઈ મારો રક્ષક નથી એવી ચિંતા કરવી તે અરક્ષાભય છે.

(૬) ચોર અને દુશ્મન આવે તો કેવી રીતે બચીશું એવી ચિંતા કરવી તે અગુપ્તિભય છે.

(૭) અચાનક જ કાંઈક વિપત્તિ આવી ન પડે એવી ચિંતા કરવી તે અકસ્માતભય છે.

સંસારમાં આ સાત ભય છે તેની આ વ્યાખ્યા છે.

૧. આલોકભય :–ક્ષેત્ર, મકાન, ધન, અનાજ, દાસ, દાસી, સોનુ, ચાંદી, વાસણ, ઘરવખરી આ દસ પ્રકારના પરિગ્રહમાંથી કોઈ પણ વસ્તુ ચાલી જશે તો! એવો ભય અજ્ઞાનીને રહ્યાં જ કરે છે. તે આલોક સંબંધી ભય છે. જ્ઞાનીને આવો ભય હોતો નથી.

મોટર, ફ્રીઝ, રેડિયો આદિ બધી વસ્તુ આ પરિગ્રહમાં આવી જાય છે. ઘરમાં સોનાનો ઢગલો પડ્યો હોય તો કેટલો ભય હોય કે કોઈ લઈ જશે તો! નાશ થઈ જશે તો! કોઈ જાણી જશે તો! કોઈ માગશે તો? એમ અનેક પ્રકારે અજ્ઞાનીને ભય સતાવ્યા કરે છે. ત્યારે જ્ઞાનીને તો નિર્જરા અધિકારમાં કહ્યું છે તેમ, કોઈ છેદાવ વા ભેદાવ વા લઈ જાવ કે નષ્ટ થઈ જાઓ પણ પરિગ્રહ મારો નથી એવો ભાવ વર્તતો હોવાથી ભય નથી. તેને તો એક ભગવાન આત્મા ઉપાદેય થયો છે તેની પાસે બધો પરિગ્રહ હેય છે. તેથી પરિગ્રહના વિયોગની જ્ઞાનીને ચિંતા નથી. જેમાં મારાપણું માન્યું છે તેમાંથી કાંઈ જતું નથી અને જે મારું નથી તેમાંથી જાય તે કાંઈ મારું નથી માટે તેના વિયોગનો મને ભય નથી. આવા નિર્ભય જ્ઞાનીઓને નિર્જરા થાય છે.

www.vitragvani.com



(૨) પરલોકભય :–અહીંથી મરીને ક્યાં જશું? પશુમાં જશું કે નરકમાં જશું કે ક્યાં જશું? ત્યાં અમારું શું થશે! એવો ભય અજ્ઞાનીને થાય છે. જ્ઞાનીને એવો ભય હોતો નથી.

(૩) મરણભય :–પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ આ દસપ્રાણના હરણથી મરણ થાય છે; તેમાં જ્ઞાનીનું કાંઈ જતું નથી. જડનું પરિણમન બદલાય છે તેનો જ્ઞાનીને ભય નથી.

એક દાખલો ઘણીવાર આપીએ છીએ કે એક છોકરાના બાપા પાસે કરોડો રૂપિયા હતાં છતાં ધંધો કર્યો પણ ધંધામાં રૂપિયા ખોયાં; હવે કરવું શું? બાપાને મોઢું કેમ બતાવવું! ભાઈબંધને મોકલ્યો કે બાપા પાસે જા અને કહે કે દસલાખ આપો, નહિ આપો તો સવારે દિકરાનું મોઢું જોવા નહિ મળે. બાપાએ એ વાત સાંભળીને બહુ ગુસ્સો કર્યો....બાપુજી! પૈસા આપો, પૈસા નહિ આપો તો દિકરો આપઘાત કરશે.... ભલે મરી જાય.....કષાયનો વેગ આવે ત્યાં કાંઈ માપ રહેતું નથી. ભાઈબંધ ઠરેલો હતો, કહે બાપુજી! એક વાત કરું! તમને હવે ઉંમર થઈ છે, બે–ચાર વર્ષે તમે કરોડો રૂપિયા દીકારને જ દઈને ઉપર ચાલ્યા જવાના છો ને! તો ૯૦ લાખ દેજો. દસ લાખ અત્યારે આપશો તે તેમાંથી જ ઓછા થશે ને! તમારું કાંઈ ઓછું નહિ થાય. તમારી સાથે પૈસા લઈને તો જવાનાં નથી....બાપાની દૃષ્ટિ ફરી, મગજમાં વાત બેઠી... પૈસા દીકરાને જ દેવાના છે તેમાંથી ઓછા થશે તેમાં મારું શું જાય છે! તરત જ દસ લાખ ગણી દીધા.

આમ દૃષ્ટિમાં શરીરમાં મારાપણું છે ત્યાં સુધી મરણ આદિ ભય રહે છે જ્યાં શરીરાદિમાંથી મારાપણું છૂટી જાય છે ત્યાં કાંઈ ભય રહેતો નથી.

જ્યાં શરીરનો એક રજકણ પણ મારો નથી તો સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ મારાં ક્યાં હતાં! પ્રાણનું હરણ થાય એટલે કે શ્વાસ બંધ થઈ જાય, ઈન્દ્રિયો કામ ન કરે, આયુષ્ય પૂરું થઈ જાય તો ભલે થઈ જાય. કોઈ પ્રાણ મારા નથી માટે તેના હરણની મને ચિંતા નથી.

(૪) વેદનાભય :–શરીરમાં આકરા શૂળ ચડે, પેટમાં પાણી પણ ન ટકે એટલાં ઝાડા–ઉલટી થઈ જાય, છાતીના પાટિયા ભીંસાય–એવા એવા આકરાં રોગની વેદનાનો ધર્મીને ભય હોતો નથી.

(૫) અરક્ષાભય :–જગતમાં અમારું કોઈ રક્ષક નથી એવો ભય અજ્ઞાનીને રહે છે. જ્ઞાની તો જાણે છે કે જગતમાં ભલે કોઈ રક્ષક નથી પણ અમે જ અમારાં રક્ષક છીએ. અમારે કોઈ પરની રક્ષાની જરૂર નથી.

(૬) અગુપ્તિભય :–ધન, ધાન્ય આદિ ચોર લઈ જશે તો! એવો અગુપ્તિભય પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અજ્ઞાનીને હોય છે, જ્ઞાનીને એવો ભય હોતો નથી.

(૭) અકસ્માતભય :–અચાનક કોઈ વિપત્તિ આવી પડશે તો? સર્પ કરડી જશે કે સિંહ આવીને ફાડી ખાશે તો! એક્સીડન્ટ થઈ જશે તો! એવો ભય અજ્ઞાનીને રહે છે. ધર્મીને આવા ભય હોતા નથી.

હવે આ સાતેય ભયના એક એકના અલગ અલગ કળશ અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યાં છે તેના ઉપર બનારસીદાસજી એક એક પદ્યમાં ભય મટાડવાના ઉપાયરૂપ ભાવનું વર્ણન કરે છે તે આગળ કહેવાશે.

અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્‌ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદ ગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ—ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૫૩)*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાની સપ્તભયથી મુક્ત છે

(સળંગ પ્રવચન નં–૮૨)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે. તેમાં ૫૦મુ પદ્ય છે.

ધર્મી તેને કહીએ કે જેને આત્માના આનંદનો અનુભવ થયો છે અને તે આનંદ પાસે દુનિયામાં તેને ક્યાંય આનંદ લાગતો નથી. શરીર કે અનુકૂળ સંયોગ કે શુભાશુભભાવ કોઈમાં તેને સુખબુદ્ધિ થતી નથી. તેથી તેનું ચિત્ત આત્મા સિવાય ક્યાંય ઠરતું નથી. ક્ષણે ક્ષણે સ્વભાવ સન્મુખતા વર્તે છે તેથી પૂર્વકર્મનો ઉદય આવે છે તે ખરી જાય છે તેનું નામ નિર્જરા છે.

(૧) આભવ–ભય મટાડવાનો ઉપાય

नख सिख मित परवांन, ग्यान अवगाह निरक्खत।
आतम अंग अभंग संग, पर धन इम अक्खत॥
छिनभंगुर संसार–विभव, परिवार–भार जसु।
जहां उतपति तहां प्रलय, जासु संजोग विरह तसु॥
परिगह प्रपंच परगट परखि, इहभव भय उपजै न चित।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित॥५०॥

અર્થ :–આત્મા પગથી માથા સુધી જ્ઞાનમય છે, નિત્ય છે, શરીર આદિ પરપદાર્થ છે, સંસારનો સર્વ વૈભવ અને કુટુંબીઓનો સમાગમ ક્ષણભંગુર છે, જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે, જેનો સંયોગ છે તેનો વિયોગ છે અને પરિગ્રહ–સમૂહ જંજાળ સમાન છે. આ રીતે ચિંતવન કરવાથી ચિત્તમાં આભવનો ભય ઉપજતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

ધર્મી એમ જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ચૈતન્યપ્રકાશનો પુંજ છું. ધર્મી આવા જ્ઞાનસ્વરૂપમાં વ્યાપીને પોતે પોતાને ચેતનાપ્રકાશમય જુએ છે–અનુભવે છે. ધર્મી શુભાશુભ રાગાદિમાં મારાપણે વ્યાપતો નથી. પોતાના અસ્તિત્વમાં વ્યાપીને પોતાને અવગાહે છે કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. મારું અંગ તો અભંગ છે–હું અખંડ છું, નિત્ય છું અને શરીરાદિ સંયોગી વસ્તુ છે તે તો બધી નાશવાન છે. અવિનાશી તો હું એક આત્મા છું. મારા સ્વરૂપ સિવાય શુભ-અશુભરાગથી માંડીને શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિ બધો સંયોગ નાશવાન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગાદિભાવો ક્ષણે ક્ષણે નાશ પામે છે. સંયોગો પણ બદલાય છે. સંસારનો સર્વ વૈભવ આ રીતે ક્ષણે ક્ષણે વિલય થાય છે. કારણ કે જેની ઉત્પત્તિ છે તેનો નાશ થયા વિના રહેતો નથી. સંયોગ થયો હોય તેનો વિયોગ થયા વિના રહેતો નથી. પોતાની પર્યાયનો પણ સમયે સમયે સંયોગ અને વિરહ થાય છે. ત્યાં બીજી ચીજનું તો શું કહેવું? જે પર્યાયનો આ સમયે સંયોગ થયો છે તેનો બીજા સમયે વિયોગ થઈ જાય છે. સંયોગ હંમેશા વિયોગ લઈને જ આવે છે અને આત્મા તો અસંયોગીતત્ત્વ હોવાથી તે હંમેશા અભંગ અંગ રહે છે.

**परिग्रह प्रपंच**....રાગથી અને પરથી પોતાના તત્ત્વને ભિન્ન જોયું તેના જીવનમાં બધો પરિગ્રહ તેને પ્રપંચ જેવો લાગે છે, બધું નાશવાન દેખાય છે. તેથી તેની દૃષ્ટિ કોઈ પરિગ્રહમાં સ્થિર થતી નથી. આવા પ્રકારની વિચારધારાને કારણે ધર્મીને આલોક ભય ઉપજતો નથી. મારા સ્વરૂપને કોઈ ભય જ નથી. મારા સ્વરૂપને રાગ પણ અડતો નથી તો બાહ્ય ચીજ ક્યાં અડવાની હતી! માટે મને કોઈ ભય નથી. મારું સ્વરૂપ મળ-મેલ વિનાનું જ્ઞાનરૂપ અને નિઃકલંક છે તેને હું નિરંતર જોઊં છું. તેથી મને કોઈ ભય કે શંકા નથી. આમ ધર્મી નિઃશંક રહે છે.

આવા અખંડ અભંગ અભેદ આત્માનો અનુભવ નથી ત્યાં સુધી કોઈ ભાવો સાચા નથી. વ્યવહારના વિકલ્પો પણ બધાં નાશવાન છે તેને નભાવતા અંતરની શુદ્ધિ થાય તેમ નથી. વ્યવહાર આચરણ કરવાથી આનંદ આવતો નથી. વ્યવહારથી મારો આત્મા ભિન્ન છે એવી દૃષ્ટિ વિના અને એવા અનુભવ વિના કોઈને ક્ષણે ક્ષણે નિર્જરા થતી નથી. આનંદઘનજી પણ એમ કહે છે કે "વ્યવહારે લખ દોહ્યલાં, કાંઈ ન આવે હાથ રે,...શુદ્ધનય સ્થાપતાં સેવતાં, તે રંજે એક તંત રે...."

ધર્મી પોતાના આત્માને નિષ્કલંક-વ્યવહારના રાગ વિનાનો જુએ છે. વ્યવહારનો વિકલ્પ તો કલંક છે. શુભરાગરૂપ વ્યવહારના ત્રણ ભેદ છે તે ત્રણેય રાગ છે. એક તો વ્રતનો રાગ, બીજો ભક્તિનો રાગ અને ત્રીજો ગુણ-ગુણી ભેદના વિકલ્પરૂપ રાગ, આ બધો રાગ દુઃખરૂપ છે. તેનાથી આત્માની દશા સુખરૂપ ક્યાંથી થાય! આત્મા પોતાના જ્ઞાનથી નિષ્કલંક અને સુખરૂપ છે. ભગવાનનું જ્ઞાન તો પર છે તેનાથી સુખ થતું નથી.

'હું તો જ્ઞાનસ્વરૂપ છું.' આત્માના બધાં ગુણમાં જ્ઞાન પ્રધાન છે અને સવિકલ્પ છે તેથી સ્વ-પર બધાને જાણવાની જ્ઞાનમાં તાકાત છે. તેથી આત્માને જ્ઞાનપ્રકાશની મૂર્તિ કહ્યો છે. આવા પોતાના આત્માને ક્ષણે ક્ષણે જોતાં અશુદ્ધતા ગળે છે, શુદ્ધતા વધે છે અને કર્મ ગળે છે. આમ, ત્રણેય પ્રકારે નિર્જરા થાય છે.

આત્મવસ્તુ સ્વભાવથી જ એકલો જ્ઞાનનો પિંડ છે તેને કોઈએ બનાવ્યો નથી. ભગવાને પણ તેને બનાવ્યો નથી. ભગવાને 'આત્મા' જેવો છે તેવો કહ્યો છે. આત્મામાં વ્યવહારના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વિકલ્પની ગંધ પણ નથી. વિકલ્પથી રહિત એકલા જ્ઞાનસ્વરૂપે આત્મવસ્તુ અનુભવમાં આવે છે. આવી વસ્તુ પ્રગટ છે પણ અજ્ઞાનીને શ્રદ્ધામાં બેસતું નથી. આત્મા દેખાતો નથી માટે તેને કેમ માનવો! પણ આત્મા દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ નિર્ણય કરનાર પોતે જ વસ્તુ છે. 'હું મને દેખાતો નથી' એમ માનનાર પોતે જ દેખનાર છે છતાં પોતાને દેખાતો નથી એ આશ્ચર્ય છે.

સમયસાર ૭૩ ગાથામાં આવે છે કે 'હું આ અનંત પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ છું...' હું પ્રત્યક્ષ છું–એ જ મારું સ્વરૂપ છે. હું પોતાના આત્માને નિજસ્વરૂપે જોતાં અશુદ્ધતા ટળે છે–નિર્જરા થાય છે. ઉપવાસ આદિ ક્રિયા કરવાથી નિર્જરા થતી નથી.

ભવનો ભય નિવારવા માટેના ઉપાયની આ બધી વાત છે. હવે પરભવના ભયને નિવારવાનો ઉપાય કહે છે.

(૨) 'પરભવ–ભય મટાડવાનો ઉપાય'

**ग्यानचक्र मम लोक, जासु अवलोक मोख–सुख।**
**इतर लोक मम नाहिं, नाहिं जिसमाहिं दोख दुख।।**
**पुन्न सुगति दातार, पाप दुरगति पद–दायक।**
**दोऊ खंडित खानि, मैं अखंडित सिवनायक।।**
**इहविधि विचार परलोक–भय, नहि व्यापत वरतै सुखित।**
**ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित।।५१।।**

અર્થ :–જ્ઞાનનો પિંડ આત્મા જ અમારો લોક છે, જેમાં મોક્ષનું સુખ મળે છે. જેમાં દોષ અને દુઃખ છે એવા સ્વર્ગ આદિ અન્ય લોક મારા નથી! નથી! નથી! સુગતિ આપનાર પુણ્ય અને દુઃખદાયક દુર્ગતિનું પદ આપનાર પાપ છે તે બંનેય નાશવંત છે અને હું અવિનાશી છું. મોક્ષપુરીનો બાદશાહ છું. એવો વિચાર કરવાથી પરલોકનો ભય સતાવતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

**ग्यानचक्र मम लोक**–'જ્ઞાનનો પિંડ' એ મારો લોક છે તે સિવાય કોઈ મારો લોક નથી, કોઈ ગતિ મારી નથી. મારો લોક તો એવો છે કે જેને જોતાં સુખ થાય–આનંદ આવે. મોક્ષમાં જેવું સુખ છે, અતીન્દ્રિય આનંદ છે તેવું જ સુખ–અતીન્દ્રિય આનંદનો અનુભવ આત્માને જોતાં આવે છે. નિજને નિરખતાં જે આનંદ આવે છે તેમાં અને પૂર્ણાનંદરૂપ મોક્ષના આનંદની જાતમાં કાંઈ ફેર નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મારે તો ચૈતન્યલોક છે. સ્વર્ગ, નરકાદિ ચારગતિ એ મારો લોક નથી. જેમાં દોષ અને દુઃખ છે એવી ગતિરૂપ લોક મારો નથી. ચારગતિમાં તો દોષ જ ભર્યા છે અને તેના ફળમાં દુઃખ જ મળે છે. હું તો નિર્દોષ અને નિર્દુઃખ છું. નિર્દોષ આનંદ એ જ મારો લોક છે અને એ જ મારો પરલોક છે–પ્રધાન લોક છે. સ્વર્ગાદિ તો દોષ અને દુઃખથી ભરેલા છે તે મારા લોક નથી. માટે હું અહીંથી મરીને ક્યાં જઈશ એ પ્રશ્ન જ ઉઠતો નથી. હું મારા લોકમાં જ રહેવાનો છું, જ્યાં જાઈશ ત્યાં હું મારામાં જ રહેવાનો છું.

ખરેખર ધર્મીને સ્વર્ગ કે નરકાદિ ગતિનો સ્પર્શ જ નથી. ધર્મી જ્ઞાનસ્વરૂપમાં જ છે તે રાગમાં પણ આવતાં નથી અને ગતિમાં પણ જતાં નથી. શુભભાવથી પુણ્ય અને તેના ફળમાં સુગતિ મળે છે અને અશુભરાગથી પાપ અને તેના ફળમાં દુર્ગતિ મળે છે પણ તે કોઈ આત્માની ચીજ નથી, આત્માની ગતિ નથી, આત્માનો લોક નથી, અન્ય લોક છે. તેને જે પોતાનો માને છે તે અજ્ઞાની છે કેમ કે તેણે પોતાના લોકને તો જાણ્યો નહિ અને અન્યલોકને પોતાનો માની લીધો માટે તે અજ્ઞાની છે એ સિદ્ધ થઈ ગયું.

આત્મા તો મોક્ષપુરીનો બાદશાહ છે. શરીરના અને રાગાદિના બંધન ભગવાન આત્માને નથી. શુભ અને અશુભ રાગ બંને ખંડિતખાણ છે–નાશવાન છે, અખંડિત ખાણ નથી. અખંડિત ચૈતન્યમાં ઠરે તે જ સ્વસમય છે, બાકી બધાં પરસમય છે. સ્વસમયપણાની શરૂઆત ચોથા ગુણસ્થાનથી છે અને પૂર્ણતા તેરમા ગુણસ્થાને થાય છે. પણ ધર્મીની દૃષ્ટિમાં તો સ્વસમય જ છે, પરસમયપણું તો તેના જ્ઞાનમાં જ્ઞેયમાત્ર છે.

શુભ અને અશુભ બંને ભાવ ખંડિત છે અને તેના ફળમાં ચારગતિ મળે છે તે ખંડિતખાણ છે તેમાં કાંઈ અખંડિત નથી. હું તો અખંડિત શિવનાયક છું એટલે મોક્ષનો નાયક છું. હું ગતિનો નાયક નથી. પાંચમા આરાના સમકિતી કે મુનિ દેહ છોડીને સ્વર્ગમાં જ જાય છતાં કહે છે કે અમે તે ગતિના નાયક નથી. પરલોક એ પરલોક–અનેરો લોક છે, મારો લોક નથી એમ તે જાણે છે. મારે જોવાલાયક લોક તો મારા આત્મામાં છે, તે કાંઈ બહારમાં નથી. ચારગતિનો સ્વામી હું નથી.

ગતિનો તો ઉદયભાવ છે–ખંડ ખંડ ભાવ છે—વિકારીભાવ છે, તેનું ફળ પણ દુઃખરૂપ અને દોષરૂપ એવી ગતિ છે. દોષ તો આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. બહુ ધીરજથી સમજવા જેવી વાત છે. જેને જન્મ–મરણના કિનારા લાવવા હોય તેના માટે વાત છે. અવતાર કરવો એ આત્માનું સ્વરૂપ નથી...નથી...

પંચમઆરાના મુનિ સ્વર્ગમાં જવાના ને!...ના... અમે ક્યાંય જતાં નથી, અમે તો અમારામાં છીએ. જ્યાં રાગાદિ એ જ અમારી ચીજ નથી ત્યાં રાગના ફળમાં મળતી સ્વર્ગાદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ગતિમાં અમે કેમ જઈએ! અમે તો અમારા છીએ. શાસ્ત્રની કથનશૈલીમાં એમ આવે કે સમકિતી વૈમાનિક સ્વર્ગમાં જ જાય, બીજે ન જાય, સ્ત્રી ન થાય, નપુંસક ન થાય વગેરે, એ તો સંયોગથી જ્ઞાનીની ગતિનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર સમકિતી જ્ઞાનમાં રહે છે અને આનંદમાં જાય છે. બીજે ક્યાંય રહેતાં નથી અને જતાં નથી.

'હું મોક્ષપુરીનો બાદશાહ છું' એમ કહ્યું તો શું જ્ઞાનીનો મોક્ષ થઈ ગયો—સાંભળ ભાઈ! મોક્ષ એટલે પવિત્રતાનો હું સ્વામી છું. અપવિત્ર એવી ગતિ અને વિકારીભાવનો હું સ્વામી નથી એમ કહે છે. જુઓ! ધર્મદૃષ્ટિ થતાં આવી વિધિ અને આવી દશા હોય છે.

આ રીતે વિચારતાં જ્ઞાનીને પરલોકનો ભય લાગતો નથી અને અનાકુળભાવે સમાધાનમાં વર્તે છે તેથી તેની દશામાં ગતિ જ આવતી નથી તો પરલોકનો ભય તેને કેમ લાગે! જ્ઞાનીની દશામાં ગતિ વ્યાપતિ નથી તેથી ભય પણ તેને વ્યાપતો નથી. જ્ઞાની તો નિઃસંદેહ, નિર્ભય અને નિઃશંકપણે વર્તે છે. ચૈતન્યબાદશાહનું સ્વરૂપ જ આવું મહિમાવંત છે તેની જેને ખબર નથી તેને ધર્મ શી રીતે થાય? અનાદિથી પોતે લૂંટાતો આવ્યો છે તેથી લૂંટવાનું તેને સારૂં લાગે છે. શુભાશુભભાવમાં આત્મા લૂંટાઈ ગયો છે.

લોકોને શુભના ફળની મીઠાશ છે એટલે એમ માને છે કે અત્યારે શુભરાગ કરીને સ્વર્ગાદિના ભોગો તો ભોગવી લેવા દયો, પછી ધર્મ કરશું. વળી સંપ્રદાયના ગુરુના ઉપદેશ પણ એવા મળે કે નિર્દોષ આહાર–પાણી આપે અને નિર્દોષ આહાર–પાણી લે તેની સુગતિ થાય છે. આવી ક્રિયામાં જ સર્વસ્વ માની લીધું હોય ત્યાં ધર્મ તો દૂર રહી જાય છે. હિંદુસ્તાનના હીરા ગણાતાં એવા અમારાં હીરાજી મહારાજ પણ ક્રિયા બહુ કડક પાળતાં, લોકોને ઉપદેશ પણ એવો જ આપતાં કે સાધુ માટે આહાર–પાણી બનાવશો નહિ. બનાવશો તો ગર્ભમાં ગળાશો.......એમ કડક ઉપદેશ આપતાં પણ માન્યતામાં મિથ્યાત્વ હતું. બહુ ભદ્રિક હતાં; અત્યારે ગોતવા જાવ તો એવા કોઈ સાધુ સ્થાનકવાસીમાં ન મળે એવા હીરા જેવા હીરાચંદ મહારાજ હતાં પણ આ તત્ત્વ તેમના કાને ન પડ્યું. તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે મોટા લાખોપતિ શેઠીયાઓ પણ જુવાન પુત્ર મરી ગયો હોય તેમ રડતાં હતા. સાધુ, આજર્યા, ગૃહસ્થો.... બધાં એવા રડે...એટલો બધાને તેમની ઉપર પ્રેમ હતો, આબરૂ પણ ઘણી હતી પણ આ વાત ન હતી.

અહીં તો કહે છે કે શુભ વિકલ્પ છે તે પણ બંધનું કારણ છે તેને ધર્મનું કારણ માને છે તેને મિથ્યાત્વ લાગે છે.

**ज्ञानी निःशंक निकलंक निज ज्ञानरूप निरखंता नित**–જ્ઞાની નિકલંક એટલે વીતરાગ છે, નિઃશંક છે અને પોતાને હંમેશા જ્ઞાતાપણે જુએ છે. પોતાને રાગવાળો, ક્રિયાવાળો કે સ્વર્ગમાં જનારો છું એમ જોતાં નથી.

www.vitragvani.com



બનારસીદાસે પણ કેટલાં ભાવો મૂકી દીધા છે! હવે બાવનમાં પદ્યમાં મરણભય મટાડવાનો ઉપાય બતાવે છે. ૨૭ કળશનું બાવનમું પદ્ય છે–

(૩) મરણભય મટાડવાનો ઉપાય

फरस जीभ नासिका, नैन अरु श्रवन अच्छ इति।
मन वच तन बल तीन, स्वास उस्वास आउ–थिति।।
ये दस प्रान–विनास, ताहि जग मरन कहिज्जइ।
ग्यान–प्रान संजुगत, जीव तिहुँ काल न छिज्जइ।।
यह चिंत करत नहि मरन भय, नय–प्रवांन जिनवरकथित।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित।।५२।।

અર્થ :–સ્પર્શ, જીભ, નાક, આંખ, અને કાન–એ પાંચ ઈન્દ્રિયો, મન–વચન–કાયા એ ત્રણ બળ, શ્વાસોશ્વાસ અન આયુષ્ય–આ દસ પ્રાણોના વિયોગને લોકમાં લોકો મરણ કહે છે. પરંતુ આત્મા જ્ઞાનપ્રાણ સંયુક્ત છે તે ત્રણ કાળમાં કદી પણ નાશ પામનાર નથી. આ રીતે જિનરાજના કહેલાં નય–પ્રમાણ સહિત તત્ત્વસ્વરૂપનું ચિંતવન કરવાથી મરણનો ભય ઉપજતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુ અને શ્વાસોશ્વાસ એ દસેય પ્રાણ જડ છે અને નાશવાન છે. તેથી ધર્મી તેને પોતાના પ્રાણ માનતો નથી. શરીર મારું નથી, ઈન્દ્રિયો મારી નથી, મન–વચન-કાયા મારા નથી, આયુષ્ય પણ મારું નથી, એ તો કર્મ છે. શ્વાસ પણ મારો નથી, એ બધી મુદ્દતી ચીજ છે એમ જાણીને જ્ઞાની તેને પોતાના માનતો નથી તેથી તેને મરણનો ભય લાગતો નથી.

દસ પ્રાણ જીવના નથી તો જીવના પ્રાણ ક્યા? જીવ શેનાથી જીવે છે? જીવ તો પોતાના જ્ઞાનપ્રાણમય છે અને આ ચૈતન્યપ્રાણ શાશ્વત છે તેનાથી જીવનું જીવન છે. દસ પ્રાણથી જીવનું જીવન નથી. તેથી જ્ઞાની નિઃશંકપણે પોતાના ચૈતન્યપ્રાણથી જીવન માનતો જીવંત જ છે.

દસ પ્રાણથી જીવન માનનારા એકબીજાને એમ કહે છે કે આ તમારી ઈન્દ્રિયો હવે ઢીલી પડી ગઈ છે હો! હવે તમે પહેલાં જેવું બોલી પણ શકતા નથી. મન પણ બહુ કામ આપતું નથી....વગેરે...ત્યાં પહેલાંને પણ એમ લાગે કે હા, હું બહુ શિથિલ થઈ ગયો છું. પણ ભાઈ! આ પ્રાણ તારા ક્યાં હતાં? તું તો તારા જ્ઞાનપ્રાણથી સંયુક્ત છો જેનો ત્રણકાળમાં કદી પણ તેનો નાશ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૪૭ શક્તિમાં જીવ શક્તિ આવે છે ને! આત્મા ત્રિકાળ આ જીવત્વશક્તિથી જીવનારો છે. તેનો કદી નાશ થતો જ નથી તો આત્માને મરણનો ભય શો? દસ પ્રાણના નાશને લોકો મરણ કહે છે. પણ આત્મા તો દસ પ્રાણથી જુદાં જ્ઞાનપ્રાણથી–જીવત્વપ્રાણથી સદાય જીવતો છે. તેથી जीव तिहुं काल न छिज्जइ–ત્રણ કાળમાં જીવનો કદી નાશ થતો નથી. આત્મા જ્ઞાનપ્રાણથી સદાય જીવતો છે એવી અંતરદૃષ્ટિને કારણે ધર્મીને દસ પ્રાણના વિયોગનો ત્રાસ અને ભય હોતો નથી. ધર્મીના શ્રદ્ધા અને જ્ઞાનમાં આ પ્રકારની વિચારણા હોવાથી ધર્મીને મરણનો ભય હોઈ શકતો નથી.

'દુનિયાને મરણ તણો ભય છે, જ્ઞાનીને આનંદની લ્હેર જો.'

કોણ મરે અને કોણ જીવે! હું તો સદાય ટકતો છું. હું જ્યાં છું ત્યાં સદાય છું. મારા પ્રાણનો મારાથી વિયોગ કદી થાય નહિ.

નિશ્ચયસત્‌ની વાત જરાં સૂક્ષ્મ લાગે પણ વસ્તુ તો એમ જ છે.

શ્રોતા :–જ્ઞાનીને પણ સમાધિમરણ તો હોય છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–સમાધિમરણ કોને કહેવાય ભાઈ! જેને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ–આનંદસ્વરૂપ–સમાધિસ્વરૂપ ભગવાન આત્માનું ભાન થયું છે તેને દેહના વિયોગકાળે સમાધિ–શાંતિ રહે છે તેનું નામ સમાધિમરણ છે, તેમાં આત્મા મરતો નથી. માત્ર દેહનો વિયોગ થાય છે તે દેહને પોતાનો માનતો નથી તેથી તેને અશાંતિ થતી નથી. જે રાગને, વિકલ્પને, દેહને, શ્વાસોચ્છ્‌વાસને પોતાના માને છે તે તો તેના વિયોગકાળે, પોતે મરી જ જાય છે તેથી અજ્ઞાનીને દેહના વિયોગકાળે સમાધિ રહેતી નથી. આત્માના ભાન વગર વ્રત પડિમા લઈને બેસે છે તે તો મરણ આવતાં દુઃખી દુઃખી થાય છે, તરફડીયાં મારે છે, તેણે સમાધિ લીધી હોય તોપણ સમાધિ રહેતી નથી.

મારા ચૈતન્યભાવપ્રાણનો કદી વિયોગ હોય જ નહિ માટે મારે મરણ ન હોય એમ જ્ઞાની વિચારે છે. તે જાણે છે કે દસ પ્રાણ તો નાશવાન છે તેથી નાશ પામે તેમાં નવાઈ નથી. હું દ્રવ્યાર્થિકનયથી ત્રિકાળીદ્રવ્ય છું અને પ્રમાણથી જોતાં મારી વર્તમાન પર્યાય શુદ્ધ છે તેમાં રાગાદિ કે બીજાં કોઈ પ્રાણ નથી. આમ, નય–પ્રમાણથી તત્ત્વનું સ્વરૂપ ચિંતવવાથી જ્ઞાનીને મરણનો ભય ઉપજતો નથી.

જિનવરે કહેલાં પ્રમાણ અને નય શું કહે છે! કે ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ તે નિશ્ચયનયનો વિષય છે અને તેની શુદ્ધપરિણતિ વ્યવહારનયનો વિષય છે. તેથી ત્રિકાળ વસ્તુ તે નિશ્ચય અને ભાવપ્રાણથી જીવવું તે વ્યવહાર છે. ત્યાં દસ પ્રાણથી જીવવું એ વ્યવહાર પણ નથી. જે વસ્તુમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી તેની સાથે નિશ્ચય-વ્યવહારનો સંબંધ ક્યાંથી સ્થાપવો? દસ પ્રાણ તો પરમાં છે, હું તો મારા જ્ઞાન-આનંદ પ્રાણથી જીવું છું. દ્રવ્ય તો શાશ્વત છે પણ તેની પરિણતિ પણ એ જાતની હોય છે માટે જિનવરે કહેલાં પ્રમાણથી જોતાં જ્ઞાની હંમેશા નિઃશંક છે અને જ્ઞાનીને રાગાદિ વ્યવહારનો કલંક નહિ હોવાથી નિઃકલંક છે.

ધર્મી-જ્ઞાની એમ જાણે છે કે હું તો ત્રિકાળ...ત્રિકાળ....જ્ઞાતા-દ્રષ્ટા અને આનંદમય છું અને જ્ઞાતા-દ્રષ્ટાપણે જીવવું એ મારું જીવન છે. દસ પ્રાણથી જીવવું એ મારું જીવન નથી.

'મહાવીરનો સંદેશ-જીવો અને જીવવા દ્યો' એમ નારા લગાવે છે પણ એ મહાવીરનો સંદેશ નથી. દસ પ્રાણથી જીવો અને દસ પ્રાણથી બીજાને જીવવા દ્યો એવું ભગવાને કહ્યું નથી. દસ પ્રાણ પોતાના ક્યાં છે કે તેનાથી પોતે જીવે! બીજાના પ્રાણ પોતાની પાસે ક્યાં છે કે તેનાથી તેને જીવવા દ્યો! જીવ તો પોતાના જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાપ્રાણથી જીવે છે. તે પ્રાણથી પર્યાયમાં જીવન કરવું એ વ્યવહાર છે ત્યાં પરથી જીવવાની વાત ક્યાં આવે! દસ પ્રાણ આત્માના છે જ નહિ તો આત્મા તેનાથી કેવી રીતે જીવે! આત્મા તો પોતાની યોગ્યતાથી જીવે છે. એ પણ સંયોગીભાવ છે. જીવનો સ્વભાવ નથી માટે નિશ્ચયથી તે પણ પુદ્ગલ છે. અશુદ્ધભાવપ્રાણ પુદ્ગલ છે, કારણ કે તે પુદ્ગલકર્મના નિમિત્તે ઉપજેલાં છે, આત્માના સ્વભાવમાં એવા ભાવપ્રાણ નથી.

ધર્મી સદાય પોતાના જ્ઞાનરૂપને નીરખે છે, પરને નિરખતાં નથી તેમજ દસ પ્રાણ હતા અને ગયા તેને પણ નિરખતાં નથી. પોતે પોતાના જ્ઞાનરૂપને નીરખે છે. આવા જ્ઞાનીને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. તે સિવાય અજ્ઞાનપૂર્વક ઉપવાસ કરી લેવાથી સમાધિમરણ કે નિર્જરા થતી નથી.

આ મરણભયની વાત થઈ. હવે વેદનાભયનો શ્લોક આવશે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સ્વ-સત્તાનું ભાન થયું ત્યાં ભય બધાં ગયા

(સળંગ પ્રવચન-૮૩)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં નિર્જરા અધિકારમાં ધર્મીને કેમ નિર્જરા થાય છે તેની વાત ચાલે છે. ધર્મી સાતેય પ્રકારના ભયથી રહિત હોય છે તેમાંથી ત્રણ ભય મટાડવાના ઉપાયનું કથન આવી ગયું છે. હવે વેદનાભય મટાડવાનો ઉપાય ૫૩મા પદ્યમાં કહે છે.

૪-વેદના ભય મટાડવાનો ઉપાય-

वेदनवारौ जीव, जाहि वेदत सोऊ जिय।
यह वेदना अभंग, सु तौ मम अंग नांहि बिय॥
करम वेदना दुविध, एक सुखमय दुतीय दुख।
दोऊ मोह विकार, पुग्गलाकार बहिरमुख॥
जब यह विवेक मनमहिं धरत, तब न वेदनाभय विदित।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित॥५३॥

અર્થ :—જીવ જ્ઞાની છે અને જ્ઞાન જીવનું અભંગ અંગ છે. મારા જ્ઞાનરૂપ શરીરમાં જડ કર્મોની વેદનાનો પ્રવેશ જ થઈ શકતો નથી. બંને પ્રકારનો સુખ-દુઃખરૂપ કર્મ-અનુભવ મોહનો વિકાર છે, પૌદ્‌ગલિક છે અને આત્માથી બાહ્ય છે. આ પ્રકારનો વિવેક જ્યારે મનમાં આવે છે ત્યારે વેદનાજનિત ભય જણાતો નથી. જ્ઞાની પુરુષ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

वेदनवारौ जीव—જ્ઞાની જીવને એવું ભાન વર્તે છે કે મારે તો સિદ્ધ થવું છે જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત શાંતિ પ્રાપ્ત થાય એવી સિદ્ધદશા ક્યાંથી પ્રાપ્ત થશે? કે જેમાં તેની શકિત ભરી છે ત્યાંથી જ પ્રાપ્ત થાય. તે કાંઈ નિમિત્તમાંથી કે રાગમાંથી કે એક સમયની પર્યાયમાંથી પ્રાપ્ત થાય તેમ નથી. મૂળવસ્તુમાં આ શકિતઓ રહેલી છે માટે તેમાં એકાગ્ર થવાથી જ સિદ્ધદશા પ્રાપ્ત થાય છે અને કર્મોની નિર્જરા થઈ જાય છે.

વેદનારો જીવ પોતે જ પોતાને વેદે છે. બધી શકિતઓ પોતાની અંદર જ ભરેલી છે માટે અંતરમાં શોધે તો મળે છે, બહાર શોધે તો શકિત મળતી નથી. ધર્મીને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુભાશુભપરિણામમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. શરીર, સ્ત્રી, પુત્ર, આબરૂ આદિમાં ક્યાંય સુખ નથી. જ્યાં સુખ છે તે તો પોતે જ છે. આનંદનો વેદનારો હું અને જે વેદાય છે એવી જ્ઞાનાનંદની દશા મારી છે. રાગ–દ્વેષ અને સુખ–દુઃખની કલ્પના મારા સ્વરૂપમાં નથી. માટે હું તેને વેદનારો નથી.

વસ્તુનું સત્‌સ્વરૂપ જે છે તે રીતે વીતરાગદેવે બતાવ્યું છે. ભગવાને તેને બનાવ્યું નથી. ભાઈ! તારે સુખી થવું છે ને! હા. તો થોડું સુખ જોઈએ છે કે પૂરું?—પુરું સુખ જોઈએ છે. તો એ ક્યાંથી મળે? કે અતીન્દ્રિય આનંદમાં જ પૂરું સુખ છે તે કાંઈ પાંચ ઈન્દ્રિયના વિષયોમાંથી મળે તેમ નથી. શુભાશુભ રાગમાં પણ સુખ મળે તેમ નથી, તેમાં તો આકુળતા છે. આમ જાણતાં જ્ઞાની રાગમાં સુખ શોધવા જતાં નથી. મારા આનંદસ્વરૂપમાં એકાગ્રતા થવાથી જે આનંદ પ્રગટ થાય તે અભંગ છે તેમાં કદી ભંગ પડે તેમ નથી.

જેમ વસ્તુ અભંગ છે તેમ તેના આશ્રયે પ્રગટ થયેલો આનંદ પણ અભંગ છે, તે જ મારું સ્વરૂપ છે. તેમાં બીજી વેદના વ્યાપતી નથી. હું જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતાના સામર્થ્યવાળો આત્મા છું, હું પામર નથી, હું અલ્પજ્ઞ નથી, હું વિકારી નથી, હું તો અભંગ અખંડ આનંદની વેદનાને વેદનારો છું. રાગથી તો હું મુકત છું. તેથી મને મારા આનંદની વેદનામાં બીજી વેદના વ્યાપે તેમ નથી.

આ અનેકાંત છે. ધર્મી આ અનેકાંતને અનુભવે છે–કે સ્વભાવના વેદનનો ભાવ એ જ મારું અંગ છે, રાગનું વેદન એ મારું અંગ નથી માટે રાગનું વેદન મારા સ્વભાવમાં વ્યાપતું નથી.

ભગવાન! તું છો ને! તારામાં શું છે અને શું નથી? તારામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા આદિ બધું પૂરું છે, કાંઈ અધૂરું નથી. ક્યારે?–કે અત્યારે જ. જે ક્ષણે દ્રવ્યને સ્વીકાર્યું તે જ ક્ષણે દ્રવ્યમાં પૂર્ણતા ભરી છે અને તેમાં એકાગ્ર થવાથી ધારા વહે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. ધર્મની દશા બહારથી મળે તેમ નથી. ધર્મની દશા સમ્મેદશિખર કે શત્રુંજયમાંથી મળે તેમ નથી, સમવસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે તેમની પાસે પણ તારી ધર્મદશા પડી નથી કે તને આપશે.

હું પોતે જ મારા જ્ઞાન–આનંદ આદિ સ્વભાવથી ભરેલો છું તેની સમીપ જાઊં તો મને મારો પ્રભુ મળશે. સમીપ જવું એટલે એકાગ્રતા કરવી. એકાગ્રતાવંતને રાગમાં સુખબુદ્ધિ હોતી નથી તેથી રાગ આવે તે ખરી જાય છે.

ભગવાન પરમેશ્વરે ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ કહ્યું હતું કે ભાઈ! તું પૂરો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છો તારા ગુણો શોધવા હોય તો તારી અંદર શોધજે બાકી બહારમાં ઝાંવાં નાંખવાથી કાંઈ મળશે નહિ. આ વાતનો જેને અંતરદૃષ્ટિપૂર્વક સ્વીકાર આવ્યો કે જ્ઞાન, આનંદ તો મારામાં જ છે તેને જ્ઞાન–આનંદના વેદન શરૂ થઈ ગયાં, તેને હવે રાગનું વેદન જ નથી. જંગલમાં મુનિને વાઘ, સર્પ આદિ કરડે છે એવા પ્રસંગો બને છે પણ ધર્મી જાણે છે કે મને વાઘનું મોઢું અડ્યું પણ નથી. કટકા પણ શરીરના થાય છે, મારા થતાં નથી. જરાં રાગના અંશનું વેદન આવે છે તે પણ મારા સ્વભાવમાં વ્યાપતું નથી. મારો ભગવાન આત્મા વ્યાપક છે અને નિર્મળ પર્યાય મારું વ્યાપ્ય છે. વ્યાપક એટલે પ્રસરનાર, મારા સમ્યગ્દર્શન–જ્ઞાનમાં શાંતિ અને આનંદનો પ્રસાર થાય છે, સુખ–દુઃખનું વેદન મારા આત્મામાં વ્યાપતું નથી.

આવા વસ્તુસ્વરૂપની સમજણ વિના જીવને ક્યાં પ્રયોગ કરવો, ક્યાં જવું, ક્યાંથી ખસવું એ કાંઈ ખબર નહિ હોવાથી અનાદિથી અથડાયાં કરે છે. સ્વભાવના સ્વીકાર વિના, રાગનો સ્વીકાર અને રાગના વેદનમાં જીવ દુઃખી છે, તે ભલે શેઠિયા હોય કે રાજા હોય......એકલાં દુઃખી છે. રાગમાં રડે છે—રાગભાવ કરીને તેને વેદે છે. તેને દુઃખનું વેદન છે. વળી એ દુઃખનું વેદન મારું છે એમ માને છે તે મિથ્યાત્વ છે. આત્મવસ્તુ તો જ્ઞાનરસસ્વરૂપ છે તેને રાગરૂપ અને દુઃખરૂપ માનવી તે માન્યતા મિથ્યાત્વ છે.

ભગવાન આત્માનું સત્ત્વ શું?....કે જ્ઞાન, આનંદ આદિનું હોવાપણું તે ભગવાન આત્માનું સત્ત્વ છે. આવા સ્વભાવસત્ત્વનો સ્વીકાર થતાં ધર્મીને રાગાદિભાવોમાં મારાપણું થતું નથી તેથી ધર્મી રાગ–દ્વેષમાં વ્યાપતા નથી અને રાગ–દ્વેષની વેદના આત્મામાં વ્યાપતી નથી.

શ્રોતા :—શું ધર્મની શરૂઆતમાં આવું થતું હશે? આ તો ઊંચા દરજ્જાની વાત લાગે છે! કેવળીની હોય તેવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! તારા ધર્મની શરૂઆત પણ ઊંચી જ છે. તું કાંઈ નાના છો? કેવળીની અનંત પર્યાયનો પિંડ તું છો—આ તારી વાત છે.

**करम वेदना दुविध**—એક સુખમય અને એક દુઃખમય એ બન્ને કર્મની વેદના છે. પર સંયોગમાં મૂર્છા છે તે રાગનું વેદન છે. પરમાં પ્રેમ આવે—ઉમંગ આવે તે રાગ છે તેમાં દુઃખનું વેદન થાય છે તે કર્મના ફળનું—અજ્ઞાનનું વેદન છે. આત્માનું સ્વરૂપ નથી.

જેને નિર્વિકાર આત્મા વેદનમાં આવ્યો તેને તો અતીન્દ્રિય આનંદની વેદનાનું વેદવું થાય છે. સર્વજ્ઞભગવાને આવું સ્વરૂપ પોતે પ્રગટ કર્યું છે અને પ્રગટ કરવાની રીત જગતને બતાવી છે. જે તારી પાસે ચૈતન્યનિધાન પડ્યાં છે ત્યાં જા અને તેમાં એકાગ્ર થા તો આ બધી કર્મની–સુખ–દુઃખની વેદના ગૌણ થઈ જશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રથમ સમજણમાં તો આ વાત લે કે વસ્તુનું સ્વરૂપ આમ છે. સ્વરૂપના ભાન વગર ત્રણકાળમાં ધર્મ થવાનો નથી. અનંતકાળ અજ્ઞાનમાં વીતાવ્યો છે. કર્મના નિમિત્તે થતાં સુખ–દુઃખના વિકાર એ બંને એક મોહના જ કાર્યો છે. તારા સ્વભાવના એ કાર્યો નથી.

અરે! આવી વાત સાંભળવા મળતી નથી તે જીવ ક્યારે સ્વનો આશ્રય લઈને ધર્મ પ્રગટ કરે! ધર્મની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. દેહની સ્થિતિ તો પૂરી થશે જ. આયુ પૂર્ણતાની સમીપતા થતી જાય છે. શું કરવાનું છે તેની સૂઝ પડતી નથી તેથી ક્રિયા આદિ કરીને તેમાં ધર્મની માન્યતા કરી લે છે.

પ્રભુ! તું તો અનાકુળ આનંદસ્વરૂપ છો ને! આનંદસ્વરૂપમાં તો આનંદનું વેદન થાય, કેમ કે પોતાની દશામાં પ્રસરનારો તો આત્મા તું જ છો માટે આનંદનું વેદન આવે તે તારું કાર્ય છે. સુખ–દુઃખની કલ્પના ઊઠે છે તે બંને દુઃખરૂપ છે.—મોહનું કાર્ય છે. બહિરલક્ષે ઉત્પન્ન થયેલાં પરને તો આત્મા વેદી શકતો જ નથી. પરના લક્ષે સુખ–દુઃખની કલ્પના કરીને તેને વેદે છે એ મોહનો વિકાર છે. જીવનું સ્વાભાવિક કાર્ય નથી.

**जब यह विवेक मनमाहिं धरत**—સુખદુઃખની કલ્પના એ બહિર્મુખભાવ છે અને આત્માના આનંદની દશા અંતરમુખ છે. આ બેનો વિવેક જ્યારે પોતાના મનમાં એટલે ભાવમાં ઊપજે છે ત્યારે ધર્મીને હરખ–શોકની વેદનાનો ભય વ્યાપતો નથી. હું વેદનામાં વ્યાપતો જ નથી અને વેદના મારામાં વ્યાપતી નથી. હું વેદનાથી રહિત છું. એવો અનુભવ કરતાં જ્ઞાનીને વેદનાનો ભય ઊપજતો નથી.

શરીરની અવસ્થાને તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ વેદતાં નથી. જડની અવસ્થાને ચેતન કેવી રીતે ભોગવે! જડની અવસ્થાને તો ન ભોગવે પણ તે અવસ્થા પ્રત્યે જે અણગમતો ભાવ થાય છે તેને અજ્ઞાની વેદે છે. અને શરીરની અનુકૂળતા દેખીને રાગનો ભાવ થાય છે તેને અજ્ઞાની વેદે છે એ રાગ અને દ્વેષ બંને મોહના વિકાર છે. આત્માનું આનંદવેદન તેનાથી જુદું છે એમ વિવેક થતાં જ્ઞાનીને જડની વેદનાનો ભય ઉપજતો નથી.

**ग्यानी निसंक**—જ્ઞાની નિઃશંક છે કે સુખ–દુઃખની કલ્પનાનું વ્યાપવું મારામાં નથી. હું તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો સ્વામી છું. રાગની વેદનાના કલંક વિનાની હું નિષ્કલંક વસ્તુ છું.

જ્ઞાની તો આનંદને વેદનારા છે અને આનંદ લેતા આગળ જવાના છે, દુઃખી થતાં થતાં આગળ વધવાના નથી.

'જગતને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને આનંદની લ્હેર છે.' અનાદિનો જીવતો જીવ

www.vitragvani.com



છે તે મરે ક્યાંથી? જીવ મરે નહિ અને નવો થાય નહિ. જીવતાં જીવને અનુભવનારા જ્ઞાની રાગના વેદનને પોતાનું સ્વરૂપ માનતાં નથી. એ તો સદાય આત્માને જ્ઞાનરૂપ, આનંદરૂપ, સુખરૂપ, શાંતિરૂપ વેદે છે એ પોતાને રાગના વેદનવાળો જોતાં નથી. નિરંતર અકષાયસ્વરૂપને જોતાં-નિરખતાં જ્ઞાનીને રાગની કે દુઃખની વેદનાનો ભય હોતો નથી.

હું મારા સ્વરૂપની રક્ષા કરું........રક્ષા નહિ કરું તો તત્ત્વ ચાલ્યું જશે એવો અરક્ષાભય પણ જ્ઞાનીને હોતો નથી. કારણ કે ચેતનનું સ્વરૂપ અનાદિ અનંત રક્ષાયેલું જ છે.

### ૫. અરક્ષાનો ભય મટાડવાનો ઉપાય

**जो स्ववस्तु सत्तासरूप जगमहिं त्रिकालगत।**
**तासु विनास न होइ, सहज निहचै प्रवांन मत॥**
**सो मम आतम दरब, सरवथा नहिं सहाय धर।**
**तिहि कारन रच्छक न होइ, भच्छक न कोइ पर॥**
**जब इहि प्रकार निरधार किय, तब अनरक्षा-भय नसित।**
**ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित॥५४॥**

અર્થ :—સત્સ્વરૂપ આત્મવસ્તુ જગતમાં સદા નિત્ય છે. તેનો કદી નાશ થઈ શકતો નથી, એ વાત નિશ્ચયનયથી નિશ્ચિત છે, તેથી મારો આત્મપદાર્થ કદી કોઈની મદદની અપેક્ષા રાખતો નથી, તેથી આત્માનો ન કોઈ રક્ષક છે, ન કોઈ ભક્ષક છે. આ રીતે જ્યારે નિશ્ચય થઈ જાય છે ત્યારે અરક્ષાભયનો અભાવ થઈ જાય છે. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

મારી ચીજ ત્રિકાળ હોવાપણે છે તેમાં રાખવું કે નાશ થવું એવું કદી હોતું નથી. આત્મા સદા અવિનાશી છે. જે સદાય છે તેની રક્ષા કરવાપણું ન હોય તેમ તેનો નાશ થવાપણું પણ ન હોય. માટે સત્‌સ્વરૂપ આત્માની રક્ષા કરું તો રહે, ન કરું તો નહિ રહે એમ બનતું નથી.

પોતે ચૈતન્ય હોવાં છતાં પોતાને જડનો પતિ માને—કરોડપતિ માને, ઉદ્યોગપતિ માને, તે મૂઢ છે. અહીં તો રાગને પોતાનો માને-રાગનો પતિ થાય છે તે પણ મૂઢ અને અજ્ઞાની છે. જે પોતાના ગુણોનો સ્વામી થાય છે તે જ સાચો ગુણપતિ છે.

**जगमहिं त्रिकालगत**—જગતમાં હું તો ત્રિકાળ રહેનારી શાશ્વત ચીજ છું. મારો નાશ કદી થયો નથી અને થવાનો નથી. આ વાત સ્વાભાવિક, નિશ્ચયથી પ્રમાણભૂત છે. તો વ્યવહારનયથી? વ્યવહારનયથી પર્યાય બદલે છે પણ વસ્તુનો નાશ થતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હું તો આત્મદ્રવ્ય સર્વથા કોઈની સહાય રહિત છું. મારે કોઈના સહારાની જરૂર નથી. કોઈની સહાય હોય તો હું રહી શકું એવું મારું સ્વરૂપ નથી. મારું આત્મદ્રવ્ય જ આવું અનાદિ અનંત સત્તાવાળું સ્વયંરક્ષિત છે. તેના હોવાપણામાં ન હોવાપણુ કદી આવતું નથી.

આત્મદ્રવ્ય કદી કોઈની સહાયની અપેક્ષા રાખતું નથી. આ શરીર છે તો હું ટકું છું—એમ નથી. ઈન્દ્રિયો છે તો જ્ઞાન થાય છે—એમ નથી. મને મારા સ્વભાવથી જ્ઞાન થાય, સ્વભાવથી આનંદ થાય એવો જ મારો ત્રિકાળી સ્વભાવ છે. આવી શ્રદ્ધા થવી તેનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે.

**सरवथा नहिं सहाय धर**—અરે! કથંચિત્ તો રાખો! એકાંત થઈ જશે! અહીં તો 'સર્વથા' અસહાય કહી દીધો છે. આત્માને કથંચિત્ કોઈ સહાય કરે એવો તેનો સ્વભાવ જ નથી. પોતાની સહાય કરનારો આત્મા પોતે જ છે. સર્વથા કોઈ મારો સહાયક નથી. મારું હોવાપણું ત્રિકાળ સત્તાથી શોભિત છે. તેને કોઈની રક્ષાની અપેક્ષા નથી. પર મારી રક્ષા કરે તો હું રહું એવું મારું સ્વરૂપ નથી.

વસ્તુના સ્વરૂપના હોવાપણામાં કથંચિત્ ન હોય. વસ્તુ સર્વથા છે...છે... ત્રિકાળ છે. 'હું છું અને હું નથી' એવું અનેકાંત નથી. હું અનાદિ અનંત વસ્તુ છું તેનો કોઈ રક્ષક નથી તેમ કોઈ ભક્ષક નથી. જેને રક્ષક હોય તેને ભક્ષક હોય અને ભક્ષક હોય તેને રક્ષક જોઈએ. જેને પૈસા આદિની જરૂર હોય તેને શેઠિયાની સહાય જોઈએ. જે મળેલી ચીજની રક્ષા કરે અને નહિ મળેલી ચીજ મેળવી આપે તેને નાથ કહેવાય છે પણ અહીં તો આત્મા પોતે જ પોતાનો નાથ છે. શક્તિઓ તો બધી છે અને તેની પૂર્ણ નિર્મળદશારૂપ સિદ્ધદશા પ્રાપ્ત નથી તે પ્રાપ્ત થશે જ, કેમ કે જેણે પ્રતીતિના સરાંણે આત્માને ચડાવ્યો છે તેને કેવળજ્ઞાન થશે જ.

પોતાને કર્મને આધીન માનનારાઓ અહીં પ્રશ્ન કરે છે કે જો કર્મ તમને રોકતું ન હોય તો અત્યારે મોક્ષ કરી લ્યોને? અરે પ્રભુ! તારે કર્મની આધીનતાથી ખુશી થવું છે! કર્મ મને માર્ગ આપે તો થાય એવી ગાળો તારે સાંભળવી છે?

આ તો છતાં ધણીએ બાઈ રાંડ્યાની 'દાદાની ચિઠ્ઠી' જેવી વાત છે. ધણી બેઠો હોય અને બાઈ રાંડતી હશે? તેમ જ્ઞાનાવરણી જડ કર્મથી ચૈતન્યનું જ્ઞાન રોકાતું હશે? તું રોવા શું બેઠો ભાઈ! તારી અક્કલ ખવાઈ ગયેલી છે, તું પોતે તારા જ્ઞાનને પ્રગટ કરતો નથી ત્યારે જ્ઞાનાવરણીનું માત્ર નિમિત્ત હોય છે તેનું શાસ્ત્ર તને જ્ઞાન કરાવે છે ત્યાં તું તો કર્મને જ કારણ માનીને પરાધીન થઈને રોવા બેઠો? તું જાગૃત થા તો કર્મનું શું ચાલે!

સમકિતીને પોતાના આત્મસ્વરૂપનો નિઃશંક નિર્ધાર થયો છે કે હું, સદાય શુદ્ધ અસહાય

www.vitragvani.com



અવિનાશી તત્ત્વ છું તેથી તેને પોતાની અરક્ષાનો ભય સતાવતો નથી. ધર્મી જ તેને કહીએ કે જેને સ્વરૂપમાં શંકા પડતી નથી. સ્વરૂપમાં ફેરફાર થઈ જશે તો! એવો સંદેહ નથી.

અરે! કર્મના જોર એવા આવે કે આત્મામાં ખેદાન–મેદાન થઈ જાય. એવી વાતની તને પ્રતીતિ આવે છે અને આત્મા ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો છે તેની તને પ્રતીતિ નહિ!! તારા આત્માની શકિત તો જો! આત્મા જાગે તો ક્ષણમાં પૂર્ણદશા પ્રગટ કરી લે. તેને રોકનાર કોઈ નથી. એવો જ જીવનો સ્વભાવ છે.

ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુનો નિર્ધાર થયો તે તો નિઃશંકપણે એમ માને છે કે મારે કોઈ પર સહાયની જરૂર નથી. હું સ્વયં રક્ષાયેલો પૂર્ણાનંદનો નાથ છું. કોઈ ભક્ષક મારો નાશ કરી શકે તેમ નથી. અજગર બકરાંને ગળી જાય છે તેમ મારા આત્મતત્ત્વને કોઈ ગળી જશે એવો ભય જ્ઞાનીને હોતો જ નથી.

જે છે...છે...છે....એવી મહાસત્તાનું હોવાપણું દૃષ્ટિમાં આવ્યું એવા ધર્મી કહે છે કે હું તો નિષ્કલંક છું. મને જ્ઞાનમય જોતો હું તો જ્ઞાનરૂપ છું. વિકારરૂપે હું નથી, આમ, ધર્મી પોતાને સદાય જ્ઞાનરૂપ નીરખે છે તેથી રાગ–દ્વેષ આવતાં નથી અને આવે છે તે પણ ગળીને નિર્જરી જાય છે.

❁

રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૧૫)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# સપ્ત ભય પ્રવિમુક્ત જ્ઞાનીઓ

(સળંગ પ્રવચન નં. ૮૪)

શ્રી નાટકસમયસાર શાસ્ત્રનો આ નિર્જરા અધિકાર છે, તેમાં સાત પ્રકારના ભય મટાડવાનો ઉપાય બતાવે છે.

૨૬મા કળશ ઉપર ૫૫મા પદ્યમાં ચોરભય મટાડવાનો ઉપાય આ પ્રમાણે બતાવ્યો છે.

परम रूप परतच्छ, जासु लच्छन चिन्मंडित।
पर प्रवेश तहां नाहिं, माहिं महि अगम अखंडित॥
सो ममरूप अनूप, अकृत अनमित अटूट घन।
ताहि चोर किम गहै, ठौर नहि लहै और जन॥
चितवंत एम धरि ध्यान जब, तब अगुप्त भय उपसमित।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित॥५५॥

અર્થ :—આત્મા સાક્ષાત્ પરમાત્મારૂપ છે, જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે. તેને ચોર કેવી રીતે લઈ શકે? બીજા મનુષ્યોને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોરભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

આ સમ્યગ્દૃષ્ટિની ભાવના અથવા વિચારણા છે કે હું તો પરમ સ્વરૂપ પરમાત્મા જ છું. હું મારા સ્વસંવેદનથી પ્રત્યક્ષ છું, મારું સ્વરૂપ જ્ઞાનથી વિભૂષિત છે. મારી ધ્રુવભૂમિમાં કોઈનો પ્રવેશ નથી. જ્યાં કોઈનો પ્રવેશ જ થઈ શકતો નથી તેને કોણ લૂંટી શકે? માટે, મને ચોરનો ભય નથી.

મારું સ્વરૂપ અગમ્ય અને અખંડિત છે તેમાં કોઈની તાકાત નથી કે અંદર પ્રવેશ કરે. ચૈતન્ય મહાપદાર્થ હું પરમાત્મસ્વરૂપ છું એમ જેને અંતરમાં ભાસ્યું છે તેને પોતાના ચૈતન્યધનના નાશની શંકા નથી. હું અકૃત વસ્તુ છું–મને કોઈએ બનાવેલ નથી. હું અનાદિ-અનંત અતૂટ ધન છું. મારા ચૈતન્યધનનો કદી નાશ ન થાય એવું ધન મારામાં છે. દુનિયાની લક્ષ્મી તો

www.vitragvani.com



નાશ થઈ જાય છે પણ મારી લક્ષ્મી કદી નાશ થતી નથી. વળી અપરંપાર છે અને અક્ષય છે તેને કોણ લઈ જાય કે નાશ કરે!

મારા અસંખ્યપ્રદેશી આનંદમય સ્થાનમાં કોઈ બીજો પ્રવેશી શકે તેમ નથી ત્યાં ચોરનો ભય કેમ હોઈ શકે? મારા સ્વઘરમાં ચોરનો પ્રવેશ હોઈ શકે તેમ નથી એમ જાણતાં જ્ઞાની નિઃશંક છે. જ્ઞાનીઓ સદાય પોતાના આત્માને કલંક રહિત અને જ્ઞાનમય દેખે છે તેથી જ્ઞાની સદા નિઃશંક રહે છે. જ્ઞાનીની દૃષ્ટિ સદાય દ્રવ્ય ઉપર જ હોય છે. જે કોઈ આવા પોતાના સ્વરૂપને અનુભવે છે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અથવા અનુભવી કહેવામાં આવે છે. આ ધર્મના એકડાની વાત છે. આ કાંઈ મુનિ કે કેવળીની વાત નથી. ધર્મની શરૂઆત જ આવા સ્વરૂપના અનુભવથી થાય છે.

આ ચોરભયનું નિવારણ થયું. હવે અકસ્માતભયનું નિવારણ કરે છે.

### અકસ્માત ભય મટાડવાનો ઉપાય

सुद्ध बुद्ध अविरुद्ध, सहज सुसमृद्ध सिद्ध सम।
अलख अनादि अनंत, अतुल अविचल सरूप मम॥
चिदविलास परगास, वीत-विकल्प सुखथानक।
जहां दुविधा नहि कोइ, होइ तहां कछु न अचानक॥
जब यह विचार उपजंत तब, अकस्मात भय नहि उदित।
ग्यानी निसंक निकलंक निज, ग्यानरूप निरखंत नित॥५६॥

અર્થ :—મારો આત્મા શુદ્ધ જ્ઞાનમય તથા વીતરાગભાવમય છે અને સિદ્ધભગવાન જેવો સમૃદ્ધિવાન છે. મારું સ્વરૂપ અરૂપી, અનાદિ, અનંત, અનુપમ, નિત્ય, ચૈતન્યજ્યોતિ, નિર્વિકલ્પ, આનંદકંદ અને દ્વંદરહિત છે. તેનામાં કોઈ આકસ્મિકઘટના બની શકતી નથી. જ્યારે આ જાતનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે અકસ્માતભય પ્રગટ થતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.

હું શુદ્ધ બુદ્ધ એટલે શુદ્ધ જ્ઞાનમય છું અને વિરુદ્ધ એવા જે રાગ-દ્વેષભાવ–તેનાથી રહિત એવો અવિરુદ્ધ છું—શુદ્ધ વીતરાગથી ભરેલો છું. હું સ્વાભાવિક જ સિદ્ધ સમાન સમૃદ્ધિથી ભરપૂર છું. સિદ્ધભગવાન અનંત જ્ઞાન, આનંદ આદિ સમૃદ્ધિથી ભરેલા છે તેમ હું પણ અનંત જ્ઞાન, આનંદાદિ સમૃદ્ધિથી સ્વાભાવિકપણે ભરેલો છું તેમાં અકસ્માત શું થાય? સિદ્ધમાં જેટલી સમૃદ્ધિ છે તે બધી મારામાં પણ છે આમ, સમ્યગ્દૃષ્ટિને નિર્જરાની ધારામાં આવી નિઃશંકતા વર્તતી હોય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**अलख**–હું ઇન્દ્રિયોથી જણાઉં તેવો નથી. હું અનાદિ-અનંત છું તેમાં અકસ્માતપણું અથવા નવાપણું શું હોય! વળી મારું સ્વરૂપ કોઈની સાથે તુલના થઈ શકે તેવું નથી માટે હું અતુલ છું. મારું સ્વરૂપ અવિચલ હોવાથી કદી ચળતું નથી. જે 'વસ્તુ' છે તે કેવી રીતે ચળે! હું સદાય અવિચલ છું.

**चिदविलास**–પોતે સદાય જ્ઞાનાનંદસ્વરૂપ હોવાથી જ્ઞાનીને અનુભવમાં ચિદ્‌વિલાસ અનુભવાય છે. ચિદ્‌વિલાસમાંથી જ્ઞાન અને આનંદ નીકળે છે એ જ મારો વિલાસ છે. તેના અનુભવમાં જ્ઞાન અને આનંદનો પ્રકાશ આવે છે. તેમાં રાગાદિ વિકાર આવતો નથી. મારું સ્થાન જ સુખસ્થાનક છે. હું સુખ ઉપજાવનારો છું. રાગને ઉપજાવે તેવું મારું સ્વરૂપ નથી. હું અતીન્દ્રિય આનંદને ઉપજાવું એવો છું. દુઃખને અને સંસારને ઉપજાવે તેવું મારું સ્થાન નથી. મારા અતીન્દ્રિય આનંદના ધામમાં કોઈ દ્વિધા નથી. જ્યાં બેપણું જ નથી–જ્યાં બીજું કોઈ નથી ત્યાં આકસ્મિક ઘટના કોઈ ઘટતી જ નથી.

આ વાત એવી છે કે કેટલાંકને તેમાંથી ભાવ કાઢતાં ન આવડે તો વેદાંત જેવી લાગે. શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે સમયસાર વાંચીને કેટલાકને 'એક જ આત્મા છે' એવો ભ્રમ થઈ જાય છે. સમયસારમાં એક આત્મા એટલે પોતે એક આત્મા છે એમ કહ્યું છે. બધાં મળીને એક આત્મા છે એમ કહ્યું નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં નિશ્ચયાભાસીના પ્રકરણમાં ટોડરમલજીએ પણ કહ્યું છે કે આ વાત વેદાંત જેવી છે એમ લાગે પણ એમ નથી એ માટે ઘણાં ખુલાસા કર્યા છે.

વસ્તુ પોતે જ બે પડખાવાળી છે. દ્રવ્ય અને પર્યાય એ બે ભાગમાં બંનેને ઉપાદેય ગણીએ તો બે ભાગ જ ન રહે અને દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં ન આવે. માટે દ્રવ્યસ્વભાવને ઉપાદેય અને પર્યાયને હેય કર્યા વિના વસ્તુ સિદ્ધ થતી નથી. વસ્તુના એક અભેદ અખંડ સ્વરૂપમાં બેપણું નથી. દ્રવ્યસ્વભાવને રાગ અને નિમિત્ત સાથે કાંઈ સંબંધ નથી. **अविरूद्ध** શબ્દનો અર્થ અંદરમાં જ આપ્યો છે કે મારો આત્મા શુદ્ધ જ્ઞાન અને વીતરાગભાવમય છે. વીતરાગભાવમાં ચારિત્રની સાથે આનંદ પણ આવી જાય છે. ત્રિકાળી શ્રદ્ધા અને ત્રિકાળી સ્થિરતા પણ વીતરાગભાવમાં સમાઈ જાય છે.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવને ઉપાદેય કર્યા વિના પર્યાયમાં હેયપણું આવી શકતું નથી. દ્રવ્યના બંને પડખા ઉપાદેય નથી તેમ જ બંને હેય નથી. દ્રવ્યસ્વભાવ ઉપાદેય છે અને પર્યાય હેય છે. દ્રવ્યમાં–ધ્રુવસ્વભાવમાં પર્યાય પણ નથી તો આકસ્મિક ઘટના તો અંદરમાં શું હોઈ શકે! સર્વજ્ઞદેવે વસ્તુને ભૂતાર્થ કહી છે. અભેદમાં ભેદ દેખાતો નથી માટે ભેદ અભૂતાર્થ છે. અભેદમાં ભેદ દેખાય તો અભેદ સિદ્ધ થતો જ નથી. વળી રાગી પ્રાણીને ભેદનું લક્ષ કરતાં રાગ થયા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વિના રહેતો નથી. આ વાતનો ખુલાસો જયચંદ્રજી પંડિતે સમયસારની છઠ્ઠી–સાતમી ગાથામાં બહુ સારો કર્યો છે. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે ભેદને અસત્ કહેવો જોઈએ. તેનો અર્થ એમ નથી કે ભેદ નથી. ભેદ પણ છે, પર્યાય પણ છે. પણ વસ્તુની દૃષ્ટિમાં એવા કોઈ ભેદ દેખાતા નથી.

જ્યાં સુધી જીવનું લક્ષ બહિર્મુખ છે ત્યાં સુધી બહુ ભેદરૂપ દેખાય છે. અંતરમુખ લક્ષ જતાં ભેદ દેખાતાં નથી. લક્ષ અંતરમુખ થતાં દૃષ્ટિ સામાન્ય ઉપર જ જાય છે. તેથી કહ્યું છે કે દૃષ્ટિનો વિષય અભેદ છે. તેમ જ નિશ્ચયનયનો વિષય પણ અભેદ છે અને શુદ્ધનયને જ ત્રિકાળ વસ્તુ કહી છે.

આત્મવસ્તુ અભેદ એટલે વિકલ્પ વિનાની છે. ભગવાન આત્મા સુખનું સ્થાન છે. તેમાં દુવિધા ક્યાંથી? બેપણું જ જ્યાં નથી ત્યાં ભય શેનો હોય! સંયોગમાં–પરમાં જીવના ધાર્યા પ્રમાણે કાંઈ થતું નથી. પરમાં અકસ્માત ફેરફાર થઈ જાય છે તેથી સંયોગદૃષ્ટિવાળા અજ્ઞાની જીવોને તેનો ભય લાગે છે પણ સ્વભાવદૃષ્ટિવંત જ્ઞાનીને વસ્તુમાં અકસ્માત કાંઈ ફેરફાર થવાનો અવકાશ જ ન હોવાથી ભય નથી.

બહારમાં તો અકસ્માત કેટલાં ફેરફારો થાય છે! પૈસાની કિંમત અત્યારે કેટલી ઘટી ગઈ છે! અમારા પિતાજીના પિતાજી 'ગીગા કુરા' દસહજારના આસામી મોટા આબરૂદાર ગણાતાં. વર્ષમાં બે મહિના જ ધંધો કરે. અત્યારે તો બાર મહિના કમાય અને લાખો રૂપિયા આવે તોપણ શાંતિ ન હોય. વળી ઉપરથી સરકારનો ભય હોય તે જુદો. બહારમાં ક્યાંય શાંતિ કે એકરૂપતા હોય જ નહિ. શાંતિ તો જ્યાં પરનો પ્રવેશ નથી–પરની ગંધ પણ નથી એવા નિજ ભગવાન આત્મામાં છે. તે કોઈ પર સાધન વડે ગમ્ય થઈ શકે તેવો નથી.

આ બધું લોજિકથી સિદ્ધ થાય છે. અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. તેના પણ જેને ઠેકાણાં ન હોય અને વ્રત તથા ચારિત્ર લઈને બેસી જાય તો એમ કાંઈ ધર્મ થઈ જતો નથી. એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણું મનાવે તે નિગોદગામી થાય છે તો સમ્યગ્દર્શન વિના સાચુ મુનિપણું તો ક્યાંથી હોઈ શકે! મુનિની દશા કેવી હોય, મુનિને દ્રવ્યનો આશ્રય કેટલો હોય, રાગ કેટલો હોય, સંયોગ કેટલો હોય તેની ખબર નથી તેને એકેય તત્ત્વની ખબર નથી. તેને એકલાં મિથ્યાત્વનું સેવન છે અને તેના ફળમાં ચારગતિનું ભ્રમણ છે.

**जब यह विचार उपजंत तब**—મારી વસ્તુમાં દુવિધા જ નથી તેથી અકસ્માત કાંઈ થાય તેમ નથી એમ જ્યારે વિચાર ઉપજે છે ત્યારે અકસ્માતભય ઉપજતો નથી. આમ અકસ્માત ભયથી રહિત જ્ઞાની નિઃશંક છે. મારી ચીજમાં કોઈનો પ્રવેશ નથી. દુનિયામાં હું કોઈને ગમ્ય નથી. કેવળીભગવાન પણ મને મારામાં આવીને જાણતાં નથી–મારા વેદનનું વેદન કેવળીને નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



માટે કેવળી પણ મને ન જાણે એવો હું છું. ગજબ વાત કરી છે ને! જ્ઞાની મારાપણે થઈને જાણતાં નથી. એ તો પોતામાં રહીને મને જાણે છે.

જ્ઞાની નિષ્કલંક છે. રાગનું કલંક જ્ઞાનીને નથી. જ્ઞાની નિશંક છે કે મારો સ્વભાવ ત્રિકાળ વીતરાગ અને જ્ઞાનમય છે. જ્ઞાની સદાય પોતાના જ્ઞાનસ્વરૂપને નિરખે છે. તેથી જ્ઞાનીને અકસ્માતભય નથી.

આ રીતે સાતેય ભય મટાડવાનો ઉપાય બતાવ્યો. નિઃશંકતામાંથી સાત ભય રહિતપણાના બોલ કાઢ્યા છે. નિઃશંકતા આદિ આઠ ગુણોથી સમ્યગ્દષ્ટિ અલંકૃત હોય છે તેની વાત હવે કરશે.

હવે ૨૯મા કળશ ઉપર ૫૭મા પદ્યમાં બનારસીદાસજી સમ્યગ્જ્ઞાની જીવોને નમસ્કાર કરે છે.

जो परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत धुव।
विमल ग्यान अंकूर, जासु घटमहिं प्रकास हुव॥
जो पूरबकृत कर्म, निरजरा-धार बहावत।
जो नव बंध निरोध, मोक्ष-मारग-मुख धावत॥
निःसंकतादि जस अष्ट गुन, अष्ट कर्म अरि संहरत।
सो पुरुष विचच्छन तासु पद, बानारसि वंदन करत॥५७॥

અર્થ :—જે પરદ્રવ્યમાંથી આત્મબુદ્ધિ છોડીને નિજસ્વરૂપનું ગ્રહણ કરે છે, જેમના હૃદયમાં નિર્મળ જ્ઞાનનો અંકુર પ્રગટ થયો છે, જે નિર્જરાના પ્રવાહમાં પૂર્વે કરેલાં કર્મો વહેવડાવી દે છે અને નવીન કર્મબંધનો સંવર કરીને મોક્ષમાર્ગ સન્મુખ થાય છે, જેમના નિઃશંકતાદિ ગુણો આઠ કર્મરૂપ શત્રુઓનો નાશ કરે છે, તે સમ્યગ્જ્ઞાની પુરુષ છે. તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.

ધર્મી કેવા છે? કે જેણે શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, આબરૂ આદિ બધાંમાંથી આત્મબુદ્ધિ—મારાપણાંની બુદ્ધિ છોડી દીધી છે અને શુદ્ધ નિજ આત્મામાં આત્મબુદ્ધિ કરી લીધી છે. પછી ભલે તે ચક્રવર્તિ હોય તો તેને ૯૬ હજાર રાણી હોય, વૈભવનો પાર ન હોય પણ અંતરમાં ધર્મી તે બધાંથી છૂટા જ છે. ધર્મી જ્યાં રાગથી પણ છૂટા છે ત્યાં પરવસ્તુથી છૂટા કેમ ન હોય!

विमल ग्यान अंकूर—સમકિતીને પ્રત્યક્ષ અનુભૂતિ થતાં જ્ઞાન અને આનંદનો અંકુર ફૂટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. જ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાનનો નહિ પણ ત્રિકાળજ્ઞાનનો અંકુર અંદરમાંથી ફૂટે છે કે જે અંકુર કેવળજ્ઞાનનું કારણ થાય છે અને બીજું અંકુર ચારિત્રનું ફૂટે છે. જ્ઞાનીને શુભભાવમાં શુદ્ધનો અંશ છે તે યથાખ્યાતચારિત્રનું કારણ થાય છે.

અજ્ઞાનદશામાં પરસન્મુખતાથી જે રાગની ઉત્પત્તિ થતી હતી તે હવે સ્વભાવ સન્મુખદશામાં ઉત્પન્ન થતી નથી. અજ્ઞાનમાં જે બંધનો પ્રવાહ વહેતો હતો તેના બદલે હવે નિર્જરાનો પ્રવાહ વહેવા લાગે છે. તેથી બંધનો નિરોધ થાય છે અને મોક્ષમાર્ગમાં આગળ વધે છે.

(—શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે, અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૩૦)*

www.vitragvani.com



# અષ્ટાંગ-સમ્યક્ત્વનું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં-૮૫)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં નિર્જરા અધિકારમાં હવે સમ્યગ્દર્શનના આઠ અંગના નામ કહે છે. નામ કહો, ચિહ્ન કહો, લક્ષણ કહો, અવયવ કહો કે આચાર કહો બધું તેમાં આવી જાય છે.

### સમ્યગ્દર્શનના આઠ અંગના નામ

प्रथम निसंसै जानि, दुतिय अवंछित परिनमन।
तृतिय अंग अगिलानि, निर्मल दिष्टि चतुर्थ गुन॥५८॥
पंच अकथ परदोष, थिरीकरन छट्ठम सहज।
सत्तम वच्छल पोष, अष्टम अंग प्रभावना॥५९॥

અર્થ :—નિ:શંકિત, નિ:કાંક્ષિત, નિર્વિચિકિત્સત, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના—આ સમ્યગ્દર્શનના આઠ અંગનો અર્થ અથવા સ્વરૂપ હવેના પદ્યમાં કરશે.

### સમ્યક્ત્વના આઠ અંગોનું સ્વરૂપ

धर्ममैं न संसै सुभकर्म फलकी न इच्छा,
असुभकौ देखि न गिलानि आनै चित्तमैं।
सांची दिष्टि राखै काहू प्रानीकौ न दोष भाखै,
चंचलता भानि थिति ठानै बोध वित्तमैं॥
प्यार निज रूपसौं उछाहकी तरंग उठै,
एई आठौ अंग जब जागै समकितमैं।
ताहि समकितकौं धरैं सो समकितवंत,
वहै मोख पावै जौ न आवै फिरि इतमैं॥६०॥

૧. નિ:શંકિત અંગ :—સ્વરૂપમાં સંશય ન કરવો એ નિ:શકિત અંગ છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ, અખંડ, અભેદ ચૈતન્યસ્વરૂપ છે તેમાં ધર્મીને શંકા થતી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નિયમસાર ૫મી ગાથામાં 'આપ્તપુરુષ શંકા રહિત છે' એમ કહ્યું છે. ત્યાં શંકાનો અર્થ મોહ, રાગ અને દ્વેષ છે. જેમ આપ્તપુરુષ મોહ-રાગ-દ્વેષથી રહિત છે તેમ સમકિતવંતનું સ્વરૂપ પણ મોહ-રાગ-દ્વેષથી રહિત છે. મારું સ્વરૂપ મોહ, રાગ, દ્વેષથી રહિત છે એમ ધર્મી નિઃશંકપણે માને છે અને પરમેશ્વર–આપ્તને તો અસ્થિતાના રાગ-દ્વેષ પણ ટળી જઈને વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે.

જેમ શરીર અંગી છે તેનાથી હાથ-પગ આદિ અંગ જુદા નથી તેમ સમકિતના અંગો સમકિતથી જુદા નથી.

૨. નિઃકાંક્ષિત અંગ :—શુભ ક્રિયા કરીને તેના ફળની અભિલાષા ન કરવી એ નિઃકાંક્ષિત અંગ છે.

નિઃશંકિત અંગમાં અસ્તિપણે આત્માની શ્રદ્ધા લીધી છે. આ નિઃકાંક્ષિત અંગમાં શુભના ફળની વાંછાનો અભાવ કહીને નાસ્તિથી ગુણ બતાવ્યો છે. એકલા પવિત્ર નિર્મળ નિજરૂપમાં નિઃશંક એવા ધર્મીને શુભપરિણામ આવે છે પણ તેની પાછળ તેના ફળની ભાવના હોતી નથી. નિઃશંસયભાવ પ્રગટ્યો તેની સાથે જ નિર્વાંછકભાવ પણ હોય જ છે. શુભરાગથી હું રહિત છું માટે તેના ફળની ઈચ્છા પણ મને નથી.

સમ્યગ્દૃષ્ટિ શુભભાવથી વિરક્ત જ છે તેમ જ તેના ફળની પણ તેને વાંછા નથી. પોતાના વસ્તુસ્વરૂપમાં જે નિઃશંસય થયા છે તેને જ વાંછાનો અભાવ હોય છે. શુભવિકલ્પ ઊઠે ત્યાં તેને એમ નથી થઈ જતું કે 'આ હું છું.'

૩. નિર્વિચિકિત્સા અંગ :—દુઃખદાયક પદાર્થો જોઈને ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા અંગ છે.

પોતાના પરિણામમાં કોઈ એવો અશુભ વિકલ્પ આવી જાય તો એમ ન થઈ જાય કે અરે! મારા સ્વભાવમાં આ શું આવી ગયું? મારા સ્વભાવમાં તેનો અભાવ છે એમ જાણતાં જ્ઞાનીને અશુભપરિણામ ઉપર દ્વેષ નથી. જ્ઞાની તો જ્ઞાતા–દ્રષ્ટા છે. જે છે તેને જાણે છે.

શ્રેણિકરાજાને કુણિક ઉપર જરાં દ્વેષ આવી ગયો હતો પણ જાણે છે કે આ ભાવ મારું સ્વરૂપ નથી, પણ ગ્લાનિ કરતાં નથી.

પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો છે ત્યાં ધર્મીને અશુભભાવની કે અશુદ્ધ પદાર્થોની ગ્લાનિ થતી નથી, દ્વેષ થતો નથી. અશુભપદાર્થ પ્રત્યે ગ્લાનિ ન થવી એ તો સાધારણ વાત છે. મૂળ તો અશુભભાવ પ્રત્યે પણ ગ્લાનિ થતી નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

૪. અમૂઢદૃષ્ટિ અંગ :—અવિવેક છોડીને તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવો એ અમૂઢ દૃષ્ટિ અંગ છે.

તત્ત્વના વિષયમાં સૂક્ષ્મ વાતમાં પણ ધર્મીને વિભ્રમ હોતો નથી. વિવેકપૂર્વક તત્ત્વનો યથાર્થ નિર્ણય વર્તે છે. મોક્ષનો નાયક ભગવાન બાદશાહ ચૈતન્યપિંડ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં કોઈ તત્ત્વમાં મૂઢતા ન હોય. ભગવાન આત્મા તો મોક્ષપુરીનો નાથ છે તેને પ્રતીતિમાં લીધો એવા સમકિતવંતને કોઈ ભાવમાં મૂઢતા આવતી નથી.

જુઓ આ સમ્યગ્દર્શન અને તેની સાથે રહેનાર આઠ અંગો!

૫. ઉપગૂહન અંગ :—काहू प्रानीकौ न दोष भाखै । કોઈ જીવનાં દોષને બીજાને કહેતો નથી. આ વ્યવહારથી વાત કરી છે. મૂળ તો પોતાને પર્યાયદૃષ્ટિનો નાશ થયો છે તેથી બીજાનાં પણ નિર્દોષ સ્વભાવને જ જુએ છે, પર્યાયમાં રહેલાં દોષને જોતાં નથી.

૬. સ્થિતિકરણ અંગ :—ધર્મીને રત્નત્રયમાં જરાય ચંચળતા થતી નથી. જુઓ! ચોથા ગુણસ્થાનમાં પણ રત્નત્રય કહ્યું ને! ધર્મીને પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાના અંશમાં ક્યાંય ચંચળતા હોતી નથી. ....थिति ठानै बोध वितमें । બોધ એટલે જ્ઞાન. પોતાના ચૈતન્યસ્વભાવમાં જ્ઞાની સ્થિર રહે છે. આ તેમનું સ્થિતિકરણ અંગ છે.

૭. વાત્સલ્ય અંગ :—આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો તે વાત્સલ્ય અંગ છે. ધર્મીનો પ્રેમ સ્ત્રી, પુત્ર, મિત્રાદિ ઉપર ચાલ્યો જતો નથી. કેમ કે પોતાના પ્રભુ સાથે પ્રેમ જોડાઈ ગયો છે. પોતાના શુદ્ધ–પવિત્ર સ્વરૂપ પ્રેમ લાગ્યો એ ધર્મીનું વાત્સલ્ય અંગ છે.

૮. પ્રભાવના અંગ :—उठाहकी तरंग उठे । સ્વરૂપના પ્રેમી એવા ધર્મીને સ્વરૂપની સાવધાની-સ્વરૂપના ઉત્સાહના તરંગ ઉઠે છે એ પ્રભાવના અંગ છે.

પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવના અનુભવીને શુદ્ધસ્વભાવનો જ ઉત્સાહ વર્તે છે. એ જ ખરી પ્રભાવના છે. શુભરાગરૂપ પ્રભાવનાનો તો સ્વભાવમાં અભાવ છે. વ્યવહારની વાત કરે ત્યારે શુભરાગરૂપ પ્રભાવના આવે પણ ખરેખર વ્યવહાર ધર્મીમાં નથી અને ધર્મી વ્યવહારમાં નથી. સ્વભાવ-સન્મુખનો ઉત્સાહ—મોક્ષ-સન્મુખનો ઉત્સાહ ઊઠે છે તે જ ખરી પ્રભાવના છે પણ લોકો બહારની પ્રભાવનામાં જ હોમાય છે. આત્માની પ્રભાવના આત્માની દશામાં હોય કે આત્માથી વેગળી (જુદી) હોય! શુભરાગ પણ આત્માથી સ્વરૂપે જુદો છે ત્યાં બહારની પ્રભાવનાની ક્રિયા તો તદ્દન જુદી રહી જાય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ વીર્યનો ઉલ્લાસ ઊઠે તે પ્રભાવના સાચી છે. બહારની પ્રભાવનાનો વિકલ્પ ઊઠે છે તે માત્ર જાણવાલાયક છે.

આત્મા એટલો પહોળો છે કે એક સમયમાં અનંત અનંત ગુણને સાવધાનપણે ઉછાળે–

www.vitragvani.com



એ તેની પ્રભાવના છે. પ્ર+ભાવના=પ્રભાવના. ભાવના એટલે પોતાની પર્યાય. એ પોતાથી દૂર હોય! શુભભાવ અને બહારની ક્રિયા તો દૂર છે. બહારની ક્રિયા તો પરદ્રવ્યમાં થાય છે અને શુભરાગ તો આસ્રવતત્ત્વ છે, જીવતત્ત્વ નથી માટે તેમાં ઉત્સાહ થવો તે ઉપાદેય નથી. સ્વરૂપમાં ઉત્સાહ થવો તે ઉપાદેય છે.

**एई आठौं अंग जब जागै समकितमैं**—આત્માના દર્શનની સાથે આઠેય અંગ ઉત્પન્ન થાય છે માટે આવા આઠ અંગ સહિત જે સમકિતી છે તે ખરા સમકિતવંત છે. તે જ ઈષ્ટ એવા મોક્ષને–સિદ્ધપદને પામે છે, ફરી સંસારમાં આવતા નથી.

આ પદ્યનો અર્થ થયો હવે વિશેષ કહે છે.

વિશેષ :—જેવી રીતે શરીરમાં આઠ અંગ હોય છે–'સિર નિતંબ ઉર પીઠ કર, જુગલ જુગલ પદ ટેક, આઠ અંગ યે તન વિષે ઔર ઉપંગ અનેક.' આ આઠેય અંગ પોતાના અંગી અર્થાત્ શરીરથી પૃથક્ થતાં નથી અને શરીર તે અંગોથી પૃથક્ થતું નથી. તેવી જ રીતે સમ્યગ્દર્શનના નિઃશંકિત આદિ આઠ અંગ હોય છે તે પોતાના અંગી એવા સમ્યગ્દર્શનથી પૃથક્ થતાં નથી અને સમ્યગ્દર્શન આ આઠ અંગોથી જુદું હોતું નથી–આઠ અંગોનો સમુદાય જ સમ્યગ્દર્શન છે.

'શરીર' હાથ-પગ-પીઠ-હૃદય આદિ અંગોથી જુદું નથી અને અંગો શરીરથી જુદા નથી, તેમ નિશંકતા આદિ આઠ અંગોથી સમ્યક્ દર્શન જુદું નથી અને સમ્યક્ દર્શનથી તે અંગો જુદાં નથી. એક જ વસ્તુ છે. આ આઠેય અંગો નિશ્ચયપ્રધાન છે.

હવે આ નિર્જરા અધિકારના છેલ્લાં કળશમાં ચૈતન્યનટનું નાટક કહે છે.

## ચૈતન્ય નટનું નાટક

**पूर्व बंध नासै सो तो संगीतकला प्रकासै,**
**नव बंध रुंधि ताल तोरत उछरिकै।**
**निःसंकित आदि अष्ट अंग संग सखा जोरि,**
**समता अलाप चारी करै सुर भरिकै॥**
**निरजरा नाद गाजै ध्यान मिरदंग बाजै,**
**छक्यौ महानंदमैं समाधि रीझि करिकै।**
**सत्ता रंगभूमिमैं मुकत भयौ तिहूँ काल,**
**नाचै सुद्ध दिष्टि नट ग्यान स्वांग धरिकै॥६१॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બનારસીદાસે કાંઈ પદ્ય બનાવ્યા છે!! આ પુસ્તક આવતાં લોકો બહુ ખુશી થાય છે. વળી કાગળ મોટાં, પુસ્તક મોટું, દેખાવ સારો. બહુ પુસ્તકની માંગણી આવી છે.

અર્થ :—સમ્યગ્દૃષ્ટિરૂપી નટ જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને સત્તારૂપ રંગભૂમિમાં મોક્ષ થવાને માટે સદા નૃત્ય કરે છે. પૂર્વબંધનો નાશ તેની ગાયનવિદ્યા છે, નવીનબંધનો સંવર જાણે કે તેના તાલની મેળવણી છે, નિઃશકિત આદિ આઠ અંગ તેના સહચારી છે, સમતાનો આલાપ સ્વરોનું ઉચ્ચારણ છે, નિર્જરાની ધ્વનિ થઈ રહી છે. ધ્યાનનું મૃદંગ વાગે છે, સમાધિરૂપ ગાયનમાં લીન થઈને ખૂબ આનંદમાં મસ્ત છે.

પદ્યના છેલ્લા શબ્દનો અર્થ પહેલાં લીધો છે કે સમ્યગ્દૃષ્ટિ નટ જ્ઞાનનો સ્વાંગ લઈને પોતાના હોવાપણામાં શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સદા નાચે છે. શા માટે?–કે મોક્ષ થવા માટે. આ નટ વ્યવહારમાં કે રાગમાં નાચતો નથી. નિર્મળપર્યાયમાં નાચે છે. સમકિત પોતે પર્યાય છે. જ્ઞાનનો સ્વાંગ ધર્યો છે તે પણ પર્યાય છે.

શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ થયો, પછી તે જ્ઞાનીજીવ પોતાના હોવાપણામાં જ નાચે છે. પોતાની સત્તાથી બહાર આવતો જ નથી. આગળ મોક્ષ-અધિકારમાં આવશે કે પોતાની સત્તામાં રહે તે સાહુકાર છે અને સત્તાથી બહાર જાય છે તે ચોર છે. દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ અને પર્યાયે પણ શુદ્ધ એવું પોતાનું હોવાપણું છે તેને જ જ્ઞાની અનુભવ્યા કરે છે. તેમાં પૂર્વબંધનો નાશ થાય છે તે ગાયનવિદ્યા છે. નાચનાર હોય તે ગાયન પણ ગાય ને!

વડોદરામાં અમે નાનપણમાં ‘અનસૂયા’ સતીનું બહુ વૈરાગ્યવાળું નાટક જોયું હતું. તેમાં માતા બાળકને સુવડાવતી વખતે હાલરડાં ગાય છે. બેટા! શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ; બાળકને પહેલેથી આવા સંસ્કાર પાડવા જોઈએ. શાસ્ત્રમાં આવે છે કે ‘શાસ્ત્રથી જ્ઞાન થતું નથી’ તો કોઈને એમ લાગે છે કે હજુ તો શાસ્ત્ર ભણવા બેસીએ ત્યાં પહેલેથી આવી વાત શીખવાની?–હા. શાસ્ત્ર પોતે જ્ઞાન નથી તેથી જેમાં જ્ઞાન ન હોય તેનાથી જ્ઞાન કેમ થાય? વળી શાસ્ત્ર તો પર છે તેના નિમિત્તે જે જ્ઞાન થાય છે તે તો પોતાથી થાય છે. છતાં તે વાસ્તવિક જ્ઞાન નથી. ચૈતન્યના અંતરલક્ષે જે જ્ઞાન થાય છે તે જ વાસ્તવિકજ્ઞાન છે પણ એટલું લાંબુ ન કહેતાં શાસ્ત્રથી થયેલું જ્ઞાન પોતાનું છે અને સાચું છે માટે તેનું અવલંબન લઈને અંતરલક્ષ કરનારને સમ્યગ્જ્ઞાન થાય છે. તેથી શાસ્ત્રજ્ઞાનને પણ જ્ઞાન કહ્યું છે–એવી શૈલી લીધી છે.

શાસ્ત્રની શૈલી આવી છે તેથી જ સમ્યગ્જ્ઞાન દીપિકામાં કહ્યું છે કે જેમ હાથીને ચાવવાના અને દેખાવના એમ બે જાતના દાંત હોય છે તેમ શાસ્ત્રમાં નિશ્ચયના અને વ્યવહારના એમ બે જાતના કથનો હોય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં હમણાં નાટક કરનારની મંડળીને લાવીને 'ટોડરમલજીનું નાટક કર્યું હતું.' પણ તેમાં ટોડરમલજીની વાત તો થોડી અને છોકરીયોના નાચ–ગાન વધારે–અરે! કીધું આ શું! આમાં તો ટાઈમ બગડે છે. ટોડરમલજીનું નાટક છે તેમાં તેમની સ્થિતિની પૂરી વાત આવવી જોઈએ ને! નાચ–ગાનનું શું કામ હોય! આ તો ધાર્મિક સ્થાન છે. અહીં તો શ્રદ્ધા–જ્ઞાન અથવા વૈરાગ્યની વાત જેમાં હોય એવા જ નાટક હોઈ શકે. આ બે–શ્રદ્ધા જ્ઞાન અને વૈરાગ્ય સિવાય નાચ–ગાનની વાત અહીં ન હોય. કોઈ વળી બચાવ કરતું હતું કે "એ તો આપની ભક્તિ કરતાં હતાં' અરે! ભક્તિનું અહીં ક્યાં કામ છે! ટોડરમલજીની સ્થિતિ પૂરી બતાવવી જોઈએ. એ તો બહુ થોડું આવ્યું અને આ બધું જ વધી ગયું. નાચ–ગાન તો નટલોકો કરે તેમાં શું જોવાનું છે!

અહીં તો કહે છે આ સમકિતીનટના નાચમાં નિઃશકિત આદિ મિત્રો તેના સહચારી છે–સખી છે–જોડી છે અને સમતા...નિર્વિકલ્પતા...વીતરાગતા–એવા સ્વરોનું ઉચ્ચારણ છે. સમકિતીનટના નાટકમાં આવું બધું હોય. નિર્જરાની ધ્વનિ હોય. અશુદ્ધતા ટાળે છે. ધ્યાનરૂપી મૃદંગ દ્વારા સ્વરૂપમાં એકાગ્રતા થઈ રહી હોય છે. સમાધિ–રાગરહિત એકાગ્રતાની શાંતિના ગાયનમાં લીન એવા સમકિતી મહા આનંદમાં મસ્ત થઈ જાય છે. સમકિતી હંમેશા પોતાની સત્તાભૂમિમાં આવા સ્વાંગ રચીને આનંદ કરતાં કરતાં મોક્ષ પામે છે.

હવે આ સાતમા નિર્જરા અધિકારનો સાર કહે છે.

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલાં છે. નિર્જરાનો અનુભવ તો કદી કર્યો નથી તેથી અનાદિથી દુઃખી છે. સ્વરૂપનું અજ્ઞાન હોવાથી તેને પ્રથમ તો આત્મહિત કરવાની ભાવના જ થતી નથી. જુઓ ને! મનુષ્યભવમાં જન્મે, પછી બાળપણ તો નકામું જાય, યુવાની આવે પરણે બાળકો થાય, દુકાન સરખી ચાલે, ઉદ્યોગપતિ નામ થાય અને અંતે મરી જાય–આમાં આત્મહિતની તો ભાવના પણ થતી નથી. મારું શું થશે, મારું હિત કેમ થાય તેની તો ચિંતા જ નથી અને બહારની હોળીમાં સમય વીતાવી દે છે.

જો કોઈવાર આત્મહિતના વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સાચો માર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે. દયા પાળવી, વ્રત પાળવા, તપસ્યા કરવી, જાત્રા કરવી, એ બધાં વ્યવહારમાર્ગ-બંધમાર્ગ છે. ધર્મના નામે શુભરાગ કરીને સંસાર વધારે છે. ક્રિયામાં એકાકાર થઈને અનંતકર્મનો બંધ કરે છે. લખાણ પણ એવા લખે કે એકવાર યાત્રા કરે તે ભવથી પાર થઈ જશે.

અહીં તો કહે છે કે ત્રણલોકના નાથ તીર્થંકરની યાત્રા અનંતવાર કરે તોપણ ભવનો નાશ ન થાય. ભક્તિપૂર્વક શુભભાવનાથી યાત્રા કરે તોપણ શુભબંધ થાય–બંધનો અભાવ ન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થાય. વ્યવહારની ક્રિયામાં રોકાવું, ધર્મપ્રભાવનાના કાર્યમાં રોકાવું, શાસ્ત્રો બનાવવામાં રોકાવું–એમાં ધર્મ કયાંય ન આવ્યો. સત્યમાર્ગનો ઉપદેશ સાંભળીને સમજવાનું તો એમાં ક્યાંય આવ્યું નહિ, ઊલટું ક્રિયાને મારી માનીને અનંતકર્મ વધારે છે.

સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થમાર્ગ અને પરિગ્રહ–સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી. સમ્યગ્જ્ઞાનમાં, જ્ઞાન વિકલ્પથી ભિન્ન પડી ગયું છે અને બહારની ક્રિયાથી તો ભિન્ન છે જ. તેથી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પુણ્ય-પાપની ચક્કીની ભીંસમાં એ ભીંસાતો નથી. શુભાશુભ વિકલ્પથી હું જુદો છું એવું ભાન થયું છે તેથી શુભાશુભમાં એ પીલાતો નથી અને બીજાને પણ જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. જ્ઞાની ઉપદેશમાં પણ 'તું પરથી છૂટો છો અને છૂટો થા' એમ ઉપદેશે છે અને છૂટવાનો ઉપાય બતાવે છે. પોતે રાગ અને નિમિત્તથી છૂટો પડી ગયો છે અને છૂટા સ્વભાવના ભાનમાં વર્તે છે તેથી બીજાને પણ એ જ વાત કરે છે. 'રાગ કર! રાગથી લાભ થશે! રાગથી મોક્ષ થશે'–એવો ઉપદેશ ધર્મી કરતાં નથી.

માટે, મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નહિ. અંતર-સ્વરૂપની શ્રદ્ધા, અંતરનું જ્ઞાન અને જ્ઞાનમાં એકાગ્રતા એ મુક્તિનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૧૮)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# નિર્જરા અધિકારનો સાર : વીતરાગતા

(સળંગ પ્રવચન નં–૮૬)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો નિર્જરા અધિકાર છે. નિર્જરા એટલે અશુદ્ધતા કેમ ટળે અને ધર્મ કેમ થાય તેનો ઉપાય આ અધિકારમાં દર્શાવ્યો છે. અધિકાર પૂરો થયો છે તેનો સાર શરૂ થઈ ગયો છે પણ સાર ફરી લઈએ.

સંસારીજીવ અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલેલાં છે. શુદ્ધ ચૈતન્ય આત્માને તે અનાદિકાળથી ભૂલેલાં છે. આ કારણે પ્રથમ તો તેને આત્મહિત કરવાની ભાવના જ થતી નથી, જો કોઈવાર આ સંબંધમાં પ્રયત્ન કરે છે તો સત્યમાર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ કરે પણ તે તો રાગ છે. બીજાને બચાવવાના ભાવ કરે પણ પોતાને વિકારથી બચાવવાની તો ખબર નથી.

કેટલાંકને તો વ્યવહારધર્મની પણ ખબર હોતી નથી. કેટલાંકને વ્યવહારધર્મ મળે છે તો તેમાં જ રોકાઈ જાય છે. વિકાર રહિત આત્માના આનંદમય ધર્મની વાત એને કદી મળી નથી. ક્રિયાકાંડમાં લીન રહીને સંસારને વધારે છે. બે, ચાર, દશ, વીસ કે પચીસ ઉપવાસ કરીને મેં આહાર છોડ્યો તેનું અભિમાન કરે છે એ તો લાંઘણ છે. આત્માના ભાન વગર ઉપવાસ ક્યાંથી થાય! આત્માના ભાન વિના વ્રત કરે, પૂજા કરે, મંદિર બંધાવે, તપ કરે વગેરે બધી ક્રિયા એના સંસારને વધારે છે–મિથ્યાત્વ અને અજ્ઞાનને જ પુષ્ટ કરે છે. રાગ છે તે વૃત્તિનું ઉત્થાન છે તેને પોતાનું સ્વરૂપ માનીને એ અનંત કર્મોનો બંધ કરે છે.

ભગવાન...ભગવાન...ભગવાનના નામની માળા જપે તે પણ રાગ છે, વીતરાગતા નથી. ભગવાનનો માર્ગ આખી દુનિયાથી જુદી જાતનો છે. રાગથી ધર્મ થશે–એવું ભગવાન કહેતાં નથી. રાગથી ભિન્ન વીતરાગતાનો માર્ગ એને સાંભળવા મળતો નથી તેથી બહુધા લોકો વ્યવહારમાર્ગમાં મશગૂલ રહે છે અને અનંત કર્મોનો બંધ વધારે છે.

જ્ઞાનમૂર્તિ ચૈતન્ય આત્મા એકલો જ્ઞાતા-દ્રષ્ટા છે એવી જ્યાં અનુભવની દૃષ્ટિ મળી ત્યાં તો એને ધ્રુવનો વજ્રનો ખીલો મળી ગયો. અનાદિ–અનંત હું ચૈતન્યમૂર્તિ છું, દયા-દાન-વ્રતની વૃત્તિ મારા સ્વરૂપમાં નથી. એવા ભાનમાં ધર્મી જીવ પુણ્ય–પાપના ચક્રમાં પીસાતો નથી. શુભાશુભભાવ થાય છે તે સંસારની ચક્કી છે. તેમાં અનાજની જેમ અજ્ઞાની જીવ પીસાઈ રહ્યો છે. ધર્મી જીવ એ શુભાશુભભાવથી બનેલી કર્મની ચક્કીમાં પીસાતાં નથી અને બીજાને પણ

www.vitragvani.com



એ જગતજાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે કે બધાં જીવો રાગથી ભિન્ન પડીને ચૈતન્યનો અનુભવ કરો, પુણ્ય-પાપથી આત્માનો ધર્મ નહિ થાય, આત્માનો ધર્મ આત્માના અનુભવમાં છે એવો ઉપદેશ ધર્મી આપે છે.

ચૈતન્યખૂંટાનો અનુભવ થયો તેને વસ્તુનો સહારો મળી ગયો હવે તે ચૈતન્ય સહારાવંત ધર્મી શુભાશુભ વિકલ્પ મારા છે એવી સંસારની ઘંટીમાં પીસાતો નથી. ધર્મી રાગથી ભિન્ન રહીને પોતાની સ્વભાવક્રિયા કરે છે.

મુક્તિનો ઉપાય તો જ્ઞાન છે. શુભાશુભક્રિયાથી ભિન્ન આત્માના સ્વરૂપનું જ્ઞાન અને અનુભવ કરવો તે મોક્ષનો ઉપાય છે. બાહ્ય ક્રિયાઓ કાંઈ મોક્ષનો ઉપાય નથી. વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ...એ બધો બાહ્ય આડંબર છે. જ્ઞાન વિના બધી ક્રિયા ભાર જ છે. 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવા ભાન વિના એ બધી રાગની ક્રિયા બોજારૂપ છે-ભારરૂપ છે-દુઃખરૂપ છે. તેને વળી શેઠિયાઓ અનુમોદન કરીને પોષણ આપે કે 'અઠમ કર્યા હોય તેને પાંચ પાંચ રૂપિયા ઈનામ'-શેઠ લોકોને એમ થાય કે આપણે કરી ન શકીએ પણ અનુમોદન તો આપીએ! પણ એને ખબર નથી કે આ મિથ્યાત્વનું અનુમોદન છે. આમાં ડબલ નુકશાન થાય છે. પોતાના મિથ્યાત્વને પુષ્ટિ મળે છે અને બીજાના મિથ્યાત્વને પણ પુષ્ટિ મળે છે.

આમાં, વ્રતાદિના પરિણામ ન હોય એમ કહેવું નથી. સમકિતી થયા પછી પણ એવા પરિણામ હોય પણ તેનો આદર ન હોય, તેમાં ધર્મબુદ્ધિ ન હોય પણ હેયબુદ્ધિ હોય. આકરી લાગે તેવી વાત છે-'પરિણામ હોય અને કર્તા ન થાય.' રાગથી ભિન્ન આત્માનું સ્વરૂપ અનુભવાયા પછી રાગના આદરની કે રાગને કરવાની બુદ્ધિ જ ઊભી થતી નથી, છતાં રાગના પરિણામ હોય છે.

સમકિત વિના રાગની ક્રિયા તો અનંતવાર કરી પણ કલ્યાણ ન થયું. રાગની ક્રિયા તો બોજો છે-દુઃખ છે. શુભરાગની ક્રિયા કરીને અનેકવાર નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ સાત વ્યસનના પાપથી પણ મોટું એવું મિથ્યાત્વનું પાપ તો તેને વળગેલું જ છે. રાગ મારો છે, રાગની ક્રિયા મારે કરવા જેવી છે, ક્રિયા ધર્મનું સાધન છે એવા ભાવે થતી ક્રિયા તો વિપરીત માન્યતાના શલ્યને પોષનારી છે. આગળ આવશે કે 'ક્રિયા મોક્ષની કતરણી છે', ઉપવાસ કરે પછી તેના વરઘોડા કાઢે, વીસ વીસ લાખના અપાસરા બંધાવે અને શેઠ થઈને ફરે...એ બધાં બોજા છે-રાગ છે તે દુઃખનો બોજો છે.

કર્મનો બંધ અજ્ઞાનની દશામાં જ થાય છે. રાગથી ભિન્નતાનું ભાન નથી તેથી રાગમાં એકત્વબુદ્ધિથી અજ્ઞાનદશામાં કર્મોનું બંધન થાય છે. જેમ, રેશમનો કીડો પોતાની જાતે જ પોતાની ઉપર જાળ વીંટે છે તેવી રીતે અજ્ઞાની પોતાની જાતે જ શરીરાદિમાં અહંબુદ્ધિ કરીને

www.vitragvani.com



પોતાની ઉપર અનંત કર્મોનો બંધ કરે છે. પોતે જ અજ્ઞાનની લાળમાં વીંટાય જાય છે. ધર્મના સ્વરૂપના ભાન વગર સાધુ થાય, મહાવ્રત પાળે, ચામડાં ઉતરડીને કોઈ ખાર છાંટે તોપણ કષાય ન કરે એવા ભાવના ફળમાં નવમી ગ્રૈવેઈક જાય છે પણ, આ મહાવ્રતાદિની ક્રિયાથી ધર્મ થશે એવી મિથ્યાત્વની માન્યતાથી અનંતા કર્મોની જાળમાં વીંટાય છે. શરીરની ક્રિયા મારી છે, રાગની ક્રિયા મારી છે, કરવા જેવી છે એમ શરીર અને રાગાદિમાં અહમ્‌બુદ્ધિ કરીને અજ્ઞાની પોતાની ઉપર અનંત કર્મોનો બોજ વધારે છે.

ચૈતન્યભગવાન તો જ્ઞાતા-દ્રષ્ટા અને અતીન્દ્રિય આનંદનો સાગર છે, તેના સ્વભાવમાં રાગની ક્રિયાનો નિષેધ છે. આવા સ્વભાવના ભાન વિના અજ્ઞાની રાગની ક્રિયા કરીને મેં મારું હિત કર્યું એવા અભિમાનને અને રાગમાં હુંપણાની બુદ્ધિને સેવે છે. રાગથી ભિન્ન પોતાના અહમ્‌પણાની ખબર નથી એટલે રાગમાં અહમ્ કરીને તેમાં લાભ માને છે.

જ્ઞાનીઓ સંપત્તિમાં હર્ષ કરતાં નથી, વિપત્તિમાં વિષાદ કરતાં નથી. ધર્મી ગૃહસ્થાશ્રમમાં અનેક પ્રકારની સંપત્તિની વચ્ચે ઊભા હોય, સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી છન્નુ કરોડ પાયદળ અને છન્નુ હજાર સ્ત્રીના વૃંદની વચ્ચે ઊભા હોય છતાં તે બધી સંપત્તિને પોતાની માનતાં નથી. મારી ચીજ તો મારી પાસે છે. જ્ઞાન અને આનંદમય મારું સ્વરૂપ જ મારી સંપદા છે. આમ, ધર્મીને પોતાની સંપદા પોતાની અંદરમાં ભાસે છે, બહારની સંપદા પોતાની ભાસતી નથી માટે તેમાં હર્ષ કરતા નથી અને અશાતાના ઉદયે પ્રતિકૂળતાના ગંજ હો–શરીરમાં ક્ષયરોગ હોય, વાંજિયો હોય, વાંઢો હોય, કાળુ મશ જેવું શરીર હોય, એકલો હોય, કમાણી કરતા આવડતું ન હોય— એટલે કે કમાણી થતી ન હોય—બાકી આવડતથી કમાણી થતી નથી—આવી અનેક પ્રતિકૂળતા વચ્ચે પણ ધર્મી વિષાદ કરતાં નથી કેમ કે તે પ્રતિકૂળતાને પોતાની માનતાં નથી.

જ્યાં શરીરના રજકણ પણ આત્માથી ભિન્ન છે ત્યાં ધન, મકાન આદિ તો તદ્દન ભિન્ન દ્રવ્ય છે. તે દરેક પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલાં તત્ત્વો છે તેની ક્રિયા આત્માથી ભિન્ન છે. દરેક દ્રવ્ય પોતાના થઈને રહેલાં છે, આત્માના થઈને રહેલાં નથી. શરીર, ધન આદિ સંપત્તિ અજીવ છે અને અજીવ થઈને જ રહેલાં છે તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ભલે તે ધર્મી નામ ધરાવતો હોય, સામાયિક પૌષધ આદિ કરતો હોય પણ સંપત્તિ મારી છે એમ માને છે તો તે મૂઢ છે. ધર્મી સંપત્તિને પોતાની માનતા નથી. પુણ્યના ફળમાં સંધ્યાના રંગ ખીલે તેમ, સંપત્તિના ઢગલાં દેખાય પણ ધર્મી તે પુણ્યને કે પુણ્યના ફળને પોતાના માનતાં નથી. તેથી તેમને સંપત્તિના સંયોગથી હર્ષ થતો નથી.

ધર્મીને વિપત્તિમાં વિષાદ પણ થતો નથી કે અરે! આ પાપ કરનારા લોકોના શરીર નીરોગ છે, તેને બધી સગવડતા છે અને હું ધર્મી છતાં મને બધી અગવડતા કેમ! એમ ધર્મીને

www.vitragvani.com



વિષાદ થતો નથી. પાપનો ઉદય હોય તો શરીરમાં રોગ તો હોય પણ કદાચિત્ નરકના સંયોગમાં પણ હોય. જેમ કે શ્રેણિકરાજા સમકિતી હોવા છતાં નરકમાં છે, તીર્થંકરગોત્ર બાંધ્યું છે તેથી ત્યાંથી નીકળીને અહીં પહેલાં તીર્થંકર થવાના છે છતાં નરકના સંયોગમાં છે તેથી પોતાને દુઃખી માનતાં નથી. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું, નારકી હું નથી એમ માને છે. ધર્મી ગતિને, કર્મને, સંયોગને પોતાના માનતાં નથી તેથી પ્રતિકૂળતામાં દ્વેષ નથી અને અનુકૂળતામાં જ્ઞાનીને હરખ નથી.

અજ્ઞાનીને તો જરાં અનુકૂળતા આવે ત્યાં બાદશાહી લાગે. દીકરાઓ સારા કામધંધે લાગી ગયા છે અને દીકરીઓને સારાં ઠેકાણે પરણાવી છે, હમણાં મારે બધી સરખાઈ છે એમ માને. ભાઈ! જડની અવસ્થાથી તું તને સુખી માને એ જ તારી મૂઢતા છે.

લોકોની માન્યતાથી ધર્મ બહુ જુદો પડી જાય છે. ધર્મને અને લૌકિક માન્યતાને પૂર્વ–પશ્ચિમનો આંતરો છે.

ધર્મી સંપત્તિ અને વિપત્તિને કર્મજનિત માને છે. અઘાતિકર્મના નિમિત્તે સંયોગો મળે છે અને ઘાતિકર્મના નિમિત્તે રાગ થાય છે તેથી સંયોગ અને રાગાદિ વિભાવને ધર્મી પોતાના માનતાં નથી, કર્મજનિત માને છે. કર્મના નિમિત્તના સંગે થયેલો રાગ-દ્વેષની વાસનાનો વિકલ્પ એ આસ્રવ છે, ઉપાધિ છે મારું સ્વરૂપ નથી. હું તેમાં નથી અને તે મારા સ્વરૂપમાં નથી. અઘાતિકર્મથી મળેલી બહારની બાદશાહી તે પણ મારી નહિ. ચક્રવર્તીના રાજમાં અમે નથી અને તે અમારામાં નથી અમે તો આત્મા છીએ. અમારામાં તો જ્ઞાનાનંદ ભરેલો છે, રાગ કે સંપત્તિ અમારામાં ભરેલી નથી. સંપદાની વચ્ચે રહેલાં ધર્મી પોતાને તેનાથી ભિન્ન માને છે.

ધર્મી તો જ્ઞાન-વૈરાગ્યમાં મસ્ત રહે છે. જુઓ ભાષા! પોતાનું જ્ઞાન અને રાગથી વૈરાગ્ય–આ બેમાં ધર્મી મસ્ત છે. જ્ઞાન એટલે 'આત્મજ્ઞાન', વિકલ્પમાત્રથી હું જુદો છું એવું જ્ઞાન અને રાગથી રહિત દશા તે વૈરાગ્ય છે. ચોથા ગુણસ્થાને સમકિતીને આવી દશા હોય છે. તેમના માટે સંસારમાં પોતાના આત્મા સિવાય બીજો કોઈ પણ પદાર્થ એવો નથી કે જેના ઉપર તે રાગ કરે અને સંસારમાં કોઈ એવો પદાર્થ નથી જેના ઉપર તે દ્વેષ કરે. સંસારમાં કોઈ એવો પદાર્થ જ નથી. શુભ રાગ આવે તેનો પણ ધર્મી રાગ કરતાં નથી–પોતાનો માનતાં નથી. હું તો મારા જાણવા–દેખવાના સ્વભાવમાં રહેલો છું. રાગ-દ્વેષના પરિણામમાં હું નથી એમ જાણતાં જ્ઞાની શુભરાગમાં રાગ અને અશુભરાગમાં દ્વેષ કરતાં નથી, જાણનાર રહે છે.

જ્ઞાનીની ક્રિયા ફળની ઈચ્છા રહિત હોય છે. રાગાદિ આવે છે પણ તેને પોતાનું સ્વરૂપ માનતાં નથી તેથી તેના ફળની ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. પુણ્ય કર્યા છે તો ભવિષ્યમાં સગવડતા મળે એવી ધર્મીને ઈચ્છા હોતી નથી. હું તો સત્ ચિદાનંદ આનંદની મૂર્તિ છું એમ અનુભવતાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ધર્મીને ભગવાનની પૂજાનો, ભક્તિનો, વંદનનો, નામસ્મરણનો શુભરાગ તો આવે છે પણ તેને પોતાનું સ્વરૂપ માનતાં નથી, તેમાં ઉપાદેયબુદ્ધિ નથી તો તેના ફળને કેમ ચાહે! ફળની ચાહના નહિ હોવાથી જ્ઞાનીને કર્મોનું બંધન થતું નથી.

અહા! સમકિતીને કર્મોનું બંધન નથી. જેના સ્વભાવમાં પૂર્ણજ્ઞાન, આનંદ, શાંતિની સંપદા પડી છે તેનો અનુભવ, જ્ઞાન અને પ્રતીતિ વર્તે છે તેને રાગના ભાગનું સ્વામીપણું નથી–ધણીપણું નથી, તેને રાગની કર્તાબુદ્ધિ નથી, રાગને જ્ઞેય તરીકે જાણે છે, રાગના ફળને ઇચ્છતો નથી તેને કર્મબંધન હોતું નથી. કર્મબંધનના કારણ જે ભાવ–તે મારા નથી એમ માનનારા સમકિતીને મિથ્યાત્વકર્મ કેમ બંધાય!

વીતરાગનો કહેલો ધર્મ તો વીતરાગતામય હોય ને! રાગમાં ધર્મ મનાવે તેને વીતરાગ કેમ કહેવાય! રાગમાં ધર્મ માને તે સમ્યગ્દૃષ્ટિ પણ નથી એ તો મિથ્યાદૃષ્ટિ છે.

જેને પૂર્ણાનંદ સ્વરૂપનું ભાન થયું તેને ક્ષણે ક્ષણે રાગાદિ ટળતાં જાય છે તેથી ક્ષણે ક્ષણે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. અજ્ઞાની મહાવ્રતાદિની ક્રિયા કરે પણ રાગને પોતાનો માને છે તેથી ક્ષણે ક્ષણે અનંત સંસારને વધારે છે. કારણ કે તે રાગને પાળે છે–પોષે છે–રાગનું રક્ષણ કરે છે અને ભગવાન આત્માની રક્ષા પાળતો નથી તેથી કર્મોથી બંધાય છે. વીતરાગનો મારગ તો આવો છે બાપા!

શ્રોતા :—આ મારગ ક્યારથી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ મારગ અનાદિનો છે. વીતરાગ અનાદિથી છે અને આ મારગ અનાદિથી કહેતા આવ્યા છે. મહાવિદેહમાં તો ભગવાનની હાજરી ત્રિકાળ વર્તે છે.

આત્મા શું ચીજ છે તેની લોકોને કિંમત નથી. આત્મા એટલે પરમાત્મા છે ભાઈ! આ વરસાદની ઋતુમાં પાંખવાળા જીવડા ઉત્પન્ન થઈ જાય છે ને! તેની અંદર પણ ભગવાન છે. તું શરીરને ન જો, રાગને ન જો, કર્મને ન જો...ઈ કોઈ આત્મા નથી. આત્મા અંદરમાં શુદ્ધ આનંદકંદ છે તેને જો! તે બધાં પરમેશ્વર જીવ છે–પરમેશ્વરસ્વરૂપ છે પણ તને આત્માને જોતાં આવડતું નથી. શરીરવાળો અને શરીરની ક્રિયાવાળો આત્મા નથી, રાગવાળો અને રાગની ક્રિયાવાળો તે આત્મા નથી. નવ તત્ત્વ છે ને! તેમાં જીવતત્ત્વ જુદું છું, અજીવ તત્ત્વ જુદું છે અને પુણ્ય-પાપ આદિ તત્ત્વ જુદાં છે. પુણ્ય-પાપ તે આસ્રવતત્ત્વ છે તે આત્માના સ્વરૂપમાં નથી, આત્માનું સ્વરૂપ આસ્રવથી રહિત છે. આસ્રવ તો નવા આવરણનું કારણ છે.

જ્ઞાનીને શુભ-અશુભ ઈષ્ટ-અનિષ્ટ બંને એકસરખા છે અથવા સંસારમાં તેમને કોઈ પદાર્થ ન તો ઈષ્ટ છે કે ન અનિષ્ટ છે. તો પછી કોના ઉપર રાગ-દ્વેષ કરે! શુભ અને અશુભ

www.vitragvani.com



બંને ભાવ બંધના કારણ છે માટે સમાન છે અને અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રીઓ માત્ર જ્ઞેય છે. જ્ઞાનીને તે કોઈ ઈષ્ટ કે અનિષ્ટ નથી, કોઈ જ્ઞેયો મારા નથી, મારામાં નથી, મારાથી આવ્યા નથી. મારું જે હોય તે તો મને શાંતિ અને આનંદ આપે. આ કોઈ પરજ્ઞેયો મારા નથી એમ જાણતા જ્ઞાનીને કોઈ સંયોગમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ થતી નથી. કદાચિત્ નરકનો સંયોગ આવી પડ્યો હોય તો તેમાં જ્ઞાનીને અનિષ્ટબુદ્ધિ થતી નથી અને સ્વર્ગનો અહમિન્દ્રનો ભવ મળ્યો હોય તેમાં ઈષ્ટબુદ્ધિ થતી નથી. કોઈ પદને જ્ઞાની ઈષ્ટ કે અનિષ્ટ માનતાં નથી. મારા પદમાં રાગનું પદ પણ નથી તો સંયોગના પદ મારામાં ક્યાંથી આવે! મને એ બધાં પરજ્ઞેય તરીકે જણાય છે.

અજ્ઞાની પરજ્ઞેયમાં ઈષ્ટ–અનિષ્ટની કલ્પના કરે છે. કલ્પના ફરતા વાર પણ લાગતી નથી. દીકરો બહુ ઈષ્ટ લાગતો હોય પણ જ્યાં કાંઈ ફેરફાર થાય ત્યાં અનિષ્ટ લાગવા લાગે. મારો વારસાનો ભાગ પણ તને નહિ દઉં એટલો વાંધો પડી જાય. દીકરાને પણ બાપનો અસંતોષ થવા લાગે. કુણિકે પોતાના પિતા શ્રેણિકને જેલમાં પૂર્યાં હતાં ને! અજ્ઞાનીને આમ ઈષ્ટ–અનિષ્ટભાવ થયા જ કરે છે. જ્ઞાનીને તો એક આત્મા જ મારો છે, જગતમાં મારા માટે કોઈ ઈષ્ટ કે અનિષ્ટ નથી એવો ભાવ વર્તે છે. તેથી કોના ઉપર રાગ કે દ્વેષ કરે? અસ્થિરતાના કારણે રાગ-દ્વેષ થઈ જાય તે કોઈ વસ્તુ નથી. ધર્માત્મા જ તેને કહેવાય કે જેની દૃષ્ટિ આત્મા ઉપર છે અને અન્ય કાંઈ ઈષ્ટ-અનિષ્ટ નથી. કોઈ વસ્તુ પોતે સારી કે ખરાબ નથી તો ધર્મીને તેમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કેમ થાય! અજ્ઞાનીને તો કલ્પનાથી વસ્તુ ઈષ્ટ અને અનિષ્ટ ભાસે છે.

જગતમાં કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી તો ધર્મી જીવ કઈ ચીજના સંયોગમાં લાભ-હાનિ ગણે? સંયોગ તો પર ચીજ છે તેનાથી મને લાભ કે હાનિ શી રીતે થાય! વ્હાલામાં વ્હાલા રાજકુમાર જેવા દીકરાના લગ્ન થતાં હોય તેનો હરખ નથી અને છ મહિના પછી એ મરી જાય તો તેનાથી શોક નથી. જ્યાં દીકરો જ મારો નથી ત્યાં હરખ-શોક શેનો? વિયોગના પ્રસંગમાં પણ ધર્મીને દ્વેષ નથી. ધર્મી તો જાણનાર છે. સંયોગમાં દેવા-લેવાની ક્રિયા થાય તેને પણ સમકિતી પોતાની ક્રિયા માનતો નથી. જે વસ્તુ મારી નથી તેને દેવાની કે લેવાની ક્રિયાને પોતાની માનવી એ તો મૂઢતા છે.

તેથી વિવેકીજીવ લોકોની નજરમાં ચાહે ધનવાન હોય કે નિર્ધન હોય, તેઓ તો આનંદમાં જ રહે છે. લોકોને એમ દેખાય કે આ તો સઘન છે, મોટા આબરૂવાળા છે અને પહેલાં તો નિર્ધન છે તેને કોઈ દીકરી પણ દેતું નથી વગેરે...પણ ધર્મી તો ગમે તે સંયોગ વચ્ચે આનંદમાં જ રહે છે. પોતાનો સ્વભાવ ત્રિકાળ આનંદસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું ત્યાં સદાય આનંદ છે તેને પર સાથે કાંઈ સંબંધ નથી. જીવતત્ત્વ, અજીવતત્ત્વ અને

www.vitragvani.com



આસ્રવતત્ત્વનું સ્વરૂપ ભિન્ન ભિન્ન જાણી લીધું. તેમાં પોતાના આત્માને નિત્ય અને નિરાબાધ જાણી લીધો તેથી તેમના ચિત્તમાં સાત પ્રકારનો ભય ઊપજતો નથી અને તેમને અષ્ટાંગ સમ્યગ્દર્શન નિર્મળ હોય છે જેથી અનંત કર્મોની નિર્જરા થાય છે.

આ છેલ્લો સરવાળો કર્યો છે. ધર્મી એમ જાણે છે કે હું ત્રિકાળ છું અને મારા સ્વરૂપને કોઈ બાધા કરી શકે તેમ નથી. અનુભવથી આવું ભાન થયું છે તેથી તેમને કોઈ ભય ઉત્પન્ન થતો નથી. આ યુવાન અવસ્થા તો સારી છે પણ વૃદ્ધાવસ્થામાં મારું શું થશે એવો આલોકભય અને પરલોકમાં હું ક્યાં જઈશ એ પ્રકારનો પરલોકભય તેમને ઉપજતો નથી. વૃદ્ધાવસ્થામાં માણસ ન ઘરમાં સચવાય કે ન દુકાનમાં પોસાય. દાદાને વખારે નાંખો, અહીં ઘરમાં શરદી કાઢે છે તે અમને ગમતું નથી...આમ કરીને વખારે નાંખે–તો તું ક્યાં વખારની ચીજમાં છો! તું તો તારામાં છો.

કર્મ મને નરકમાં લઈ જશે તો! એમ જ્ઞાનીને ડર ન લાગે. ગતિ મારામાં નથી અને હું ગતિમાં નથી. વસ્તુસ્વરૂપ જાણી લીધું તેને કોઈ વિઘ્ન જ નથી. નિઃશંક નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા આદિ ભાવ વર્તતા હોવાથી જ્ઞાનીને ક્ષણે ક્ષણે અનંત કર્મો ગળી જાય છે. જ્ઞાનીને ઉપવાસ ન કરે તોપણ કર્મ ગળી જાય છે અને અજ્ઞાની ઉપવાસ કરે તોપણ ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું પોષણ થાય છે. આ ક્રિયા મેં કરી, આ રાગ મારું કર્તવ્ય છે એવા મિથ્યાત્વને દૃઢ કરે છે. તેને પરની ક્રિયા મારી નથી અને રાગ છોડવા જેવો છે–આદરણીય નથી એવું તો ભાન નથી તેથી અજીવનો સ્વામી થઈને મિથ્યાત્વ સેવે છે.

ધર્મીને તો પોતાના આત્મસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વર્તે છે. તે સિવાય જગતની કોઈ ચીજ પોતાની માનતાં નથી. શુભવિકલ્પ પણ મારું સ્વરૂપ નથી. પર કોઈ ચીજ મારા અસ્તિત્વમાં નથી. તેના કારણે આવે છે અને તેના કારણે જાય છે, મારા કારણે કોઈ ચીજ આવી નથી અને જતી નથી.

જુઓ ધર્મ અને ધર્મીનું આ રૂપ! આવા રૂપને કારણે ધર્મીને નિર્જરા થાય છે. આ નિર્જરા અધિકાર પૂરો થયો. હવે બંધ અધિકાર આવશે.

સમયસારના અપૂર્વ સ્વાગત કરી, અંતરમાં મંગલ પધરામણી કરાવનાર શ્રી સદ્ગુરુદેવનો જય હો.

❀

www.vitragvani.com



# અશુદ્ધ ઉપયોગ એક જ બંધનું કારણ છે

(સળંગ પ્રવચન નં–૮૭)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો બંધ અધિકાર શરૂ થાય છે.

**कही निरजराकी कथा, सिवपथ साधनहार।**
**अब कछु बंध प्रबंधकौ, कहूं अलप विस्तार॥१॥**

અર્થ :—મોક્ષમાર્ગની સિદ્ધિ કરનાર નિર્જરાતત્ત્વનું કથન કર્યું, હવે બંધનું વ્યાખ્યાન કાંઈક વિસ્તાર કરીને કહું છું.

આત્મા શુદ્ધ–પવિત્ર છે એવો અનુભવ થતાં તેને કર્મની અને અશુદ્ધતાની નિર્જરા થાય છે. એ અનુભવ શુદ્ધોપયોગરૂપ છે અને તેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. તેને જ અહીં નિર્જરા કહી છે. હવે અહીં બંધતત્ત્વના સ્વરૂપનું કથન થોડું કરીએ છીએ—એમ કહીને મંગલાચરણ કરે છે.

મંગળાચરણ

**मोह मद पाइ जिनि संसारी विकल कीनें,**
**याहीतें अजानुबाहु विरह बिहतु है।**
**ऐसौ बंध-वीर विकराल महा जाल सम,**
**ग्यान मंद करै चंद राहु ज्यौं गहतु है॥**
**ताकौ बल भंजिवेकौं घटमैं प्रगट भयौ,**
**उद्धत उदार जाकौ उद्दिम महतु है।**
**सो है समकित सूर आनंद-अंकूर ताहि,**
**निरखि बनारसी नमो नमो कहतु है॥२॥**

અર્થ :—જેણે મોહનો દારૂ પાઈને સંસારી જીવોને વ્યાકુળ કરી નાખ્યાં છે, જેના હાથ ઘૂંટણ સુધી લાંબા છે એવી સંસારમાં પ્રસિદ્ધિ છે, જે મહા જાળ સમાન છે અને જે જ્ઞાનરૂપી ચંદ્રમાને તેજરહિત કરવા માટે રાહુ સમાન છે એવા બંધરૂપ ભયંકર યોદ્ધાનું બળ નષ્ટ કરવાને માટે જે હૃદયમાં ઉત્પન્ન થયો છે, જે બહુ બળવાન, મહાન અને પુરુષાર્થી છે એવા આનંદમય સમ્યક્ત્વરૂપી યોદ્ધાને પંડિત બનારસીદાસજી વારંવાર નમસ્કાર કરે છે.

www.vitragvani.com



રાગની એકતારૂપી બંધભાવ છે તે ભાવબંધ છે. બંધે 'રાગ તે હું છું' એવો મહા મિથ્યાત્વનો દારૂ પીધો છે. આ દારૂના નશાથી સંસારી અજ્ઞાની જીવો પાગલ બની ગયો છે. વિકારીભાવ–બંધભાવ–શુભાશુભભાવ મારા છે એવો જે મિથ્યાત્વભાવ–તેનાથી જીવો વ્યાકુળ બની રહ્યાં છે.

**ऐसौ बंधवीर विकराल महा जाल सम**–યોદ્ધાનું લક્ષણ એવું આવે છે કે યોદ્ધો ઊભો હોય તો તેના હાથ, પગના ઘૂંટણ સુધી પહોંચે એટલા લાંબા હોય તેને મોટો યોદ્ધો–અજાનબાહુ કહેવાય છે, તેના જેવો આ મિથ્યાત્વ મોટો યોદ્ધો છે. મિથ્યાત્વનો વિસ્તાર બહુ લાંબો છે. આનંદસ્વરૂપ ચૈતન્યને ભૂલી શુભાશુભભાવમાં અને શરીરાદિમાં એકત્વ માનનારો મિથ્યાત્વ યોદ્ધો કાંઈ નાનો નથી. એણે તો સંસારમાં નામ કાઢ્યું છે કે હું મિથ્યાત્વરૂપી મોટો યોદ્ધો છું. આત્મા અબંધસ્વરૂપ હોવા છતાં મિથ્યાત્વે મોટી વિકરાળ જાળ પાથરી છે, મિથ્યાત્વથી જ્ઞાનની દશા પણ હીણી થઈ જાય છે. શુભા-શુભાવિકારી લાગણીઓ એ જ મારું સ્વરૂપ છે એમ માનનારા ભાવબંધે આત્માની દશાને હીણી કરી નાંખી છે. ચંદ્રને જેમ રાહુ આડો આવે છે તેમ રાગ તે હું એવો મિથ્યાત્વભાવ છે તે ચૈતન્યચંદ્રને આડો આવે છે તેથી ચૈતન્યપ્રકાશને તે રોકે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા દ્રવ્યલિંગી સાધુને ભાવબંધે વશ કર્યા છે તેથી ભાવબંધે જગતમાં નામ કાઢ્યું છે કે જીવોને રખડાવવામાં હું હોશિયાર છું.

**ताकौ बल भंजिवेकौ**—મિથ્યાત્વરૂપી ભાવબંધે ચૈતન્યને પર્યાયમાં હીણો કરી નાંખ્યો હતો તેના બળને ટાળવા માટે અંતરમાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટ થયો છે તે મહા ઉદ્ધત છે, કોઈને ગણે તેવો નથી. એક આત્માના આનંદસ્વભાવ સિવાય તેને કોઈનો સ્વીકાર નથી. સમ્યક્ત્વ યોદ્ધો મિથ્યાત્વ યોદ્ધાનો નાશ કરવા સમર્થ છે. એવો એ બળવાન, મહાન અને પુરુષાર્થી છે.

રાગાદિની એકતારૂપ મિથ્યાદર્શન બંધના પરિણામ છે જ્યારે સમ્યક્ દર્શન અબંધ-પરિણામ છે. એ બંધપરિણામને નાશ કરવા માટે સમકિતરૂપી સૂર્ય ઊગ્યો છે. અનંત અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્માને જેણે પ્રતીતિમાં લીધો એવો સમ્યક્ત્વસૂર્ય બંધભાવનો નાશ કરે છે. આ રીતે આ શ્લોકમાં બંધભાવના નાશનો ઉપાય પણ સાથે વર્ણવે છે.

પર્યાયમાત્રમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. તેના ફળમાં ચારગતિમાં રખડવાનો વિસ્તાર છે માટે મિથ્યાત્વના બળને નાશ કરવા માટે, જેનો મહાન પુરુષાર્થ છે એવા સમકિત સૂર્યનો ઉદય કરવામાં આવે છે.

**सो है समकित सूर आनंद-अंकूर ताहि**–સમ્યગ્દર્શનનું ભોજન શું છે? કે નિત્ય અતીન્દ્રિય આનંદામૃત એ સમકિતીનું ભોજન છે. મિથ્યાત્વ–રાગની એકતામાં નિત્ય દુઃખનું ભોજન છે. તેને છોડીને સમકિતી નિત્ય આનંદનો અનુભવ કરે છે. સમ્યગ્દર્શન થતાં જ અતીન્દ્રિય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આનંદનો અંકુર ફૂટી જાય છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ એવું છે કે તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને મિથ્યાત્વનું સ્વરૂપ એવું છે કે તેમાં અનંતી આકુળતાનું વેદન થાય છે. સમકિતરૂપી સૂર્ય આનંદનું વેદન કરતો જ પરિણમે છે. મિથ્યાત્વ ઘોર બંધનનું કારણ છે. રાગની એકતામાં અટકવું એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. સ્વભાવમાં આવવું, અટકવું અને આનંદનો વિકાસ થવો એ જીવનું સ્વરૂપ છે એમ સમ્યગ્દર્શનમાં અનુભવ થાય છે.

લગ્નમાં બહેનો ગાય છે ને! સોના સમો રે સૂરજ ઊગીયો રે....તેમ અહીં મંગલાચરણમાં બનારસીદાસજી આનંદ સમો રે સૂરજ ઊગીયો રે....એમ સમકિતના ગાણાં ગાય છે. લગ્નમાં તો અજ્ઞાનનો અંધકાર છે, જ્યારે અહીં તો સમકિતરૂપી સૂર્ય ઊગ્યો ત્યાં દિશા આખી ફરી ગઈ, મંગળ પ્રભાત થયું...તે થયું...તેના વહેણ બધાં બદલાઈ ગયા. અજ્ઞાનમાં રાગની એકતાના પ્રવાહ વહેતાં હતાં તે હવે સમકિત થતાં સ્વભાવની એકતાના પ્રવાહ વહેવા લાગ્યાં.

**निरखि बनारसी नमो नमो कहतु है ।** અહો! સમકિતસૂર્ય ઊગ્યો—આનંદની દશા પ્રગટ થઈ તેને મારા નમસ્કાર હો એમ બનારસીદાસજી કહે છે. અહીં બંધ-અધિકારમાં બંધતત્ત્વની વ્યાખ્યા બંધને ટાળવા માટે કરી છે, બંધને રાખવા માટે બંધનું સ્વરૂપ વર્ણવ્યું નથી. બંધનું સ્વરૂપ જેમ છે તેમ જણાવ્યું છે તે બંધને ટાળવાનો ઉપાય શું?—કે અબંધસ્વરૂપી ચૈતન્યદ્રવ્યનો અનુભવ અને દૃષ્ટિ કરવી કે જેથી આનંદના અંકુર ફૂટે, દુઃખની દશા જાય અને સુખના વેણલાં વાય એ બંધના નાશનો ઉપાય છે.

હવે બંધભાવ અને તેના નાશ કરનાર જ્ઞાનચેતનાનું સ્પષ્ટીકરણ કરે છે.

## જ્ઞાનચેતના અને કર્મચેતનાનું વર્ણન

**जहां परमातम कलाकौ परकास तहां,**
**धरम धरामैं सत्य सूरजकी धूप है।**
**जहां सुभ असुभ करमकौ गढ़ास तहां,**
**मोहके विलासमैं महा अंधेर कूप है।।**
**फैली फिरै घटासी छटासी घन-घटा बीचि,**
**चेतनकी चेतना दुहूंधा गुपचूप है।**
**बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ,**
**पानीकी तरंग जैसें पानीमैं गुडूप है।।३।।**

www.vitragvani.com



અર્થ :—જ્યાં આત્મામાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત છે ત્યાં ધર્મરૂપી ધરતી પર સત્યરૂપ સૂર્યનું અજવાળું છે અને જ્યાં શુભ-અશુભકર્મોની સઘનતા છે ત્યાં મોહના ફેલાવાનો ઘોર અંધકારમય કૂવો જ છે. આ રીતે જીવની ચેતના બંને અવસ્થાઓમાં ગૂપચૂપ થઈને શરીરરૂપી વાદળાની ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. તે બુદ્ધિગ્રાહ્ય નથી અને ન વચનગોચર છે, તે તો પાણીના તરંગની જેમ પાણીમાં સમાઈ જાય છે.

રાગમાં એકાગ્રતા તે કર્મચેતના છે અને સ્વભાવમાં એકાગ્રતાની ચેતના તે જ્ઞાનચેતના છે. આ બંને ચેતના અરૂપી છે તેથી મનથી પકડી શકાય તેમ નથી.

**जहां परमातम कलाकौ परकास**–જ્યાં પરમાત્મશક્તિની કળાનો પ્રકાશ છે ત્યાં સત્યસૂરજનો આતાપ હોવાથી અંધકાર ત્યાં આવી શકતો નથી. ધર્મરૂપી ધરતી ઉપર સત્યસૂરજનો પ્રકાશ વ્યાપી રહ્યો છે. શુભાશુભભાવની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વનો મહા અંધકાર છે. મોહરૂપી આંધળા કૂવામાં અંધારાનો ફેલાવ છે.

સમકિતમાં પ્રકાશ છે અને શુભાશુભ પરિણામમાં અંધકાર છે. જ્યાં ચૈતન્યસ્વભાવનો સ્વીકાર અને અનુભવ થાય છે ત્યાં તો પરમાત્માનો પ્રકાશ ફેલાય છે અને નિર્મળતાનું વેદન થાય છે અને જ્યાં પુણ્ય-પાપની એકતાનો અનુભવ છે ત્યાં અંધકાર છે. સ્વરૂપની સાવધાની છોડી દઈને પુણ્ય-પાપભાવમાં સાવધાની કરવી તેમાં મોહનો વિલાસ છે–અંધારો કૂવો છે. તેમાં મહા અંધકાર છે.

આગળ સર્વવિશુદ્ધિજ્ઞાન અધિકારમાં ૨૮૮ પાના ઉપર ૯૧ મા પદ્યમાં પણ આવશે કે મોહનો વિલાસ આંધળા કૂવા સમાન છે. પુણ્ય-પાપમાં જ્ઞાનપ્રકાશનો અભાવ છે. જ્ઞાનીને તો પુણ્ય-પાપભાવ સ્વપ્ના જેવા લાગે છે. મેં પાપ કર્યાં હતા, પુણ્ય કર્યાં હતાં એ બધાં ભાવ સ્વપ્ના છે. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ વિકારભાવને કેમ કરે! મારા માટે એ ભાવો કાંઈ છે જ નહિ. આ તો સ્વપ્નું આવી ગયું. આગળ ૯૬મા પદ્યમાં ૨૯૦ પાના ઉપર આવશે કે કરણી સદા હિતની હરણી છે. શુભાશુભપરિણામની ક્રિયા તારા હિતને હરનારી છે. તે કાંઈ તને મુક્તિ આપનારી નથી. પુણ્ય-પાપના પરિણામ તો દુઃખથી લેપાલેયાં છે. રાગ કરું, પુણ્ય કરું એવા અજ્ઞાનભાવમાં મિથ્યાત્વરૂપી મોહરાજા વસે છે. અજ્ઞાનભાવ તો રાક્ષસની નગરી છે. આત્માની શાંતિને બાળનાર છે. માયારૂપ સાકર લપેટેલી છરી છે, રાગની ક્રિયા કરમની કાયા છે અને પુદ્‌ગલની પ્રતિછાયા છે. અનાદિથી જ્ઞાનાનંદ પ્રભુ–ચિદાનંદ રાગની ક્રિયાની જંજાળમાં ફસાઈ ગયો છે—રાગની એકતાના અંધકારમાં ચૈતન્યસૂર્ય ઢંકાઈ જાય છે. આમ ક્રિયા સદૈવ દુઃખદાયક છે એમ શ્રીગુરુ કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પાપથી નિવર્તવું તેને જીવો ધર્મ અને વ્રત માને છે પણ વ્રતના પરિણામ પણ વિકલ્પ છે તેમાં ધર્મ ક્યાં છે?

જીવની ચેતના બંને અવસ્થાઓમાં ગૂપચૂપ થઈને શરીરરૂપી ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. રાગની ઊંધી પરિણતિ અને જ્ઞાનની સવળી પરિણતિ આ બંને ચેતના અંતરમાં ફેલાય છે તેને પરની સાથે કાંઈ સંબંધ નથી. પર્યાય અંતરમાં થાય છે અને અંતરમાં જ ગુડૂપ થઈ જાય છે–સમાઈ જાય છે.

સ્વરૂપના અનુભવ વિના રાગરૂપી ક્રિયાનો અંધકાર વીજળીની પેઠે થાય છે અને જાય છે તેમ શુદ્ધ ચૈતન્યના અનુભવ સહિતની નિર્મળદશા પણ થાય છે અને જાય છે. જેમ પાણીના તરંગો પાણીમાં સમાઈ જાય છે તેમ ચૈતન્યના પરિણામ ચૈતન્યમાં સમાઈ જાય છે. શુદ્ધ અને અશુદ્ધ બંને પ્રકારની પરિણતિ અંતરમાં સમાઈ જાય છે. આ તો ચેતનની ચેતનાની વાત ચાલે છે. તે શરીર કે કર્મના કારણે થતી નથી.

બનારસીદાસજીએ કેટલી સ્પષ્ટતા કરી છે! જીવની ચેતના ઉલટી હોય કે સવળી હોય તે જીવમાં થાય છે અને જીવમાં સમાય છે, તેને જડકર્મ સાથે કાંઈ સંબંધ નથી. વાદળાની વચ્ચે વીજળી થાય અને જાય છે તેમ ચૈતન્યમાં અજ્ઞાનમય ચેતના થાય અને જાય પણ બુદ્ધિથી પકડાતી નથી. શુદ્ધ જ્ઞાનચેતના તો સૂક્ષ્મ છે જ પણ કર્મચેતના પણ સૂક્ષ્મ છે તેથી બુદ્ધિમાં પકડાતી નથી. બંધ એ કર્મચેતના છે અને સમકિત એ જ્ઞાનચેતના છે એમ કહીને અમૃતચંદ્રાચાર્યના કળશનું બનારસીદાસજીએ સ્પષ્ટીકરણ કર્યું છે.

પર્યાયબુદ્ધિ એટલે રાગબુદ્ધિ છે તે અજ્ઞાન છે એ પણ આત્મામાં જ થાય છે એ કાંઈ કર્મમાં કે કર્મના કારણથી થતી નથી. તેમ જ ચૈતન્યના ભાનપૂર્વક જ્ઞાનચેતના થાય છે તે પણ આત્મામાં થાય છે, કર્મમાં કે કર્મથી થતી નથી. પાણીના તરંગ પાણીમાં ડૂબી જાય છે તેમ આત્માની પર્યાયો આત્મામાં ડૂબી જાય છે–આત્મામાં સમાઈ જાય છે. ચૈતન્યભગવાન પરની અપેક્ષા વિનાનું સ્વતંત્ર દ્રવ્ય છે તેથી તેનું ભાન ન હોય તોપણ રાગની એકતાબુદ્ધિમાં પોતે જ પરિણમે છે તેને કર્મચેતના કહેવાય છે અને આત્માનું ભાન થઈને શુદ્ધપરિણતિ થાય છે તેને જ્ઞાનચેતના કહેવાય છે તેમાં પણ ચૈતન્ય પોતે સ્વતંત્રપણે પરિણમે છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યને ભૂલીને પરિણતિ કરે તે અશુદ્ધ હોવા છતાં અંદરમાં ગૂપચૂપ છે અને ચૈતન્યસૂર્યના ભાનપૂર્વકની શુદ્ધ પરિણતિ પણ અંતરમાં ગૂપચૂપ છે તેથી તે બુદ્ધિથી ગ્રહી શકાય તેમ નથી. વાણીથી કહી શકાય તેમ નથી. સમયે સમયે મિથ્યાત્વની ધારા ચાલી રહી છે—થાય છે અને જાય છે વળી થાય છે, તે સમય સમયનું પરિણમન પકડાતું નથી. અને જ્યારે આનંદમૂર્તિ પ્રભુનો શ્રદ્ધામાં સ્વીકાર અને જ્ઞાન થાય છે તે પણ સમય સમયનું



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણમન છે. થાય છે, જાય છે, થાય છે, ઉત્પાદ-વ્યય ચાલુ જ છે તે પકડાતું નથી. પણ પાણીના તરંગની જેમ અંતરમાં જ સમાઈ જાય છે.

બનારસીદાસે પદ્ય બનાવીને ઘણું સ્પષ્ટ કર્યું છે. હવે અમૃતચંદ્રાચાર્યના બીજા શ્લોક ઉપર ચોથા પદ્યમાં કહે છે કે કર્મબંધનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. આત્માની ત્રિકાળી ચૈતન્યભૂમિમાં રાગની એકતા કરવી તે જ ભાવબંધ અને અશુદ્ધ ઉપયોગ છે તે જ બંધનું કારણ છે.

**कर्मजाल-वर्गनासौं जगमैं न बंधै जीव,**
**बंधै न कदापि मन-वच-काय-जोगसौं।**
**चेतन अचेतनकी हिंसासौं न बंधै जीव,**
**बंधै न अलख पंच-विषै-विष-रोगसौं।।**
**कर्मसौं अबंध सिद्ध जोगसौं अबंध जिन,**
**हिंसासौं अबंध साधु ग्याता विषै-भोगसौं।**
**इत्यादिक वस्तुके मिलापसौं न बंधै जीव,**
**बंधै एक रागादि अशुद्ध उपयोगसौं।।४।।**

અર્થ :—જીવને બંધનું કારણ ન તો કાર્માણવર્ગણા છે, ન મન-વચન-કાયાના યોગ છે, ન ચેતન-અચેતનની હિંસા છે અને ન ઈન્દ્રિયોના વિષયો છે, કેવળ રાગાદિ અશુદ્ધ ઉપયોગ બંધનું કારણ છે. કેમ કે કાર્માણવર્ગણા રહેવા છતાં પણ સિદ્ધભગવાન અબંધ રહે છે. યોગ હોવા છતાં પણ અરિહંતભગવાન અબંધ રહે છે. હિંસા થઈ જવા છતાં પણ મુનિ મહારાજ અબંધ રહે છે અને પાંચ ઈન્દ્રિયોના ભોગ ભોગવવા છતાં પણ સમ્યગ્દષ્ટિ અબંધ રહે છે.

મૂળ પાઠમાં સમ્યગ્દષ્ટિની વાત લીધી નથી પણ બનારસીદાસે સ્પષ્ટીકરણ માટે, સમકિતીની વાત લીધી છે. પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવે છે છતાં સમકિતી અબંધ છે કેમ કે તેમને વિષયોમાં એકતાબુદ્ધિ કે તલ્લીનતા નથી. આમ જયચંદજી પંડિતે પણ ભાવાર્થમાં લીધું છે કે સમકિતી અને દેશવિરતને સમિતિ નહિ હોવાથી તેમનું નામ ન લીધું પણ અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ છે.

જીવને કર્મબંધન શેનાથી થાય છે? તેનું કારણ બતાવતાં કહે છે કે કર્મની વર્ગણા તો આખા લોકમાં ભરેલી છે તે બંધનું કારણ હોય તો સિદ્ધભગવાનને પણ બંધ થવો જોઈએ પણ સિદ્ધને બંધ થતો નથી માટે કર્મની વર્ગણાનો જથ્થો બંધનું કારણ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મન-વચન-કાયાની ક્રિયા પણ બંધનું કારણ નથી. જો એ ક્રિયા બંધનું કારણ હોય તો અરિહંતને પણ બંધ થવો જોઈએ પણ અરિહંતને બંધ થતો નથી માટે મન-વચન-કાયાની ક્રિયા જીવને બંધનું કારણ થતી નથી.

ચેતન-અચેતનની હિંસા એ તો પરની ક્રિયા છે તેનાથી જીવને બંધ થતો નથી. મુનિમહારાજ ઈર્યાસમિતિપૂર્વક ચાલતાં હોય અને અચાનક જીવડું પગ નીચે આવીને મરી જાય તો તેની હિંસા તો થઈ પણ મુનિને બંધ થતો નથી માટે ચૈતન્યની ભૂમિકામાં રાગને એકપણે માનવો તે એક જ બંધનું કારણ છે એ સિદ્ધ થાય છે.

રાગને પોતાની ભૂમિકામાં ન લાવે અને જ્ઞાનાનંદ ભૂમિકામાં પરિણતિ કરે–બસ એ જ મોક્ષનું કારણ છે.

પંચેન્દ્રિયભોગ ભોગવવા છતાં સમ્યગ્દષ્ટિ અબંધ છે કેમ કે સમકિતી રાગના સ્વામી નથી અને રાગમાં એકતા નથી. જેમ પરદ્રવ્યની ક્રિયાને જુદી જાણે છે તેમ પોતાની વિભાવક્રિયાને પણ સ્વભાવમાં મેળવતો નથી, જુદી જાણે છે તેથી સમકિતીને વિષયભોગ હોવા છતાં બંધ નથી. જો વિષયભોગથી જ બંધ હોય તો સમકિતીને પણ બંધ થવો જોઈએ.

આમ તો દસમા ગુણસ્થાન સુધી બંધ છે પણ તે ચારિત્રસંબંધી બંધની વાત છે. જ્ઞાનીને અસ્થિરતા સંબંધી બંધ હોય છે પણ અસ્થિરતાને પોતાનું સ્વરૂપ માનતાં નથી તેથી મિથ્યાત્વસંબંધી બંધ થતો નથી. ઉપયોગરૂપી ભૂમિમાં રાગની એકતા કરવી તે એક જ આ બંધનું કારણ છે. કળશમાં છે ને!—**यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम् ।।** મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ઉપયોગ જ હોય છે–ઉપયોગમાં રાગની એકતા હોય છે તે જ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિને વિષયભોગ વખતે પણ અશુદ્ધ ઉપયોગ નથી, બહિર્મુખ રાગના પરિણમનમાં તેને એકપણું નથી. જેમ શરીર અને આત્મા જુદાં છે તેમ સ્વભાવ અને વિભાવ જુદાં છે એમ જાણે છે તેથી જ્ઞાનીને બંધ થતો નથી.

આ પદ્યનો અર્થ તો થઈ ગયો. હવે ભાવાર્થ કહેશે.

*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીને બંધ નથી, નિર્જરા જ છે

(સળંગ પ્રવચન નં. ૮૮)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ અધિકાર ચાલે છે. 'આત્મા' એક વસ્તુ છે. તેના સ્વભાવમાં અનંત શાંતિ, આનંદ, જ્ઞાન આદિ ગુણ ભર્યાં છે પણ પુણ્ય-પાપ કે રાગ આદિ તેના સ્વભાવમાં ભર્યા નથી. છતાં જે નિર્મળ સ્વભાવની સાથે રાગાદિ ભાવોનું એકત્વ માને છે તે જ મિથ્યાત્વભાવ છે અને તે જ બંધનું કારણ છે. તે જ સંસારની વૃદ્ધિનું કારણ છે. કર્મોને બંધના કારણ કહેવાય છે પણ ખરેખર તે બંધના કારણ નથી.

૪થા પદ્યના ભાવાર્થમાં પહેલી જ કાર્માણવર્ગણા લીધી છે.

ભાવાર્થ :—કાર્માણવર્ગણા, યોગ, હિંસા, ઈન્દ્રિય–વિષયભોગ–એ ચારેય બંધના કારણ કહેવાય છે પરંતુ સિદ્ધાલયમાં અનંતાનંત કાર્માણ પુદ્‌ગલવર્ગણાઓ ભરેલી છે, તે રાગાદિ વિના સિદ્ધભગવાન સાથે બંધાતી નથી. તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત ભગવાનને મન-વચન-કાયાના યોગ રહે છે પરંતુ રાગ-દ્વેષ આદિ થતાં નથી તેથી તેમને કર્મબંધ થતો નથી. મહાવ્રતી સાધુઓથી અબુદ્ધિપૂર્વક હિંસા થયા કરે છે પરંતુ રાગ-દ્વેષ ન હોવાથી તેમને બંધ નથી. અવ્રતી સમ્યગ્દષ્ટિજીવ પંચેન્દ્રિયવિષયો ભોગવે છે પણ તલ્લીનતા ન હોવાથી તેમને નિર્જરા જ થાય છે તેથી સ્પષ્ટ છે કે કાર્માણવર્ગણાઓ, યોગ, હિંસા, અને સાંસારિક–વિષય બંધના કારણ નથી, કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે.

(૧) કાર્માણવર્ગણાઓ (૨) યોગ (૩) હિંસા અને (૪) ઈન્દ્રિય-વિષયભોગ આ ચારેયને બંધના કારણ કહેવા તે વ્યવહાર છે. ખરેખર તે બંધના કારણ નથી.

(૧) સિદ્ધાલયમાં જ્યાં સિદ્ધભગવાન બિરાજે છે ત્યાં પણ કાર્માણવર્ગણાઓ તો છે માટે જો એ વર્ગણા બંધનું કારણ હોય તો સિદ્ધને પણ બંધ થવો જોઈએ પણ સિદ્ધને રાગ નહિ હોવાથી વર્ગણા બંધનું કારણ તો નહિ પણ બંધમાં નિમિત્ત પણ થતી નથી. માટે નક્કી થાય છે કે જ્યાં રાગની એકતા નથી ત્યાં કાર્માણવર્ગણા હો તોપણ બંધ નથી. નિર્દોષ ભગવાન સાથે રાગની એકતા કરે તો જ બંધ થાય છે. સિદ્ધભગવાનને તેનો અભાવ છે.

(૨) હવે અરિહંતનું દૃષ્ટાંત લઈને યોગથી હિંસા નથી તે કહે છે. અરિહંત ભગવાનને મન-વચન-કાયાના યોગ તો છે પણ રાગ-દ્વેષ નહિ હોવાથી અરિહંતને બંધ થતો નથી માટે ખરેખર યોગ બંધનું કારણ નથી. ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન,

www.vitragvani.com



આનંદસ્વરૂપ છે તેને છોડીને વિકલ્પ સાથે એકત્વ કરે તે મિથ્યા વાસના છે, એ જ બંધનું કારણ છે.

(૩) મહાવ્રતી સાધુ ઈર્યાસમિતિપૂર્વક ચાલતાં હોય તોપણ અચાનક કોઈ જીવ ઊડીને આવે અને પગ નીચે કચરાઈને મરી જાય તો તેથી સાધુને બંધ થતો નથી. કેમ કે સાધુને તે જીવને હણવાનો ભાવ ન હતો. માટે નક્કી થાય છે કે બાહ્યહિંસાથી બંધ થતો નથી, રાગ-દ્વેષરૂપ ભાવહિંસાથી જ બંધ થાય છે.

(૪) વીતરાગમાર્ગમાં સમકિતી તેને કહીએ કે જેને શરીર, વાણી, મન અને કર્મથી જુદાપણું તો અનુભવાયું હોય પણ રાગાદિ ભાવથી પણ જુદાં, આનંદ જ્ઞાનાદિભાવનો અનુભવ થયો હોય તેને અવિરતી સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, તેને વિષયની વાસના તો હોય છે પણ વાસનામાં સુખબુદ્ધિ કે તલ્લીનતા હોતી નથી. તેથી પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવવા છતાં તેને મિથ્યાત્વનો બંધ થતો નથી કેમ કે, તેને રાગ તો છે પણ, રાગમાં એકતા નથી. રાગથી જુદાં આત્માને અનુભવ્યો છે તેથી અતીન્દ્રિય આનંદની ભૂમિકામાં ઊભેલાં જ્ઞાનીને રાગના રાગનો રાગ નથી, રાગનો રાગ નથી.

જૈનદર્શન સૂક્ષ્મ છે. અનંતકાળમાં એક એક ગતિના અનંતવાર અવતાર કર્યા પણ સમ્યગ્દર્શન વિના એણે રાગના ભાવને પોતાનું સ્વરૂપ માનીને કર્યો અને મિથ્યાત્વને જ સેવ્યું. રાગની મંદતા કરીને સ્વર્ગાદિના ભોગ પામ્યો પણ તે કાંઈ ધર્મ નથી. જેણે અંતરમાં ધર્મ પ્રગટ કર્યો છે એવા અવિરત સમ્યગ્દૃષ્ટિને રાગનો વિકલ્પ તો છે પણ રાગમાં એકત્વ નથી, રાગનો રાગ નથી, રાગનો પ્રેમ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી.

જુઓ ને! ભરતચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હતા તેને સંયોગમાં ૯૬ હજાર સ્ત્રી હતી પણ કોઈમાં એકત્વબુદ્ધિ કે રસ ન હતો. વીતરાગભાવ જ્યાં અંશે પ્રગટ્યો ત્યાં હું તો વીતરાગસ્વરૂપ છું એવી સમ્યગ્દૃષ્ટિ વર્તતી હોવાથી ક્યાંય બાહ્યમાં કે રાગમાં મારાપણું થતું નથી. જે અતીન્દ્રિય આનંદનો નાથ થઈ ગયો તે રાગનો નાથ કેમ થાય! ભલે ગૃહસ્થાશ્રમમાં રાજ-પાટ આદિ દેખાય પણ અંતરંગમાં તેની દૃષ્ટિ નિરાળી છે. સ્વરૂપ-સન્મુખ તેનું પરિણમન થઈ ગયું છે તેથી કર્મનો ઉદય આવે તે પણ ખરી જાય છે, નવીન બંધ થતો નથી.

આમ, સ્પષ્ટ થાય છે કે કર્મ, યોગ, હિંસા અને વિષયભોગ બંધના કારણ નથી. કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે. જે પોતાના સ્વરૂપમાં નથી એવા રાગને સ્વરૂપમાં લાવે છે. એ અશુદ્ધભાવ જ બંધનું કારણ છે. બંધ એટલે સંસારમાં રખડવાનું કારણ છે.

હવે ત્રીજા કળશ ઉપર પાંચમું પદ્ય છે તે લઈએ.

www.vitragvani.com



कर्मजाल–वर्गनाकौ वास लोकाकासमांहि,
मन-वच-कायकौ निवास गति आउमैं।
चेतन–अचेतनकी हिंसा वसै पुग्गलमैं,
विषयभोग वरतै उदैके उरझाउमैं॥
रागादिक सुद्धता असुद्धता है अलखकी,
यहै उपादान हेतु बंधके बढाउमैं।
याहीतैं विचच्छन अबंध कह्यौ तिहूंकाल,
राग दोष मोह नाहीं सम्यक सुभाउमैं॥५॥

અર્થ :—કાર્માણવર્ગણાઓ લોકાકાશમાં રહે છે, મન-વચન-કાયાના યોગની સ્થિતિ ગતિ અને આયુષ્યમાં રહે છે, ચેતન-અચેતનની હિંસાનું અસ્તિત્વ પુદ્‌ગલમાં છે, ઇન્દ્રિયોના વિષય-ભોગ ઉદયની પ્રેરણાથી થાય છે તેથી વર્ગણા, યોગ, હિંસા અને ભોગ–આ ચારેનો સદ્‌ભાવ પુદ્‌ગલસત્તામાં છે–આત્માની સત્તામાં નથી, તેથી એ જીવને કર્મબંધના કારણ નથી અને રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભુલાવી દે છે તેથી બંધની પરંપરામાં અશુદ્ધ ઉપયોગ જ અંતરંગકારણ છે, સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતાં નથી તેથી સમ્યગ્જ્ઞાનીને સદા બંધરહિત કહ્યાં છે.

કર્મ થવાને યોગ્ય રજકણો જગતમાં રહેલાં છે, તે કાંઈ આત્મામાં રહેલાં નથી. આત્મામાં તો જ્ઞાન અને આનંદ છે. તેમાં કર્મ નથી માટે તે બંધનું કારણ નથી.

મન-વચન-કાયાનું કંપન થાય તેની મર્યાદા ગતિ અને આયુષ્ય સુધીની જ છે. આત્માને તે યોગ કાંઈ કરી શકતો નથી. યોગનું કંપન આત્મામાં નથી માટે તેનાથી આત્માને બંધ નથી. જડની ક્રિયા જડમાં છે, આત્મામાં જડની ક્રિયા નથી. આત્મામાં તો જ્ઞાન અને આનંદ વસેલાં છે તેનાથી બંધ થતો નથી. ચેતન-અચેતનની હિંસા શરીરની ક્રિયાથી થાય છે આત્માથી થતી નથી.

વિષયની વાસના કર્મના ઉદયથી છે. ધર્મીના ભાવમાં વિષયનો પ્રેમ નથી. માટે તેનાથી બંધ નથી. કર્મના નિમિત્તથી થતાં રાગને ધર્મી પોતાનો માનતો નથી, તેના સ્વામી થતાં નથી, ધર્મી એમ જાણે છે કે મારા સ્વરૂપમાં કર્મ અને રાગ તો નથી પણ અલ્પજ્ઞપણું પણ મારા ત્રિકાળસ્વરૂપમાં નથી. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ મારા આત્મામાં બંધ હોઈ શકે નહિ.

આમ, કાર્માણવર્ગણા, યોગ, હિંસા અને ભોગ એ ચારેય પુદ્‌ગલની સત્તામાં છે, જીવની સત્તામાં નથી માટે તે બંધના કારણ નથી. જીવની દશામાં રાગની એકતારૂપ અશુદ્ધતા અથવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગથી ભિન્નતા અને સ્વભાવની એકતારૂપ શુદ્ધતા જ હોય છે. તેમાંથી રાગની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ જ જીવને બંધનું કારણ થાય છે. દશામાં રહેલી અશુદ્ધતા જ જીવને સંસારમાં રખડવાનું કારણ થાય છે.

રાગાદિથી રહિત એવી શુદ્ધતા અને રાગાદિથી સહિત એવી અશુદ્ધતા એ બે જ અલખની સત્તામાં છે એટલે કે આત્માની દશામાં છે. રાગ તો ખરેખર આત્માના સ્વભાવમાં નથી પણ રાગની એકતા કરે છે તેથી તેની દશામાં મિથ્યાત્વ થાય છે. રાગને આત્માના સ્વભાવમાં એકત્વ કરવો તે મૂઢતા છે—અશુદ્ધતા છે. રાગથી રહિત દશા તે શુદ્ધતા છે. આ બે જ ભાવ આત્માની દશામાં છે, ત્રીજો ભાવ તેમાં નથી.

અશુદ્ધતા એટલે શું?—રાગને ઉપયોગમાં એકાકાર કરવો તે અશુદ્ધતા છે. શુદ્ધતા એટલે શું? —રાગથી ભિન્ન આત્માનું ભાન કરવું તેનું નામ શુદ્ધતા છે. અજ્ઞાનભાવે આત્મા અશુદ્ધતાને કરે છે અને જ્ઞાનભાવે આત્મા શુદ્ધતાને કરે છે એ સિવાય ત્રીજા ભાવને આત્મા કરતો નથી. આત્માના પરિણમનમાં શુદ્ધતા અથવા અશુદ્ધતા સિવાય ત્રીજું કાંઈ નથી.

શ્રોતા :—આત્મા રાગનો કર્તા નથી ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગ છે તે અશુદ્ધતા છે. અજ્ઞાનભાવે આત્મા જ તે રાગની અશુદ્ધતાને કરે છે. વસ્તુની દૃષ્ટિએ આત્મા રાગનો કર્તા નથી પણ અજ્ઞાનભાવમાં અશુદ્ધતાનું એકત્વ આત્માએ જ કર્યું છે. સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે ને! જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગાદિનો કર્તા આત્માને માન! ભેદજ્ઞાન થયા પછી કર્તા નથી એમ જાણ! વસ્તુ તો જેમ હોય તેમ આચાર્યદેવની વાણીમાં આવે ને! રાગ મારું સ્વરૂપ છે એવી મૂઢતા તે અશુદ્ધતા છે.

ભગવાન આત્મા તો પવિત્ર શુદ્ધ આનંદકંદ છે એ જ એનું સ્વરૂપ છે. પુણ્ય-પાપ આસ્રવતત્ત્વનું સ્વરૂપ છે. કર્મ અને શરીર અજીવતત્ત્વ છે. અજીવ અને આસ્રવથી આત્માનું સ્વરૂપ જુદું છે તેને તેનાથી સહિત માનવું એ જ મૂઢતા છે. આ જ બંધનું મૂળ છે.

**यहै उपादान हेतु बंधके बढाउमैं ।** જે સ્વયં કાર્યને કરે છે તે ઉપાદાન છે. સ્વભાવમાં રાગના વિકારને એકપણે માને છે તે મિથ્યાત્વભાવ છે એ જ દર્શનમોહ આદિના બંધનું ઉપાદાનકારણ છે.

અહીં તો સમકિતીને બંધનમાંથી કાઢી નાંખે છે કેમ કે તેની દૃષ્ટિ અબંધસ્વભાવ ઉપર પડી છે. શરીર અને કર્મની જેમ રાગ પણ જીવના સ્વરૂપમાં નથી એવા જીવસ્વરૂપમાં જેની દૃષ્ટિ પડી છે એવા વિચક્ષણ–ધર્મી–સમકિતીને અબંધ કહ્યાં છે. અબંધ આત્મસ્વભાવનો ગુણ અબંધ, દ્રવ્ય અબંધ અને તેનું સમકિત પણ અબંધ છે. તેથી જ સમકિતીને ત્રણેકાળ અબંધ કહ્યા છે.

www.vitragvani.com



**राग दोष मोह नाहि सम्यक सुभाउमैं ।** સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી, તેમ સ્વભાવની દૃષ્ટિમાં પણ રાગ-દ્વેષ-મોહનો અભાવ છે. અવિરતી સમ્યગ્દૃષ્ટિ અવિરતીથી રહિત છે. આવી વાત છે. સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતા નથી માટે સમકિતીને સદા અબંધ કહ્યા છે. રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભુલાવી દે છે. તેથી રાગ-દ્વેષ-મોહને જ બંધપરંપરામાં અંતરંગકારણ કહ્યાં છે. કાર્માણવર્ગણા, યોગ, હિંસા અને વિષયભોગ તો બહિરંગકારણ છે.

સમ્યગ્દૃષ્ટિએ ભાવબંધથી પોતાને ભિન્ન પાડ્યો છે ત્યારે તો સમ્યગ્દૃષ્ટિ થયાં છે. જેમ શરીર અને કર્મ આત્માથી ભિન્ન છે તેમ રાગ પણ જીવના સ્વભાવથી ભિન્ન છે એમ જ્યાં જાણ્યું ત્યાં રાગની દૃષ્ટિ છૂટીને સ્વભાવદૃષ્ટિ થઈ તેમાં રાગરહિત શુદ્ધસ્વભાવનું પરિણમન છે તેનાથી બંધ નથી. જેટલું અશુદ્ધપરિણમન છે તે ધર્મીના જ્ઞાનનું જ્ઞેય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે પણ તે અવિરતને ધર્મી પોતાના સ્વરૂપ તરીકે ખતવતાં નથી. એવું જ સ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે એટલે ભાવબંધથી મુક્ત છે. ભગવાન આત્મા શું ચીજ છે અને તેની મહત્તા અને મોટપ શું છે તેની જીવોને ખબર નથી. તેથી રાગને મોટપ આપી દે છે તેનો અર્થ એ કે રાગમાં એકત્વ કરે છે. અજ્ઞાની રાગને પોતાની ઉપયોગભૂમિમાં લાવે છે અને જ્ઞાની પોતાની ઉપયોગભૂમિમાં રાગને લાવતાં નથી બસ! આટલો જ ફેર છે.

જે પોતાના સ્વરૂપમાં નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ, હિંસા, ચોરી આદિ પરિણામને પોતાની ઉપયોગભૂમિમાં લાવે છે તે અજ્ઞાની છે. જે સ્વભાવમાં નથી, તેને લાવવા તેનું નામ મિથ્યાત્વ—મૂઢતા અને તે જ બંધનું કારણ છે. જ્ઞાની કોઈ રાગાદિને ઉપયોગભૂમિમાં લાવતાં જ નથી. એ તો બસ એકલા શુદ્ધ જ્ઞાન...જ્ઞાન...જ્ઞાનરૂપે જ પરિણમે છે. રાગરૂપે પરિણમવું તે આત્માનું સ્વરૂપ નથી.

આ જાણીને સ્વચ્છંદી થવું યોગ્ય નથી. યોગ, હિંસા, રાગ આદિનો કર્તા આત્મા નથી માટે ગમે તેમ યોગ, હિંસા કે રાગાદિ થાઓ તેથી અમને શું છે! એવી ભાવના સમકિતીને હોતી નથી. હિંસા આદિથી બચવાનો પ્રયત્ન તેના શુભપરિણામમાં હોય જ છે ભલે તે શુભભાવને પોતામાં ખતવે નહિ તોપણ શુભભાવમાં એવો પ્રયત્ન હોય છે કે જેથી સ્વચ્છંદી ન થવાય, અશુભમાં ન જવાય. આ વાત ચોથા શ્લોકમાં કહે છે તેનું ૬ ઠ્ઠું પદ્ય આ પ્રમાણે છે.

'જોકે જ્ઞાની અબંધ છે તોપણ પુરુષાર્થ કરે છે'

**कर्मजाल–जोग हिंसा–भोगसौं न बंधै पै,**
**तथापि ग्याता उद्दिमी बखान्यौ जिन बैनमैं।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ग्यानदिष्टि देत विषै-भोगनिसौं हेत दोऊ,
क्रिया एक खेत यौं तौ बनै नांहि जैनमैं॥
उदै–बल उद्दिम गहै पै फलकौं न चहै,
निरदै दसा न होइ हिरदैके नैनमैं।
आलस निरुद्दिमकी भूमिका मिथ्यात्व मांहि,
जहां न संभारै जीव मोह नींद सैनमैं॥६॥

અર્થ :—સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ—એ બંને વાતો એક સાથે જૈનધર્મમાં હોઈ શકે નહિ, તેથી જોકે સમ્યગ્જ્ઞાની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે. તેઓ શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતાં નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થહીનતા તો મિથ્યાત્વદશામાં જ હોય છે જ્યાં જીવ મોહનિદ્રાથી અચેત રહે છે. સમ્યક્ત્વભાવમાં એવી પુરુષાર્થહીનતા નથી.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં તેને રાગની એકતા તૂટી ગઈ હોવાથી અબંધ કહેવાય છે. પણ સમ્યગ્દૃષ્ટિ સ્વચ્છંદી થતાં નથી. આબરૂનો પ્રેમ હોય, ભોગોનો પ્રેમ હોય, અનુકૂળતાનો ઉત્સાહ હોય અને કહે કે મારી દૃષ્ટિ આત્મા ઉપર છે એ બંને વાત સાથે હોઈ શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિને સ્વચ્છંદી ન થવાય તેનો પુરુષાર્થ હોય છે. સ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ તો ધર્મીને હોય જ છે પણ શુભભાવમાં આ પુરુષાર્થ પણ વર્તે છે કે જેથી તેને સ્વચ્છંદી ન થાય. એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેમ ધર્મીને આત્માનો પ્રેમ છે અને વિષય-કષાયનો પણ પ્રેમ છે એ બંને પ્રેમ એક સાથે હોઈ શકે જ નહિ.

અહીં તો એકલી રાગમાં એકતાને જ બંધ કહેવો છે. તેથી કહ્યું છે કે મિથ્યાત્વ તે જ સંસાર છે એમ જાહેર થાવ.

ધર્મીને હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ રહે છે અને વિષય-સુખમાં પ્રેમ રહેતો નથી. જે કહે છે કે મારે તો બંને એકસાથે રહે છે તે સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે. આત્માના પ્રેમીને બાહ્યચીજનો ઉમંગ આવે જ નહિ. પૂર્વ ઉદય અનુસાર રાગનો ભાગ આવે છે પણ તેના ફળને ધર્મી ચાહતાં નથી.

ભરતેશ વૈભવમાં આવે છે કે ભરત ચક્રવર્તીને પ્રથમ પુત્રરત્નની પ્રાપ્તિ થઈ ત્યારે મોટો મહોત્સવ કર્યો હતો. ધર્મીને પુરુષાર્થની નબળાઈથી એવો રાગ આવે પણ તેમાં લીનતા ન હોય. આ રાગ કરવા જેવો છે એવી ઉપાદેયબુદ્ધિ ન હોય, રાગ આવ્યો તેનો કાંઈ વાંધો નથી એમ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન હોય. બહારથી ઉત્સાહ દેખાય પણ અંદરમાં લૂખાશ હોય છે તેથી તો કહ્યું છે કે—

'સમ્યગ્દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.'

વળી, ધર્મી હૃદયમાં સદા દયાભાવ રાખે છે. અનંતાનુબંધી કષાયનો અભાવ થયો હોવાથી હૃદયમાં કરુણાભાવ વર્તે છે. બાહુબલી ઉપર ભરત ચક્રવર્તીએ ચક્ર છોડ્યું પણ એ વિકલ્પના એ જ્ઞાતા હતાં. અંતરમાં અકષાય કરુણા વર્તતી હતી. આ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવી સ્થિતિ છે. અજ્ઞાની કોઈ આ તલવારની ધાર ઉપર ચાલી ન શકે.

ધર્મી તો તેને કહીએ કે જેને પોતાના આનંદના પ્રેમ પાસે બીજે ક્યાંય પ્રેમ આવતો જ નથી. ધર્મીની પ્રથમદશામાં આવી સ્થિતિ હોય છે. બીજા વખાણ કરે માટે પોતાને મોટો માનવા ન લાગે. સમકિતીને આઠ મદનો અભાવ હોય છે. જ્ઞાનસ્વભાવથી પોતાની અધિકતા જેને ભાસી છે તેને બીજે ક્યાંય મહાનતા કેમ લાગે!

બિલાડીની કેડ ભાંગી જાય પછી કેવી લૂલી ચાલે! તેમ ધર્મીને રાગ પોતાનો નથી એમ ભાન થયા પછી રાગ લૂલો થઈ જાય છે. થોડો રાગ આવે પણ રાગનો રસ ન આવે. આ વીતરાગમાર્ગ છે તેમાં રાગને પોતાનો માને તો વીતરાગમાર્ગ જ ન રહે.

રામચંદ્રજી સમકિતી હતાં છતાં સીતાજીને રાવણ ઉપાડી ગયો ત્યારે સીતા...મારી સીતા...ક્યાં ગઈ! એમ ચારેકોર શોધે છે. એ બધાં રાગના ચાળાં હતાં. છતાં પોતે જ્ઞાની છે. સીતાજીની વાત લ્યો ને! જ્યારે રાવણ ચલિત કરવા આવ્યો ત્યારે પોતે ચલિત ન થયાં પણ સ્વર્ગમાં ગયા પછી પોતે રામચંદ્રજીને ચલિત કરવા આવ્યાં. રામચંદ્ર તો ધ્યાનમાં હતાં તેની સામે સીતાનું રૂપ લઈને આવ્યા અને રામને કહે છે તમે રાજમાં પાછા આવો. રાજમાં આપણે સાથે રહેશું. આ બધા રાગના વિકલ્પ આવાં હોય છે. તેમાંય મોટા પુરુષની મોટી વાતો. બાળકના હાથથી કાપડના માન ન થાય તેમ અજ્ઞાનીના જ્ઞાનથી જ્ઞાનીના માપ ન થાય. રામચંદ્ર તો પુરુષોત્તમ પુરુષ થઈ ગયાં. સમકિતી હતાં, વીતરાગના ભક્ત હતાં, મુનિ થઈ, કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યા છે.

આવી વાત છે. જ્ઞાનીને અંદરમાં રાગ ખટકતો હોય છે, રાગને સુખરૂપ માનતો નથી. હૃદયમાં રાગ ખટકતો હોય છે. ધર્મીને સ્વભાવ તરફનો પુરુષાર્થ છે અને સ્વચ્છંદી ન થવાય એ માટે શુભભાવમાં પણ પુરુષાર્થ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. આપણે સમકિતી થયા માટે હવે કોઈ જાતનો ડર નથી—એમ ન હોય. નિર્ભયતા તો છે પણ સ્વચ્છંદતા નથી. ગમે તે રાગ આવે એમ ન હોય. જ્ઞાનીને ભૂમિકા અનુસાર જ રાગ આવે. આળસ અને નિરૂદ્યમ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો મિથ્યાત્વદશામાં જ હોય. એ વાત આગળ ૯ મા પદ્યમાં આવશે.

ધર્મીને શુદ્ધ ચૈતન્યભગવાન તરફનો પ્રયત્ન તો છે જ, સાથે તેનું ઘોલન થતાં શુભવિકલ્પમાં તેને અનુરૂપ ભાવ જ હોય છે. આળસ અને પુરુષાર્થહીનતા હોતી નથી.

જ્યાં જીવ પોતાના આનંદસ્વરૂપને ન સંભાળે અને એકલાં રાગમાં એકાકાર થાય—એ મિથ્યાદૃષ્ટિની દશા છે. જ્યાં જીવ મોહનિદ્રામાં અચેત રહે છે ત્યાં જ પ્રમાદ અને પુરુષાર્થહીનતા રહે છે. કારણ કે રાગની એકતામાં આત્માની સચેતદશા અવરાઈ જાય છે. સમ્યક્‌ત્વભાવમાં આવી પુરુષાર્થહીનતા હોતી નથી. પોતાના સ્વરૂપની રચનાનો પુરુષાર્થ તેને કાયમ હોય છે અને સાથે વિકલ્પ પણ એ જાતનો જ હોય છે, સ્વચ્છંદ હોતો નથી. સ્વભાવ-સન્મુખની ઘોલનદશા અને તેમાં સ્થિરતા ન થાય ત્યારે વિકલ્પ આવે તે પણ તેને અનુકૂળ થવાનો હોય છે. બાકી, જે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને યાદ ન કરે અને રાગને યાદ કરે એ તો મોહનિદ્રામાં સૂતો છે, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને ચોરાશીના અવતારમાં રખડવું થાય તેવા કર્મોનું બંધન થાય છે. મોક્ષાર્થીનું તો લક્ષણ જ બાંધ્યું છે કે–

“દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
“હોય મુમુક્ષુઘટ વિષે, તેહ સદાય સુજાગ્ય.”

ધર્મીને સ્વચ્છંદતા નહિ હોવાથી રાગની મંદતામાં આ કહ્યાં તેવા જ પરિણામ હોય છે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું કહ્યું માટે તે દુષ્કર છે—એમ નથી. તેમાં દુઃખ નથી. રાગથી રહિત સ્વરૂપને જાણવું, માનવું અને રાગ આવે છતાં સ્વચ્છંદ ન સેવવો એવી વીતરાગની આજ્ઞા છે. રાગમાં એકત્વ માનવું એ ભગવાનની અજ્ઞાથી વિરુદ્ધ છે. રાગથી લાભ અને ધર્મ માનનારો મિથ્યાત્વમાં પડ્યો છે તે સ્વરૂપને સાધવામાં આળસું છે. ધર્મી તો સ્વરૂપ માટે સદા સાવધાન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# અજ્ઞાનમાં જ બંધ છે, જ્ઞાનમાં બંધ નથી

(સળંગ પ્રવચન નં. ૮૯)

શ્રી નાટક સમયસારમાં આ બંધ અધિકાર ચાલે છે.

રાગ અને સ્વભાવની એકતા તે 'બંધ' છે. પોતાનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય આનંદમય છે તેની સાથે પુણ્ય-પાપની એકતા કરવી તે પર્યાયદષ્ટિ—મિથ્યાદષ્ટિ છે. આવો જીવ બંધભાવને પામતો નવા બંધનને વધારે છે. જ્ઞાની રાગથી ભિન્ન પડીને પોતાના આનંદસ્વભાવમાં રહેતો નવા બંધને વધારતો નથી, છતાં કર્મના ઉદયના નિમિત્તમાં જોડાવાથી રાગ થાય છે તેની અહીં વાત કરે છે.

## ઉદયની પ્રબળતા

**जब जाकौ जैसो उदै, तब सो है तिहि थान।**
**सकति मरोरै जीवकी, उदै महा बलवान।।७।।**

અર્થ :—જ્યારે જે જીવનો જેવો ઉદય હોય છે ત્યારે તે જીવ તેની જેમ જ વર્તે છે. કર્મનો ઉદય બહુ જ પ્રબળ હોય છે, તે જીવની શકિતઓને કચડી નાંખે છે અને તેને પોતાના ઉદયને અનુકૂળ પરિણમાવે છે.

જ્ઞાની સમજે છે કે 'હું મારાં સ્વભાવથી સહિત છું, રાગ મારો સ્વભાવ નથી.' છતાં પોતાની અસ્થિરતાને લઈને પુરુષાર્થ નબળો હોવાથી રાગ તરફ ખેંચાણ—આસકિત થઈ જાય છે. **सकति मरोरै जीवकी**—રાગમાં આસકિત છે તેનાથી જીવની પર્યાય મરડાઈ જાય છે. અસ્થિરતાનું બળવાનપણું છે તેને ઉદયની બળવાનતા કહેવાય છે, બાકી કર્મનું બળવાનપણું જીવમાં કામ કરતું નથી. ઉદયમાં જોડાવાથી ધર્મી જીવને પણ પરિણામમાં અશાંતિ થાય છે, તે સમજાવવા દૃષ્ટાંત આપે છે.

## ઉદયની પ્રબળતા ઉપર દૃષ્ટાંત

**जैसैं गजराज पर्यौ कर्दमकै कुंडबीच,**
**उद्दिम अहूटै पै न छूटै दुख–दंदसौं।**
**जैसैं लोह कंटककी कोरसौं उरझ्यौ मीन,**
**ऐंचत असाता लहै साता लहै संदसौं।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जैसें महाताप सिर वाहिसौं गरास्यौ नर,
तकै निज काज उठि सकै न सुछंदसौं।
तैसें ग्यानवन्त सब जानैं न बसाइ कछू,
बंध्यौ फिरै पूरब करम-फल-फंदसौं॥८॥

અર્થ :—જેવી રીતે કાદવના ખાડામાં પડેલો હાથી અનેક પ્રયત્નો કરવા છતાં પણ દુઃખથી છૂટતો નથી, જેવી રીતે લોઢાના કાંટામાં ફસાયેલી માછલી દુઃખ પામે છે–નીકળી શકતી નથી, જેમ આકરા તાવ અને માથાના શૂળમાં પડેલો મનુષ્ય પોતાનું કાર્ય કરવા માટે સ્વતંત્રતાથી ઊઠી શકતો નથી, તેવી જ રીતે સમ્યગ્જ્ઞાની જીવ જાણે છે બધું પણ પૂર્વોપાર્જિત કર્મની જાળમાં ફસાયેલો હોવાથી તેનું કાંઈ વશ ચાલતું નથી અર્થાત્ વ્રત-સંયમાદિનું ગ્રહણ કરી શકતાં નથી.

શ્રોતા :—એક બાજુ કહે કે જ્ઞાનીને બંધ જ નથી, રાગ તો પુદ્ગલના પરિણામ છે....વળી અહીં તો જ્ઞાનીને બંધ બતાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—દૃષ્ટિના જોરની અપેક્ષાએ જ્ઞાનીને બંધ નથી એમ કહેવાય પણ બીજી અપેક્ષા પણ છે ને! જ્ઞાનીની પર્યાયમાં રાગનું પરિણમન છે, તેને અહીં સિદ્ધ કરે છે. દૃષ્ટિના પરિણમનમાં રાગ નથી. દ્રવ્ય અને દ્રવ્યની દૃષ્ટિ તદ્દન શુદ્ધ છે પણ સાથે ચારિત્રના પરિણમનમાં અશુદ્ધતા છે તેને અહીં પ્રસિદ્ધ કરે છે. રાગને પુદ્ગલના પરિણામ કહ્યાં એ તો એક અપેક્ષાથી કહ્યાં છે બાકી રાગ તો જીવના પરિણામ છે. પ્રવચનસારમાં ૪૭ નયમાં આવ્યું છે કે રાગનું કરવાપણું અને ભોગવવાપણું મારી પર્યાયમાં છે એમ જ્ઞાની જાણે છે. એક જ અપેક્ષા પકડે છે તે વસ્તુની સ્થિતિને જાણતો નથી. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં અબંધ છે તે બરાબર છે પણ પોતાના પરિણમનમાં નબળાઈને કારણે રાગાદિ અશુદ્ધતા છે તેનું પણ જ્ઞાન કરવું જોઈએ.

જેને પોતાના સ્વભાવનું ઉગ્ર જોર નથી તેને રાગનું જોર છે એમ આ શ્લોક દ્વારા કહે છે. કર્મ તો બિચારાં જડ છે તે જીવને કાંઈ કરતાં નથી પણ કર્મના ઉદયમાં જોડાઈ જાય છે તેને કર્મનું જોર છે એમ કહેવાય છે. મૂળ તો સ્વભાવનું ઉગ્ર જોર નથી એટલે નિમિત્ત એવા કર્મના ઉદયમાં પોતે જોડાઈ જાય છે.

શ્રોતા :—જ્ઞાનીને તો વિકારથી વૈરાગ્ય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શ્રદ્ધા–જ્ઞાનમાં વિકારથી ભિન્નતા છે એટલો વૈરાગ્ય છે પણ જેટલી અસ્થિરતા છે એટલો રાગ છે. પૂર્ણ વૈરાગ્ય હોય તો વીતરાગ થઈ જાય.

જેમ, મોટો હાથી પણ કાદવના ખાડામાં પડી જાય તો પ્રયત્ન કરવા છતાં બહાર નીકળી

www.vitragvani.com



શકતો નથી તેમ આત્મામાં જ જ્ઞાન, આનંદ અને સુખ છે એવું જાણવા છતાં જ્ઞાની રાગના જોરમાં પકડાઈ જાય છે, ત્યાંથી છૂટી શકતાં નથી. મૂળ તો પોતાના પુરુષાર્થની કચાશ છે તેથી પોતાની ભૂમિકા પ્રમાણે જે રાગ આવે છે તેનાથી છૂટી શકતો નથી.

કોઈ એમ કહે છે કે ભગવાનનો માર્ગ અનેકાંત છે તેથી ઉપાદાનથી પણ કાર્ય થાય અને નિમિત્તથી પણ કાર્ય થાય. પરંતુ એવું અનેકાંત ન હોય. ભાઈ! બનારસીદાસજીએ તો ત્યાં સુધી કહી દીધું કે 'ઉપાદાનબલ જહાં, તહાં નહિ નિમિત્તકો દાવ.' નિમિત્ત હોય તેનો નિષેધ નથી પણ તેનાથી કાર્ય થાય છે–એમ નથી. પોતાના ઉપાદાનથી કાર્ય થાય છે ત્યારે નિમિત્ત હોય છે જરૂર. નિમિત્ત ક્યાં નથી? દરેક પર્યાયના કાળે તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય જ છે. આ વાત સોનગઢની નથી, વસ્તુના સ્વરૂપની છે. કોઈ દ્રવ્ય બીજાં દ્રવ્યના કાર્યને કરી દેતું નથી. દરેક સમયે દ્રવ્ય પોતાના કાર્યને કરે છે, પરનું કાર્ય કોઈ કરતાં નથી.

અહીં તો એટલું જ સિદ્ધ કરવું છે કે પોતાના પુરુષાર્થની નબળાઈ છે તેથી રાગનું જોર છે.

પાલેજમાં એક ઊંડા ખાડામાં ઘાસ ભર્યું હતું તે ખાવાના લોભે એક ગાય તેમાં પડી પણ અંદરમાં થોડાં ભાગમાં અગ્નિ હતી તેમાં તેના પગ બળી ગયાં, પછી ખાડામાંથી નીકળે શી રીતે? ખાવા માટે ખાડામાં ગઈ પણ નીકળી ન શકી અને તેમાં જ મરી ગઈ. તેમ ધર્મીને ભૂમિકા અનુસાર જે રાગ થાય છે તેમાંથી તે છૂટી શકતાં નથી. રાગમાં એકાકાર નથી પણ અસ્થિરતાવશ રાગની ભૂમિકા છે તેમાંથી છૂટવા માંગે છે પણ છૂટી શકતાં નથી. ચોથા, પાંચમા ગુણસ્થાનમાં સર્વથા રાગથી રહિત થવાનો પુરુષાર્થ હોતો નથી.

જેમ લોખંડની જાળમાં ફસાયેલી માછલીના શરીરમાં લોખંડના કાંટા ભરાયેલા હોવાથી તે દુઃખી થાય છે પણ છૂટી શકતી નથી, અસાતા પામે છે. જો જાળમાંથી છૂટી જાય તો સાતા પામે પણ છૂટી શકતી નથી તેમ ધર્મી અસ્થિરતાવશ રાગમાંથી છૂટી શકતાં નથી.

આ બંધ અધિકાર છે એટલે જ્ઞાનીને બંધનો ભાવ થોડો છે તેને અહીં સિદ્ધ કર્યો છે. જ્ઞાની જાણે છે કે રાગ દુઃખરૂપ છે, ખરાબ છે, નુકશાનકારક છે, તેમાં સુખ નથી. તેમ છતાં જ્ઞાની રાગમાં જોડાઈ જાય છે, છૂટી શકતાં નથી.

**जैसैं महाताप**.....જેમ, જેને માથું ફાટતું હોય અને આકરો તાવ આવતો હોય એવો મનુષ્ય પોતાનું કાર્ય કરવામાં શિથિલ થઈ જાય છે તેમ પોતાના સ્વભાવની નીરોગતામાં સ્થિર નહિ રહી શકતો જ્ઞાની, અસ્થિરતાવશ આનંદસ્વભાવથી ખસીને રાગમાં આવે છે ત્યારે સ્વભાવની ઉગ્રતા કરવામાં શિથિલ થઈ જાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઈનો લેખ આવ્યો છે કે 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર બંધનું પણ કારણ છે અને મોક્ષનું પણ કારણ છે કેમ કે, તીર્થંકરગોત્ર, આહારક શરીર આદિનો બંધ સમકિતીને જ થાય છે.' ભાઈ! જ્ઞાનીની ભૂમિકામાં રહેલાં શુભ ઉપયોગનો એ અપરાધ છે, તેનાથી બંધ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી બંધ થતો નથી, તેનાથી મોક્ષ જ થાય છે. જેટલાં અંશે નિર્મળતા છે તેટલો બંધ નથી અને જેટલા અંશે રાગ છે એટલો બંધ જ્ઞાનીને પણ છે પરંતુ તેનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી.

જ્ઞાની બધું જાણે છે કે આ રાગ નુકશાનકારક છે. વિષયની વાસના, લડાઈ આદિના ભાવ આવે પણ પોતે રાજકુમાર હોય ને તે જ્ઞાની હોય તોપણ ભૂમિકા એવી છે કે એવા રાગથી છૂટી શકતો નથી, કેમ કે અબંધપરિણામની પૂર્ણતા થઈ નથી તેથી બંધને યોગ્ય પરિણામ છે તેને ટાળવાનો પુરુષાર્થ નથી તેથી બંધ થયા વગર રહેતો નથી. પૂર્વકર્મના ઉદયમાં જોડાઈ જાય છે ત્યાં સુધી બંધ થાય છે.

હવે કહે છે કે જ્ઞાની મોક્ષમાર્ગમાં પુરુષાર્થી હોય છે. ગોમ્મટસારમાં કહ્યું છે કે એકલો એકાંત પુરુષાર્થ તે મિથ્યાત્વ છે અને અહીં પુરુષાર્થ જ કહ્યો છે તેનું કારણ એ છે કે સ્વભાવ તરફ પુરુષાર્થ થાય છે તેમાં બધાં સમવાય સાથે આવી જાય છે. બીજા સમવાય જુદાં નથી.

અજ્ઞાની જીવ પુરુષાર્થહીન અને જ્ઞાની પુરુષાર્થી હોય છે—

**जे जिय मोह नींदमैं सोवैं।**
**ते आलसी निरुद्दिम होवैं॥**
**द्रिष्टि खोलि जे जगे प्रवीना।**
**तिनि आलस तजि उद्दिम कीना॥६॥**

અર્થ :—જે જીવ મિથ્યાત્વની નિદ્રામાં સૂઈ રહે છે તેઓ મોક્ષમાર્ગમાં પ્રમાદી અથવા પુરુષાર્થહીન હોય છે અને જે વિદ્વાન જ્ઞાનનેત્ર ખોલીને જાગૃત થયા છે તેઓ પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરે છે.

જે જીવ રાગ અને વિકારની એકતારૂપ નિદ્રામાં સૂતા છે તે મોક્ષમાર્ગમાં પ્રમાદી છે. અંતર્મુખ સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ નથી તેથી પ્રમાદી કહ્યાં પણ ઉલટો પુરુષાર્થ તો ચાલુ જ છે. સવળા પુરુષાર્થમાં હીન છે કેમ કે મોહનિદ્રામાં સૂતો છે પણ તે મિથ્યાત્વભાવમાં તો તે ઉદ્યમી છે તેમાં પ્રમાદી નથી, પણ અહીં તો જે વીર્ય સ્વરૂપને રચે તેને જ પુરુષાર્થ કહેવાય છે. રાગમાં એકત્વ કરે છે તે પુરુષાર્થ નથી. મિથ્યાદૃષ્ટિ સ્વભાવ તરફના વલણમાં આળસુ અને નિરુદ્યમી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મી તો પોતાના જ્ઞાનસ્વભાવ તરફના પુરુષાર્થથી જાગૃત થઈ ગયા છે તેથી પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થથી આગળ વધે છે. જે એમ કહે છે કે 'ભગવાને જોયું હશે ત્યારે આપણો મોક્ષ થશે, તેમાં આપણો પુરુષાર્થ શું કરે!' એ મિથ્યાદૃષ્ટિ છે, તેની દૃષ્ટિ રાગની એકતામાં પડી છે અને ભગવાને જોયું હશે તેમ થશે એમ કરીને પુરુષાર્થ ખોઈ બેસે છે.

કોઈ વળી એમ કહે છે કે 'ક્રમબદ્ધ માનનારા પુરુષાર્થ ખોઈ બેસે છે' પણ ખરેખર ક્રમબદ્ધ માનનારાને જ પુરુષાર્થ હોય છે.

અહીં તો કહે છે કે અજ્ઞાની પુરુષાર્થહીન છે, પ્રમાદી છે. કારણ કે પોતાના સ્વભાવરૂપે પરિણમવાનો પુરુષાર્થ કરતો નથી. અજ્ઞાન અને મિથ્યાત્વભાવનો ઊંધો પુરુષાર્થ તો તે બરાબર કરે છે પણ મિથ્યાત્વભાવનો પુરુષાર્થ એ કાંઈ પુરુષાર્થ છે! રાગની એકતા અને રાગની રચના કરવી તે પુરુષાર્થ નથી, પુરુષાર્થહીનતા છે. ઊંધા પ્રયત્નને પુરુષાર્થ કહેતાં નથી.

જે જ્ઞાનનેત્ર ખોલીને જાગૃત થયો છે તે સ્વભાવસન્મુખનો પુરુષાર્થ કરતો, આળસ છોડીને ઉદ્યમવાન થયો છે. સમ્યગ્દૃષ્ટિ સ્વભાવ તરફના પુરુષાર્થમાં ઉદ્યમી છે. તેનું વીર્ય શુદ્ધ સ્વભાવની રચના કરે છે. તેને સ્વભાવ તરફના પુરુષાર્થમાં આળસ હોતી જ નથી. ધર્મી મોક્ષમાર્ગમાં ઉગ્ર પુરુષાર્થ કરે છે.

જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિની વાત કરી, હવે તેના ઉપર દૃષ્ટાંત આપે છે.

જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ પર દૃષ્ટાંત

**काच बांधै सिरसौं सुमनि बांधै पाइनिसौं,**
**जानै न गंवार कैसी मनि कैसौ काच है।**
**यौंही मूढ़ झूठमैं मगन झूठहीकौं दौरै,**
**झूठी बात मानैं पै न जानै कहा साच है।।**
**मनिकौं परखि जानै जौंहरी जगत मांहि,**
**साचकी समुझि ग्यान लोचनकी जाच है।**
**जहांको जु वासी सो तौं तहांकौ मरम जानै,**
**जाको जैसौं स्वांग ताकौ ताही रूप नाच है।।१०।।**

અર્થ :—જેવી રીતે વિવેકહીન મનુષ્ય માથામાં કાચ અને પગમાં રત્ન પહેરે છે, તે કાચ અને રત્નનું મૂલ્ય સમજતો નથી, તેવી જ રીતે મિથ્યાત્વી જીવ અતત્ત્વમાં મગ્ન રહે છે અને અતત્ત્વને જ ગ્રહણ કરે છે, તે સત્-અસત્‌ને જાણતો નથી. સંસારમાં હીરાની પરીક્ષા ઝવેરી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ જાણે છે, સાચ–જૂઠાની ઓળખાણ માત્ર જ્ઞાનદૃષ્ટિથી થાય છે. જે જે અવસ્થામાં રહેવાવાળો છે તે તેને જ સારી રીતે જાણે છે અને જેનું જેવું સ્વરૂપ છે તે તેવી જ પરિણતિ કરે છે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને જ ગ્રાહ્ય સમજે છે અને તેને અપનાવે છે તથા સમ્યક્ત્વી સમ્યક્ત્વને જ ગ્રાહ્ય જાણે છે અથવા તેને અપનાવે છે.

અજ્ઞાની માટે બનારસીદાસે કેવું દૃષ્ટાંત આપ્યું છે! કોઈ પગમાં રત્ન અને માથામાં કાચ પહેરતું નથી પણ અજ્ઞાનમાં જીવની દશા કેવી થાય છે તે સમજાવવા માટે એવું દૃષ્ટાંત કહ્યું છે. પાગલ હોય તે એમ પહેરે. પાઘડીમાં કાચ ભરાવે અને પગની મોજડીમાં મણિ જડાવે તેને કાંચ અને મણિની કિંમતની ખબર જ નથી તેમ અજ્ઞાનીને તત્ત્વ અને અતત્ત્વના સ્વરૂપની ખબર જ નથી, તેથી અતત્ત્વને જ તત્ત્વ માનીને તેમાં લીન રહે છે. નિશ્ચયને તજીને વ્યવહારમાં વર્તન કરે છે તે વિદ્વાન નથી પણ મૂઢ છે.

અજ્ઞાનમાં કોઈ એમ માને છે કે જગતમાં એક જ આત્મા છે તો કોઈ એમ માને છે કે આત્મા કર્મનું રમકડું છે, કર્મ નચાવે તેમ આત્મા નાચે છે. આમ, અનેક પ્રકારે અજ્ઞાની વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતા કરીને એ પ્રમાણે વર્તન કરે છે. પણ કર્મ તો બિચારાં જડ છે. કર્મમાં જીવની નાસ્તિ છે અને જીવમાં કર્મની નાસ્તિ છે તેથી કર્મ જીવને નચાવી શકતા નથી. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે.

વાસ્તવિક તત્ત્વના ભાન વિના અજ્ઞાની જીવ અતત્ત્વમાં લીન રહે છે. झूठहीकौं दौरै । માન્યતા જૂઠી છે તેથી પ્રરૂપણા પણ જૂઠી કરે છે અને તેને જ સિદ્ધ કરવા માગે છે. સાચ–જૂઠની પરીક્ષા પોતાની જ્ઞાનદૃષ્ટિથી જ થઈ શકે છે. અજ્ઞાનીને તેની પરીક્ષા હોતી નથી.

જેમ, મણિને ઝવેરી જ પરખી શકે છે. એક વાત આવે છે ને! એક માણસ પરદેશથી એક મણિ લઈ આવ્યો હતો તેણે તેની સ્ત્રીને આપ્યો કે આ ઘરમાં રાખવો એટલે તેના પ્રકાશથી આપણું કામ ચાલશે. દીવો નહિ કરવો પડે એટલી કેરોસીનની બચત થશે. એકવાર એક ઝવેરી તેના ઘર પાસેથી પસાર થયાં તે પ્રકાશ જોઈને જ સમજી ગયાં કે આ તો મોટા મણિનો પ્રકાશ છે. પહેલાંને કહે છે તારે જોઈએ તેટલી સોનામહોર અમારી પાસેથી લઈ જા અને આ મણિ મને આપી દે. ત્યારે પહેલાંને મણિની કિંમતનો ખ્યાલ આવે છે. અરે! આવી આ ચીજ છે. હું જ્યાં હતો ત્યાં તો આવા મણિ બહુ જ હતાં પણ હું તો તેને પથ્થર માનતો હતો એટલે વધારે લાવ્યો નહિ.

મણિના અજાણ માણસની જેમ અજ્ઞાની તત્ત્વનો અજાણ છે, જ્ઞાની જ તત્ત્વના સ્વરૂપને સમજે છે. દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય તો શુદ્ધ છે અને પરના આશ્રયે થાય તો અશુદ્ધ છે એવું વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાની જ જાણે છે.

www.vitragvani.com



અજ્ઞાની તો રાગાદિની એકત્વબુદ્ધિમાં પડ્યો છે તે તત્ત્વના મર્મને જાણતો નથી. જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ–જ્ઞાનલોચન ખુલી ગયા છે અને પોતાના સ્વરૂપમાં જ લીનતા છે તેથી વસ્તુસ્વરૂપના મર્મને બરાબર જાણે છે. અજ્ઞાનીને જ્ઞાનલોચન ખુલ્યા નથી અને ખીલ્યાં નથી તેથી સત્ય સ્વરૂપને જાણતો નથી.

**जाको जैसै स्वांग**—જેનું જેવું સ્વરૂપ છે તેવી પરિણતિ તે કરે છે. મિથ્યાદૃષ્ટિની પરિણતિ મિથ્યાત્વમય છે અને જ્ઞાનીની પરિણતિ જ્ઞાનમય છે અને તે જ્ઞાનમયભાવને જ કરે છે. ઝવેરી હીરાનો આદર અને કાંચનો અનાદર કરે છે તેમ જ્ઞાની તત્ત્વનો આદર અને અતત્ત્વનો અનાદર કરે છે. અર્થાત્ તત્ત્વના યથાર્થસ્વરૂપને ગ્રહણ કરે છે અને અતત્ત્વને માનતો નથી.

## જેવી ક્રિયા તેવું ફળ

**बंध बढ़ावै अंध ह्वै, ते आलसी अजान।**
**मुकति हेतु करनी करैं, ते नर उद्दिमवान॥११॥**

અર્થ :—જે વિવેકહીન થઈને કર્મની બંધપરંપરા વધારે છે તેઓ અજ્ઞાની તથા પ્રમાદી છે અને જે મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેઓ પુરુષાર્થી છે.

ધર્મી તો રાગથી છૂટવાની અને સ્વભાવમાં એકતાની કરણી કરે છે. સ્વભાવની એકતાનો પુરુષાર્થ કરે છે તેને જ ઉદ્યમવાન કહ્યો છે. મિથ્યાત્વનો ઉદ્યમ કરે છે તેને સમ્યક્ત્વનો ઉદ્યમ નથી તેથી તેને આળસુ કહ્યો છે. મિથ્યાત્વનો ઊંધો ઉદ્યમ તો એ ઘણો કરે છે પણ તેને ઉદ્યમ કહેતા નથી. સાચા પુરુષાર્થનું એ સ્વરૂપ નથી.

હવે ૫મા શ્લોક ઉપર ૧૨મુ પદ્ય કહે છે.

## જ્યાં સુધી જ્ઞાન છે ત્યાં સુધી વૈરાગ્ય છે

**जबलग जीव सुद्धवस्तुकौं विचारै ध्यावै,**
**तबलग भोगसौं उदासी सरवंग है।**
**भोगमैं मगन तब ग्यानकी जगन नांहि,**
**भोग अभिलाषकी दसा मिथ्यातव अंग है॥**
**तातैं विषै–भोगमैं मगन सो मिथ्याती जीव,**
**भोगसौं उदास सो समकिती अभंग है।**
**ऐसी जानि भोगसौं उदास ह्वै मुकति साधै,**
**यहै मन चंग तौ कठौती मांहि गंग है॥१२॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અર્થ :—જ્યાં સુધી જીવનો વિચાર શુદ્ધ વસ્તુમાં રમે છે ત્યાં સુધી તે ભોગોથી સર્વથા વિરકત રહે છે અને જ્યારે ભોગોમાં લીન થાય ત્યારે જ્ઞાનનો ઉદય રહેતો નથી. કારણ કે ભોગોની ઈચ્છા અજ્ઞાનનું રૂપ છે. તેથી સ્પષ્ટ છે કે જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરકત છે તે સમ્યગ્દષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરકત થઈને મોક્ષનું સાધન કરો! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે ગંગાસ્નાન સમાન છે અને જો મન મિથ્યાત્વ, વિષય–કષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી.

જુઓ! આમાં સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે કે ધર્મી શુદ્ધ આનંદમય વસ્તુનો ભોગ કરે છે અને વિષયભોગ આદિથી તો એ ઉદાસ છે. ભોગની કલ્પનાથી પણ તેને વૈરાગ્ય છે. કારણ કે તેને પરમાં સુખબુદ્ધિ જ નથી તેથી એ પરથી ઉદાસ–ઉદાસ છે.

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા...જે વિષયની વાસનામાં લીન છે તેને જ્ઞાનની જાગૃતિ નથી. તેનું જ્ઞાન આંધળુ થઈ ગયું છે તેથી એ અજ્ઞાની વિષય–કષાયના ભાવને કરે છે અને ભોગવે છે. જ્ઞાનીને પણ અસ્થિરતાવશ વિષયભોગાદિ હોવા છતાં રાગમાં એકતા નહિ હોવાથી જ્ઞાની વિષય ભોગથી ઉદાસ છે. આત્મામાં એકતા હોવાથી ઈન્દ્રાણીના ભોગ હોય તેમાં પણ તે ઉદાસ છે. પરમાં ક્યાંય તેને સુખનો રસ આવતો નથી. ગમે તેટલા પૈસા થાય, છોકરાઓ સારાં પાકે કે સરસ મજાના મકાન અને વાસ્તુ થાય તોપણ ધર્મીજીવ તે પરના ભોગથી ઉદાસ છે. લોકો તેના પૈસા–મકાન આદિના વખાણ કરતાં હોય તોપણ ધર્મી તેનાથી ઉદાસ–ઉદાસ છે–મારો આનંદનો ભોગવટો મારી પાસે છે, પરચીજમાં મારો આનંદ નથી.

વીશ વર્ષનો યુવાન પુત્ર છ મહિનાના પરણેતર પછી ગુજરી ગયો હોય તેનું મોઢું જોતાં પિતાને શું હરખ હશે! તેમ ધર્મીને દુનિયાના ભોગો જોતાં હરખ નથી પણ ખેદ છે—ઉદાસી છે. આત્માના આનંદ સિવાય ક્યાંય તેને સુખ લાગતું નથી. સ્મશાનમાં મડદું બેઠું હોય તેમ ધર્મી દુનિયામાં રહે છે. આત્માના આનંદના સ્વાદ પાસે આખી દુનિયાના ભોગનો રસ તેની દૃષ્ટિમાંથી ઊડી ગયો છે.

અજ્ઞાનીને ભોગોમાં રસ આવે છે. તેમાંય કોઈ વખાણ કરે તો અંદરથી ગલગલિયાં થઈ જાય છે. અજ્ઞાની રાગમાં લીન છે. પરમાં સુખબુદ્ધિ હોવાથી તેનું જ્ઞાન આંધળુ થઈ ગયું છે. ભૂખ લાગી હોય અને ગળ્યા સાટા મળી જાય ત્યાં તો અજ્ઞાની રાગમાં વિલસી જાય. જ્ઞાની એવા પ્રસંગમાં પરથી ઉદાસ હોય છે. એ ખાતાં–પીતાં દેખાય પણ ખરેખર જ્ઞાની ખાતાં–પીતાં નથી.

www.vitragvani.com



અજ્ઞાની તો શરીરની સુંદરતા અને અવયવોની નમણાઈ જુએ ત્યાં લીન થઈ જાય છે. તેને ચૈતન્યની જાગૃતિ રહેતી નથી. પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વનું જ અંગ છે. આનંદસ્વરૂપ આત્માની રુચિ નથી તેને ભોગની જ રુચિ હોય છે. પાંચ ઈન્દ્રિયના વિષયભોગમાં લીન છે તે મિથ્યાત્વીજીવ છે અને ભોગોથી જે ઉદાસ છે તે સમકિતીજીવ છે.

ભોગોથી ઉદાસ એવા સમકિતી જ મુક્તિને સાધે છે.

**यहै मन चंग तौ कठौती मांहि गंग है ।**—જેનું મન નિર્મળ છે તે કથરોટમાં પાણી લઈને નહાય તોપણ ગંગાસ્નાન છે તેમ ભોગોથી ઉદાસ જ્ઞાની તો નિજઘરના આનંદને ભોગવે છે. અજ્ઞાની રાગમાં એકાકાર થઈને આત્માની ગંગાને છોડી દે છે.

આ બંધનો અધિકાર છે તેથી એ સિદ્ધ કર્યું કે અજ્ઞાનમાં બંધ છે અને જ્ઞાનમાં બંધ નથી.

આ જીવને બાદર કહ્યો, સૂક્ષ્મ કહ્યો, એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંત કહ્યો તથા પર્યાપ્ત અપર્યાપ્ત કહ્યો, દેહની સંજ્ઞાને જીવસંજ્ઞા કહી, તે સર્વે પરની પ્રસિદ્ધિને લીધે 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર અપ્રયોજનાર્થે છે, પ્રયોજનભૂત નથી. 'ઘીનો ઘડો' એવો વ્યવહાર છે તેમ જીવસ્થાનવાળો જીવ વ્યવહારથી કહેવાય છે, પરંતુ દ્રવ્યસ્વરૂપ જોતાં તે જૂઠો છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૫૧)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# આત્મામાં જ ચારેય પુરુષાર્થ છે

(સળંગ પ્રવચન નં. ૯૦)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો બંધ અધિકાર છે. ૫ મા કળશનું ૧૨ મું પદ્ય ચાલે છે.

મારા આત્મામાં આનંદ છે એવો અનુભવ ધર્મીએ કર્યો છે તેથી વિષય-ભોગની વાસનામાં ધર્મીને આનંદ આવતો નથી, તેમાં સ્વામિત્વબુદ્ધિ થતી નથી. શુભ કે અશુભ કોઈ ભાવોમાં સમકિતીને સુખબુદ્ધિ હોતી નથી. વિકલ્પ આવે છે પણ તેમાં એ મજા માનતો નથી.

રાગની મંદતા કે તીવ્રતામાં 'આ મને ઠીક છે' એવી બુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિ તો પરથી પોતાને સુખ માને છે. પરથી સુખ તો તેને પણ થતું નથી પણ તે એમ માને છે કે સ્ત્રી, પુત્રાદિથી મને સુખ મળે છે, તેથી મિથ્યાદૃષ્ટિ વિષય-ભોગાદિમાં મગ્ન રહે છે.

**भोगसौं उदास सो समकिती अभंग है ।** સમ્યગ્દર્શનની ભૂમિકામાં-ચોથા ગુણસ્થાને પ્રતીતિ થઈ છે કે સુખ આત્મામાં જ છે અને અખંડાનંદસ્વરૂપ આત્માનો અંતરમાં અનુભવ થયો છે. ઈન્દ્રના ઈન્દ્રાસન કે શરીરની સુંદરતા કે આબરૂમાં ક્યાંય સુખ નથી એવી પ્રતીતિ થઈ ગઈ છે. આવા ધર્મી અને અધર્મી ચાર પ્રકારના પુરુષાર્થમાં કેવી રીતે પ્રવર્તે છે તે ૧૩ મા પદ્યમાં કહે છે.

## ચાર પુરુષાર્થ

**धरम अरथ अरु काम सिव, पुरुषारथ चतुरंग।**
**कुधी कालपना गहि रहै, सुंधी गहै सरवंग॥१३॥**

અર્થ :—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ પુરુષાર્થના ચાર અંગ છે. દુર્બુદ્ધિ જીવ તેમનું મન ફાવે તેમ ગ્રહણ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ સંપૂર્ણ રીતે વાસ્તવિકરૂપમાં અંગીકાર કરે છે.

અનાદિનો મિથ્યાદૃષ્ટિ ચારેય પુરુષાર્થના વાસ્તવિક સ્વરૂપને જાણતો નથી અને બીજી રીતે માને છે જ્યારે સમ્યગ્દૃષ્ટિ પુરુષાર્થનું જેવું સ્વરૂપ છે તેવું જાણે છે અને માને છે.

www.vitragvani.com



## ચાર પુરુષાર્થ ઉપર જ્ઞાની અને અજ્ઞાનીનો વિચાર

कुलकौ आचार ताहि मूरख धरम कहै,
पंडित धरम कहै वस्तुके सुभाउकौं।
खेहकौ खजानौं ताहि अग्यानी अरथ कहै,
ग्यानी कहै अरथ दरब–दरसाउकौं।।
दंपतिकौ भोग ताहि दुरबुद्धी काम कहै,
सुधी काम कहै अभिलाष चित्त चाउकौं।
इन्द्रलोक थानकौं अजान लोग कहैं मोख,
सुधी मोख कहै एक बंधके अभाउकौं।।१४।।

અર્થ :—અજ્ઞાનીઓ કુળપદ્ધતિ–સ્નાન, ચોકા વગેરેને ધર્મ કહે છે અને પંડિતો વસ્તુસ્વભાવને ધર્મ કહે છે. અજ્ઞાનીઓ માટીના સમૂહ એવા સોના–ચાંદી આદિને દ્રવ્ય કહે છે પરંતુ જ્ઞાનીઓ તત્ત્વ-અવલોકનને દ્રવ્ય કહે છે. અજ્ઞાનીઓ સ્ત્રી-પુરુષના વિષયભોગને કામ કહે છે, જ્ઞાની આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. અજ્ઞાનીઓ સ્વર્ગલોકને વૈકુંઠ કહે છે પણ જ્ઞાનીઓ કર્મબંધનના નાશને મોક્ષ કહે છે.

कुलकौ आचार—કુળપદ્ધતિ પ્રમાણે દયા, દાનાદિ આચરણ કરતો હોય તેને અજ્ઞાની 'ધર્મ' કહે છે પણ એ તો બાહ્ય આચાર છે તે કાંઈ ધર્મ નથી. તે આચારની સાથે જો તેને શુભભાવ હોય તો પુણ્ય થાય પણ ધર્મ તો થાય જ નહિ. તો સમકિતી ધર્મ કોને કહે છે?—કે અખંડ જ્ઞાનાનંદ વસ્તુના પોતાના સાધન વડે જ્ઞાનાનંદ પ્રગટ થાય તેને સમકિતી ધર્મ કહે છે.

પંડિત શબ્દનો અર્થ 'જ્ઞાની' થાય છે. વસ્તુના સ્વભાવમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા શક્તિરૂપે રહેલી છે તેની પ્રગટ પર્યાયમાં પ્રાપ્તિ થવી તેને જ્ઞાની ધર્મ કહે છે. અજ્ઞાની તો પોતાના કુળ પ્રમાણે અને સંપ્રદાય પ્રમાણે બાપ–દાદાએ જે આચરણ કર્યું હોય તેવું કરીને, પોતે ધર્મ થયો એમ માને છે. પણ સત્ય શું છે તે સમજવાનો પ્રયત્ન કરતો નથી. સત્યની પરીક્ષા વગર સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ કરવા, વ્રત પાળવા, પૂજા કરવી, દાન દેવા—એ બધા ભાવમાં રાગની મંદતા છે પણ ધર્મ નથી.

બહુ સ્થૂળ માન્યતાવાળા તો સ્નાન કરવા અને કપડાં ધોયેલાં પહેરવા વગેરેમાં ધર્મ માનતાં હોય છે. સાધુ માટે ચોકા બનાવવા, કેરીના રસ કાઢવા વગેરે વગેરે ક્રિયાઓ કરીને સાધુને વોહરાવે છે તે તો લેનાર અને દેનાર બંને મિથ્યાદૃષ્ટિ છે. પણ એ પોતાને ધર્મ થયો માને છે. સખત ક્રિયા કરનારા સાધુને પણ ક્રિયાથી ધર્મ નથી તો શિથિલાચારમાં ધર્મ ક્યાંથી હોય!

www.vitragvani.com



અમારે હીરાજી મહારાજના સંઘમાં તો એવી સખત—કડક ક્રિયા હતી કે અગાઉથી જાહેરાત થઈ જતી કે ગામમાં સાધુ આવ્યા છે એમ જાણીને જો કોઈ તેમના નિમિત્તે વધારે આહાર બનાવશે તો તે ઉદ્દેશિક આહાર ગણાશે. તેવો આહાર બનાવશે તેને ગર્ભમાં ગળાવું પડશે...આવી કડક ક્રિયા હતી પણ તે બધી કુળની ક્રિયા હતી, વાસ્તવિક ધર્મની ક્રિયા ન હતી. અજ્ઞાની લોકો તો કુળપદ્ધતિને જ ધર્મ કહે છે. અમારા ગુરુ આવી ક્રિયા પાળે છે માટે અમારે પણ પાળવી–એવી માન્યતામાં કુળપદ્ધતિ આવી ગઈ.

સમ્યગ્દષ્ટિ તો વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. અતીન્દ્રિય આનંદ એ આત્માનો સ્વભાવ છે તેના અનુભવને ધર્મ કહેવાય છે. વીતરાગનો માર્ગ પરમ સત્ય છે પણ જગતને બીજી રીતે પીરસાણો છે તેથી જગતને ધર્મના સાચાં સ્વરૂપની ખબર નથી. જેતપુરમાં ત્રણ હજાર માણસની વચ્ચે આ વાત કરી હતી. જેતપુરથી અમદાવાદ ગયાં હતાં. જયપુરમાં તો રથયાત્રામાં હજારો માણસ હતું. પણ એ કાંઈ પ્રભાવના નથી. જેટલો શુભભાવ થાય છે તે બાહ્યપ્રભાવના છે. સાચી પ્રભાવના તો અંતરમાં થાય છે. આનંદ સ્વરૂપ આત્માની પ્રકૃષ્ટપણે ભાવના થવી, અંતરમાં શાંતિ અને એકાગ્રતા થવી, સ્વચ્છતા પ્રગટ થવી...તેને વીતરાગદેવ સાચી પ્રભાવના કહે છે.

જયપુરમાં રથયાત્રામાં ૨૧ તો હાથી હતાં અને પ્લાસ્ટીકના ઘોડાવાળો સંચાથી ચાલે તેવો મોટો ઊંચો રથ હતો, તેમાં ભગવાન બિરાજમાન કરેલાં અને સારથી તરીકે હું બેઠો હતો. ગોદીકાએ સારથીની ઉછામણી લીધી હતી, માણસો તો બધાં જોવા નીકળેલાં. આ જેઠ સુદ અગિયારસની જ વાત છે.....આ બધી બાહ્યની ક્રિયા છે, તેમાં ધર્મ નથી. એ તો કુળના આચારની પરંપરાનું વર્ણન છે અને તેમાં શુભભાવ થાય તે પણ ધર્મ નથી. કારણ કે શુભભાવ એ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી માટે તેને જ્ઞાની ધર્મ માનતા નથી અને કહેતાં નથી.

**खेहको खजानौं**—અજ્ઞાની સોના, ચાંદી આદિ મિલકતને દ્રવ્ય કહે છે તેને જ્ઞાની તો માટીનો ઢગલો સમજે છે. શરીર પોતે જ માટીનો પિંડ છે અને લક્ષ્મી, સોનું, ઝવેરાત આદિ બધું પુદ્‌ગલ હોવાથી પોતાનું માનતાં નથી. શું એ ચીજો જીવની થઈને રહે છે? એ તો અજીવ થઈને જ રહે છે. રાખનો ઢગલો છે. છતાં જગતમાં લક્ષ્મીવાળાની ખુરશી આગળ મૂકાય, તેની કિંમત થાય, માન મળે–અજ્ઞાનીની દૃષ્ટિમાં તેની મહિમા છે એટલે તેની કિંમત માને પણ તેની આત્માની દૃષ્ટિએ કાંઈ જ કિંમત નથી.

**ग्यानी कहै**—જ્ઞાની છ દ્રવ્યોને દ્રવ્ય કહે છે અને દરેક દ્રવ્ય પોતપોતાની સત્તામાં રહેલાં છે, કોઈ દ્રવ્ય બીજાં દ્રવ્યને આધીન નથી એમ જુએ છે. કર્મ સાથે આત્મા એકમેક થતો નથી, આત્મા સાથે કર્મ એકમેક થતાં નથી. દરેક દ્રવ્યને ભિન્ન ભિન્ન જોવા તેનું નામ અવલોકન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહેવામાં આવે છે. અજ્ઞાની પૈસાનું અવલોકન કરીને તેને દ્રવ્ય માને છે તે તેની મૂઢતા છે. આત્મા કદી પૈસાવાળો હોઈ શકે? પૈસા તો જડ છે. આત્મા જડવાળો ન હોઈ શકે. પોતાના આત્મસ્વરૂપનો અજાણ જીવ જ પૈસાને દ્રવ્ય માને છે. જગતની ચીજ તારી ક્યાંથી થાય ભાઈ!

અહીં તો શરીરને પોતાનું માને છે તે પણ મૂઢ છે તો પૈસા તો તદ્દન અજીવ છે તેને જીવના કેમ મનાય? આત્મા વળી પૈસાદાર કેવો? એ પૈસાની મમતાવાળો થયો છે પણ પૈસા તેના થતાં નથી. પૈસા તો જડ છે—જગતની સ્વતંત્ર ચીજ છે. ભગવાન આત્મા પૈસાથી તો જુદો જ છે પણ તેને શરીર, કર્મ અને રાગથી પણ જુદો જોવો તેનું નામ દ્રવ્યનું અવલોકન છે. તેને 'અર્થ' કહેવાય છે. વીતરાગ પરમાત્મા ઈન્દ્રોની સમક્ષ આમ ફરમાવતાં હતાં.

ઈન્દ્રોને તો વૈભવ ઘણો હોય. પહેલાં સૌધર્મસ્વર્ગમાં ૩૨ લાખ વિમાન છે. ઈન્દ્ર તેનો સ્વામી છે, બીજાં ઈશાન સ્વર્ગનો ઈન્દ્ર ૨૮ લાખ વિમાનનો સ્વામી છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ હોય છે. એ બધો ઈન્દ્રનો વૈભવ ખરેખર ખેહનો ખજાનો—માટીનો ઢગલો છે. ઈન્દ્રના ઈન્દ્રાસનો, ચક્રવર્તીની વિભૂતિઓ—બધું પર છે, આત્માથી બાહ્ય છે. પ્રભુ! એ ચીજ તારામાં ક્યાં આવી ગઈ કે તું તેમાં કયાં પેસી ગયો છો? ભિન્ન વસ્તુને ભિન્ન જોવી તેનું નામ અવલોકન અર્થાત્ અર્થી છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું નથી. દરેક દ્રવ્ય પોતપોતાનું છે. ભગવાન આનંદનો નાથ-ચૈતન્યસ્વભાવી દ્રવ્ય તે મારું ધન છે-અર્થ છે તે સદાય મારું થઈને રહે છે.

મૂઢ જીવો સ્ત્રીના ભોગને 'કામ' કહે છે, તે મૂઢ છે. શું આત્મા ભોગ લઈ શકે છે? જડને આત્મા ભોગવી શકતો નથી માત્ર તે સંબંધીના રાગને ભોગવે છે. ધર્મીજીવ તેને 'કામ' કહેતાં નથી. ધર્મી તો આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. ધર્મીને ભાવના પણ નિસ્પૃહતાની જ હોય છે. જ્યાં રાગની પણ અભિલાષ નથી એકમાત્ર આનંદસ્વરૂપ આત્માની સ્પૃહા છે, બીજી કોઈ સ્પૃહા નથી તેને નિસ્પૃહી કહેવામાં આવે છે. નિસ્પૃહભાવને જ જ્ઞાની 'કામ' કહે છે.

આ બંધ અધિકાર છે ને! એટલે આચાર્યદેવ કહે છે કે જે બંધના કારણ છે તેને જ અજ્ઞાની ભલાં માને છે જ્યારે જ્ઞાની બંધથી છોડાવનારાં ભાવને સેવીને મુક્ત થાય છે. અજ્ઞાની કુળાચારને, મિલ્કત આદિને કામ આદિના પરિણામને સેવે છે અને તેની જ સ્પૃહા રાખે છે જ્યારે જ્ઞાની તે ભોગાદિ સર્વની સ્પૃહાથી રહિત નિસ્પૃહ છે. તો પ્રશ્ન થાય છે કે સમકિતી ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી છે ને? ના; નથી. કેમ કે સમકિતીની દૃષ્ટિ અને ભાવનામાં સ્ત્રીઓમાં મારાપણું છે જ નહિ. તેની દૃષ્ટિ અને ભાવનામાં એકમાત્ર નિસ્પૃહ સ્વભાવ જ રહેલો છે. આમ, જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં મોટો ફેર છે.

www.vitragvani.com



इंद्रलोक थानकौं—વ્યંતર આદિ સ્વર્ગના સ્થાન મણિરત્નના બનેલાં હોય છે તેને અજ્ઞાની લોકો વૈકુંઠ માને છે. પણ ત્યાં ભૂત રહે છે. કોઈને ભૂતમાંથી મનુષ્ય થઈને પૂર્વભવનું સ્મરણ થયું હોય તો એમ થાય કે હું તો વૈકુંઠમાંથી આવ્યો છું અને વૈકુંઠમાં જવાનો છું. પણ ત્યાં ક્યાં સુખ હતું! અહીંના શેઠિયાના બંગલા કરતાં દેવલોકના મકાન જરાં ઊંચા હોય, સંયોગની ધૂળ અહીં કરતાં વધારે હોય, તેથી શું! અજ્ઞાન અને રાગની હોળી તો ત્યાં પણ સળગે જ છે.

અહીં અમારા સાધુને લાડવા જમાડો તો તમને વૈકુંઠમાં લાડવા મળશે એવું લોકો બોલે છે તેની પાછળ ભાવ કેવો છે? દેહ રાખવો છે, લાડવા ખાવા છે તેનો મોક્ષ ક્યાંથી થાય? રાગાદિનું પૂર્ણપણે છૂટી જવું અને એકલી આનંદની દશા રહેવી તેનું નામ મોક્ષ છે તેમ જ્ઞાની કહે છે અને આવા મોક્ષની જ જ્ઞાનીને ભાવના છે. આમ, જ્ઞાની અને અજ્ઞાનીની દશામાં મોટો ફેર છે.

હવે બનારસીદાસજી ચારેય પુરુષાર્થને આત્મામાં ઉતારે છે.

### આત્મામાં જ ચારેય પુરુષાર્થ છે

**धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै,**
**अरथकौ साधन विलेछ दर्व षटमैं।**
**यहै काम–साधन जु संग्रहै निरासपद,**
**सहज सरूप मोख सुद्धता प्रगटमैं॥**
**अंतरकी द्रिष्टिसौं निरंतर विलोकै बुध,**
**धरम अरथ काम मोख निज घटमैं।**
**साधन आराधनकी सौंज रहै जाकै संग,**
**भूल्यौ फिरै मूरख मिथ्यातकी अलटमैं॥१५॥**

અર્થ :—વસ્તુસ્વભાવને યથાર્થ જાણવું તે ધર્મ–પુરુષાર્થની સિદ્ધિ છે, છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ પુરુષાર્થની સાધના છે, નિસ્પૃહતાનું ગ્રહણ કરવું તે કામ–પુરુષાર્થની સિદ્ધિ છે અને આત્મસ્વરૂપની શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ છે. આવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોને સમ્યગ્દૃષ્ટિજીવ પોતાના હૃદયમાં સદા અંતર્દૃષ્ટિથી દેખે છે અને મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વના ભ્રમમાં પડીને ચારે પુરુષાર્થોને સાધક અને આરાધક સામગ્રી પાસે રહેવા છતાં પણ તેમને જોતો નથી અને બહાર ગોત્યાં કરે છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બધાંને પ્રશ્ન રહે છે કે ધર્મ તો તમે કહો છો તે બરાબર પણ આ ધર્મનું સાધન શું? ધર્મનું સાધન પણ વસ્તુનો સ્વભાવ જ છે. વસ્તુના સ્વભાવમાં 'કરણ' નામનો ગુણ છે તેના વડે વસ્તુના સ્વભાવની સાધના કરવાથી ધર્મ થાય છે. ભગવાન આત્માના સ્વભાવમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ છે તેને સાધવો અને તેમાં લીનતા કરવી તેનું નામ ધર્મ છે–તેમાં 'ધર્મ' પુરુષાર્થની સિદ્ધિ છે.

છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ પુરુષાર્થની સાધના છે. છ એ દ્રવ્ય સ્વતંત્ર છે કોઈ કોઈને લાભ કે નુકશાન કરતું નથી. એમ જાણવું–નક્કી કરવું–માનવું તેમાં 'અર્થ'ની સિદ્ધિ છે. આ કર્મ મને નુકશાન કરે છે એમ માને છે તેને અર્થ પુરુષાર્થની સિદ્ધિ નથી. કર્મનો ઉદય આવે તો મને વિકાર થાય અને કર્મ ઓછાં થાય તો મને લાભ થાય એમ માનનારને દ્રવ્યને જોતાં જ આવડ્યું નથી. છ એ દ્રવ્ય સ્વતંત્રપણે પોતાનું કામ કરી રહ્યાં છે તેમાં તેને બીજાં દ્રવ્યની સહાય કે બીજાંથી વિઘ્ન નથી એમ એક વસ્તુને બીજાંથી તદ્દન ભિન્ન જોવી તેમાં 'અર્થ' પુરુષાર્થની સિદ્ધિ છે અર્થાત્ તેમાં આત્મપદાર્થની સાબિતી છે.

મૂઢ જીવો જડના ભોગને કામ કહે છે પણ તે 'કામ' નથી. આશા રહિત **निरासपद**–નિસ્પૃહભાવ–વીતરાગભાવના ગ્રહણમાં 'કામ' પુરુષાર્થની સાધના છે. આત્મા પોતે વીતરાગપદ છે તેને સંગ્રહે એટલે ગ્રહણ કરે તે કામ પુરુષાર્થ છે.

ભગવાન આત્મા સહજ આત્મસ્વરૂપ છે તેની પ્રગટ શુદ્ધતા થવી તેને ભગવાન 'મોક્ષ' કહે છે. સહજ સ્વભાવ પ્રગટ થવો–પૂર્ણ શુદ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ આ રીતે ચારેય પુરુષાર્થને અંતરમાં–આત્મામાં જુએ છે. બહારમાં કોઈ પુરુષાર્થને જોતાં નથી. ધર્મનું સાધન આત્મામાં, અર્થ પુરુષાર્થ આત્મામાં, નિસ્પૃહતાનું ગ્રહણ આત્મામાં અને પર્યાયની પૂર્ણ નિર્મળતાની પ્રાપ્તિરૂપ મોક્ષ પણ આત્મામાં જ થાય છે. **अंतरकी द्रिष्टिसौं निरंतर विलोके बुध**–ધર્મી નિરંતર આ રીતે અંતરદૃષ્ટિથી ચારેય પુરુષાર્થ આત્મામાં જુએ છે અને પોતાને નિરંતર પરથી ભિન્ન જુએ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગના વિકલ્પથી પણ મારું સ્વરૂપ ભિન્ન છે એમ જુએ છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય બોલ આ રીતે આત્મામાં ઉતરે છે. બહારમાં એકેય ઉતરતા નથી તેથી કહ્યું કે **धरम अर्थ काम मोक्ष निज घटमैं ।** ચારેય પુરુષાર્થ પોતાની અંદરમાં દેખાય છે. આ શરીર કે શુભપરિણામ આત્માના આરાધનમાં સાધન છે એ માત્ર વ્યવહાર છે ખરેખર કોઈ સાધન બહારમાં નથી. ચારેય પુરુષાર્થને આત્મા પોતે પહોંચી વળે છે, માટે સાધન આત્મામાં જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શ્રોતા :—જિનમંદિર–જિનપ્રતિમા અને આગમને સાધન કહ્યાં છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વભાવની સાધના કરનારને શુભભાવના કાળે જિનપ્રતિમા, જિનાગમ આદિ નિમિત્તો ઉપર લક્ષ જાય છે એટલે એમ કહેવાય કે તે સાધન છે પણ તે નિશ્ચયસાધન નથી, ધર્મીને સાધકદશામાં વચ્ચે આવા શુભભાવ આવ્યા વગર રહેતાં નથી પણ હેયબુદ્ધિએ આવે છે.

લોકોને મોક્ષના માર્ગની સાચી શ્રદ્ધા થવી મહા મુશ્કેલ છે. બહારમાં એવા ગુંચવાઈ જાય છે કે તેમાંથી નવરાં થાય તો સત્ય સમજે ને! ખમાસણાં આદિ ક્રિયા તો જડની છે એ જડની અને રાગની ક્રિયાથી ભિન્ન પડીને આત્મામાં એકાગ્ર થવું તે ધર્મની ક્રિયા છે. પણ જેણે પાંચ–દશ લાખ ખરચીને મોટાં મોટાં મંદિર બંધાવ્યાં હોય અને લોકોની વાહ વાહ મેળવી હોય તેને આ વાત માનવી કઠણ પડે.

સાધન અને આરાધનની સામગ્રી તારી પાસે પડી છે. પ્રભુ! તું આત્મા છો. તારી સાધન સામગ્રી તારાથી બહાર ન હોય. મંદિરે જઈશ તો મને સુખ-શાંતિ મળશે, ભગવાનની પ્રતિમાના દર્શનથી કાંઈક મળશે, સમવસરણમાં જઈશ તો મને લાભ થશે એવી માન્યતા ન હોય ભાઈ! સત્ નિમિત્તો તરફનો ઝુકાવ એ શુભભાવ છે, એવો શુભભાવ જરૂર આવે છે પણ તે સાધન નથી. છતાં રાગની મંદતામાં શુભભાવ આવે જ છે પણ તેનાથી મને લાભ થશે એવી માન્યતા હોતી નથી.

ભગવાને વસ્તુના સ્વરૂપને કર્યું નથી, ભગવાને વસ્તુસ્વરૂપ આમ છે એમ જાણ્યું છે અને કહ્યું છે તેને તું પણ જાણ અને માન! તારે પણ વસ્તુસ્વરૂપને કરવાનું નથી. તારું સાધન અને આરાધક–સામગ્રી તારી પાસે હોવા છતાં તું તેને જોતો નથી અને બહાર સાધન શોધ્યા કરે છે. રાગ એ કાંઈ આત્માનું સાધન નથી, તેમ જ સમ્મેદશિખર, શત્રુંજય આદિ તીર્થક્ષેત્રો, સિદ્ધક્ષેત્રો, અતિશયક્ષેત્રોમાં તારું સાધન નથી. મિથ્યાદૃષ્ટિ આવા ક્ષેત્રોમાં જઈને પોતાનું દર્શન થશે એમ બહારમાં પોતાની ખોજ કરે છે.

પોતાના કલ્યાણનું સાધન પોતાની અંદરમાં શોધ તો મળે તેવું છે કેમ કે અંતરમાં જ સાધન રહેલું છે. શુભભાવ વચ્ચે આવે છે તેથી તેને વ્યવહાર સાધન કહેવાય છે પણ તેને જ ખરું સાધન માની લે તો મિથ્યાત્વ છે. જે નયનું કથન હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ. નયને સમજે નહિ તો અન્યથા માન્યતા કરીને સંસારમાં ડૂબી જાય. નિશ્ચયની સાથે જેવો વ્યવહાર હોય તેને જ્ઞાની જણાવે છે પણ તેને જ નિશ્ચય સાધન માની લેવાનું કહેતાં નથી.

www.vitragvani.com



સમયસારમાં ૧૧ મી ગાથામાં આવ્યું છે કે વ્યવહારને હસ્તાવલંબન જાણીને જિનવાણીમાં તેનો ઉપદેશ ઘણો આવ્યો છે પણ તેનું ફળ પણ સંસાર જ છે માટે તેને નિશ્ચય સાધન માની ન લેવું. વીતરાગ સર્વજ્ઞે કહેલી વાત પોતે ન્યાયથી બેસાડીને નક્કી કરવી જોઈએ, અને ન્યાયથી બરાબર બેસી જાય તેવી વાત છે, કાંઈ ગડબડ રહે તેવું નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો બહુ કહ્યું છે કે વ્યવહાર કહે છે તેમ જ માની લેવું તે મિથ્યાત્વ છે. વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે એટલે વ્યવહાર નથી—એમ નહિ. વ્યવહાર છે પણ તે સ્વભાવનું સાધન નથી માટે તેને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે.

**भूल्यौ फिरै मूरख मिथ्यातकी अलटमैं ।** મિથ્યાદૃષ્ટિ ભ્રમથી બહારમાં જ પોતાનું સાધન શોધતો ફરે છે એ તેની મૂર્ખાઈ છે. કોઈ ગુરુથી મને ધર્મ થઈ જશે! કોઈ તીર્થક્ષેત્રમાં જવાથી મને સમકિત થશે! એમ તેની દૃષ્ટિ બહારમાં જ ભ્રમણાથી ભમ્યા કરે છે.

બંધ અધિકારમાં પણ બહુ સરસ વાત કરી છે, હવે કળશ કહેશે.

જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી.
*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૪)*

www.vitragvani.com



# અણુ-અણુની સ્વતંત્રતા

(સળંગ પ્રવચન નં. ૯૧)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ બંધ અધિકાર છે. તેમાં વિષય એ ચાલે છે કે અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે સમયે સમયે સાત કર્મનો બંધ પડે છે પણ જ્ઞાનીને મિથ્યાત્વ નહિ હોવાથી, જ્ઞાનદશાને કારણે બંધ પડતો નથી.

૧૮૨ પાના ઉપર નીચે છઠ્ઠો કળશ છે તેના ઉપરનું ૧૬મું પદ્ય છે. તેમાં વસ્તુનું સત્ય સ્વરૂપ અને મૂર્ખનો વિચાર કહે છે.

तिहूँ लोकमांहि तिहूँ काल सब जीवनिकौ,
पूरब करम उदै आइ रस हेतु है।
कोउ दीरघाउ धरै कौउ अलपाउ मरै,
कोउ दुःखी कोउ सुखी कोउ समचेतु है।।
याहि मैं जिवायौ याहि मारौ याहि सुखी करौ,
याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है।
याही अहंबुद्धिसौं न विनसै भरम भूल,
यहै मिथ्या धरम करम-बंध-हेतु है।।१६।।

અર્થ :—ત્રણલોક અને ત્રણકાળમાં જગતના સર્વ જીવોને પૂર્વ ઉપાર્જિત કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે જેથી કોઈને અધિક આયુ થાય છે, કોઈ નાની ઉંમરમાં મરે છે. કોઈ દુઃખી થાય છે કોઈ સુખી થાય છે અને કોઈ સાધારણ સ્થિતિમાં રહે છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ એમ માનવા લાગે છે કે મેં આને જીવાડ્યો, આને માર્યો, આને સુખી કર્યો, આને દુઃખી કર્યો છે. આ જ અહંબુદ્ધિથી અજ્ઞાનનો પડદો દૂર થતો નથી અને એ જ મિથ્યાભાવ છે જે કર્મબંધનું કારણ છે.

ઊર્ધ્વ, મધ્ય અને અધો આ ત્રણ લોક, ભૂત-વર્તમાન-ભાવિ આ ત્રણ કાળ અને સર્વ જીવો કહીને આખી વાત લઈ લીધી છે કે સર્વ કાળ, સર્વ લોકમાં સર્વ જીવોને પૂર્વકર્મ અનુસાર જ ફળ મળે છે. પૂર્વે પોતે જેવા કર્મ બાંધ્યા હોય એવા જ તેને વર્તમાનમાં સંયોગ અને આયુષ્ય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આદિ પ્રાપ્ત થાય છે, પણ વિકાર પૂર્વકર્મના ઉદય અનુસાર થાય છે-એ વાત નથી. અહીં તો માત્ર સંયોગ, આયુષ્ય આદિ ધૂળની સામગ્રીની વાત છે. કોઈને અનુકૂળ સંયોગ મળે છે તો કોઈને પ્રતિકૂળ સંયોગ મળે છે. તે પૂર્વના કર્મના કારણે મળે છે.

કોઈને લાંબુ આયુષ્ય મળે, કોઈને ટૂંકું આયુષ્ય મળે, કોઈને સુખનું નિમિત્ત થાય તેવી અનુકૂળ સામગ્રીનો સંયોગ બને છે તો કોઈને દુઃખનું નિમિત્ત થાય એવી પ્રતિકૂળ સામગ્રીનો સંયોગ બને છે તે બધું પોતે જ પૂર્વે કરેલાં કર્મ અનુસાર મળે છે. સારાં સ્ત્રી, પુત્ર, નીરોગી શરીર આદિ સામગ્રી શાતાકર્મના ઉદયથી મળે છે અને અશાતાકર્મના ઉદયથી ગરીબાઈ, શરીરમાં રોગ, પ્રતિકૂળ સ્ત્રી, પુત્ર આદિનો સંયોગ બને છે. કોઈને મધ્યમ સ્થિતિ હોય છે તે બધું પૂર્વકર્મના રસ અને સ્થિતિ અનુસાર હોય છે, પણ અજ્ઞાની-મૂઢ જીવ આ બધો અનુકૂળ સંયોગ મારાથી બન્યો છે એમ માને છે.

અજ્ઞાની જીવો એમ માને છે કે મેં બાળકોને મોટા કર્યા, પાંજરાપોળમાં પશુઓને મેં બચાવ્યાં, મરતાં જીવોના પ્રાણની રક્ષા મેં કરી—એમ અનેક પ્રકારે મિથ્યા માન્યતાને સેવે છે પણ ભાઈ! જીવો પોતાના આયુકર્મથી જીવે છે તેમાં તેં શું કર્યું!

વળી, એમ કહે કે ભગવાનનો સંદેશ છે કે "જીવો અને જીવવા દયો" પણ ખરેખર તો પરને હું જીવાડી શકું છું એવી માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિને હોય છે. આ માણસ પાણીમાં પડતો હતો તેને મેં બચાવ્યો, આ મકોડાં પાણીમાં પડ્યાં હતાં તેને મેં બહાર કાઢ્યા—ભાઈ! તારો બચાવવાનો ભાવ હતો એ બરાબર પણ ક્રિયા તો પરની થઈ છે તેનો કર્તા તું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવું જ વસ્તુનું સ્વરૂપ છે તે ભગવાન વીતરાગે બતાવ્યું છે.

ભગવાને અહિંસાને પરમધર્મ કહ્યો છે માટે બીજાને બચાવવાથી ધર્મ છે એમ ભગવાને કહ્યું નથી. રાગ છે ત્યાં સુધી બીજાને બચાવવાનો રાગ આવશે પણ રાગ આવ્યો માટે પરને એણે જીવાડી દીધો એ વાત ખોટી છે. (પોતાના સ્વભાવની પર્યાયમાં હિંસા ન થવા દેવી તેને ભગવાને અહિંસાધર્મ કહ્યો છે.)

પ્રશ્ન તો થાય કે પિતા પૈસા ખર્ચીને પુત્રને કેળવણી તો આપે છે ને! ડાહ્યો તો બનાવે છે ને!.......એમ અનેક પ્રકારે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી આપે છે એમ અજ્ઞાનીને લાગે છે તે તેની મૂઢતા છે-મૂર્ખતા છે. પુત્ર પોતાના પૂર્વકર્મના ઉદય અનુસાર સામગ્રી મેળવે છે, તે પિતાએ આપી નથી. દુશ્મન ઝેર આપવાથી મરતો નથી, તે પોતાના આયુકર્મના નાશથી મરે છે. હું બીજાને આહાર આપું છું, દવા આપું છું, પગ દાબું છું, સેવા કરું છું એવી માન્યતા જ ભૂલ ભરેલી છે તે તને દુઃખ આપે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક આંગળી ચલાવવાનું કામ પણ આત્માનું નથી તેને બદલે જડના બધાં કાર્યનો કર્તા થવા જાય છે તે વીતરાગે કહેલાં તત્ત્વને સમજતો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વની દયા પાળી શકે, બચાવી શકે કે મારી શકે એવી શક્તિ જ કોઈ તત્ત્વમાં નથી. તેરાપંથી પણ કહે છે કે પરને બચાવવું એ મિથ્યાત્વ છે પણ એ બીજી રીતે માને છે. 'પરને જીવ બચાવી શકતો નથી' એ વાતની તો એને ખબર જ નથી. એ તો પરને બચાવવાના ભાવને પાપ કહે છે. એમ નથી ભાઈ! પરને બચાવવાનો ભાવ તો પુણ્ય છે પણ પરને હું બચાવી શકું છું એ માન્યતા ખોટી છે. 'હું પરને બચાવી શકું છું' એમ માનનાર, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા પોતાને માને છે તે માન્યતા—મિથ્યાત્વ છે પણ દયાનો ભાવ આવે તે કાંઈ પાપ નથી, એ તો પુણ્યભાવ છે.

પરજીવને બચાવવાનો ભાવ ધર્મ નથી, પાપ નથી પણ પુણ્યબંધનું કારણ છે. ધર્મીને એવો શુભરાગ આવે છે પણ હું પર જીવને બચાવી શકું છું એમ ધર્મી માનતાં નથી. જે પરજીવને હું મારી કે જીવાડી શકું છું એમ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અરે! હું મંદિર બનાવું છું, પુસ્તક બનાવું છું, ગાથાનો અનુવાદ કરું છું એવી માન્યતા પણ મૂઢતા છે કેમકે જડની પર્યાયને જીવ કેમ કરી શકે?

આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાતો છે. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલું છે. દ્રવ્ય એટલે અનંત શક્તિમય વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે દ્રવ્યની વર્તમાન હાલત–તેમાં દ્રવ્ય રહેલું છે. તેને બીજું દ્રવ્ય શું કરી શકે? 'એક દ્રવ્ય બીજા દ્રવ્યના કાર્યને ન કરે' આ વસ્તુસ્વભાવ ત્રણકાળ, ત્રણલોકમાં સર્વ જીવોને લાગુ પડે છે. અરે! દરેક દ્રવ્યને લાગુ પડે છે.

હું દુકાનમાં બેઠો હોઊં તો ગ્રાહક વધારે આવે, નોકર બેઠો હોય તો ગ્રાહક આવતાં નથી, વેપાર ચાલતો નથી.....પણ રજકણના આવવા–જવાના કાર્યનો કર્તા તું કયાં બની બેઠો ભાઈ!

આટલા પશુઓ કતલખાને જતાં હતાં તેને મેં છોડાવ્યાં, આટલાં એકેન્દ્રિય જીવોની મેં રક્ષા કરી....એમાં બચાવવાનો ભાવ તો શુભ છે પણ હું પરને બચાવી શકું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. પરનો કર્તા પોતાને માનનારને નવ તત્ત્વની શ્રદ્ધાના પણ ઠેકાણાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ બગાડે કે સુધારે–એવી માન્યતા મિથ્યાદર્શન શલ્ય છે.

શ્રોતા :—મા–બાપને પાળવા કે નહિ?

ભાઈ! પરદ્રવ્યને હું પાળું છું એ વાત જ તારી ખોટી છે. આ તો વીતરાગમાર્ગ છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બાપા! દરેક વસ્તુ સ્વતંત્ર છે. કોઈ એક દ્રવ્યની દશાને બીજું દ્રવ્ય કરે કે સાચવે એમ ત્રણકાળમાં કોઈ'દિ બનતું નથી. એકેન્દ્રિય હો, બેઈન્દ્રિય હો કે પંચેન્દ્રિય હો કોઈ પણ જીવની રક્ષા બીજો જીવ કરી શકતો નથી. તો પ્રતિક્રમણમાં આવે છે ને કે હું ત્રસ, સ્થાવર જીવોની હિંસાથી પાછો ફરું છું—એ તો વિકલ્પમાં એવી રીતે વિચાર કરીને પાછો ફરે છે પણ તેથી કાંઈ પરદ્રવ્યને જીવાડી કે મારી શકે છે એમ કહેવું નથી.

ભગવાન કહે છે કે 'હું બીજાની પ્રાણરક્ષા કરી શકું છું' એવી તારી માન્યતા મહા મૂઢતા છે તેમાં તને પાપ બંધાય છે. હું બીજાને મારી શકું કે અનુકૂળતા આપી શકું એ પ્રકારની ઊંધી માન્યતા કરનારા આત્માની હિંસા કરનારા છે. **याहि सुखी करौ याहि दुखी करौ ऐसे मूढ मान लेतु है।** મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ જ આવી મિથ્યા કલ્પના કરે છે કે હું પરને સુખી કરું છું અથવા દુઃખી કરું છું. જેને તત્ત્વની દૃષ્ટિ નથી, આત્મા શું કે સમ્યગ્દર્શન શું એનું જેને જ્ઞાન નથી એવા જીવો જ આ પ્રમાણે પરના કર્તા થઈને અભિમાન કરે છે. સાધુ નામ ધરાવીને પણ આવી મિથ્યા માન્યતા કરે તો તે મૂઢ છે.

સાધુ, પંડિત વગેરેને જો એમ થાય કે અમારી પાસે પૈસા નથી એટલે અમે દાન દઈ શકતાં નથી પણ અમે ઉપદેશ એવો આપીએ કે લોકો દાનમાં પૈસા ખંખેરી નાખે....એ તારી માન્યતા ખોટી છે. પ્રથમ તો 'ઉપદેશ' એ તારું કાર્ય નથી એ તો જડનું કાર્ય છે અને તેનાથી લોકો પૈસા કાઢતાં નથી. પૈસા તો નીકળવાના હતા માટે નીકળ્યાં છે. પણ એને એમ થાય કે અમે એવો ઉપદેશ આપ્યો કે ઘરમાં બૈરાઓને માત્ર રસોઈ કરીને પુરુષોને જમાડવાનો જ હક્ક છે? પૈસા વાપરવાનો હક્ક કેમ નહિ! દાગીના ઉપર તો બહેનોનો અધિકાર છે ને! બહેનોને આમ કહીને ઊંચા કરીને દાનમાં પૈસા કઢાવીએ છીએ એવી મૂઢતા કરવી રહેવા દે ભાઈ! ઉપદેશ તો ભાષાનું કાર્ય છે તેમાં તે શું કર્યું!

જગતની ચીજનું પરિણમન 'કોઈથી કર્યું થાય નહિ અને રાખ્યું રહે નહિ' તેના ટાઈમે થવું હોય તે થાય અને રહેવું હોય તે રહે, જવું હોય તે જાય—આત્મા તેમાં કાંઈ કરી શકે એ વાત ત્રણકાળમાં શક્ય નથી. દરજી કપડાં સીવી શકતો નથી. સંચાનું, કપડાનું, દોરાનું પરિણમન સૌનું પોતાથી થાય છે તેને દરજી કરી શકતો નથી.

હું બીજાને સુખી કે દુઃખી કરી શકું છું એવી અહંમ્‌બુદ્ધિને કારણે બીજા જીવના જીવન-મરણ કે સુખ-દુઃખ હું કરું છું એવી ભ્રમણા મટતી નથી. મેં આહાર આપ્યો માટે પહેલો બચી ગયો, મરી જ જવાનો હતો, તરફડતો હતો પણ મેં પાણી પીવરાવ્યું તેમાં બચી ગયો એવું માનવું રહેવા દે ભાઈ! એ એના આયુકર્મના કારણે બચ્યો છે, તારા કારણે બચ્યો નથી.

એક એક રજકણ જગતનું સ્વતંત્ર અજીવ તત્ત્વ છે, તેની જે કાળે, જે ક્ષેત્રે, જે પ્રકારે,

www.vitragvani.com



જે અવસ્થા થવાની હોય તે થાય છે તેને બીજું દ્રવ્ય કરે કે રોકી શકે એ વાત ત્રણકાળમાં કદી સાચી નથી. મિથ્યાશ્રદ્ધાથી, મુંજાઈને અજ્ઞાનીએ પરના કાર્ય કરવાની ચેષ્ટા તો ઘણી કરી પણ કોઈનું કાંઈ કરી શકયો નથી. કર્મનો નાશ કરવા માટે મહાવ્રત પણ ઘણીવાર પાળ્યાં પણ પોતાની શ્રદ્ધામાં યથાર્થતા લાવ્યો નહિ તેથી અનંતકાળથી મિથ્યાશ્રદ્ધાથી જીવ દુઃખી છે. આ મિથ્યાભાવ જ એને કર્મબંધનું કારણ છે.

આ છટ્ઠા શ્લોકનો ભાવ થયો. હવે ૭મા શ્લોકના ૧૭મા પદ્યમાં એ જ ભાવને વિસ્તારે છે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે સવળો પડે તો જે થાય તેને માત્ર જાણે પણ અવળો પડે તો જે થાય છે તે મારાથી થયું છે એવો અહંકાર કરે છે. બસ તેનાથી વિશેષ એ કાંઈ કરી શકતો નથી.

**जहांलौं जगतके निवासी जीव जगतमैं,**
**सबै असहाइ कोऊ काहूकौ न धनी है।**
**जैसी जैसी पूरब करम–सत्ता बांधी जिन,**
**तैसी उदैमैं अवस्था आइ बनी है।।**
**एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊं मारूं,**
**इत्यादि अनेक विकल्प बात घनी है।**
**सो तौ अहंबुद्धिसौं विकलप भयौ तिहूँ काल,**
**डोलै निज आतम सकति तिन हनी है।।१७।।**

અર્થ :—જ્યાં સુધી સંસારીજીવોને જન્મ–મરણરૂપ સંસાર છે ત્યાં સુધી તેઓ અસહાય છે–કોઈ કોઈનો રક્ષક નથી. જેણે પૂર્વે જેવી કર્મસત્તા બાંધી છે તેના ઉદયમાં તેની તેવી જ દશા થઈ જાય છે. આમ હોવા છતાં પણ જે કાંઈ કહે છે કે હું પાળું છું, હું મારું છું ઈત્યાદિ અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે તેથી તે આ જ અહંબુદ્ધિથી વ્યાકુળ થઈને સદા ભટકતો ફરે છે અને પોતાની આત્મશક્તિનો ઘાત કરે છે.

જે દ્રવ્યની જે કાળે જે પર્યાયનો થવાકાળ હોય તે વખતે જ તે પર્યાય થાય તેમાં નિમિત્ત તેને શું કરે! સોપારીના ટૂકડાં સૂડીથી થતાં નથી કારણ કે સોપારીના રજકણ જુદાં છે અને સૂડીના રજકણ જુદાં છે. એક રજકણ બીજા રજકણના કાર્યને કરી શકતું નથી પણ મૂઢ જીવો, મને જ સોપારીનો ઝીણો ભૂકો કરતાં આવડે છે એમ અભિમાન કરે, બૈરાંઓ કહે અમને જ સરસ પૂરણપોળી બનાવવી ફાવે છે.

આ બધાં મિથ્યાદૃષ્ટિના મિથ્યા અભિમાન છે. વળી, વસ્તુ સારી ન થાય ત્યારે એમ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ કહે કે આ તો રસોઈ છે આપણી ઈચ્છા પ્રમાણે ન થાય—પણ પહેલેથી એમ માનતો નથી કે આ કાર્ય મારાથી થતું નથી, સ્વયં થાય છે. રસોઈની એકની વાત નથી, અનેક વસ્તુમાં જીવ કર્તા થવા જાય છે. પરની ક્રિયા મારાથી થાય એવી માન્યતા જ મિથ્યા છે એમ જાણતો નથી–તેથી મિથ્યા વિકલ્પ ઊઠાવ્યા કરે છે. અજ્ઞાની પરનું કાર્ય તો કરી શકતો નથી માત્ર વિકલ્પનો કર્તા થયા કરે છે માટે વિકલ્પ તેનું કાર્ય છે અને અજ્ઞાની તેનો કર્તા છે. બાકી દરેક વસ્તુ તો પોતાની સીમામાં છે, કોઈ કોઈનું કાર્ય કરતી નથી.

સમયસાર ગાથા ૧૦૩ની ટીકામાં પણ આ કહ્યું છે કે વસ્તુ પોતાના દ્રવ્યમાં અને ગુણમાં નિજરસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી. માટે તે અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? તેથી પરભાવ કોઈથી કરી શકાય નહિ.

દ્રવ્ય–ગુણ–પર્યાય સત્ છે. તે સત્‌માં અન્ય સત્ પ્રવેશ પામી શકતું નથી તેથી પર એને કાંઈ કરી શકતું નથી. ત્યાં, પરનું કામ તો કરવું પણ અનાસક્તભાવે કરવું અને અભિમાન ન કરવું–એ વાત નથી. પરનું હું કરી શકું છું એવી માન્યતા જ મિથ્યાત્વભાવ છે.

**सो तो अहंबुद्धिसौं विकल भयौ तिहूँ काल डोलै**—જગતવાસીજીવો પરમાં અહંબુદ્ધિથી પરને મારવા–જિવાડવા, સુખી–દુઃખી કરવાની કલ્પનાથી બેચેન થઈને નિજશક્તિનો ઘાત કરે છે.

દેહની સ્થિતિ પૂરી થવા આવે ત્યાં ડોક્ટરોને બોલાવે પણ એ શું કરી શકે? જેવો જેવો કર્મનો ઉદય આવે તેવું ફળ ભોગવે છે. ત્યાં કોઈ તેને સહાયી નથી. નિગોદના એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો અસહાયી છે. કોઈ કોઈને બચાવી શકતું નથી. બટાટા, લસણ, ડુંગળી, સૂરણ આદિ કંદમૂળની એક એક કણીમાં અસંખ્ય શરીર છે અને તેની અંદર અનંતજીવ રહેલાં છે તે જીવો એક શરીરમાં સાથે રહેલાં હોવા છતાં કોઈ કોઈને કાંઈ કરી શકતાં નથી. ત્યાંથી નીકળીને એક જીવ રાજા થાય છે તો એક જીવ ત્યાં ને ત્યાં નિગોદમાં જાય છે.

કોઈ જીવ કોઈ અન્ય જીવનો સ્વામી નથી....નરપતિ, કરોડપતિ, ઉદ્યોગપતિ વગેરે ભાષા તો ઘણી બોલાય છે પણ કોઈ કોઈનો પતિ નથી. પૈસાના રજકણો સ્વયં આવે છે અને સ્વયં ચાલ્યા જાય છે તે ઉદ્યોગપતિના ઉદ્યોગથી આવતાં નથી. પૈસા જીવના થઈને રહેતાં નથી. દરેક તત્ત્વ જુદાં છે તેમ નહિ માનતાં બીજા તત્ત્વનું હું કાંઈ પણ કરી શકું છું એવી માન્યતા મહા મિથ્યાત્વ છે, અનંત સંસારને બાંધવાનું કારણ છે.

કોઈ કોઈની આંખ ફોડી તો ન શકે પણ બીજાને આંખ આપી પણ ન શકે. અત્યારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બધાં ચક્ષુદાન કરે છે ને! ચક્ષુના પરમાણુ ક્યાં તારા હતા તો મેં દાન કર્યું એમ અભિમાન કરે છે? પરમાણુ તો જડના છે તેનો સ્વામી તું નથી માટે તું દાનનું અભિમાન કરે છે તે નકામું છે. પણ અરે!—વિપરીત માન્યતાએ અનાદિથી એને ઘેરી લીધો છે. આ વિપરીત માન્યતાને ટાળ્યા વિના જે કાંઈ કરે તે એકડાં વિનાના મીંડા સમાન છે.

અભિમાન તો કેવા કરે કે અમારે કમાવાની કાંઈ જરૂર નથી પણ આ કારખાનાને લીધે હજાર માણસ રોજી મેળવે છે તે માટે કરીએ છીએ—અહા! ગાંડાના કાંઈ ગામ જુદાં હોય! બધાં ગાંડા ભેગા થયાં છે.

છએ જાતના દ્રવ્યો—અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્ય કાળાણુ. આ છએ દ્રવ્યો અનાદિના છે અને સદાકાળ રહેશે. તેમાં મેં આને સુખી કર્યો, મરતો બચાવ્યો—એમ માનનારા પોતાના આત્મસ્વભાવનો ઘાત કરે છે, મિથ્યાત્વભાવથી આત્માને હણી નાંખે છે. સંસ્કૃત શ્લોકમાં પાઠ છે 'आत्महनो भवन्ति'– ગુણનો તો ઘાત ન થાય પણ પર્યાયમાં આત્માનો ઘાત થાય છે. હું બીજાને અનુકૂળતા આપું કે પ્રતિકૂળતા આપું અને બીજા મને અનુકૂળતા-પ્રતિકૂળતા આપે છે એમ માનીને આત્માનો પર્યાયદૃષ્ટિએ પોતે જ ઘાત કરે છે અર્થાત્ મિથ્યાદર્શનને પોષે છે.

આમ કહીને એ કહેવું છે કે તું પરને હણી શકતો નથી પણ પરને હણવાની માન્યતામાં તું પોતે હણાઈ જાય છે. ભગવાને દયા પાળવાનો ઉપદેશ આપ્યો છે તે કઈ દયા? કે આત્મામાં રાગ–દ્વેષની ઉત્પત્તિ ન થવી અને વીતરાગી શાંતિ ઉત્પન્ન થવી તેનું નામ દયા છે. એ દયાનું તો ભાન નથી અને જે નથી થઈ શકતી એવી દયા કરવા નીકળી પડે છે. હું ફલાણી સમાજસેવા સંસ્થાનો અંગ્રેસર છું, અમે સેવાભાવના અનેક કામ કરીએ છીએ....અરે! બાપુ! પરના કામ કોણ કરી શકે?

દુનિયા સાથે મેળ ખાય એવી આ વાત નથી. આ તો શ્લોકનો ભાવ કહ્યો, હવે બનારસીદાસ જીવના સ્વભાવના ચાર ભેદ પાડીને પોતાનો ભાવ ખોલશે–તે આગળ આવશે કે ઉત્તમ પુરુષ દ્રાક્ષ જેવા અંદરથી અને બહારથી કોમળ હોય છે. મિથ્યાત્વ અને કષાયનો અભાવ થયો હોવાથી 'મેં આમ કર્યા અને મારા વિના થાય નહિ'—એવું અભિમાન ઉત્તમ પુરુષો કરતાં નથી. જ્ઞાની પરથી તો ભિન્ન છે પણ રાગથી પણ ભિન્ન—વૈરાગી છે, મૃદુ અંગ છે—કોમળ છે—દયાળુ છે.

❋

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ઉત્તમ પુરુષોનો સ્વભાવ

(સળંગ પ્રવચન નં-૯૨)

શ્રી સમયસાર નાટકનો આ બંધ અધિકાર છે તેમાં બનારસીદાસજી ચાર પ્રકારના પુરુષનું વર્ણન કરે છે. ૧૮મુ પદ્ય છે.

### ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ જીવનો સ્વભાવ

उत्तम पुरुषकी दसा ज्यों किसमिस दाख,
बाहिज अभिंतर विरागी मृद अंग है।
मध्यम पुरुष नारिअरकीसी भांति लियैं,
बाहिज कठिन होय कोमल तरंग है॥
अधम पुरुष बदरीफल समान जाकैं,
बाहिरसे दीखै नरमाई दिल संग है।
अधमसैं अधम पुरुष पूंगीफल सम,
अंतरंग बाहिज कठोर सरवंग है॥१८॥

અર્થ :—ઉત્તમ મનુષ્યનો સ્વભાવ અંતરમાં અને બહારમાં કિસમિસ દ્રાક્ષ જેવો કોમળ હોય છે. મધ્યમપુરુષનો સ્વભાવ નાળિયેર સમાન બહારમાં તો કઠોર (અભિમાની) અને અંદરથી કોમળ રહે છે. અધમપુરુષનો સ્વભાવ બોર જેવો બહારથી કોમળ પણ અંદરથી કઠોર રહે છે અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારી જેવો અંદર અને બહારથી સર્વાંગે કઠોર રહે છે.

ઉત્તમ પુરુષની દશા કિસમિસ જેવી મૃદુ છે એટલે કે અંદરમાં વીતરાગતા છે અને બહારમાં પણ શાંતિ છે, કષાયને વશ નથી. અંદરમાં ભેદજ્ઞાન વર્તે છે સાથે કષાયની ઘણી મંદતા છે તેને અહીં ઉત્તમ પુરુષ કહે છે.

મધ્યમપુરુષ નાળિયેર જેવા હોય છે. જેમ નાળિયેર અંદરથી તો કોમળ હોય પણ બહારથી કઠોર હોય છે તેમ, મધ્યમપુરુષ-જ્ઞાનીપુરુષ અંદરથી તો વૈરાગી છે, પરથી અને રાગથી વિરક્ત શાંત છે પણ બહારમાં કષાયને વશવર્તીપણું હોય છે.

www.vitragvani.com



અધમ પુરુષ એટલે એવા અજ્ઞાની કે જે બહારથી કોમળ હોય પણ અંદરથી બોર જેવા કઠણ હોય છે. બહારથી કષાયની મંદતા સહિત ક્રિયા કરતાં હોય પણ અંદરમાં રાગની એકતાબુદ્ધિની કઠોરતા હોય છે. જેમ બોર બહારથી પોચા હોય પણ અંદરનો ઠળિયો કઠણ હોય છે તેમ, બહારથી કોમળતા રાખતાં અજ્ઞાની અંદરથી પથ્થર જેવા કઠોર છે. संग એટલે પથ્થર, રાગની એકતાબુદ્ધિ પથ્થર જેવી કઠણ હોય છે. બંધ અધિકારનું વર્ણન તો જુઓ!

અધમમાં અધમ પુરુષ સોપારી જેવા અંતર–બાહ્ય બંને રીતે કઠણ હોય છે. તેને અશુભભાવની એટલી તીવ્રતા હોય છે કે જ્ઞાની સજ્જન પુરુષને તે જોઈ શકતાં નથી. કઠોરતા જ કર્યા કરે છે. અધમપુરુષને બહારથી તો મંદકષાય હોય છે જ્યારે અધમાધમ ને બહારથી પણ કષાયની તીવ્રતા દેખાય છે.

### ઉત્તમ પુરુષનો સ્વભાવ

**कीचसौ कनक जाकै नीचसौ नरेस पद,**
**मीचसी मिताई गरुवाई जाकै गारसी।**
**जहरसी जोग–जाति कहरसी करामाति,**
**हहरसी हौस पुदगल–छवि छारसी।।**
**जालसौ जग-विलास काज भालसौ भुवन वास,**
**कालसौ कुटुंब काज लोक-लाज लारसी।**
**सीटसौ सुजसु जानै बीटसौ वखत मानै,**
**ऐसी जाकी रीति ताहि वंदत बनारसी।।१।।**

અર્થ :—સોનાને કાદવ સમાન, રાજપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રસંશાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાંતિને રાખ સમાન, સંસારની માયાને જાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોકલાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે તે ઉત્તમપુરુષ છે તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.

ભાવાર્થ એ છે કે જ્ઞાનીજીવ સાંસારિક અભ્યુદયને એક આપત્તિ જ સમજે છે.

ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ પુરુષો કે જે રાગમાં–પુણ્યમાં ધર્મ માનતા નથી, રાગથી જે ભિન્ન પડી ગયેલાં છે એવા ભેદજ્ઞાની જીવો **कीचसौ कनक जाकै**—સોનાને કાદવ સમાન જાણે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—તો જ્ઞાની સોનાને ફેંકી દેતા હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાખે કોણ અને ફેંકે કોણ? જડ ચીજને જીવ શું કરે! જ્ઞાનીને ઘરમાં કરોડો રૂપિયાના સોના, ચાંદી, હીરા–માણેક હોય પણ તેની દૃષ્ટિમાં તે કાદવ સમાન લાગે છે. જ્ઞાની રાજ્યપદ લઈને બેઠો હોય તો બીજાને તો તે પદ બહુ ઊંચું લાગે કે વાહ! પાંચ પાંચ કરોડની પેદાશ અને પચાસ તો હાથી, ચતુરંગી સેના–ત્યારે જ્ઞાની તે પદવીને પણ તુચ્છ માને છે. અત્યંત તુચ્છ માને છે.

**मीचसी मिताई**—પરદ્રવ્યની મૈત્રી કરવી તે જ્ઞાનીને મૃત્યુ સમાન લાગે છે કારણ કે પરદ્રવ્યનો સંગ રાગની ઉત્પત્તિ કરનાર છે. મિત્રોને બોલાવવા, રાખવા, સાચવવાં–એ બધું મૃત્યુ છે. મૈત્રી કરે એટલે ઝલસાં ઉડાડવા જવું પડે. દુનિયા સાથે મૈત્રી બાંધવી તે મૃત્યુ સમાન છે. કેટલો વૈરાગ્ય છે! સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યની મિત્રતા કરવી એ તો મૃત્યુ છે. ચક્રવર્તીને ઈન્દ્ર સાથે મિત્રતા હોય છે. હીરાના સિંહાસન ઉપર ચક્રવર્તી બેઠા હોય અને બાજુમાં ઈન્દ્ર આવીને બેસે એ પણ એકાવતારી હોય છે પણ અહીં તો વિશેષ કષાયની મંદતાવાળા જ્ઞાની લીધા છે કે જેને મિત્રતા નિભાવવી તે પણ મૃત્યુ જેવી લાગે છે. અતીન્દ્રિય આનંદના સ્વાદીયા એવા જ્ઞાનીને જગતના જીવો સાથે મૈત્રી કરવી તે મૃત્યુ જેવી લાગે છે.

**गरुवाई जाकै गारसी**—પ્રસંશા જેને ગાળ સમાન લાગે છે. અમારા સંઘમાં તમે જ મોટાં છો, મહાન છો,... વગેરે પ્રસંશા થાય ત્યાં અજ્ઞાની તો ફુલાઈ જાય પણ જ્ઞાનીને તે પ્રસંશા ગાળ જેવી લાગે છે. કોઈ મોટપ આપે તેને સ્વીકારતાં નથી. આ તો દુનિયાની ઊંધી વાત છે. દુનિયા તો ક્યાંય અજ્ઞાનના અંધારામાં પડી છે અને જ્ઞાનીને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ છે તેથી અતીન્દ્રિયવસ્તુને અનુભવનારા જ્ઞાનીને દુનિયાની મોટપમાં મોટપ ભાસતી નથી.

**जहरसी जोग–जाति....**—જ્ઞાનીને આત્માના આનંદ સાથે યોગનું જોડાણ થયું છે તેને બાહ્ય યોગ ઝેર જેવો લાગે છે. આમ યોગ કરશો તો નીરોગતા થશે, આમ કરશો તો વચનસિદ્ધિ થશે, એવા દેહના યોગ જ્ઞાનીને પોસાતાં નથી. જે શુભાશુભને ઝેર માને છે તેને દેહના યોગોની પ્રીતિ ક્યાંથી હોય! જે ભાવે તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય તે ભાવને પણ ધર્મી ઝેર જાણે છે. 'તીર્થંકર' નામ પડે ત્યાં દુનિયા તો ખુશી ખુશી થઈ જાય—તે ભાવને ધર્મી ઝેર જેવા દુઃખરૂપ જાણે છે. મંત્ર આદિની સાધના વડે કરામતો કરવી તેને ધર્મી દુઃખરૂપ માને છે.

અમારી પાસે એક માણસ–મંત્રસાધક આવ્યો હતો કે તમે કાંઈ મંત્ર જાણો છો? કીધું, અમારી પાસે આત્માના મંત્ર સિવાય કોઈ મંત્ર નથી. અમને કોઈ મંત્રોની સાધનામાં રસ નથી. વીતરાગ સર્વજ્ઞદેવની માન્યતા સિવાય બધાં ભ્રમણના માર્ગ છે. શરીરની નીરોગતા માટે મંત્ર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાધે પણ ભાઈ! શરીર તો શાતાના ઉદય પ્રમાણે રહેવાનું છે. આમ કરશું તો આમ થશે અને આમ નહિ કરીએ તો આમ થશે—એવી બધી ભ્રમણાઓથી અજ્ઞાની દુઃખી છે.

લૌકિક ઉન્નતિ અનર્થ સમાન છે. ઘરમાં આઠ આઠ દીકરા અને સારા ઘરની વહુઓ હોય, બે પાંચ લાખના મકાન હોય, બે-પાંચ કરોડની મૂડી હોય... તો લૌકિક દૃષ્ટિમાં ઉન્નતિ કરી કહેવાય પણ તેમાં ધૂળેય ઉન્નતિ નથી. ધર્મી તો તેમાં અનર્થ માને છે. અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય તેને ધર્મી પોતાની ઉન્નતિ સમજે છે. જેને અતીન્દ્રિય આનંદના નાથનું ભાન નથી તે જ બાહ્ય ઉન્નતિને ઉન્નતિ માને છે કે ભારતના આટલા ઉદ્યોગપતિઓમાં અમારો નંબર આગળ છે એમ હરખ કરીને અજ્ઞાનને સેવે છે.

**पुदगल–छवि छारसी**—શરીરની સુંદરતા રાખ સમાન છે. શરીર કાળુ હોય કે રૂપાળુ હોય પણ એ રાખનો ઢગલો છે. શરીર ઉપર શણગાર એ મડદાના શણગાર છે તેમાં લોકો લાખો રૂપિયા ખર્ચી નાંખે છે. **जालसौ जग विलास**—આડતિયાં વધ્યાં, દુકાન વધી, ગ્રાહકો વધ્યાં એ બધી જગતની માયા ધર્મીને જંજાળ લાગે છે. નાની પોસ્ટમાંથી આગળ વધતાં વધતાં મોટી પોસ્ટ ઉપર આવી જાય તો જાણે અમે 'કાંઈ વધ્યાં' એમ લાગે પણ એ તો વિષ્ટાના નાના ઢગલામાંથી મોટા ઢગલાં ઉપર બેઠો છે. ગામડામાં પહેલાં એવો રિવાજ હતો કે ખાટલામાં નવી કાથી ભરે ત્યારે પેલા કૂતરાને તેમાં રોટલો નાંખે એટલે કૂતરો ખાટલામાં બેસીને રોટલો ખાય પછી જ એ ખાટલો બધાં વાપરે–તો શું એ કૂતરો મોટો થઈ ગયો! મૂરખાઈના કાંઈ ગામ જુદાં હોય!

બાપુ! તારું સ્વરૂપ 'ચિદાનંદ' છે તેની તને પ્રતીતિ નહિ, ભરોસો નહિ, તેની કિંમત નહિ અને જગતની ચીજોની કિંમત કરવા ગયો ત્યાં હેરાન થઈ ગયો.

**भावसौं भुवनौवास**—ઘરનો નિવાસ બાણની અણી જેવો લાગે છે. પાંચ–દસ લાખના કે તેથી પણ વધારે કિંમતના બંગલા બનાવ્યા હોય અને તેમાં વાસ્તામાં ધામધૂમ કરે ત્યારે લોકોમાં તો બહું સારૂં લાગે પણ જ્ઞાનીને એ સ્મશાનમાં લાડવા જેવું લાગે છે. નિજઘરમાં વાસ્તુ એ ખરું વાસ્તુ છે. બાકી આ સંસારના ઘરમાં રહેવું એ તો ધર્મીને ભાલાની અણી ઉપર રહેવા જેવું લાગે છે.

કુટુંબના કાર્યો ધર્મીને કાળ જેવા લાગે છે. પોતે ધર્મી હોય પણ કુટુંબની વચ્ચે રહ્યો હોય એટલે કામ તો કરવા પડે પણ કાળ સમાન લાગે. ઘરમાં દીકરાના લગ્ન કરવા હોય, પાંચ લાખ વાપરવાના હોય, પહેરામણી કરવી હોય, ચાંદીના થાળમાં સવાશેર બરફી નાતમાં ઘરે ઘરે આપવી છે અને ઘરમાં તમે મોટા છો માટે આ કામ તમારે કરવાનું છે એમ ઘરના લોકો ધર્મીને કહે તો કામ કરવું પડે પણ ધર્મીને એ કાળ જેવું લાગે. એ તો આત્માના આનંદનો રસિયો એ તેના રસની જાત જ ફરી ગઈ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લોકલાજ ધર્મીને મોઢાની લાળ જેવી લાગે છે. લોકલાજથી આત્માને શું લાભ! લોકલાજ કાંઈ ઘરેણે મૂકાય એમ છે કે લોકોમાં તમારી આબરૂ બહુ સારી છે માટે મરીને સારાં ઠેકાણે જશે. અરે! એ તો લાળ છે. પૂર્વના પુણ્યયોગે આબરૂ સારી હોય તેથી શું! નાના બાળક હોય તે લાળને મોઢામાં પાછી ચૂસી જાય પણ મોટા તેને ચૂસે? તેમ લોકલાજ અજ્ઞાનીને સારી લાગે પણ જ્ઞાનીને તે ન રુચે. તમે તો તમારા પિતાજી કરતાં પણ સવાયુ કામ કર્યું છે, આબરૂ બહુ વધારી છે એમ કોઈ કહે ત્યાં અજ્ઞાની-મૂર્ખ ખુશી ખુશી થઈ જાય પણ એલા! આત્માના ભાન વિના બહારની આબરૂ તને તારા હિતમાં કાંઈ કામ નહિ લાગે. એકલી આકુળતાનું કારણ થશે.

ચૈતન્યની શાંતિ એ આત્માની આબરૂ છે. બહારની આબરૂ કે પદવી વધવાથી આત્મામાં કાંઈ વૃદ્ધિ થતી નથી. મોટી મોટી ડિગ્રી આચાર્યપદવી અને નામના મળવાથી આત્મામાં શું વધ્યું! અંતરની શાંતિ વધે તે આત્માની વૃદ્ધિ છે.

સુયશને ધર્મી નાકના મેલ સમાન માને છે. કોઈ બહુ જસ આપતાં હોય, આબરૂ વધતી હોય તેને ધર્મી નાકના મેલ સમાન તુચ્છ સમજે છે. જેમ નાકનો મેલ રાખવા યોગ્ય નથી, છોડવા યોગ્ય છે, તેમ ધર્મી સુયશ આદિને પોતાના માનીને રાખતાં નથી. લૌકિકમાં તો 'જસ'ની બહુ મહિમા હોય, જીવ જાય તો ભલે જાય પણ જસ-યશ રહેવો જોઈએ—યશમાં મારાપણું માનનારની દશા એવી હોય છે.

**बीठसौं वखत मानैं**—ધર્મી ભાગ્યોદયને વિષ્ટા સમાન જાણે છે. દીકરા કમાઉં હોય, કીદરી સારા ઘરે પરણી હોય, દલાલ સારા મળ્યાં હોય... તો એમ માને કે હમણાં અમારો 'વખત' સારો છે અથવા ભાગ્યો ઉદય છે એમ અજ્ઞાની માને છે પણ સમ્યગ્દૃષ્ટિ શું માને છે?—

ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ,
કાગવીટ સમ જાનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોગ.

આવી દશાવાળા સમ્યગ્દૃષ્ટિને બનારસીદાસજી કહે છે કે હું વંદન કરું છું. ધર્મી કોને કહીએ?—કે જે આત્માના આનંદના અનુભવી છે તે ધર્મી છે-સમકિતી છે. તે સાંસારિક અભ્યુદયને તો આપત્તિ માને છે. ધર્મીને ઋદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ આદિ બધું અંદર આત્મામાં દેખાય છે તેથી બહારમાં તો બધું આપત્તિરૂપ લાગે છે. છખંડના રાજ્યને પણ ધર્મી પોતાની માનતાં નથી, વિષ્ટા સમાન જાણે છે. પુણ્યયોગે સ્વર્ગમાં જવું પડે તો ધર્મી તેને પોતાનો અપરાધ માને છે કે અરે! મેં પુણ્યનો અપરાધ કર્યો તેથી આ સ્વર્ગની જેલમાં આવવું પડ્યું.

www.vitragvani.com



આમ તો ધર્મીએ રાગથી ભિન્ન પડીને આત્માની મુક્તદશા જોઈ ત્યારથી પોતાને મુક્ત જ જુએ છે. स मुक्त एव। શરીરના રજકણથી તો આત્મા જુદો જ છે માટે સદાય મુક્ત છે અને રાગાદિ વિભાવથી પણ સ્વરૂપે જુદો છે માટે મુક્ત છે. આવા મુક્તસ્વરૂપ ભગવાન આત્માનું જ્ઞાન અને રાગની મંદતાની દશામાં જ્ઞાનીને સંસારીની પદવીઓ, શોભાઓ અને સંસારીભાવો આપત્તિ જેવા લાગે છે.

આ ઉત્તમ પ્રકારના જ્ઞાનીની દશાની વાત હતી, હવે મધ્યમ પ્રકારના જ્ઞાની પુરુષોના સ્વભાવની વાત દૃષ્ટાંત આપીને બતાવે છે.

### મધ્યમ પુરુષનો સ્વભાવ

**जैसैं कोउ सुभट सुभाइ ठग–मूर खाइ,**
**चेरा भयौ ठगनीके घेरामें रहतु है।**
**ठगौरी उतरी गइ तबै ताहि सुद्धि भई,**
**परयौं परवस नाना संकट सहतु है।।**
**तैसेही अनादिकौ मिथ्याती जीव जगतमैं,**
**डोलै आठौं जाम विसराम न गहतु है।**
**ग्यानकला भासी भयौ अंतर उदासी पै,**
**तथापि उदै व्याधिसौं समाधि न लहतु है।।२०।।**

અર્થ :—જેવી રીતે કોઈ સજ્જનને કોઈ જડીબૂટ્ટી ખવડાવી દે તો તે મનુષ્ય ઠગોનો દાસ બની જાય છે અને તે ઠગોની આજ્ઞા પ્રમાણે ચાલે છે. પરંતુ જ્યારે બૂટ્ટીની અસર મટી જાય છે અને તેને ભાન આવે છે ત્યારે ઠગોને ભલાં ન જાણતો હોવા છતાં પણ તેમને આધીન રહીને અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે. તેવી જ રીતે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં હંમેશા ભટકતો ફરે છે અને ચેન પામતો નથી. પરંતુ જ્યારે જ્ઞાનજ્યોતિનો વિકાસ થાય છે ત્યારે અંતરંગમાં જોકે વિરક્તભાવ રહે છે તોપણ કર્મોદયની પ્રબળતાના કારણે શાંતિ મેળવતો નથી.

ઉત્તમ પુરુષને સમ્યગ્જ્ઞાન સહિત વિશેષ સ્થિરતા છે પણ મધ્યમ પુરુષને એટલી સ્થિરતા નથી–રાગમાં જોડાણ છે તેથી સ્વરૂપમાં સ્થિરતા થતી નથી.

❀



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# અધમ તથા અધમાધમ પુરુષનો સ્વભાવ

(સળંગ પ્રવચન નં. ૯૩)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. બંધ અધિકારમાં ૨૧મા પદ્યમાં અધમ પુરુષનો સ્વભાવ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યો છે

અધમ (મિથ્યાદૃષ્ટિ) પુરુષનો સ્વભાવ

जैसें रंक पुरुषके भायें कानी कौडी धन,
उलुवाके भायें जैसें संझा ही विहान है।
कूकरुके भायैं ज्यौं पिडोर जिरवानी मठा,
सूकरुके भायैं ज्यों पुरीष पकवान है।।
बायसके भायैं जैसें नींवकी निबोरी दाख,
बालकके भायैं दंत–कथा ज्यौं पुरान है।
हिंसकके भायें जैसें हिंसामैं धरम तैसें,
मूरखके भायैं सुभबंध निरवान है।।२१।।

અર્થ :—જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે. ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઈષ્ટ લાગે છે. કૂતરાને ઉલટી જ દહીં સમાન રુચિકર હોય છે. ભૂંડને વિષ્ટા પકવાન સમાન લાગે છે, કાગડાને લીંબડાની લીંબોળી જ દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિકવાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે. તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. (અધમ પુરુષ આવા હોય છે.)

આ બધી અજ્ઞાનીને ઉપમા આપે છે. જેમ રંકપુરુષને એક ફૂટી કોડી મળે તો પણ સંપત્તિ મળી હોય તેવું લાગે છે. ઘુવડને રાત્રિ જ સવાર જેવી લાગે છે. ઘુવડની જેમ વાગોળ અને ચામાચિડિયાને પણ સંધ્યા સવાર સમાન લાગે છે. તેમ અજ્ઞાનીને વ્રત, ભક્તિ આદિ બંધના પરિણામ જ મોક્ષના કારણ સમાન ઈષ્ટ લાગે છે. બનારસીદાસજીએ સંપ્રદાયની માન્યતાને ખૂલ્લી કરી છે કે તેમાં બંધના કારણને મોક્ષના કારણ માનીને સેવવામાં આવે છે.

कूकरके भायैं....જેમ કૂતરાને માણસની ઉલટી દહીં જેવી મીઠિ લાગે છે તેથી ઉલટીને

www.vitragvani.com



ચાટી જાય છે તેમ અજ્ઞાની અષ્ટાહ્નિકા આદિમાં પૂજા કરાવીને પુણ્ય થાય તેના બદલે ધર્મ મનાવીને ખુશી થાય છે, પણ ત્યાં ક્યાં ધર્મ હતો! ધર્મ તો આત્માનો આશ્રય લઈને પવિત્રતા પ્રગટ કરવી તે ધર્મ છે અને તે નિર્વાણનું કારણ છે.

અજ્ઞાની પુણ્યની ક્રિયામાં મોક્ષ માને છે જે ખરેખર બંધનું કારણ છે. આત્માનો ધર્મ શું છે, તે કેમ પ્રગટ થાય, વીતરાગદેવ શું કહે છે તેની ખબર નથી અને વીતરાગના નામે પુણ્યમાં ધર્મ માને છે.

જેમ ભૂંડને મનુષ્યાદિની વિષ્ટા પકવાન જેવી લાગે છે, કાગડાને લીંબડાની લીંબોળી દ્રાક્ષ જેવી પ્રિય લાગે છે તેમ અજ્ઞાનીને વ્રત, તપ, ભક્તિ, પૂજાદિના શુભભાવ નિર્વાણના કારણ લાગે છે.

શું સમ્મેદશિખરના ભગવાનના પગલાંના દર્શન કરવાથી નિર્વાણ થતો હશે?

શ્રોતા :—ના સાહેબ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—તો જાત્રા કરવા શું કામ જાઓ છો?

શ્રોતા :—આપ લઈ ગયા હતા સાહેબ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એવો બહુમાનનો, ભક્તિનો, વિનયાદિનો શુભભાવ આવે છે પણ તેનાથી નિર્વાણ થતો નથી, શુભભાવથી ધર્મ પણ ન થાય છતાં શુભભાવ હોય છે. જાત્રા કરવાનો ભાવ શુભ છે તેમ આ વાંચન, શ્રવણ આદિનો ભાવ પણ શુભ છે તે કાંઈ ધર્મ નથી. શુભભાવ હોય તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ થવાનું માનવું તે અજ્ઞાન છે. શુભભાવથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય.

ભગવાન પાસે જઈને ગાય કે શિવપદ અમને દેજો રે મહારાજ (૨) તો શું ભગવાન શિવપદ આપે? ભગવાન તો કહે છે કે તારું શિવપદ તારી પાસે છે, મારી પાસે તારું શિવપદ નથી.

આ તો કેવી વાત છે કે શુભરાગ આવે... હોય.... અને વળી બંધનું કારણ છે તો પછી શુભરાગ છોડી દેતાં હોય તો?

ભાઈ! જ્યાં સુધી નિર્વિકલ્પ નહિ થાય ત્યાં સુધી શુભરાગ છૂટશે જ નહિ પણ દૃષ્ટિમાંથી રાગમાત્ર છૂટી જાય છે. દૃષ્ટિમાંથી રાગને છોડવે તે જ તેનો ખરો ત્યાગ છે.

અહીં તો બાળકોને પણ સમજાય તેવા દૃષ્ટાંત આપ્યા છે. બાળકોને લૌકિક દંતકથા કહો તેમાં પણ બહુ રસ પડે જાણે કોઈ શાસ્ત્ર વાંચતા હોય તેમ તે સાંભળે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**हिंसकके भायैं जैसैं**....હિંસક મનુષ્યોને તો હિંસામાં જ ધર્મબુદ્ધિ થાય છે, એકેન્દ્રિય મરે કે પંચેન્દ્રિય મરે... યજ્ઞમાં બકરાને મારે અને ધર્મ થયો માને એ બધાં મૂઢ છે.

આમ, જેમ રંકને કોડીનો, ઘુવડને સંધ્યાનો, કૂતરાને વમનનો, ભૂંડને વિષ્ટાનો, કાગડાને લીંબોળીનો, બાળકને દંતકથાનો, હિંસકને હિંસાધર્મનો રસ અને મહિમા હોય છે તેમ, મિથ્યાદૃષ્ટિને પુણ્ય પરિણામનો રસ અને મહિમા હોય છે જાણે આપણે તો નિર્વાણ આ જ માર્ગે થઈ જશે. સિદ્ધગિરીમાં ઋષદદેવ ૯૯ વાર આવ્યા હતાં માટે આપણે એકવાર સિદ્ધગિરીની યાત્રા કરી આવીએ તો કલ્યાણ થઈ જાય. જેમ, લોકો કાશીમાં કરવત મૂકાવે છે તેમ સિદ્ધગિરીમાં મરણ થાય તો સમાધિમરણ થાય એવી બધી માન્યતાઓ છે તે મૂઢતા છે. પોતે શુભભાવ કરે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે પણ ભગવાન કાંઈ શુભભાવ કે મોક્ષ કરાવી દેતા નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ તો કહ્યું છે કે એકલી ભક્તિના શુભરાગમાં રહો તેના કરતાં કરણાનુયોગ આદિના વાંચન, વિચારમાં રહો તો ભક્તિ કરતાં પણ વિશેષ શુભભાવ થશે પણ એ વાત જીવોને બેસતી નથી.

જૈનમાં આવ્યા પછી પણ કેવા શલ્ય રહે છે તેની આ વાત છે. ભગવાનનું નામસ્મરણ, સ્તવન, સ્વાધ્યાય આદિનો શુભરાગ હોય પણ તેનાથી નિર્જરા થાય એમ માને છે તે યથાર્થ નથી.

શ્રોતા :—શાસ્ત્રમાં એવી વાત આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્રમાં આવે છે તેમાં અપેક્ષા એ છે કે જેને સ્વનું લક્ષ થયું છે તેને સાથે આવા શુભવિકલ્પ હોય છે અને જેટલું સ્વલક્ષનું જોર છે તેટલી નિર્જરા થાય છે. બાકી પરના લક્ષે નિર્જરા ન થાય. આત્માના સ્વભાવનો આશ્રય કર્યો ન હોય, પરનો આશ્રય લીધો હોય તેને ધર્મ કે નિર્જરા થતાં જ નથી.

અશુભથી બચવા ધર્મીને પણ શુભભાવ આવે, શુભભાવના અનેક પ્રકાર છે તેમાંથી ધર્મીને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે પણ ધર્મી જાણે છે કે આ બંધનું કારણ છે. જ્યારે અજ્ઞાની શુભભાવને મોક્ષનું કારણ માને છે. બસ, આ જ દૃષ્ટિની મોટી વિપરીતતા છે તેથી અહીં અજ્ઞાનીને મૂરખ કહ્યો છે–**मूरखके भायैं सुभबंध निरवान है।** આ અધમપુરુષની વાત થઈ.

હવે અધમાધમ પુરુષ કે જે મિથ્યાદૃષ્ટિ તો છે જ, ઉપરાંત અસજ્જન છે–અવિવેકી છે તેનો સ્વભાવ દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## અધમાધમ પુરુષનો સ્વભાવ

कुंजरकौं देखि जैसैं रोस करि भूंसै स्वान,
रोस करै निर्धन विलोकि धनवंतकौं।
रैनके जगैय्याकौं विलोकि चोर रोस करै,
मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौं॥
हंसकौं विलोकि जैसैं काग मन रोस करै,
अभिमानी रोस करै देखत महंतकौं।
सुकविकौं देखि ज्यौं कुकवि मन रोस करै,
त्यौं ही दुरजन रोस करै देखि संतकौं॥२२॥

અર્થ :—જેવી રીતે કૂતરો હાથીને જોઈને ક્રોધિત થઈને ભસે છે, ધનવાન માણસને જોઈને નિર્ધન મનુષ્ય ક્રોધિત થાય છે, રાતે જાગનારને જોઈને ચોર ક્રોધિત થાય છે, સાચું શાસ્ત્ર સાંભળીને મિથ્યાત્વી જીવ ક્રોધિત થાય છે, હંસને જોઈને કાગડો ગુસ્સે થાય છે, મહાપુરુષને જોઈને ઘમંડી માણસ ક્રોધ કરે છે, સુકવિને જોઈને કુકવિના મનમાં ક્રોધ આવે છે તેવી જ રીતે સત્પુરુષને જોઈને અધમાધમપુરુષ ગુસ્સે થાય છે.

કુંજર એટલે હાથી. હાથીના મોટા શરીરને જોઈને કૂતરાને સહન ન થાય, એ હાથી સામે ભસે. હાથીને કાંઈ પડી ન હોય, હાથી કૂતરાની સામે જોતો પણ ન હોય છતાં કૂતરાનો તેની સામે ભસવાનો સ્વભાવ છે તેમ, ધર્મીને જોઈને દુર્જનને દ્વેષ આવે, ધર્મીને કોઈ માન આપે, તે દુર્જનથી સહન ન થાય એટલે ધર્મી ઉપર દ્વેષ કરે. જેમ ધનવાનને જોઈને ગરીબને રોષ થાય. તેમાં પણ જો પોતાનો કુટુંબી ધનવાળો થઈ ગયો હોય અને તેની સાથે પોતાને મેળ ન હોય અને પોતે ગરીબ હોય તો ધનવાનની બહુ ઈર્ષ્યા કરે, જેમ તેમ બોલે, તેમ ધર્મીને જોઈને દુર્જન દ્વેષ કરે છે.

ચોરને રાત્રે ચોરી કરવી હોય એટલે રાત્રે જાગનારા પ્રત્યે તેને ગુસ્સો આવે. તેમ મિથ્યાદૃષ્ટિને સિદ્ધાંતો કહેનારા પ્રત્યે ગુસ્સો આવે છે. રાગથી ધર્મ ન થાય, પરદ્રવ્યથી લાભ-નુકશાન ન થાય વગેરે સાચા સિદ્ધાંતો સાંભળીને મિથ્યાદૃષ્ટિને એમ થાય કે આ ધર્મી વ્યવહારનો લોપ કરી નાખશે—એમ કરીને ધર્મી ઉપર દ્વેષ કરે છે કે તમે કહો છો–વ્યવહારથી ધર્મ ન થાય, નિશ્ચયથી જ ધર્મ થાય તો નિશ્ચયના કરનારા કેટલાં નીકળવાના? વ્યવહારથી ધર્મ કહો તો બધાં જીવો ધર્મ કરી શકે. અત્યારે આ કાળમાં સમકિત ન હોય, અત્યારે તો વ્રત, તપ કરીને સુકાઈ જવું તે જ ધર્મ છે એમ અનેક પ્રકારે ધર્મીએ કહેલાં સત્ય સિદ્ધાંતોનો નિષેધ કરે છે.

www.vitragvani.com



મિથ્યામતી એમ પણ કહે કે અમે તો ભગવાને કહેલાં અનેકાંતને માનીએ છીએ. 'આત્માના આશ્રયે જ ધર્મ થાય, બીજી રીતે નહિ' એવા એકાંતને અમે માનતા નથી. ભાઈ! આત્માના આશ્રયે જ ધર્મ થાય, અન્યના આશ્રયે ધર્મ ન થાય એ જ સાચું અનેકાંત છે. પરના આશ્રયે ધર્મ ત્રણકાળ ત્રણલોકમાં ક્યારેય કોઈને ન થાય. સાક્ષાત્ તીર્થંકર સમવસરણમાં બિરાજતાં હોય તેની ભક્તિ કરે તો તે પણ શુભભાવ છે, ધર્મ નથી. એવો ભક્તિનો રાગ આવે તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ ન થાય.

સંતને દેખીને દુર્જન દ્વેષ કરે છે એ બતાવવા માટે આ બધાં દૃષ્ટાંત છે.

હંસને જોઈને કાગડાને દ્વેષ થાય છે. વીતરાગની વાણીમાં વીતરાગતા ભરેલી હોય છે. વીતરાગના દરેક સિદ્ધાંતો સત્યસ્વરૂપને બતાવે છે. વીતરાગતા સ્વના આશ્રયે જ પ્રગટ થાય છે, પરના આશ્રયે પ્રગટ થતી નથી એવું સિદ્ધાંતનું સત્યસ્વરૂપ છે. તેની સામે મિથ્યામતી એમ કહે છે કે શુભભાવ પરાશ્રિત છે માટે તેનાથી સીધો ધર્મ ન થાય પણ પરંપરા ધર્મ તો થાય ને! ભાઈ! જેને અશુભથી બચવા શુભભાવ આવે છે પણ તેમાં ધર્મબુદ્ધિ નથી એવા સમકિતી જીવોને શુભભાવ છૂટીને શુદ્ધભાવ થાય છે માટે તેને પરંપરા ધર્મનું કારણ કહ્યું છે. પણ અજ્ઞાનીને તો શુભભાવ પરંપરા અનર્થનું કારણ કહ્યું છે કેમ કે તેને શુભભાવની રુચિ છે, શુભથી કલ્યાણ માને છે માટે તેને અનર્થનું કારણ થાય છે એમ કુંદકુંદઆચાર્યે પોતે 'બારભાવના'માં કહ્યું છે.

વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી થાય–રાગથી ન થાય, અને વીતરાગતા સ્વના આશ્રયે જ થાય, પરના આશ્રયે વીતરાગતા ન થાય. આવા વીતરાગતાના આરાધક સંતને જોઈને કાગડા જેવા દુર્જનોને દ્વેષ આવે છે કે 'શું આવાને આવા ધર્માત્મા પાક્યા છે!'

અભિમાની માણસને પોતાથી કોઈ મોટા મહંતને જોઈને દ્વેષ આવે છે. અમે વર્ષો જૂના અભ્યાસી છીએ અને તમે આજના જાગેલાં મોટા જ્ઞાની થઈ ગયા! એમ અભિમાની રોષ કરે છે–એ જ રીતે સુકવિને જોઈને કુકવિને દ્વેષ આવે છે. કુકવિ તો ખોટા ગુણગાન કરે છે. આગળ ૪૧૫ પાના ઉપર કુકવિની વાત આવે છે કે સ્ત્રીના મુખ, સ્તન, હોઠ આદિને ઊંચી ઊંચી ઉપમા આપીને ખૂબ મલાવે છે પણ એ માંસના લોચાં છે તેની શું મહિમા! તેમાં જ કેંસર અને સડો થાય ત્યારે શું દશા થાય છે! માટે જો તેના વચનને કોઈ પ્રમાણ કરવાનો પ્રયત્ન કરે તો મૂઢ! ઠરે. ભલે મિથ્યામતી હોય પણ શાસ્ત્ર પ્રમાણે સત્યવચન કહે તો તેને સૌ કોઈ પ્રમાણ કરે પણ જૂઠા વચનને કોઈ સ્વીકારે નહિ.

આમ, સત્પુરુષને દેખીને અધમાધમ પુરુષ દ્વેષ કરે. આ જ વાતને વિશેષ ૨૩ મા પદ્યમાં કહે છે. બંધ અધિકાર છે એટલે બંધના ભાવવાળા જીવોનું સ્વરૂપ સ્પષ્ટ કરીને બતાવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



सरलकौं सठ कहै वकताकौं धीठ कहै,
विनै करै तासौं कहै धनकौं अधीन है।
छमीकौं निबल कह दमीकौं अदत्ति कहै,
मधुर वचन बोलै तासौं कहै दीन है।
धरमीकौं दंभी निसप्रेहीकौं गुमानी कहै,
तिसना घटावै तासौं कहै भागहीन है।
जहां साधुगुन देखै तिन्हकौ लगावै दोष,
ऐसौ कछु दुर्जनकौ हिरदौ मलीन है॥२३॥

અર્થ :—અધમાધમ મનુષ્ય, સરળ ચિત્તવાળા મનુષ્યને મૂર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે, સંયમીને લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે, સંતોષીને ભાગ્યહીન કહે છે. અર્થાત્ જ્યાં સદ્ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલિન હોય છે.

દુર્જન મનુષ્ય બધાંની ટીકા જ કરતો રહે છે. કોઈ સરળ વ્યક્તિ હોય તો દુર્જન તેને મૂરખ ઠરાવશે—કે એને ભાન જ ક્યાં છે! અમારે એવું થયું હતું કે વેપાર કરતાં હતાં ત્યારે મુંબઈથી માલ લઈને પાલેજ જવું હતું તો ટિકિટ બે અને માલનું વજન ઘણું વધારે હતું તો કીધું વજન કરાવીને પૈસા ભરી દઈએ તો સાથેવાળા કહે આ ભગત તો એવા ને એવા જ રહ્યાં! એવા પૈસા ભરવાના ન હોય. અહીંથી જેમ તેમ કરીને માલ ચડાવી દેવાનો અને પાલેજમાં તો માસ્તરો બધાં આપણાં જાણીતા હોય તે કાંઈ પૂછવાના નથી. અરે, કીધું ચોરી તો ખરી ને! ચોરી કરીને પોતાને ડાહ્યાં માને–શાહુકાર માને એ જ ખરેખર મૂરખ છે.

કોઈ બોલવામાં હોશિયાર હોય તો તેને દુર્જન મનુષ્ય 'ધીઠ' કહે છે અને કોઈ વિનયી હોય તો વિનય કરે તેને દુર્જન માણસ ધનને આધીન ઠરાવે છે કે તેને પૈસા જોઈતા લાગે છે માટે વિનયથી બોલે છે. ક્ષમાવાન મનુષ્ય દરેક પ્રસંગમાં શાંતિ રાખે, ક્ષમા રાખે તો દુર્જન એમ કહે કે એ તો કાયર છે તેનામાં જોર ક્યાં છે! નમાલો છે તેનામાં તાકાત હોય તો સામાનું અપમાન ન કરી નાંખે!

સંયમવાળા (સદાચારવાળા) માણસો પાન, તમાકુ વગેરે વ્યસન ન રાખે અને બિનજરૂરી શૃંગાર આદિ ન કરે તેમને અજ્ઞાની જીવો કંજૂસ-કૃપણ ઠરાવે છે અર્થાત્ અધમાધમ પુરુષ દમી-સંયમીને અદત્તિ કહે છે.

www.vitragvani.com



કોઈ મધુર વચન બોલે તેને વીર્યહીન કહે છે, ગરીબ કહે છે અને ધર્મીને દંભી કહે છે–ઢોંગી કહે છે. જુવાન અવસ્થામાં ધર્મ કરવાનો હોય! ઢોંગી છે–ધર્મ કરવા નિકળી પડ્યો છે!

કોઈ માણસ નિસ્પૃહી હોય, કોઈની ખુશામત આદિ ન કરે તો તેને અધમાધમ પુરુષ અભિમાની ઠરાવે છે. નિસ્પૃહને કોઈ આવે તેનો મહિમા ન આવે તેથી અધમાધમને એમ થાય કે આ તો સામુ પણ જોતો નથી, અભિમાની લાગે છે.

સંતોષી મનુષ્યને તૃષ્ણા ન હોય તેથી ખાવા-પીવા આદિ બધાંમાં સંતોષથી રહે તો તેને આ ભાગ્યહીન કહે છે; અમારે તો પાંચેય ઇન્દ્રિયના વિષયો જોઈએ–એને ભોગવે તે ભાગ્યશાળી છે.

**जहां साधुगुन देखै तिन्हकौ लगावै दोष**—દુર્જન મનુષ્ય જ્યાં જ્યાં સદ્‌ગુણ દેખાય ત્યાં ત્યાં દોષ લગાવે છે. એવું જ તેનું હૃદય મલિન હોય છે.

આ બનારસીદાસે બંધ અધિકારમાં પોતે પદ્ય લખ્યું છે તેનો અર્થ થયો. હવે અમૃતચંદ્રાચાર્યના આઠમા કળશ ઉપર બનારસીદાસજી ૨૪મુ પદ્ય લખે છે.

### મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન

**मैं करता मैं कीन्ही कैसी।**
**अब यौं करौं कहौ जो ऐसी।**
**ए विपरीत भाव है जामैं।**
**सो बरतै मिथ्यात दसामैं।।२४।।**

અર્થ :—હું કહું છું કે મેં આ કામ કર્યું (જે બીજાથી બની શકે નહિ) હવે પણ હું જેવું કહું છું તેવું જ કરીશ. જેનામાં આવા અહંકારરૂપ વિપરીતભાવ હોય છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે.

જુઓ, આ ઘરના કામ, ગામના કામ, સમાજના કામ બધાંમાં હું આગળ પડતો હતો તેથી આ બધાં કામ થયાં. ફલાણાને મેં જીવાડ્યો અને પહેલાં પાપીને મેં મારી નાંખ્યો. આમ અનેક પ્રકારે અજ્ઞાની જીવ મિથ્યા અભિમાન કરે છે. ખરેખર કોઈ પરદ્રવ્યના કાર્ય કે જીવન-મરણ અન્ય દ્રવ્ય કરી શકતું જ નથી. મફતનો અભિમાન કરે છે કે અમે મીલમાં ઘણાં માણસને નભાવીએ છીએ—અત્યારે તો આટલું કરીએ છીએ પણ બે પાંચ વર્ષમાં તો ઘણો સુધારો કરી નાંખશું. હું જો કરવા ધારું તો બધાં કામ સુધારી નાંખું—કર્યા વગર પણ રહું નહિ—

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

દુનિયા જોતી રહેશે....મૂઢ છે. રજકણને ફેરવવાની પણ એની તાકાત નથી બાપુ! પરમાં લેવા-દેવાની ક્રિયા તારાથી ન થાય. છતાં જે અભિમાન કરે છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે. પરના આશ્રયે ધર્મ તો ન થાય પણ પરના કાર્ય પણ જીવ ન કરી શકે એ વાત અહીં ચાલે છે.

અમે આ સુંદર પ્રતિમા લઈ આવ્યાં, અમે પાઠશાળા ચલાવીએ છીએ, અમે ઉઘરાણીએ જઈએ તો ગ્રાહકો ફટાફટ પૈસા કાઢવા માંડે, તમે નમાલા શું પૈસા કઢાવવાના હતાં!–આમ અનેક પ્રકારે પરના કાર્યો હું કરું છું અને કરી શકું છું એમ માનનાર મૂઢ છે—મિથ્યાત્વદશામાં વર્તે છે.

ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૩૯)*

www.vitragvani.com



# પરના કર્તૃત્વનું અભિમાન છોડો

(સળંગ પ્રવચન નં. ૯૪)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ અધિકાર ચાલે છે. મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન ચાલે છે તેમાં વિશેષ સ્પષ્ટતા કરે છે.

**अहंबुद्धि मिथ्यादसा, धरै सो मिथ्यावंत।**
**विकल भयौ संसारमैं, करै विलाप अनंत।**

અર્થ :—અહંકારનો ભાવ મિથ્યાત્વ છે, આ ભાવ જે જીવમાં હોય છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ સંસારમાં દુઃખી થઈને ભટકે છે અને અનેક પ્રકારના વિલાપ કરે છે.

જેને ઊંધી માન્યતારૂપ મિથ્યાત્વનું શલ્ય અંતરમાં પડ્યું છે તેને હું શરીરનું ધ્યાન રાખું, હું નાતના કામ કરું, દેશની સેવા કરું, બીજાંને સગવડતા આપું, બીજાને અગવડતા આપું, બીજાંની હિંસા કરું એમ અનેક પ્રકારે મિથ્યા અહંકાર વર્ત્યા કરે છે. ખરેખર આત્માનું કાર્ય તો જ્ઞાન અને આનંદને કરવું તે છે તેના બદલે આ શરીરનું હલન-ચલન, ખાવું-પીવું, બોલવું હું કરું છું એવી માન્યતા કરે છે તે મિથ્યા છે.

**अहंबुद्धि मिथ्यादसा**—પોતાના સ્વરૂપને છોડી જ્યાં ત્યાં અહંમપણું કરવું, રાગ, દયા, ધનાદિ હું કરું છું એવી જે કર્તાપણાની બુદ્ધિ કરવી તે અજ્ઞાન છે, મિથ્યાદશા છે. આવી દશાને ધરનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. અનાદિથી મિથ્યાદૃષ્ટિ **मिथ्यादृष्टि विकल** ગાંડો થયો છે—મૂરખ થયો છે. મૂર્ખાઈવશ તે દુઃખી થઈને સંસારમાં ભટકે છે.

પોતાના આત્મા સિવાય પરનું હું કાંઈ કરી શકું, બીજાંને જીવાડી શકું, મારી શકું, સુખી-દુઃખી કરી શકું, મંદિર બનાવી શકું, વાણી બોલી શકું, શરીરનો સદ્‌ઉપયોગ કરી શકું... એ બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે. મૂરખ દુઃખી થઈને આ બધું હું કરું છું એમ માને છે, કરી શકતો નથી.

હું દુકાનના થડા ઉપર બેઠો હોઊં તો ગ્રાહકોને બરાબર સાચવી શકું અથવા મિલના માણસોને સંભાળી શકું. ભાઈ! તું આત્મા છો તું તારાં હોવાપણામાં સીધું કે ઊલટું પરિણમન કરી શકે પણ જ્યાં તારું હોવાપણું નથી એવા પરના હોવાપણામાં કાંઈ પણ કરવું તારાં માટે શક્ય નથી. તું તો તારાં જ્ઞાનાનંદને કરે તો તું સમ્યગ્દૃષ્ટિ છે તે સિવાય શરીર, વાણી, કુટુંબ,

www.vitragvani.com



ધંધો આદિ બહારના કામોને હું વ્યવસ્થિત કરી શકું, નોકરો પાસેથી બરાબર કામ લઈ શકું,... એવી માન્યતા કરનારો મિથ્યાદૃષ્ટિ અજૈન છે. જૈન હોય તોપણ તે જૈન નથી. જૈન તો તેને કહીએ કે જે પોતાના સ્વભાવ સિવાય કોઈનો કર્તા ન થાય. દયા, દાન, વ્રત, પૂજાના ભાવ આવે પણ તે મારો સ્વભાવ નહિ, એ તો વિકાર છે, હું તો તેનો જાણનાર-દેખનાર છું. બાકી દયા-દાનાદિ પરિણામને હું કરું, એ મારું કર્તવ્ય છે એમ માનનાર જૈન નથી. જૈન એટલે રાગને જીતનારો. રાગાદિનો કરનાર હું એમ માનનારો તો પોતે મિથ્યાત્વથી જીતાઈ ગયો છે. માટે તે જીતનાર-જૈન નથી.

હું ઈન્દ્રિયો વડે વિષય લઉં તેનાથી હું સુખી થાઉં –એમ માનનાર મૂઢ છે. ઈન્દ્રિયો તો જડ છે જડ વડે ચેતનનું કાર્ય કેવી રીતે થાય! રાગ આવે તે જુદી વાત છે. આગળ ૩૦માં પદ્યમાં કૂતરાનું દૃષ્ટાંત આવશે કે કૂતરો સૂકા હાડકાને ચાવે તેની અણી પેઢામાં વાગે એટલે લોહી નીકળે, તો કૂતરાને એમ લાગે કે આ હાડકામાંથી લોહી આવે છે તેમ મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવને દાળ, ભાત, મેવા, મિઠાઈ ખાતાં પોતાને રાગ ભાવ થાય છે તો મિથ્યાદૃષ્ટિને એમ લાગે છે કે આ મને ખોરાકનો સ્વાદ આવે છે, કોઈ આબરૂના વખાણ કરે તો તે સાંભળવાથી મને સુખ થાય છે ખરેખર તો પોતાનું ચિત્ત એ વિષયોમાં એકાગ્ર કરીને પોતે મજા માને છે તેનું વેદન છે. વિષયોમાંથી સુખનો સ્વાદ આવતો નથી પણ મૂરખ એમ માને છે–મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ આ રીતે મિથ્યા છે માટે તે જૈન નથી.

ભાઈ! તારો આનંદ તો તારામાં છે ને! તું પોતે સુખસ્વરૂપ, ત્રિકાળી આનંદનો નાથ છો. એ આનંદમાં એકાગ્રતા થાય તો અંતરમાંથી આનંદ આવે તે સાચો આનંદ છે તે જાણે પ્રગટ કર્યો તેને જૈન કહેવાય પણ રાગમાં એકાગ્રતા કરીને રાગને જ પોતાનું કર્તવ્ય અને ફરજ માને, સમાજની વચ્ચે સ્ત્રીને હાથ પકડીને લાવ્યો છું તો તે સ્ત્રીને મારે નભાવવી જોઈએ, કુટુંબને નભાવવું જોઈએ, નાતના કામ કરવા જોઈએ એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ મહા મિથ્યાત્વનું પાપ કરે છે તેને જૈન કહેવાતો નથી.

**विकल भयौ संसारमैं**–જ્યાં હોય ત્યાં અભિમાન કરે સંસારમાં અનેક પ્રકારે અજ્ઞાનીજીવ વિલાપ કરે છે. સાધુ નામ ધરાવીને પણ જે એમ માને છે કે મેં આટલાં શ્લોકો બનાવ્યાં, આટલા પુસ્તકો તૈયાર કર્યા, જગતના જીવોને સમજાવ્યા... તે બધો મિથ્યાત્વ ભાવ છે. પુસ્તક તો રજકણનો પિંડ છે. તે રજકણની ક્રિયાને કોણ કરે? અને અન્ય જીવોને કોણ સમજાવી શકે! ભાષાના કાર્યનો કર્તા થાય છે તેને એમ થાય છે કે હું બીજાને સમજાવી દઊં છું.

**करे विलाप अनंत** એટલે કાઠીયાવાડી ભાષામાં કહીએ તો પોરહ કરે–અભિમાન કરે કે મેં તો આટલાં...આટલાં કામ કર્યાં છે. શેઠના કામ કર્યા, મિલના કામ કર્યા, ઘરના કામ

www.vitragvani.com



કર્યા, લોકો જોતા રહે એવી રીતે છોકરાંના લગ્ન કર્યા... એવું વ્યવસ્થિત કામ કર્યું છે કે હવે બીજાં છોકરાઓને કન્યા જલ્દી મળી જશે... એમ અનેક પ્રકારે અભિમાન કરે છે તે મૂરખ છે તેના અભિમાનને અહીં વિલાપ કહ્યો છે. અજ્ઞાનીએ પરનો સ્વામી થઈને પરના કામનો બોજો પોતાના માથે ઉપાડ્યો છે.

તો પછી કોઈનું કાંઈ કરવું નહિ ને! એ તો સ્વાર્થી થયો. ભાઈ! પરદ્રવ્યનું કામ કોઈ કરી શકતું જ નથી. સર્વ આત્માઓ અને સર્વ પુદ્‌ગલો સ્વતંત્ર પદાર્થ છે અને સમયે પદાર્થ પોતાની વર્તમાન પર્યાયના કાર્ય વિનાનો હોતો નથી માટે એક પદાર્થનું કાર્ય બીજો પદાર્થ કરે એમ બની શકતું જ નથી.

અમે મંદિર બનાવ્યાં, અંદર સોનું પુરાવ્યું, ચાંદીના ફૂલથી ભગવાનની પૂજા કરી...એ તો જડના કાર્ય છે તેને જીવ કેમ કરી શકે?

પ્રશ્ન :—શું આત્મા પાંગળો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. આત્મા પર માટે પાંગળો જ છે. ત્રણકાળ ત્રણલોકનો જાણનાર છે પણ કરનાર નથી.

નીચે (નાટક સમયસાર શાસ્ત્રમાં) ૯મો કળશ છે તેની પહેલી લાઈનનો શબ્દાર્થ કરીએ તો આ પ્રમાણે થાય કે અજ્ઞાની, 'હું પરના કાર્ય કરું' એવા અધ્યવસાનને લઈને મફતનો મોહ કરે છે. છોકરાઓને બરાબર ભણાવીને હોશિયાર કરું... આમ કરું....તેમ કરું....એ બધો અજ્ઞાનીનો મોહ નિષ્ફળ છે. મફતનો મૂઢ થઈ રહ્યો છે પરને કોણ કરી શકે! પરના કામ આ જીવથી ત્રણકાળમાં ન થઈ શકે. છતાં પરના કાર્ય મેં કર્યા એવું અભિમાન થાય છે તે મિથ્યાત્વનું મહાન પાપ છે જે સાત વ્યવસનથી પણ મોટું પાપ છે. અનાદિથી અજ્ઞાની આવી મિથ્યામાન્યતા કરતો આવ્યો છે. કોઈ પદાર્થમાં કર્તાપણાની માન્યતા કર્યા વગર તે રહ્યો નથી.

એને એમ થાય કે પૈસાવાળા હોય તે ધર્મમાં મદદરૂપ થઈ શકે, ગરીબ શું કરી શકે! માટે પૈસાવાળાથી ધર્મ ટકે છે. અરે ભગવાન! પૈસા ક્યાં તારાં છે કે તું પૈસાવાળો થઈ ગયો? આ તને શું થયું! પૈસા તો અજીવ છે તેને 'મારાં' માનનારો પોતે અજીવના પ્રેમમાં અજીવ જેવો થઈ રહ્યો છે. હું પૈસાવાળો, હું દીકરાવાળો, હું સારી સ્ત્રીવાળો—એવા અનેક 'વાળા' તેને વળગ્યાં છે. જગતમાં કોઈ ચીજ બાકી નથી કે જેને અજ્ઞાનથી જીવે પોતાની માની ન હોય. શ્લોકમાં આ બધું કહ્યું છે.

શરીર મારું છે, પથ્થ આહાર લઈએ તો શરીરમાં રોગ ન થાય એ બધી મૂઢની માન્યતા છે. શરીર તો જડ છે એ જીવનું ક્યાંથી થાય? અને આહાર અમુક લેવાથી રોગ ન થાય એ પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ખોટી માન્યતા છે. અહીં તો જગતથી ઉલટી વાત છે. એક આંખની પાંપણ ફેરવવી તે પણ આત્માનું કાર્ય નથી. આંખની પાંપણ જડ છે તેનું ફરવું જડના કારણે છે પણ અરે! મૂઢે જગતમાં ક્યાંય પોતાપણું કર્યા વગર છોડ્યું નથી. આ મારું કાર્ય આ પણ મારું કાર્ય – એમ બધાંના કર્તાપણાની માન્યતા સેવી છે. કેમ કોન્ટ્રાકટર ભાઈ! મકાન તમે બનાવો છો ને! કેમ ફલાણાભાઈ! સંચા તમે બનાવો છો ને! કેમ ઈજનેરભાઈ! તમે તો બહુ કામ કર્યા છે ને?

બાપુ! તારાં તત્ત્વ સિવાય–તારા દ્રવ્ય સિવાય બીજાં દ્રવ્યની હયાતી અને તેનું પરિણમન તે દ્રવ્યના કારણે છે. તારે કારણે નહિ. જગતના અનંત પદાર્થને, તારામાં રહીને તેને જાણવાનું કાર્ય તારાથી થાય એ જ્ઞાનનો તું કર્તા છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવની ભક્તિના ભાવોનો પણ કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે ૨૧મા પદ્યમાં બધું આવી ગયું કે ગરીબને ફૂટી કોડી પણ ધન જેવી લાગે છે, ઘુવડને રાત્રિ જ ઈષ્ટ જેવી લાગે છે, કૂતરાને વમન જ દહીં જેવું લાગે છે, ભૂંડને વિષ્ટા જ પકવાન જેવી મીઠી લાગે છે, કાગડાને લીંબોળી દ્રાક્ષ જેવી પ્રિય લાગે છે, હિંસકને હિંસામાં જ ધર્મ દેખાય છે તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય છે. જુઓ! અંદર છે ને! આમાં કાંઈ ખાનગી રાખ્યું છે! મૂરખને શુભબંધ જ નિર્વાણ જેવો પ્રિય લાગે છે. દયા પાળી, વ્રત પાળ્યાં, ઉપવાસ કર્યા, ઉણોદરી કરી, રસપરિત્યાગ કર્યો, તેમાં પણ રાગની મંદતા હોય તો એ પુણ્ય છે તેને અજ્ઞાની ધર્મ માને છે તેને જ નિર્વાણ માને છે. આ મૂરખની માન્યતા છે ભાઈ! વીતરાગનો માર્ગ દુનિયા કરતાં કાંઈ જુદી જાતનો છે. શુભબંધ એ કોઈ કલ્યાણનો રસ્તો નથી, રખડવાનો રસ્તો છે.

કોઈને પ્રશ્ન થાય કે ભરતરાજા, શ્રેણિકરાજા વગેરે સમકિતી હતાં પણ તેને તો રાજ્ય હતું, સ્ત્રીઓનો ભોગ હતો તો એમ કેમ? તો સમાધાન એમ છે કે ધર્મી ખરેખર રાજ્ય કે વિષય-ભોગાદિ હોતા જ નથી. જેણે આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ લીધા છે તેને વિષય-ભોગાદિના વિકલ્પ તો કાળાનાગ જેવા દેખાય છે, દુઃખરૂપ લાગે છે તેથી સમકિતી વિષયથી વિરક્ત હોય છે. સંયોગમાં રાજ્ય, સ્ત્રી આદિ દેખાય પણ સમકિતીને તેનો પ્રેમ નથી, તેને પોતાના માનતાં નથી. તેથી સમકિતી એ વિષયાદિની ક્રિયા અને રાગથી ભિન્ન છે. જ્યારે અજ્ઞાની તો વિષય આદિમાં સુખ માને છે. એવા મૂઢ પુરુષની વાત આગળ ચાલે છે.

મૂઢ મનુષ્ય વિષયોથી વિરક્ત હોતા નથી—

**रविकै उदोत अस्त होत दिन दिन प्रति,**
**अंजुलिकै जीवन ज्यौं जीवन घटतु है।**
**कालकै ग्रसत छिन छिन होत छीन तन,**
**आरेके चलत मानौ काठ सौ कटतु है।।**

www.vitragvani.com



**ऐते परि मूरख न खौजै परमारथकौं,**
**स्वारथके हेतु भ्रम भारत ठटतु है।**
**लगौ फिरै लोगनिसौ पग्यौ परै जोगनिसौं,**
**विषैरस भोगनिसौं नेकु न हटतु है॥२६॥**

અર્થ :—જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે તેવી જ રીતે સૂર્યના ઉદય અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે તેવી જ રીતે 'કાળ' શરીરને ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે. શરીરાદિ પર વસ્તુઓમાં પ્રેમ કરે છે. મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી.

જેમ, ખોબામાંથી પાણી ચાલ્યું જાય છે તેમ જીવન ચાલ્યું જાય છે. સૂર્યના ઉદય-અસ્તની સાથે હંમેશા જિંદગી ઓછી થતી જાય છે પણ અજ્ઞાની પરમાર્થ આત્મસ્વરૂપને ખોજતો નથી. આયુષ્ય જેટલું લઈને આવ્યો છે તેની સન્મુખ જતો જાય છે પણ અજ્ઞાની હું કોણ છું, આ શરીર અને વિકલ્પોથી જુદો હું કોણ છું તેને ખોજવાની દરકાર કરતો નથી બાળપણ અને યુવાની ચાલી ગઈ... ક્ષણે ક્ષણે શરીર ક્ષીણ થતું જાય છે છતાં પરમાર્થ આનંદસ્વરૂપ નિજને ખોજવાની દરકાર કરતો નથી અને આયુષ્ય તો લાકડાં ઉપર કરવત મૂકાય તેમ કપાતું જાય છે. છતાં અજ્ઞાની મૂરખ પોતાના ચૈતન્યને શોધતો નથી. હું ચૈતન્ય કોણ છું, મારો સ્વભાવ કેવો છે? હું ક્યાં ભાવથી રહિત છું અને ક્યાં અભાવથી સહિત છું એને ખોજતો નથી.

અરે! સમયે સમયે આયુષ્ય ઘટતું જાય છે, શરીર ઝીર્ણ થતું જાય છે પણ **स्वारथके हेतु** દુનિયાના લૌકિક સ્વાર્થ માટે થઈને એણે ભ્રમણાનો બોજો ઉપાડ્યો છે. આ દીકરાને લઈને ચડાવવા જોઈએ, દીકરીને સારાં ઘરે પરણાવવી જોઈએ એમ લૌકિકકાર્યમાં અજ્ઞાની મૂઢે મોટો મિથ્યાત્વનો બોજો ઉપાડ્યો છે. અરે! તું ચેતન છો તારે સ્ત્રી, પુત્ર, પરિવાર જ ન હોય. અરે! આસ્રવ પણ તારાં સ્વભાવમાં નથી. તું આસ્રવથી રહિત તત્ત્વ છો તો અન્ય પદાર્થ તારાં ક્યાંથી હોય કે તેનો બોજો તારે ઉપાડવો પડે! સ્ત્રીને રાજી રાખવી, છોકરાને રાજી રાખવા, શેઠને રાજી રાખવા, અધિકારીઓને રાજી રાખવા, વેવાય-વેવાણને રાજી રાખવા આમ, બધાંને રાજી રાખવામાં અજ્ઞાનીની જિંદગી ચાલી જાય છે.

શ્રીમદે કહ્યું છે ને! જગત કેમ મને સારો કહે, જગત કેમ મને મોટો કહે, જગત કેમ મને બીજાં કરતાં જુદી જાતનો વિચિક્ષણ કહે, એમ જગતમાં સારાં થવા અને જગતને

www.vitragvani.com



રૂડું દેખાડવામાં જીવન પૂરું થાય છે. આવા લૌકિક કાર્યોમાં ફસાઈ જઈને અજ્ઞાનીએ ભ્રમણાનો મોટો ભાર ઉપાડ્યો છે. **लगौ फिरै लोगनिसौ** જેની સાથે પોતાને પ્રેમ હોય તેવા સગાં-સંબંધી, મિત્રો વગેરે સાથે લાગેલો રહે છે તેમાં જ પ્રીતિ અને રુચિ કરે છે પણ હું ભગવાન જેવો કોણ છું તે જોવાનો પ્રેમ નથી. સાધુ નામ ધરાવે તોપણ શિષ્યો કરવા, પૈસા ઉઘરાવવા વગેરે કાર્યોની હોળી કર્યા કરે છે પણ પૈસાનું તારે શું કામ છે! શેઠિયાઓની પાછળ ફર્યા કરે છો... મૂરખ છો.

**पग्यौ परै जोगनिसौं**–મન-વચન-કાયાની ક્રિયામાં લવલીન રહે છે. એ તો જડ માટી છે પણ તેની ક્રિયાનો કર્તા પોતે થવા જાય છે. ઉપધાન કરે ત્યારે ભગવાનની પાસે સો ખમાસણા આપે છે હવે એ દેહની ક્રિયાથી આત્માને શું લાભ થાય! રાગની મંદતા હોય તો પુણ્ય થાય અને જો થાકથી કલુષતા થાય તો પરિણામમાં કાંઈ ઠેકાણું ન રહે.

**विषैरस भोगनिसौं नेकु न हटतु है**–અજ્ઞાની વિષયના રસમાંથી જરાય પાછો હટતો નથી. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ આ પાંચ ઇન્દ્રિયના વિષયોનું જ તેને ધ્યેય છે. આત્મા જ મારું ખરું ધ્યેય છે તેની એને ખબર નથી. સ્વ વિષયને છોડીને પરવિષય કે રાગાદિ કોઈમાં લક્ષ જાય છે તે વિષય જ છે. સ્વના લક્ષ વગર શુભભાવમાં ઊભો હોય તે પણ વિષય છે. ૩૧ મી ગાથામાં ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય બધાંને ઇન્દ્રિય કહ્યાં છે તે આત્મા નથી. વીતરાગની વાણીને વિષય બનાવે છે તે પણ ઇન્દ્રિય છે. જડ ઇન્દ્રિય, ભાવન્દ્રિય ખંડખંડજ્ઞાન અને ઇન્દ્રિયના વિષયો એ ત્રણેયને જીતે તે જિતેન્દ્રિય છે એટલે કે તેનું લક્ષ છોડી અતીન્દ્રિય ભગવાન આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ 'ઇન્દ્રિયનું જીતવું' કહેવાય. આત્માનાં આનંદનો વિષય છોડીને જેટલો પર ઉપર લક્ષ જાય છે તે બધો પરવિષય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર પણ લક્ષ રહે ત્યાં સુધી ધર્મ ન થાય.

લોકોને આ એકાંત લાગે. પરથી પણ લાભ થાય અને સ્વના આશ્રયે પણ લાભ થાય તો અનેકાંત કહેવાય એમ લોકો માને છે તેથી પરના વિષયથી એક અંશમાત્ર ખસતો નથી. આ બંધ અધિકાર છે એટલે અહીં ભાવબંધ બતાવે છે. શુભરાગ અને તેનું નિમિત્ત પણ પરવિષય છે તેની લોકો ધર્મ માનીને બેઠા છે. એ ભ્રમણાનો ભાર છે. શુભભાવ પણ લૌકિક છે.

સમ્યગ્દૃષ્ટિ રાજ્ય ભોગમાં પડ્યો છતાં તે પરવિષયથી છૂટેલો છે તે વાત આગળ આવશે. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન છે. સ્વાશ્રયદૃષ્ટિમાં એકાગ્ર છે પરવિષય અને રાગથી તો મુક્ત છે. ૧૯૩ મા પાના ઉપર (નાટક સમયસારમાં) ૩૧મા પદ્યમાં આવશે. **असंख्यात लोक परवान जे मिथ्यात भाव तेई विवहर भाव केवली-उकत हैं।** જેટલાં વ્યવહારભાવ છે તેને ધર્મ માને તો તેટલા જ મિથ્યાત્વભાવ થાય છે. **जिन्हकौ मिथ्यात्व गयौ सम्यकदरश भयौ, ते नियत-**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**लीन विवहरसौं मुकत** है। સ્વવિષયમાં જે લીન છે તે સમકિતી રાગ, દયા, દાન, ભક્તિ આદિ વ્યવહારથી મુક્ત છે.

જગતને વીતરાગની વાણી સાંભળવી દુર્લભ થઈ પડી છે. વ્યવહાર કહો કે રાગ કહો કે આસ્રવ કહો તેમાં જેની એકત્વબુદ્ધિ છે તે મિથ્યાદૃષ્ટિ છે કેમ કે વ્યવહાર એટલે શુભભાવ અને શુભભાવ એટલે ભાવબંધ. ભાવબંધ ઉપર જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ ભાવબંધથી મુક્ત છે. ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા, શાસ્ત્રશ્રવણ, ચિંતવન, મનન એ બધો ભાવ વ્યવહાર છે તેમાં એકત્વ કરવું તે મિથ્યાત્વ છે. સમકિતીને તેમાં એકત્વ નથી તેનાથી મુક્ત છે. ધર્મી તો સ્વભાવ તરફના વલણમાં અંદર ચાલ્યા જ જાય છે તેમાં રાગ તેને રોકી શકતો નથી. સ્થૂળ વિષયમાં તો ધર્મીને એકત્વ નથી પણ સૂક્ષ્મ વિષય-શુભભાવના વિષયમાં પણ ધર્મીને એકત્વ નથી.

દેવ-ગુરુને બહાર માનો તો તમારા ભવનો છેદ થઈ જશે એમ કેટલાક કહે છે. ભાઈ! એ તો રાગ છે–વિકલ્પ છે તેનાથી ભવનો છેદ ન થાય. રાગથી કલ્યાણ માનનારની દૃષ્ટિ મિથ્યા છે.

આકરું પડે કે સહેલું પડે પણ માર્ગ તો આ છે. વીતરાગભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. આ માર્ગે ચાલનારાં ધર્મી વ્યવહારમાત્ર એકત્વબુદ્ધિથી છૂટી ગયાં છે. અજ્ઞાની તેમાં એકત્વ કરે છે તેથી શુભરાગથી લાભ માને છે.

સીધી આવી વાત સાંભળીને નવા માણસને એમ થાય કે અહીં તો સીધી એલ.એલ.બી.ની જ વાત છે, પહેલાં એકડાંની વાત તો કરતાં નથી પણ ભાઈ! આ જ સમ્યગ્દર્શનના પહેલા એકડાંની વાત છે એલ.એલ.બીની વાત નથી.

અજ્ઞાની પરની રુચિથી ખસતો જ નથી. પરનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આવા અજ્ઞાની જીવોની મૂઢતા અહીં દૃષ્ટાંતથી સમજાવે છે.

અજ્ઞાની જીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દૃષ્ટાંત

**जैसैं मृग मत्त वृषादित्यकी तपत मांहि,**
**तुषावंत मृषाजल कारन अटतु है।**
**तैसैं भववासी मायाहीसौं हित मानि मानि,**
**ठानि ठानि भ्रम श्रम नाटक नटतु है।।**
**आगेकौं धुकत धाइ पीछे बछरा चवाइ,**
**जैसैं नैनहीन नर जेवरी बटतु है।**

वैसैं मूढ़ चेतन सुकृत करतूति करे,
रोवत हसत फल खोवत खट्तु है॥२७॥

અર્થ :—જેવી રીતે ગ્રીષ્મકાળમાં સૂર્યનો તીવ્ર આતાપ થતાં તરસ્યું હરણ ઉન્મત્ત થઈને મિથ્યા જળ તરફ નકામું જ દોડે છે, તેવી જ રીતે સંસારીજીવ માયામાં જ કલ્યાણ માનીને મિથ્યા કલ્પના કરીને સંસારમાં નાચે છે. જેવી રીતે આંધળો મનુષ્ય આગળ આગળ દોરડું વણતો જાય અને પાછળ વાછડું ખાતું જાય તો તેનો પરિશ્રમ વ્યર્થ જાય છે, તેવી રીતે મૂર્ખ જીવ શુભાશુભક્રિયા કરે છે અથવા શુભક્રિયાના ફળમાં હર્ષ અને અશુભક્રિયાના ફલમાં ખેદ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાખે છે.

આ તો વીતરાગમાર્ગની વાત છે બાપા! જે વાત અર્ધલોકના સ્વામી ઈન્દ્રો સાંભળતા હશે તે શું કુંભાર કરે તેવી સાધારણ વાત હશે! 'દયાથી ધર્મ થાય' એવી વાત તો કુંભાર પણ કરે છે તો શું વીતરાગ પણ એમ કહેતાં હશે! એકભવતારી શક્રેન્દ્ર જે કથા સાંભળવા આવે તે કથા બાપુ કેવી હોય!! શક્રેન્દ્ર ઈન્દ્ર અને ઈન્દ્રાણી બંને ક્ષાયિક સમકિતી હોય છે અને મનુષ્ય થઈને મોક્ષ જવાના હોય છે એવા જીવો પણ સમવસરણમાં ભગવાન પાસે જે કથા સાંભળવા આવે તે કથા કેવી હોય ભાઈ!

શ્રોતા :—અલૌકિક હોય.

અહીં કહે છે–ઉનાળામાં હરણ પાણીની તરસથી પીડાઈને પાણી માટે આમથી તેમ દોડે છે. મૃગજળમાં જળની કલ્પના કરીને દોડે છે પણ, તેમાં પાણી ક્યાં મળે!

મુંબઈ વ્યાખ્યાનમાં આ મૃગલાની વાત કરી હતી તેના ઉપરથી ભજનમંડળીવાળાએ ગીત બનાવ્યું છે કે,

સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ,
દોડે હાંફે ઝાંઝવા જળની કાજ
અરેરે! સાચાં વારિ (પાણી) એને ના મળે રે લોલ...

ભર્યા સરોવર મૂકીને મૃગજળમાં પાણી શોધવા જાય તો ત્યાં ક્યાં પાણી હતું કે તેને મળે? તેમ, ભગવાન પોતે તો આનંદજળનું ભરેલું સરોવર છે તેને મૂકીને શુભ ક્રિયારૂપી મૃગજળમાં અજ્ઞાની મૃગલાં ફર્યા કરે છે પણ તેમાં શાંતિ કે આનંદ ક્યાંથી મળે!

એ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ,
જોડી દયો આતમ સરોવર રે આજ,
એને મળશે આતમસુખ અમૂલા રે લોલ...

www.vitragvani.com



મનના મૃગલાંને પરવિષયથી છોડાવીને પાછા વાળીને સ્વવિષયમાં જોડી દયો તો અમૂલ્ય એવું આત્મસુખ મળશે. જેની દૃષ્ટિ પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર છે તે બધાં વિષયના અને ભોગના જ અર્થી છે. સ્વવિષયને ધ્યેય બનાવવાની જરૂર છે તે તો કરતો નથી અને મફતનો હેરાન થઈને ભમે છે.

મિથ્યાત્વમૂળ અંતરે પડ્યાં રે લોલ,
ડાંખલા તોડ્યે વૃક્ષ ન સૂકાય,
તમે લે જો સમ્યક્ત્વ કુહાડી હાથમાં રે લોલ.

રાગમાં ધર્મ માનવો તે મિથ્યાત્વનું મૂળ છે એ જ્યાં સુધી કપાય નહિ ત્યાં સુધી મંદકષાય કરવાથી કાંઈ સંસાર-પરિભ્રમણ ઓછું ન થાય. મિથ્યાત્વના મૂળને કાપવા માટે તો સમ્યક્ત્વરૂપી કુહાડીનો ઉપયોગ કરવો પડે એટલે કે, જ્ઞાનાનંદ સ્વભાવ નિજ ભગવાન આત્મામાં નજર કર તો તને સમ્યગ્દર્શન અને શાંતિ થશે અને મિથ્યાત્વરૂપી મૂળ છેદાશે બાકી, ઝાંઝવામાં પાણી શોધવામાં તારી તૃષા નહિ છીપે ભાઈ! આત્માની ઓળખાણ વગર માત્ર દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાથી તારી તૃષા નહિ છીપે, કેમકે એ પણ પર દ્રવ્ય છે, પર દ્રવ્યના આશ્રયે જીવનું કલ્યાણ કદી ન થાય. પરદ્રવ્યના આશ્રયે જીવને વિકલ્પ અને રાગ જ થાય. માટે, પરમાંથી કલ્યાણની આશા રાખીશ તો મૃગલાંની જેમ હેરાન થઈશ. મારગ તો આવો છે. તેને બેસે કે ન બેસે પણ ત્રણકાળમાં માર્ગ તો આ જ છે. કેવળીએ કહેલો માર્ગ છે તેમાં કોઈપણ ફેરફાર કરીને બોલે તે વીતરાગનો માર્ગ નથી.

**तैसैं भववासी मायाहीसौं हित मानि मानि** જેમ, મૃગજળમાં મૃગલાંને પાણી મળતું નથી તેમ ભવમાં ભમનારા જીવો શુભાશુભ ભાવરૂપી માયામાં વિકારમાં હિત લેવા જાય છે પણ મળતું નથી. શુભભાવમાં પણ મૃગજળ જેવી દશા છે ત્યાં ધર્મના પાણી નથી. પુણ્ય, પાપ, વિકલ્પ અને સંયોગ એ બધું માયામાં ગણાય છે તે જીવનું સ્વરૂપ નથી. તેમાંથી જ હિતની કામના રાખીને વર્તે છે તે પોતાની ભ્રમણાને પાકી કરતો થકો શ્રમ કરીને સંસારમાં નાચે છે.

**आगेकौ धुकत धाइ पीछे बछरा चवाइ,** જેમ આંધળો માણસ દોરી વણતો જાય પણ પાછળ વાછડો તેને ચાવતો જાય છે તેની એને ખબર નથી તેમ સમ્યગ્જ્ઞાનથી અંધ જીવ વ્યવહારની ક્રિયા કરી કરીને ધર્મની આશા રાખે છે પણ મિથ્યાત્વરૂપી વાછડો તેનું બધું નાશ કરી નાંખે છે તેની એને ખબર નથી.

❋

www.vitragvani.com



# દ્રષ્ટાંતો દ્વારા અજ્ઞાનદશાનું નિરૂપણ

(સળંગ પ્રવચન નં. ૯૫)

આ, સમયસાર નાટકનો બંધ અધિકાર છે.

૨૭મા પદ્યમાં બનારસીદાસજીએ અજ્ઞાનીજીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દૃષ્ટાંત આપ્યું. જેમ હરણ મૃગજળમાં જળ માનીને દોડે છે તેમ અજ્ઞાની, જ્યાં સુખ નથી એવા શુભાશુભભાવ અને સ્ત્રી, પુત્ર, પૈસા આદિમાં સુખ માનીને દોડે છે.

આ બંધ અધિકાર છે ને! બંધમાં પડેલાં જીવો પૈસામાં, સ્ત્રીમાં, આબરૂમાં, કીર્તિમાં વગેરેમાં મને ઠીક છે એમ માનીને વર્તે છે. વળી પુણ્ય-પાપ ભાવમાં મને ઠીક છે એમ માનીને તેમાં જ લીન રહે છે. બંધભાવમાં ગતિ કરીને તેમાંથી ધર્મ ને શાંતિ થશે એમ માનીને પડ્યાં છે.

બીજું દૃષ્ટાંત આંધળાનું આપ્યું છે કે એક તરફ આંધળો ઘઉંની સેવ વણે છે અને બીજી તરફથી વાછડો ખાતો જાય છે તો તેની મહેનત તો નકામી જાય છે. તેમ મૂર્ખજીવ શુભક્રિયા કરે છે અને શુભક્રિયાના ફળમાં હરખ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાંખે છે. મૂઢ જીવ શુભભાવ કરે પણ દૃષ્ટિ મિથ્યા છે, શુભભાવમાં ધર્મ માને છે પણ શુભભાવ પણ બંધભાવ છે, ધર્મ નથી. શુભભાવના ફળમાં અનુકૂળ સંયોગ મળશે તેમાં હરખ કરશે પણ તેની દૃષ્ટિ આત્મા ઉપર નહિ જાય.

જ્ઞાનીની દૃષ્ટિ આત્મસ્વભાવ ઉપર હોવાથી, બંધ ભાવનો તો તે ત્યાગી છે તેથી જ્ઞાનીને તો જ્ઞાતા-દ્રષ્ટાપણાના ફળમાં શાંતિ અને વીતરાગતા છે. પણ જેને આત્મસ્વભાવની દૃષ્ટિ નથી તેને શાંતિ નથી, તેને તો બહારમાંથી સુખ લેવાની પિપાસા છે. તેથી સુકૃત કરે છે પણ તેના ફળમાં અનુકૂળતા મળે તેમાં હરખ કરીને રાગ-દ્વેષ કરે છે, સુખ પામતો નથી. બંધનમાંથી અજ્ઞાની છૂટો પડતો નથી. બંધનને જ પોતાનું સ્વરૂપ માને છે તેના ઉપર દૃષ્ટાંત કહે છે.

અજ્ઞાનીજીવ બંધનથી છૂટી શકતો નથી. તેના ઉપર દૃષ્ટાંત

**लियैं द्रिढ़ पेच फिरै लोटन कतबरसौं,**
**उलटौ अनादिकौ न कहूं सुलटतु है।**
**जाकौ फल दुःख ताहि सातासौं कहत सुख,**
**सहत-लपेटी असि-धारासी चटतु है।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ऐसैं मूढ़जन निज संपदा न लखै क्यौंही,
यौंहि मेरी मेरी निसिवासर रटतु है।
याही ममतासौं परमारथ विनसि जाइ,
कांजीकौ परस पाइ द्ध ज्यौं कटतु है॥२८॥

અર્થ :—જેમ આળોટતાં કબૂતરની પાંખોમાં મજબૂત ગુંચ પડી હોવાથી તે ઉલટું—સુલટું થયા કરે છે. તેવી જ રીતે સંસારીજીવ અનાદિકાળથી કર્મબંધનની ગૂંચમાં ઉલટો થઈ રહ્યો છે, કદી સન્માર્ગનું ગ્રહણ કરતો નથી અને જેનું ફળ દુઃખ છે એવી વિષયભોગની થોડીક શાતાને સુખ માનીને મધ ચોપડેલી તરવારની ધારની જેમ ચાટે છે. આવો અજ્ઞાનીજીવ સદા પરવસ્તુઓને મારી મારી કહે છે અને પોતાના જ્ઞાનાદિ વૈભવને જોતો નથી, પરદ્રવ્ય આ મમત્વભાવથી આત્મહિત એવું નાશ પામે છે જેવું કાંજીના સ્પર્શથી દૂધ ફાટી જાય છે.

જેમ, લોટણ કબૂતરની પાંખોમાં ગૂંચ હોવાથી તે ફર્યા જ કરે છે તેમ, અનાદિનો અજ્ઞાની રાગમાં એકત્વ કરીને સંસારમાં ફર્યા કરે છે, કદી સન્માર્ગે વળતો નથી. જે ભાવથી પોતાને બંધન થાય છે એ ભાવને જ અજ્ઞાની પોતાનું સ્વરૂપ માને છે તેથી જેનું ફળ દુઃખ છે એવાં શાતાના સંયોગમાં સુખ માનીને પડ્યો રહે છે. અનુકૂળ સંયોગમાં પોતાની બાદશાહી માને છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, બંગલામાં સુખ છે એમ માને છે તેથી તેમાંથી તેની રુચિ ખસતી નથી. એને ખબર નથી કે આ મધ લપેટેલી તરવારની ધાર જેવા સુખ છે. મધ ગળ્યું તો લાગે પણ, તરવાર એની જીભ કાપી નાંખે તેમ શાતાના સંયોગોમાં એને થોડું સુખ કલ્પનામાં લાગે પણ મિથ્યાત્વ એનાં સુખને કાપી નાંખે છે, આત્માની શાંતિને મિથ્યાત્વ કાપી નાંખે છે તેનું અજ્ઞાનીને ભાન નથી.

દીકરો સારો પાક્યો હોય, વહુ સારા ઘરની આવી હોય અને કહ્યાંગરી હોય, દીકરાના ઘરે દીકરા સારા થયા હોય તો મૂઢને એમ લાગે કે અમે હમણાં સુખી છીએ અહીં કહે છે કે અજ્ઞાની—મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :—ભલે મિથ્યાદૃષ્ટિ હોય પણ સુખી તો છેને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ સુખી કેવો છે તે કહ્યું ને! મધ લપેટેલી તલવાર ચાટનાર જેવો એ સુખી છે. જીભ તો એની કપાય જાય છે તેમ આત્માની શાંતિ તો કપાય જાય છે ત્યાં સુખ ક્યાં રહ્યું? મિથ્યાત્વભાવથી જીવની શાંતિ લૂંટાય જાય છે પણ અજ્ઞાની પરવસ્તુમાં મારાપણાની માન્યતાથી છૂટીને કોઈ પ્રકારે નિજસંપદાને જોતો નથી.

સાધુ નામ ધરાવીને, આચાર્ય નામ ધરાવીને પણ મૂઢજીવો મિથ્યાત્વમાં પડ્યાં છે.

www.vitragvani.com



હાથીના હોદ્દે દીક્ષા લેવાતી હોય, કેટલાંય શિષ્યો થઈ ગયા હોય એ બધું પૂર્વના પુણ્યથી બન્યું હોય પણ મૂઢ એનાથી પોતાની પ્રભાવના માને છે. પણ ભાઈ! આત્માની પ્રભાવના અંતરથી થાય કે બહારથી થાય! વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ આનંદનું વેદન—એ અંતરની પ્રભાવના છે, સાથે શુભવિકલ્પ ઊઠે તે વ્યવહાર-પ્રભાવના છે પણ તે બંધનું કારણ છે.

**मूढ़जन निज संपदा न लखै क्यौंही** હું આનંદ અને જ્ઞાનનો સાગર છું, શુભાશુભ રાગ તો ઉપાધિ અને મેલ છે એમ અજ્ઞાની જાણતો નથી. નિદસંપદાને નહિ જાણતો અજ્ઞાની વિપદાને જ પોતાની સંપદા જાણે છે. શુભાશુભરાગ તો વિપદા છે—આપદા છે તેને જ સંપદા માની લીધી હોવાથી અજ્ઞાનીની દૃષ્ટિ કોઈ પ્રકારે નિજસંપદા તરફ જતી જ નથી. શુભાશુભભાવ અને તેના ફળમાં જ અટકીને પડ્યો છે. કદાચિત્ દિગંબર સાધુ થાય પણ પંચમહાવ્રતાદિના રાગમાં જ એકાકાર થઈ જાય તો શાતાકર્મ બાંધે પણ આત્માની શાંતિથી વંચિત રહી જાય છે, નિજસંપદાને જાણતો નથી. આમ, કોઈપણ પ્રકારે મૂઢજીવની દૃષ્ટિ પરમાં જ ચોંટી હોય છે.

**यौंहि मेरी मेरी निसिवासर रटतु है ।** નિશિ એટલે રાત અને વાસર એટલે દિવસ. રાત-દિવસ મિથ્યાદૃષ્ટિજીવ આ અમે પુણ્ય કર્યા, પુણ્યના ફળમાં સંયોગો મળ્યા તે બધાં મારાં છે એમ બંધ અને બંધભાવના ફળને એ મારાં મારાં કરી રહ્યો છે. **ममतासौं परमारथ विनसि जाइ** દયા-દાનાદિ પરિણામ અને તેના ફળમાં મમતા કરવાથી મિથ્યાત્વ થાય છે અને આત્માની શાંતિનો નાશ થાય છે. જેમ, મીઠાનું પાણી દૂધમાં નાંખવાથી દૂધ ફાટી જાય છે તેમ, શુભાશુભરાગને જ પોતાનું સ્વરૂપ માનવાથી આત્માની શાંતિ ફાટી જાય છે—નાશ પામે છે.

સુકૃતના ફળમાં મળેલી શરીરની અનુકૂળતા અને આબરૂ આદિમાં મારાપણાની માન્યતાથી અજ્ઞાની નિજસંપદાને ખોઈ બેસે છે. રાગની ક્રિયા મારી છે, બંધભાવ એ હું છું એવી શ્રદ્ધાથી એનું સમ્યગ્દર્શન ફાટી જાય છે, જેમ દૂધ ફાટી જાય છે તેમ. સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી તેને જ અહીં ફાટી જાય છે એમ કહ્યું છે. કર્તાકર્મ અધિકારમાં આવ્યું છે કે રાગની એકતાબુદ્ધિમાં સમ્યગ્દર્શન નાશ પામે છે એટલે કે ઉત્પન્ન થતું નથી. રાગને મારો માનીને જ્ઞાનભાવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થાનો અજ્ઞાની ત્યાગ કરે છે એટલે કે સહજ ઉદાસીન પ્રગટ કરતો નથી. પહેલાં સહજ ઉદાસીન દશા હતી અને તેનો ત્યાગ કરે છે—એમ નથી.

બંધભાવને પોતાનો સ્વભાવ માનનાર જીવ અબંધ પરિણામ પ્રગટ કરી શકતો નથી માટે કહ્યું કે તેણે અબંધ પરિણામનો નાશ કર્યો છે. આ વાત સમજવી એને અટપટી લાગે છે અને ધર્મના નામે ક્રિયા કરવી સહેલી લાગે છે પણ એવી ક્રિયાઓ તો અનંતવાર કરી છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માટે માંથુ આપી દે એટલી અર્પણતા પણ અનંતવાર કરી છે પણ એ તો રાગની

www.vitragvani.com



અર્પણતા છે. રાગમાં એકાકાર થવાથી અરાગી આત્મદશાનો નાશ થાય છે. કારણ કે આત્મા—વસ્તુ અબંધ દ્રવ્ય અને અબંધ ગુણ સ્વરૂપી છે. તેના પરિણામ પણ અબંધ થવા જોઈએ પણ અજ્ઞાનીને પોતાના સ્વરૂપનું ભાન નહિ હોવાથી, શુભભાવને પોતાનું સ્વરૂપ માનીને શુદ્ધતાનો નાશ કરે છે એટલે કે શુદ્ધતા પ્રગટ કરતો નથી.

આત્મા-વસ્તુ તો રાગરહિત અબંધસ્વભાવી છે, તેનો આશ્રય કરતાં અબંધપરિણામ જ થાય એવી જ વસ્તુસ્થિતિ છે પણ અજ્ઞાનીજીવ આત્મવસ્તુનો આશ્રય નહિ કરીને, રાગની એકતાબુદ્ધિ કરીને, મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે તેથી અબંધપરિણામ ઉત્પન્ન થતાં નથી માટે તેનો નાશ કર્યો એમ કહેવાય છે. આત્માની અહિતબુદ્ધિમાં હિતબુદ્ધિનો પર્યાય ઉત્પન્ન થતો નથી. આ ૨૮મુ પદ્ય થયું.

હવે ૨૯મા પદ્યમાં અજ્ઞાનીની અહંબુદ્ધિ ઉપર બનારસીદાસજી દૃષ્ટાંત કહે છે. આ તેમનું સ્વતંત્ર પદ્ય છે.

અજ્ઞાનીજીવની અહંબુદ્ધિ પર દૃષ્ટાંત—

**रूपकी न झाँक हीयै करमकौ डांक पियैं,**
**ग्यान दबि रह्यौ गिरगांक जैसैं घनमैं।**
**लोचनकी ढांकसौं न मानैं सद्गुरु हांक,**
**डोलै मूढ रांकसौ निसांक तिहूं पनमैं॥**
**टांक एक मांसकी डलीसी तामैं तीन फांक,**
**तीन कौसौ आंक लिखि राख्यौ काहू तनमैं।**
**तासौं कहै नांक ताके राखिवैकौं करै कांक,**
**लांकसौ खड़ग बांधि बांक धरै मनमैं॥२९॥**

અર્થ :—અજ્ઞાનીજીવને પોતાના સ્વરૂપની ખબર નથી, તેમાં કર્મોદયનો ડાંક લાગી રહ્યો છે, તેનું શુદ્ધજ્ઞાન એવી રીતે દબાઈ ગયું છે જેમ ચંદ્ર વાદળાઓથી દબાઈ જાય છે. જ્ઞાનરૂપ નેત્ર ઢંકાઈ જવાથી તે સદ્ગુરુની શિખામણ માનતો નથી, મૂર્ખાઈવશ દરિદ્રી થઈને હંમેશા નિઃશંક ફરે છે. નાક છે તે તો માંસનો એક ટૂકડો છે તેમાં ત્રણ કાણાં છે, જાણે કોઈએ શરીરમાં ત્રણનો આંકડો લખી રાખ્યો છે તેને નાક કહે છે. તે નાક (અહંકાર) રાખવા માટે લડાઈ કરે છે, કમરે તરવાર બાંધે છે અને મનમાં વક્રતા ધારણ કરે છે.

અજ્ઞાનીજીવને સ્વરૂપની ખબર જ નથી કે હું તો સત્ચિદાનંદ નિર્મળ આનંદકંદ પ્રભુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા છું તેથી પર્યાયમાં જેવો જેવો રાગ આવે છે તે રાગરૂપ અજ્ઞાની થઈ જાય છે. કર્મના ઉદયનાં સંગમાં રહ્યો તે રાગની પ્રસિદ્ધિ કરે છે પણ સ્વરૂપની જાંચ કરતો નથી કે મારું સ્વરૂપ તો 'જાણવું—દેખવું' છે. પુણ્ય-પાપના ભાવ મારાં છે અને તેમાં મારું હિત છે એમ માનીને પોતાના જ્ઞાનને તેણે ઢાંકી દીધું છે. જેમ વાદળથી ઢંકાઈ જાય છે તેમ પુણ્યના પ્રેમમાં ચૈતન્ય ઢંકાઈ ગયો છે.

**लोचनकी ढांकसौं न मानै सदगुरु हांक,** જ્ઞાનનેત્ર ઢંકાઈ ગયા છે તેથી સદ્‌ગુરુની શિખામણ પણ અજ્ઞાની માનતો નથી. જ્ઞાની તો કહે પણ આપણે અત્યારે એમ ન હોય—એમ કરીને જ્ઞાનીની વાતની અજ્ઞાની દરકાર કરતો નથી. સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈને વાણી સાંભળે તોપણ ધોયેલ મૂળા જેવો પાછો આવે છે—કાંઈ ગ્રહણ કરતો નથી.

હાંક એટલે આજ્ઞા. સદ્‌ગુરુની આજ્ઞા એવી હોય છે કે હે જીવ! રાગથી રહિત તારા સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ કર! એવી આ આજ્ઞાને અજ્ઞાની માનતો નથી. પોતે બંધભાવમાં એકાકાર છે તેથી સદ્‌ગુરુની હાંક તેને વાગતી નથી. રાગ અને નિમિત્તના પ્રેમમાં તે ગુરુની આજ્ઞા સ્પર્શવા દેતો નથી.

**डोलै मूढ़ रांकसौं....**રાંક જેવો ગરીબ થઈને રહે છે મને આ સંયોગોમાંથી કાંઈક મળે, મને કોઈ મોટો કહે, દુનિયામાં હું કાંઈક ગણતરીમાં આવું... એમ અનેક પ્રકારે ભીખ માંગતો ફરે છે; તે પણ નિઃશંક થઈને ફરે છે જાણે મને પરમાંથી લાભ થશે જ. અરે! તારે દુનિયા પાસેથી શું લેવું છે? તને કાંઈ ભાન નથી?

**टांक एक मांसकी.....** આ ૩ ના આકારે નાકનો આકાર છે ને! તેમાં ત્રણ કાણાં છે. આ નાક માટે એટલે કે આબરૂ રાખવા માટે અમારે બધું કરવું પડે... દીકરી પરણાવવી હોય તો અમારાં ઘરને યોગ્ય સામે ઘર અને વર બધું જોઈએ. એમ મૂઢ અહંકાર કરીને, ચૈતન્યના સ્વભાવને ભૂલી જાય છે.

અરે મૂઢ! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિની તો તને ખબર નથી, શ્રદ્ધા નથી અને નાની વાતોમાં અહંકાર કરી રહ્યો છો? આ તો મોટો મિથ્યાત્વનો રોગ છે. કોઈ પ્રસંગમાં કમ્મરે તરવાર બાંધીને ફરે છે, હરખજમણ કરે છે, વરોઠી કરે, સો ના બદલે ત્રણસો માણસને જમવા બોલાવે, દેણું કરીને પણ નાક રાખવા માટે જમણ આપે, આ કેવો અજ્ઞાન અંધકાર છે કે પરમાં લીન થઈને પોતે પોતાને જ ભૂલી જાય! મનમાં વક્રતા ધારણ કરે છે. અહંકાર પોષવા માટે બધું કરી છૂટે છે.

ગામના છોકરાં ગારાંનાં, પાડોશીના પિત્તળના અને મારાં છગન-મગન સોનાના.... મારાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઘરની સ્ત્રીઓ પણ બધી સુંદર.... અરે મૂઢ! છોકરાં તારાં ક્યાં હતાં? એ તો જગતની ચીજ છે! અહીં તો કહે છે કે નિજ આનંદકંદ આત્મા સિવાય એક પરમાણુને કે રાગના કણને પોતાનો માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

હવે ૩૦મા પદ્યમાં પણ બનારસીદાસજી અજ્ઞાનીના અભિમાનને ખૂલ્લુ કરે છે.

जैसें कोउ कूकर छुधित सूके हाड चाबै,
हाड़निकी कोर चहुं ओर चुभै मुखमैं।
गाल तालु रसना मसूढनिकौ मांस काटै,
चौटै निज रुधिर मगन स्वाद-सुखमैं॥
तैसें मूढ़ विषयी पुरुष रति-रीति ठानै,
तामें चित सानै हित मानै खेद दुःखमैं।
देखै परतच्छ बल-हानि मल-मूत-खानि,
गहै न गिलानि पत्रि रहै राग-रुखमैं॥३०॥

અર્થ :—જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તેની અણી ચારેકોર મોઢામાં વાગે છે, જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઈ જાય છે અને લોહી નીકળે છે, તે નીકળેલા પોતાના જ લોહીને તે ખૂબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની વિષયલોલુપી જીવ કામ-ભોગમાં આસક્ત થઈને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રીડામાં શક્તિની હાનિ અને મળ-મૂત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે, તોપણ ગ્લાનિ કરતો નથી, રાગ-દ્વેષમાં મગ્ન જ રહે છે.

કૂતરો પોતાના જ મોઢામાંથી નીકળતાં લોહીના સ્વાદને હાડકાનો સ્વાદ માનીને ચાટ્યાં કરે છે, હાડકાંને છોડતો નથી, તેમ વિષયી પુરુષ સ્ત્રીના વિષયમાં પોતાને સંતાપ અને કષ્ટ થતું હોવા છતાં રાગના રસને કારણે તેમાં મજા છે એમ માનીને તેની મગ્નતા છોડતો નથી. વિષયમાં સુખ માનનારાં મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીનું શરીર હાડકાં, માંસ, ચામડાં, પેસાબ, વિષ્ટા આદિથી ભરેલું છે, પોતાને પ્રત્યક્ષ દેખાય છે છતાં તેમાં પ્રેમ કરે છે, તેનાથી હિત માને છે. મજા માને છે. ખરેખર તો પોતે રાગમાં એકાકાર થઈને રાગના રસને વેદે છે પણ અજ્ઞાનથી એમ માને છે કે આ શરીરમાં મને આનંદ થાય છે.

શરીર તો મળ-મૂત્રની ખાણ છે, અમૃતની ખાણ તો આત્મા છે પોતે છે. શરીરમાં તો રાગ આવે, કષ્ટ થાય, પસીના થાય, જઠર મંદ પડી જાય, શરીર ઝીર્ણ થાય છતાં તેનાથી પોતાને સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રશ્ન થાય કે સમકિતી પણ લગ્ન કરે છે ને?

બાપુ! તને ખબર નથી. સમકિતીને આત્માની લગની લાગી છે, એ કાંઈ સ્ત્રી સાથે લગન કરતો નથી. તેને રાગ આવે છે તેનો પણ સમકિતી સ્વામી થતો નથી. રાગમાં એ દુઃખ માને છે. સમકિતીને સ્ત્રી છે એમ કહેવું એ વાત જ ખોટી છે. સમકિતીને સ્ત્રી ન હોય. સમકિતીને રાગ પણ ન હોય તો સ્ત્રી તો ક્યાંથી હોય!

સમકિતીને રાગ ન હોય એટલે?—એટલે કે સમકિતી રાગને પોતામાં ખતવતો જ નથી. પોતાની દૃષ્ટિમાં, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ રાગને લાવતો જ નથી માટે, સમકિતી રાગરહિત છે. અહીં તો સમકિત અને મિથ્યાત્વ બેની જ વાત છે.

પોતાના આનંદસ્વરૂપ ભગવાનમાંથી સુખબુદ્ધિ છોડીને રાગમાં અને સંયોગમાં સુખબુદ્ધિ કરે છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે તે ભલે દેવ-શાસ્ત્ર-ગુરુને માનતો હોય પણ બહાર સુખબુદ્ધિ છે માટે તે મિથ્યાદૃષ્ટિ જ છે. ખરેખર તેણે દેવ-શાસ્ત્ર-ગુરુને માન્યાં નથી.

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે!<br>
કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.

શુભરાગથી પણ પ્રભુ ભિન્ન છે એવી શ્રદ્ધા કરતો નથી તો તને દેવ-શાસ્ત્ર-ગુરુની પણ શ્રદ્ધા નથી. આત્માના આનંદને ભૂલીને કોઈપણ રાગના વિકલ્પમાં કે નિમિત્તમાં વીર્યનું ઉલ્લાસિત થવું તે મિથ્યાત્વભાવ છે. રાગ અથવા દ્વેષ કોઈપણ કષાયમાં લીન રહેવું તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. શરીર મળ-મૂત્રની ખાણ હોવા છતાં તેમાં ગ્લાનિ કરતો નથી અને રાગ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ માને છે એ તેની વિપરીતદૃષ્ટિ છે. જ્યાં સુખ છે ત્યાં—સ્વરૂપમાં સુખ ન માન્યું એ તેની વિપરીતદૃષ્ટિ છે.

પોતાના સ્વરૂપને તો ઓળખ્યું નહિ ને આ દેહ અજીવ છે તેને પોતાનું માન્યું માટે અજ્ઞાનીએ અજીવને જ જીવ માન્યો. રાગમાં સુખ નથી છતાં રાગમાં સુખ માન્યું છે, તેણે આસ્રવભાવને જીવ માન્યો છે. રાગાદિભાવ આત્માથી વિપક્ષ છે વિપરીત છે તેને પોતાના સ્વભાવમાં ખતવે છે તેને બંધ થાય છે.

કોઈ એમ કહે કે અધૂરીદશા છે તે પૂર્ણદશાથી વિપક્ષ છે માટે બંધનું કારણ છે—તો એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધૂરીદશા છે તે પૂર્ણદશાથી વિપક્ષ નથી–વિપરીત નથી. પૂર્ણ નથી પણ અંશ છે એટલો જ ફેર છે પણ જાતિ એક છે. માટે અધૂરીદશા બંધનું કારણ નથી પણ અધૂરીદશામાં સાથે રાગનો ભાગ છે તે બંધનું કારણ છે. પંચપરમેષ્ઠીમાં અરિહંત અને સિદ્ધ તો પૂર્ણદશાને પ્રાપ્ત છે પણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને અધૂરીદશા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે ત્યાં જેટલાં અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેટલાં અંશે અબંધ છે અને જેટલાં અંશે રાગ છે એટલો બંધ થાય છે. માટે, પૂર્ણસ્વરૂપથી અપૂર્ણદશા વિપક્ષ નથી પણ રાગ વિપક્ષ છે.

જે ભાવે બંધ થાય તે ભાવે મોક્ષમાર્ગ ન હોય અને જે ભાવે છૂટાય છે તે ભાવથી બંધ થતો નથી. સમકિતીની ભૂમિકામાં તીર્થંકરગોત્ર બંધાય કે મુનિપણામાં આહારકશરીરનો બંધ થાય એ શુભરાગનો અપરાધ છે. મોક્ષના માર્ગથી બંધ નથી.

લોકોને ખબર ન હોય અને ખૂબ ચર્ચા ખોટી ચલાવે છે. રાગમાત્ર બંધનું કારણ છે. તે રાગ નવતત્ત્વની શ્રદ્ધાનો હો કે તીર્થંકરગોત્રને યોગ્ય રાગ હો... બંધનું કારણ છે. પંચાસ્તિકાયની ૧૭૦ ગાથામાં આવ્યું ને! નવતત્ત્વની રુચિ છે તે પણ રાગ છે. તીર્થંકર કહે છે કે અમારી તને રુચિ છે એ પણ રાગ છે. સંયમ અને તપ સહિત હોવા છતાં જ્યાં સુધી નવતત્ત્વ અને તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે, સૂત્રો પ્રત્યે રુચિ વર્તે છે તેને નિર્વાણ દૂરતર છે એટલે કે મોક્ષ દૂર છે કેમ કે નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, તીર્થંકર પ્રત્યે રાગ અને સિદ્ધાંતની રુચિ અર્થાત્ આગમનો પ્રેમ છે એ પણ રાગ છે માટે બંધનું કારણ છે, ત્યાં સુધી મુક્તિ થતી નથી.

સમ્યગ્દર્શન છે, અંતર ચારિત્રદશા છે તેને પણ જરાં રાગ છે એટલો બંધ છે. આ તો વીતરાગમારગ છે તેમાં રાગનો અંશ પણ પોષાતો નથી. છદ્મસ્થ જ્ઞાનીને સત્ય સ્થાપવાનો રાગ આવે કે અસત્યને ઉથાપવાનો જરાં દ્વેષ આવે તે બંને ભાવ પ્રશસ્ત હોવા છતાં બંધના કારણ છે. જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપમાં આવા સ્થાપન-ઉત્થાપનના વિકલ્પ પણ બંધરૂપ છે; તો અજ્ઞાની તો એકલા રાગ-દ્વેષમાં જ મગ્ન છે. જે શરીર એકલી અશુચિ વસ્તુથી ભરેલું છે તેનો એ પ્રેમ કરે છે. હાડકાં, માંસ, લોહી આદિને જુદાં જુદાં વાસણમાં છૂટાં પાડ્યાં હોય તો જોવા પણ ઉભો ન રહે પણ શરીરમાં તો ઉપર ચામડી લપેટેલી છે એટલે તેનો પ્રેમ કરે છે.

શરીર આવી વસ્તુથી ભરેલું છે એમ કરીને જ્ઞાની તેના ઉપર દ્વેષ કરાવતાં નથી પણ શરીરની સ્થિતિ આવી છે એમ જ્ઞાન કરાવે છે. અજ્ઞાની પરમાં પ્રેમ કરીને રાગ-દ્વેષમાં મગ્ન રહે છે પણ રાગ-દ્વેષથી ભિન્ન ભગવાન આત્માની રુચિ અને જ્ઞાન કરતો નથી તેથી તેને બંધભાવ ટળતો નથી.

*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# વ્યવહાર મિથ્યાત્વ નથી વ્યવહારમાં ધર્મ-બુદ્ધિ તે મિથ્યાત્વ છે

(સળંગ પ્રવચન નં.–૯૬)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં બંધ-અધિકારનો દસમો કળશ છે. તેની ઉપર બનારસીદાસજીનું ૩૧મુ પદ્ય છે.

જે નિર્મોહી છે તે સાધુ છે—

सदा करमसौं भिन्न, सहज चेतन कह्यौ।
मोह-विकलता मानि, मिथ्याती ह्वै रह्यौ॥
करै विकल्प अनंत, अहंमति धारिकै।
सो मुनि जो थिर होइ, ममत्त निवारकै॥३१॥

અર્થ :—વાસ્તવમાં આત્મા કર્મોથી નિરાળો સહજ ચેતનરૂપ છે, પરંતુ મોહને કારણે સ્વરૂપ ભૂલીને મિથ્યાત્વી બની રહ્યો છે અને શરીર આદિમાં અહંબુદ્ધિ કરીને અનેક વિકલ્પો કરે છે. જે જીવ પરદ્રવ્યોમાં મમત્વભાવ છોડીને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તે સાધુ છે.

ખરેખર આત્મા સદાય કર્મોથી ભિન્ન છે. સ્વાભાવિક જ્ઞાનાનંદસ્વરૂપ સહજ આત્માનું સ્વરૂપ છે. આત્મા સદાય બંધથી રહિત છે. પણ मोह–विकलता मानि પોતાના સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી મૂઢ રાગમાં હુંપણું કરી રહ્યો છે અને પોતાને કર્મના બંધનવાળો માની રહ્યો છે. પોતાને વર્તમાનમાં કર્મોનું બંધન છે એમ જાણવું એ વ્યવહાર છે પણ આ તો તેને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે માટે તે મિથ્યાત્વી જીવ છે.

આત્મા સ્વભાવથી ત્રિકાળ રાગાદિથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે છતાં મિથ્યાદૃષ્ટિ મોહની ઘેલછામાં પોતાને રાગરૂપ અને કર્મરૂપ માને છે, તેનાથી મારું સ્વરૂપ કોઈ જુદું છે એમ તે જાણતો નથી. આમ તો શાસ્ત્રમાં પણ કહ્યું છે કે આત્મા કર્મથી બંધાયેલો છે; તે વ્યવહારનયથી કહ્યું છે. સંબંધ બતાવ્યો છે તેને મિથ્યાદૃષ્ટિ પોતાનું સ્વરૂપ માને છે એ જ તેની મોહની ઘેલછા છે. મૂળ વસ્તુ આત્મા, પરના સંબંધરહિત છે. છતાં મિથ્યાદૃષ્ટિ પોતાને કર્મના સંબંધવાળો માનીને 'હું નારકી છું, હું મનુષ્ય છું, હું ક્રોધી છું, હું માની છું, લોભી છું, દેવ છું—એવા અનંત વિકલ્પો કરે છે. જે સ્વરૂપે પોતે નથી તે સ્વરૂપે પોતાને માનીને વિકલ્પો કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ અને પરદ્રવ્ય કોઈ મારામાં નથી એમ પરદ્રવ્યથી પોતાનું મમત્વ છોડીને, જે પોતાના આનંદસ્વરૂપમાં એકત્વ કરીને તેમાં સ્થિર થાય છે તે સમકિતી અથવા સાધુ છે. જેનાથી રહિત છે તેનાથી પોતાને રહિત માને તે સમકિતી છે અને પરદ્રવ્ય-પરભાવથી રહિત હોવા છતાં પોતાને સહિત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

હવે ૧૧મા કળશ ઉપર ૩૨મુ પદ્ય કહે છે.

સમ્યગ્દૃષ્ટિજીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે—

असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,
तेई विवहार भाव केवली-उकत हैं।
जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,
ते नियत-लीन विवहारसौं मुकत हैं।।
निरविकलप निरुपाधि आतम समाधि,
साधि जे सुगुन मोख पंथकौ ढुकत हैं।
तेई जीव परम-दसामैं थिररूप ह्वैकै,
धरममैं धुकै न करमसौं रुकत है।।३२।।

અર્થ :—જિનરાજનું કથન છે કે જીવને લોકાલોકના પ્રદેશો જેટલા મિથ્યાત્વભાવના અધ્યવસાયો છે તે વ્યવહારનયથી છે. જે જીવને મિથ્યાત્વ નષ્ટ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વ્યવહાર છોડીને નિશ્ચયમાં લીન થાય છે, તે વિકલ્પ અને ઉપાધિ રહિત આત્મઅનુભવ ગ્રહણ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગે છે અને તે જ પરમધ્યાનમાં સ્થિર થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે. કર્મોનો રોક્યો રોકાતો નથી.

બનારસીદાસજીના સમયમાં આ વિષય ઉપર બહુ ચર્ચા ચાલી હતી કે શું જે વ્યવહારભાવ છે તે મિથ્યાત્વભાવ છે? ના. વ્યવહાર છે તે મિથ્યાત્વ નથી પણ પોતાના અબદ્ધસ્પષ્ટ સ્વરૂપને જાણ્યા વગર જે જે વ્યવહાર છે તેને જ પોતાનું સ્વરૂપ માની લેવું તે મિથ્યાત્વ છે. માટે કહ્યું કે જેટલાં વ્યવહાર છે તેટલાં જ મિથ્યાત્વભાવ છે. જેટલાં પરાશ્રિતભાવ છે તેને પોતાના માનવા તે મિથ્યાત્વ છે. માટે જેટલાં પરાશ્રિતભાવ છે એટલાં જ મિથ્યાત્વભાવ છે, એટલાં એટલે કેટલાં? કે લોકાકાશ અસંખ્યપ્રદેશી છે તેનાથી અસંખ્યગુણા મિથ્યાત્વના ભાવ છે. 'વ્યવહાર તે જ મિથ્યાત્વ' એ કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ.

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ બધાં પરિણામ પરાશ્રિત હોવાથી વ્યવહાર છે

www.vitragvani.com



તેને વ્યવહાર નહિ માનતાં, પોતાના સ્વરૂપે માનવાં તે મિથ્યાત્વ છે. માટે જેટલાં વ્યવહાર છે—સંખ્યાએ, તેટલાં મિથ્યાત્વભાવ છે.

વર્તમાનમાં માણસોને વ્યવહારનું જ અવલંબન છે તેથી આ વાત આકરી લાગે. કેમ કે એ તો વ્યવહારને જ નિશ્ચયનું સાધન માને છે. વળી શાસ્ત્રમાં પણ નિમિત્ત તરીકે, વ્યવહારને સાધન કહ્યું છે પણ તેને નિમિત્ત નહિ માનતાં, પોતાના જ માની લેવાં તે મિથ્યાત્વભાવ છે. અબંધસ્વભાવી ભગવાન આત્મા આસ્રવ અને બંધભાવથી રહિત છે. છતાં તેનાથી સહિત માને છે માટે મિથ્યાત્વ છે. માટે કહ્યું કે જેટલાં વ્યવહાર છે તેટલાં જ મિથ્યાત્વ છે.

મૂળ પાઠમાં એમ લીધું છે કે ભગવાને જ્યારે, પરને હું મારું જીવાડું, સુખી-દુ:ખી કરું, અનુકૂળતા આપું—પ્રતિકૂળતા આપું એવો જે અધ્યવસાય છે તે મિથ્યાત્વ છે માટે છોડ એમ કહ્યું છે તો આચાર્યદેવ કહે છે કે હું તો એમ કહું છે કે ભગવાન એમ કહેવા માગે છે કે જેટલો પરાશ્રયભાવ થાય તે બધો વ્યવહાર છે તેને ભગવાને છોડાવ્યો છે. ભલે તે વ્યવહારભાવમાં એકત્વબુદ્ધિ ન હોય તો મિથ્યાત્વભાવ નથી પણ પરાશ્રિતભાવ છે માટે તે ત્યાજ્ય છે. ભગવાને તેને છોડાવ્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય લેવા જાય છે ત્યાં પણ રાગ થાય છે તે વ્યવહાર છે તેને ભગવાને તજવાયોગ્ય કહ્યો છે.

અહા! સમજાણું કાંઈ! ભગવાને અધ્યવસાનને ત્યાજ્ય કહ્યાં છે તે ઉપરથી અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એમ તો એમ માનીએ છીએ કે 'પરદ્રવ્યની ક્રિયા હું કરું છું' એવી એકત્વબુદ્ધિ ભગવાને છોડાવી છે તો પરના આશ્રયે જેટલો વિકલ્પ ઉઠે તે વ્યવહારને પણ ભગવાને છોડાવ્યો છે. મારગ બહુ અલૌકિક છે. સાધારણ માણસને આકરું લાગે.

જે છોડવાલાયક છે એવા વિકલ્પોને આદરવાલાયક માનવાં અને પોતાના માનવા એ મિથ્યાત્વ છે. **जिन्हकौ मिथ्यात्व गयौ, सम्यक दरस भयौ,...** અન્યને આશ્રિત ક્રિયા અને અન્યને આશ્રિત પરિણામમાં હુંપણારૂપ મિથ્યાત્વ હતું તે જેને છૂટી ગયું અને 'જ્ઞાયક' તે જ હું એવો અનુભવ થયો તે સમ્યગ્દષ્ટિ, નિશ્ચયસ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારથી મુક્ત છે.

વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, વ્યવહાર કારણ છે અને નિશ્ચય કાર્ય છે, વ્યવહાર હેતુ છે અને નિશ્ચય હેતુમાન છે એ બધાં નિમિત્તના કથન છે. 'કારણ' બે પ્રકારે નથી તેનું નિરૂપણ બે પ્રકારે છે. કારણ તો નિશ્ચયથી એક જ છે. જેમ, સમ્યગ્દર્શન બે નથી પણ સમ્યગ્દર્શનનું નિરૂપણ બે પ્રકારે છે. સ્વરૂપની દૃષ્ટિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે અને સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તેના ઉપર સમકિતનો આરોપ આપીને વ્યવહારસમકિત કહેવાય છે પણ તે સમકિત નથી.

પરાશ્રિત બધો ભાવ બંધનું કારણ છે માટે સમ્યગ્દૃષ્ટિને બંધના કારણરૂપ ભાવોની દૃષ્ટિ

www.vitragvani.com



છૂટી ગઈ છે. સમ્યગ્દૃષ્ટિ તો 'નિયતલીન' એટલે પોતાના શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર છે. રાગ એ તો આસ્રવતત્ત્વ છે, જીવતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે, છતાં આસ્રવતત્ત્વને પોતાનું માનવું તે મિથ્યાત્વ છે. જેટલાં આસ્રવના પ્રકાર છે એટલાં મિથ્યાત્વના પ્રકાર છે. આ તો ઉથલ-પાથલ કરી નાંખે એવું કામ છે.

કોઈને એમ થાય કે આચાર્યદેવ વ્યવહારને મિથ્યાત્વ કહે છે? ભાઈ! આચાર્યદેવ કઈ અપેક્ષાએ કહે છે તે સમજવું જોઈએ. અન્યને આશ્રિતભાવને મારો માનવો તે મિથ્યાત્વ છે એમ કહ્યું છે. ભલે પંચપરમેષ્ઠીના આશ્રયે તેમની ભક્તિ અને શ્રદ્ધાનો ભાવ હો તે રાગ અને પરાશ્રિતભાવ છે પણ તે મારો છે, મારામાં છે, તેનાથી મને લાભ થાય છે એવી માન્યતા થાય છે તે બધો મિથ્યાત્વભાવ છે. કોઈ એમ કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુને બરાબર પકડો, શ્રદ્ધો તો તમારું કલ્યાણ થઈ જશે, જ્ઞાનીને બરાબર પકડો એટલે તમારું કલ્યાણ થઈ જશે. ત્યારે અહીં કહે છે કે જ્ઞાની પરદ્રવ્ય છે, તેને પકડતાં રાગ થાય છે, એ રાગથી લાભ થવાનું માનવું તે મિથ્યાત્વભાવ છે.

આ ૨૭૨ ગાથા પહેલાંનો શ્લોક છે ને! વ્યવહાર તે પ્રતિષેધ્ય છે. સ્વનો આશ્રય કરતાં તેમાં પરનો આશ્રય આવતો નથી. સ્વાશ્રિતભાવ પરાશ્રયથી રહિત છે. આવી ગજબ વાત તેમાં કરી છે.

હું બીજાને મોક્ષ પમાડી દઉં, નરકમાં નાખી દઉં, બીજાંને સગવડતા આપું, શસ્ત્રો વડે અને હાથ વડે હું કામ કરું.—એવા અનેક પ્રકારના ભાવો છે તે બધાં પરમાં એકત્વબુદ્ધિવાળા હોવાથી મિથ્યાત્વભાવ છે.

ભગવાનની પૂજામાં સ્વાહા આદિની ક્રિયા થાય તે દેહની છે છતાં તેને પોતાની માનીને તેનાથી લાભ માનવો તે પણ મિથ્યાત્વભાવ છે. અરે! ભગવાનની પૂજાનો વિકલ્પ ઉઠે છે તે આસ્રવભાવ છે તેને પોતાનો માનવો અને તેનાથી લાભ માનવો એ પણ મિથ્યાત્વ છે.

વ્યવહારને સાધન કહ્યું છે ત્યાં, સ્વરૂપના આશ્રયે જેટલું સાધન થાય છે ત્યારે તેની ભૂમિકા પ્રમાણે રાગની મંદતા કેટલી થાય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. રાગની મંદતા કાંઈ ધર્મનું સાધન નથી. ધર્મનું સાધન કરવાવાળાને રાગની મંદતા કેવી હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. માટે વ્યવહારથી જેને સાધન કહ્યું છે તેને જ સાધન માની લેવું તે મિથ્યાત્વ છે. વ્યવહારનયના કથન શાસ્ત્રમાં આવે છે તે જાણવા માટે છે તેના બદલે તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. માટે અહીં કહ્યું કે અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ છે તે જ વ્યવહારભાવ છે એમ કેવળી પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું છે. વ્યવહારભાવ તે પરભાવ છે—વિભાવ છે માટે સ્વભાવથી ભિન્ન છે તેને એકત્વપણે માનવા—સ્વભાવ માનવા અથવા તેનાથી લાભ માનવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે મિથ્યાત્વ છે. માટે જેટલાં શુભભાવના પ્રકાર છે એટલાં જ મિથ્યાત્વના પ્રકાર છે.

જેની પરભાવથી લાભ માનવાની બુદ્ધિ છૂટીને સ્વાશ્રયથી જ લાભની બુદ્ધિ થઈ તે સમ્યગ્દૃષ્ટિ સ્વાશ્રયભાવમાં જ લીન છે, પરાશ્રયભાવથી તે મુક્ત છે. તો જેનાથી મુક્ત છે તેનાથી લાભ શી રીતે થાય!

એકવાર આપણે શિવપુરી ગયા હતાં ત્યાંથી અહીં આવ્યા પછી ત્યાંના દિગંબરસાધુ અને બીજાં શ્વેતાંબર સાધુઓ અહીં આવ્યા હતાં તેની સાથે ઘણી ચર્ચા થઈ હતી. કીધું, કર્મના પરિણામને આત્મા કરે અને કર્મથી જીવમાં વિકાર થાય એ વાત જીવના સ્વરૂપમાં નથી. તો કહે, અત્યારસુધી વાત તો આમ જ ચાલે છે કે જીવ કર્મને કરે છે અને કર્મનો ઉદય જીવને વિકાર કરાવે છે... તો કીધું, વાત ચાલે છે તે તો અજ્ઞાનથી ચાલે છે તેને કેમ માની લેવાય!... આવી જ રીતે બીજાં સાધુઓ સાથે પણ ચર્ચા ચાલી હતી તે કહે, 'હું ભવ્ય છું કે અભવ્ય છું એ જાણી ન શકાય.' અરે! જેને પોતાના ભવ્યપણાની ઓળખાણ નથી તે વીતરાગની વાણીની પરીક્ષા શી રીતે કરી શકે!

સ્વાશ્રિતદૃષ્ટિ થયા વગર બહારથી મુંડાવી લેવાથી જીવનું કલ્યાણ ન થાય.

અહીં તો કહે છે કે પરાશ્રયે થતો ભાવ બંધસ્વરૂપ છે અને બંધનું કારણ છે. ત્રણલોકના નાથ, વીતરાગની વાણી અને નવ તત્ત્વના આશ્રયે થતો શુભભાવ પણ પરાશ્રિત છે—બંધનું કારણ છે અને બંધના કારણને જે પોતાનું સ્વરૂપ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

**जिन्हकौ मिथ्यात्व गयौ सम्यक दरस भयौ,...** જેણે ચિદાનંદભગવાનનો આશ્રય કર્યો છે અને રાગનો આશ્રય છોડ્યો છે તેને મિથ્યાત્વ તો નષ્ટ થઈ ગયું છે અને સમ્યકત્વ પ્રગટ થયું છે તે જીવ સ્વભાવની નિર્મળપર્યાયમાં લીન છે—એકત્વ છે. રાગના વિકલ્પથી ભિન્ન પડી ગયો છે તે વિકલ્પ અને ઉપાધિરહિત આત્મ-અનુભવ ગ્રહણ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગે છે. શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા-શુદ્ધસ્વરૂપનું જ્ઞાન અને શુદ્ધસ્વરૂપમાં લીનતા વડે રાગ વિનાની શાંતિને સાધે છે.

ધર્મી શું સાધે છે?—ધર્મી રાગ વિનાની નિર્વિકલ્પ નિરૂપાધિ સમાધિને સાધે છે. રાગથી ભિન્ન પડીને તે સ્વભાવ તરફની એકતામાં લાગેલો છે. જુઓ! જ્ઞાની કેવી દશાને પ્રાપ્ત છે! મહાપ્રભુ ચૈતન્ય વિકલ્પમાત્રથી ભિન્ન છે એવી દૃષ્ટિ થઈ હોવાથી જ્ઞાની આત્મામાં જ લાગેલાં છે. વ્યવહારમાં તેની લીનતા નથી. રાગથી જ્ઞાની મુક્ત છે અને સ્વભાવની સાધનામાં લીન છે માટે કહ્યું કે **सुगुन मोखपंथकौ ढुकत है ।**

'વ્યવહારનું સાધન કરશું તો નિશ્ચય થશે' એવું માનનારની તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી

www.vitragvani.com



નથી. નિશ્ચય સમ્યક્ત્વ તો તેને નથી પણ પહેલાં વ્યવહારશ્રદ્ધા સાચી થવી જોઈએ—એ પણ તેને નથી.

જ્ઞાની શુદ્ધતાનો અનુભવ કરીને વિશેષ શુદ્ધતાને સાધે છે. तेई जीव परमदसामैं थिररूप ह्वैकै...તે જીવ પરમદશામાં સ્થિર થઈને એટલે પોતાના સ્વભાવની નિર્મળદશામાં સ્થિર થઈને, ધર્મમાં જોડાય છે, એ હવે રાગથી રોકાય તેમ નથી. જેનાથી ભિન્ન પડી ગયો એવો રાગ જીવને કેમ રોકી શકે!

આ વાત જીવને સમજણમાં લેવી પણ કઠણ પડે છે તો પ્રયોગમાં લેવી તો દૂર રહી. ધર્મના નામે અંધાધૂંધ એવી ચાલી છે કે વાસ્તવિક મારગ તો દૂર રહી જાય છે. વાદવિવાદ કરવા માંગે છે પણ વાદવિવાદે પાર પડે એવું આ સ્વરૂપ નથી. શાસ્ત્રમાં વ્યવહારના કથન ઘણાં આવે પણ તેનું ફળ સંસાર છે. તો પ્રશ્ન કરે છે કે તો ભગવાને વ્યવહાર શા માટે કહ્યો? ભાઈ! ભગવાને વ્યવહાર માત્ર જ્ઞાન કરવા માટે કહ્યો છે, આદરવા માટે કહ્યો નથી. સમકિતી આદિ જ્ઞાનીને તેમની ભૂમિકા પ્રમાણે રાગ કેવો હોય છે તેનું જ્ઞાન શાસ્ત્રોમાં કરાવ્યું છે.

धरममैं धुके न करमसौं रुकत हैं। પરમધ્યાનમાં સ્થિર થઈને જ્ઞાની, મુનિ નિર્વાણને પ્રાપ્ત કરે છે. કર્મના રોકવાથી એ રોકાતાં નથી. આમ પણ, જીવને કર્મ રોકી શકતાં નથી. પોતે રાગમાં પ્રીતિ કરીને કર્મના ઉદયમાં રોકાતો હતો. હવે જ્યાં રાગની પ્રીતિ છૂટી ગઈ ત્યાં હવે તે કોઈ કર્મના રોકવાથી રોકાય તેમ નથી. નિર્વાણ પ્રાપ્ત કરે છે.

ભારે વાત છે ભાઈ! અનંતકાળના સંસારના અંત લાવવા એ કાંઈ સાધારણ વાત છે! અનંત અનંતકાળ શાંતિ સમાધિની પ્રાપ્તિ રહે તેનો ઉપાય તો અપૂર્વ જ હોય ને!

આ ૧૧મા કળશનું ૩૨મુ પદ્ય થયું હવે ૧૨મા કળશ ઉપર ૩૩મા પદ્યમાં શિષ્ય પ્રશ્ન કરે છે.

जे जे मोह करमकी परनति,
बंध-निदान कही तुम सब्ब।
संतत भिन्न सुद्ध चेतनसौं,
तिन्हकौ मूल हेतु कहु अब्ब॥
कै यह सहज जीवकौ कौतुक,
कै निमित्त है पुगल दव्व।
सीस नवाइ शिष्य इम पूछत,
कहै सुगुरु उत्तर सुन भव्व॥३३॥

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—શિષ્ય મસ્તક નમાવીને પ્રશ્ન કરે છે કે હે ગુરુજી! આપે મોહકર્મની સર્વ પરિણતિને બંધનું કારણ કહી છે તેથી તે શુદ્ધ ચૈતન્યભાવોથી સદા નિરાળી જ છે. હવે કહો કે બંધનું મુખ્ય કારણ શું છે? બંધ જીવનો જ સ્વાભાવિકધર્મ છે અથવા એમાં પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત છે?

શિષ્ય પ્રશ્ન પૂછે છે કે ગુરુજી! આપે વિકારી પરિણામને બંધના કારણ કહ્યાં અને વળી વિકારને જીવથી જુદાં કહ્યાં તો જે જુદાં છે એવા ભાવ જીવને બંધનું કારણ કેમ થાય! માટે, બંધનું ખરેખર કારણ કોને કહેવું? **संतत भिन्न सुद्ध चेतनसौं**–જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુથી રાગ નિરંતર ભિન્ન છે તો બંધનું કારણ તેને કેમ કહી શકાય! શું 'બંધ' એ જીવનો સ્વભાવ છે કે પુદ્ગલદ્રવ્યથી બંધ થાય છે તે મને સમજાવો એમ શિષ્ય મસ્તક નમાવીને વિનયથી પ્રશ્ન કરે છે તેનો ગુરુ ઉત્તર આપે છે કે હે ભવ્ય! સાંભળો.

**जैसें नाना बरन पुरी बनाइ दीजै हेट,**
**उज्वल विमल मनि सूरज करांति है।**
**उज्ज्वलता भासै जब वस्तुकौ विचार कीजै,**
**पुरीकी झलकसौं बरन भांति भांति है।।**
**तैसें जीव-दरवकौं पुग्गल निमित्तरूप,**
**ताकी ममतासौं मोह मदिराकी भांति है।**
**भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै तहां,**
**सांची शुद्ध चेतना अवाची सुख सांति है।।३४।।**

અર્થ :—જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાંતમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ-બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જ્વળતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ-શાંતિ પ્રતીતમાં આવે છે.

મૂળ ૧૩મા કળશમાં **परसंग एव** શબ્દ છે તેનો અર્થ એ છે કે તું પરનો સંગ કરે છે માટે તને તેની મમતાના ભાવથી કર્મનો બંધ થાય છે પણ વિવાદી લોકો પરથી વિકાર થવાનું માને છે. ખરેખર કર્મના નિમિત્તમાં પોતાની મમતા છે તે મોહ મદિરાની ઉન્મત્તદશા છે તે બંધનું કારણ થાય છે. એ વાત અહીં સ્ફટિકમણિના દૃષ્ટાંતે સ્પષ્ટ કરી છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેમ સ્ફટિકમણિમાં લાલ-કાળા ફૂલના નિમિત્તે ઝાંય પડે છે તે ડાંક કહેવાય છે તે ડાંકના નિમિત્તે સ્ફટિક રંગ-બેરંગી દેખાય છે પણ સ્ફટિક તો સ્વચ્છ અને સફેદ છે. સ્ફટિકનો સ્વભાવ જુઓ તો ઉજ્જ્વળ જ છે પણ ફૂલના સંગે અનેક વર્ણરૂપ દેખાય છે. લાલ ફૂલ હોય તો સ્ફટિક લાલ દેખાય અને કાળુ ફૂલ હોય તો સ્ફટિક કાળુ દેખાય છે તે નિમિત્તના સંગનું કારણ છે. તેમ જીવ તો સ્વભાવથી નિર્મળ હોવા છતાં પુદ્‌ગલ કર્મના—નિમિત્તના સંગે વિકારી થાય છે. 'હું બંધમાં છું, મને બંધ છે' એવો જે મમત્વરૂપ મિથ્યાત્વભાવ જીવને છે તેનાથી તેને બંધ થાય છે.

જુઓ કેટલું સ્પષ્ટ કર્યું છે! નિમિત્તથી વિકાર થતો નથી પણ નિમિત્તની મમતાથી પોતાને મોહ મદિરાની ઉન્મત્તતા એટલે કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઘેલછા ઉત્પન્ન થાય છે. નિમિત્ત મોહ કરાવે છે—એમ નથી.

નિમિત્ત જીવને વિકાર કરાવે છે એ સિદ્ધ કરવા માટે પણ સ્ફટિકનું દૃષ્ટાંત વાપરે છે કે જુઓ! સ્ફટિકમણિ પોતાના કારણે રંગ-બેરંગી થતો નથી પણ નિમિત્તના કારણે જ રંગ-બેરંગી થાય છે. પણ સ્ફટિકની પોતાની યોગ્યતાને એ લોકો જોતાં નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે તેથી ફૂલના સંગમાં રંગ-બેરંગી થાય છે. જો ફૂલના કારણે જ સ્ફટિક રંગ-બેરંગી થતું હોય તો લાકડાંની સામે ફૂલ રાખો તો લાકડું રંગ-બેરંગી નહિ થાય કેમ કે લાકડામાં એવી યોગ્યતા જ નથી તો ફૂલનું નિમિત્ત તેને શું કરે! તેમ જીવમાં વિકાર થવાની યોગ્યતા છે તેથી કર્મના નિમિત્તના સંગમાં જીવ વિકાર કરે છે. કર્મ તેને વિકાર કરાવતું નથી. કર્મ તો નિમિત્ત છે તે જીવને શું કરે!

ઉપાદાન—નિમિત્ત, નિશ્ચય—વ્યવહાર અને ક્રમબદ્ધ આ પાંચ વિષયમાં સોનગઢની સામે લોકોમાં બહુ ચર્ચાય છે.

રામજીભાઈ :—ચર્ચા થાય તો સારું, મેલ ઉપર આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પાંચમાંથી એકમાં પણ જેને ભૂલ છે તેને બધાંમાં ભૂલ છે. કેવળી ભગવાન ત્રણકાળ ત્રણલોકના જાણનાર-દેખનાર છે તેમ આત્મા એકલો જાણનાર-દેખનાર છે એમ નિર્ણય કરે તો ક્રમસર થતાં પરિણમનને જાણનાર રહે, રાગ આવે તેનો પણ જાણનાર રહે. રાગ આવ્યો માટે જ્ઞાન થયું એમ ન માને. તેથી વ્યવહારથી જ્ઞાન થાય છે એમ ન માને. જ્ઞાન તો જ્ઞાનથી થાય છે, નિમિત્તથી જ્ઞાન થતું નથી આમ નક્કી કરે ત્યાં પાંચેય બોલનો વિરોધ ઊડી જાય છે.

એક માણસે પ્રશ્ન કર્યો હતો કે ક્રમબદ્ધ એટલે શું? તેનો ખુલાસો કરો. કીધું, પ્રશ્ન

www.vitragvani.com



બરાબર છે. ભાઈ! જેમ સર્વજ્ઞ જાણે છે તેમ આત્મા પણ માત્ર જાણે છે. જે જે સમયે જે જે થાય તેને તે-તે સમયે તે જ પ્રકારે જ્ઞાન પોતાથી જાણે છે. ત્યાં રાગથી કાર્ય થાય છે એમ રહેતું નથી અને આડું-અવળું થઈ શકે એ વાત પણ રહેતી નથી અને વ્યવહારથી નિશ્ચય થાય તે વાત પણ રહેતી નથી. પાંચેય સિદ્ધાંતનું સમાધાન થઈ જાય છે. એકને યથાર્થપણે સમજતાં પાંચેય બોલનો વિરોધ ટળી જાય છે.

આત્માનો ત્રિકાળી સ્વભાવ ત્રણકાળ ત્રણલોકને જાણવાનો છે. ત્રિકાળી સ્વભાવમાં ત્રિકાળી જ્ઞાનચેતના પડી છે. પર્યાયરૂપે નહિ પણ ધ્રુવરૂપે ત્રિકાળ જ્ઞાનચેતના રહેલી છે તેનું જ્ઞાન થતાં પર્યાયમાં જ્ઞાનચેતના પ્રગટ થાય છે. પછી રાગાદિ થાય તેનો માત્ર જાણનાર છે.

નયનું સ્વરૂપ સત્યને સ્પષ્ટ કરવા માટે છે તેને બદલે નયના સ્વરૂપમાં ઘુંચવાય જાય છે એ ભૂલ છે.

મિથ્યાદૃષ્ટિને પુદ્‌ગલના નિમિત્તની મમતાથી વિકાર થાય છે. માટે, હવે નિમિત્તની અને પરની મમતા છોડી દઈને, ભેદજ્ઞાનદૃષ્ટિથી સ્વભાવને સાધી લેવો. પરની મમતા છોડી દે! વિભાવની મમતા છોડી દે! સ્વભાવની સાધના કરી લે! રાગથી ભિન્ન પડીને સ્વભાવને સાધવો છે, રાગને સાધવો નથી. સાંચી શુદ્ધ ચેતના....રાગથી ભિન્ન પડીને, અંતરના સ્વભાવનું સાધન કરતાં, સાચી શુદ્ધ ચેતના અને આનંદ બંને પ્રગટ થાય છે. જે વચનાતીત છે. આવી શાંતિ અને જ્ઞાન પ્રગટ કરવા તે જ ધર્મ અને ધર્મનું સાધન છે, બીજું કોઈ સાધન નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# ભૂતની ગુફારૂપ શરીરને પોતાનું માનવું તે એક આશ્ચર્ય છે

(સળંગ પ્રવચન નં-૯૭)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં આ બંધ-અધિકાર ચાલે છે. ૧૯૬ પાના ઉપર ૩૫મો શ્લોક છે.

આગળ 'परसंग एव.....' ની વાત આવી ગઈ. જીવને બંધ કેમ થાય છે? કે જીવ પોતાના સ્વભાવનો સંગ છોડીને, કર્મના નિમિત્તનો સંગ કરે છે તેથી બંધ થાય છે. જેટલી પરમાં મમતા કરે છે તેના પ્રમાણમાં વિકાર થાય છે, એટલો જ બંધ થાય છે. નિમિત્ત તેને બંધ કરાવતું નથી. આમ શિષ્યના પ્રશ્નનો જવાબ ચાલે છે.

जैसे महिमंडलमैं नदीकौ प्रवाह एक,
ताहीमैं अनेक भांति नीरकी ढरनि है।
पाथरकौ जोर तहां धारकी मरोर होति,
कांकरकी खांनी तहां झागकी झरनि है॥
पौनकी झकोर तहां चंचल तरंग ऊटै,
भूमिकी निचांनि तहां भौरकी परनि है।
तैसैं एक आतमा अनंत-रस पुद्गल,
दुहूंके संजोगमैं विभावकी भरनि है॥३५॥

અર્થ :—જેવી રીતે પૃથ્વી ઉપર નદીનો પ્રવાહ જોકે એકરૂપ હોય છે તોપણ પાણીની અનેક અવસ્થાઓ થાય છે, અર્થાત્ જ્યાં પત્થર સાથે અથડાય છે ત્યાં પાણીનો પ્રવાહ વળાંક લે છે, જ્યાં રેતીનો સમૂહ હોય છે ત્યાં ફીણ પડી જાય છે, જ્યાં પવનનો ઝપાટો લાગે છે ત્યાં તરંગો ઉઠે છે, જ્યાં જમીન ઢાળવાળી હોય છે ત્યાં વમળ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે એક આત્મામાં જાતજાતનાં પુદ્ગલોના સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવપરિણતિ થાય છે.

નદીનું પાણી એકરૂપ ધારાએ જતું હોય છતાં નીચાણ, ઊંચાણ અનુસાર પાણી અનેક પ્રકારે વહે છે. જ્યાં મોટા પત્થર પડ્યાં હોય ત્યાં પાણી વળાંક લઈ લે છે... આ તો દૃષ્ટાંત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે પછી તેનો સિદ્ધાંત આત્મામાં ઉતારશે. નદીમાં જ્યાં રેતી વધારે હોય ત્યાં પાણીમાં ફીણ થઈ જાય છે, પવનના ઝપાટા આવે ત્યાં પાણીમાં તોફાન આવે છે. ઢાળ આવે ત્યાં વમળ થાય છે. આમ પાણીના એકરૂપ પ્રવાહમાં અનેક પ્રકાર પડે છે તેમ આત્મા એક છે પણ અનંત પ્રકારના રસવાળા કર્મપુદ્‌ગલ છે તેનો સંગ કરીને આત્મા અનેક પ્રકારની વિભાવપરિણતિ કરે છે.

જેમ પાણીનો પ્રવાહ એક છે તેમ આત્મા એક છે. પોતે અનંત જ્ઞાન-આનંદનો સાગર છે પણ તેને કર્મના નિમિત્તના સંગમાં અનેક પ્રકારની અવસ્થા થાય છે. કર્મમાં જે જે પ્રકારનો રસ હોય છે તેનો સંગ થતાં જીવમાં તે તે પ્રકારની વિભાવ પરિણતિ ઉત્પન્ન થાય છે. કર્મના સંગમાં મમતા કરવાથી જીવને અનેક પ્રકારે વિકાર ઊભો થાય છે. કેટલાંક કહે છે કે જીવ તો એક છે પણ અનંત પ્રકારના કર્મો છે તેમાંથી જેવું નિમિત્ત આવે તેવો ભાવ થાય છે તો એ કર્મ કરાવ્યો, પરંતુ એમ નથી. કર્મના નિમિત્તનો જીવ સંગ કરે છે અને તેમાં જેટલી મમતા કરે છે તેના પ્રમાણમાં વિકાર થાય છે.

જીવ તો એક પ્રકારનો છે પણ કર્મને કારણ તેમાં વિવિધતા થાય છે એમ કહ્યું ત્યાં એ અપેક્ષા સમજવી કે વિવિધ પ્રકારે વિભાવ કરવા એ જીવનો સ્વભાવ નથી પણ અનેક પ્રકારના રસવાળા કર્મનો સંગ કરવાથી વિભાવ પરિણતિ થાય છે. 'કર્મ છે માટે વિભાવ થાય છે કે કર્મને કારણે થાય છે'—એમ નથી.

અમારે તો ૭૧ ની સાલથી સમાધાન થઈ ગયું છે કે 'આત્મામાં જે વિકાર થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આત્મા પોતાના પુરુષાર્થથી જ વિકારને ટાળી શકે છે...' આ વાત સાંભળીને તે વખતે બહુ ખળભળાટ થઈ ગયો હતો કેમ કે કેટલાકને 'કર્મથી વિકાર થાય' એ વાતનો બહુ પક્ષ હતો. અમે તો કીધું પરદ્રવ્યથી આત્મામાં કાંઈ ન થાય. આત્મા જેવા નિમિત્તના સંગમાં જોડાય, તેની મમતા કરે તે પ્રમાણે વિકાર થાય છે. નિમિત્ત જીવને વિકાર કરાવતું નથી અને નિમિત્તની વિવિધતાથી અહીં વિવિધતા થતી નથી. એક આત્મામાં જાતજાતના કર્મોનો સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવ પરિણતિ થાય છે.

બીજા લોકો ઈશ્વરને કર્તા માને છે તેનો ધણી ઈશ્વર છે અને આ જૈનો થઈને કર્મને જીવના પરિણામનો કર્તા માને છે તો એણે તો જડને પોતાનો ધણી માન્યો. એમ ન હોય ભાઈ! કર્મના નિમિત્તના સંગમાં તું જેટલી મમતા કરે તેના પ્રમાણમાં વિકાર થાય છે આ સિદ્ધાંત યથાર્થ છે. વસ્તુ એકરૂપ શુદ્ધ હોવા છતાં તેનામાં અશુદ્ધતાની જેટલી યોગ્યતા છે તે પ્રમાણે પોતે નિમિત્તને આધીન થાય છે. નિમિત્ત તેને આધીન કરાવતું નથી. 'કર્મે રાજા, કર્મે રંક'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ વાત તો બરાબર છે પણ 'કર્મે વાળ્યો આડો અંક' એ વાત ખોટી છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વભાવને ભૂલે છે અને નિમિત્તની મમતામાં જોડાય છે ત્યારે મમતાના પ્રમાણમાં તેને વિકાર અને દુઃખ થાય છે.

હવે ૧૪મા શ્લોક ઉપર ૩૬મા પદ્યમાં બનારસીદાસજી જડ અને ચૈતન્યનું પૃથક્પણું બતાવે છે.

**चेतन लच्छन आतमा, जड़ लच्छन तन-जाल।**
**तनकी ममता त्यागिकै, लीजै चेतन-चाल॥३६॥**

અર્થ :—આત્માનું લક્ષણ ચેતન છે અને શરીર આદિનું લક્ષણ જડ છે તેથી શરીર આદિનું મમત્વ છોડીને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ કરવું ઉચિત છે.

આત્માનું લક્ષણ તો જાણવું અને દેખવું છે અને શરીરનું લક્ષણ તો જડ છે માટે તેને આત્માથી જુદું જાણીને તેની મમતાનો ત્યાગ કર! અને ભગવાન આત્માની ચેતનમય ગતિનું પરિણમન કર! કર્મ પણ જડ છે તેની મમતાને છોડ! કર્મ મને વિકાર કરાવે છે અને કર્મ મને હેરાન કરે છે એવી બુદ્ધિને છોડ! ભગવાન આત્મા જાણનાર-દેખનાર છે, આનંદમૂર્તિ છે તેની તરફ રુચિનું પરિણમન કર! કર્મના નિમિત્તની મમતાથી જે વિકાર થતો હતો તેની મમતા છોડી દઈને, આત્મા તરફની દૃઢતા કરીને ચૈતન્ય શુદ્ધપરિણમનને ગ્રહણ કર!

પરની મમતા છોડીને, સ્વભાવ દૃષ્ટિ કરતાં આત્માની શુદ્ધપરિણતિની દશા થાય તેને ધર્મ કહે છે.

**जो जगकी करनी सब ठानत,**
**जो जग जानत जोवत जोई।**
**देह प्रवांन पै देहसौं दूसरौ,**
**देह अचेतन चेतन सोई॥**
**देह धरै प्रभु देहसौं भिन्न,**
**रहे परछन्न लखै नहि कोई।**
**लच्छन वेदि विचच्छन बूझत,**
**अच्छनसौं परतच्छ न होई॥३७॥**

અર્થ :—જે સંસારની સર્વ ક્રિયાઓ કરે છે, જે જગતને જાણનાર, દેખનાર છે, જે શરીરપ્રમાણ રહે છે પણ શરીરથી ભિન્ન છે કેમ કે શરીર જડ છે અને તે ચૈતન્ય છે, તે

www.vitragvani.com



પ્રભુ (આત્મા) જોકે દેહમાં છે પણ દેહથી નિરાળો છે, તે ઢંકાઈને રહે છે, બધાંને દેખાતો નથી. જ્ઞાનીઓ લક્ષણ આદિથી તેને ઓળખે છે, તે ઈન્દ્રિયગોચર નથી.

જે સંસારની સર્વ ક્રિયાઓ કરે છે એટલે કે અજ્ઞાનભાવથી રાગ-દ્વેષ આદિ ક્રિયા અને ચારગતિમાં ભ્રમણ કરે છે અને તે જ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમતાં જગતનો જાણનાર થાય છે. જે અજ્ઞાનભાવે પરની મમતામાં, વસ્તુસ્વભાવના અજાણભાવે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ ભાવને કરે છે તે જ પોતાના જાણભાવે—સ્વભાવનું જ્ઞાન થતાં રાગથી માંડીને પર ચીજનો જાણનાર-દેખનાર રહે છે, આવા સ્વભાવવાન આત્માને જાણતાં શુદ્ધપરિણતિ પ્રગટ થાય છે.

**देह प्रवांन पै देहसौं दूसरौ**—ભગવાન આત્મા આ દેહ પ્રમાણ રહેલો છે પણ દેહથી જુદો છે. દેહ અને કર્મ આદિ તો બધાં અચેતન—જડ છે. આત્મા તો ચેતન જાણનાર, દેખનાર છે. આમ બંનેને જુદાં જાણી, વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જીવને જ્ઞાન અને આનંદની પરિણતિ પ્રગટ થાય છે. સ્વભાવના અજાણપણામાં રાગ-દ્વેષની પરિણતિ થાય છે અને જાણપણામાં શુદ્ધપરિણતિ પ્રગટ થાય છે. દેહમાં રહ્યો હોવા છતાં આત્મા આત્મામાં છે અને દેહ દેહમાં છે. આત્મા દેહથી નિરાળો છે.

**देह धरै प्रभु देहसौं भिन्न,** જુઓ! આત્માને પ્રભુ કહ્યો છે. આત્મા પોતે ચૈતન્યનાથ છે. શરીરના રજકણે-રજકણથી આત્મા જુદી ચીજ છે પણ એવો ગુપ્ત છે કે લોકો તેને જાણી શકતાં નથી. શરીર, વાણી, મનથી જુદી ચૈતન્યવસ્તુ અંદર ગુપ્ત પડી છે. તેને વિચિક્ષણ એવા સમકિતી જ્ઞાનલક્ષણ વડે જુદો આળખી લે છે.

**अच्छनसौं परतच्छ न होई**–આત્મા અક્ષ એટલે આંખ અથવા કોઈપણ ઈન્દ્રિયોથી જણાય તેવો નથી. આત્મા રાગરૂપ નથી, વિકલ્પરૂપ નથી, શરીર અને કર્મરૂપ તો આત્મા નથી, નથી અને નથી જ. આત્મા તો જાણનાર છે, આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે કાંઈ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થાય તેવો નથી.

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને નહિ જાણનાર જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે છે. કર્મ તેને રાગ-દ્વેષ કે અજ્ઞાન કરાવતું નથી. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને રોકતું નથી. એ તો જડ છે તેને કાંઈ ખબર નથી. જીવ પોતે જ્ઞાનની હીણી અવસ્થા કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

**देह अचेतन प्रेत-दरी रज,—**
**रेत-भरी मल-खेतकी क्यारी।**
**व्याधिकी पोट अराधिकी ओट,**
**उपाधिकी जोट समाधिसौं न्यारी॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



रे जिय! देह करै सुख हानि,
इते पर तौ तोहि लागत प्यारी।
देह तौ तोहि तजेगी निदान पै,
तूही तजै किन देहकी यारी॥३८॥

અર્થ :—દેહ જડ છે, જાણે એક મડદાનું સ્થાન જ છે, તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે, તોપણ તને પ્રિય લાગે છે, છેવટે એ તને છોડશે જ તો પછી તું જ તેનો સ્નેહ કેમ છોડી દેતો નથી?

देह अचेतन.....આ દેહ એક મુર્દાખાનું—સ્મશાન છે. ચૂડેલને રહેવાનું સ્થાન છે, આત્માને રહેવાનું આ સ્થાન નથી. અમે ૫૯ની સાલમાં તેર વર્ષની ઉંમરે પહેલીવાર જ પાલેજ ગયાં. ત્યાં ઘરના પાછળના ભાગમાં જીન ચાલતું. તેનો અવાજ આવતો હતો. તો કીધું ત્યાં શું છે! તો બાળકોને ત્યાં નહિ જવા દેવા માટે મોટાએ કહ્યું કે ત્યાં ચૂડેલ છે માટે ત્યાં ન જવાય. તેમ અહીં કહે છે કે આ દેહ ચૂડેલને રહેવાનું સ્થાન છે તેને પોતાનું ન માનવું. प्रेत-दरी એટલે ભૂતની ગુફા એવો અર્થ પણ કર્યો છે. આ દેહ ભૂતની ગુફા છે તેને પોતાનું માને એ ગજબ છે ને! ભૂતના સ્થાનથી તો માણસ ભાગે તેને બદલે આ પ્રેમ કરે છે.

દેહ તો રજ અને વીર્યથી બનેલો છે અને તેમાં મળ-મૂત્રની ખાણ ભરેલી છે. ભગવાન આત્મામાં તો અતીન્દ્રિય આનંદ અને શુદ્ધતા ભરેલી છે પણ અમૃતસાગર પ્રભુ મૃતક-ક્લેવરમાં મૂર્છાણો છે, ચૂડેલના ઘરથી ભાગવાના બદલે ત્યાં જઈને બેઠો છે. બહારથી શરીર લઠ્ઠ જેવું—સોનાની વીંટી જેવું દેખાતું હોય એટલે તેમાં મૂર્છાઈ જાય છે પણ આગળ ૪૦ મા પદ્યમાં આવશે કે એ તો બધી ઉપરની ચમક-દમક છે. ચામડીની ગારને કારણે અંદરની અશુચિ, હાડકાં આદિ ઢંકાઈ ગયું છે પણ અંદર તો મળ-મૂત્રના ક્યારા છે.

આ વાત બંધ અધિકારમાં લેવાનો હેતુ એ છે કે આ શરીર જડ છે તેને પોતાનું માનવું તે બંધભાવ છે—અજ્ઞાન છે.

શરીર व्याधिकी पोट એટલે રોગોનું પોટલું છે એક એક શરીરમાં ભગવાને ૫ કરોડ ૬૮ લાખ ૯૯ હજાર ૫૮૪ રોગ જોયાં છે. એમ ભગવતી આરાધનામાં કહ્યું છે. આવા શરીરને વ્હાલું કરીને મારું માનવું અને તેની સંભાળમાં રોકાવું એ બધો બંધભાવ છે, એકમાત્ર ચૈતન્યની સંભાળ કરવી એ અબંધભાવ છે.

લાઠીમાં એક બેનને 'શીતળા' નીકળ્યાં હતાં તો શીતળાના દાણે દાણે ઈયળો પડી હતી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પીડા સહન થતી ન હતી. એ બા! આવા પાપ મેં આ ભવે તો કર્યાં નથી, આ ક્યા ભવના પાપનું ફળ આવ્યું હશે! આવા આવા રોગો દરેક શરીરમાં રહેલાં છે પણ પ્રગટ નથી તેથી શરીરને વ્હાલું કરીને બેઠો છે. શરીરની ઓટમાં આત્માને તો ઢાંકી દીધો છે. ચોવીસ કલાક શરીરને નવરાવવા, ખવરાવવા, શણગારવામાં, સેન્ટ લગાડીને ફરવામાં પસાર કરી દે છે પણ પ્રભુ! તારો શણગાર તો કોઈ બીજો છે.

શરીરમાં કષ્ટનો ઢગલો છે. કાનમાં શૂળ આવે, છાતીમાં કેન્સર થાય, ભગંદર થાય, અનેક પ્રકારે શરીર કષ્ટ આપે છે છતાં આ જીવ તેને પ્રેમથી ખવરાવે છે. એ ભૂતના મુખમાં કોળિયા આપે છે. પણ પ્રભુ! એ ચીજ તારાથી જુદી છે. તારે અને તેને કાંઈ સંબંધ નથી છતાં આટલો પ્રેમ તને કેમ આવે છે? પ્રેમ તો પ્રભુ સાથે કરવો જોઈએ. શરીરનો પ્રેમ તો તને બંધનું કારણ છે અને ભગવાન આત્માનો પ્રેમ મોક્ષનું કારણ છે. શરીરના આશ્રયે કદી શાંતિ અને સમાધિ થાય તેમ નથી.

શાંતિરૂપ સમાધિ તો આત્માના આશ્રયે થાય છે. દેહ તો જુદી ચીજ છે તેમાં શાંતિ નથી અને તેનાથી શાંતિ થાય તેમ નથી. આમ, દેહ અને આત્મા તદ્દન ભિન્ન છે એમ ભેદજ્ઞાન કરાવે છે. આત્મા કોઈ ઈન્દ્રિયોને ગોચર નથી, આત્મા અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય તેવો છે. પોતે જ છે પણ પોતાને પોતાની કાંઈ ખબર નથી.

**रे जिय! देह करै सुख हानि**—અરે જીવ! દેહની પ્રીતિ તો તારી શાંતિને નાશ કરી નાંખે તેવી છે તે દેહથી ધર્મ ક્યાંથી થાય! પણ કાશીમાં ભણેલાં મોટા પંડિતો પણ એવું માને છે કે સચેતન શરીરથી ધર્મ થાય છે. અરે ભાઈ! દેહની મમતા તો આત્માની સુખ-શાંતિનો નાશ કરે છે, છતાં દેહ તને પ્યારો લાગે છે!

**देह तौ तोहि तजेगी**..... દેહ તો નક્કી તેના સમયે તને છોડી દેશે ત્યારે તું તેને સાથે આવવા કહીશ તોપણ એ નહિ આવે, ઉલટું દેહ કહેશે કે અરે મૂરખ! અમે કોઈની સાથે ગયા છીએ? કે તારી સાથે આવીએ! અમે તો મડદાં છીએ—જડ છીએ. તારી સાથે અમે આવી શકીએ તેમ નથી.

આત્માનું સાચું સ્વરૂપ બતાવવા અને અબંધ પરિણામ પ્રગટ કરાવવા માટે આ બધી વાત લીધી છે. એક તરફ ભગવાન આત્મા છે અને બીજી તરફ દેહ છે. બંનેનું ભેદજ્ઞાન સારું કરાવ્યું છે.

દેહ તો તને છોડવાનો જ છે તો તું જ તેનો અનુરાગ કેમ છોડી દેતો નથી? આત્માનું ભાન થતાં દેહ પ્રત્યે વૈરાગ્ય આવી જાય છે પણ તને તો દેહ ઉપર પ્રીતિ છે માટે તું મિથ્યાદષ્ટિ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છો. તને બંધ થશે. સમ્યગ્દષ્ટિને તો રાગનો રાગ પણ નથી તો દેહનો રાગ તો ક્યાંથી હોય!! 'આવો સુંદર દેહ મળ્યો છે તો તેને ભોગવી જાણવો!' એમ કહેનારા મૂરખ છે. દેહ તો હાડકાનું માળખું છે તેને શું ભોગવી જાણવો?

શરીર ધર્મનું સાધન છે, શરીર ઠીક હોય તો મન પણ સ્ફૂર્તિમાં રહે,.. આવું માનનારા મૂઢ છે. મનની શુદ્ધિ માટે ભગવાનની પૂજા કરો અને શરીરની શુદ્ધિ માટે આ 'મોતી' સાબુ લઈ જાવ એમ કરીને સાબુ વેચે... અરે બાપુ! કોલસાને ગમે તેટલા સાબુથી ધોવો પણ એ સફેદ થાય ખરો! બાળી નાંખો તો સફેદ થાય.

**सुन प्राणी सदगुरु कहै, देह खेहकी खांनि।**
**धरै सहज दुख दोषकौं, करै मोखकी हांनि॥३६॥**

અર્થ :—શ્રીગુરુ ઉપદેશ આપે છે કે હે જીવ! શરીર માટીની ખાણ છે, સ્વભાવથી જ દુઃખ અને દોષમય છે તથા મોક્ષસુખમાં બાધક છે.

જુઓ! દેહ તો મોક્ષની હાનિ કરનારો છે એમ કહ્યું છે. શ્રીગુરુ કહે છે કે સાંભળ પ્રાણી! દેહ તો માટીની ખાણ છે—રાખ છે—ધૂળ છે તેમાં તારું શું હિત છે! એ તો સ્વભાવથી જ દુઃખ અને દોષમય છે. અંદરથી પેસાબ અને વિષ્ટાની ગંધ મારે છે. અરે! બે-ચાર કલાક થાય ત્યાં પરસેવો પણ ગંધાય. કેટલાકનું તો શરીર તંદુરસ્ત હોય પણ તેનો 'વા' ગંધાય, શરીર ગંધાય.

શરીર નિમિત્ત તરીકે મોક્ષમાર્ગની અને મોક્ષની હાનિ કરનાર છે. મૂળ તો જીવ પોતે શરીરની મમતા કરે છે તેથી મોક્ષમાર્ગમાં હાનિ થાય છે પણ તેમાં શરીર નિમિત્તરૂપ છે માટે શરીરને મોક્ષસુખમાં બાધક કહ્યું છે. વિશેષ કહેશું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# શરીર સંસાર આદિનું નગ્ન-સ્વરૂપ

(સળંગ પ્રવચન નં-૯૮)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં બંધ અધિકારમાં શરીરની વ્યાખ્યા ચાલે છે કે શરીર તદ્દન જુદી ચીજ હોવા છતાં અનાદિથી અજ્ઞાનીને તેનો પ્રેમ છે, તેથી તેને મિથ્યાત્વનો બંધ પડે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે અને આ શરીર તો જડ-માટીનો પિંડ છે, તેથી અહીં તેના અવગુણ ગાય છે. શરીરની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ છે—સંસાર છે તેથી શરીરનું સ્વરૂપ બતાવે છે.

**रेतकीसी गढ़ी किधौं मढी है मसानकीसी,**
**अंदर अंधेरी जैसी कंदरा है सैलकी।**
**ऊपरकी चमक दमक पट भूषनकी,**
**धोखै लागे भली जैसी कली है कनैलकी॥**
**औगुनकी औंडी महा भौंडी मोहकी कनौडी,**
**मायाकी मसूरति है मूरति है मैलकी।**
**ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,**
**ह्वै रही हमारी मति कोल्हूकेसे बैलकी॥४०॥**

અર્થ :—આ દેહ, રેતીના ગઢ સમાન અથવા સ્મશાનની દેરી સમાન છે અને અંદર પર્વતની ગુફા સમાન અંધકારમય છે. ઉપરના ઠાઠમાઠ અને વસ્ત્રાભૂષણોથી સારો દેખાય છે પરંતુ કનૈરની કળી સમાન દુર્ગંધવાળો છે, અવગુણોથી ભરેલો, અત્યંત ખરાબ અને કાણી આંખ સમાન નકામો છે, માયાનો સમૂહ અને મેલની મૂર્તિ જ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે જેથી સંસારમાં સદા ભ્રમણ કરવું પડે છે.

રાજસ્થાનમાં પવનના ઝપાટાથી ખાડો હોય ત્યાં રેતીનો ઢગલો થઈ જાય અને ઢગલો હોય ત્યાં ખાડો થઈ જાય, એવા ઘણા રેતીના ઢગલા જોયાં હતાં. તેમ આ શરીર છે તે રેતીના ઢગલા જેવું છે. રેતીનો કિલ્લો બાંધ્યો હોય તો તેને ભરભર ભૂકો થતાં વાર ન લાગે. તેમ આ શરીર ક્ષણમાં નાશવાન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમકિતી શરીરની સંભાળ આદિ બધું કરે છે પણ તેને શરીરના આવા સ્વરૂપનું જ્ઞાન છે તેથી શરીરમાં એકતાબુદ્ધિ નથી. માટે, પ્રથમ વસ્તુસ્થિતિ નક્કી કરવી જોઈએ. સમકિતી ચક્રવર્તીનો ખોરાક એવો હોય કે તેનો એક કોળિયો ૯૬ કરોડ પાયદાળને આપો તો તે પચાવી ન શકે, એટલી તો અંદર કરોડો રૂપિયાની ભસ્મ નાંખેલી હોય. પુણ્યયોગે એવા ખોરાક આદિનો યોગ હોય છે પણ ધર્મીને તેની રુચિ હોતી નથી, સુખબુદ્ધિ હોતી નથી. ખોરાક લેવાનો વિકલ્પ આવે છે તેને પણ જાણે છે કે આ દુઃખદાયક છે પણ સમાધાન થતું નથી એટલે આહાર લે છે. ખરેખર તો ધર્મી આહાર અને વિકલ્પથી રહિત છે. લોકોને આ વાત સમજાતી નથી અને બાહ્યત્યાગની મહિમા છે તેથી તેમાં રોકાઈ જાય છે.

પ્રભુ! તું શાશ્વત જ્ઞાનાનંદનો પુંજ છો. શરીર તો રેતીનો ઢગલો છે. બંને ચીજ નિરાળી છે. સ્મશાનમાં મડદાને બાળવા ઓરડી બનાવે છે તેવી આ શરીરરૂપી મઢી છે. અંધારી ગુફા હોય તેના જેવું આ શરીર છે પણ એ અંધારાને જાણનારો આત્મા ચૈતન્યપ્રકાશથી શોભાયમાન છે. જેની સત્તામાં અંધારું જણાય છે તે પોતે અંધારારૂપ નથી પણ એણે કદી વિચાર જ કર્યો નથી. શરીર, સ્ત્રી, પુત્ર, પરિવારનો જ વિચાર છે અને કમાણી કરતાં આવડે એટલે તેમાં ઊંડો ઊતરી જાય છે.

...પણ તું કોણ છો ભાઈ! તારી હયાતિ વિના આ શરીરાદિની હયાતિને જાણે કોણ! જાણનાર ચૈતન્ય ભગવાન પોતે છે. એ જાણે છે કે આ શરીર છે.

શરીર તો ઉપરની ચામડીને કારણે ચમક-દમકવાળું દેખાય છે, જો એ ચામડીની શેરડીની છાલ જેટલી છાલ ઉતારો તો જોઈ તો ન શકે પણ થૂંકવા પણ ઉભો ન રહે એવું સ્વરૂપ છે. જ્યારે અંદરમાં જે આત્મા છે તેનું સ્વરૂપ એવું છે કે તેમાં જરા એકાગ્રતા કરો તો અમૃતનો અનુભવ થાય કેમ કે આત્મા અમૃતનો સાગર છે. શરીરની ચામડી ઉતારો તો માંસ દેખાય અને આત્મામાં એકાગ્ર થાય તો આનંદ આવે. આમ, શરીર અને આત્મા તદ્દન નિરાળી બે ચીજ છે.

શરીર ઉપર કપડાંનો ઠાઠમાઠ એવો હોય કે બહુ સુંદર દેખાય પણ અંદરમાં હાડકાં, માંસ, પેસાબ અને વીર્ય આદિ અશુચિ વસ્તુ જ ભરી છે. કનૈરની કળી એવી થતી હશે કે બહારથી સારી લાગે અને અંદરમાં દુર્ગંધ ભરી હોય એવું આ શરીર કનૈરની કળી જેવું દુર્ગંધમય છે. તેને સારું માનવામાં ધોખો છે. **औगुनकी औंडी** એટલે ઊંડા ગુમડા જેવું આ શરીર છે. અવગુણના ઊંડા ગુમડાંને તુ તારું માનીને ચૈતન્યને ભૂલી ગયો છો. શરીર અત્યંત ખરાબ છે પણ જેમ કાણી આંખથી દેખાય નહિ તેમ મોહના કારણે તને એ ખરાબ દેખાતું નથી. શરીર તો આંધળુ છે તે કાંઈ દેખતું નથી.

www.vitragvani.com



માયાનો એ સમૂહ છે, મેલની મૂર્તિ છે, જ્યારે આત્મા નિર્મળાનંદની મૂર્તિ છે.

**ऐसी देह याहीके सनेह याकी संगतिसैं,** આવા આ દેહના પ્રેમથી અને તેની જ સંગતિથી અજ્ઞાનીની બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે. ત્યાં ને ત્યાં એની બુદ્ધિ ફર્યા કરે છે તેથી સંસારમાં ભ્રમણ કરવું પડે છે.

હવે ૪૧મા પદ્યમાં પણ શરીરની જ અવસ્થા વિશેષ કહે છે.

**ठौर ठौर रकतके कुंड केसनिके झुंड,**
**हाड़निसौ भरी जैसें थरी है चुरैलकी।**
**नैकुसे धकाके लगै ऐसै फटि जाय मानौ,**
**कागदकी पूरी किधौं चादरि है चैलकी।।**
**सूचै भ्रम वांनि ठानि मूढ़निसौं पहचांनि,**
**करै सुख हानि अरु खांनि बदफैलकी।**
**ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,**
**ह्वै रही हमरी मति कोल्हूकेसे बैलकी।।४१।।**

અર્થ :—આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાઓથી ભરેલો છે જાણે ચૂડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું! પણ મૂર્ખાઓ તેના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે.

**ठौर ठौर.....**શરીરમાં લોહીના કુંડ જ ઠેકઠેકાણે ભરેલા છે. જ્યાં જ્યાં સોય મારો ત્યાંથી લોહી નીકળે છે. નદીમાં પાણી ચાલ્યું જતું હોય ત્યાં જ્યાં ખોદો ત્યાં પાણીનો વિરડો નીકળે તેમ શરીરમાં જ્યાં ખોદો ત્યાં લોહી નીકળે. અંદર જે ભર્યું હોય તે જ નીકળે ને!

ચેલણા રાણીને ગર્ભમાં કુણિક રહ્યો હતો ત્યારે દોહ્યલો થયો હતો કે 'શ્રેણિકનું લોહી પીઉં' એ વાત બેસતી નથી. કેમ કે ચેલણા તો પહેલેથી સમકિતી હતાં. ચેલણાએ જ શ્રેણિકને જૈનધર્મ પમાડ્યો હતો.

શરીરમાં જ્યાંત્યાંથી વાળના ઝુંડ નીકળે છે અને અંદર તો હાડકાનું જ માળખું છે જાણે ચુડેલને રહેવાનું સ્થાન કેમ હોય! બનારસીદાસે શરીરનું સ્વરૂપ ખુલ્લું કર્યું છે! આ શરીરના પ્રેમમાં જીવ પોતાને ભૂલી ગયો છે. શરીરને જરા ધક્કો વાગે ત્યાં પડી જાય અને કાગળના

www.vitragvani.com



પડીકાની જેમ ફાટી જાય છે. જૂના કપડાંને જરા ખેંચીએ ત્યાં ફાટી જાય તેમ શરીરમાં જરા ફેરફાર થાય ત્યાં રોગાદિ થઈ જાય છે. બ્લડપ્રેશર વધી જાય, ગુમડા નીકળે, ડાયાબીટીઝ થઈ જાય, હાડકાં સડી જાય, કેન્સર થાય એવા તો કંઈક રોગ થાય અને ઘડીકમાં દગો દઈ દે.

કાગળનું વહાણ બનાવીને પાણીમાં મૂકો તો તરવાને બદલે તરત ડૂબી જશે-પલળી જશે. તેમ સુંદર દેખાતાં શરીર પાસે કાંઈ આશા રાખવી નકામી છે, કારણ કે તેનો સ્વભાવ અસ્થિર છે. ક્ષણમાં શરીરમાં ફેરફાર થઈ જાય છે છતાં મૂઢ જીવો શરીર ઉપર પ્રેમ કરે છે. મૂર્ખ લોકો જ ભગવાનને ભૂલીને શરીરનો પ્રેમ કરે છે.

करै सुख हानि—જેટલી શરીરની દરકાર કરે છે તેટલી જીવને સુખની હાનિ થાય છે. बदफैल એટલે બુરાઈની તો એ ખાણ છે, તેમાંથી સુખ ક્યાંથી મળે! છતાં શરીર ઉપર પ્રેમ કરવાથી અને પરિચય કર્યા કરવાથી અજ્ઞાનીની મતિ ઘાણીના બળદ જેવી થઈ રહી છે. તે સમજાવવા માટે ૪૨ મા પદ્યમાં દૃષ્ટાંત આપે છે.

સંસારી જીવોની દશા ઘાણીના બળદ જેવી છે—

पाटी बांधी लोचनिसौं सकुचै दबोचनिसौं,
कोचनिके सोयसौं न बेदै खेर तनकौ।
धायबो ही धंधा अरु कंधामांहि लग्यौ जोत,
बार बार आर सहै कायर है मनकौ॥
भूख सहै प्यास सहै दुर्जनको त्रास सहै,
थिरता न गहै न उसास लहै छनकौ।
पराधीन घूमै जैसौ कोल्हूकौ कमेरौ बैल,
तैसौई स्वभाव या जगतवासी जनकौ॥४२॥

અર્થ :—સંસારીજીવોની દશા ઘાણીના બળદ જેવી જ થઈ રહી છે. તે આ રીતે છે— નેત્રો ઉપર પાટો બાંધેલો છે, જગ્યા સાંકડી હોવાથી દબાઈ-સંકડાઈને રહે છે, ચાબુકના મારની બીકથી શરીરના કષ્ટની જરા પણ દરકાર કરતો નથી. દોડવું એ જ તેનું કામ છે. તેના ગળા ઉપર જોતરું લાગેલું છે (જેથી નીકળી શકતો નથી). દરેક પળે આરનો માર સહન કરતો મનમાં નાહિંમત થઈ ગયો છે. ક્ષણમાત્ર પણ ઊભો રહ્યા વિના ચક્કર ચક્કર ફરે છે.

અહા! જુઓ તો અજ્ઞાનીની દશા કેવી કહી છે! પેલા બળદને જેમ આંખે પટ્ટી બાંધી છે તેથી કાંઈ સૂઝ પડતી નથી, તેમ અજ્ઞાનીને અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે તેથી હું કોણ છું,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શરીર અને રાગાદિ શું છે તેની કાંઈ ખબર પડતી નથી. જેમ બળદને સાંકડી-મર્યાદિત જગ્યામાં જ રહેવું પડે છે, શરીરને કષ્ટ પડે તે સહન કરવું પડે છે, તેમ અજ્ઞાનીને પણ પોતાને સંયોગમાં મળેલ મર્યાદિત ક્ષેત્રમાં-ઘરમાં રહેવું પડે છે. તેમાં તેને એટલી મમતા થઈ જાય છે કે કારણવશ ઘર વેચવું પડ્યું હોય અને પછી પોતાની પાસે પૈસા થઈ જાય તો એ ઘર ફરી પોતાનું કરી લેવા માગે છે. અમારું આ જન્મસ્થાન છે, અમે અહીં મોટા થયાં છીએ... અરે! પણ એ ઈંટ-માટીનું મકાન તારું હતું જ નહિ અને તારું થવાનું નથી.

ઘાણીના બળદને જેમ ઘાંચી દ્વારા મળતાં કષ્ટ સહન કરવા પડે છે, તેમ અજ્ઞાનીને પણ સ્ત્રી, પુત્રાદિ દ્વારા મળતાં કષ્ટ-દુર્વચન આદિ સહન કરવા પડે છે. બહારમાં ભલે પોતે ખમા ખમા થતો હોય પણ ઘરમાં સ્ત્રી તેને અક્કલ વગરનો કહે તોપણ સહન કરવું પડે છે. બળદને ચાબુકના માર પડે છે જ્યારે આને દુર્વચનના માર પડે છે. ઘાંચીના બળદ તો શું બીજા પશુઓને પણ માર મારી મારીને તેના માલિક કામ લેતાં હોય છે. એક જ્યોતિષ પોતાના બળદને મેલીવિદ્યા શિખડાવીને સોનગઢ લાવ્યો હતો. જે પ્રશ્નો પૂછીએ તે પ્રમાણે તે બળદ માણસ પાસે જઈને ઉભો રહેતો હતો. એ મેલીવિદ્યા પણ બળદને મારી મારીને શિખડાવી હોય. તે બધું મુંગા મોઢે સહન કરવું પડે છે, તેમ દરેક અજ્ઞાની મુંગા મોઢે અજ્ઞાનથી પોતાને થતું દુઃખ સહન કરે છે.

ઘાંચીના બળદને દોડવું એ જ એનું કામ છે, તેમ આ જીવ પણ ઘડીમાં મુંબઈ તો ઘડીમાં આફ્રિકા એમ અનેક જગ્યાએ દોડાદોડી કર્યા કરે છે. સ્ત્રી, પુત્ર, પરિવારની જાળ પાથરીને બેઠો છે, તેમાંથી નીકળવું એને કઠણ પડે છે. બધાંને રાજી રાખવા ખાતર પોતાને જે મુશ્કેલી પડે તે ભોગવી લે છે. મોહના કારણે જે કાંઈ માર પડે તે ભોગવે છે. શરીના પ્રેમથી શરીરના ઓળખનારાઓ સાથે તેને એવી લગની લાગી છે કે દુઃખને પણ પ્રેમથી બોલાવે છે.

બળદને માલિક લાકડીનો માર માર્યા કરતો હોય એટલે દોડ્યાં જ કરવું પડે. કામ છોડીને ક્યાંય જઈ ન શકે, તેમ અજ્ઞાની પણ દુઃખ પડતું હોવા છતાં એના એ ઘર અને સ્ત્રી, પુત્રાદિમાં ફર્યા જ કરે છે. એવો નાહિંમત થઈ ગયો છે કે છૂટવાનો ઉપાય કરી શકતો નથી. ભૂખ-તરસ ઉપરાંત દુષ્ટ-નિર્દય માલિકની લાકડી સહતો બળદ સવારથી સાંજ સુધી ગોળ ગોળ ફર્યા કરે છે, તેમ આ પણ સવારથી સાંજ સુધી ધંધા, વ્યવહાર આદિના કામ મજૂરની જેમ કર્યા જ કરે છે, એક ક્ષણ પણ વિસામો લેવાની સ્થિરતા હોતી નથી.

શ્રોતા :—કામ ૪૮ કલાકના છે અને દિવસ ૨૪ કલાકનો છે. તેથી કરે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કામ એને છે જ નહિ. હું તો આત્મા છું, મારે કામ કેવા! મારું કામ તો જાણવા-દેખવાનું છે, બીજા કામ હું કરતો નથી, એમ એણે સમજણ કરવી જોઈએ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેને બદલે કર્તાબુદ્ધિના જોરમાં એને તત્ત્વનો નિર્ણય કરવાનો અવકાશ નથી. નવરો બેઠો હોય તોપણ કામના જ વિચાર કર્યા કરતો હોય.

**पराधीन घूमै**......કમૈરો બૈલ એટલે ઘાણીમાં કામ કરનારો બળદ કમાઉં દીકરા જેવો કહેવાય છે, કેમ કે તે નિરંતર કામ જ કર્યા કરે છે. તેમ આને મરવાનો પણ વખત નથી એટલું કામ છે. એમાં ધર્મ ક્યાંથી કરીએ! એવી મશ્કરી કરે! પણ હું કોણ છું, ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ તેનો વિચાર નથી. જગતવાસી જીવની આવી ઘાંચીના બળદ જેવી દશા છે.

ફૂટનોટમાં પણ આ પદ્યનો અર્થ કર્યો છે કે સંસારી જીવોની આંખો પર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે. તેઓ મર્યાદિત ક્ષેત્રથી આગળ જઈ શકતાં નથી, એ તેમને માટે દબાવનાર છે. સ્ત્રી આદિના તીખા વચન ચાબુક છે, વિષય-સામગ્રીને માટે ભટકવું તે તેમનો ધંધો છે. ગૃહસ્થપણું છોડીને નીકળી નથી શકતાં એ તેમના ઉપર જોતરું છે. કષાય, ચિંતા વગેરે આર છે. પરિગ્રહનો સંગ્રહ કરવા માટે ભૂખ-તરસ સહન કરે છે. શેઠ, રાજા વગેરેનો ત્રાસ સહન કરવો પડે છે. કર્મોની પરાધીનતા છે. ભ્રમણા કરતાં અનંતકાળ વીતી ગયો પણ એક ક્ષણ માટેય સાચું સુખ પ્રાપ્ત કર્યું નહિ.

જ્યાંથી આબરૂ મળે, પૈસા મળે, ખાવા-પીવાનું મળે ત્યાં આ જીવ ભટક્યાં કરે છે, ગૃહસ્થપણાને છોડી શકતો નથી. ક્રોધ-માન-માયા-લોભ-ચિંતા આદિ ભાવો કરીને વેદ્યા કરે છે. દુકાનમાં ઘરાકી બહુ હોય તો જમવાનું પણ છોડીને વેપાર કર્યા કરે, પણ અજ્ઞાની એક સમયમાત્રનો પણ સમય આત્મા માટે લેતો નથી. આનંદસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ આપવાથી આનંદ આવે તેમ છે પણ તેનો તેને અવકાશ મળતો નથી. બહારની આબરૂ, કીર્તિ, ધંધા આડે પોતાનું બધું ચૂકી જાય છે. અજ્ઞાનના કારણે ભ્રમણામાં અનંતકાળ વીતી ગયો પણ એણે સાચુ સુખ મેળવવા માટે કદી પ્રયત્ન જ કર્યો નથી.

તારી ચીજ કોણ છે તેને ઓળખ ભાઈ! તારા મૂલ્ય ન થાય એવી તારી ચીજ છે, તેનું મૂલ્ય શી રીતે થાય!! મૂલ્ય ટાંકતાં પોતાને પસ્તાવો થઈ જાય તેવું છે. એવી અમૂલ્ય વસ્તુને છોડીને પરના રસમાં કેમ ચડી ગયો?

સંસારી જીવોની હાલત—

**जगतमैं डोलैं जगवासी नररूप धरैं,**
**प्रेतकेसे दीप किधौं रेतकेसे थूहे हैं।**
**दीसौं पट भूषन आडंबरसौं नीके फिरि,**
**फीके छिनमांझ सांझ-अंबर ज्यौं सूहे हैं।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



मोहके अनल दगे मायाकी मनीसौं पगे,
डाभकी अनीसौं लगे ओसकेसे फूहे हैं।
धरमकी बूझ नांहि उरझे भरममांहि,
नाचि नाचि मरि जांहि मरीकेसे चूहे हैं।।४३।।

અર્થ :—સંસારીજીવ મનુષ્ય આદિનું શરીર ધારણ કરીને ભટકી રહ્યા છે, તે સ્મશાનના દીવા અને રેતીના ટીંબા જેવા ક્ષણભંગુર છે. વસ્ત્ર-આભૂષણ આદિથી સારા દેખાય છે પરંતુ તે સંધ્યાના આકાશ જેવા ક્ષણવારમાં વિલીન થઈ જાય છે. તેઓ મોહની અગ્નિથી બળે છે, છતાં પણ માયાની મમતામાં લીન થાય છે અને ઘાસ પર પડેલ ઝાકળના ટીપાંની જેમ ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે. તેમને પોતાના સ્વરૂપની ઓળખાણ નથી, ભ્રમમાં ભૂલી રહ્યા છે અને પ્લેગના ઉંદરોની જેમ નાચી નાચીને તરત જ મરી જાય છે.

જગતમાં ભ્રમણ કરતાં અજ્ઞાનીજીવ નરરૂપ અથવા ચારગતિમાં કોઈપણ રૂપ ધારણ કરે છે, તે બધાં રૂપ સ્મશાનના દીવા જેવા ક્ષણભંગુર છે. સ્મશાનમાં દીવો મૂક્યો હોય તેને બૂઝાતો અટકાવવાવાળું કોઈ હોતું નથી. એક પવનનું ઝાપટું આવે ત્યાં તરત જ બૂઝાઈ જાય છે. તેમ આયુકાળ પૂરો થતાં તે જ ક્ષણે જીવ ચાલ્યો જાય છે, તેને કોઈ બચાવી શકતું નથી. આત્મા તો શાશ્વત છે, તે કાંઈ નાશ પામે તેમ નથી પણ તેનું રૂપ બદલાઈ જાય છે. રેતીના ઢગલાં વીંખાય જાય તેમ શરીરના રજકણો છૂટા પડીને ઉડી જાય છે.

શરીર ઉપર વસ્ત્ર-દાગીના આદિ સારા પહેર્યા હોય, ટાપટીપ કરી હોય, હોઠ લાલ કર્યા હોય, હાથે-પગે મેંદી મૂકી હોય, નખ રંગ્યા હોય એટલે દેખાવમાં સારા લાગે, સ્ત્રી-પુત્ર-બંગલા-આબરૂની વચ્ચે મસ્ત થઈને ફરતો હોય તો જાણે સાંજની સંધ્યા ખીલે તેમ ખીલેલો દેખાય પણ ક્ષણમાં સંધ્યા અંધારામાં ફેરવાઈ જાય તેમ બધું પલટાઈ જાય છે. સંયોગો એકસરખા રહેતા નથી.

**मोहके अनल दगे**.....અજ્ઞાની મોહની અગ્નિમાં બળે છે. પરમાં મારાપણાની બુદ્ધિરૂપ મોહ, રાગ અને દ્વેષની અગ્નિમાં પોતે બળે છે, છતાં માયાની મમતા મૂકાતી નથી. ઘાસ ઉપર પડેલ ઝાંકળનું બિંદુ ક્ષણમાં નાશ પામી જાય છે, તેમ શરીરો અને બધાં સંયોગો ક્ષણમાં નાશ પામી જાય છે. પરણવા જાય ત્યારે માથે કલગી લગાવે, પાવડર ચોપડે.....કંઈક પ્રકારે તૈયાર થાય પણ એ કેટલાં સમય માટે!

**धरमकी बूझ नांहि**.....એક આત્મા કોણ છે તેની એને ખબર નથી. બહારની ખબરમાં ગુંચવાયેલો રહે છે અને સ્વભાવના જ્ઞાનને ભૂલેલો છે. પ્લેગના ઉંદરની જેમ ચાલી શકતાં



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી, તરત મરી જાય છે. ત્રણસો વર્ષ પેલાં પણ પ્લેગનો રોગ હશે. એટલે જુઓ ને! બનારસીદાસજીએ પ્લેગના ઉંદરનો દાખલો આપ્યો. મોટાં મોટાં ઉંદર હોય પણ જ્યાં પ્લેગના રોગનું આક્રમણ થાય ત્યાં—ઉંદરો નાચવાનું તો એ સમયે ક્યાં હોય! પણ—રોગની અકળામણમાં ઊંચો-નીચો થાય છે, તેમ અજ્ઞાની રોગ, મરણ આદિની ભીંસમાં ભીંસાતો દેહ છોડી દે છે.

હવે ૪૪મા પદ્યમાં ધન-સંપત્તિનો મોહ દૂર કરવાનો ઉપદેશ આપે છે.

શ્રોતા :—જગતના જીવો જે કરે તે બધુંય ઊંધું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. બધુંય ઊંધું છે. આત્માનું ન કરે અને બીજું બધું જે કરે તે બધું ઊંધું છે.

ધનસંપતિનો મોહ દૂર કરવાનો ઉપદેશ—

**जासौं तू कहत यह संपदा हमारी सो तौ,**
**साधनि अडारी ऐसैं जैसै नाक सिनकी।**
**ताहि तू कहत याहि पुन्नजोग पाई सो तौ,**
**नरककी साई है बडाई डेढ दिनकी।।**
**घेरा मांहि पस्यौ तू विचारै सुख आंधनिकौ,**
**माखिनके चूटत मिठाइ जैसै भिनकी।**
**एते परि होहि न उदासी जगदासी जीव,**
**जगमैं असाता है न साता एक छिनकी।।४४।।**

અર્થ :—હે સંસારી જીવો! જેને તમે કહો છો કે આ અમારું ધન છે તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાંખવામાં આવે, તેમ છોડી દે છે, અને પછી ગ્રહણ કરતાં નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે, અને પછી નરકમાં નાખનાર છે અર્થાત્ પાપરૂપ છે. તમને એનાથી આંખોનું સુખ દેખાય છે, તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખીઓ ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં પણ સંસારીજીવો સંસારથી વિરક્ત થતાં નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી.

જેને તું તારી સંપદા માને છે એ સંપદાને સાધુજનો નાકના મેલની જેમ છોડી દે છે. છ ખંડના ધણી ચક્રવર્તી સમસ્ત સંપત્તિને એક ક્ષણમાં કફ છોડીએ તેમ છોડી દે છે. એ જાણે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે કે અમે જ્યાં છીએ ત્યાં આ સંપત્તિ નથી, અને જ્યાં આ સંપત્તિ આદિ છે ત્યાં અમે નથી. પોતાના સ્વરૂપનું સાધન કરવા જ્ઞાનીઓ બધાં વૈભવને નાકના મેલની જેમ છોડીને એવા ચાલ્યાં જાય છે કે ફરી કદી સામે જોવા પણ આવતાં નથી.

અજ્ઞાનીને એમ થાય છે કે આ બધી ધન-સંપત્તિ મને મારા પુણ્યથી મળી છે, માટે મારી જ છે. પણ એને ખબર નથી કે પુણ્ય કે પૈસા કોઈ મારા નથી. પૈસાની મમતા કરીને તો જીવ નરકમાં ચાલ્યો જાય છે. પૈસા તો જડ છે, એ જીવના ક્યાંથી થાય! જીવ જડને કમાતો નથી, પણ તેની મમતાથી પાપની કમાણી કરે છે. પુણ્યનો ભાવ પોતે વિકાર છે, તેના નિમિત્તે કર્મ બંધાયા તે જડ છે, અને તેના ફળમાં અનુકૂળ સંયોગ મળે તે પણ જડ છે માટે, એ ત્રણેય તારી ચીજ નથી.

પુણ્યના કારણે એની ખુરશી પેલી મૂકાય, દાન આપે એટલે એનું નામ આગળ બોલાય એટલે આ જીવ ખુશ ખુશ થઈ જાય. પણ ભાઈ! એ બધી મોટાઈ દોઢ દિવસની છે, પછી તો નીચે નરકમાં ચાલ્યો જઈશ. કુટુંબ-પરિવારની વચ્ચે બેઠો એ અત્યારે તો પોતાને ચક્રવર્તી જેવો સુખી માને પણ એ બધું આંખનું સુખ દેખવામાત્ર છે. જેમ મિઠાઈ ઉપર માખી બેસે તેમ તારી પાસે જે બધાં ભેગાં થયા છે તે પોતાના સ્વાર્થ માટે આવેલી ધૂતારાની ટોળી છે. નિયમસારમાં આવે છે કે આ સ્ત્રી-પુત્રાદિ બધી ધૂતારાની ટોળી છે.

શ્રોતા :—પોતે લૂંટાય તો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે લૂંટાય જ છે ને! પોતે મહેનત કરી, સમય બગાડી કમાય અને કમાણી દીકરાના ભણતરમાં કે મકાન આદિ બનાવવામાં વાપરે છે. એ શું છે!

**एते परि होहि न उदासी जगवासी जीव**–સંસારમાં ખરેખર એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી. છતાં સંસારી જીવો સંસારથી વિરક્ત થઈને નિજસ્વરૂપની સંભાળ લેતા નથી એ આશ્ચર્ય છે!

www.vitragvani.com



# ત્રણ લોકનો વિલાસ આત્મામાં જ ગર્ભિત છે

(સળંગ પ્રવચન નં-૯૯)

આ, શ્રી નાટક સમયસાર ગ્રંથ છે : તેમાં 'બંધદ્વાર'માં ૪૫ મો બોલ છે. તેમાં બનારસીદાસજીએ લૌકિકજનોનો મોહ દૂર કરવાનો ઉપદેશ આપ્યો છે. પરની સાથે તારે કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરે છે.

**ए जगवासी यह जगत्, इन्हसौं तो हि न काज।**
**तैरै घटमैं जग बसै, तामें तेरौ राज॥४५॥**

અર્થ :—હે ભવ્ય! આ સંસારીજીવો અને આ સંસાર સાથે તમારે કાંઈ સંબંધ નથી. તમારા જ્ઞાનઘટમાં સમસ્ત સંસારનો સમાવેશ છે અને તેમાં તમારું જ રાજ્ય છે.

હે જગતવાસી જીવ! તું આત્મા છો. તારે જગત સાથે એટલે કે શરીર, કર્મ, ઘર-દુકાન આદિ પરવસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. શરીર અને કર્મ આદિ તો જડ છે માટે આત્માથી જુદાં છે અને બીજાં જીવો તે પણ તારા આત્માથી ભિન્ન હોવાથી પર છે, તેની સાથે તારે કાંઈ સંબંધ નથી.

પ્રશ્ન :—જગત સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ સંબંધનું શું કામ છે? તારા જ્ઞાન, આનંદ, સુખ આદિ બધું તારા કારણે તારામાં થાય છે, કાંઈ પરથી થતું નથી. તો પરનું તારે કામ શું છે? જગતનું જ્ઞાન તો તારા આત્મામાં વસે છે અને તે જ્ઞાનનો તું રાજા છો.

તારી સવળી કે ઉલટી દશા તારામાં છે, તારાથી બહાર કાંઈ નથી. ભાઈ! તું અનાદિ અનંત એક આત્મવસ્તુ છો, માટે તારા ગુણો અને પર્યાયો તારામાં તારા કારણે તારાથી છે, પરના કારણે કાંઈ નથી. તારી ધર્મદશા કે વિકારીદશા તારે આધીન છે. ગુરુના કારણે કે સ્ત્રી, પુત્રાદિના કારણે તારી દશા નથી અને બીજા જીવ અને પુદ્‌ગલોની અવસ્થા તારે આધીન નથી.

શ્રોતા :—ઘરના બધાં જીવો ધર્મ પામે તો સારું ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘરના માણસોમાં યોગ્યતા હોય તો ધર્મ પામે. તેને ધર્મ પામવો

www.vitragvani.com



કે ન પામવો તે કાંઈ તારા કારણે નથી. ધર્મ સમજે કે અધર્મ કરે એ બધું જીવનું પોતાના કારણે છે, પરના કારણે કાંઈ નથી.

આ બંધ અધિકાર છે ને! એટલે પરમાં તારું બંધપણું બિલકુલ નથી એ સમજાવે છે. તારું જ્ઞાન કે અજ્ઞાન, ધર્મ કે અધર્મ એ તારા કારણે તારામાં છે, પરના કારણે કાંઈ નથી. પરને અને તારે ખરેખર કાંઈ સંબંધ જ નથી. લોકાલોકનું જાણવું થાય તે તારા જ્ઞાનસ્વભાવને કારણે છે. પર સાથે જાણવા સિવાય તારે કાંઈ સંબંધ નથી. પરથી તારામાં કાંઈ થાય કે તારાથી પરમાં કાંઈ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. શરીર, પૈસાના રજકણો સાથે તારે કાંઈ સંબંધ નથી. એ તો જગતની ચીજો જગતમાં છે. તારા તત્ત્વ સાથે તેને કાંઈ સંબંધ નથી. તારું અને તેનું તત્ત્વ જ જુદું છે.

याही नर-पिंडमैं विराजै त्रिभुवन थिति,
याहीमैं त्रिविधि–परिनामरूप सृष्टि है।
याहीमैं करमकी उपाधि दुख दावानल,
याहीमैं समाधि सुख वारिदकी वृष्टि है।
याहीमैं करतार करतूति हीमैं विभूति,
यामैं भोग याहीमैं वियोग यामैं घृष्टि है।
याहीमैं विलास सब गर्भित गुपतरूप,
ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि है।।४६।।

અર્થ :—આ મનુષ્યશરીરમાં જ ત્રણલોક મોજુદ છે, એમાં જ ત્રણેપ્રકારના પરિણામ છે, એમાં જ કર્મ-ઉપાધિજનિત દુઃખરૂપ અગ્નિ છે, એમાં જ આત્મધ્યાનરૂપ સુખની મેઘવૃષ્ટિ છે, એમાં કર્મનો કર્તા આત્મા છે, એમાં જ તેની ક્રિયા છે, એમાં જ જ્ઞાન-સંપદા છે, એમાં જ કર્મનો ભોગ અથવા વિયોગ છે, એમાં જ સારા કે ખરાબ ગુણોનું સંઘર્ષણ છે અને આ જ શરીરમાં સર્વ વિલાસ ગુપ્ત રીતે સમાયેલા છે. પરંતુ જેના અંતરંગમાં સમ્યગ્જ્ઞાન છે તેને જ સર્વ વિલાસ જણાય છે.

જેને આત્મા, શરીર અને કર્મથી ભિન્ન છે એવું સમ્યક્ ભાન થાય તેને આ બધી સ્થિતિ અંદરમાં મારામાં છે એવું જણાય છે. ઊર્ધ્વ, મધ્ય અને અધો અથવા પાતાળ આ ત્રણેયલોક તારામાં છે. શરીરના કોઈ પરમાણુ તારા નથી. તારે અને શરીરના પરમાણુને કાંઈ સંબંધ નથી. આગળ તો ત્યાં સુધી લેશે કે દેવ-શાસ્ત્ર અને ગુરુ પણ તારા માટે પરચીજ છે. પરચીજમાંથી તને કાંઈ મળે તેમ નથી અને પર કોઈ તને આપે તેમ નથી. તારામાં તારો ધર્મ છે, તારામાં

www.vitragvani.com



તારો અધર્મ છે. તારામાં તારા ત્રણલોક છે. તું ભગવાનના દર્શન માટે પહાડ ઉપર જાય છે પણ ત્યાં ક્યાં તારા ભગવાન હતા! તારા ભગવાન તો તારામાં છે. સમ્મેદશિખર કે શંત્રુજય ઉપર તારા ભગવાન નથી. જ્યાં તારા ભગવાન છે ત્યાં તો તું શોધતો નથી અને બહારમાં ભગવાનના દર્શન કરવા જાય છે. શુભભાવમાં ભગવાનના દર્શન-ભકિત આદિનો ભાવ આવે પણ તે પુણ્યબંધ છે, તેનાથી ધર્મ થાય તેમ નથી. ભગવાન કહે છે કે તું તારી સામે જો તો તને એ તારા ભગવાનની પ્રાપ્તિ થશે. અમારી પાસે તારો ભગવાન નથી.

અંદરમાં શુદ્ધ સત્‌ચિદાનંદ પ્રભુ નિર્મળ શુદ્ધ આનંદનું ધામ તારામાં છે, ત્યાં નજર કર તો ત્યાંથી મળે. બાકી બહારથી કાંઈ મળે તેવું નથી. અશુભથી બચવા શુભભાવમાં જાત્રા આદિનો શુભભાવ હોય પણ તેનાથી આત્માને ધર્મની પ્રાપ્તિ થાય તેમ નથી.

મારો ધણી મારાથી દૂર દેશાંતરમાં નથી. સર્વજ્ઞસ્વભાવી આત્મા હું પોતે મારો ભગવાન છું એમ અંતરમાં જોતાં પોતાનો ભગવાન પોતામાં—અંતરમાં ભાસે છે. માટે કહ્યું કે ત્રણલોકની સૃષ્ટિ તારામાં છે. તારા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેય તારામાં છે. તું વિકારી દશાનો કે નિર્મળ દશાનો ઉત્પાદ કર અને પૂર્વની પર્યાયનો વ્યય થાય અને તારું તત્ત્વ ધ્રુવ રહે એ બધું તારું તારામાં છે. કોઈ બીજો તારા પરિણામ ઉત્પન્ન કરાવી આપે કે તને ટકાવી રાખે એવું નથી. ભેદથી કહો તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ ત્રણેય તારાથી તારામાં છે. પરદ્રવ્યના લક્ષે તને રાગ થાય તે પણ તારાથી થયેલો છે, પરને લઈને થયો નથી અને ધર્મ થાય તે પણ તારા ચૈતન્યના આશ્રયના કારણે થાય છે, પરના કારણે થતો નથી. સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતાં હોય તે પણ તારા પરિણામ ઉપજાવી ન આપે.

શ્રોતા :—તો પછી ભગવાનને માનવાથી લાભ શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાનને માનવાથી પુણ્ય થાય, ધર્મ ન થાય. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. લોકોએ સાંભળ્યું નથી તેથી વસ્તુના સ્વરૂપમાં કાંઈ ફેર પડી જાય! ભગવાન કહે છે કે હું તો તારા માટે જ્ઞેય છું. ઉપાદેય તો તને તારું તત્ત્વ છે.

આજે, શ્રાવણ વદ એકમના દિવસે વિપુલાચલ પર્વત ઉપર ભગવાનની દિવ્યધ્વનિ છૂટી હતી. તેમાં આ આવ્યું કે મારા કારણે તારામાં કાંઈ થતું નથી. મારું અને તારું તત્ત્વ ભિન્ન છે. તારામાં અજ્ઞાનના કારણે દુઃખનો દાવાનળ સળગે છે. કર્મના નિમિત્તના સંબંધમાં શુભાશુભભાવની અગ્નિ સળગે છે. જગતનાં જીવો ધર્મની સમજણ વિના આંધળાની જેમ ચાલ્યાં જાય છે. ભગવાન કહે છે કે અમારા પ્રત્યે તને જે રાગ છે તે પણ અગ્નિ છે. તે તારાથી થયેલી છે, અમારાથી નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગનો અંશ પણ ન હોય. અશુભથી બચવા શુભભાવ આવે પણ તે અગ્નિ છે—દુઃખ છે. સુખ તો તારા સ્વભાવનો આશ્રય લઈને જેટલી શુદ્ધતા પ્રગટ કરી છે એટલું સુખ છે. શુભાશુભ ભાવ આવે છે તેમાં દુઃખ છે એમ ધર્મીનું જ્ઞાન જાણે છે, અજ્ઞાનીને તેનું ભાન હોતું નથી.

**याहीमैं समाधि सुख.....** રાગ વિનાની શાંતિ અને સમાધિ એ પણ તારી તારામાં છે. તેમાં સુખરૂપી વર્ષાની વૃષ્ટિ છે. ઝરમર ઝરમર સુખ વરસે છે તે પોતાથી પોતામાં વરસે છે. આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે. તેની અંતરદૃષ્ટિ થતાં સમાધિસુખનો વરસાદ વરસે છે. તે પણ તારાથી તારામાં છે, કાંઈ પરના કારણે નથી. વાદળ પાણીથી ભરેલાં હોય છે તેથી વરસે છે. તેમ આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે તેથી અંતરદૃષ્ટિ કરતાં અતીન્દ્રિય આનંદ વરસે છે.

વ્યવહારની વાત ઉપર તો અહીં મીંડા મૂકાય છે. તું મીંડા મૂકીશ ત્યારે ધર્મ થશે.

**याहीमैं करतार करतूति.....** જ્ઞાની જાણે છે કે મારી ક્રિયાનો કર્તા હું છું. રાગનું પરિણમન થાય છે તે પણ મારું મારાથી થયેલું પરિણમન છે. ૪૭ નયમાં આ નય આવે છે. ધર્મની ક્રિયા પણ પોતાની પોતામાં છે. એ ક્રિયા કર્મ કે શરીરની નથી અને કર્મ કે શરીરાદિના કારણે થતી નથી. જ્ઞાનની સંપદાની વિભૂતિ પણ પોતાની પોતામાં છે. પોતાનો આશ્રય લઈને તે પ્રગટ થાય છે. વાણી સાંભળવાથી જ્ઞાન થતું નથી કેમ કે વાણી આદિ બધુ જગતના તત્ત્વમાં જાય છે. તું તો તેનાથી જુદો છો. તારું ધર્મ અને અધર્મરૂપી કાર્ય તારામાં છે, પરને કારણે નથી.

ધર્મી આ બધું બરાબર જાણે છે કે મારી ક્રિયા મારામાં મારા કારણે મારા માટે છે. તેથી કહે છે કે હે જગવાસી! જગત સાથે તારે કાંઈ સંબંધ નથી. બનારસીદાસે બંધદ્વારમાં સ્વતંત્ર શ્લોકો મૂકીને સારું સ્પષ્ટ કર્યું છે.

બંગલા અને ફર્નિચર એ તારી વિભૂતિ નથી. તેનાથી તારી શોભા નથી. જ્ઞાની તેને પોતાની વિભૂતિ માનતાં નથી. તેનાથી પોતાને સુખ માનતાં નથી. સુખની કલ્પના થાય છે તેને જ્ઞાની દુઃખરૂપ જાણે છે. ધર્મીને પાંચ ઈન્દ્રિયના વિષય ભોગવવાની કલ્પના આવે છે પણ તેને દુઃખરૂપ જાણે છે અને અધર્મી તેને સુખરૂપ જાણે છે. બંનેની દૃષ્ટિમાં આટલો ફેર છે. શરીર, ઈન્દ્રિય, પૈસા આદિનો ભોગ આત્મા ત્રણકાળમાં કદી કરી શકતો નથી, કેમ કે તે તો પરવસ્તુ છે, તેના પ્રત્યે રાગ થાય છે તેને પોતે ભોગવે છે. રાગનો ભોગ પણ મારો મારાથી છે એમ ધર્મી જાણે છે અને રાગનો વિયોગ એટલે રાગનો જેટલો અભાવ થાય છે તે પણ મારાથી મારામાં છે. જેટલો સુખનો વિયોગ વર્તે છે તે પણ પોતાના કારણે છે. જેટલો આનંદ આવે તે પોતાના કારણે છે તેમ જેટલો આનંદનો વિયોગ રહે છે તે પણ પોતામાં પોતાના કારણે છે, કર્મના ઉદયને લઈને આનંદનો વિયોગ વર્તે છે એમ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઘૃષ્ટિ એટલે ઘર્ષણ. તે પણ પોતાના કારણે થાય છે. રાગને કારણે ઘર્ષણ થાય છે તે તારું તારામાં છે અને ઘર્ષણ છોડીને નિર્મળતા થાય તે પણ તારી તારામાં છે.

આવી વાત સાંભળે પણ સ્વીકાર ન થાય તેથી વ્રત, તપ, જપ, જાત્રા, ભકિત આદિ કરીને ધર્મ કરવા માગે છે. પણ અહીં કહે છે લાખ રૂપિયા દાનમાં આપ કે કરોડ આપ પણ ધર્મ થાય તેમ નથી. તપ કરી કરીને મરી જા તોપણ ધર્મ થાય તેમ નથી. ધર્મ તો પોતાના આશ્રયે પોતાની અંદર થાય છે. વીતરાગનો મારગ તો આમ કહે છે. તને માનવામાં ન આવે તેથી કાંઈ વસ્તુ પલટાઈ જતી નથી. કર્મના કારણે ગુણને આવરણ થાય અને કર્મ ખસે તો ગુણ પ્રગટ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે.

**याहीमैं विलास सब गर्भित गुपतरूप** । આ દેહની અંદર બધો વિલાસ ગુપ્ત ગર્ભિત છે. વિકારનું થવું, ઘર્ષણ થવું, વિકારનું ટળવું, શુદ્ધતાનું થવું એ બધું તારું તારી પર્યાયમાં તારા અસ્તિત્વમાં છે. પરના અસ્તિત્વ સાથે કાંઈ સંબંધ નથી.

શ્રોતા :—ગુપ્તરૂપ છે એટલે શું શકિતરૂપ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાયમાં જે કાંઈ તારો વિલાસ પ્રગટ છે તેની વાત છે, શકિતની વાત નથી. શરીર અને વાણીની અપેક્ષાએ તેને ગુપ્તરૂપ કહ્યું છે. ધ્રુવની વાત નથી, પર્યાયની વાત છે. ધ્રુવની ધૂન લાગે તેને આવી પર્યાયનું પણ ભાન હોય છે. મારી પર્યાય મારામાં મારા કારણે છે પણ તે શરીર અને વાણીની જેમ બાહ્યથી દેખાય તેમ નથી, તેથી ગુપ્ત કહી છે. જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે તે બધું આ રીતે જાણે છે. અજ્ઞાની તો પરથી પોતાનો વિલાસ માને છે.

એક તો હજી ધંધાની પ્રવૃત્તિ આડે શુભભાવ કરવા પણ નવરાં ન હોય, તેમાં આવી વાત સાંભળે કે શુભથી ધર્મ નથી તો એ શુભભાવ પણ નહિ કરે એમ નથી. અશુભથી બચવા કહો કે તે કાળે થવા યોગ્ય એમ કહો! શુભરાગ આવે છે, પણ તે ધર્મ નથી, પુણ્યબંધનું કારણ છે.

મારો બધો વિલાસ—ઊંધી કે સીધી બધી પર્યાયો મારી, મારામાં, મારાથી છે એમ આત્મદૃષ્ટિવંત—સમ્યગ્દૃષ્ટિ બરાબર જાણે છે. પોતાની પર્યાય પરથી થઈ એમ માનતાં નથી. શુભભાવનું થવું મારાથી મારામાં છે, અશુભભાવનું થવું મારાથી મારામાં છે. સ્ત્રી, કુટુંબ પરિવારના કારણે કે ભોગની ક્રિયાના કારણે અશુભભાવ થાય છે એમ નથી. આ શાસ્ત્ર સાંભળે છે માટે શુભભાવ શાસ્ત્રના કારણે થાય છે એમ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વીતરાગની વાત આવી છે. શુભરાગથી ધર્મ તો બધાં માને છે. એ જ વાત વીતરાગદેવ કહે તો વીતરાગીમાં અને રાગીમાં ફેર ક્યાં રહે! વીતરાગની વાણી તો અપૂર્વ છે. અહાહા...!

જીવનું રાગમાં જોડાણ થાય તેટલું ઘર્ષણ છે અને જેટલું સ્વભાવમાં જોડાણ થાય એટલો વિકાસ છે. તે બધું પોતાનું પોતાના કારણે છે. કર્મના કારણે વિકાર થાય અને કર્મ ઘટે તો વિકાર ઘટે એમ જ્ઞાની માનતાં નથી. મારા પુરુષાર્થની કમીને લઈને રાગ થાય છે એમ જ્ઞાની જાણે છે અને રાગને દુઃખરૂપ માને છે.

હવે 'આત્મવિલાસ જાણવાનો ઉપદેશ' ૪૭મા શ્લોકમાં આપે છે.

रे रुचिवंत पचारि कहै गुरु,
तू अपना पद बूझत नांही।
खोजु हियें निज चेतन लच्छन,
है निजमैं निज गूझत नांही॥
सुद्ध सुछंद सदा अति उज्जल,
मायाके फंद अरूझत नांही।
तेरौ सरूप न दुंदकी दोहीमैं,
तोहीमैं है तोहि सूझत नांही॥४७॥

અર્થ :—શ્રીગુરુ બોલાવીને કહે છે કે હે ભવ્ય! તું તારા સ્વરૂપને ઓળખતો નથી. પોતાના ઘટમાં ચૈતન્યનું લક્ષણ ગોતો, તે પોતાનામાં જ છે, પોતાથી ગુંચવાતો નથી. તમે શુદ્ધ, સ્વાધીન અને અત્યંત નિર્વિકાર છો. તમારી આત્મસત્તામાં માયાનો પ્રવેશ નથી. તમારું સ્વરૂપ ભ્રમજાળ અને દુવિધાથી રહિત છે જે તમને સૂઝતું નથી.

ભગવાન! તારું આનંદસ્વરૂપ તારામાં જ છે પણ ભાઈ! તું તારું સ્વરૂપ જાણતો નથી. તારું સ્વરૂપ શરીર, વાણી અને મનથી તો જુદું છે જ પણ શુભ-અશુભ વિકલ્પજાળથી પણ તારું સ્વરૂપ જુદું છે. આવા તારા સ્વરૂપને—નિજપદને તું જાણતો નથી. ભગવાન અને ભગવાનનું સ્વરૂપ તો ભગવાન પાસે રહ્યું પણ તું તો તારા સ્વરૂપને પણ જાણતો નથી. માટે હવે અંતરમાં તારા ચેતન લક્ષણથી તું તને શોધ! આ જાણનાર...જાણનાર...જાણનાર છે તે તું છો. રાગ થાય છે એ તો બંધભાવ છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

ભગવાન આત્મા શુદ્ધ અને સ્વતંત્ર છે. ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ છે. આવી અધ્યાત્મની વાતો વ્યવહારની રુચિવાળાને શ્રદ્ધામાં બેસે નહિ. વ્યવહાર દ્વારા પરમાર્થને સમજવા માંગે તો સમજી શકે છે પણ જો વ્યવહારની જ રુચિ છે તો તે અધ્યાત્મની વાત સાંભળવાને પણ લાયક

www.vitragvani.com



નથી. કેમ કે શાસ્ત્રમાં વ્યવહારથી વાત તો આવશે અને તેને એનો પ્રેમ છે તેથી આત્મા વ્યવહારથી રહિત છે એ વાત એને રુચશે નહિ.

જેમ સરોવર નિર્મળ જળથી ભરેલું છે, તેમ ભગવાન આત્મા જ્ઞાનના નિર્મળભાવથી ભરેલો છે. પણ તેની ઉપર નજર નથી અને ભગવાન આત્મામાં જે ભરેલાં નથી એવા શુભાશુભભાવ ઉપર નજર છે. તેથી નિર્મળતાથી ભરેલો ભગવાન દેખતો નથી.

**मायाके फंद**...... એટલે વિકલ્પના પ્રેમને છોડતો નથી તેથી તને ભગવાન દેખાતો નથી. તારા સ્વરૂપમાં માયાનો એટલે કે શુભાશુભ વિકલ્પનો પ્રવેશ નથી, ભ્રમણાથી પણ રહિત તારું સ્વરૂપ છે. પુણ્ય અને પાપની દુવિધાથી પણ તું રહિત છો, પણ તારું સ્વરૂપ તને સૂઝતું નથી. તને એમ છે કે વ્યવહાર કરશું તો નિશ્ચય પમાશે એ તારી ભૂલ છે. તું વ્યવહારથી ભિન્ન છો, માટે જ્ઞાનમાં ભિન્ન પાડ તો નિર્મળતા પમાશે.

જ્ઞાનાનંદ, સહજાનંદમૂર્તિ અનાદિ-અનંત વસ્તુ તું પોતે છો, પણ તું તને દેખાતો નથી. રાગની રુચિમાં રોકાઈ ગયો છે. વ્યવહારની રુચિ છોડીને જ્ઞાનમાં આવ તો લાભ થાય, વ્યવહાર—રાગથી આત્માને લાભ ન થાય. તેથી હવે ૪૮મા શ્લોકમાં કહે છે કે જ્ઞાનથી આત્મા ઓળખાય છે.

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૭૧)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# મારો પ્રભુ મારા અંદરમાં જ વસે છે

(સળંગ પ્રવચન નં-૧૦૦)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ દ્વારનું ૪૮મું પદ્ય ચાલે છે કે આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે.

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहीं कै।
केई प्रनाम करैं गढि मूरति,
केई पहार चढ़ै चढि छींकै॥
केई कहैं असमानके ऊपरि,
केई कहैं प्रभु हेठि जमींकै।
मेरो धनी नहि दूर दिसन्तर,
मोहीमैं है मोहि सूझत नीकै॥४८॥

અર્થ :—આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજાં ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી, આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે.

અહીં તો રાગનો સંગ છોડીને સ્વભાવનો સંગ કરવાની વાત છે! આત્મા શું ચીજ છે તેના જ્ઞાન વિના સ્ત્રી, પુત્રાદિ છોડીને ત્યાગી થઈ જાય, ઉદાસ રહે, બાવા થઈને જંગલમાં રહે તેથી કાંઈ આત્મપ્રાપ્તિ થઈ જતી નથી. જ્ઞાન વિના આત્મપ્રાપ્તિ થતી નથી.

ભગવાન સર્વજ્ઞદેવે આત્માનું સ્વરૂપ જેવું સત્‌ચિદાનંદસ્વરૂપ કહ્યું છે તેવો ઓળખીને તેની શ્રદ્ધા કરે અને તેમાં રમણતા કરે તો આત્મા પ્રાપ્ત થાય. માટે, પ્રથમ આત્માનું જ્ઞાન તો કરે! તેને જ્ઞાનને સુધારવાનું લક્ષ નથી અને બાહ્યથી ક્રિયા કરીને આત્મા જોઈએ છે તો કેમ મળે! જ્ઞાનનું પરિણમન જે રાગની એકતામાં છે અને પર તરફના વલણમાં છે તે જ્ઞાન બગડેલું છે તેને પર અને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જોવું, અનુભવવું—એ જ્ઞાનથી આત્માની પ્રાપ્તિ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કોઈ આત્માની પ્રાપ્તિ માટે સમ્મેદશિખર આદિ સિદ્ધક્ષેત્રની યાત્રા કરવા જાય છે પણ ત્યાં તારો આત્મા ક્યાં છે કે ત્યાંથી આત્મા પ્રાપ્ત થાય? યાત્રા કરવાનો શુભભાવ થાય એ જુદી વાત છે પણ યાત્રા કરવાથી ધર્મ થાય કે જન્મ-મરણ મટે એ વાત શક્ય નથી. યોગસારમાં તો યોગીન્દુદેવ કહે છે કે તનમંદિરમાં જ દેવ બિરાજે છે, મંદિર અને મૂર્તિમાં દેવ નથી.

અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલાં આત્માને ઓળખે, અનુભવ કરે તો આત્માની પ્રાપ્તિ થાય તેને ધર્મ થયો કહેવાય. પોતાના ગુણની દશા સુધારવી એ જ ધર્મની ક્રિયા છે. શરીરની ક્રિયા તો જડની છે તેનાથી ધર્મ થતો નથી. સિદ્ધગિરિ આત્મા પોતે જ છે.

**कोई पहार चढ़े चढि छींकै ।** કોઈ ધર્મપ્રાપ્તિ માટે યાત્રા કરવા જાય છે. ડોળીમાં બેસીને પહાડ ચડે છે. પહેલાં તો લોકો ગાડામાં બેસીને યાત્રા કરવા નીકળતાં. બે-ચાર મહિને પાછા આવે ત્યારે ગામના લોકો સામૈયું કરતાં. એવો શુભભાવ ભલે આવે પણ તેનાથી ધર્મ ન થાય. અહીં તો કહે છે કે લાખ વાર શિખરજી જઈ આવ તોપણ તેનાથી ધર્મ નહિ થાય. રાગની સમીપતા છોડીને સ્વભાવની સમીપ જાય તો ધર્મ થાય.

કેટલાકને એમ થાય છે કે આ મહારાજ સ્થાનકવાસીમાંથી આવ્યા છે ત્યાં મૂર્તિને માનતા ન હતાં તેથી અહીં પણ એ જ વાત કરે છે કે મૂર્તિને માનવાથી ધર્મ ન થાય... ભાઈ! મૂર્તિને માનવી એ શુભભાવ છે. એવો ભાવ હોય છે પણ તેનાથી ધર્મ નથી. મૂર્તિને બિલકુલ ન માનવી એ તો દૃષ્ટિ જ ખોટી છે પણ મૂર્તિની પૂજાથી ધર્મ થાય એમ માનવું તે પણ મિથ્યા દૃષ્ટિ છે.

અન્યમતિ એમ માને કે કાશીમાં કરવત મૂકાવે તે વૈકુંઠમાં જાય તેમ આ એમ કહે છે કે સિદ્ધગિરિમાં મરણ થાય તેની મુક્તિ થાય. અરે! સિદ્ધગિરિમાં તો ઘણાંય કાગડાં, કૂતરા, કીડી મરે છે તો શું તેનો મોક્ષ થાય?

શ્રોતા :—એ ક્યાં યાત્રા કરવા આવ્યા હતાં! યાત્રા કરવા જાય ને મરે તેનો મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! યાત્રા કરવા આવ્યા હોય તે પણ શુભભાવ છે તે ભાવ લઈને મરે તો સ્વર્ગમાં જાય પણ મોક્ષ ક્યાંથી થાય!

જ્ઞાનાનંદ-ચિદાનંદ ભગવાન આત્મા ઉપર આરૂઢ થાય તેણે ખરી યાત્રા કરી છે. કોઈ મંદિર બનાવીને મૂર્તિ પધરાવે અને શિવપદ માગે તેથી કાંઈ શિવપદ મળી ન જાય. ભગવાનની મૂર્તિ કે સાક્ષાત્ ભગવાનની ભક્તિના શુભભાવ આવે.. પણ તે પરદ્રવ્ય અનુસારી ભાવ છે તેથી રાગ જ છે. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ રાગની જ થાય, ધર્મની ન થાય. સ્વચૈતન્યદ્રવ્યના

www.vitragvani.com



અનુસારે પરિણમન થાય તે જ ધર્મ છે તેનાથી શિવપદ પ્રાપ્ત થાય. આ વાત ખ્યાલમાં લઈને પહેલાં તેની શ્રદ્ધા તો કરે! એ વ્યવહારશ્રદ્ધા સાચી છે.

'પરદ્રવ્યને અનુસરવાથી મને ધર્મ થાય છે' એ મિથ્યાત્વનું મોટું લાકડું છે. બહારમાં ભગવાનને ભેટવા જાય છે પણ તારો ભગવાન તો અંદરમાં બેઠો છે તેને તો ઓળખ! જ્ઞાનાનંદમૂર્તિ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા પોતે છે તેની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે, તેમાં ઠરે એ ધર્મ છે પણ એ 'કરવું' તો એને સૂઝતું નથી... ભાસતું નથી. સમ્મેદશિખર, ગિરનાર, પાવાપુરી, ચંપાપુરી વગેરેની યાત્રા કરી આવીએ તો કાંઈક 'કર્યું' એમ લાગે છે. અમે પણ આ બધાં તીર્થોની યાત્રા કરી આવ્યા છીએ. એવો ભક્તિનો શુભભાવ આવે છે. અશુભથી બચવા માટે એવો શુભભાવ હોય છે તો હો પણ તેનાથી ધર્મ થઈ જાય કે એ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ નથી. સમકિતીને કે અજ્ઞાનીને એવા ભાવ આવે પણ તેણે સમજવું જોઈએ કે તેનાથી પુણ્ય છે, ધર્મ નથી.

એક પંથે મૂર્તિ, મંદિર ઉથાપ્યું અને એક પંથે એમાં જ ધર્મ છે એમ સ્થાપના કરી. આમાં સામાન્ય માણસને ખેંચાતાણ થાય કે સાચું શું? પણ ખરેખર બંનેની વાત ખોટી છે.

અંતર ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ને આનંદનો સાગર છે તેનું જ્ઞાન કરે એટલે કે જ્ઞાનનું જ્ઞાન કરે—આત્માનું જ્ઞાન કરે, આત્માની શ્રદ્ધા કરે અને આત્મામાં ઠરે તે ધર્મ છે. તેની સાથે ભગવાનની શ્રદ્ધા-ભક્તિનો ભાવ આવે, વ્રત-તપાદિનો ભાવ પણ આવે. પણ તે શુભભાવ છે, પરદ્રવ્ય તરફની લાગણી છે, પુણ્યબંધનું કારણ છે પણ ધર્મ નથી.

કોઈ કહે કે ભગવાન આસમાનની ઉપર છે તો કુરાનવાળા મુસલમાનો એમ કહે કે ભગવાન જમીનની નીચે છે પણ અહીં કહે છે **मेरो धनी नहि दूर दिसन्तर ।** મારો ધણી—મારો પ્રભુ મારાથી દૂર નથી, દિસન્તર એટલે શિખરજી આદિ ક્ષેત્રોમાં મારો પ્રભુ નથી માટે, એકવાર શિખરજી સિદ્ધક્ષેત્રના દર્શન કરી આવીએ તો જન્મ સફળ થઈ ગયાની માન્યતા ખોટી છે.

વીતરાગ પરમેશ્વર તીર્થંકર, કેવળીઓ અનાદિથી આમ કહેતા આવે છે. માર્ગ અનાદિનો છે, નવો નથી. મારો પ્રભુ મારામાં જ છે. હું પોતે જ જ્ઞાનાનંદસ્વભાવી ઈશ્વર છું એમ મારાં જ્ઞાનમાં મને બરાબર ભાસે છે. રાગ અને પરના અનુભવમાં આત્મા નથી પણ જો પોતે સ્વભાવનો અનુભવ કરે તો તેમાં આત્મા જાણવામાં આવે છે તેનું નામ સ્વસન્મુખ જ્ઞાન અને શ્રદ્ધા થઈ કહેવાય. પણ એને દિશા ફેરવવી ઈ બહુ આકરું કામ છે. અંતરમુખ જોતાં જ્ઞાનમાં 'આ જ આત્મા હું છું' એમ બરાબર અનુભવમાં આવે છે. આ ૪૮મુ પદ્ય થયું. હવે ૪૯મા પદ્યમાં શું કહે છે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



कहै सुगरु जो समकिती, परम उदासी होइ।
सुथिर चित्त अनुभौ करै, प्रभुपद परसै सोइ॥४६॥

અર્થ :—શ્રી ગુરુ કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ અત્યંત વીતરાગી થઈને મનને ખૂબ સ્થિર કરીને આત્મ-અનુભવ કરે છે તે જ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે.

આગળના પદ્યમાં ઉદાસ કહ્યો હતો અહીં પરમ ઉદાસ થઈને જે મન સ્થિર કરીને આત્માનુભવ કરે છે તેવા સમ્યગ્દૃષ્ટિની વાત કહી છે. રાગ અને નિમિત્તથી પરમ ઉદાસીન થઈને જ્ઞાનાનંદનો અનુભવ કરે છે તેને પ્રભુપદનો સ્પર્શ થાય છે, પ્રભુ પોતે તેને સ્પર્શે છે.

જગતથી જુદી જાતની આ વાત છે.

જ્ઞાનાનંદી ભગવાન આત્માની કોઈ રક્ષા કરે તો રહે અને ન કરે તો ન રહે એવું એનું સ્વરૂપ નથી. રાગના વિકલ્પમાત્રથી પણ જુદું એવું વસ્તુનું સ્વરૂપ છે તે એને વિકલ્પસહિત જ્ઞાનમાં પણ હજુ બેસતું નથી, વિશ્વાસ આવતો નથી. જે દેખાય છે એને માને છે પણ દેખનાર પોતે કેવો છે અને કેવડો છે તેનો વિશ્વાસ નથી. પોતાના સ્વભાવના જ્ઞાન અને વિશ્વાસ વિના સાધુ થઈને મંદિર આદિ બનાવે, દાતારના નામ કોતરાવે એવી બધી પ્રવૃત્તિઓ કરીને ધર્મ થયો મનાવે. અરે! ક્યાં રખડે છે અને મનાવે છે કે અમે ધર્મ કરીએ છીએ અને કરાવીએ છીએ.

ભરત ચક્રવર્તીએ ત્રણ કાળની ત્રણ ચોવીસીના ૭૨ બિંબ સોનાના ભરાવ્યા હતાં તો તેથી શું થઈ ગયું? શુભભાવ હતો પણ કાંઈ તે ધર્મ ન હતો.

ભરતેશવૈભવમાં એક વાત આવે છે કે ભરતના પુત્રોના મામા ઘરે આવ્યા હતાં તે ચર્ચા કરતાં કહે છે કે અભેદ રત્નત્રયથી જ ધર્મ છે, સાક્ષાત્ ભગવાનને માનવાથી ધર્મ નથી... એ વાત પુત્રોને માન્ય હતી છતાં ભરત કહે છે કે આપણા દાદા જે ઋષભદેવ તીર્થંકર છે તેની પૂજા કરવાથી ધર્મ કેમ ન થાય? પુત્રો કહે છે નહિ ભેદરત્નત્રયથી ધર્મ ન થાય. આવી ચર્ચા-વાર્તા ભરતેશવૈભવમાં આવે છે. દાદા કેવળી થઈ ગયા છે તેને માને છે પણ તે શુભરાગ છે, તેનાથી ધર્મ ન થાય–એમ એ બાળકોને પણ શ્રદ્ધા હશે ત્યારે એવો જવાબ આપ્યો હશે ને! અહીં તો મોટાઓને પણ એવી શ્રદ્ધા અને જ્ઞાન હોતા નથી.

ભગવાનને માનવાથી ધર્મ થાય પણ તે ક્યો ભગવાન?—પરભગવાન કે આ ભગવાન?

જ્ઞાની સુગુરુ એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પરનિમિત્ત અને રાગથી ઉદાસ થઈને અને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અંતરમાં સ્થિર થઈને આત્માનો અનુભવ કરે છે **प्रभुपद परसै सोइ**।—નિજભગવાન આત્માનો અનુભવ કરે છે તેને ભગવાન ધર્મ કહે છે. આ વીતરાગમાર્ગ છે આનાથી વિરુદ્ધ કહે તે ગુરુ નહિ, તે શાસ્ત્ર નહિ અને તે ધર્મ નહિ. આટલું તો પ્રથમ નક્કી કરવું જોઈએ.

લોકો એવી દલીલ કરતાં કે વ્યવહાર તે એકડાંના સ્થાને છે અને નિશ્ચય તે એમ. એ. ના ભણતરના સ્થાને છે માટે એકડાં શીખ્યાં વિના એમ. એ.ના ભણતર ન હોય. વ્યવહાર શીખ્યા વિના નિશ્ચય ન હોય...ભાઈ! વ્યવહાર તો જીવ અનાદિથી શિખેલો જ છે. એ વ્યવહારના વિકલ્પો અને નિમિત્તો ઉપરથી દૃષ્ટિ છોડી, આત્મા ઉપર દૃષ્ટિ મૂકતાં આત્માનો અનુભવ થાય એ વિના દયા, દાન, વ્રત, તપ, યાત્રા આદિ લાખ ક્રિયા કરે ને મરી જાય તોપણ ધર્મ ન થાય. દોડી દોડીને પેલા ભગવાન પાસે પહોંચી જાય અને ભગવાનને વિનવે કે પ્રભુ! મને મુક્તિ આપો... તો ભગવાન કહે છે કે તારી મુક્તિ તારી પાસે જ છે, મારી પાસે તારી મુક્તિ નથી, માટે મારી સામે જોવાથી તને મુક્તિ મળે તેમ નથી.

'હું એક જાણનાર-દેખનાર ચૈતન્યતત્ત્વ છું' બસ! એનો અનુભવ કરે છે તે પ્રભુપદને સ્પર્શે છે. પ્રભુ એટલે આત્માને પ્રાપ્ત કરે છે. હવે ૪૯મા પદ્યમાં કહે છે કે વ્યવહારમાં તો મનની ચંચળતા ઊભી થાય છે. એ ચંચળતાને રોકે અને સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો ધર્મ થાય.

**छिनमैं प्रवीन छिनहीमैं मायासौं मलीन,**
**छिनकमैं दीन छिनमांही जैसौ सक्र है।**
**लियैं दौर धूप छिन छिनमैं अनंतरूप,**
**कोलाहल ठानत मथानकौसौ तक्र है॥**
**नटकौसो थार किधौं हार है रहटकौसौ,**
**धारकौसौ भौंर कि कुंभारकौसौ चक्र है।**
**ऐसौ मन भ्रामक सुथिर आजु कैसै होई,**
**ओरहीकौ चंचल अनादिहीकौ वक्र है॥५०॥**

અર્થ :—આ મન ક્ષણમાત્રમાં પંડિત બની જાય છે, ક્ષણમાત્રમાં માયામાં મલિન થઈ જાય છે, ક્ષણમાત્રમાં વિષયોને માટે દીન બને છે, ક્ષણમાત્રમાં ગર્વથી ઈન્દ્ર જેવું બની જાય છે, ક્ષણમાત્રમાં જ્યાં-ત્યાં દોડે છે અને ક્ષણમાત્રમાં અનેક વેષ કાઢે છે. જેમ દહીં વલોવતાં છાસની ઉથલ-પાથલ થાય છે તેવો કોલાહલ મચાવે છે. નટનો થાળ, રેહંટચક્રની માળ, નદીના પ્રવાહનું વમળ અથવા કુંભારના ચાકડાની જેમ ઘૂમ્યા જ કરે છે. આવું ભ્રમણ કરનારું મન આજે કેવી રીતે સ્થિર થઈ શકે કે જે સ્વભાવથી જ ચંચળ અને અનાદિકાળથી વક્ર છે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કેટલાં દાખલા આપ્યા છે! પર તરફના ભ્રમણમાં મનની ચંચળતા જ હોય ત્યાં મનની સ્થિરતા થાય તેવું ન હોય એમ કહેવું છે. ભગવાનની પ્રતિમા સામે જોઈ રહે તોપણ એ વિકલ્પ છે કેમ કે પરદ્રવ્ય તરફ લક્ષ છે; તેમાં પણ આંગી કરેલાં ભગવાનને જોઈ રહે ત્યાં તો માથે લાખોના મુગટ પહેરાવ્યાં હોય, હાથમાં બાજુ-બંધ પહેરાવ્યાં હોય, અત્તર લગાવ્યાં હોય કે જે અત્તરના એક બિંદુમાં પણ મહાપાપ છે. અહીં તો એકલી વીતરાગમુદ્રા હોય તેના દર્શનથી પણ શુભરાગ છે, ધર્મ નથી, તો પ્રશ્ન થાય કે એ રાગ તો પ્રશસ્ત છે ને! સારો છે ને! ભાઈ! અશુભની અપેક્ષાએ શુભરાગને પ્રશસ્ત કહ્યો છે પણ ધર્મની અપેક્ષાએ તે સારો નથી. એ પણ અશુભ છે.

અરે! જીવન જાય છે. એને કોઈ મદદ કરનાર નથી. ધર્મના નામે પણ લૂંટાય છે. તેમાં જો પોતે સત્ય વાત સમજીને અનુભવ કર્યો નહિ તો બધું નિષ્ફળ છે. એ લાખો માણસોને મેં ધર્મ પમાડ્યો એમ માનતો હોય કે મેં સવાલાખ જિનબિંબ ભરાવ્યા એમ કહેતો હોય તો રાગની મંદતા છે એટલો શુભભાવ છે પણ તેમાં ધર્મ માને છે તેથી મિથ્યાત્વનું પોષણ થાય છે. મંદિર આદિ કોઈના કરાવ્યાં થતાં નથી. આ જુઓને! પરમાગમમંદિર થાય છે... આપણે કાંઈ કહ્યું નથી. મુંબઈવાળાને ભાવ થયો કે ૮૦મી જન્મજયંતી ઉજવી છે તે નિમિત્તે સોનગઢમાં એક મંદિર બનાવવું. ત્રણ લાખનું કરવું હતું તેને બદલે બાર લાખ તો ખર્ચાઈ ગયા અને હજુ જેટલાં થાય તેટલાં ખરાં... તો આ મંદિર કોઈના કરવાથી થાય છે શું? પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે.

**छिनमैं प्रवीन**.....મન ક્ષણમાં પંડિત બની જાય તો ક્ષણમાં મલિન થઈ જાય છે. જ્ઞાનમાં પંડિત બન્યો હોય તેની વાત નથી. મનથી પંડિતાઈ કરે તે ટકતી નથી. ક્ષણમાં સ્ત્રી પુત્રાદિના રાગમાં લીન થઈ જાય છે. ઘડીકમાં પંડિત અને ઘડીકમાં મૂરખ થઈ જાય એ બધી મનની ચંચળતા છે. આત્મામાં દૃષ્ટિને સ્થિર કરવી તે સમ્યગ્દર્શન છે. પ્રથમ કરવા યોગ્ય ક્રિયા તો આ છે. સાથે આ શ્રવણ આદિનો શુભભાવ હોય છે. ન હોય એમ નથી. સાંભળવાના વિકલ્પથી પણ હું જુદી ચીજ છું એમ અંતર દૃષ્ટિ કરે, રાગથી જુદો પડે ત્યારે ધર્મ થાય.

**छिनकमैं दीन**.....વિષયોને માટે ક્ષણમાં દીન થઈને મને આ પાંચ ઈન્દ્રિયના વિષયો મળે, આબરૂ મળે, ધન મળે..એની દીનતા કરે છે તો વળી ક્ષણમાં ઈન્દ્ર જેવો અભિમાની બની જાય કે મારી પાસે તો બધું છે, મારે કોઈ પાસેથી કાંઈ જોઈતું નથી. આ બધું મનથી થાય છે તે ધર્મ નથી.

**लियै दौर धूप**.....ધંધા આદિ માટે દોડધામ કરે છે. વિલાયત જાય વળી પાછો આવે. આટલા પૈસા રોકીએ તો આમ થશે... પૂર્વના પુણ્ય અનુસાર આવવાનું હોય તે ધનાદિ આવે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે, આ તો નકામી દોડધામ કરે છે પ્લેનમાં આવ-જા કરે એટલે જલ્દી દોડાય પણ તેમાં કાંઈ સાર નથી. અનેક વિકલ્પોના વેષ ધારણ કરે છે.

**कोलाहल ठानत मथानकौसौ तक्र है ।** જેમ દહીંની છાશ બનાવતાં ઝેરણી ફરે ત્યાં અંદર ઉથલ-પાથલ થાય છે તેમ મનમાં એવી ઉથલ-પાથલ ચાલે છે. સપના એવા આવે, કલ્પનાઓ થાય... અરે! તું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન થઈને આ કલ્પનાના રસ્તે ક્યાં ચડ્યો! ઝેરણી છાશમાં ફર્યાફર કરે તેમ મન ફર્યાફર કરે છે, સ્થિરતા થતી નથી.

મનની ચંચળતા કર્યા કરે છે પણ આત્મામાં ઠરવું હોય તો 'એ અમારું કામ નહિ' એમ એને થાય છે. નટનો થાળ ફર્યા કરે છે તેમ મન ફર્યા કરે છે. નટ તો દેખાવ કરે છે થાળ તો પોતાની મેળે ફરે છે. રહેંટચક્રની માળમાં એક બાજું પાણી ભરાતું જાય અને બીજે ઠલવાતું જાય તેમ મનના ચક્રની માળ ફર્યા જ કરે છે, એક વિકલ્પ જાય ત્યાં બીજો આવે અને બીજો જાય ત્યાં ત્રીજો આવે. રેંટિયામાં રૂને કાંતે છે તેમ અજ્ઞાની વિકલ્પોને કાત્યાં જ કરે છે, તાર તૂટવા દેતો નથી.

**धारकौसौ भौंर.....**નદીના પાણીમાં પાણી ભમરી ખાય એટલે વમળ થાય છે ને! તેમ, મન ભમરી ખાય છે, ઘડીમાં કાંઈ તો વળી ઘડીમાં બીજું કાંઈ..... મારી સ્ત્રી બહુ સારી..... પુત્ર બહુ સારો..... એમ કલ્પનાના ઘોડા દોડાવી મનને ચંચળ કરે છે—અસ્થિર કરે છે—બંધભાવ પ્રગટ કરે છે એમ કહે છે. કુંભારનું ચક્ર ગોળ ફર્યા જ કરે છે તેમ મન પણ ફર્યા જ કરે છે, સ્થિર થતું નથી. પ્રભુનો સ્વભાવ તો જ્ઞાન કરીને ઠરવાનો છે તેને બદલે મનને ચંચળ કરીને અસ્થિર થઈ જાય છે.

**ऐसौ मन.....**આવું ભ્રામક એટલે ભ્રમણ કરનારું મન અજ્ઞાન છે ત્યાં સુધી સ્થિર થતું નથી. જ્ઞાન કરે તો જ સ્થિર થાય. ભેદજ્ઞાન કરે કે આ ચંચળ કલ્પનાઓ ઉઠે છે તે મારું સ્વરૂપ નથી, પરને હું કાંઈ કરી શકતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું એમ દૃષ્ટિ કરે, સ્થિર થાય તો સ્થિર થઈ શકે. બાકી મનડું તો અનાદિનું ચંચળ જ છે, વક્ર છે. આનંદઘનજીમાં આવે છે કે મનડું કિમહિ ન બાજે.....

હવે કહેશે કે મનની ચંચળતા ઉપર જ્ઞાનનો પ્રભાવ પડે તો **ग्यानके जगेसौं निरवाण पथ धसा है ।** એમ સિદ્ધ કરે છે. જ્ઞાન થતાં એ જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. અજ્ઞાનમાં એ કલ્પનાનો જ સ્વામી થઈ જાય છે.

**धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,**
**रूपसौं विमुख दुखकूपवास बसा है।**



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



धरमकौ घाती अधरमकौ संघाती महा,
कुरापाती जाकी संनिपातकीसी दसा है॥
मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,
भूल्यौ भ्रम-भीरमैं बहीरकौसौ ससा है।
ऐसौ मन चंचल पताकासौ अंचल सु,
ग्यानके जगेसौं निरवाण पथ धसा है॥५१॥

અર્થ :—આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ ક્યાંય સાચું સુખ મેળવ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરુદ્ધ થઈ દુઃખના કુવામાં પડી રહ્યો છે. ધર્મનો ઘાતક, અધર્મનો સાથી, મહાઉપદ્રવી સનેપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો છે. ધન-સંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે, ભ્રમજાળમાં પડ્યો થકો એવો ભૂલી રહ્યો છે જેવો શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય. આ મન ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે.

આત્મા અને રાગાદિનું ભેદજ્ઞાન કરે ત્યારે જ મનની ચંચળતાનો નાશ થાય છે.

धायौ सदाकाल.....પોતાના આત્મામાં જ સુખ છે પણ તેની શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી અને બહારથી સુખ લેવા માટે ભટક્યાં કરે છે. रूपसौं विमुख....પોતાના સ્વરૂપથી વિમુખ દુઃખના મોટા કૂવામાં પડ્યો છે. પરમાં સુખ નથી છતાં સુખ માનીને કલ્પનાઓ કર્યા કરે છે. સમાજમાં મારી ખુરશી પહેલી પડે તો મને સુખ, ખૂબ પૈસા હોય તો સુખ, પાંચમાં પૂછાતો હોય તો સુખ, પરિવાર અને વેવાય આદિ પૈસાવાળા હોય તો સુખ એમ અનેક જગ્યાએ ઈ સુખની કલ્પના કરીને પડ્યો છે. મોટો પગારદાર, પદવીધારી અમલદાર હોય તેને સુખી કહેવાય ને! એના માનના પ્યાલા પણ ફાટી ગયા હોય, તેનો એક ગામમાં બનાવ બનેલો...દીકરો મોટો ઓફિસર એટલે ઊંટ ઉપર બહાર ગામ જતો હતો અને સાથે પોતાનો બાપ પણ હતો પણ સામેવાળાએ પૂછ્યું કે તમારી સાથે કોણ છે તો દીકરો કહે છે એક માણસ મારી સાથે છે. જુઓ! એને મારો બાપ સાથે છે એમ બોલતાં શરમ લાગી, બાપને ઘણું અપમાન લાગ્યું એટલે કહે છે હું એનો માણસ નથી, હું એની માનો ધણી છું..... આવા અભિમાની વિવેક પણ ભૂલી જાય છે.

આમ ક્રોધ, માન, માયા, લોભાદિ ભાવોમાં પડેલા અજ્ઞાની દુઃખના કૂવામાં જ પડ્યાં છે, સુખી નથી. ધરમનો તો એ ઘાત કરનારા છે. શુભાશુભ બંને ચંચળ ભાવો ધર્મના ઘાત કરનારા છે. માટે, મનનો સંગ છોડી આત્માનો સંગ કરે તો જ ધર્મ થાય. બહારની પદવીના

www.vitragvani.com



કે ધનાદિના અભિમાનમાં ચડી ગયેલાંને આ માનવું બહુ અઘરું પડી જાય તેવું છે. અમે તો મંદિર બંધાવ્યા છે અને દાનમાં બહુ પૈસા વાપર્યા છે એવા અભિમાનમાં મરી જશે તો નિગોદમાં ચાલ્યો જશે. વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ માનનારાને કાંઈ તત્ત્વ મળી જાય!

મનનો સંગ થતાં જે શુભાશુભભાવ થાય તે બંને અધર્મનો સંગાથ છે. ભગવાન આત્માની અંતરદૃષ્ટિ કરવી તેમાં જ સુખ છે, તેમાં જ શાંતિ છે અને ધર્મ છે. મનના વિકલ્પમાં ક્યાંય ધર્મ નથી. **संघाती महा कुरापाती** કહીને, મહાઉપદ્રવી-વિપરીત સ્વભાવવાળો કહ્યો છે. શુભાશુભભાવમાં મહા ઉપદ્રવ છે. ભગવાન આત્મા મનના સંગ વિનાનો અસંગી છે, તે અસંગીનો સંગ કરવાથી ધર્મ થાય છે.

ભગવાન કહે છે અરે પ્રભુ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત—ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર! શક્તિએ બધા આત્મા ભગવાન છે. તું તારી ચૈતન્યસત્તાનો સ્વીકાર કર! જાણવું...જાણવું...જાણવું. આ જાણવાની જ્ઞાન-શક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું. અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન–આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં—સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૯૦)*

www.vitragvani.com



# મારો પ્રભુ મારામાં જ વસે છે

(સળંગ પ્રવચન નં-૧૦૧)

આ, સમયસાર નાટક છે. તેમાં બંધદ્વારમાં ૫૧મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે આત્મા જ્યારે મનના સંબંધમાં જોડાય છે ત્યારે વિકલ્પો થાય છે. છેલ્લે કહેશે કે જ્ઞાનના પ્રભાવથી તે બધાં વિકલ્પો છૂટી જાય છે.

**धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,**
**रूपसौं विमुख दुखकूपवास बसा है।**
**धरमकौ घाती अधरमकौ संघाती महा,**
**कुरापाती जाकी संनिपातकीसी दसा है।।**
**मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,**
**भूल्यौ भ्रम-भीरमैं बहीरकौसौ ससा है।**
**ऐसौ मन चंचल पताकासौ अंचल सु,**
**ग्यानके जगेसौं निरवाण पथ धसा है।।५२।।**

અર્થ :—આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ ક્યાંયથી સાચું સુખ મળ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરૂદ્ધ થઈ દુઃખના કુવામાં પડી રહ્યો છે. ધર્મનો ઘાતક, અધર્મનો સાથી, મહાઉપદ્રવી સન્નિપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો છે. ધનસંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે. ભ્રમજાળમાં પડ્યો થકો એવો ભૂલી રહ્યો છે જેવું શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય. આ મન ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ હોવા છતાં, મનના સંબંધમાં અનેક પ્રકારની કલ્પનાજાળમાં ગુંચવાઈ ગયો છે. શરીરમાં, આબરુંમાં, ઈન્દ્રિયોમાં વિષયોમાં વગેરેમાં સુખ છે એવી કલ્પના કરીને મન તે તરફ દોડે છે પણ તેમાં તો સુખ નથી. મનના સંબંધે થતી કલ્પના આત્માના નિજસ્વરૂપથી વિમુખ છે.

કાલે એક ભાઈ કહેતાં હતાં કે ધર્મ પ્રાપ્ત કરવા માટે પહેલાં ગુરુ જોઈએ ને! ગુરુ વિના જ્ઞાન ન થાય..... તેને કીધું કે ગુરુ હોય છે પણ ગુરુથી જ્ઞાન થતું નથી.

www.vitragvani.com



મનનો ધર્મ જ એવો છે કે તે વિકલ્પ જ ઊભો કરે. ભલે દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી વિકલ્પ હો કે સ્ત્રી, પુત્ર, ધંધાદિનો વિકલ્પ હો પણ મનના સંબંધે વિકલ્પ જ ઉત્પન્ન થાય છે અને તેનાથી બંધ થાય છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ માને છે તેથી કાંઈ સુખ થતું નથી. કેવળ બંધ થાય છે.

શુભ અને અશુભ સંકલ્પ, વિકલ્પ છે તે દુઃખના કૂવા છે. ભગવાનની ભક્તિ કરીએ અને કલ્યાણ ન થાય એ વાત માનવી લોકોને બહુ આકરી લાગે છે. પણ તારો ગુરુ તો તું જ છો. તારું સ્વરૂપ સમજ અને પોતાને સમજાવ તો તારું કલ્યાણ થાય. 'હું તો એક જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુ છું, પરના સંબંધથી રહિત છું' એવું પોતે પોતાને સમજાવે નહિ ત્યાં સુધી ગુરુએ કહેલી વાત તેની શ્રદ્ધામાં બેસતી નથી.

મનના સંબંધે જેટલી પર તરફની લાગણી થાય છે તે ધરમનો ઘાત કરનારી છે. અશુભ લાગણીથી તો ધરમનો ઘાત થાય છે પણ શુભ લાગણી તે ભલે દેવ-ગુરુની ભક્તિ સંબંધી હોય તે પણ ધર્મનો ઘાત કરનાર છે, બંધ કરનાર છે. બંધ અધિકાર છે ને! મનનો સંબંધ થાય એટલે પર તરફ જ લક્ષ જાય અને તેથી અધર્મ થાય, ધર્મ ન થાય. મનને અધર્મનો સંગાથ છે. માટે મનનો સંબંધ છોડીને જ્ઞાનાનંદસ્વરૂપનો સંબંધ કરે તો ધર્મ થાય. અંતરમુખ થઈને, સ્વભાવને અનુસરીને પરિણામ કરવા તે ધર્મ છે.

ભગવાન આત્માનો સંગ છોડીને, મનનો સંગ કરવો તે ઉપદ્રવ થવાનું કારણ છે, ચૈતન્યની શાંતિને બાળનારા તે ભાવ છે. પરદ્રવ્યની દયાના ભાવ કે પરદ્રવ્યની ભક્તિના ભાવ સ્વદ્રવ્યને ઉપદ્રવ કરનારાં છે. પર તરફના ભાવમાં લીન રહે છે તેની દશા સન્નિપાતના રોગી જેવી છે.

શ્રોતા :—મંદિર માટે પૈસા ખર્ચે અને તેને આપ આવું કહો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રૂપિયા ખર્ચે છે તે રૂપિયા ક્યાં એના છે! એ તો જડના છે. મેં રૂપિયા દાનમાં આપ્યાં એવો જે વિકલ્પ ઉઠે છે તે સ્વરૂપમાં ઉપદ્રવ કરનાર છે. વીતરાગમાર્ગ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, કાંઈ રાગથી વીતરાગમાર્ગની ઉત્પત્તિ થતી નથી.

ચૈતન્યસ્વરૂપ આત્મા મન અને મનના વિકલ્પથી તદ્દન ભિન્ન સ્વરૂપે છે. એવા સ્વરૂપનો સ્વીકાર અને દૃષ્ટિ ન કરતાં, મનના વલણવાળા ભાવનો સ્વીકાર કરવો એ ઉપદ્રવ છે. તેથી ધર્મીને અશુભભાવ તો ઉપદ્રવ લાગે છે પણ શુભભાવ પણ ઉપદ્રવ લાગે છે. બંને ભાવ બંધના કારણ છે એમ ધર્મી જાણે છે.

ધર્મી તો પોતાની ધર્મદશાથી આત્માને ગ્રહે છે જ્યારે મનના વિકલ્પ તો માયાને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઝપટથી ગ્રહે છે **मायाको झपटि गहै** એટલે મને આ ઠીક છે... આ ઠીક છે એમ પરમાં ઠીકપણાની કલ્પના કરે છે. ભગવાન આત્મા મનથી અને વિકલ્પથી ભિન્ન છે તેની મહાસત્તાનો સ્વીકાર ન કરતાં, પરના સંબંધવાળા વિકલ્પનો જ સ્વીકાર કરે છે તેણે માયાને ઝપટ મારી છે. અને શરીરમાં તો એ એકાકાર થઈને રહે છે જાણે 'શરીર તે જ હું' આ શરીરના કામ હું કરું છું. પણ શરીર તો જડ છે મારાથી ભિન્ન તત્ત્વ છે એમ માનતો નથી.

સવારે એક મોટી ગાય જતી જોઈને થયું કે આ ગાયને કાંઈ પર્યાયના અંશની ખબર નથી. તેને તો આ ખાવાનું મળે અને લઠ્ઠ જેવું શરીર છે તે જ હું એવું વેદન છે. તેને બીજી કાંઈ ખબર નથી પરંતુ અંશમાં અટકવાનું તો તેને થાય છે કે જે જીવ જ્ઞાનમાં આગળ વધીને અંશને પકડીને તેમાં જ અટકી જાય છે. મનના સંબંધે બંધ જ થાય છે અને તેનો સંબંધ છોડે તો—અબંધદશા પ્રગટ થાય છે.

અજ્ઞાનદશામાં રૂપાળા શરીર આદિ સંયોગમાં જ પોતાનું સર્વસ્વ છે એમ જીવ માની લે છે તેને મન સાથે સંબંધ છે, એ મન તેને બહાર જ લઈ જાય છે. મન સ્વમાં સંબંધ કરાવતું નથી.

**भूल्यौं भ्रम-भीरमैं**.....ભીર એટલે જાળ. ભ્રમણાની જાળમાં ભૂલો પડી ગયો છે. જેમ શિકારીના ઘેરામાં સસલું આમથી તેમ ભાગે છે તેમ અજ્ઞાનદશામાં જીવ ભ્રમણાથી આમ કરું તો મને કીર્તિ મળે, આમ કરું તો મને ધન મળે, આમ કરું તો મારું ભલું થાય એમ ભ્રમણાથી ભટક્યાં કરે છે. ધન કમાઉં, મોટો ગણાવું, ધન ખર્ચું તે જાહેર થાય... એમ મનને આમથી તેમ દોડાવીને ખુશી થાય છે.

**ऐसौ मन चंचल पताकासौ अंचल**..... ધજાનો પતલો છેડો પવન અનુસાર ફર ફર ફર્યા જ કરે છે તેમ મન પણ ઉદય અનુસાર ફર્યા જ કરે છે. સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ વિના મનના સંબંધમાં પરિણામ ચંચળ થયા કરે છે.

**ग्यानके जगेसौं निरवाण पथ धसा है।**..... મારો ધર્મ અને મારું સુખ મારામાં છે માટે મારામાંથી જ ધર્મ અને સુખ આવે. શુભાશુભભાવમાંથી મારો ધર્મ કે સુખ ન આવે..... એવું સ્વરૂપનું જ્ઞાન થતાં જીવની ગતિ નિર્વાણ તરફ થાય છે. સંસાર તરફની ગતિ હતી તેના બદલે અરે! હું તો આત્મા છું! શરીર અને કર્મ તો હું નહિ પણ મનના વિકલ્પ એ પણ હું નહિ એવું મારું વાસ્તવિક સ્વરૂપ છે એમ જ્યાં અંતરજ્ઞાન થાય ત્યાં તેની ગતિની દિશા નિર્વાણ એટલે મોક્ષ તરફ થઈ જાય છે. હવે તેની દોડ રાગથી છૂટવા તરફ છે. આમ, જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ બંધદ્વાર છે ને! મનના સંબંધે જે કાંઈ સંકલ્પ, વિકલ્પ ઉત્પન્ન થાય છે તે બંધના કારણ છે, મનની ચંચળતા છે. પણ હું તો તેનાથી રહિત જ્ઞાન ને આનંદપણે શાશ્વત વસ્તુ છું એવું અંતરમાં જ્ઞાન થતાં તેની ગતિ રાગથી છૂટવા તરફ થવા લાગે છે. ક્રિયાકાંડનો ભાવ છૂટીને જ્ઞાનકાંડ શરૂ થઈ જાય છે.

શરીર અને કર્મ તો અજીવતત્ત્વ છે અને શુભાશુભ સંકલ્પ, વિકલ્પ આસ્રવતત્ત્વ છે તેનાથી જુદો હું જ્ઞાનાનંદમય ચૈતન્યતત્ત્વ છું એવી દૃષ્ટિ થતાં ધર્મીની ગતિ મોક્ષ તરફ થઈ જાય છે. હવે 'બાવન'માં પદ્યમાં મનની સ્થિરતાનો પ્રયત્ન બતાવે છે.

**जो मन विषै-कषायमैं, बरतै चंचल सोइ।**
**जो मन ध्यान विचारसौं, रुकै सु अविचल होई।।५२।।**

અર્થ :—જે મન વિષય-કષાય આદિમાં વર્તે છે તે ચંચળ રહે છે અને જે આત્મસ્વરૂપના ચિંતવનમાં લાગ્યું રહે છે તે સ્થિર થઈ જાય છે.

અનેક પ્રકારના વિષય અને કષાયમાં મન ચંચળ રહે છે. તે જ મનને જો સ્વરૂપના જ્ઞાનમાં અને સ્વરૂપના ધ્યાનમાં લગાવો તો મન સ્થિર થઈ જાય છે એટલે મનનો વિકલ્પ ત્યાં હોતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. એમ એણે પહેલા જાણીને પ્રતીતિ કરવી પડશે, પછી તેને અનુભવમાં લે ત્યારે ધર્મ થાય.

અજ્ઞાનદશામાં ભગવાનની ભક્તિ ઉછળી ઉછળીને કરતો હોય, હાથમાં કરતાલ લઈને કરતો હોય તો પણ શું! તેનાથી ધર્મ થતો નથી. વળી તેને મનમાં એમ થતું હોય કે હું કેટલાં રસથી ભક્તિ કરું છું તે બીજા લોકો જુએ તો ખરાં! એવા ભાવથી પોતે જ પોતાને છેતરીને સુખી થાય છે.

વળી વિશેષ ૫૩ મા પદ્યમાં કહે છે કે

**तातैं विषै-कषायसौं, फेरि सु मनकी बांनि।**
**सुद्धातम अनुभौ विषै, कीजै अविचल आनि।।५३।।**

અર્થ :—માટે, મનની પ્રવૃત્તિ વિષય-કષાયથી ખસેડીને તેને શુદ્ધ આત્માનુભવ તરફ લાવો અને સ્થિર કરો.

જ્ઞાન-આનંદ એવો જે આત્માનો અવિનાશી-નિત્ય સ્વભાવ છે તેનો અનુભવ કરીને તેમાં સ્થિર થાઓ. તેનું નામ અબંધપરિણામ અને મોક્ષનો માર્ગ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રોતા :—અમે સાધારણ પ્રાણી આવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા ન કરી શકીએ તો બીજો કોઈ માર્ગ ખરો? ભગવાનની ભક્તિ કરતાં કરતાં આગળ વધાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! રાગ કરતાં કરતાં આગળ વધાય કે રાગને છોડતાં આગળ વધાય! લોકોને સાંભળવા મળ્યું ન હોય એટલે ઘા લાગે કે આ તો બધું ઉથાપી નાંખે છે.

ભલે શુભરાગ હો તે પણ બંધનું જ કારણ છે. મોક્ષમાર્ગમાં તેની કાંઈ મદદ નથી. જ્ઞાનીને પણ શુભભાવ હોય છે પણ તે સમજે છે કે મારાં સ્વભાવની શાંતિને આ ભાવ મદદગાર નથી, બંધનું જ કારણ છે.

આ શાસ્ત્રમાં પણ જુઓ ને! શુભરાગને બંધ કારણ કહ્યું છે ને! આ શાસ્ત્ર ક્યાં સોનગઢનું છે! તેના અક્ષરે અક્ષર મેળવી લ્યો! સોનુ તો ઢેઢના ઘરનું હોય કે શાહુકારના ઘરનું હોય, સોનાની જાતમાં કાંઈ ફેર ન હોય.

પરમાત્મા કહે છે કે પુણ્ય-પાપના વિકલ્પની જાતને છોડી દે અને અંતરમાં આવ! એ ન થાય ત્યાં સુધી પ્રથમ નક્કી તો કર કે વિકલ્પમાત્ર છોડવા જેવા છે અને અંતરમાં જવા જેવું છે. અંતરમાં આરૂઢ થયા વિના સુખ અને શાંતિ પ્રગટ થાય તેમ નથી. દુનિયા તને સુખ આપી નહિ દે. મરવા ટાઈમે બધું મૂકીને ચાલ્યું જવું પડશે. શરીરના રજકણે રજકણ અહીં પડ્યાં રહેશે. બાયડી-છોકરાં રોતા રહી જશે.

એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ નોતો રે!
સગી રે નારી તારી કામિની, ઊભી ધ્રુસકે ધ્રુસકે રુએ રે.....

એક દિવસ એવો આવશે, જરૂર આવશે જ! એમાં ફેર નહિ પડે. રોગ હોય તેને જ મરણ આવશે એવું નથી. નીરોગ લઠ્ઠ જેવું શરીર હોય અને ક્ષણમાં ફેરફાર થઈ જાય. આપણે નજરે જોયું ને! શીવા પટેલ સમિતિમાં જમીને આવ્યા અને શ્વાસ ચડ્યો, મેં કીધું શું થયું પટેલ! તો કહે, અંતક્રિયા! નાભિમાંથી શ્વાસ છૂટી ગયો છે. ૩૬ કલાકે દેહ છોડી દીધો. ઈંજેકશન આપ્યું પણ શું કામનું? દેહ અવશ્ય દરેકને છૂટશે જ. દેહ તો છૂટી જ ચીજ છે. તે કાંઈ તારામાં આવ્યો નથી અને તારો થયો નથી. એકક્ષેત્રમાં સાથે રહ્યું છે તે છૂટે ત્યારે એમ થઈ જાય કે આપણે મરી ગયા! પણ તું ક્યાં મર્યો છે? તારાં ભેગા કરલાં સ્ત્રી, પુત્રાદિ રોતા રહી જશે અને કાઢો કાઢો સૌ કહેશે.

ઉંચા રે મંદિર ઉંચા માળિયા, સોડ તાણીને સૂતો,
કાઢો રે કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો નો'તો રે...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સજ્જાયમાળામાં આ ગીત આવે છે. અમે તો દુકાન ઉપર બેઠા બેઠાં નવરાં થઈએ એટલે વાંચીએ. શ્વેતાંબરમાં ચાર સજ્જાયમાળા આવે છે. તે ચારેય દુકાનમાં બેઠાં બેઠાં ૬૬, ૬૭ ની સાલમાં વાંચી છે.

એક રજકણ પણ તારો નથી ભાઈ! અરે, રાગનો કણ પણ તારો નથી. તારો હોય તો તે કેમ છૂટો પડે! રાગરહિત ચીજને અંતરથી જોતાં જે જ્ઞાન જાગ્યું તેને પરથી ખસીને સ્વરૂપમાં સ્થિર કર! એ જ મોક્ષનો ઉપાય અને ધર્મ છે.

**अलख अमूरति अरूपी अविनासी अज,**
**निराधार निगम निरंजन निरंध है।**
**नानारूप भेस धरै भेसकौ न लेस धरै,**
**चेतन प्रदेस धरै चेतनकौ खंध है।**
**मोह धरै मोहीसौ विराजै तोमैं तोहीसौ,**
**न तोहीसौ न मोहीसौ न रागी निरबंध है।**
**ऐसौ चिदानंद याही घटमें निकट तेरे,**
**ताहि तू विचारु मन और सब धंध है॥५४॥**

અર્થ :—આ આત્મા અલખ, અમૂર્તિક, અરૂપી, નિત્ય, અજન્મ, નિજાધાર, જ્ઞાની, નિર્વિકાર અને અખંડ છે. અનેક શરીર ધારણ કરે છે પણ તે શરીરોના કોઈ અંશરૂપ થઈ જતો નથી. ચેતન પ્રદેશોને ધારણ કરેલ ચૈતન્યનો પિંડ જ છે. જ્યારે આત્મા શરીર આદિ પ્રત્યે મોહ કરે છે ત્યારે મોહી થઈ જાય છે અને જ્યારે અન્ય વસ્તુઓમાં રાગ કરે છે ત્યારે તે રૂપ થઈ જાય છે. વાસ્તવમાં ન શરીરરૂપ છે અને ન અન્યવસ્તુઓ રૂપ છે, તે સર્વથા વીતરાગ અને કર્મબંધથી રહિત છે. હે મન! આવો ચિદાનંદ આ જ શરીરમાં તારી પાસે છે તેનો તું વિચાર કર, તે સિવાયની બીજી બધી જંજાળ છે.

આત્મા કેવો છે?—કે અલખ છે. अलख એટલે ઇન્દ્રિયોથી કહ્યો જાય તેવો નથી. પુણ્યના પરિણામ અને ઇન્દ્રિયોથી આત્મા જણાય તેવો નથી માટે આત્મા અલખ છે. શ્રીમદ્ પણ 'અલખ દેદાર દેખ્યા...' એવી કડી લખી છે. આત્મા ઇન્દ્રિયોથી કે રાગથી કે વ્યવહારથી જાણ્યો જાય એવો નથી. એ તો એના જ—આત્માના જ નિર્મળઅંશ દ્વારા જણાય એવો છે.

તત્ત્વજ્ઞાનતરંગિણીમાં દાખલો આપ્યો છે કે લાકડી વડે શરીરનો સ્પર્શ કરો તો શરીર ઠંડુ છે કે ગરમ તે નહિ જણાય કેમ કે લાકડી જુદી વસ્તુ છે. તેમ જ વધેલાં નખથી પણ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શરીરની ઠંડી-ગરમ અવસ્થા જણાતી નથી. પણ હાથ અડાડો તો તરત જણાશે કેમ કે તે તેનો અવયવ છે. તેમ, આત્માને જાણવા માટે શરીર, વાણી તો લાકડી જેવા જુદા છે, શુભાશુભ વિકલ્પો વધેલા નખ જેવા છે તેનાથી પણ આત્મા નહિ જણાય. આત્મા એક પોતાના રાગ વિનાના જ્ઞાનના અંશ વડે જણાશે કેમ કે એ તેનો અવયવ છે.

સોનગઢે આ નવો ધર્મ કાઢ્યો છે એમ સંપ્રદાયવાળાને લાગે છે પણ સોનગઢે કાંઈ નવું કાઢ્યું નથી. આ તો અનાદિનો ધર્મ છે. વીતરાગનો અનાદિનો આ માર્ગ છે, નવો નથી ભગવાન! બિલાડીના બચ્ચાંને આંખ ખૂલે ત્યારે દુનિયા દેખાય છે કે અરે આ જગત છે! પણ જગત તો પેલા પણ હતું. તેમ, આત્માનો સ્વભાવ તો અનાદિનો છે. તને જણાય ત્યારે તને ખ્યાલમાં આવે પણ આત્મા તો અલખ અનાદિનો છે.

અમૂર્તિક એટલે આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી એવો અમૂર્તિક છે. અલખ તો પરમાણુને પણ કહેવાય કેમ કે પરમાણુ પણ ઈન્દ્રિય કે રાગનો વિષય નથી. પણ પરમાણુ અમૂર્તિક નથી, મૂર્તિક છે અને આત્મા અમૂર્તિક છે. જ્યાં સુધી જીવને કર્મ સાથે સંબંધ છે ત્યાં સુધી જીવને મૂર્ત કહેવાય છે પણ જીવ પોતે મૂર્તિક નથી. અરૂપી ચીજ છે તેને રૂપ કેવા! અરૂપીને રૂપ નહિ હોવા છતાં તે વસ્તુ છે. રૂપ નથી માટે વસ્તુ જ નથી એમ નથી. ચૈતન્યઘન—આનંદઘન આત્મા અવિનાશી વસ્તુ છે તેની દૃષ્ટિ કર, તેનું જ્ઞાન કર અને તેમાં રમણ કર! એ કરવાનું છે.

**अज**..... આત્માને જન્મ નથી માટે તે અજન્મ છે. અનાદિ અનંત વસ્તુને જન્મ કેવો! આત્મામાં પર્યાય થાય તેને ઉત્પાદ અથવા જન્મ કહો તો કહો પણ વસ્તુને જન્મ ન હોય, વસ્તુ તો ત્રિકાળ છે. સમંતભદ્રસ્વામી કહે છે ને! પ્રભુ એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેયને જાણે છે માટે સર્વજ્ઞ છે. સર્વજ્ઞ સિવાય એક સમયમાં ત્રણને કોઈ જાણી ન શકે. સમય એટલે કેવડો? કે 'ક' બોલો એમાં તો અસંખ્ય સમય ચાલ્યા જાય. એવાં સૂક્ષ્મ સમયમાં ભગવાન ઉત્પાદ-વ્યય-ધ્રુવને જાણી લે છે, એ સર્વજ્ઞનું લક્ષણ છે. પૂર્ણજ્ઞાન આવા સર્વજ્ઞ સિવાય ન હોય શકે, એમ વિશ્વાસમાં આવવું જોઈએ. આમને આમ ભગવાનને માને તેણે ભગવાનને ઓળખ્યા નથી. ભગવાનનું સ્વરૂપ પોતાના ભાવભાસનમાં આવવું જોઈએ.

**निराधार**..... આત્માને કોઈનો આધાર નથી માટે આત્મા નિરાધાર છે. અનાદિ-અનંત વસ્તુ નિરાલંબી છે. આત્મા શરીર કે કર્મના આધારે પણ રહ્યો નથી. આત્મા જ્યાં જ્યાં છે ત્યાં નિરાધાર અને નિજાધાર રહ્યો છે. એટલે કે પરના આધાર વિના, પોતાના આધારે રહ્યો છે. દરેક આત્માની જાત જ એવી છે કે તે પોતાના આધારે જ રહે છે.

આત્મા **निगम** એટલે કે જ્ઞાની—જ્ઞાનસ્વરૂપ છે. અગમ—નિગમની વાત કહેવાય છે

www.vitragvani.com



ને! તેમાં અગમ એટલે ઇન્દ્રિયોથી ગમ્ય ન થાય તેવો અને નિગમ એટલે જ્ઞાનસ્વરૂપી છે, એવા આત્માની વાત કહેવાય છે. આત્મા **निरंजन** એટલે કે નિર્વિકાર છે. આત્માને રાગ-દ્વેષનો મેલ નથી. આવો આત્મા આ દેહઘટમાં બિરાજમાન પ્રભુ તું પોતે છો! પણ તને તારી ખબર નથી અને દુનિયાની ખબર લેવા નીકળ્યો છો. 'ઘરના છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો' એના જેવી તારી દશા થઈ રહી છે. દુનિયાની વાતો કરવા બેસે તો ખૂટે નહિ એટલી વાત કરે, જાણે ડાહીનો દીકરો પોતે જ હોય.

**निर्द्वंद** નામ આત્મા અખંડ એક છે, બેપણે નથી. પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આગળ ૪૫મા શ્લોકમાં આવી ગયું કે અરે જગવાસી પ્રાણી! તારે આ જગત સાથે કાંઈ સંબંધ નથી. લોકો ભલે વાતો કરે કે 'સો હાથીવાળાને પણ ક્યારેક એક હાથીવાળાની જરૂર પડે છે', 'એકલો માણસ શોભતો નથી'... વગેરે... પણ અહીં તો કહે છે કે 'આત્મા એકલો જ શોભે છે'. સ્ત્રી, પુત્ર, પરિવારાદિથી તેની શોભા નથી. આત્માને પરની સાથે કાંઈ સંબંધ નથી. આત્માનું રાજ આત્મામાં છે, બહારમાં નથી. આત્મા અનેક શરીરના વેષ ધારણ કરતો હોવા છતાં કોઈ શરીરરૂપ થઈ જતો નથી. ચૈતન્યપ્રદેશમાં જ સદાય વસનારો આત્મા અન્ય કોઈ મકાનમાં વસતો નથી. શરીર, વાણી, મનમાં પણ વસતો નથી અને રાષ-દ્વેષમાં પણ આત્મા વસતો નથી. ચૈતન્યપિંડ આત્મા પોતાની ચેતનામાં વસે છે અર્થાત્ પોતાના અસંખ્યપ્રદેશમાં વસે છે. અન્યમતી આત્માને પ્રદેશ માનતા નથી, એ તો સર્વવ્યાપક અથવા બીજીરીતે માને છે. તેનો નિષેધ કરવા અહીં આત્માને અસંખ્યપ્રદેશી સિદ્ધ કર્યો છે. **चेतननो खंध** એટલે ચેતનનો પિંડ છે. પરમાણુ બેથી અધિક ભેગા થઈને સ્કંધ થાય એવો આત્મા સ્કંધ નથી.

આત્મા ભલે અરૂપી હો પણ પદાર્થ છે ને! અસ્તિ છે ને! અવિનાશી વસ્તુ છે! તે જ્યારે શરીરાદિમાં મોહ કરે છે ત્યારે મોહી થઈ જાય છે અને પરમાં રાગ કરે ત્યારે રાગી થઈ જાય છે. મોહને લઈને એ એવું માને છે કે હું રાગી, દ્વેષી અને મોહી છું પણ આત્મા એવા સ્વરૂપે નથી.

**न तोहीसौं न मोहीसौ न रागी निरबंध है**–વસ્તુ પોતે વીતરાગ સ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ ન હોય તો વીતરાગીપર્યાય ક્યાંથી આવે? આત્મા નિર્ગ્રંથસ્વરૂપ છે, કર્મના બંધ વિનાની વસ્તુ છે. તારું સ્વરૂપ તારાથી એક સમય પણ દૂર નથી, તું પોતે છો. અતીન્દ્રિય આનંદની પ્રભુતાનો પિંડ તું પોતે જ છો. **ताहि तू विचारू मन....** અરે મન! તું આ વસ્તુનું ધ્યાન કર ને! બીજી બધી જંજાળ છોડી દે.

*

www.vitragvani.com



# આત્મ-અનુભવની વિધિ

(સળંગ પ્રવચન નં-૧૦૨)

આ, સમયસાર નાટક છે. તેમાં બંધ દ્વારમાં '૫૫'મા પદ્યમાં આત્માનુભવ કરવાની વિધિ બતાવે છે. (આ વિધિ વીરજીભાઈ વકીલને બહુ વ્હાલી હતી...) બંધથી ભિન્ન પડવાની કળા બતાવે છે.

**प्रथम सुद्रिष्टिसौं सरीररूप कीजै भिन्न,**
**तामें और सूच्छम सरीर भिन्न मानिये।**
**अष्ट कर्म भावकी उपाधि सोऊ कीजै भिन्न,**
**ताहूमें सुबुद्धिकौ विलास भिन्न जानिये॥**
**तामें प्रभु चैतन विराजत अखंडरूप,**
**वहै श्रुतग्यानके प्रवांन उर आनिये।**
**वाहीकौ विचार करि वाहीमैं मगन हूजै,**
**वाकौ पद साधिबेकौं ऐसी विधि ठानिये॥५५॥**

અર્થ :—પહેલાં ભેદવિજ્ઞાનથી સ્થૂળ શરીરને આત્માથી ભિન્ન માનવું જોઈએ, પછી તે સ્થૂળ શરીરમાં તૈજસ, કાર્મણ સૂક્ષ્મ શરીર છે તેમને ભિન્ન જાણવા યોગ્ય છે, પછી આઠ કર્મની ઉપાધિજનિત રાગ-દ્વેષને ભિન્ન કરવા અને પછી ભેદવિજ્ઞાનને પણ ભિન્ન માનવું જોઈએ. તે ભેદવિજ્ઞાનમાં અખંડ આત્મા બિરાજમાન છે, તેને શ્રુતજ્ઞાન-પ્રમાણ અથવા નય-નિક્ષેપ આદિથી નક્કી કરીને તેનો જ વિચાર કરવો અને તેમાં જ લીન થવું જોઈએ. મોક્ષપદ પામવાની નિરંતર આવી જ રીત છે.

ધર્મ કરવાની અને સમ્યગ્દર્શન પામવાની આ વિધિ છે. આત્માને પરથી ભિન્ન પાડીને સ્વસન્મુખ થવાની વિધિની આ વાત છે.

**प्रथम सुद्रिष्टिसौं.....** પ્રથમ તો આ ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ શરીરથી આત્મા ભિન્ન છે એમ નક્કી કરવું, પછી તૈજસ અને કાર્મણ જે સૂક્ષ્મ શરીરો છે તેનાથી આત્માને ભિન્ન જાણવો. આ ભગવાનને પામવાની વિધિ છે. વ્રત પાળવા અને તપ કરવા એ વિધિ નથી કેમ કે એ તો પર તરફના વિકલ્પો છે. આઠ કર્મોના નિમિત્તે થતાં ભાવથી પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હું આત્મા ભિન્ન છું. પ્રથમ સ્થૂળશરીરથી, પછી દ્રવ્યકર્મથી અને પછી ભાવકર્મથી ભેદજ્ઞાન કરવું એ આત્માનુભવની વિધિ છે. આમાં કેટલી ધીરજ જોઈએ! જ્યાં વસ્તુ છે ત્યાં નજર કરવી અને પરથી ભિન્ન પડી નિજવસ્તુને ગ્રહણ કરવી. શુભાશુભવિકલ્પો ઉઠે તેનાથી પણ મારું સ્વરૂપ જુદું છે એમ અંદરમાં વિચારવું.

વળી, 'આ રાગ તે હું નહિ, હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું' એવો જે ભેદજ્ઞાનનો વિકલ્પ ઉઠે છે તેનાથી પણ આત્માને ભિન્ન જાણવો. કર્મની ઉપાધિરૂપ ભાવકર્મથી તો ભેદજ્ઞાન કરાવ્યું પણ આ એક સૂક્ષ્મ ભાવકર્મ છે—'ભેદજ્ઞાનનો વિકલ્પ' તેનાથી પણ હું જુદો છું કેમ કે વિકલ્પથી આત્માનો અનુભવ થતો નથી. વિકલ્પથી જુદો પડે ત્યારે અનુભવ થાય છે. વ્યવહારને સાધન કહ્યો છે, હેતુ કહ્યો છે, કારણ કહ્યો છે એ બધી કહેવાની વાત છે.

શ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્માને પકડવો. આ પોતાનો માલ કેમ પકડવો તેની વિધિ કહેવાય છે. શિરો કરવો હોય તો પ્રથમ વિધિ જાણે છે ને! તેમ આત્માની શાંતિ માટે અનુભવનું કાર્ય કરવું હોય તેણે આ વિધિ અપનાવવી એમ કહે છે. અંતર ચૈતન્યપ્રભુ અખંડસ્વરૂપે બિરાજમાન છે તેને ભાવજ્ઞાન—શ્રુતપ્રમાણ વડે પકડવો, તેના સન્મુખનો વિચાર કરી તેમાં જ મગ્ન થઈ જવું, અખંડાનંદ ચૈતન્યસ્વરૂપને જ્ઞાનમાં ગ્રહણ કરી તેમાં જ લીન થઈ જવું એ ધર્મ પામવાની રીત છે. બહું ટૂંકા શબ્દો પણ ભાવ ઊંડા.

શ્રોતા :—ટૂંકી રીતમાં કાંઈ સમજાણું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આમાં લાંબુ કાંઈ હોય જ નહિ. શરીર અને કર્મથી પોતાને ભિન્ન જાણી વિકલ્પથી પણ જુદો પાડવો આ ટૂંકામાં ટૂંકી રીત છે. જેને આત્માની શાંતિ જોઈતી હોય તેણે આ કર્યે જ છૂટકો છે. પોતે પોતાનો ગુરુ થઈને પોતાને સમજાવે અને પોતે સમજે ત્યારે બાહ્યના ગુરુને 'ગુરુ' કહેવામાં આવે છે. ગુરુ કે ભગવાનની સામે જોઈને આત્મા પ્રાપ્ત થતો નથી.

ભાઈ! તારાં કાર્ય તો તારાથી થાય ને! વિકલ્પ તો પર છે તેના વડે તારું કાર્ય સિદ્ધ ન થાય.

સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથના પંથમાં ધર્મ પામવાની આ વિધિ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથો પંથ.' રે! જગવાસીજીવ! જગતથી તારે શું કામ છે? પરદ્રવ્ય સાથે તારે કાંઈ સંબંધ નથી. દુનિયા વખાણે કે નિંદા કરે તેથી તારે કાંઈ પ્રયોજન નથી. તારાં ઘટની અંદર તારું બધું રહેલું છે.

इहि विधि वस्तु व्यवस्था जानै।
रागादिक निजरूप न मानै।।

www.vitragvani.com



तातैं ग्यानवंत जगमांही।
करम बंधकौ करता नांही॥५६॥

અર્થ :—સંસારમાં સમ્યગ્દષ્ટિજીવ ઉપર કહ્યાં પ્રમાણે આત્માનું સ્વરૂપ જાણે છે અને રાગ-દ્વેષ આદિને પોતાનું સ્વરૂપ માનતા નથી તેથી તે કર્મબંધના કર્તા નથી.

જ્ઞાની રાગ-દ્વેષને પોતાનું સ્વરૂપ માનતાં નથી. ધર્મી તો પોતાના જ્ઞાનાનંદને જ પોતાનું સ્વરૂપ માને છે તેથી ધર્મીને કર્મનો બંધ થતો નથી. બંધભાવ ન હોય ત્યાં બંધ ક્યાંથી હોય!

હવે આચાર્યદેવના ૧૬મા કળશ ઉપર બનારસીદાસજી ૫૭મુ પદ્ય કહે છે.

ग्यानी भेदग्यानसौं विलेछि पुदगल कर्म,
आतमीक धर्मसौं निरालो करि मानतौ।
ताकौ मूल कारन असुद्ध रागभाव ताके,
नासिबेकौं सुद्ध अनुभौ अभ्यास ठानतौ॥
याही अनुक्रम पररूप सनबंध त्यागि,
आपमांहि अपनौ सुभाव गहि आनतौ।
साधि सिवचाल निरबंध होत तिहूं काल,
केवल विलोकि पाइ लोकालोक जानतौ॥५७॥

અર્થ :—જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના પ્રભાવથી પુદ્‌ગલકર્મને જુદું જાણે છે અને આત્મસ્વભાવથી ભિન્ન માને છે. તે પુદ્‌ગલકર્મોનું મૂળકારણ રાગ, દ્વેષ, મોહ આદિ વિભાવો છે. તેનો નાશ કરવા માટે શુદ્ધ અનુભવનો અભ્યાસ કરે છે અને ૫૪ માં કવિત્તમાં કહેલી રીતે આત્મસ્વભાવથી ભિન્ન અને પરરૂપ એવી બંધપદ્ધતિને દૂર કરીને પોતાના જ્ઞાનસ્વભાવનું ગ્રહણ કરે છે. આ રીતે તે સદૈવ મોક્ષમાર્ગનું સાધન કરીને બંધન રહિત થાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને લોકાલોકનો જ્ઞાયક થાય છે.

જ્ઞાનીને ભેદવિજ્ઞાન હોવાથી 'મારાં જ્ઞાયકસ્વભાવથી રાગાદિનો ભાવ તદ્દ્ન ભિન્ન છે' એમ જાણે છે. વ્યવહારના વિકલ્પો છે તે પણ મારો સ્વભાવ નથી માટે અનાત્મા છે એમ જાણે છે.

ભાઈ! ધીરજથી અંતરમુખ થયા વિના વસ્તુ પ્રાપ્ત ન થાય એવી ચીજ છે તેને બહારથી ગોતવા જાય તો ક્યાંથી મળે!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્મબંધનું મૂળકારણ અશુદ્ધભાવ છે. અશુદ્ધભાવમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને ભાવ આવી જાય. તેનો નાશ કરવા માટે જ્ઞાની શુદ્ધ અનુભવનો અભ્યાસ કરે છે. બંધભાવ અને સ્વભાવ બંને ભિન્ન છે, તેથી સ્વભાવમાં આરૂઢ થતાં બંધભાવ છૂટી જાય છે. **सुभाव गहि आनतो**—પોતાના જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે છે અને બંધપદ્ધતિથી છૂટો પડી જાય છે.

આમાં કેટલી ધીરજ જોઈએ! ઉતાવળ કરે તો આંબા પાકે તેમ નથી. ચક્રવર્તીની વાત જુદી છે : સવારે ઘઉં અને કેરી વાવે અને ૧૦ વાગે તો તૈયાર થઈ જાય. ચક્રવર્તી એ કેરી અને રોટલી ભોજનમાં વાપરે. ભરત ચક્રવર્તી સાત દિવસ સુધી મ્લેચ્છોના દેશમાં રહ્યાં હતાં. સાતેય દિવસ ખૂબ વરસાદ પડ્યો છતાં ચક્રવર્તી માટે આવું ભોજન ત્યાં પણ તૈયાર થઈ જતું હતું. હવે ચક્રવર્તીને પુણ્યની આવી સામગ્રી હોય છે તો આત્મામાં તો પવિત્રતાની સામગ્રી છે! ચક્રવર્તીને તો સવારે વાવેલું અનાજ બપોરે મળે જ્યારે આત્મામાં એકાગ્ર થાય તેને એ જ ક્ષણે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય.

આ રીતે હંમેશા મોક્ષમાર્ગને સાધતાં જ્ઞાની ત્રણેયકાળ માટે બંધરહિત થાય છે. આત્મા દ્રવ્યસ્વભાવથી તો બંધરહિત જ હતો પણ કર્મનો સંબંધ પર્યાયમાં હતો તે પણ છૂટી ગયો. અંતરસુખ દૃષ્ટિથી મોક્ષના માર્ગમાં આવ્યો ત્યાં સદૈવ બંધનથી રહિત થયો. આ ધર્મીની ક્રિયા છે.

અહા! ક્ષણે ક્ષણે દેહ મૃત્યુની સમીપ જાય છે. અંતરમાં એકાગ્ર થયા વિના આત્માને દેહથી જુદાપણું નહિ થઈ શકે.

ધર્મી મોક્ષના માર્ગે ચાલતો, રાગથી છૂટો પ્રવર્તતો **निरबंध होत तिहूं काल**—કેવળજ્ઞાન પામી લોકાલોકનો જ્ઞાયક થઈ જાય છે. પૂર્ણદશાને પ્રાપ્ત થાય છે. લોકોને જ્ઞાનની પર્યાયનું માહાત્મ્ય બતાવવા લોકાલોકને જાણે છે એમ કહ્યું છે. બાકી, પર્યાય પૂર્ણ થાય છે ત્યાં કાંઈ બાકી રહેતું નથી. જ્ઞાન પણ પૂરું અને આનંદ પણ પૂરો તેમાં પોતાના દ્રવ્ય, ગુણ પર્યાય સહિત આખુ વિશ્વ જણાઈ જાય છે.

લ્યો, આ બંધ રહિત થવાની કળા અને બંધ રહિત થતાં કેવી દશા થાય તે બતાવ્યું. હવે આ અધિકારનો છેલ્લો કળશ **रागादीनामुदयमदयं**.....આચાર્યદેવ કહે છે તેમાં ૫૮ મા પદ્ય દ્વારા બનારસીદાસજી 'ભેદજ્ઞાનીનું પરાક્રમ' બતાવે છે.

**जैसैं कोऊ मनुष्य अजान महाबलवान,**
**खोदि मूल वृच्छकौ उखारै गहि बाहूसौं।**
**तैसैं मतिमान दर्वकर्म भावकर्म त्यागि,**
**ह्वै रहै अतीत मति ग्यानकी दशाहूसौं।**

www.vitragvani.com



याही क्रिया अनुसार मिटै मोह अंधकार,
जगै जोति केवल प्रधान सविताहूसौं।
चुकै न सकतीसौं लुकै न पुदगल मांहि,
धुकै मोख थलकौं रुकै न फिर काहूसौं।।५८।।

અર્થ :—જેમ કોઈ અજાણ્યો મહા બળવાન મનુષ્ય પોતાના બાહુબળથી કોઈ વૃક્ષને મૂળમાંથી ઉખાડી નાખે છે, તેમ ભેદવિજ્ઞાની મનુષ્ય જ્ઞાનની શક્તિથી દ્રવ્યકર્મ અને ભાવકર્મને દૂર કરીને હલકા થઈ જાય છે. આ રીતે મોહનો અંધકાર નાશ પામે છે અને સૂર્યથી પણ શ્રેષ્ઠ કેવળજ્ઞાનની જ્યોતિ જાગે છે, પછી કર્મ અને નોકર્મથી છુપાઈ ન શકવા યોગ્ય અનંતશક્તિ પ્રગટ થાય છે જેથી તે સીધા મોક્ષમાં જાય છે, કોઈના રોક્યાં રોકાતા નથી.

જેવી રીતે કોઈ મનુષ્ય પોતાના બાહુબળથી વૃક્ષને તેના મૂળથી ઉખેડી નાંખે એવા પરાક્રમી માણસ પણ હોય છે ને! ૭૦-૭૨ પહેલાંની વાત છે. મારી ઉંમર નાની હતી પણ બરાબર યાદ છે કે ઘરમાં ઘણો જૂનો મોટો લીમડો હતો. એક દિવસ એક ઘાંચી ઘરે કોઈ કામ માટે આવ્યો તેણે લીમડાને હાથ અડાડ્યો ત્યાં લીમડો આખો થડમાંથી હલી ગયો. તૂટવાની તૈયારીવાળો હતો તો મૂળથી હલી ગયો; તેમ જ્ઞાની એકવાર જ્યાં પોતાના પુરુષાર્થથી સ્વરૂપમાં એકાગ્ર થાય છે ત્યાં કર્મનું વૃક્ષ મૂળથી ઉખડી જાય છે. લીમડો કડવો હોય તેમ આ કર્મનું ઝાડ પણ વિષવૃક્ષ જ છે ને! તેને મતિમાન—જ્ઞાની ઉખાડીને ફેંકી દે છે અને ચૈતન્યપ્રભુને મૂળમાંથી પકડી લે છે.

મતિમાન એટલે જ્ઞાની, જ્ઞાનની શક્તિથી દ્રવ્યકર્મ અને ભાવકર્મને દૂર કરીને હળવાફૂલ થઈ જાય છે. આમ, ભેદજ્ઞાનના પરાક્રમથી રાગથી ભિન્ન પડીને, સ્વરૂપની ક્રિયા કરતાં મોહનો અંધકાર મટી જાય છે અને કેવળજ્ઞાનની જ્યોતિ જગમગવા લાગે છે. અંતરના આનંદની ક્રિયાથી મોહનો નાશ થાય છે અને જેમ સૂર્ય પ્રકાશે તેમ, સૂર્યથી પણ શ્રેષ્ઠ એવા કેવળજ્ઞાનની જ્યોતિ પ્રકાશે છે.

બનારસીદાસને પણ અંદરમાં કેટલો પ્રમોદ છે!

જુઓ! આ ભેદજ્ઞાનનું પરાક્રમ પ્રગટ કરવું તે કરવાયોગ્ય એકમાત્ર કાર્ય છે, બાકી કોઈને સમજાવતાં આવડે કે ન આવડે તેની સાથે કાંઈ સંબંધ નથી. શાસ્ત્રનું જ્ઞાન તો પરલક્ષી જ્ઞાન છે, તે કાંઈ મૂળ વસ્તુનો સ્વભાવ નથી. અંદરમાં પરથી ભિન્ન પાડીને વિજ્ઞાન પ્રગટ કરવું એ જ જ્ઞાન છે. તેના ફળમાં શાંતિ અને આનંદ પ્રગટ થાય છે.

જંગલમાં સિંહ હોય તે સમકિત પામે તેને ક્યાં બીજાને સમજાવતાં આવડે છે! અંતર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

સન્મુખ થઈ ધ્રુવ ઉપર થાપ મારીને મોહનો નાશ કરે તેને કેવળસૂર્યનો પ્રકાશ ઝળહળી નીકળે છે.

કેવળજ્ઞાન પણ કેવું! તેને ધરનાર કેવળી ત્રણકાળ ત્રણલોકને બરાબર જાણે પણ કોઈને કરે નહિ, કોઈનો સાથ લે નહિ, કોઈને તોડે નહિ કે કોઈને ગ્રહે નહિ. માત્ર સર્વને જાણે.

અધ્યાત્મની વાત અંતરમાં બેસે નહિ એટલે પછી બીજે રસ્તે જીવ ચડી જાય. બીજાને સમજાવશું તો આપણને લાભ થશે એમ માનીને સમજાવવા દોડ્યાં જાય, શાસ્ત્રની રચના કરે..... તેનાથી જ્ઞાન થશે એમ માને પણ એ જ્ઞાનનો ઉપાય નથી. એમ એકાગ્ર થતાં જ્ઞાનશક્તિ પ્રગટ થાય પછી હવે તે પોતાની જ્ઞાન અને આનંદશક્તિથી ચૂકતો નથી. તેથી સીધાં મોક્ષમાં ચાલ્યાં જાય છે, કોઈથી રોકાતાં નથી.

વરસો—વરસ ચોમાસામાં આમ ઉપર આકાશમાં જુએ કે વરસાદ ક્યારે આવશે? કેટલો આવશે! તેમ જો એકવાર આત્મામાં એકાગ્ર થઈને જુએ કે કેવળજ્ઞાન ક્યારે આવશે? તો ભવભ્રમણના દુઃખ મટી જાય. વરસાદના દૃષ્ટાંતમાં તો વરસાદ વધૂ આવે તોપણ કંટાળે, પોતાની સગવડતામાં અગવડ પડે તો પણ કંટાળે, ઓશિયાળો થઈને બેઠો છે તેથી બધે કંટાળે છે. એકવાર અંદરમાં જો તો આનંદની અવિરલ ધારા વહેશે, તું સુખી થઈ જઈશ, આનંદિત થઈ જઈશ. તારા મોક્ષને કોઈ રોકી શકશે નહિ. એવા તારા આનંદના અનુભવની શું વાત કરવી! જેની વાત સાંભળતા પણ પ્રમોદ આવે એવા અનુભવના આનંદનું શું કહેવું! કરવા જેવું હોય તો આ કાર્ય છે. બાકી બધાં રખડી મરવાના રસ્તા છે.

બહારમાં આબરૂ વધી ગઈ હોય, મોટા મહંત કહેવાતાં હોય, શીઘ્ર કવિ હો તેમાં તને શું લાભ છે! તું તો અંતરમુહૂર્તમાં કેવળ લે એવો શીઘ્ર કેવળી થા તો તને લાભ છે.

'આઠમા અધિકારનો સાર' :—

જો કે સિદ્ધાલયમાં અનંત કાર્મણ વર્ગણાઓ ભરેલી છે તોપણ સિદ્ધભગવાનને કર્મનો બંધ થતો નથી કેમ કે કર્મની વર્ગણા કાંઈ બંધનું કારણ નથી. સિદ્ધભગવાન જ્યાં બિરાજે છે ત્યાં તે જ ક્ષેત્રમાં અનંતા નિગોદના જીવ પણ છે પણ એકબીજાને કાંઈ સંબંધ નથી. સિદ્ધભગવાન અનંત આનંદને અનુભવે છે તો નિગોદના જીવ અનંત દુઃખને અનુભવ છે અને ત્યાં જ રહેલી કર્મવર્ગણા તો પુદ્‌ગલ છે. સૌ દ્રવ્ય પોતપોતાની પર્યાયરૂપે પરિણમે છે. એકક્ષેત્રમાં રહેવાથી કર્મવર્ગણા કાંઈ બંધનું કારણ થઈ જતી નથી.

અરિહંતભગવાન યોગ સહિત હોવા છતાં અબંધ રહે છે માટે યોગ પણ બંધનું કારણ નથી. તેમ જ પરજીવની હિંસા પણ મારવાના અભિપ્રાય વિના અને પ્રમાદ વિના બંધનું કારણ

www.vitragvani.com



થતી નથી. મુનિ સાવધાનપણે ચાલ્યા જતાં હોય અને અચાનક કોઈ જીવ પગ નીચે આવીને કચરાઈ જાય તો મુનિને હિંસાનો દોષ લાગતો નથી. જો પરની હિંસાથી જ બંધ થતો હોય તો મુનિને પણ બંધ થવો જોઈએ.

સમ્યગ્દષ્ટિજીવ અસંયમી હોવા છતાં તેમને બંધ થતો નથી. આથી, સ્પષ્ટ છે કે કાર્મણ વર્ગણાઓ, યોગ, હિંસા અને અસંયમથી બંધ થતો નથી.

આત્માના અનુભવ વિના કેવળ શબ્દોના જ્ઞાનથી, પ્રશ્નના જવાબ દેતાં આવડી જવાથી કે કોઈ દ્વારા પોતાના જ્ઞાનના વખાણ થવાથી પોતાને જ્ઞાન થયાનું માનીને 'હું પણ અબંધ છું' એમ માની લે તેથી અબંધ થઈ જવાતું નથી. જે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ આવે છે તે જ જ્ઞાન બંધનું કારણ નથી. સમ્યગ્દષ્ટિ તો આખા જગતથી પોતાને જુદો અનુભવે છે, અસંયતભાવ અને અવ્રતભાવથી પણ જેની દૃષ્ટિ ઉઠી ગઈ છે તેને બંધ થતો નથી.

અસંયતભાવ દુઃખરૂપ છે, આત્મા આનંદરૂપ છે. એવા આનંદની દશા જેને પ્રગટી છે તે તો અતીન્દ્રિયાનંદનો સ્વાદ લે છે તેને અસંયમભાવથી બંધ થતો નથી. પણ જેને હજુ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો નથી, વર્તમાનમાં અનુભવ નથી અને 'મને બંધ નથી' એમ કહેતો હોય તો તે ખોટું છે. જ્યાં સુધી પરમાં એકતાબુદ્ધિ છે ત્યાં સુધી બંધ થાય જ છે. એકતાબુદ્ધિ તૂટે છે તેને બંધ થતો નથી.

કેવળ શુભ-અશુભ અશુદ્ધોપયોગ જ બંધનું કારણ છે કેમ કે એણે શુભ-અશુભ પરિણામને પોતાના ચૈતન્યગંજ સાથે એકત્વ કર્યું છે, પોતાના જ્ઞાનાનંદ ઉપયોગમાં એણે રાગને ભેળવ્યો છે. ઉપયોગભૂમિમાં અશુદ્ધતાને લાવ્યો છે એ જ બંધનું કારણ છે. સમજાણું કાંઈ!

અશુદ્ધ ઉપયોગ રાગ-દ્વેષ-મોહરૂપ છે અને રાગ-દ્વેષ-મોહનો અભાવ સમ્યગ્દર્શન છે, માટે બંધનો અભાવ કરવા માટે સમ્યગ્દર્શનની સંભાળ કરવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાનનું સમ્યક્પણે પરિણમવું—એવું જે સમ્યક્દર્શન છે તે મોહ-રાગ-દ્વેષથી રહિત છે. મોહમાં પરમાં સાવધાની છે તે મિથ્યાદર્શન છે. અંતરમુખ થતાં રાગના વિકલ્પથી પણ જુદો પડી જાય છે તેથી જ્ઞાનીને રાગ નથી. રાગથી જુદાં પડી ગયેલા ભાવને લઈને જ્ઞાનીને રાગ નથી. અમારે રાગ નથી એમ બોલવાથી રાગરહિત થઈ જતો નથી.

આત્મા, આત્માના ગુણ અને આત્માની સમ્યગ્દર્શન પર્યાય—ત્રણેય રાગ-દ્વેષ-મોહથી રહિત છે. જો રાગથી રહિત ન હોય તો તે સમ્યક્દર્શન નથી. 'રાગથી હું સહિત છું' એવી દૃષ્ટિ તો મિથ્યાદર્શન છે. માટે, બંધનો અભાવ કરવા સ્વરૂપનું દર્શન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં ઠરવાનું કરવું એ સંભાળ છે. બાહ્યક્રિયાની સંભાળ રાખવી એ સંભાળ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રથમ આ કરવાનું છે. બંધનો અભાવ કરવા માટે સમ્યગ્દર્શનની સંભાળ કરવી જોઈએ. તેમાં પ્રમાદ કરવો ઉચિત નથી. પ્રમાદ થાય એ જુદી વાત છે પણ પ્રમાદને પોતાના સ્વરૂપમાં ભેળવીને એકલા પ્રમાદમય આત્માને માનવો એ મિથ્યાત્વ છે. વર્તમાન પર્યાય અંતરમુખ થાય છે ત્યારે રાગ—બહિર્મુખવૃત્તિ ભિન્ન રહી જાય છે. સમ્યગ્દર્શન જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થનો દાતા છે. ધર્મ એટલે પુણ્ય અર્થાત્ શુભ એટલે ભલો એવો મોક્ષમાર્ગ સમ્યક્ત્વમાં જ છે. ધર્મ એ વસ્તુનો સ્વભાવ, અર્થ એટલે દ્રવ્ય, કામ એટલે નિસ્પૃહતા અને મોક્ષ આ ચારેય પોતામાં છે.

પુણ્ય-પાપ અધિકારમાં મોક્ષમાર્ગને શુભ કહ્યો છે. ત્યાં શુદ્ધના અર્થમાં શુભ એટલે ભલો કહ્યો છે. સમ્યગ્દર્શન જ આત્મસ્વભાવ છે, સમ્યગ્દર્શન જ આત્મદ્રવ્ય છે, સમ્યગ્દર્શન જ નિસ્પૃહતા છે અને સમ્યગ્દર્શન જ મોક્ષનું કારણ છે. આમ, ચારેય પુરુષાર્થ સમ્યગ્દર્શનમાં સમાય જાય છે.

સમ્યગ્દર્શન વિપરીત અભિપ્રાયથી રહિત હોય છે.

સર્વજ્ઞ આ આત્માને જ્ઞાયકસ્વભાવી જીવતત્ત્વ જાણે છે, પુણ્ય–પાપના ભાવ થાય તેને આસ્રવતત્ત્વ જાણે છે અને શરીરાદિને અજીવતત્ત્વ જાણે છે —એમ જ્યારે પોતાનું જ્ઞાન પણ ભિન્ન-ભિન્નપણે જાણે ત્યારે ભેદજ્ઞાન થાય છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૮૨)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# આત્માની પવિત્ર દશા

(સળંગ પ્રવચન નં-૧૦૩)

આ, સમયસાર નાટક છે. તેમાં બંધ અધિકારનો છેલ્લો સાર કહેવાય છે.

...આ સમ્યગ્દર્શન વિપરીત અભિનિવેષ રહિત હોય છે. સમ્યગ્દર્શન એટલે રાગ અને વિકલ્પથી જુદી પડેલી 'આત્માની પવિત્ર દશા' કે જેમાં આત્માના અનુભવ સહિત તેની પ્રતીતિ થાય છે અને વિપરીત અભિપ્રાયો બધાં ટળી જાય છે.

સુખ આત્મામાં જ છે, બીજે ક્યાંય નથી. શુભાશુભ ભાવમાં કે કોઈપણ બાહ્ય સંયોગો, આબરૂ, કીર્તિ આદિમાં સુખ નથી. ધર્મીને સમ્યગ્દર્શનમાં એવો આનંદ ભાસે કે બીજે ક્યાંય એવો આનંદ દેખાય નહિ.

મેં કર્યું, મારું છે, હું ઈચ્છું તે કરીશ એવા મિથ્યાભાવો સમ્યગ્દર્શનમાં હોતા નથી. એ બધાં વિપરીત અભિનિવેશ છે, સમ્યગ્દર્શન તેનાથી રહિત હોય છે. વળી શરીર, ધન, કુટુંબ અથવા વિષય-ભોગોથી વિરક્તભાવ રહે છે. રાગાદિમાં રક્તભાવ તે મિથ્યાત્વ છે તેનો સમ્યગ્દર્શનમાં અભાવ છે. વિષયભોગમાં આ ભોગો મને ઠીક લાગે છે એવો અભિપ્રાય અને આ મારું શરીર અને કુટુંબીજનો પણ મારાં છે એવા અભિપ્રાયથી સમ્યગ્દૃષ્ટિ વિરક્ત છે.

હું કાંઈક કરું, કાંઈક કરાવું,...એ વગેરે દ્વારા ચિત્ત ચંચળ થાય છે પણ ધર્મીને એવી બુદ્ધિ નહિ હોવાથી ચંચળચિત્તને વિશ્રામ મળે છે. પોતાનું જે છે તેમાં ઠરે છે, તેથી બહારમાં ક્યાંય ઠરવા જેવું લાગતું નથી.

સમ્યગ્દર્શન જાગૃત થતાં વ્યવહારની તલ્લીનતા રહેતી નથી. રાગમાં એકતા તો મિથ્યાત્વ છે અને રાગની એકત્વબુદ્ધિ વિનાનો આત્માનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. નિશ્ચયનયના વિષયભૂત નિર્વિકલ્પ અને નિરુપાધિ આત્મારામનું સ્વરૂપ-ચિંતવન હોય છે. ચિંતવન અર્થાત્ એકાગ્રતા. ધર્મીને અંતરસ્વરૂપમાં એકાગ્રતા હોય છે. રાગમાં એકાગ્રતા હોતી નથી. તો શરીર, ઈન્દ્રિય અને આબરૂ-કીર્તિ આદિ તો જડ છે, તેની એકતા અને આકાંક્ષા ધર્મીને ક્યાંથી હોય!

શુભાશુભભાવ, શરીર, કર્મ, સંયોગ આદિને પોતાના માનવા તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વને આધીન થઈને સંસારી આત્મા અનાદિકાળથી ઘાણીના બળદની જેમ સંસારમાં ચોરાશીલાખ યોનિમાં પરિભ્રમણ કરી રહ્યો હતો. ક્યારેક કુતરાનો ભવ તો ક્યારેક કીડાનો ભવ તો ક્યારેક કાગડાનો ભવ એમ ભવ...ભવમાં ભટકતો હતો તેને હવે સમ્યગ્દર્શન થતાં

www.vitragvani.com



વિલક્ષણ શાંતિ મળે છે. કષાયની અશાંતિ ટળીને અકષાય શાંતિનો અનુભવ થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ થયો છે એટલી શાંતિ ધર્મીને નિરંતર વર્તે છે.

સમ્યગ્જ્ઞાનીઓને પોતાનો ઈશ્વર પોતાનામાં જ દેખાય છે. આગળ આવ્યું હતું કે અજ્ઞાની કોઈ તો મૂર્તિ બનાવીને તેના પ્રણામ કરે છે, પણ ત્યાં ભગવાન ક્યાં છે! શુભભાવમાં સ્થાપનાનિક્ષેપ ઉપર લક્ષ જાય પણ ખરો ઈશ્વર તો તનમંદિરની અંદર છે તેને જ્ઞાનીઓએ જોઈ લીધો છે. આવા નિજ શુદ્ધાત્માનું ભાન થવાથી જ્ઞાનીઓને બંધના કારણોનો અભાવ થવાથી તેમને પરમેશ્વરપદ પ્રાપ્ત થાય છે. અબંધપરિણામની ઉત્કૃષ્ટદશા પરમેશ્વરપણું છે તે તેમને પ્રાપ્ત થાય છે. આ બંધ અધિકારનો સાર છે.

આ અધિકાર પૂરો થયો. હવે મોક્ષ દ્વાર કહેશે.

પ્રતિજ્ઞા—

बंधद्वार पूरौ भयौ, जो दुख दोष निधान।
अब वरनौ संक्षेपसौं, मोखद्वार सुखथान।।१।।

અર્થ :—દુઃખો અને દોષોના કારણભૂત બંધનો અધિકાર સમાપ્ત થયો. હવે ટૂંકામાં સુખના સ્થાનરૂપ મોક્ષ અધિકારનું વર્ણન કરું છું.

બંધભાવ તો દોષ અને દુઃખનું કારણ છે જ્યારે પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ છે તે સુખનું કારણ છે—સુખનું સ્થાન છે તેનું હવે વર્ણન કરે છે. પ્રથમ અમૃતચંદ્રાચાર્ય મંગલાચરણનો શ્લોક કહે છે.

द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ,
नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।
इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं,
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१।।

મંગલાચરણ

भेदग्यान आरासौं दुफारा करै ग्यानी जीव,
आतम करम धारा भिन्न भिन्न चरचै।
अनुभौ अभ्यास लहै परम धरम गहै,
करम भरमकौ खजानौ खोलि खरचै।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**यौही मोख मुख धावै केवल निकट आवै,**
**पूरन समाधि कहै परमकौ परचै।**
**पूरन निरदौर याहि करनौ न कछु और,**
**ऐसौ विश्वनाथ ताहि बनारसी अरचै।।२।।**

અર્થ :—જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનની કરવતથી આત્મપરિણતિ અને કર્મપરિણતિને ભિન્ન કરીને તેમને જુદી જુદી જાણે છે અને અનુભવનો અભ્યાસ તથા રત્નત્રયનું ગ્રહણ કરીને જ્ઞાનાવરણાદિ કર્મ અથવા રાગ-દ્વેષ આદિ વિભાવનો ખજાનો ખાલી કરે નાંખે છે. આ રીતે તે મોક્ષની સન્મુખ દોડે છે. જ્યારે કેવળજ્ઞાન તેની સમીપ આવે છે ત્યારે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને પરમાત્મા બની જાય છે અને સંસારનું ભટકવું મટી જાય છે તથા કરવાનું કાંઈ બાકી રહી જતું નથી અર્થાત્ કૃત્યકૃત્ય થઈ જાય છે. આવા ત્રિલોકીનાથને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

આત્માને વિશ્વનો નાથ કહ્યો. જોયું! **भेदग्यान आरासौं**.....ભેદજ્ઞાનરૂપી કરવત વડે વિકલ્પ અને નિર્વિકલ્પ પરિણતિને જુદી પાડવી—એ કરવાનું છે, આ કરે તેના ફળમાં મોક્ષ નક્કી છે. હું શરીરથી, કર્મથી અને રાગથી ભિન્ન છું હું આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છું અને વિકલ્પાદિ કર્મસ્વરૂપ છે—કર્મની ધારા છે. હું તેનાથી ભિન્ન છું એમ બંનેને જુદાં જાણીને જ્ઞાની આત્માનાં આનંદનો અનુભવ કરે છે. જ્ઞાનીનું કર્તવ્ય આ જ છે.

**अनुभौ अभ्यास लहै परम धरम गहै ।** અનુભવનો અભ્યાસ કરતાં કરતાં જ્ઞાની રત્નત્રયને ગ્રહણ કરે છે અને કર્મના તથા ભ્રમણાના ખજાનાને ખાલી કરી નાંખે છે—નાશ કરી દે છે. **यौही मोख मुख धावै**.....આ રીતે તે મોક્ષની સન્મુખ દોડે છે. અંતર આનંદસ્વરૂપ ભગવાનનો સ્પર્શ કરીને—વેદન કરીને પૂર્ણાનંદરૂપ મુક્તિ તરફ દોડે છે એટલે કે પરિણમન ઉગ્ર કરે છે.

શુદ્ધ આનંદ ભગવાનની સમીપે વસવું એ જ ઉપવાસ છે. તેના વિના બધી લાંઘણ છે. શાસ્ત્ર તો ચોખ્ખી વાત કરે છે કે જે આત્મા રાગનો અને પરનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. છકાયના જીવોની હું રક્ષા કરું એવો અભિપ્રાય પણ મિથ્યાત્વ છે. દુનિયા રાજી થાય, મને સારો કહે એ માટે કાંઈક કરવાનો ભાવ રહે...શ્રીમદ્ કહે છે ને! જગતમાં રુડું દેખાડવા અનંતવાર કર્તવ્ય કર્યું પણ રુડું થયું નહિ. દુનિયા તો ગાંડી છે તો તને જરાં બોલતાં આવડતું હશે તો વાહ...વાહ... કરશે પણ તેનાથી તને શું લાભ થશે? અંદરમાં આત્મા મુક્તિ તરફ દોડે તો તને લાભ છે. પોતે પરમાત્મા વિકલ્પથી ભિન્ન પડી, નિર્વિકલ્પધારામાં આગળ વધે તે તારું કર્તવ્ય છે—એમ કર તો કેવળજ્ઞાન નજીક આવે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનુભવનો અભ્યાસ કરે, પરમાનંદસ્વરૂપને ગ્રહે, કર્મનો ખજાનો ખાલી કરે એટલે કે કર્મો ઉદયમાં આવીને ખરી જાય તો મોક્ષ તરફ દોડતા જ્ઞાનીને કેવળજ્ઞાન સમીપ આવી જાય છે અને અકષાય ભાવની ધારાથી પૂર્ણ સમાધિ-શાંતિ પ્રાપ્ત કરે છે. **परमकौ परचै.....** જ્ઞાન પ્રાપ્ત કરીને પરમાત્મા બની જાય છે પછી તેને કાંઈ કરવાનું રહેતું નથી. સંસારમાં ભટકવું પણ મટી જાય છે. વીતરાગભાવના ફળમાં જ આવી દશા પ્રાપ્ત થાય છે, રાગના ફળમાં આવી દશા ન હોય. જે કોઈ પરમાત્મા થયાં તેણે આ વિધિએ જ કેવળજ્ઞાન અને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરી છે.

આ રીતે ભેદજ્ઞાન દ્વારા સ્વ-પરને ભિન્ન જાણીને, સ્વમાં સ્થિર થઈને આગળ વધતાં કેવળજ્ઞાન પામ્યો—પૂર્ણ થયો—વિશ્વનાથ એટલે વિશ્વનો સાક્ષી થયો એવા આત્માને હું નમસ્કાર કરું છું એમ કરીને બનારસીદાસે આ મંગળાચરણ કર્યું. ભગવાન આત્મા પોતાના ઘરમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ કરે એ જ મંગળાચરણ અને એ જ વિજય છે. અમૃતચંદ્રાચાર્યે કળશમાં **विजयते** શબ્દ વાપર્યો છે. અનાદિથી રાગમાં આત્મા હરાય જતો હતો, વિકારનો જય થતો હતો તે હવે પુરુષાર્થથી આત્માના આનંદસ્વભાવ તરફ ઝુકતા નિર્મળદશા થઈ તેનો વિજય થયો. આ વિજય થયો તે થયો સાદિ અનંતકાળ માટે! આ માટે પ્રથમ શું કરવું? તે અહીં કહ્યું કે ભેદજ્ઞાનરૂપી કરવત વડે આત્મપરિણતિ અને કર્મપરિણતિને ભિન્ન કરવી. રાગથી પણ ભિન્ન પડીને સ્વરૂપના અનુભવમાં રહે તો કેવળજ્ઞાન અને મુક્તિને પામે આટલામાં બધું આવી જાય છે.

અરે! અનાદિના દુઃખી જીવને દુઃખથી છૂટવાનો આ પંથ છે. પુણ્ય-પાપ ભાવમાં તો પોતે દુઃખી છે તો તેનાથી દુઃખ મટે ક્યાંથી! શુભાશુભ બંને ભાવ હેય છે—એટલે કે ટાળવાયોગ્ય છે એમ શ્રદ્ધામાં નહિ આવે ત્યાં સુધી અનુભવ ન થાય, અનુભવ વિના સ્વરૂપમાં ઠરી ન શકે અને ઠર્યા વિના કેવળજ્ઞાન અને વીતરાગતા ન થાય.

'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' છે પણ દ્રવ્યની દૃષ્ટિ કરે તો ને! વસ્તુ ત્રિકાળી છે તેની અંતર અનુભવમાં દૃષ્ટિ કરે તે સમ્યગ્દૃષ્ટિ છે તેને રાગ અને પર્યાયની બુદ્ધિ છૂટી જાય. આગળ વધતાં વિશ્વનાથ એટલે વિશ્વનો સાક્ષી—એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનો જ્ઞાતા પોતે જ થઈ જાય છે પણ આ કાંઈ વાતોથી વડા થાય એવું નથી.

સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા એક વિકલ્પનો પણ કર્તા નથી એવું જ એનું સ્વરૂપ છે. એવા સ્વસ્વરૂપની સ્થિતિને જાણ્યા વિના જે કાંઈ કરવા માંગે તેમાં કર્તાબુદ્ધિનું મિથ્યાત્વ જ પુષ્ટ થાય છે. ત્યારે કોઈ કહે કે આવો શુદ્ધભાવ તો અત્યારે હોય નહિ... તેનો અર્થ એ થયો કે અત્યારે ધર્મ ન હોય તો તું શેની મહેનત કરે છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानै,
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे,
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ॥२॥

આમાં अभितः નો અર્થ સર્વથા ભિન્ન કહ્યો છે. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન નથી કહ્યું. આત્મા સ્વભાવથી સર્વથા રાગથી ભિન્ન છે. (આ કળશ ઉપર ઉજુ પદ્ય કહે છે)

काहू एक जैनी सावधान ह्वै परम पैनी,
ऐसी बुद्धि छैनी घटमांहि डार दीनी है।
पैठी नो करम भेदि दरव करम छेदि,
सुभाउ विभाउताकी संधि सोधि लीनी है॥
तहां मध्यपाती होय लखी तिन धारा दोय,
एक मुधामई एक सुधारस-भीनी है।
मुधासौं विरचि सुधासिंधुमैं मगन भई,
ऐती सब क्रिया एक समै बीचि कीनी है॥३॥

અર્થ :—જૈનશાસ્ત્રના જ્ઞાતા એક જૈને ઘણા સાવધાન થઈને વિવેકરૂપી તીક્ષ્ણ છીણી પોતાના હૃદયમાં નાખી દીધી, જેણે પ્રવેશ કરતાં જ નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નિજસ્વભાવનું જુદાપણું કરી નાખ્યું. ત્યાં તે જ્ઞાતાએ વચ્ચે પડીને એક અજ્ઞાનમય અને એક જ્ઞાનસુધારસમય એવી બે ધારા દેખી. ત્યારે તે અજ્ઞાનધારા છોડીને જ્ઞાનરૂપ અમૃતસાગરમાં મગ્ન થયો. આટલી બધી ક્રિયા તેણે માત્ર એક સમયમાં જ કરી.

काहू एक जैनी सावधान ह्वै परम पैनी..... કોઈ જૈનશાસ્ત્રના જ્ઞાતા—જે સાવધાની પૂર્વક પરમ પૈની એટલે તીખી ધારવાળી—તીક્ષ્ણ ભેદજ્ઞાનરૂપી છીણી અંતરમાં નાંખે છે કે જે સ્વ-પરને અને સ્વભાવ-વિભાવને જુદાં પાડી દે છે. સ્વ અને પર તો જુદાં જ છે પણ સ્વભાવ જે જ્ઞાનાનંદસ્વરૂપ અને વિભાવ એવા રાગાદિ પણ નિઃસંધિ એટલે એકમેક થઈ ગયા નથી. બે વચ્ચે સાંધ છે—ભિન્નતા છે. જો એક થઈ જાય તો તો જુદાં કેમ પડે! બે ધારા ધર્મીને દેખાવા લાગે છે. એક તો અજ્ઞાનમય અને એક સુધારસમય—જ્ઞાનમય ધારા વર્તે છે. અજ્ઞાનમય ધારા તરફથી દિશા ફેરવીને, લક્ષ ફેરવીને સ્વદિશામાં જુએ છે તો એક સમયમાત્રમાં જ્ઞાનમય ધારા પરિણમતી અનુભવાય છે તેમાં ધર્મી મગ્ન થઈ જાય છે.

જે અજ્ઞાન અને રાગ-દ્વેષને જીતવા તૈયાર થયો છે તે જૈની છે, તે વીતરાગના શાસ્ત્રનો જાણનાર છે, તે જ તીક્ષ્ણ બુદ્ધિ એટલે રાગ અને સ્વભાવમાં ભેદ પાડીને સ્વભાવ સન્મુખ થાય એવી બુદ્ધિ છે. તેને બીજું જાણપણું ભલે ઓછું હોય અને બીજાને કહેતા પણ ન આવડતું હોય છતાં તે ભેદજ્ઞાન કરી શકે છે. જ્યારે કેટલાંકને બોલતાં ઘણું આવડે, છટાથી વાત કરે, જાણે એમ લાગે કે હું બધાંને સમજાવી દઉં છું. એ મીઠાં ઝેર છે. પોતે મીઠું ઝેર પીએ છે અને માને છે કે અમે બીજાને ધર્મ પમાડીએ છીએ.

આ તો બહુ જ સાવધાનીપૂર્વક, વિવેકરૂપી તેજ છીણી જે પોતાના અંતરમાં નાંખે છે...તેને સમ્યગ્જ્ઞાનરૂપી શસ્ત્ર રાગથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરાવે છે. જ્ઞાનની તીક્ષ્ણ ધારા એટલે પ્રથમ શાસ્ત્ર દ્વારા જે ધારણા કરી હતી તેને અંતરમાં પ્રયોગમાં મૂકી તો તેણે નોકર્મથી આત્માને જુદો દેખાડ્યો, દ્રવ્યકર્મ પણ મારામાં નથી અને સ્વભાવ-વિભાવ તો એક જેવા દેખાતા હોવા છતાં એક નથી, બે વચ્ચે સાંધ છે તેને ભેદજ્ઞાન વડે જુદાં પાડી દે છે. સ્વભાવ સુખરૂપ છે અને વિભાવ દુઃખરૂપ છે એમ જાણીને બંનેનું પૃથક્કરણ કરી નાંખે છે. આમ નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ ત્રણેયને સ્વભાવથી જુદાં જાણી લે છે.

**तहां मध्यपाती होय.....**ત્યાં પ્રજ્ઞાછીણી જ્ઞાનમય અને અજ્ઞાનમય બે ધારાની વચ્ચે પડીને જ્ઞાનમય ધારાને ગ્રહણ કરીને તેમાં લીન થાય છે અને અજ્ઞાનમયધારાથી વિરક્ત થઈ જાય છે. શાસ્ત્રમાં રાગના ત્રણ પ્રકાર કહ્યાં છે. એક તો ક્રિયાનો રાગ, બીજો ભક્તિનો રાગ અને ત્રીજો ગુણ-ગુણીભેદનો રાગ. આ બધાં પ્રકારના રાગથી આત્માને જુદો જાણે છે. રાગભાવ અજ્ઞાનમય છે જ્યારે આત્મભાવ-જ્ઞાયકભાવ છે. મુધામયી-અજ્ઞાનમય ભાવમાં જ્ઞાનનો અભાવ છે. આત્માની જ્ઞાનધારા આનંદમય છે માટે, બંને ધારાને જુદી પાડી સુધારસમય જ્ઞાનધારાને અનુભવે છે અને તેમાં જ ધર્મી લીન થઈ જાય છે. એક સમયમાત્રમાં આ બધી ક્રિયા થઈ જાય છે. જ્ઞાનને પર તરફની દિશાથી ખસેડીને સ્વ તરફ જ્ઞાનની દિશા કરી નાંખે છે, પર તરફના લક્ષને છોડીને જ્ઞાનને સ્વલક્ષમાં લાવે છે, તે કાર્ય એક સમયમાત્રમાં થાય છે. બોલાવામાં ક્રમ પડે, વાર લાગે પણ કાર્યમાં ક્રમ પડતો નથી, વાર લાગતી નથી.

સત્ય તો આ છે. સત્યરૂપે પરિણમન કરવાથી જ જન્મ-મરણના અંત આવવાના છે, બીજો કોઈ રસ્તો નથી. મંદિર બનાવો, પૂજા કરો, ભક્તિ કરો, વિધિથી કરો, રાગથી ગાઓ, હારમોનિયમ સાથે ગાઓ...એ બધી ધમાધમ કરો—ધૂન લગાઓ તો પણ એ રાગ છે, ધર્મ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને શાંતરસ દ્વારા પકડીને તેમાં મગ્ન થવું તે ધર્મ છે, રાગમાં મગ્ન થવાનું નથી. રાગની રુચિથી ગુલાટ ખાઈને અંતર આત્માની રુચિ સહિત અનુભવ કરવો તે એક સમયનું કામ છે.

www.vitragvani.com



એક સમયનો સંસાર છે. દ્રવ્ય, ગુણમાં સંસાર નથી. ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતાં સંસાર દૃષ્ટિમાંથી છૂટી જાય છે. મારા સ્વરૂપમાં સંસાર છે જ નહિ. સમ્યગ્દર્શન પ્રગટ કરવામાં એક સમય લાગે છે પણ અરે! અનંતકાળ એને રાગની રુચિમાં નિરર્થક ગયો. દુઃખમાં કાળ ગાળ્યો.

જૈનીને શાસ્ત્રનું જ્ઞાન છે. તે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે ભગવાન આત્મા રાગથી જુદો છે એવા આત્માનો અનુભવ કરવો તે જૈનીનું કાર્ય છે—આનું નામ સમ્યગ્દર્શન છે અને આ જ મોક્ષનો માર્ગ છે એમ આ મોક્ષદ્વારમાં કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-શાસ્ત્ર-ગુરુનો રાગ એ બધો ભાવ અજ્ઞાનભાવ છે એટલે કે તેમાં જ્ઞાન નથી. રાગમાં જ્ઞાનસ્વભાવ કેમ હોય! વ્યવહાર તો રાગ છે. રાગથી જુદા પડવાનું કાર્ય રાગથી કેવી રીતે થાય? વ્યવહારની સહાયથી રાગથી જુદા પડવાનું કાર્ય થતું નથી. જ્ઞાન વડે જ જ્ઞાતાધારા પ્રગટ કરીને રાગધારાથી વિરક્ત થવાનું કાર્ય એક સમયમાત્રમાં થાય છે.

**जैसै छैनी लोहकी, करै एकसौं दोइ।**
**जड चेतनकी भिन्नता, त्यौं सुबुद्धिसौं होई॥४॥**

અર્થ :—જેવી રીતે લોઢાની છીણી કાષ્ટ આદિ વસ્તુના બે ટૂકડાં કરી નાંખે છે તેવી જ રીતે ચેતન-અચેતનનું પૃથક્કરણ ભેદવિજ્ઞાનથી થાય છે.

અત્યારે તો એવા હથિયાર નીકળ્યાં છે કે લોઢાના કટકાં કરી નાંખે. મોટા દળવાળા લોખંડના એક ક્ષણમાં બે ટૂકડાં કરી નાંખે. હીરાની કણી વડે દળવાળા કાચના બે કટકા થાય છે તેમ, પ્રજ્ઞાછીણીરૂપી હરીકણી વડે રાગ અને આત્માને ક્ષણમાત્રમાં જુદા પાડી શકાય છે.

www.vitragvani.com



# સમ્યગ્દષ્ટિના વિલાસનું વર્ણન

(સળંગ પ્રવચન નં. ૧૦૪)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં મોક્ષદ્વારમાં ૫ મા પદ્યમાં બનારસીદાસજી મોક્ષ જનારની સુબુદ્ધિનો વિલાસ બતાવે છે. મોક્ષગામીનું સમ્યગ્જ્ઞાન કેવું હોય તે કહે છે.

સુબુદ્ધિનો વિલાસ

**धरति धरम फल हरति करम मल,**
**मन वच तन बल करति समरपन।**
**भखति असन सित चखति रसन रित,**
**लखति अमित वित करि चित दरपन॥**
**कहति मरम धुर दहति भरम पुर,**
**गहति परम गुरु उर उपसरपन।**
**रहति जगति हित लहति भगति रति,**
**चहति अगति गति यह मति परपन॥५॥**

અર્થ :—સુબુદ્ધિ ધર્મરૂપ ફળ ધારણ કરે છે, કર્મફળ હરે છે, મન, વચન, કાય ત્રણે બળોને મોક્ષમાર્ગમાં લગાવે છે, જીભથી સ્વાદ લીધા વિના ઉજ્જવળજ્ઞાનનું ભોજન ખાય છે, પોતાની અનંતજ્ઞાનરૂપ સંપત્તિ ચિત્તરૂપ દર્પણમાં દેખે છે, મર્મની વાત અર્થાત્ આત્માનું સ્વરૂપ બતાવે છે, મિથ્યાત્વરૂપ નગર ભસ્મ કરે છે, સદ્ગુરુની વાણીનું ગ્રહણ કરે છે, ચિત્તમાં સ્થિરતા લાવે છે. જગતની હિતકારી બનીને રહે છે, ત્રિલોકનાથની ભક્તિમાં અનુરાગ કરે છે, મુક્તિની અભિલાષા ઉત્પન્ન કરે છે, એવો સુબુદ્ધિનો વિલાસ છે.

ધર્મીની સુબુદ્ધિ એવી હોય છે કે જે ધર્મરૂપી ફળને ધારણ કરે છે, રાગ અને પુણ્યને ધારણ કરતી નથી. ચૈતન્યનું જ્ઞાન થતાં તે સુબુદ્ધિ શું કરે? તેનો આ જવાબ છે કે એ ધર્મરૂપી ફળને ધારણ કરે છે, અને રાગાદિ મળને ટાળે છે. મન, વચન, કાયા ત્રણેય બળને મોક્ષમાર્ગમાં લગાવે છે. મન-વચન-કાયાનું વલણ સમર્પણ બધું મોક્ષમાર્ગ તરફ લઈ જાય છે આવી સુબુદ્ધિને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

સુબુદ્ધિ શેનું ભોજન જમે છે?–કે, શીતળ જ્ઞાનસ્વભાવ ઉજ્જવળ જ્ઞાનના ભોજન કરે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે, શુભાશુભ રાગને સુબુદ્ધિ ખાતી નથી. દાળ, ભાત, લાડવાના ભોજન તો નહિ પણ રાગના ભોજનને પણ તે કરતી નથી. ભગવાન આત્મા નિત્યાનંદભોજી છે. જીભના સ્વાદ વિના આત્માનંદને ભોગવે છે.

**लखति अमित वित**–સુબુદ્ધિ પોતાની અનંતજ્ઞાનરૂપ સંપતિ કે જેને કોઈ મર્યાદા નથી એવી ચૈતન્યલક્ષ્મીને જાણે છે–અર્થાત્ ચિત્તરૂપ દર્પણમાં પોતાના અનંત જ્ઞાનાદિ સ્વભાવને દેખે છે. મર્મને બતાવે છે એટલે કે આત્માના સ્વરૂપને–આનંદને અનુભવે છે અને મિથ્યાત્વરૂપી ભ્રમણાના નગરને તો બાળીને ભસ્મ કરી નાંખે છે.

જુઓ! આ બનારસીદાસજી! શ્રૃંગારના પુસ્તકો બનાવ્યા હતાં તેને તો ગોમતીમાં નાખી દીધાં અને આત્મધર્મના પુસ્તકો બનાવ્યાં. જ્યાં ત્યાં સુખ માનવું, બીજેથી સહાય માનવી, પરમાં મારાપણું કરવું એવી અનેક મિથ્યાભ્રમણાને સુબુદ્ધિ ભસ્મ કરી નાંખે છે. સદ્‌ગુરુની વાણી સત્ય છે તેને જ સુબુદ્ધિ ગ્રહણ કરે છે.

સમ્યગ્જ્ઞાનરૂપ સુબુદ્ધિ જગતને હિતકારી થઈને રહે છે અર્થાત્ કોઈનું અહિત કરતી નથી. વળી સમગ્જ્ઞાનનો પ્રેમ ક્યાં વહે છે? કે ત્રિલોકનાથની ભક્તિમાં તેનો પ્રેમ વહે છે. ભગવાન પ્રત્યે પ્રેમ છે તેથી વિકલ્પ ઊઠે છે તો ભગવાનની ભક્તિનો ઉઠે છે.

સુબુદ્ધિ કેવી છે? **चहति अगति गति**—જ્યાંથી પાછું ફરવું ન પડે એવી અગતિગતિને સુબુદ્ધિ ચાહે છે. મોક્ષ સિવાય કોઈ ગતિને ચાહતી નથી. રાગને નહિ, સ્વર્ગને નહિ, વ્યવહારને નહિ કોઈને સુબુદ્ધિ ચાહતી નથી. આવો સુબુદ્ધિનો **परपन**–વિલાસ છે સુબુદ્ધિજીવનું જ્ઞાન જગતને હિતનું કારણ થાય છે. સુબુદ્ધિને વિશેષ જ્ઞાનીગુરુની વાણી સાંભળવાનો રાગ આવે ખરો પણ તે વ્યવહારને ચાહતાં નથી. તેને એકમાત્ર મુક્તિની ઇચ્છા છે. જ્ઞાની જાણે છે કે વીતરાગપરિણતિથી જ મુક્તિ થશે.

આ તો શાંતિનું કામ છે, દોડાદોડથી મળે તેવી આ ચીજ નથી.

સમ્યગ્જ્ઞાનીનું મહત્વ

**राणाकौसौ बाना लीनै आप साधै थाना चीनै,**
**दानाअंगी नानारंगी खाना जंगी जोधा है।।**
**मायाबेली जेती तेती रेतैमैं धारेती सेती,**
**फंदाहीकौ कंदा खोदै खेतीकौसौ लोधा है।।**
**बाधासेती हांता लौरै राधासेती तांता जौरै,**
**बांदीसेती नाता तौरै चांदीकौसौ सोधा है।।**

www.vitragvani.com



जानै जाही ताही नीकै मानै राही पाही पीकै,
ठानै बातें डाही ऐसौ धारावाही बोधा है।।६।।

અર્થ :–ભેદવિજ્ઞાની જ્ઞાતાએ રાજા જેવું રૂપ બનાવેલું છે. તે પોતાના આત્મરૂપ સ્વદેશની રક્ષા માટે પરિણામોની સંભાળ રાખે છે અને આત્મસત્તા ભૂમિરૂપ સ્થાનને ઓળખે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા આદિની સેના સંભાળવામાં દાના અર્થાત્ પ્રવીણ હોય છે. શામ, દામ, દંડ, ભેદ આદિ કળાઓમાં કુશળ રાજાની સમાન છે. તપ, સમિતિ, ગુપ્તિ, પરિષહજય, ધર્મ, અનુપ્રેક્ષા આદિ અનેક રંગ ધારણ કરે છે, કર્મરૂપી શત્રુઓને જીતવામાં ઘણો બહાદુર છે. માયારૂપી જેટલું લોઢું છે તે બધાંનો નાશ કરવા માટે રેતી સમાન છે. કર્મના ફંદારૂપ કાંસને મૂળમાંથી ઉખેડવા માટે કિસાન સમાન છે, કર્મબંધના દુઃખોથી બચાવનાર છે, સુમતિ રાધિકા સાથે પ્રીતિ જોડે છે, કુમતિરૂપ દાસી સાથે સંબંધ તોડે છે. આત્મપદાર્થરૂપ ચાંદીનું ગ્રહણ કરવામાં અને પરપદાર્થરૂપ ધૂળને છોડવામાં સોની સમાન છે, પદાર્થને જેવો જાણે છે તેવો જ માને છે, ભાવ એ છે કે હેયને હેય જાણે છે અને હેય માને છે. ઉપાદેયને ઉપાદેય જાણે છે અને માને છે એવી ઉત્તમ વાતોના આરાધક ધારાપ્રવાહી જ્ઞાતા છે.

બનારસીદાસે પણ પોતાના કવિત્વને આમાં બરાબર ગોઠવ્યું છે. શબ્દો કેવા લીધા છે! ક્ષયોપશમને અંતરમાં વાપર્યો. સમ્યગ્દષ્ટિ થયાં પહેલાં મનુષ્યગતિનું આયું બંધાઈ ગયું હોય તો તે જીવ જુગલિયામાં જાય છે. ત્યાં જીવો બહુ ભદ્રિક હોય છે. આયુષ્ય બહુ લાંબા હોય એક, બે અથવા ત્રણ પલ્યના આયુષ્ય હોય એટલે અસંખ્ય અબજ વર્ષ થાય. શરીરની ઉંચાઈ પણ આયુષ્ય પ્રમાણે એક, બે અથવા ત્રણ ગાંઉની હોય છે. ક્ષાયિક સમકિત લઈને પણ જીવ ત્યાં ઊપજે છે. ત્યાંનું આયુ પૂરું કરીને પછી સ્વર્ગમાં જ જાય છે.

ક્ષાયિક સમકિતી હોય, ભોગભૂમિમાં ત્રણપલ્યના આયુષ્યમાં કલ્પવૃક્ષના ફળોને ભોગવતાં હોય, ઉપાધિ તો કાંઈ ન હોય, ભેગા થઈને ચર્ચા–વાર્તા કરતાં હોય. ઋષભદેવના ચરિત્રમાં આવે છે કે ઋષભદેવ આદિ છ જીવો પૂર્વે ભોગભૂમિમાં હતાં ત્યાં ઉપર આકાશમાં ચાલ્યા જતાં મુનિ આ જીવોને જોઈને નીચે ઉતરે છે અને કહે છે કે તમારે સમ્યક્ત્વપ્રાપ્તિનો આ કાળ છે. જુઓ તો ખરા! ગજબ છે ને! ઉપરથી મુનિઓ આ જીવોને ઉંચે ચડાવવા પોતે નીચે ઉતર્યા...તમારે સમ્યક્ત્વલબ્ધિનો આ કાળ છે. કેટલી પાત્રતા! કેટલી યોગ્યતા! સરળતા અને ભદ્રિકતા કેટલી! જુગલિયાં એવાં જ હોય. એ પણ મનુષ્ય જ હોય પણ બે જીવો સાથે ઉપજે અને સાથે મરે છે એટલે જુગલિયાં કહેવાયાં. ભાઈ-બહેન સાથે ઉપજે અને એ જ પતિ-પત્ની થાય છે છતાં કષાયની ઘણી જ મંદતા હોય છે. અહીં જો એવું હોય તો એને તીવ્ર કષાય હોય છે. ત્યાં તો એટલો મંદકષાય છે કે મરીને સ્વર્ગમાં જ જાય છે. ઋષભદેવનો જીવ અને બીજાં જીવો પણ ત્યાંથી મરીને સ્વર્ગમાં જાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ તો બનારસીદાસ જેવું કવિત્વ આદિ બધાં સમ્યગ્દૃષ્ટિ જીવોને ન હોય. તેના ઉપરથી આ વિચાર આવ્યો કે, જુગલિયાં તો તદ્દન ભદ્રિક હોય છે છતાં કોઈ ક્ષાયિક સમકિત લઈને આવેલ હોય છે અને કોઈ જીવો ત્યાં પણ સમકિતને પ્રાપ્ત કરે છે. ઋષભદેવ આદિ જીવો સમકિત લઈને આવ્યાં ન હતાં, પણ મુનિનું સંબોધન પામીને સમકિત પામ્યાં. દરેક સમ્યગ્દૃષ્ટિને ક્ષયોપશમ સરખો નથી હોતો.

અહીં છઠ્ઠા પદ્યમાં સમ્યગ્જ્ઞાનીનું મહત્વ સમજાવવાં જ્ઞાનીને બાદશાહનું રૂપ આપ્યું છે. **राणाकौसौ बाना लीनै**—ભેદજ્ઞાની રાજા પોતાના સ્વક્ષેત્રની રક્ષા માટે, પોતાના પરિણામની સંભાળ રાખે છે. શુદ્ધ પરિણામને જુએ છે. પોતાની સત્તાને બરાબર ઓળખે છે. આનંદસ્વરૂપનો બાદશાહ જ્ઞાની પ્રશમ, સંવેગ, અનુકંપા, આસ્થા આદિ ગુણોની સેનાને સંભાળવામાં પ્રવીણ હોય છે. ધન કમાવામાં હોશિયાર છે એમ ન કહ્યું પણ પોતાના ચૈતન્યરાજ્યની સેના સંભાળવામાં પ્રવીણ છે. નાનારંગી એટલે શામ, દામ, દંડ, ભેદ આદિ કળાઓમાં જ્ઞાની કુશળ રાજા જેવો હોય છે. પોતાના ઉપશમ આદિ ગુણોમાં પ્રવીણ હોય છે. વળી તપ, સમિતિ, ગુપ્તિ, પરિષહજય, ધર્મ, અનુપ્રેક્ષા આદિ અનેક ભાવોને ધર્મી ધારણ કરે છે. ૧૨ પ્રકારના તપને મુનિ ધારે છે ને! તેમ જ પાંચ સમિતિ, ત્રણગુપ્તિ, બાવીશ પરિષહજય, દશ પ્રકારના ધર્મ અને બાર ભાવના જેવા અનેક રંગોને ધર્મીબાદશાહ ધારણ કરે છે.

ધર્મીજીવો કર્મશત્રુને જીતવામાં બહુ બહાદુર હોય છે. અરિનો અર્થ દુશ્મન થાય છે ને! એટલે એક માસિકમાં આવ્યું હતું કે અરિહંત ન કહેવું અર્હત્ કહેવું. અરે ભાઈ! અર્હત્ કહો કે અરિહંત કહો અરહંત કહો બધાંનો ભાવ એક જ છે. નામ ગમે તે હો તેનાથી વસ્તુમાં કાંઈ ફેર પડતો નથી.

જેમ લોખંડને રેતીથી ઘસીને સાફ કરે તેમ ધર્મીજીવો માયારૂપી લોખંડને માટે રેતી સમાન છે. માયાને સાફ કરી નાંખે છે. ઘાસફૂસ ને ખેડૂતો મૂળમાંથી કાઢીને ફેંકી દે છે તેમ ધર્મીજીવો કર્મના ફંદાને મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે. ધર્મી પોતાની આનંદ આદિ ગુણોની ખેતીને સંભાળવામાં શક્તિશાળી છે. વચ્ચે આવતાં વિઘ્નોને દૂરથી જ તોડી નાંખે છે. સમ્યગ્જ્ઞાની બાદશાહ ક્લેશને અલગ કરી નાંખે છે અને સુમતિરૂપી રાધા સાથે સંબંધ જોડે છે. કુમતિરૂપી દાસી સાથેનો સંબંધ તોડી નાંખે છે. સુમતિ વડે કુમતિને તોડી નાંખે છે.

જેમ ધૂળધોયા ધૂળમાંથી સોનું લઈ લે અને ધૂળને છોડી દે છે તેમ, જ્ઞાની આત્માના આનંદને લઈ લે છે અને પુણ્ય-પાપના વિકલ્પોને છોડી દે છે. આત્માનંદ રૂપ ચાંદીને લઈ લે અને પરપદાર્થરૂપ ધૂળને છોડવામાં ધર્મી સોની જેવા છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जानै जाही ताही नीकै–સમ્યગ્જ્ઞાનથી જે વાતને બરાબર જાણે તેને તેમ જ માને છે. જે ઉપાદેય છે તેને ઉપાદેય માને છે અને પુણ્ય-પાપ હેય છે તેને હેય માને છે. શુભાશુભભાવને હેય માનનાર મિથ્યાદૃષ્ટિ છે એવું અત્યારે ચાલે છે તે વાત ખોટી છે.

આવી ઉત્તમ વાતોના આરાધક ધારાપ્રવાહી જ્ઞાતા છે. 'આત્મા' અડદની દાળ જેમ ઉપાદેય છે અને ફોતરાંની જેમ શરીરાદિ હેય છે એમ ધર્મી જેમ છે તેમ જાણે છે અને એવી જ શ્રદ્ધા કરે છે.

સુબુદ્ધિનો વિલાસ બતાવ્યો, જ્ઞાનીની બાદશાહી કહીને મહિમા બતાવી. હવે, કહે છે કે જ્ઞાનીજીવ જ ચક્રવર્તી છે. સમ્યગ્જ્ઞાની ધર્મના ચક્રવર્તી છે.

જ્ઞાનીજીવ જ ચક્રવર્તી છે

जिन्हकै दरब मिति साधन छखंड थिति,
बिनसै विभाव अरि पंकति पतन हैं।
जिन्हकै भगतिकौ विधान एई नौ निधान,
त्रिगुनके भेद मानौ चौदह रतन हैं।।
जिन्हकै सुबुद्धिरानी चूरै महा मोह वज्र,
पूरै मंगलीक जे जे मोखके जतन हैं।
जिन्हके प्रमान अंग सौहै चमू चतुरंग,
तेई चक्रवर्ती तनु धरैं पै अतन हैं।।७।।

અર્થ :–જ્ઞાનીજીવ ચક્રવર્તી સમાન છે કારણ કે ચક્રવર્તી છ ખંડ પૃથ્વી જીતે છે, જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે, ચક્રવર્તી શત્રુઓનો નાશ કરે છે, જ્ઞાનીજીવ વિભાવપરિણતિનો વિનાશ કરે છે, ચક્રવર્તીને નવનિધિ હોય છે, જ્ઞાની નવભક્તિ ધારણ કરે છે, ચક્રવર્તીને ચૌદ રત્ન હોય છે, જ્ઞાનીઓને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ચૌદ રત્ન હોય છે. ચક્રવર્તીની પટરાણી દિગ્વિજય માટે જવાને સમયે ચપટીથી વજ્રત્નોનો ભૂકો કરીને ચોક પૂરે છે. જ્ઞાની જીવોની સુબુદ્ધિરૂપ પટરાણી મોક્ષમાં જવાના શુકન કરવા માટે મહામોહરૂપ વજ્રનું ચૂર્ણ કરે છે. ચક્રવર્તીને હાથી, ઘોડા, રથ, પાયદળ એવી ચતુરંગિણી સેના હોય છે. જ્ઞાનીજીવોને પ્રત્યક્ષ, પરોક્ષ, નય, પ્રમાણ અને નિક્ષેપ હોય છે, વિશેષ એ છે કે ચક્રવર્તીને શરીર હોય છે પણ જ્ઞાનીજીવ દેહથી વિરક્ત હોવાના કારણે શરીરરહિત હોય છે તેથી જ્ઞાનીજીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શ્રોતાનું મન આમાં એકાગ્ર થાય, બીજે ક્યાંય મન ન જાય તો આ સમજી શકાય તેવું છે. આ તો ધર્મના ચક્રવર્તીની વાતો છે ભાઈ!

'નમોત્થાણું'માં આવે છે કે ચારગતિનો અંત કરવા માટે ભગવાન ચક્રવર્તી સમાન છે. અહીં તો સમ્યગ્જ્ઞાનીને ચક્રવર્તીની ઉપમા આપી છે.

ચક્રવર્તી છખંડને સાધે છે તેમ જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે. અથવા તો સોગાનીએ કહ્યું તેમ, જ્ઞાની પોતાના અખંડ આત્માને સાધે છે. ચિદાનંદ અખંડ આનંદ પ્રભુને સાધે તેને ચક્રવર્તી કહીએ. ચક્રવર્તી પોતાના વિરોધી રાજાઓનો નાશ કરે છે તેમ, ધર્મી પોતાના વિરોધી એવા વિભાવનો નાશ કરે છે. શુભ અને અશુભ બંને પરિણતિ વિભાવ છે તેનો ધર્મી વિનાશ કરે છે, રક્ષા કરતો નથી. વિભાવરૂપી અરિની પંક્તિનો નાશ કરે છે. ચક્રવર્તીને નવનિધિ હોય છે તેમ ધર્મીને નવધાભક્તિરૂપી નવ નિધાન હોય છે. નવ ભક્તિ એ જ ધર્મીની નવનિધિ છે.

ચક્રવર્તીની નવનિધિના નામ ફુટનોટમાં આપેલા છે અને જ્ઞાનીની નવનિધિરૂપ નવભક્તિના નામ હવે પછીના પદ્યમાં આવે છે. (૧) શ્રવણ-ઉપાદેય ગુણોનું સાંભળવું. આત્મા અખંડાનંદ ઉપાદેય છે તેને સાંભળવાનો વિકલ્પ છે તેને અહીં શ્રવણ નામના નિધાનમાં ગણવામાં આવ્યો છે. (૨) કીર્તન—ગુણોની વ્યાખ્યા કરવી તેપણ એક નિધાન છે. (૩) ચિંતવન—ગુણોનો વિચાર કરવો એ પણ એક નિધિ છે. (૪) સેવન–ગુણોનું અધ્યયન કરવું તે સેવનનિધિ છે. (૫) વંદન–ગુણોની સ્તુતિ કરવી તે–અનંત આનંદ આદિ ગુણોની સ્તુતિ કરવી તે નિધાન છે. (૬) ધ્યાન–ગુણોનું સ્મરણ કરવું. તે ધ્યાનરૂપ નિધાન છે. (૭) લઘુતા–ગુણોનો ગર્વ ન કરવો તે પણ ગુણ છે. ગર્વ શેનો કરવાનો હોય! (૮) સમતા–બધાં પ્રત્યે એકસરખી દૃષ્ટિ રાખવી તે. (૯) એકતા–એક આત્માને જ પોતાનો માનવો, શરીરાદિને પર માનવા એવી 'એકતા' એ પણ નિધાન છે.

આ પ્રકારની નવભક્તિ તે સમ્યગ્જ્ઞાની ચક્રવર્તીના નવનિધાન સમાન છે. ધન, પુત્ર, મકાન, આદિ હોય છે તે જ્ઞાનીના નિધાન નથી એ તો જડ છે.

**त्रिगुनके भेद मानौ चौदह रतन है**–સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના, જ્ઞાનના અને ચારિત્રના મળીએ કુલ ૧૪ રતન છે એમ કવિએ ભેદોને રત્નની ઉપમા આપી છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ સમ્યગ્દર્શનના ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન એ સમ્યગ્જ્ઞાનના પાંચ ભેદ છે અને સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને સંયમાસંયમ આ છ સમ્યક્ચારિત્રના ભેદ છે. કુલ ૧૪ ભેદો એ ૧૪ રત્નો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય છે માટે તેના ભેદો પણ રત્નો જ છે.

ચક્રવર્તી જ્યારે રાજગાદી ઉપર બેસવાના હોય ત્યારે માંગલિકરૂપે ચક્રવર્તીની રાણી

www.vitragvani.com



હાથથી હીરો ચોળીને રંગોળી પૂરે છે તેમ, જ્ઞાનીની સુબુદ્ધિરાણી મોક્ષમાં જવાના શુકન માટે મોહરૂપી વજ્રનું ચૂર્ણ કરે છે–મોહને તોડી નાંખે છે. મિથ્યાત્વ અને રાગાદિનું ચૂર્ણ કરી નાંખવું તે મોક્ષ માટે માંગલિક છે. મોક્ષના જે ઉપાય છે તેને અહીં મંગલિક તરીકે ગણ્યાં છે.

ચક્રવર્તીને ચતુરંગિણી સેના હોય છે તેમ સમ્યગ્જ્ઞાનીના પ્રમાણજ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદ તથા નય અને નિક્ષેપ એમ ચાર સેનાથી જ્ઞાની શોભે છે. બનારસીદાસજીએ આવો બધો મેળ સ્વતંત્રપણે પોતે ઉતાર્યો છે. અંતમાં લે છે કે, ચક્રવર્તીને તો શરીર છે પણ જ્ઞાની તો શરીરસહિત દેખાતાં હોવા છતાં શરીર રહિત હોય છે. શરીરથી તો રહિત પણ જ્ઞાની રાગથી પણ રહિત છે. કેમ કે જ્ઞાનીને શરીર અને રાગ પ્રત્યે વિરક્તિ હોય છે.

આ રીતે, જ્ઞાની જીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે.

નીચે ફુટનોટમાં ચક્રવર્તીના ચૌદરત્નોના નામ આપ્યાં છે તેમાં સાત સજીવરત્ન છે અને સાત અજીવ છે.

“સેનાપતિ, ગ્રહપતિ, થપિત, પ્રોહિત, નાગ, તુરંગ,
બનિતા મિલિ સાતૌં રતન, હૈં સજીવ સરવંગ.
ચક્ર છત્ર અસિ દંડ મણિ, ચર્મ કાંકણી નામ,
યે અજીવ સાતૌં રતન, ચક્રવર્તીકે ધામ.”

લૌકિક ચક્રવર્તી છ ખંડને આ ચૌદરત્નો વડે સાધે છે જ્યારે આ અલૌકિક ચક્રવર્તી રત્નત્રય વડે અખંડને સાધે છે અને છ દ્રવ્યનું જ્ઞાન કરે છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન કરવું તેને છ દ્રવ્યનું સાધવું કહ્યું છે. છ દ્રવ્યથી પોતાને ભિન્ન જાણીને એકલાં ચૈતન્યમૂર્તિ નિજભગવાન આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મીનું કર્તવ્ય છે. રાગ કરવો તે ધર્મીનું કર્તવ્ય નથી. સ્વભાવનું સાધન કરવું તે ધર્મીનું કાર્ય છે.

હવે ત્રીજો કળશ (મોક્ષ અધિકારનો ત્રીજો) આવે છે.

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यहि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।३।।

આમાં વિભૌ આવ્યો. તેનો અર્થ આગળ આવશે.

❀



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાનીજીવોનું અંતર-હૃદય

(સળંગ પ્રવચન નં-૧૦૫)

આ, સમયસાર નાટકનો નવમો મોક્ષદ્વાર અધિકાર છે. તેમાં ત્રીજો કળશ બોલાઈ ગયો છે. તેના પદ્યમાં જ્ઞાનીજીવોની વિચારધારા બતાવી છે.

कोऊ अनुभवी जीव कहै मेरे अनुभौमैं,
लक्षन विभेद भिन्न करमकौ जाल है।
जानै आपा आपुकौं जु आपुकरि आपुविषैं,
उतपति नास ध्रुव धारा असराल है।।
सारे विकलप मोसौं न्यारे सरवथा मेरौ,
निहचै सुभाव यह विवहार चाल है।
मैं तौ सुद्ध चेतन अनंत चिनमुद्रा धारी,
प्रभुता हमारी एकरूप तिहुं काल है।।९।।

અર્થ :—આત્માનુભવી જીવ કહે છે કે અમારા અનુભવમાં આત્મસ્વભાવથી વિરુદ્ધ ચિહ્નની ધારક કર્મોની જાળ અમારાથી ભિન્ન છે, તેઓ પોતે પોતાને પોતા દ્વારા પોતાનામાં જાણે છે. દ્રવ્યની ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રિગુણધારા જે મારામાં વહે છે તે વિકલ્પો વ્યવહારનયથી છે, મારાથી સર્વથા ભિન્ન છે. હું તો નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધ અને અનંત ચૈતન્યમૂર્તિનો ધારક છું, મારું આ સામર્થ્ય સદા એકસરખું રહે છે—કદી ઘટતું-વધતું નથી.

સમ્યગ્દૃષ્ટિને અનુભવમાં આ પ્રમાણે હોય છે તે કહે છે. અનાદિથી જે દુઃખનો અને વિકારનો-વિભાવનો અનુભવ કરતો હતો તે મિથ્યાદૃષ્ટિ હતો. તેને જ્યારે સ્વરૂપનો અનુભવ થાય છે તે એમ માને છે કે હું તો ચૈતન્ય લક્ષણી જીવ છું. પુણ્ય-પાપના વિકલ્પો છે તે તો કર્મની જાળ છે. અહો! જ્ઞાનાનંદસ્વભાવે અનુભવમાં આવે છે તે હું છું, રાગ ઉઠે છે તે મારી ચીજ નથી. આ ધર્મીનું મંતવ્ય છે અને આ જ ધર્મીનું હૃદય છે.

जानै आपा....હું જાણનાર અને જાણવું તે મારું કાર્ય એવા ભેદ પણ મારામાં નથી. હું રાગ વડે નહિ, પુણ્ય વડે નહિ પણ હું મારા વડે જ મારું કાર્ય ઉપજાવું છું એવા ભેદ પણ જ્ઞાનીને અનુભવમાં હોતા નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હું કર્તા, વીતરાગી પરિણામ એ મારું કાર્ય, વીતરાગીસ્વભાવ વડે મારા વીતરાગ પરિણામ થાય, વીતરાગી ત્રિકાળ સ્વભાવના આધારે મારું કાર્ય થાય, મારું કાર્ય મારામાંથી થાય અને કાર્ય કરીને હું મને જ આપું એવા છ કારકના ભેદ પડે છે તે બધી વ્યવહારચાલ છે. સમયસારમાં ૭૩ ગાથામાં આવે છે કે ષટ્કારકની અનુભૂતિથી હું ભિન્ન છું. પોતાના ષટ્કારકની આ વાત છે હો! રાગથી મારું કાર્ય થાય એ તો વાત જ નથી કેમ કે એ તો કર્મજાળ છે. વિકલ્પદશા એ મારા સ્વરૂપમાં નથી અને મારું કાર્ય પણ નથી.

આ તો આત્માર્થીની વાત છે ભાઈ! જેને આત્મા સિદ્ધ કરવો છે તેને આ રીતે સિદ્ધ થઈ શકે છે. આ મોક્ષ અધિકાર છે ને! એટલે તેમાં સિદ્ધ થવાની વાત છે. તેમાં પ્રથમ આત્માને તેના લક્ષણથી નક્કી કરે છે કે હું તો જ્ઞાન અને આનંદ લક્ષણે લક્ષિત છું અને વિકાર તો દુઃખ લક્ષણથી લક્ષિત છે. માટે એ બેમાં ભેદ છે અને આત્મામાં ષટ્કારકના ભેદ પડે છે તે પણ વ્યવહારની જાળ છે, વસ્તુ અભેદ છે.

આત્મા 'કર્તા', સ્વભાવ એનું 'કાર્ય', સ્વભાવ વડે કાર્ય કરે માટે સ્વભાવ જ 'કરણ', સ્વભાવમાંથી કાર્ય થાય, સ્વભાવના આધારે કાર્ય થાય અને સ્વભાવનું કાર્ય સ્વભાવમાં જ રહે આવી છ પ્રકારની જાળ વ્યવહાર છે. હજુ તો વ્યવહારરત્નત્રયના વિકલ્પને હેય માનવામાં પરસેવા ઉતરે છે ત્યાં અહીં તો અભેદ વસ્તુમાં છ પ્રકારના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, હેય છે એમ સમજાવે છે.

આ મોક્ષ અધિકાર છે. મોક્ષના કારણમાં વ્યવહારરત્નત્રયરૂપ વિભાવ તો કર્મજાળ છે અને ષટ્કારકની પ્રવૃત્તિ એ વ્યવહારચાલ છે એ હું નથી. સામાન્ય માણસને એમ લાગે કે આ બધું ઉથાપે છે. હા ભાઈ! ચૈતન્યના અભેદ અનુભવ સિવાય બીજું બધું ઉથાપવા જેવું છે. અભેદ ચૈતન્ય ભગવાન જ મોક્ષનું કારણ છે. ભેદ પાડવા તે મોક્ષનું કારણ નથી. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. પર્યાયદૃષ્ટિમાં આ ત્રણ લક્ષમાં આવે છે. અભેદ વસ્તુની દૃષ્ટિમાં આવા ભેદો લક્ષમાં આવતાં નથી. અભેદના અનુભવમાં ભેદ લક્ષમાં આવતા નથી.

આ જ્ઞાનીજીવોનું અંતર-હૃદય છે. **सारे विकल्प मोसौं न्यारे**....મારો નિશ્ચય સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે તે સિવાય બધાં વિકલ્પો વ્યવહારચાલ છે, તેનું લક્ષ કરવા જેવું નથી. દ્રવ્યની હયાતિ અભેદ છે તેના અનુભવમાં ભેદ હોતાં નથી. **मैं तौ सुद्ध चेतन अनंत चिनमुद्रा धारी**....કર્મજાળ મારાંથી જુદી છે, ષટ્કારક ભેદ પણ અભેદ વસ્તુમાં નથી. મારી પ્રભુતા અભેદસ્વભાવમાં છે. હું અદ્વૈત ચૈતન્ય એકરૂપ છું તેમાં દ્વૈત નથી એકલો વીતરાગનો પિંડ છું.

www.vitragvani.com



અરે! આત્માના આંગણે જવું અને તેનો અભેદ અનુભવ કરવો તેમાં તો અનંત પુરુષાર્થ છે. આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. તેને સરળ કહો કે યથાર્થ કહો– જેમ છે તેમ કહો પણ ઉપાય આ એક જ છે. ઉત્પાદ-વ્યય અનેક છે, વ્યવહાર અનેક છે, ષટ્કારક અનેક છે પણ અમારી પ્રભુતા સદાકાળ એકરૂપ છે, એ જ મારી મોટપ છે, એ જ મારું ગૌરવ છે.

બાપુ! આ તારા ઘરની વાત છે. એકસ્વરૂપમાં તારી મોટપ છે, ભેદમાં તારી મોટપ નથી, ત્યારે તું તો લક્ષ્મી અને આબરૂ આદિથી પોતાની મોટપ માને છો એ તો બધાં રખડી મરવાના ધંધા છે. ધ્રુવસ્વરૂપ સદા એકરૂપ છે તેમાં વધઘટ કદી થતી જ નથી. કેવળજ્ઞાન થાય તોપણ ધ્રુવમાં કાંઈ વધતું નથી અને અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન હતું ત્યારે પણ ધ્રુવમાંથી કાંઈ ઘટયું નથી. વસ્તુસ્થિતિ જ આવી છે, આવી વસ્તુના અનુભવમાં ભેદપણું હંમેશા હેયપણે જ રહે છે, ઉપાદેયપણે રહેતું નથી.

આ ત્રીજા કળશનો અર્થ થયો. હવે ૪થા કળશ ઉપર ૧૦મુ પદ્ય કહે છે.

निराकार चेतना कहावै दरसन गुन,
साकार चेतना सुद्ध ज्ञान गुनसार है।
चेतना अद्वैत दोऊ चेतन दरब मांहि,
सामान विशेष सत्ताहीकौ विसतार है।।
कोऊ कहै चेतना चिहन नांही आतमामैं,
चेतनाके नास होत त्रिविध विकार है।
लक्षनकौ नाश सत्ता नास मूल वस्तु नास,
तातै जीव दरबकौ चेतना आधार है।।१०।।

આત્માનું લક્ષણ એક અદ્વૈત ચેતન હોવા છતાં તે લક્ષણના જ્ઞાન-દર્શન એવા બે ભેદ પડે છે. આ ચેતના જ દ્રવ્યનો આધાર છે એમ કહ્યું છે કેમ કે ચેતનાનું સ્વરૂપ સિદ્ધ કરવું છે ને! પ્રવચનસારમાં પણ ચેતનાને આધાર અને દ્રવ્યને આધેય કહ્યું છે. પર્યાયને 'કર્તા' અને દ્રવ્યને 'કર્મ' એમ પણ કહેવાય છે અપેક્ષા સમજવી જોઈએ.

અર્થ :—ચૈતન્યપદાર્થ એકરૂપ જ છે પણ દર્શનગુણને નિરાકાર ચેતના અને જ્ઞાનગુણને સાકાર ચેતના કહે છે. ત્યાં આ સામાન્ય અને વિશેષ બંને એક ચૈતન્યના જ ભેદો છે, એક જ દ્રવ્યમાં રહે છે. વૈશેષિક આદિ મતવાદીઓ આત્મામાં ચૈતન્યગુણ માનતા નથી, તેથી તેમને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જૈનમતવાદીઓનું કહેવું છે કે ચેતનાનો અભાવ માનવાથી ત્રણ દોષ ઉત્પન્ન થાય છે. પ્રથમ તો લક્ષણનો નાશ થાય છે, બીજું લક્ષણનો નાશ થવાથી સત્તાનો નાશ થાય છે, ત્રીજું સત્તાનો નાશ થવાથી મૂળ વસ્તુનો જ નાશ થાય છે. તેથી જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવા માટે ચૈતન્યનું જ અવલંબન છે.

**निराकार चेतना कहावै दरसन गुन....** નિરાકાર એટલે ભેદ નહિ, વિશેષ નહિ, અનેકતા નહિ, એકરૂપ ચેતનામાં નિરાકારપણું પરિણમે તેને દર્શનગુણ કહે છે અને જે ભેદ પાડીને જાણે તેને સાકારચેતના અથવા જ્ઞાનગુણ કહેવામાં આવે છે. એક જ સમયમાં નિરાકાર ચેતના દ્વારા જીવ અભેદપણે દેખે છે અને સાકારચેતના વડે દ્રવ્ય, ગુણ, પર્યાય બધાંને ભેદ પાડીને જાણે છે.

ફૂટનોટ :—પદાર્થને જાણવા પહેલાં પદાર્થના અસ્તિત્વનું જે કિંચિત્ ભાન થાય છે તે દર્શન છે. 'આકાર એટલે વિશેષતા' તે જેનામાં નથી એ દર્શન-ઉપયોગ છે. જેમાં કોઈ ભેદનું દેખવું નથી તે દર્શનચેતના છે. દર્શન એ નથી જાણતું કે પદાર્થ કેવા આકારનો કે કેવા રંગનો છે. એ તો સામાન્ય અસ્તિત્વને જ દેખે છે. 'છે' એટલું માત્ર જાણે છે તે દર્શન છે 'આ છે' એવો ભેદ પણ તેમાં નથી તેથી જ દર્શનગુણ નિરાકાર અને સામાન્ય છે. એમાં મહાસત્તા અર્થાત્ સામાન્યસત્તાનો પ્રતિભાસ થાય છે. આકાર, રંગ આદિનું જાણવું તે જ્ઞાન છે તેથી જ્ઞાન સાકાર છે, સવિકલ્પ છે. સવિકલ્પ એટલે સ્વ અને પર, ભેદ અને અભેદ બધાંને જાણે છે. સવિકલ્પનો અર્થ અહીં 'રાગ' ન લેવો. વિકલ્પ એટલે ભેદ સહિત જાણવું એવું જ્ઞાનનું સ્વરૂપ છે. વિશેષપણે જાણે તે જ્ઞાન છે. તેમાં અવાંતરસત્તા અર્થાત વિશેષસત્તાનો પ્રતિભાસ થાય છે. (વિશેષ સમજવા માટે બૃહદ્દ્રવ્યસંગ્રહની '**जं सामण्णं गहण**' આદિ ગાથાઓનું અધ્યયન કરવું જોઈએ.)

**साकार चेतना सुद्ध ज्ञानगुन सार है....**વિવિધતા સહિત જણાય માટે તે જ્ઞાન અશુદ્ધ છે એમ નથી. સાકારચેતના અનેકને અનેકપણે જાણે તેથી કાંઈ ચેતના અશુદ્ધ થઈ જતી નથી. ચેતનાનો સ્વભાવ જ એવો છે ચેતના અદ્વૈત-એક છે પણ આ બંને ભેદ તેમાં આવી જાય છે. સામાન્યચેતના તે દર્શન અને વિશેષચેતના તે જ્ઞાન–આ બંને એક ચૈતન્યના ભેદ છે–વિસ્તાર છે.

કોઈ એમ કહે છે કે આત્મામાં ચૈતન્ય લક્ષણ નથી તો એમ માનવામાં ત્રણ મોટા દોષ આવે છે : (૧) ચેતના લક્ષણનો નાશ થાય છે (૨) લક્ષણનો નાશ થવાથી વસ્તુના હોવાપણાનો જ અભાવ થાય છે અને તેથી (૩) મૂળ વસ્તુનો જ નાશ થાય છે.

**तातै जीव दरबकौ चेतना आधार है**–અહીં ચેતનાને વ્યાપક અને આત્માને વ્યાપ્ય કહ્યો છે તેથી વ્યાપક અને વ્યાપ્યનો નાશ થઈ જાય છે. આત્મા વ્યાપક છે અને ગુણ-પર્યાય તેના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વ્યાપ્ય છે એ બીજી વાત છે. અહીં તો ચેતના વ્યાપક છે અને ચૈતન્ય તેનું વ્યાપ્ય છે. વ્યાપક છે તે આધાર છે અને વ્યાપ્ય છે તે આધેય છે. ચેતનાના આધારે દ્રવ્ય રહેલું છે માટે જો ચેતના કાયમ રહેનારી ન હોય તો દ્રવ્ય પણ કાયમ ન રહે. લક્ષણનો નાશ થતાં દ્રવ્યનો જ સત્યાનાશ થઈ જાય.

આ વસ્તુની સ્થિતિ છે. તેની મર્યાદા બતાવે છે–તેમાં વિકાર નથી, કર્મજાળ નથી, અદ્વૈત એક છે છતાં તેના બે ભાગ છે. નિરાકાર–દર્શનચેતના અને સાકાર–જ્ઞાનચેતના. જો આ લક્ષણ ન હોય તો વસ્તુનો જ નાશ થાય. ચેતના લક્ષણવાળી સત્તા વિના સત્તાવાન આત્માનો જ અભાવ ઠરે છે.

આવી વિચારણામાં રહે તો કોઈપણ ઝઘડાં ઊભા ન થાય. અમારો માર્ગ જ સાચો છે એમ મારાપણું કરીને અધિકતા મનાવવી હોય ત્યાં ઝઘડાં ઊભા થાય છે. સર્વજ્ઞ ભગવાને કહેલો આત્માનો ધર્મ કે જે ત્રણકાળ ત્રણલોકને જાણનારું તત્ત્વ છે તેને જાણવો તે વિશ્વધર્મ છે. એ સિવાય બીજો કોઈ વિશ્વધર્મ નથી. પોતાની કલ્પનાથી એક આત્મા અદ્વૈત છે એમ માને તેથી કાંઈ તે ધર્મ થઈ જતો નથી.

આ વાત શું કામ સમજાવે છે કે આત્મા સામાન્ય અને વિશેષપણે જાણનારી સત્તા છે તો એ બેમાંથી એક પણ પ્રકારને કાઢી નાખો તો વસ્તુ જ રહેતી નથી. માટે જેને આત્મા સાધવો હોય તેણે આત્મા એકરૂપ હોવા છતાં સામાન્ય-વિશેષ બંને પ્રકારે જાણનારો છે એવું સ્વરૂપ એણે જાણવું જોઈએ. આશ્રય તો એકરૂપ ભગવાન આત્માનો કરવો પણ તેનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું. આત્મામાં કર્તા-કર્મ સમજવું હોય તો કર્તા વ્યાપક છે અને કર્મ તેનું વ્યાપ્ય છે, પણ અહીં તો ચેતના વડે આત્માને સિદ્ધ કરવો છે માટે ચેતના વ્યાપક છે અને ચેતન-આત્મા વ્યાપ્ય છે. ચેતના કાયમ રહેનારી છે માટે તેના આધારે દ્રવ્ય રહેલું છે. ચેતનાનો નાશ થાય તો દ્રવ્યનો પણ નાશ થાય માટે વ્યાપક એવી ચેતનાના આધારે વ્યાપ્ય એવું ચૈતન્ય રહેલું છે. તેથી જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવા માટે ચૈતન્યનું અવલંબન છે. હવે ૧૧મા પદ્યમાં શું કહે છે?

**चेतन लक्षन आतमा, आतम सत्ता मांहि।**
**सत्तापरिमित वस्तु है, भेद तिहूंमैं नाहि॥११॥**

અર્થ :—આત્માનું લક્ષણ ચેતના છે અને આત્મા સત્તામાં છે, કારણ કે સત્તાધર્મ વિના આત્મ-પદાર્થ સિદ્ધ થતો નથી અને પોતાની સત્તાપ્રમાણ વસ્તુ છે. દ્રવ્ય અપેક્ષાએ ત્રણેમાં ભેદ નથી, એક જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણામી દ્રવ્ય, પરિણામ તેનું કર્મ અને પરિણતિ તે ક્રિયા એવા ત્રણ નામ છે પણ વસ્તુ એક છે.

'કર્તા' પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ,
ક્રિયા પર્યાયકી ફેરની, વસ્તુ એક ત્રય નામ.'

પરિણામી, પરિણામ અને પરિણમવાની ક્રિયા એ ત્રણેય એક વસ્તુમાં છે.

આત્માનું લક્ષણ ચેતના છે અને આત્મા તેની સત્તામાં છે, માટે ચેતના અને આત્માની સત્તા જુદી નથી. અને સત્તાના પ્રમાણમાં જ વસ્તુ છે માટે ચૈતન્યની સત્તાના પ્રમાણમાં જ વસ્તુની સ્થિતિ છે.

સ્થૂળબુદ્ધિવાળાને આ બધું સમજાય નહિ એટલે એ લોકો વ્રત પાળવા અને તપસ્યા કરવી, જાત્રાઓ કરવી, કરાવવી અને દાન કરવું એ બધામાં ધર્મ માનીને તેમાં રોકાઈ જાય છે.

ઉપાદાન-નિમિત્તના દોહામાં દયા, દાન, પૂજા એ ત્રણ નામ લીધા છે કે તેનાથી જગતના સુખ મળે છે પણ આત્માનું સુખ તેનાથી મળતું નથી. પુણ્યથી સંયોગ મળે પણ તેમાં કયાંય સુખ નથી. સુખની સત્તા તો આત્મામાં છે. જેમ ચેતનાની સત્તા આત્મામાં છે તેમ સુખની સત્તા પણ આત્મામાં છે. આત્મામાં સુખ નહિ માનનારે આત્માને પણ માન્યો નથી કેમ કે સુખ અને આત્મા બંને એક જ ચીજ છે. 'આત્મા', આત્માનું 'લક્ષણ' અને 'આત્માની સત્તા' એ ત્રણ વસ્તુ નથી, એક જ વસ્તુ છે.

હવે ૧૨મા પદ્યમાં બનારસીદાસજી પોતે આત્માનું નિત્યપણું બતાવે છે.

**ज्यौं कलधौत सुनारकी संगति,**
**भूषन नाम कहै सब कोई।**
**कंचनता न मिटी तिहि हेतु,**
**वहै फिरि औटिकै कंचन होई॥**
**त्यौं यह जीव अजीव संजोग,**
**भयौ बहुरूप भयौ नहि दोई।**
**चेतनता न गई कबहूं,**
**तिहि कारन ब्रहम कहावत सोई॥११॥**

અર્થ :—જેવી રીતે સોની દ્વારા ઘડવામાં આવતાં સોનું ઘરેણાના રૂપમાં થઈ જાય

www.vitragvani.com



છે પણ ગાળવાથી પાછું સોનું જ કહેવાય છે, તેવી જ રીતે આ જીવ, અજીવરૂપ કર્મના નિમિત્તે અનેક વેષ ધારણ કરે છે પણ અન્યરૂપ થઈ જતો નથી કારણ કે ચૈતન્યનો ગુણ ક્યાંય ચાલ્યો જતો નથી, એ જ કારણે જીવને સર્વ અવસ્થાઓમાં બ્રહ્મ કહે છે.

જેમ, સોનું આભૂષણરૂપે થવા છતાં તેનું સોનાપણું કાંઈ ઘટી જતું નથી. સોનાપણું રાખીને સોનાના જુદાં જુદાં આકાર થાય છે તેથી તેને ગાળતાં સોનું જ રહે છે. તેમ આ જીવ જડકર્મોના નિમિત્તે અનેકરૂપને ધારણ કરે છે પણ તે કાંઈ જડ થયો નથી કે રાગરૂપ પણ થઈ ગયો નથી. જીવ શરીરમાં અને રાગમાં દેખાવા છતાં તેની ચેતનતા કયાંય ગઈ નથી. ચેતનતા એમ ને એમ જ રહી છે માટે જ જીવને બ્રહ્મ કહેવામાં આવે છે. બીજી અવસ્થાઓ થવા છતાં તેનો બ્રહ્માનંદ સ્વભાવ ટળ્યો નથી. આવા ચેતના સ્વભાવને ધરનાર ચેતનનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે.

ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે. *(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૯૯)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# રાગ-દ્વેષ-મોહ પુદ્‌ગલનું નાટક છે

(સળંગ પ્રવચન નં-૧૦૬)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વારમાં ૧૩મા પદ્યમાં અનુભૂતિ સુબુદ્ધિ સખીને બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે.

देखु सखी यह ब्रह्म विराजित,
याकी दसा सब याहीकौ सोहै।
एकमैं एक अनेक अनेकमैं,
दुंद लियैं दुविधामह दो है॥
आपु संभारि लखै अपनौ पद,
आपु विसारिकै आपुहि मोहै।
व्यापकरूप यहै घट अंतर,
ग्यानमैं कौन अग्यानमैं को है॥१३॥

અર્થ :—અનુભૂતિ પોતાની સુબુદ્ધિ સખીને કહે છે કે હે સખી! જો, આ પોતાનો ઈશ્વર સુશોભિત છે, તેની સર્વ પરિણતિ તેને જ શોભા આપે છે, એવી વિચિત્રતા બીજા કોઈમાં નથી એને આત્મસત્તામાં જુઓ તો એકરૂપ છે, પરસત્તામાં જુઓ તો અનેકરૂપ છે. જ્ઞાનદશામાં જુઓ તો જ્ઞાનરૂપ, અજ્ઞાનદશામાં જુઓ તો અજ્ઞાનરૂપ, આવી બંને દુવિધાઓ એમાં છે. કોઈવાર તે સચેત થઈને પોતાની શક્તિની સંભાળ કરે છે અને કોઈવાર પ્રમાદમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, પણ એ ઈશ્વર નિજઘટમાં વ્યાપક રહે છે, હવે વિચાર કરો કે જ્ઞાનરૂપ પરિણમન કરનાર કોણ છે અને અજ્ઞાનદશામાં વર્તનાર કોણ છે? અર્થાત્ તે જ છે.

આત્માનો અનુભવ સુમતિને કહે છે કે હે સખી! જો, આ આપણો બ્રહ્માનંદ ભગવાન અનંત ગુણોની નિર્મળપર્યાયથી સુશોભિત છે એની દશા એને જ શોભે છે. સવળીદશા હો કે અવળીદશા હો એ બંને આત્માની દશા છે, પરના કારણે કોઈ દશા નથી. આત્મા સિવાય પરમાણુ આદિમાં આવી દશા દેખાતી નથી. આત્મા તો સવળો પરિણમે તો આનંદથી શોભે છે અને અવળો પરિણમે તો રાગમાં દેખાય છે–જાણનારો તેને પણ જાણે છે.

આત્મા સ્વરૂપથી જોઈએ તો એક છે અને ગુણભેદ તથા પર્યાયથી જોઈએ તો અનેકપણે

www.vitragvani.com



દેખાય છે. આવું ચૈતન્યનું સામ્રાજ્ય છે. **दुंद लियै दुविधामह दो है।** આત્મા સવળીદશા કરે તોપણ તેની છે અને ઊલટીદશા કરે તો તે પણ તેની છે, તેમાં એને કર્મનું કારણ છે એમ પણ અહીં તો યાદ કર્યું નથી. આત્મા પોતાની સ્વતંત્ર સત્તામાં સ્વરૂપને અનુભવે તો આનંદને અનુભવે, શોભે. અસ્થિરતાવશ રાગરૂપે પરિણમે તો રાગી દેખાય અને જ્ઞાનથી ખસીને એકલાં અજ્ઞાનરૂપે પરિણમે તોપણ પોતે જ છે. પરની સત્તા સાથે આત્માને કાંઈ સંબંધ નથી. નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તે તો એમ બતાવે છે કે બે દ્રવ્ય વચ્ચે કાંઈ સંબંધ નથી.

પોતાના બ્રહ્માનંદ ભગવાનનો આશ્રય લઈને શુદ્ધરૂપે પરિણમે તો પોતાની સાચી શોભા છે અને વિકારનો અનુભવ કરે તોપણ તેને કોઈ રોકનાર નથી. પોતાના અજ્ઞાનને લઈને એવી દશા છે પણ પરના કારણે નથી.

**आपु संभारि लखै अपनो पद**......પોતાના જ્ઞાનાનંદપદને ઓળખીને તેની સંભાળ કરે તો, જ્ઞાન–આનંદનો લાભ થાય છે અને જો પોતાને ભૂલે તો રાગ–દ્વેષ–મોહરૂપે પરિણમે છે. પરને કારણે તો કાંઈ થતું જ નથી, સુલટી કે ઊલટી દશા પોતામાં પોતાના કારણે થાય છે. આત્માનું સ્વરૂપ મુક્ત જ છે તેથી જો પોતે મુક્તપણે અનુભવે તો મુક્તિ જ દેખાય અને તેને ભૂલીને પોતાને રાગવાળો અનુભવે તો રાગ દેખાય. અજ્ઞાનદશામાં કોઈ બીજું દ્રવ્ય કારણ છે–એમ નથી.

ભગવાન આત્મા બ્રહ્માનંદ પ્રભુની અનુભૂતિ સુમતિ સખીને આમ કહે છે કે તું જો તો ખરી! આ પ્રભુ આત્મા અવળો પડે તોપણ પોતે છે અને સવળો થાય તોપણ પોતે જ છે. અવળીદશામાં કોઈ બીજો છે અને સવળી દશામાં પોતે છે–એમ નથી. બંને દશામાં આત્મા જ વ્યાપેલો છે.

હવે ૧૪મા પદ્યમાં અનુભૂતિ પોતાની સખીને અનુભવનું દૃષ્ટાંત કહે છે.

**ज्यौं नट एक धरै बहु भेख,**
**कला प्रगटै बहु कौतुक देखै।**
**आपु लखै अपनी करतूति,**
**वहै नट भिन्न विलोकत भेखै।।**
**त्यौं घटमैं नट चेतन राव,**
**विभाउ दसा धरि रूप विसेखै।**
**खोलि सुदृष्टि लखै अपनौं पद,**
**दुंद विचारि दसा नहि लेखै।।१४।।**

www.vitragvani.com



અર્થ :—જેવી રીતે નટ અનેક સ્વાંગ ધારે છે અને તે સ્વાંગના તમાશા જોઈને લોકોને કુતૂહલ સમજે છે, પણ તે નટ પોતાના અસલીરૂપથી કૃત્રિમ ધારણ કરેલા વેષને ભિન્ન જાણે છે, તેવી જ રીતે આ નટરૂપ ચેતનરાજા પરદ્રવ્યના નિમિત્તે અનેક વિભાવ પર્યાયોને પ્રાપ્ત થાય છે પરંતુ જ્યારે અંતરંગદૃષ્ટિ ખોલીને પોતાનું રૂપ દેખે છે ત્યારે અન્ય અવસ્થાઓને પોતાની માનતો નથી.

ज्यौं नट..... દૃષ્ટાંત આપ્યો છે કે જેમ, એક જ નટ અનેક વેષને ધારણ કરે છે. ક્યારેક સ્ત્રીનો વેષ તો ક્યારેક બાળકનો, પશુનો એમ અનેક વેષને ધારે છે અને પોતાની કળાથી અનેક પ્રકારના કૌતુક કરીને લોકોને બતાવે છે તો જોનારા એને જે વેષ ધર્યો છે તે રૂપે જુએ છે પણ પોતે તો જાણે છે કે હું આ વેષરૂપ નથી. હું તો જે છું તે છું. કોઈ વેષરૂપે હું થઈ ગયો નથી, વેષ તો બધાં કૃત્રિમ છે. હું તેનાથી ભિન્ન છું એમ નટ સમજે છે. તેમ આ દેહરૂપી ઘટમાં ચેતનરૂપ નટ દેહથી જુદો બિરાજે છે. તે અનેક પ્રકારના વિકારના વેષ ધારણ કરે છે–અનેક વિભાવપર્યાયને પ્રાપ્ત થાય છે પરંતુ खोलि सुदृष्टि.....જો અંતરદૃષ્ટિ ખોલીને પોતાના સ્વરૂપને જુએ છે તો પોતે તો એકરૂપ જ છે રાગ, શરીર, વાણી, મનની અવસ્થા મારી નથી એમ સમજે છે.

આત્માને ખરેખર પર સાથે કાંઈ સંબંધ નથી. આત્મા સવળો પરિણમે તો જ્ઞાન અને આનંદ કરે અને ઉલટો પરિણમે તો રાગ–દ્વેષ કરીને દુઃખી થાય એ સિવાય આત્મા બીજું કાંઈ કરી શકતો નથી. જ્યાં પોતાની સત્તા છે ત્યાં અવળું–સવળું કરે પણ જ્યાં પોતાની સત્તા નથી એવા પરદ્રવ્યમાં એ શું કરે? સ્વરૂપને ખોલીને જુએ તો શાંતિ અને આનંદ છે અને સ્વરૂપને ભૂલીને જુએ તો રાગ ને દ્વેષ છે. જોકે રાગ–દ્વેષ તો જ્ઞાનીને પણ થાય છે પણ તેને જ્ઞાની પોતાનું સ્વરૂપ માનતાં નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની એવી સ્થિતિ છે કે તેમાં એ જીવ રાગ હોવા છતાં રાગથી છૂટો રહે છે.

આ તો મોક્ષ અધિકાર છે ને! 'હું મુક્તસ્વરૂપ છું' એમ જ્યાં પોતાની અંતરદૃષ્ટિ ખોલીને જુએ છે તો એ પર્યાયમાં પણ મુક્ત છે. રાગ–દ્વેષના ભાવને એ પોતાના સ્વરૂપે જાણતો નથી.

આગળના પદ્યમાં એમ કહ્યું હતું કે અજ્ઞાનમાં કે જ્ઞાનમાં આત્મા એનો એ છે અને અહીં કહ્યું કે દ્વંદરૂપ દશાને એ પોતાની જાણતો નથી. હવે ૫મા શ્લોક ઉપરના ૧૫મા પદ્યમાં હેય–ઉપાદેય ભાવો ઉપર ઉપદેશ આપે છે.

जाके चेतन भाव, चिदानंद सोइ है।
और भाव जो धरै, सौ औरौ कोइ है।।
जो चिनमंडित भाउ, उपादे जाननैं,
त्याग जोग परभाव, पराये माननैं।।१५।।

www.vitragvani.com



અર્થ :—જેમાં ચૈતન્યભાવ છે તે ચિદાત્મા છે અને જેમાં અન્યભાવ છે તે બીજા જ અર્થાત્ અનાત્મા છે. ચૈતન્યભાવ ઉપાદેય છે, પરદ્રવ્યના ભાવ પર છે—ત્યાગવા યોગ્ય છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદમૂર્તિ છે તેને જ આત્મા કહેવાય. બાકી અન્ય જે કોઈ ભાવ છે તે પરભાવ છે. અનેક પ્રકારના શુભાશુભભાવ છે તે અનાત્મા છે—આત્માનું સ્વરૂપ નથી. ધર્મના બહાને થયેલો વિકલ્પ પણ અનાત્મા છે, પરભાવ છે, આત્માનો ભાવ નથી. માટે, જે ચિન્મંડિત ભાવ છે–જ્ઞાનાનંદસ્વભાવ છે તે જ ઉપાદેય છે, અન્ય કોઈ પરભાવો ઉપાદેય નથી.

શુભભાવ હો કે અશુભભાવ હો તે બધાં ભાવ વિભાવ છે માટે ત્યાગવા યોગ્ય છે. એ પરદ્રવ્યનો ભાવ છે, જીવનો નિજભાવ નથી. ચૈતન્યનો ભાવ તો જ્ઞાન ને આનંદમય હોય. શુભાશુભભાવ તો પરના નિમિત્તે થાય છે માટે પરના છે. કર્મના નિમિત્તે થયેલાં ભાવો કર્મના છે. લોકો વાંચે અને વિચારે તો ખ્યાલ આવે. એ વિના એમ થાય કે 'આ તો શુભભાવને હેય કહે છે અને શુદ્ધભાવ તો અત્યારે છે નહિ' પણ, આખો આત્મા છે ને! પૂર્ણાનંદ પ્રભુ આત્માનો અંતરમાં સ્વીકાર કરે તો આત્મા આખો શુદ્ધ જ છે.

શ્રોતા :—છઠ્ઠા આરામાં શુભભાવ ઉપાદેય થઈ જતો હશે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઝેર હોય તે કદી અમૃત થાય? કોઈ કાળે ન થાય. બહુ ભૂખ લાગી હોય અને શીકામાં રોટલી પડી હોય ત્યાં સર્પ ઝેર નાંખી ગયો હોય તો એ ખવાય ખરી? (પેલાના જમાનામાં રોટલા–રોટલી શીકામાં રાખવાનો રિવાજ હતો) તેમ, રાગ ઝેર છે, વ્યવહારની ક્રિયાના પરિણામ ઝેર છે તે ઉપાદેય કેમ થાય? તે તો હંમેશા હેય જ હોય. વ્યવહારે ભલે શુભભાવને ઉપાદેય અને અશુભને હેય કહો પણ નિશ્ચયથી વિભાવમાત્ર હેય જ છે. જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તે જ ઉપાદેય છે, રાગાદિ વ્યવહારનો વિકલ્પ હોય પણ તે ઉપાદેય નથી, હેય છે. ચોથા ગુણસ્થાનથી જ તે ભાવો હોવા છતાં છોડવાયોગ્ય છે એમ ધર્મી જાણે છે.

અંતર આત્માનો શુદ્ધચૈતન્યમયભાવ છે તે ઉપાદેય છે, બાહ્યલક્ષે ઉત્પન્ન થયેલ ભાવો હેય છે. તેને પોતાનું સ્વરૂપ માને છે તે બહિરાત્મા છે. જ્ઞાની તો વ્યવહારથી મુક્ત છે. જ્ઞાની વ્યવહારને પરજ્ઞેય તરીકે જાણે છે, સ્વજ્ઞેય તરીકે જાણતાં નથી. આમાં પુરુષાર્થ તો અનંતો જોઈએ. એક ભાઈ કહેતાં હતાં કે પુરુષાર્થ ઉપડતો નથી. ભાઈ! પુરુષાર્થ એમ ન ઉપડે. પહેલાં અભ્યાસ જોઈએ. આત્મા આવો છે, આ રાગ છે, આ સ્વભાવ છે એમ બધુ પહેલાં સમજણમાં લે ત્યારે એને ઉત્સાહ આવે કે અહો! ચૈતન્યસ્વભાવ જે કાયમનો છે તે આદરણીય છે. કૃત્રિમ એવા રાગાદિભાવ આદરણીય નથી. નિત્યાનંદ ભગવાન આત્મા ઉપાદેય છે. ક્ષણિક રાગાદિભાવ ઉપાદેય નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પુણ્ય–પાપ અધિકારમાં સહજ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પરિણતિને શુભભાવ કહ્યો છે. તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે અને શુભાશુભ વિકારીભાવને બંધમાર્ગ કહ્યો છે. શુભ એટલે સાચો–સારો–ભલો. જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયે પ્રગટેલી દૃષ્ટિ જ્ઞાનની પરિણતિ જ શુભ છે, એ જ સારું છે. પુણ્ય–પાપના ભાવ અશુભ છે, ત્યાગવા યોગ્ય છે.

જ્ઞાની જીવ ચાહે ઘરમાં રહે પણ મોક્ષમાર્ગ સાધે છે એમ હવે કહેશે. ત્યાં ભાષા તો એમ જ આવશે કે જ્ઞાની ઘરમાં રહે છે પણ જ્ઞાની ઘરમાં નથી રહેતાં, જ્ઞાની તો આત્મામાં રહે છે. શરીર, વાણી, મન અને પુણ્ય–પાપભાવથી મુક્ત એવા જ્ઞાની બંધભાવમાં આવતાં નથી

**जिन्हकैं सुमति जागी, भोगसौं भये विरागी,**
**परसंग त्यागी जे पुरुष त्रिभुवनमैं।**
**रागादिक भावनिसौं जिनिकी रहनि न्यारी,**
**कबहूं मगन ह्वै न रहैं धाम धनमैं॥**
**जे सदैव आपकौं विचारें सरवांग सुद्ध,**
**जिन्हकै विकलता न व्यापै कहूं मनमैं।**
**तेई मोख मारगके साधक कहावैं जीव,**
**भावै रहौ मंदिरमैं भावै रहौ वनमैं॥१६॥**

અર્થ :—જેમને સુબુદ્ધિનો ઉદય થયો છે, જે ભોગોથી વિરક્ત થયા છે, જેમણે શરીર આદિ પરદ્રવ્યોનું મમત્વ દૂર કર્યું છે, જે રાગ–દ્વેષ આદિ ભાવોથી રહિત છે, જે કદી ઘર અને ધન–સંપત્તિ આદિમાં લીન થતા નથી, જે સદા પોતાના આત્માને સંપૂર્ણ રીતે શુદ્ધ વિચારે છે, જેમને મનમાં કદી આકુળતા વ્યાપતી નથી, તે જ જીવો ત્રણલોકમાં મોક્ષમાર્ગના સાધક છે, ભલે તેઓ ઘરમાં રહે કે જંગલમાં રહે.

જુઓ! શું કહે છે? જેને એવી સુમતિ જાગી છે કે હું તો રાગના અનુભવથી જુદી ચીજ છું. તેથી જેને અંતરંગમાં રાગના ભોગથી વૈરાગ્ય જાગૃત થયો છે કે રાગની લાગણી એ તો ઝેર છે. રાગ કે સંયોગો કાંઈ છૂટી જતાં નથી પણ તેનાથી વિરક્તિ આવે છે. તેથી રાગમાં કે ભોગમાં જ્ઞાની રક્ત નથી. પુણ્ય–પાપના વિકલ્પનો રસ તૂટી જાય તેનું નામ વૈરાગ્ય છે. પૂર્ણાનંદના નાથની પ્રતીતિ આવી ત્યાં રાગના વિકલ્પથી ખસી ગયો તે જ વૈરાગ્ય છે. બાકી બધો બે રાગ કહેવાય.

રાગી જીવ કર્મથી બંધાય છે અને વિરક્ત જીવ કર્મથી છૂટે છે એવું આગમનું વચન છે. સામાન્યપણે રાગીપણાને લીધે શુભાશુભ બંને ભાવથી જીવ બંધાય છે માટે તે બંને ભાવોનો

www.vitragvani.com



નિષેધ છે. શુભાશુભ બંને ભાવોથી ખસી રાગરહિત પરિણતિ થાય તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય થાય એટલે ભોગની જડની ક્રિયા પણ છૂટી જાય-એમ નથી. જડની ક્રિયા જડથી થાય છે, ધર્મી તેનાથી ભિન્ન છે. રાગનો અનુભવ તે જ ભોગ છે. તેનાથી ધર્મી વિરક્ત હોવાથી ધર્મી વૈરાગી છે.

**परसंग त्यागी**.....શરીર, વાણી, મન આદિ પરદ્રવ્યનું મમત્વ જેણે દૂર કર્યું છે, ધર્મી ચાહે ઊર્ધ્વલોકમાં હો, મધ્યલોકમાં હો કે અધોલોકમાં હો પણ પરના મમત્વથી એ છૂટેલાં છે. નરકમાં પણ સમકિતી મમત્વના ત્યાગી છે. વ્યંતર કે ભવનવાસી દેવલોકમાં પણ સમકિતી ભોગના ત્યાગી છે અને ઉપર વૈમાનિક દેવલોકમાં હોય તો પણ ધર્મી ભોગના ત્યાગી છે. તિર્યંચમાં મોટા મોટા મગરમચ્છ આદિ પણ સમકિતી હોય છે તે ભોગના ત્યાગી છે. ત્રણલોકમાં જ્યાં હોય ત્યાં સમકિતી પરસંગના ત્યાગી છે. 'જ્યાં જ્યાં હું છું ત્યાં પરસંગ નથી.'

વળી કહેશે કે ધર્મી ઘરમાં રહે કે વનમાં રહે....પણ તેને પરનો સંગ જ નથી. સમકિતી ઘરમાં કે વનમાં નથી પણ એ તો આત્મામાં છે. ત્રણલોકમાં જ્યાં સમકિતી હોય ત્યાં તે સંગથી છૂટો જ છે.

**रागादिक भावनिसौं जिनकी रहनि न्यारी**—ધર્મીની રહેણી-કરણી રાગથી ન્યારી છે. રાગાદિક કહેતાં હાસ્ય, રતિ, અરતિ, શોક આદિ બધું આવી જાય. ચૈતન્યનો અનુભવ થયો ત્યાં રાગ-દ્વેષ આદિ સર્વથી રહિત થઈ ગયો. હવે તે કદી ધન કે ધામમાં મગ્ન થતો નથી. ભલે ચક્રવર્તીનું રાજ્ય હો અને ધનનો પાર ન હોય, નવનિધાન ભર્યાં હોય પણ ધર્મી તેમાં એકાકાર નથી.

**जे सदैव आपको विचारैं सरवांग शुद्ध**.....આમાં સદૈવ અને સર્વાંગ બે શબ્દ છે. ધર્મી સદૈવ એટલે હંમેશા અને સર્વાંગ એટલે આખા આત્માને શુદ્ધ જ જાણે છે. ધર્મી પોતાને બધે પડખેથી શુદ્ધ જાણે છે. દ્રવ્યે શુદ્ધ છે અને પર્યાયે અશુદ્ધ છે એમ પણ નહિ. અશુદ્ધિનો તો એ ત્યાગી છે અને શુદ્ધતાનો ભોગી છે. ધર્મીના મનમાં કદી વ્યાકુળતા વ્યાપતી નથી. કેમકે આકુળતા એ રાગ છે અને ધર્મી તો તેનાથી ભિન્ન છે. ધર્મીના મનમાં તો સદાય શાંતિ વ્યાપે છે, અકષાયભાવ વ્યાપે છે.

**तेई मोख मारगके साधक कहावै**.....આવા ધર્મી જીવો જ મોક્ષ મારગના સાધક કહેવાય છે. એ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ગૃહસ્થ સંબંધી વિકલ્પ ઉઠતાં હો પણ તેનાથી ધર્મી ભિન્ન છે. ઘરનો સંગ એને નથી. તેથી જ મોક્ષમાર્ગના સાધક ઘરમાં હો કે વનમાં હો અસંગ જ રહે છે.

હવે છટ્ઠો શ્લોક લેવાનો છે. આ શ્લોક નિયમસાર ૫૦ ગાથામાં પણ આપ્યો છે. **सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**.....

www.vitragvani.com



चेतन मंडित अंग अखंडित,
सुद्ध पवित्र पदारथ मेरो।
राग विरोध विमोह दसा,
समुझै भ्रम नाटक पुदगल केरो॥
भोग संयोग वियोग बिथा,
अवलोकि कहै यह कर्मज घेरौ।
है जिन्हकौ अनुभौ इह भांति,
सदा तिनकौं परमारथ नेरौ॥१७॥

અર્થ :—જેઓ વિચારે છે કે મારો આત્મપદાર્થ ચૈતન્યરૂપ છે, અછેદ્ય, અભેદ્ય, શુદ્ધ અને પવિત્ર છે, જે રાગ–દ્વેષ–મોહને પુદ્‌ગલનું નાટક સમજે છે. જે ભોગ સામગ્રીના સંયોગ–વિયોગની આપત્તિઓને જોઈને કહે છે કે કર્મજનિત છે—એમાં આપણું કાંઈ નથી, એવો અનુભવ જેને સદા રહે છે તેમની સમીપ જ મોક્ષ છે.

ધર્મી વિચારે છે કે ચૈતન્યપદાર્થ એછેદ્ય અભેદ્ય છે. કેમકે ચૈતન્ય અખંડિત છે તેને કોઈ છેદી કે ભેદી શકે તેમ નથી. વળી શુદ્ધ અને પવિત્ર મારી ચીજ છે. મારી ચીજ અશુદ્ધ અને અપવિત્ર ન હોઈ શકે. રાગ–દ્વેષ અને વિમોહદશા એ મારું સ્વરૂપ નથી એ તો પુદ્‌ગલનું નાટક છે. સમયસારમાં પણ તત્ત્વાર્થ શ્રદ્ધાનની વિપરીતતાથી પોતાની ભિન્નતા કહી છે. એટલે ભ્રમણા–મિથ્યાત્વ છે અને હું તેનાથી ભિન્ન છું—એમ નહિ પણ મિથ્યાત્વ છે જ નહિ. રાગ–દ્વેષ અને પરમાં અટકેલો ભાવ તે મારું સ્વરૂપ નથી, પુદ્‌ગલનું નાટક છે.

ધર્મીને પણ ભોગોની સામગ્રીનો સંયોગ થાય, વિયોગ થાય, આપત્તિ આવે....પણ તે બધું કર્મજનિત છે એમ ધર્મી જાણે છે. ભોગાદિમાં પોતાના પુરુષાર્થની નબળાઈથી જોડાણ પણ થાય છે તે મારું સ્વરૂપ નથી એ તો કર્મનો ઘેરો છે. મારા ચૈતન્યમાં એ નથી.

આવો અનુભવ જેને સદાય રહે છે તેને પરમાર્થ–મોક્ષ નજીક છે. અલ્પકાળમાં જ તેને કેવળજ્ઞાન થશે. આવી દશાવાળા ધર્મીને મોક્ષમાર્ગના સાધક કહેવાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમકિતી સાધુ છે, મિથ્યાદષ્ટિ ચોર છે

(સળંગ પ્રવચન નં-૧૦૭)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં આ મોક્ષ અધિકારનો ૭-૮મો કળશ છે તેના ઉપરનું ૧૮-૧૯મુ પદ્ય લેવાનું છે.

સમ્યગ્દષ્ટિ જીવ સાધુ છે અને મિથ્યાદષ્ટિ ચોર છે

**जो पुमान परधन हरै, सो अपराधी अग्य।**
**जो अपनौ धन व्यौहरै, सो धनपति सरवग्य॥१८॥**

**परकी संगति जो रचै, बंध बढ़ावै सोइ।**
**जो निज सत्तामैं मगन, सहज मुक्त सो होइ॥१९॥**

અર્થ :—જે મનુષ્ય પરદ્રવ્યનું હરણ કરે છે તે મૂર્ખ છે, ચોર છે. જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે સમજણો છે, શાહુકાર છે. જે પરદ્રવ્યની સંગતિમાં મગ્ન રહે છે તે બંધની પરંપરા વધારે છે અને જે નિજસત્તામાં લીન રહે છે તે સહજમાં જ મોક્ષ પામે છે.

સમ્યગ્દષ્ટિ જીવ સાધુ છે એટલે કે વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણનારા છે-ભલાં છે જ્યારે મિથ્યાદષ્ટિ જીવો ચોર છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણતાં નથી તેથી પરચીજના માલિક થાય છે.

**जो पुमान परधन हरै**....લોકમાં પણ જે પુરુષ પરનું ધન હરે છે તેને ચોર કહેવાય છે-અપરાધી કહેવાય છે અને જે પુરુષ પોતાના ધનનો ઉપયોગ કરે છે તેને શાહુકાર કહેવાય છે અને તે અપરાધી નથી તેમ, આત્મામાં ઉતારે છે કે જે જીવ પરની સંગતિ કરે છે, નિજ ભગવાન આત્માની એકાગ્રતા છોડીને પરમાં રાગાદિ વિકલ્પ કરીને તેમાં એકાગ્ર થાય છે તે અપરાધી છે માટે બંધ વધારે છે. આનંદ અને જ્ઞાનસ્વરૂપને ભૂલીને રાગના ભાવને, વિકલ્પને અને શરીરાદિને પોતાના માને છે તે તો ચોર છે. માટે ગુનેગાર છે-અપરાધી છે. રાગનો સ્વામી થાય અને તેને જ સેવે છે તે ચોર છે એમ આચાર્યદેવ કહે છે.

ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાના સ્વરૂપનો સંગ કરવાને બદલે રાગનો સંગ કરે છે માટે તે ગુનેગાર છે તેથી તેને બંધ થાય છે. મિથ્યાત્વ મોહનીયકર્મનું બંધન તેને વધે છે. જ્યારે પોતાના સ્વરૂપને સંભાળે છે અને તેને જ સેવે છે, તેમાં જ એકાગ્ર થાય છે એવા જ્ઞાની બંધને વધારતા

www.vitragvani.com



નથી પણ મુકત થાય છે, કારણ કે તે પોતાનું ધન વાપરનાર શાહુકાર સમાન છે, પરધનના સ્વામી તે થતાં નથી. શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાનંદસ્વરૂપમાં એકાગ્ર એવા તે શાહુકાર છે.

સંસ્થામાં એક નોકર એવો હતો કે સંસ્થાનું નામુ કરે એટલે તેની પાસે સંસ્થાના પૈસા તો ખિસ્સામાં પડ્યા હોય અને કોઈ ગરીબ માણસ માંગે તો એ પૈસા આપી દે. પછી નામુ મેળવતાં પૈસાનો મેળ ન મળ્યો. ત્રણ-ચાર હજાર ઓછાં થયા ત્યારે કહે કે મારી પાસે પૈસા હોય અને કોઈ માંગે તો હું કેમ ના પાડી શકું!...આવો જવાબ આપ્યો. અરે! પણ એ પૈસા ક્યાં તારા હતા! બીજાનાં પૈસા વડે દાન કરવું એ કાંઈ શાહુકારી નથી.

આમ જ, અજ્ઞાની નિમિત્તનાં સંગમાં રહે છે તેથી તેને જે રાગ થાય છે તેને જ પોતાનું સ્વરૂપ માનીને સેવે છે એ કાંઈ શાહુકારી નથી, ચોરી છે. આ શરીર મારું, કુટુંબ મારું છે, ધનાદિ વૈભવ મારો છે એમ માનીને પરદ્રવ્યનો સ્વામી થાય છે અને તેના સંબંધી રાગમાં એકાગ્ર થાય છે તે તેની મૂઢતા છે–અજ્ઞાનતા છે, ભલું નથી–ખોટું કાર્ય છે. રાગમાં કે વ્યવહારના વિકલ્પમાં મગ્ન થનારાં તે જીવો ચોર છે, ગુનેગાર છે તેથી તેને મિથ્યાત્વનું બંધન પડે છે.

પોતાની સત્તા–સ્વભાવ તો શુદ્ધ છે તેમાં એકાગ્ર નહિ થતાં અજ્ઞાની રાગને જ સ્વભાવનું સાધન જાણીને તેમાં એકાગ્ર રહે છે માટે મિથ્યાદૃષ્ટિ છે અને પોતાના સ્વભાવનું સાધન સ્વભાવને જ જાણીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તે જ્ઞાની છે. તે નિજ સત્તામાં મગ્ન હોવાથી સહજપણે મુકિતને પ્રાપ્ત થાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ બંધની જેલમાં પડે છે. ધર્મીજીવ શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થતો હોવાથી નિરપરાધી છે. તેથી સહજ મોક્ષ પામે છે.

આ અર્થ થયો હતો, હવે તેનો વિશેષ ભાવાર્થ પણ આપ્યો છે. ભાવાર્થ :—લોકમાં પ્રસિદ્ધ છે કે બીજાનું ધન લે છે તેને અજ્ઞાની, ચોર અથવા ડાકુ કહેવામાં આવે છે. તે ગુનેગાર અને દંડને પાત્ર થાય છે અને જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે મહાજન અથવા સમજદાર કહેવાય છે. તેની પ્રશંસા કરવામાં આવે છે. તેવી જ રીતે જે જીવ પરદ્રવ્ય અર્થાત્ શરીર કે શરીરના સંબંધી ચેતન–અચેતન પદાર્થોને પોતાના માને છે અથવા તેમાં લીન થાય છે તે મિથ્યાત્વી છે, સંસારનું દુઃખ ભોગવે છે અને જે નિજાત્માને પોતાનો માને છે અથવા તેનો જ અનુભવ કરે છે, તે જ્ઞાની છે, તે મોક્ષનો આનંદ પામે છે.

શરીર અને શરીરના સંબંધવાળા ચેતન–અચેતન બધાંને તથા સાથે રાગાદિ પણ લઈ લેવા. તેને જે પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે ભલે દયા પાળે, વ્રત પાળે, પૂજા કરે, ભકિત કરે પણ પરમાં એકાગ્ર હોવાથી ચાર ગતિમાં રખડે છે પણ જે શુદ્ધ નિજાત્માને જ પોતાનો જાણે છે અને તેમાં જ એકાગ્ર થાય છે તે જ્ઞાની છે, તે ચાર ગતિથી છૂટીને મોક્ષ પામે છે.

આ મોક્ષ અધિકાર છે ને! 'રાગની એકતા તે બંધનું કારણ છે અને સ્વભાવની એકતા



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે મુક્તિનું કારણ છે.' આમ, ટૂંકમાં બધું કહી દીધું છે. દયા-દાન-વ્રતાદિમાં પણ જેની એકતાબુદ્ધિ છે તે અપરાધી છે, તે ચાર ગતિમાં રખડશે અને જેની એકતા અંતર્મુખ સ્વભાવમાં છે તે સહજપણે મુક્તિ પામશે.

હવે ૨૦મા દોહરામાં દ્રવ્ય અને સત્તાનું સ્વરૂપ કહે છે.

**उपजै विनसै थिर रहै, यह तो वस्तु वखान।**
**जो मरजादा वस्तुकी, सो सत्ता परवांन॥२०॥**

અર્થ :—જે પર્યાયોથી ઉત્પન્ન અને નષ્ટ થાય છે પણ સ્વરૂપે સ્થિર રહે છે તેને દ્રવ્ય કહે છે, અને દ્રવ્યના ક્ષેત્રાવગાહને સત્તા કહે છે.

થિરતા એક સમયમેં, ઉપજે-વિણસે તબહી,
ઉલટ-પલટ ધ્રુવ સત્તા રાખૈ, યા હમ સુની ન કબહી,
અવધૂ નટ-નાગરકી બાજી.....

ભગવાન! લોકના નગરના નટની બાજી–મર્યાદા એવી છે કે એક જ સમયમાં વસ્તુ સ્થિર રહીને પર્યાયથી ઊપજે છે અને વિણસે છે એટલે કે જૂની અવસ્થાથી વસ્તુ વ્યય પામે છે એ જ સમયે નવી અવસ્થાથી ઊપજે છે અને વસ્તુપણે ધ્રુવ રહે છે એવી વસ્તુની મર્યાદા છે અને વસ્તુનું ક્ષેત્ર એ જ એની સત્તા છે. વસ્તુ પોતાના ક્ષેત્રથી બહાર જતી નથી.

**लोकालोक मान एक सत्ता है आकाश दर्व,**
**धर्म दर्व एक सत्ता लोक परमिति है।**
**लोक परवान एक सत्ता है अधर्म दर्व,**
**कालके अनू असंख सत्ता अगनिति है॥**
**पुद्गल सुद्ध परवानुकी अनंत सत्ता,**
**जीवकी अनंत सत्ता न्यारी न्यारी छिति है।**
**कोऊ सत्ता काहूसौं न मिलि एकमेक होइ,**
**सबै असहाय यौं अनादिहीकी थिति है॥२१॥**

અર્થ :—આકાશદ્રવ્ય એક છે, તેની સત્તા લોક-અલોકમાં છે. ધર્મદ્રવ્ય એક છે, તેની સત્તા લોકપ્રમાણ છે. અધર્મદ્રવ્ય એક છે, તેની સત્તા લોકપ્રમાણ છે. કાળના અણુ અસંખ્યાત છે, તેની સત્તા અસંખ્યાત છે, પુદ્ગલ દ્રવ્ય અનંતાનંત છે તેની સત્તા અનંતાનંત છે, જીવદ્રવ્ય અનંતાનંત છે તેની સત્તા અનંતાનંત છે. આ છએ દ્રવ્યોની સત્તાઓ જુદી છે, કોઈ સત્તા કોઈની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાથે મળતી નથી અને એકમેક પણ થતી નથી. નિશ્ચયનયમાં કોઈ કોઈને આશ્રિત નથી, સર્વ સ્વાધીન છે. આ પ્રમાણે અનાદિકાળથી ચાલતું આવ્યું છે.

આ છ દ્રવ્યની સંખ્યા અને તેનું ક્ષેત્ર બતાવ્યું છે. દિગંબર સંપ્રદાયમાં કાળ દ્રવ્ય અસંખ્યાત કહ્યાં છે અને તેની સત્તા એક એક લોકાકાશના પ્રદેશ ઉપર છે એમ કહ્યું છે. શ્વેતાંબરમાં પણ એક હેમચંદ્રાચાર્ય થઈ ગયા તેમણે યોગશાસ્ત્રમાં કાળદ્રવ્યની સત્તા કહી છે. બાકી શ્વેતાંબરના શાસ્ત્રોમાં 'કાળ'ને જીવ-અજીવની પર્યાય જ કહી છે. 'કાળદ્રવ્ય' કહ્યું નથી. અહીં તો કહે છે કે કાળદ્રવ્ય અગણિત છે. તેની સ્વતંત્ર સત્તા છે. અનંત પર્યાયોવાળું એ પણ દ્રવ્ય છે. અનાદિ-અનંત વસ્તુ છે. કાળ કોઈ દ્રવ્ય નથી એમ નથી. કાળદ્રવ્ય સહિત છએ દ્રવ્યને જીવની એક સમયની પર્યાય જાણી લે એવી જીવની એક પર્યાયની તાકાત છે. માટે છએ દ્રવ્યને માને ત્યારે તો એને જીવની એક પર્યાયની પૂર્ણતાનો સ્વીકાર થયો ગણાય. છ દ્રવ્યમાંથી ઓછા માને છે તેને તો આત્માની એક પર્યાયની પૂર્ણશક્તિનો સ્વીકાર નથી. આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એવું જ તેની સત્તાનું સામર્થ્ય છે. જીવદ્રવ્ય તો એવી અનંતી પર્યાયવાળા અનંતગુણોનું એક પિંડ છે.

**पुद्गल सुद्ध परवानुकी अनंत सत्ता** એક એક રજકણને ભિન્ન ગણો તો પુદ્ગલની સત્તા અનંત છે અને અનાદિની છે. કોઈ સત્તાનું બીજી સત્તામાં કદી ભેળસેળ થતું નથી. એક અંગુલના અસંખ્યમાં ભાગમાં નિગોદના એક એક શરીરમાં અનંતા જીવ રહેલાં છે તે બધાંની સત્તા ભિન્ન-ભિન્ન સ્વતંત્ર છે. બટાટા, લીલફૂગ, કંદમૂળ આદિની એક એક કટકીમાં સિદ્ધો કરતાં અનંતગુણા જીવ છે એ બધાં જીવના જ્ઞાનના જ્ઞેય છે તે જ્ઞેયોનો સ્વીકાર નથી તેને જ્ઞાનની પર્યાયનો પણ સ્વીકાર નથી અને જેને પર્યાયનો સ્વીકાર ન હોય તેને દ્રવ્યનો સ્વીકાર તો હોય જ નહિ. માટે, કોઈ એક જીવદ્રવ્યને જ માને છે, કોઈ જીવ અને પુદ્ગલ બે જ દ્રવ્ય માને છે, કોઈ કાળ સિવાયના પાંચ દ્રવ્યને જ માને છે, એ બધાંને જીવની એક પર્યાયની શકિતનો પણ ભરોંસો નથી–સ્વીકાર નથી માટે તેમને જીવદ્રવ્યનો પણ ખરેખર સ્વીકાર નથી.

દરેક દ્રવ્યની સત્તા અનાદિ-અનંત સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કર્તા, હર્તા કે ભોકતા નથી. છઢાળામાં આવે છે કે લોકનો કોઈ કર્તા નથી, ધારી રાખનાર નથી કે નાશ કરનાર નથી.

**जीवकी अनंत सत्ता न्यारी न्यारी छिति है**–દરેક જીવ પોતાની સ્વતંત્ર સત્તામાં–પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો છે. કંદમૂળમાં એક કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવ છે તે દરેકની સત્તા ભિન્ન ભિન્ન છે. સૌ પોતપોતાની સત્તામાં કાર્ય કરી રહ્યા છે, પરસત્તા સાથે કોઈને કાંઈ સંબંધ નથી. ત્યાંથી નીકળીને એક જીવ મનુષ્ય થાય છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો બીજો જીવ વળી ત્યાંને ત્યાં નિગોદમાં ઉપજે છે. કોઈ જીવ ભવિ છે તો કોઈ અભવિ છે. આમ દરેકની સત્તા અને તેનું પરિણમન ભિન્ન ભિન્ન છે. જીવની સંખ્યા કરતાં પુદ્‌ગલના પરમાણુની સંખ્યા અનંતગણી છે. એક એક મોટા સ્કંધમાં અનંત પરમાણુ રહેલા છે તે બધાંની સત્તા જુદી જુદી છે. તે કોઈ બીજાંની સત્તામાં ભળી જતાં નથી. સ્કંધમાં દરેક પરમાણુ સ્થૂળ પરિણમનમાં આવ્યા છે તે પણ પોતાથી જ છે. સ્થૂળ સત્તાના પરિણમનમાં આવ્યા છે માટે પરમાણુ સ્થૂળ પરિણમ્યા છે એમ પણ નથી. પોતાની યોગ્યતાથી જ સ્થૂળપણે પરિણમ્યા છે.

ત્રણકાળમાં કોઈ સત્તા બીજી સત્તામાં ભળીને એકમેક થતી નથી. સિદ્ધમાં તો જ્યોતમાં જ્યોત ભળી જતી હશે ને?–ના. સૌ સિદ્ધ પોત-પોતાના અનુભવમાં રહેલાં છે. કોઈના કારણે કોઈનો અનુભવ નથી. જ્યાં સિદ્ધો છે ત્યાં જ અનંતા નિગોદના જીવો પણ છે પણ સૌ પોતપોતાની સત્તાનો અનુભવ કરે છે. સ્થૂળપણે પરિણમન હો કે સૂક્ષ્મપણે પરિણમન હો બધામાં પોતાનું સ્વતંત્રપણે પરિણમન છે. બીજાં દ્રવ્યના કારણે આ દ્રવ્યનું પરિણમન નથી. સંયોગમાં અથવા વ્યંજનપર્યાયમાં એમ લાગે કે આ અનેક દ્રવ્યોનું એક જ પરિણમન છે પણ એમ નથી.

જીવની પર્યાયમાં બગાડ છે તે જીવથી પોતાથી છે, કર્મના કારણે જીવમાં બગાડ થતો નથી. બગાડ એટલે અશુદ્ધતા. દરેક દ્રવ્ય અસહાય છે–બીજાંના સહારે નથી. સૌની સત્તા નિરાળી-નિરાળી છે. પંચાધ્યાયીમાં આઠમાં શ્લોકમાં કહ્યું છે કે બધાં દ્રવ્યો સ્વસહાય અને નિર્વિકલ્પ છે. આ બધું વાંચીને અંદરમાં ભાવ બેસવો જોઈએ. ઉપર ટપકે વાંચી લેવાથી ન સમજાય.

આ લાકડી ઊંચી કરવી હોય તો હાથની આંગળીઓનો સહારો તો જોઈએ ને? –ના. સૌ પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યયના કર્તા છે. તેને બીજાંના સહારાની જરૂર નથી. બે દ્રવ્ય વચ્ચે આધાર-આધેય સંબંધ કે કર્તા-કર્મ સંબંધ બિલકુલ નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે એમ પોતાની પર્યાયમાં જાણે અને એવી અનંત પર્યાયોનો પિંડ હું એક દ્રવ્ય છું એમ દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આવી વસ્તુની સ્થિતિ છે તેને ભગવાને બનાવી નથી પણ જાણી છે અને કહી છે.

**सबै असहाय यौं अनादिहीकी थिति है।** દરેક દ્રવ્ય અનાદિથી પોતાના સ્વતંત્ર સ્વરૂપથી જ છે તેમાં આ લોક અને આ બધી રચના કઈ રીતે થઈ એ સવાલ જ નથી. બધું છે જ, નવું થયું નથી. અનાદિની આ મર્યાદા છે. એક આત્માના કારણે બીજાં આત્માનું પરિણમન થાય કે એક પરમાણુના કારણે બીજો પરિણમે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. વસ્તુસ્થિતિથી કોઈ કોઈને આશ્રયે નથી, બધાં સ્વાધીન છે. દરેક સિદ્ધ સ્વાધીન...નિગોદના દરેક જીવ સ્વાધીન,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક એક પરમાણુ સ્વાધીન...દરેક દ્રવ્ય સ્વાધીન છે. આત્મા રાગ કરે છે માટે પરમાણુને કર્મપણે પરિણમવું પડે છે એમ નથી અને કર્મનો ઉદય આવ્યો માટે જીવને અશુદ્ધપણે પરિણમવું પડે છે એમ નથી.

રાજકોટમાં એકવાર પ્રશ્ન થયો હતો કે જીવ રાગ કરે તો જ પુદ્‌ગલ પરમાણુને કર્મપણે પરિણમવું પડે ને? ના. તને વસ્તુસ્થિતિની ખબર નથી. પરમાણુ જીવના રાગની સહાય વિના પોતાથી જ કર્મપર્યાયે પરિણમે છે અને આત્મા પણ કર્મના ઉદયની સહાય વિના રાગપણે પરિણમે છે. દરેક દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહેલાં છે, કોઈના કારણે કોઈના ઉત્પાદ-વ્યય હોઈ શકે નહીં.

ઘણાંને એમ પ્રશ્ન રહ્યાં જ કરે કે એક દ્રવ્યને બીજાં દ્રવ્યની કાંઈક થોડી સહાય તો જોઈએ ને! આ ચોપડી અહીંથી ઉપાડીને બીજે મૂકવી હોય તો હાથ આદિનો સહારો જોઈએ તો ખરો ને? ભાઈ! કોઈના હોવાપણામાં અન્ય કોઈના હોવાપણાની બિલકુલ મદદ નથી. આવી વસ્તુસ્થિતિ છે. તેની શ્રદ્ધા હજુ વ્યવહારથી (વિકલ્પમાં) પણ ન બેસે ત્યાં સુધી આગળ ક્યાંથી વધશે?

અંશદૃષ્ટિમાં રોકાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિ થતાં પર્યાય છે તેનું જ્ઞાન હોય પણ દ્રવ્યદૃષ્ટિ વિના પર્યાયમાં જ મૂઢ છે તે તો પરસમય છે. પર્યાય–અંશમાં જ એકત્વ માનનારો તો પરને પોતાનું માને છે. આખા દ્રવ્યને માનતો નથી.

'સત્તા' કહેતાં જ તેમાં આખું હોવાપણું આવી ગયું. સત્તાનું હોવાપણું પરને કારણે હોય એમ બને જ નહિ. દ્રવ્ય દ્રવ્યથી છે, પર્યાયથી નથી. 'ઉત્પાદ્ ઉત્પન્ન થતાં અંશનો છે, 'વ્યય' નષ્ટ થતાં અંશનો છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે. આખા દ્રવ્યનો નાશ કે ઉત્પાદ્ નથી. એક સમયમાં પૂર્ણ સામર્થ્યવાળી સત્તાના ક્ષેત્રમાં બીજાં અનંત જીવો રહેલાં હોવા છતાં એક બીજામાં કોઈનો પ્રવેશ નથી. પોતાના તત્ત્વને ત્રિકાળ હોવાપણે માને ત્યારે જ તેણે પોતાના સ્વરૂપને જાણ્યું કહેવાય. ત્રિકાળ તત્ત્વની શ્રદ્ધા કરનાર પર્યાય છે. માટે કથંચિત્ પર્યાય પણ છે. દ્રવ્યમાં પર્યાય છે જ નહિ એમ માનીને દ્રવ્યનો સ્વીકાર કરે છે તે તો અજ્ઞાન છે. એકબાજુ નિયમસારમાં પર્યાયને પરદ્રવ્ય કહી અને વળી પર્યાય વડે જ દ્રવ્ય જણાય છે તો શું પરદ્રવ્ય વડે સ્વદ્રવ્ય જણાય છે એમ કહેવું છે? ના. ભાઈ! આ તો વીતરાગમારગ છે તેમાં જે અપેક્ષાથી જે કથન હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ. વાદ-વિવાદ કરવાનો ન હોય. આ તો ચોરાશીના અવતારમાંથી ઉગરવાના કાળ છે તેમાં વાદમાં રોકાવું એ પણ ક્લેશ છે. રાગી જીવને સત્યને સ્થાપવામાં રાગ છે અને અસત્યને ઉથાપવામાં જરા દ્વેષનો અંશ છે. ગજબ વાત છે ને! રાગી જીવને રાગ હોય છે. રાગ વિનાના પરમાત્માને તો વીતરાગભાવે વાણી નીકળે છે.

www.vitragvani.com



सबै असहाय यौं अनादिहीकी थिति है–સર્વ પદાર્થ પરની સહાય વિનાના છે. એવી વસ્તુસ્થિતિ અનાદિની છે, નવી નથી પણ હજુ વિકલ્પાત્મક જ્ઞાનમાં પરથી ભિન્નતા પણ બેસતી નથી તેને વિકલ્પની પણ અપેક્ષા વિનાનું દ્રવ્ય કેવી રીતે લક્ષમાં આવશે? પોતે પોતાની સેવના કદી કરી નથી. આંખ બંધ થતાં અંધારું થઈ જશે બાપા! એ પહેલાં આ તત્ત્વને શ્રદ્ધામાં બેસાડી લે! જો આ તત્ત્વની શ્રદ્ધા અને સેવા ન કરી તો પરની સેવા નહિ છૂટે.

एई छहौं दर्व इनहीकौ है जगतजाल,
तामैं पांच जड़ एक चेतन सुजान है।
काहूकी अनंत सत्ता काहूसौं न मिलै कोइ,
एक एक सत्तामैं अनंत गुन गान है॥
एक एक सत्तामैं अनंत परजाइ फिरै,
एकमैं अनेक इहि भांति परवान है।
यहै स्यादवाद यहै संतनिकी मरजाद,
यहै सुख पोख यह मोखकौ निदान है॥२२॥

અર્થ :—ઉપર કહેલાં જે છ દ્રવ્યો છે એમનાથી જ જગત ઉત્પન્ન છે. આ છ દ્રવ્યોમાં પાંચ અચેતન છે, એક ચેતનદ્રવ્ય જ્ઞાનમય છે. કોઈની અનંતસત્તા કોઈની સાથે કદી મળતી નથી. પ્રત્યેક સત્તામાં અનંત ગુણસમૂહ છે અને અનંત અવસ્થાઓ છે. આ રીતે એકમાં અનેક જાણવા–એ જ સ્યાદ્વાદ છે. એ જ સત્પુરુષોનું અખંડિત કથન છે, એ જ આનંદવર્ધક છે અને એ જ મોક્ષનું કારણ છે.

છ પ્રકારના દ્રવ્યોથી જગત બનેલું છે તેમાં દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કર્મની સત્તાથી જીવની સત્તા નથી અને જીવથી કર્મની સત્તા નથી. આ વાત હજુ ધારણામાં પણ ન બેસે તો અંતર અનુભવમાં બેસવું તો બહુ કઠણ છે.

મરણ પથારીએ પોતે પડ્યો હોય, આખું મોટું કુટુંબ ભેગું થયું હોય, પણ છે કોઈ શરણ? પરદ્રવ્ય કેવી રીતે શરણ આપી શકે? ભાઈ મરી જાય પછી બાયુ રોવે કે અરે! ભર્યા ઘરમાંથી તને નીકળવું તે કેમ ગમ્યું?...અરે! પણ એને ક્યાં જવું હતું?...ખરેખર તો ભર્યું ઘર અંદરમાં છે ત્યાં આવવું તને કેમ ગમતું નથી. ભાઈ! તારે કોઈની પરની સહાય–મદદની જરૂર નથી.

એક તરફ શાસ્ત્ર કહે કે જીવ અને પુદ્ગલ ધર્માસ્તિકાયની સહાયથી ગતિ કરે છે અને અહીં કહે કે કોઈ દ્રવ્યને પરદ્રવ્યની સહાયની જરૂર નથી. હા. કોઈને કોઈની સહાયની જરૂર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નથી એવા સર્વ દ્રવ્ય 'અસહાય' ગુણધારી છે એ વાત તો નક્કી છે અને ધર્માસ્તિકાયની સહાયની વાત કરી છે તે નિમિત્તનું જ્ઞાન કરવા માટેની વાત છે.

એક એક સત્તામાં અનંત ગુણ છે અને અનંત પર્યાય છે. સમયે સમયે પર્યાય બદલાય છે તે પોતાના કારણે બદલાય છે, પરના કારણે પર્યાય બદલાતી નથી. વસ્તુ એક છે પણ તેમાં ગુણ અને પર્યાય અનેક છે. એ રીતે એકમાં અનેક છે એવું સ્યાદ્વાદ છે અને એ જ સત્પુરુષોનું અખંડિત કથન છે. અનાદિ સનાતન ભગવાન સર્વજ્ઞ અને સંતોનું આ ખંડિત ન થાય તેવું કથન છે. માટે અજ્ઞાનીઓનું કથન સાંભળીને સર્વજ્ઞના કથનમાં સંદેહ ન કરવો. આત્મા એક જ છે, આત્મા સર્વવ્યાપક છે, બીજાં કોઈ દ્રવ્ય જ નથી એવી અજ્ઞાનીની વાતમાં ફસાવું નહિ. દરેક દ્રવ્યનું વ્યાપકપણું પોતાની સત્તામાં છે. પરસત્તામાં કોઈનું કાંઈ નથી. કોઈનો પથારો કોઈમાં નથી. દરેક સત્તાને ભિન્ન ભિન્ન સ્વતંત્ર સ્વીકારવી એ જ સુખનો પંથ છે, આનંદનો દેનારો છે. સાધુઓ અને સંતો આ જ માર્ગ બતાવી રહ્યાં છે. આ માર્ગ જ આનંદવર્ધક છે.

અરે! એક સમયમાં અનંત પદાર્થોને જાણવાની જેની એક સમયની પર્યાયની તાકાત છે એવા અખંડ આત્માને ખંડ ખંડ માનવો એ મોટો અપરાધ છે. મારી સત્તા પરથી ભિન્ન છે, મારા ગુણ-પર્યાય મારા કારણે રહે છે અને મારા કારણે પર્યાય ફરે છે તેમાં પરની સહાય નથી. એવું દૃષ્ટિમાં લેવાથી જૂઠી દૃષ્ટિ ટળીને સમ્યક્ દૃષ્ટિ થાય છે. પર્યાયદૃષ્ટિ ટળીને દ્રવ્યદૃષ્ટિ થાય છે, એ જ સુખનું સાધન છે. એ જ મોક્ષનો પંથ છે.

❀ ❀ ❀

પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૧૪)*

www.vitragvani.com



# સ્વ સત્તાનો અપાર મહિમા

(સળંગ પ્રવચન નં-૧૦૮)

આ, શ્રી સમયસાર નાટકમાં મોક્ષદ્વારનું ૨૩મું પદ્ય છે. તેમાં શું સિદ્ધ કરે છે?– કે આત્મા એક સત્તા છે. સત્તા એટલે હોવાપણું. જે છે, હતો અને રહેશે એવી આત્માની સત્તા અનાદિ-અનંત ધ્રુવસત્તા છે. એ ધ્રુવસત્તાનું સાધન કરવું તેનું નામ મોક્ષમાર્ગ છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલી અનાદિ-અનંત એક સત્તા છે. માટે જેણે ધર્મ કરવો હોય, સુખી થવું હોય તેણે સ્વસત્તાને સાધવી.

साधी दधि मंथमैं अराधी रस पंथनिमैं,
जहां तहां ग्रंथनिमैं सत्ताहीकौ सोर है।
ग्यान भान सत्तामैं सुधा निधान सत्ताहीमैं,
सत्ताकी दुरनि सांझ सत्ता मुख भोर है॥
सत्ताकौ सरूप मोख सत्ता भूल यहै दोष,
सत्ताके उलंघे धूमधाम चहूँ वोर है।
सत्ताकी समाधिमैं बिराजि रहै सोई साहू,
सत्तातैं निकसि और गहै सोई चोर है॥२३॥

અર્થ :—દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં ત્યાં સત્તાનું જ કથન છે. જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે. અમૃતનો પુંજ સત્તામાં છે. સત્તાને છુપાવવી એ સાંજના અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું એ જ જન્મ-મરણ આદિ દોષરૂપ સંસાર છે. પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચારગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્મસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે છે તે જ ચોર છે.

જે વસ્તુ–શક્તિ સત્તામાં હોય છે તે તેના સાધન વડે પ્રગટ થાય છે. દહીંમાં ઘી રહેલું છે તે તેનું મંથન કરવાથી પ્રાપ્ત થાય છે. જેમ, અબરખને એકવાર, બેવાર નહિ પણ હજાર વાર તાપ આપે છે ત્યારે તેની ભસ્મ થાય છે. પણ મૂળ સત્તામાં એની શકિત પડી છે તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

થાય છે. કાંકરાને એટલો તાપ આપો તો તેની રાખ થઈ જશે પણ ભસ્મ (ઔષધિ) નહિ થાય, કેમ કે તેનામાં અબરખની સત્તા જ નથી.

જેમ, મોરના પીંછામાં તાંબાની સત્તા છે તો તેમાંથી તાંબુ કાઢીને તેની ભસ્મ બનાવવામાં આવે છે. જેમાં જેનું હોવાપણું હોય તેમાંથી તે આવે છે. વૈદ્યો એ તાંબામાંથી ભસ્મ બનાવીને ક્ષયના રોગીને દવા આપે છે. એનો શાતાનો ઉદય હોય તો સારૂં થાય છે. કોઈ દવાથી સારૂં થતું નથી. પણ અહીં તો સત્તાને સિદ્ધ કરવી છે.

વૃક્ષના રસમાંથી દવાઓ બને છે ને! તો રસમાં દવાનું હોવાપણું હતું તો બહાર આવે છે. તેથી શાસ્ત્રોમાં એટલે ભગવાનની વાણીમાં જ્યાં હોય ત્યાં સત્તાનું કથન આવે છે કે ચેતનમાં ચેતનનું હોવાપણું છે અને જડમાં જડનું હોવાપણું છે, ધર્માસ્તિકાયમાં ધર્માસ્તિકાયનું હોવાપણું છે. એ રીતે દરેક પદાર્થમાં તેનું હોવાપણું છે. પરથી તેનું હોવાપણું નથી.

આત્મભગવાનના હોવાપણામાં જ્ઞાનસૂર્યની સત્તા છે. અંદરમાં પૂરો જ્ઞાનપ્રકાશ ભર્યો પડ્યો છે તેમાંથી પ્રગટ થાય છે. કોઈ ક્રિયાકાંડથી કેવળજ્ઞાન કે મોક્ષ થાય તેમ નથી. ચૈતન્યસત્તામાં એકાગ્રતા કરવાથી જ્ઞાનપ્રકાશ બહાર આવે છે. માટે, કહે છે કે પ્રભુ! પોતાના હોવાપણામાં જ જ્ઞાન ભર્યું છે, તેમાંથી આવે છે. કાંઈ બહારથી કોઈ પદાર્થમાંથી કે શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ્ઞાન આપી દેતાં નથી કે તેમની વાણી સાંભળવાથી જ્ઞાન મળતું નથી. જ્ઞાનસ્વભાવી આત્મામાં સર્વજ્ઞ થવાની શક્તિ પડી છે તેમાંથી સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. જ્ઞાનસૂર્ય ઉપર નજર કરીને તેમાં એકાગ્ર થતાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે અને પૂર્ણ એકાગ્ર થતાં મોક્ષ પ્રગટ થાય છે. આમ, મોક્ષ કે મોક્ષનો માર્ગ ક્યાંય બહારથી પ્રગટ થતો નથી. માટે, ગુરુની કૃપાથી આત્મજ્ઞાન થઈ જશે...સાંભળતાં સાંભળતાં કલ્યાણ થઈ જશે....એવું જે કાંઈ બોલવામાં આવે છે તે વ્યવહારના કથન છે.

પોતાની ધ્રુવસત્તામાં પૂર્ણ જ્ઞાનસૂર્ય રહેલો છે તે ધ્રુવના આશ્રયથી પ્રગટ થઈ જાય છે અને પૂર્ણ રીતે એકાગ્ર થતાં કેવળજ્ઞાનસૂર્ય પ્રગટ થઈ જાય છે. માટે જ્યાં હોય ત્યાં સત્તાનો જ શોરબકોર છે. આત્માની સત્તામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો નથી પણ અલ્પજ્ઞપર્યાય જેવડો આત્મા નથી. આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેમાં નજર નાંખતાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. 'પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે.' લીંડીપીપરમાં ૬૪ પોરી તીખાશ એની સત્તામાં છે તો તેને ઘસવાથી પ્રગટ થાય છે. તેમ અંતરમાં પૂર્ણ જ્ઞાનનો સૂર્ય ભર્યો પડ્યો છે તો તેમાં એકાગ્રતાના સાધનથી પૂર્ણ સાધ્યદશા પ્રગટ થાય છે.

વીતરાગનો માર્ગ શું છે તે લોકોને મળ્યો નથી. એટલે માર્ગ જે રીતે છે તેનાથી ઉલટી રીતે કહેવામાં આવે છે.

www.vitragvani.com



સાક્ષાત્ ભગવાન પાસે સમવસરણમાં જાવ તોપણ ભગવાન એમ કહેશે કે અમારી સામે જોવાથી કે અમને સાંભળવાથી તને જ્ઞાન નહિ થાય. અમારાં સામે જોવાનું છોડીને તું તારાં જ્ઞાનસૂર્યને જો તો જ્ઞાન જરૂર પ્રગટ થશે. સોનાની ખાણમાંથી સોનું નીકળે, લોઢાની ખાણમાંથી સોનું ન નીકળે એવી સીધી વાત છે.

આ શરીરની સત્તા છે તે શરીરના પરમાણુને કારણે છે. આત્માના કારણે તેનું હોવાપણું નથી. આ બોલવા, ચાલવા, ખાવા-પીવા આદિની ક્રિયા થાય છે તે આત્માના કારણે થતી નથી, જડના કારણે થાય છે.

અમૃતનો પુંજ સત્તામાં છે. અમૃત એટલે અતીન્દ્રિય આનંદનું સુખ તારી સત્તામાં છે. કોઈ અતીન્દ્રિય આનંદના સુખને બહાર ગોતવા જાય તો મળે તેમ નથી. ભક્તિ-પૂજાના વિકલ્પમાં પણ આનંદ નથી. ત્રણલોકના નાથ 'સર્વજ્ઞ' ઇન્દ્રો આદિ સભાજનોની સમક્ષમાં આમ કહેતાં હતાં. સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદના સુખનો અંશ વેદનમાં આવે છે અને અજ્ઞાનદશાના કારણે જે દુઃખનું વેદન થતું હતું તે ટળે છે. રાગની ભઠ્ઠી સળગતી હતી તે બૂઝાય છે. "યહ રાગ-આગ દાહ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ." ચાહે તો રાગ શુભ હો કે અશુભ હો–તે કષાયની ભઠ્ઠી છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એવો રાગ પણ તારાં સ્વરૂપમાં નથી. એ પણ કષાય છે.

રાગ અને વિકારમાં એકતાબુદ્ધિ છે એ જ ખરેખર દુઃખ છે. છપ્પનિયાના દુકાળમાં ભરવાડ ગાયો ઉપર માથુ નાંખીને રડતાં હતાં. કેમ કે છ-છ ગાંવ સુધી ક્યાંય ઘાસનું તરણું ઉગ્યું ન હતું. પશુઓ ભૂખે મરતાં હતાં. જુઓ! એ કેવી દશા! એ બધું રાગની એકતાબુદ્ધિનું દુઃખ છે. આ શેઠિયાઓ, રાજાઓ, દેવો સુખી દેખાય છે એ બધાં દુખિયા છે, સુખી નથી કેમ કે અંદરમાં સુખ ભર્યું છે તેની તો એને ખબર નથી અને બહારથી સુખ માગે છે માટે ભિખારા છે. અંદરમાં અતીન્દ્રિય આનંદનો દરિયો ભર્યો છે તેનો વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી બધાં દુઃખી જ છે.

ભગવાન આત્મા એના દરેક ગુણોથી છલોછલ ભરેલો દરિયો છે. આવી મારી મહાન સત્તા છે—એવી શ્રદ્ધા જીવને પહેલાં આવવી જોઈએ. તારી સત્તામાં અમૃતના પૂર છે, અમૃતના ઢગલા છે. દેહ-વાણી-મન તારી સત્તામાં નથી. પુણ્ય-પાપ તારી સત્તામાં નથી. હિંસા, જૂઠ, ચોરી આદિના પરિણામ કે અહિંસા, સત્ય આદિના પરિણામ પણ તારું સ્વરૂપ નથી. એ તો આસ્રવ તત્ત્વ છે, અનાત્મસત્તા છે. આસ્રવથી ભિન્ન ભગવાન આત્મામાં અમૃતનો દરિયો ભર્યો છે. તેની પર્યાયમાં અમૃત આનંદનો નમૂનો આવે તો એ નમૂના દ્વારા આખી સત્તા પ્રતીતિમાં આવે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક છીંકણી સૂંઘીને રાજી થાય છે તેને આ વાત કેમ પ્રતીતિમાં બેસે! બે-ત્રણ બીડી પીવે ત્યારે તો એને પેટ સાફ થાય! અરે! મૂરખના કાંઈ ગામ જુદાં હોય છે! શુભ કે અશુભ કોઈ પણ કલ્પના તું કરે છે એ બધી તને દુઃખનું કારણ થાય છે. તું તારી સત્તાનો અજાણ થઈને દુઃખની પ્રસિદ્ધિ કરે છે તેથી આચાર્યદેવ તને તારી સત્તાનું ભાન કરાવે છે. પણ અમૃતસાગર ભગવાન આત્માની સામુ જોયા વિના અને રાગના વિકલ્પથી પરાંમુખ થયા વિના આવી સત્તાનો સ્વીકાર થઈ શકતો નથી. ત્રણલોકના નાથ કહે છે કે અમે પણ તને તારી સત્તાની શ્રદ્ધા કરાવવા સમર્થ નથી. તારો આત્મા જ તારી સત્તાનો સ્વીકાર કરાવવા સમર્થ છે.

**ग्यान भान सत्तामें**...જ્ઞાનનો સૂર્ય અને અમૃતનું નિધાન તારી સત્તામાં છે. આત્માની સત્તામાં દુઃખનું કે રાગનું નિધાન નથી. આવી સત્તાનું ભગવાને આંદોલન પ્રસિદ્ધ કર્યુ છે. સાંભળ રે સાંભળ પ્રભુ! બધું તારી પાસે છે.

**सत्ताकी दुरनि सांझ**...સત્તાને છુપાવવી તો સાંજની સંધ્યા સમાન છે. જ્ઞાનાનંદ ભગવાનને ઢાંકી દેવો કે એ હું નહિ...હું નહિ...એમ સત્તાને છુપાવવી તે અંધકાર સમાન છે. રાગમાં હુંપણું માનનાર અને રાગ કરતાં કરતાં ધર્મ થવાનું માનનાર જીવ જ્ઞાનસૂર્યની સત્તાને ઢાંકી રહ્યો છે.

આ બહુ ટૂંકમાં બનારસીદાસજીએ ચૈતન્યની સત્તાની પ્રસિદ્ધિ કરી છે. પ્રભુ! તારામાં તો જ્ઞાનાનંદની પ્રભુતાની સત્તા છે. પામરતાની સત્તા તારાં સ્વભાવમાં નથી. જેને રાગમાં, પુણ્યમાં અધિકતા ભાસે છે એ તો અજ્ઞાનરૂપી અંધકારને પ્રસિદ્ધ કરે છે. જાગતી જ્યોતનો નકાર કરીને અજ્ઞાન અંધકારને સ્વીકારે છે કે જેમાં દુઃખ છે, દુઃખનું કારણ છે. પરથી હું પ્રગટ થાઊં એવો છું એમ માનનારા જ્ઞાનસૂર્યને ઢાંકી દે છે. વસ્તુ તો જે છે તે જ છે પણ એની દૃષ્ટિમાં રાગનો જ વસ્તુપણે સ્વીકાર આવ્યો તેથી મૂળ વસ્તુ ઢંકાઈ જાય છે.

આમ, અજ્ઞાનમાં જીવ છતી વસ્તુને અછતી કરે છે અને અછતો એવો જે રાગ તેને છતો કરે છે.

બાપુ! મારગ તો આવો છે. સર્વજ્ઞ પરમાત્માએ આ માર્ગ ફરમાવ્યો છે.

**सत्ता मुख भोर है**.....સત્તાના સ્વરૂપને મુખ્ય કરવું અને રાગ તથા નિમિત્ત ગૌણ કરવા. સવારમાં જેમ સૂર્યનો ઉદય થાય છે તેમ ત્રિકાળ જ્ઞાનસૂર્યની સત્તાને મુખ્ય કરીને તેનો સ્વીકાર કરતાં મતિ-શ્રુતજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે. અપરિણામી ધ્રુવ ચીજનો સ્વીકાર કરતાં સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન આદિના પરિણામ પ્રગટ થઈ જાય છે. કેમ કે પરિણમવું એ તો વસ્તુનો પર્યાયધર્મ છે અને ત્રિકાળ આનંદરૂપે રહેવું એવો પણ વસ્તુનો ધર્મ છે.

આવો ધર્મ લોકોને મોંઘો લાગે છે અને સોંઘો ધર્મ શોધે છે પણ સોંઘો ધર્મ તો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોંઘો પડશે. તારો અવતાર આખો ચાલ્યો જશે. માટે, સાચો ધર્મ સમજવો હોય તો ચૈતન્યસત્તાને મુખ્ય કરવી અને બીજું બધું ગૌણ કરવું. એકલો ચૈતન્યસ્વભાવ જ જેની દૃષ્ટિમાં મુખ્ય થાય છે અને દેવ-શાસ્ત્ર-ગુરુ, તેમના પ્રત્યેની ભક્તિનો રાગ અને પોતાની પણ પર્યાય જેની દૃષ્ટિમાં ગૌણ થાય છે તેને સત્તાના સૂર્યનો ઉદય થાય છે. સત્તાને મુખ્ય કર્યા વિના મતિ-શ્રુતજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. બહુ ભણે, શીખે, બહુ યાદ રાખે તેનાથી સત્તાનો સૂર્ય ઉદય થતો નથી. સત્તાને મુખ્ય કરવાથી જ સત્તાનો સૂર્ય ઉદય થાય છે. ભોર એટલે સવાર પડી–સૂર્ય ઊગ્યો....તે હવે પૂર્ણતાને પ્રાપ્ત કરીને સાદિ-અનંતકાળ એમ જ રહેશે.

આ બનારસીદાસજીએ ગૃહસ્થાશ્રમમાં રહીને કેવી વાત લખી છે! એ ક્યાં ગૃહસ્થાશ્રમમાં હતાં! એ તો આત્મામાં હતાં. ધર્મી ઘરમાં હોતા નથી. ધર્મી આત્મામાં જ હોય છે. ગૃહસ્થાશ્રમનો વિકલ્પ ઉઠે તેને પણ ધર્મી જાણે છે. ધર્મી વિકલ્પમાં રહેતાં નથી ધર્મી જ્ઞાનમાં જ રહે છે.

વેપાર-ધંધામાંથી માંડ થોડો સમય મળે, એમાં સોંઘો ધર્મ લેવા જાય ત્યાં કુગુરુ એને લૂંટી લે. ધંધામાં થોડો સમય જાય, થોડો ખાવામાં જાય, થોડો ઉંઘવામાં જાય, થોડો બાકી બચે એમાં કુગુરુ પાસે જાય એટલે તે પણ લૂટાય જાય. અહીં તો ભગવાન સ્વાધીનતાનો સાચો માર્ગ બતાવે છે કે તારી સત્તાને મુખ્ય કર તો ધર્મ પ્રગટ થશે. બીજી કોઈ ચીજને મુખ્ય કરીશ તો ધર્મ નહિ પ્રગટે.

પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુતાથી ભરેલું છે એવું ભાન થાય એ જ મોક્ષ છે. આવું વસ્તુસ્વરૂપ અનાદિથી છે એમ ભગવાન કહે છે, આ કોઈ કલ્પનાની વાત નથી. ભગવાનના ઘરની વાત છે. ધર્મ પામવામાં દેવ-ગુરુનું નિમિત્ત તો હોય છે પણ નિમિત્ત કાંઈ કરી દેતું નથી. નિમિત્ત તો અકિંચિત્કર છે. ભગવાન તો સત્નું સત્પણું પ્રસિદ્ધ કરે છે, જે જીવ સમજીને સ્વીકાર કરે તેને લાભ છે.

**सत्ता भूल यहै दोष**...પોતાની સત્તાને ભૂલી જવી એ જ મોટો દોષ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ કહે છે કે તું તને ભૂલીને અમને જ યાદ કરીશ એ પણ તારી ભૂલ છે. પોતાની પૂર્ણાનંદ પ્રભુસત્તાને ભૂલીને કાંઈ પણ કરવું એ બધું ચારગતિરૂપ સંસારમાં રખડવાનું કારણ છે. ચૈતન્યસૂર્ય, અમૃતપુંજ પોતાની મહાસત્તાની સન્મુખ ન જોતાં, પર સન્મુખ જુએ છે તેણે નિજસત્તાનું ઉલ્લંઘન કર્યું છે, તેના ફળમાં એ ચારગતિના ચક્કરમાં ફરે છે. નિજને ભૂલીને પરનું સ્મરણ કરવું એ સંસારમાં રખડવાનું કારણ છે એમ ભગવાન કહે છે.

સત્ તો અનાદિથી આ રીતે છે. તેનાથી વિપરીત માનશે તેને વિપરીત ફળ આવશે.

પોતાની ચિદાનંદ સત્તાની સન્મુખતા નહિ કરતાં પર સન્મુખતા કરે છે તે જ તેને સંસારમાં રખડવાનું કારણ થાય છે. માટે અહીં તો કહે છે કે તારી સત્તાને પકડ! અમારાં હોવાપણાના કારણે તારું હોવાપણું નથી અને તારાં હોવાપણાના કારણે અમારું હોવાપણું નથી. તારું હોવાપણું તારાં કારણે છે તેને પકડ!

ગુરુથી જ્ઞાન થતું નથી અને ગુરુ પાસેથી જે સાંભળ્યું એ જ્ઞાન પણ જ્ઞાન નથી. ગુરુએ કહ્યું કે તારી સત્તા શુદ્ધ છે એવો જે તને ખ્યાલ આવ્યો તેનાથી પણ જ્ઞાન થતું નથી. જ્ઞાન તો એકમાત્ર સ્વસત્તાના આશ્રયે જ થાય છે એવી વાત છે. આ જ માને, કાલ માને કે અનંતકાળે માને પણ આ માન્યે જ એના જન્મ-મરણના આરા આવશે એ વિના તો જીવ ચોરાશીલાખ યોનિની ઘાણીમાં પીલાશે. અત્યારે એને મનુષ્યભવ મળ્યો છે, શાતાનો ઉદય છે એટલે ખાવા-પીવા આદિની અનુકૂળતા છે અને ૧૦-૨૦ લાખની મૂડી હોય એટલે પોતાને સુખી માનતો હોય. પણ એ સુખી નથી. વધારે પૈસાવાળા હોય એ તો વધારે દુઃખી હોય છે કેમ કે એને પૈસાની મમતા છે ને! પોતાની સત્તાને ભૂલીને ધનાદિની સત્તાથી પોતાનું હોવાપણું માને છે માટે તે દુઃખી છે–મૂરખ છે એ વાત આગળ ૨૮મા પદ્યમાં આવશે કે સંપત્તિ એ તો માટી છે તેને પોતાની માને છે અને તેનાથી મોટાઈ વેદે છે એ બધાં મૂરખ છે. કરોડના પતિ એટલે જડ છે.

**सत्ताके उलंघे धूमधाम चहूं वोर है**...પોતાની ચૈતન્યસત્તાનો શ્રદ્ધા-જ્ઞાનની સન્મુખ થઈને સ્વીકાર કર્યા વિના રાગ, પુણ્ય, શરીર આદિની સત્તાને જ પોતાની સત્તા માને છે તે ચારગતિમાં ઘૂમે છે. જેનાથી પોતાને લાભ માને છે તેને પોતાની સત્તા માને છે પણ પરને પોતાના માનવાથી લાભ તો થતો નથી ઉલટું ચારગતિમાં રખડવું પડે છે.

**सत्ताकी समाधिमैं**...પોતાના જ્ઞાનાનંદસ્વભાવની સત્તામાં જે રહે છે તે જ ભલો માણસ છે. સત્‌જન છે. સજ્જન=સત્‌+જન. પોતાની પૂર્ણ સત્તાનો સ્વીકાર કરનાર અને રાગાદિને પોતાના નહિ માનનાર જીવ સજ્જન છે. રાગ તો જ્ઞાનીને પણ હોય છે પણ સાથે વિવેકબુદ્ધિ હોય છે. પરની દયા પાળવાનો ભાવ હોય પણ હેયબુદ્ધિએ હોય. અજ્ઞાનીને તેમાં ઉપાદેયબુદ્ધિ હોય છે માટે તે સત્તાને ભૂલેલો છે. પોતાની સત્તાની ઉપાદેયતા ભૂલીને પરસત્તાને ઉપાદેય માને છે તે ચોર છે. પોતાના સહજ જ્ઞાનાનંદભાવને ભૂલીને પુણ્ય-પાપની સત્તાને સંભાળે છે તે ચોર છે, ભૂલેલાં છે, અપરાધી છે.

હવે ૨૪મા પદ્યમાં કહે છે કે આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ છે. સવિકલ્પમાં અનુભવ હોતો નથી. ભગવાન આત્માના પૂર્ણ સ્વભાવનો સ્વીકાર નિર્વિકલ્પ દશામાં જ થાય છે. પોતાની પૂર્ણ જ્ઞાનાનંદ સત્તાનો અનુભવ નિર્વિકલ્પતામાં થાય છે તે કહે છે.

www.vitragvani.com



जामैं लोकवेद नांहि थापना उछेद नांहि,
पाप पुन्न खेद नांहि क्रिया नांहि करनी।
जामैं राग दोष नांहि जामैं बंध मोख नांहि,
जामैं प्रभु दास न अकास नांहि धरनी॥
जामैं कुल रीत नांहि जामैं हारि जीत नांहि,
जामैं गुरु सीष नांहि वीष नांहि भरनी।
आश्रम बरन नांहि काहूकी सरन नांहि,
ऐसी सुद्ध सत्ताकी समाधिभूमि बरनी॥२४॥

અર્થ :—જેમાં લૌકિક રિવાજોની ન વિધિ છે કે ન નિષેધ છે, ન પાપ-પુણ્યનો ક્લેશ છે, ન ક્રિયાની આજ્ઞા છે, ન રાગ-દ્વેષ છે, ન બંધ-મોક્ષ છે, ન સ્વામી છે, ન સેવક છે, ન આકાશ છે, ન ધરતી છે, ન કુળાચાર છે, ન હારજીત છે, ન ગુરુ છે ન શિષ્ય છે, ન હાલવું-ચાલવું છે, ન વર્ણાશ્રમ છે ન કોઈનું શરણ છે. એવી શુદ્ધસત્તા અનુભવરૂપ ભૂમિમાં પ્રાપ્ત થાય છે.

આ પદ્યો બનારસીદાસજીએ સંતોની વાણીમાંથી કાઢીને બનાવ્યા છે. કાંઈ ઘરનું બનાવ્યું નથી. ચોથા ગુણસ્થાનવાળા, પાંચમાવાળા, છટ્ઠાવાળા મુનિરાજ કહે છે કે કેવળી કહે તે વસ્તુના સિદ્ધાંતમાં કાંઈ ફેર ન હોય. તેમની સ્થિરતામાં ફેર હોય પણ વસ્તુની દૃષ્ટિ અને જ્ઞાનમાં જરાય ફેર ન હોય.

**जामैं लोकवेद नांहि**...આત્માનો અનુભવ રાગ-દ્વેષ આદિથી રહિત છે તેથી તેમાં લોકવેદ એટલે લૌકિક રિવાજ કાંઈ નથી. જ્યાં આત્માનો નિર્વિકલ્પ અનુભવ છે તેમાં લૌકિક રિવાજ તો શું પણ શાસ્ત્રમાં કહેલી વ્યવહાર પદ્ધતિનો પણ તેમાં અભાવ છે. **थापना उछेद नांहि**...મૂર્તિને ઈશ્વર કહેવા એ લોકવ્યવહાર છે અને મૂર્તિપૂજાનું ખંડન કરવું તે લોકસ્થાપનાનો નિષેધ છે. સત્તાના અનુભવમાં બેમાંથી એકેય ભાવ હોતાં નથી. વિકલ્પમાં ભગવાનની સ્થાપના-પૂજા આદિનો શુભભાવ હોય છે પણ અનુભવમાં તે વિકલ્પ પણ ન હોય. તેથી મૂર્તિ અને મૂર્તિપૂજા જ ઉથાપી નાંખવી–એ ખોટી વાત છે. વળી તેનાથી ધર્મ માનવો એ પણ ખોટી વાત છે. સાક્ષાત્ ભગવાનની પૂજા કરવી એ પણ રાગ છે, તે કાંઈ ધર્મ નથી. પણ તેનો નિષેધ ન હોય.

**पाप पुन्न खेद**...અનુભવમાં પુણ્ય અને પાપરૂપ ખેદનો પણ અભાવ છે. પાપ અને પુણ્ય બંને ખેદ છે. વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં જેનો અભાવ છે તેનો વસ્તુના અનુભવમાં પણ અભાવ છે. વિશેષ કહેવાશે.

*

www.vitragvani.com



# નિર્વિકલ્પ અનુભવ વિના ધર્મ નથી

(સળંગ પ્રવચન નં. ૧૦૯)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વારનું ૨૪મુ પદ્ય ચાલે છે.

આત્માનો ધર્મ નિર્વિકલ્પ છે માટે આત્માની દૃષ્ટિ પણ નિર્વિકલ્પ છે. જેણે ચૈતન્યનું શરણ લીધું તેને કોઈ પરદ્રવ્ય કે પરભાવના શરણની જરૂર નથી. જ્યાં પરનું શરણ લીધું છે ત્યાં તો દુઃખ અને આકુળતા છે, સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો અનુભવ રાગના વેદન વિનાનો નિર્વિકલ્પ સુખરૂપ હોય છે.

**जामैं लोकवेद नांहि**.......લૌકિકમાં જે સુખ–દુઃખની કલ્પના છે તે આત્માના અનુભવમાં નથી. આત્માના અનુભવમાં લૌકિક જ્ઞાન પણ નથી. એકલા ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ છે. **थापना उछेद नांहि**.....આત્મા આવો છે અને આવો નથી એવો વિધિ અને નિષેધનો વિકલ્પ પણ આત્માના અનુભવમાં હોતો નથી અથવા તો મૂર્તિની સ્થાપના સંબંધી વિધિ–નિષેધ પણ તેમાં નથી એમ બંને અર્થ લઈ શકાય. **पाप–पुन्न खेद नांहि**......શુભ અને અશુભ બંને ભાવમાં ક્લેશ છે. નિર્વિકલ્પ અનુભવમાં તે બંનેનો અભાવ હોવાથી ક્લેશ નથી.

'અનુભવ રત્ન–ચિંતામણિ, અનુભવ હૈ રસ–કૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.'

અનુભવમાં કોઈ ક્રિયાનું પણ બંધન નથી કે આટલી ક્રિયા કરો તો જ અનુભવ થાય. અનુભવમાં રાગ અને દ્વેષ પણ નથી. રાગ–દ્વેષથી તો આત્મા ભિન્ન પડી ગયો છે તેથી સ્વાનુભવમાં રાગ–દ્વેષનો અનુભવ નથી. નિરાલંબી પરિણતિ છે.

બંધ અને મોક્ષ પર્યાયમાં છે પણ વસ્તુની દૃષ્ટિના અનુભવમાં બંધ અને મોક્ષનો વિકલ્પ નથી. મારે બંધ ટાળવો છે અને મોક્ષ કરવો છે એવો વિકલ્પ પણ અનુભવમાં હોતો નથી. પરમાત્મા મારા સ્વામી છે અને હું સેવક છું એવો ભેદ પણ અનુભવમાં નથી. ન આકાશ છે ન ધરતી છે એટલે કે અનુભવમાં ઊંચ–નીચનો ભેદ પણ નથી. મન અને રાગથી ભિન્ન પડીને સ્વરૂપના અનુભવમાં પડ્યો છે ત્યાં આવા કોઈ ભેદ નથી.

**जामैं कुल रीत नांहि**.......આપણા કુળનો આ રિવાજ છે માટે આમ કરવું એવું કાંઈ અનુભવમાં નથી. **जामैं हार–जीत नांहि**.......મારી હાર થઈ કે જીત થઈ એવા કોઈ ભાવનો અનુભવ આત્માના અનુભવમાં હોતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્થાનકવાસીમાં એમ વાત આવે છે કે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પહેલાં દસ સ્વપ્ન આવ્યા હતાં અને પછી કેવળજ્ઞાન થયું માટે એ લોકો સ્વપ્નને ગુણરૂપ માને છે જ્યારે વેદાંતી સ્વપ્નને દોષરૂપ માને છે, તેથી બંને પક્ષ વચ્ચે એક મહિના સુધી ચર્ચા ચાલી હતી. અરે ભાઈ! સ્વપ્ન તો મનની કલ્પના છે તેનાથી આત્મામાં ગુણ પણ ન થાય અને દોષ પણ ન થાય. ચાર જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી તો સ્વપ્ન તો કેવળજ્ઞાનનું કારણ ક્યાંથી થાય? ચાર જ્ઞાનનો અભાવ થાય છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે, કેવળજ્ઞાન તો આત્માના આશ્રયથી પ્રગટ થાય છે. ચારજ્ઞાનથી કેવળજ્ઞાન થતું નથી. મોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. મોક્ષમાર્ગ તો અપૂર્ણદશા છે. તેનાથી પૂર્ણદશા કેવી રીતે થાય? મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષની ઉત્પત્તિ થાય છે.

અંતરના અનુભવમાં આત્મા–ગુરુ અને પર્યાય–શિષ્ય એવો ભેદ પણ રહેતો નથી. ધ્રુવના અનુભવમાં કોઈ વિકલ્પ નથી. **वीष नांहि भरनी** એટલે અંતરના અનુભવમાં અનુભવ માટે આટલી ગતિ કરવી પડશે કે આટલી સ્થિતિ કરવી પડશે એવું કાંઈ નથી. અનુભવમાં હલન–ચલન નથી. અનુભવમાં કોઈ વર્ણ પણ નથી. એકલા અતીન્દ્રિય આનંદનો અનુભવ છે, તેમાં કોઈનું શરણ પણ નથી. આત્માનું શરણ લીધું ત્યાં તીર્થંકર અને કેવળી આદિનું પણ શરણ નથી. **चत्तारि शरणं पवज्जामि** આવે છે એ બધી વિકલ્પની કથની છે. ભગવાનને યાદ કર્યા અને પછી અનુભવ થયો માટે ભગવાનના શરણથી અનુભવ થયો–એમ નથી.

આનંદસ્વરૂપ આત્માને અનુભવની નિર્મળ પરિણતિ જૈનમાં જ હોય. બીજે ક્યાંય ન હોય. કેમ કે વસ્તુનું સ્વરૂપ જ જૈન છે. 'જિન સોહી હૈ આતમા........' વીતરાગ પરમાત્મા સિવાય ક્યાંય આ વાત નથી. આત્મા વીતરાગસ્વરૂપ છે અને તેનો અનુભવ એ વીતરાગીદશા છે. એ સિવાય બીજી કોઈ રીતે ધર્મ મનાવે છે તે બધી કલ્પના છે. અન્યમતમાં કલ્પનાથી ધર્મ મનાવ્યો છે.

હવે ૨૫, ૨૬ અને ૨૭મા પદ્યમાં કહે છે કે

જે આત્મસત્તાને જાણતો નથી તે અપરાધી છે—

**जाकै घट समता नहीं ममता मगन सदीव।**
**रमता राम न जानई, सो अपराधी जीव॥२५॥**

**अपराधी मिथ्यामती, निरदै हिरदै अंध।**
**परकौं मानैं आतमा, करै करमको बंध॥२६॥**

**झूठी करनी आचरै, झूठे सुखकी आस।**
**झूठी भगति हिण धरै, झूठै प्रभुकौ दास॥२७॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :—જેના હૃદયમાં સમતા નથી, જે સદા શરીર આદિ પરપદાર્થમાં મગ્ન રહે છે અને પોતાના આતમરામને જાણતો નથી તે જીવ અપરાધી છે. પોતાના આત્મસ્વરૂપને નહિ જાણનાર અપરાધીજીવ મિથ્યાત્વી છે, પોતાના આત્માનો હિંસક છે. હૃદયનો અંધ છે. તે શરીર આદિ પરપદાર્થોને આત્મા માને છે અને કર્મબંધને વધારે છે. આત્મજ્ઞાન વિના તેનું તપાચરણ મિથ્યા છે, તેની મોક્ષસુખની આશા જૂઠી છે, ઈશ્વરને જાણ્યા વિના ઈશ્વરની ભક્તિ અથવા દાસત્વ મિથ્યા છે.

જ્યાં સમતા એટલે સ્વભાવમાં એકાગ્રતા–વીતરાગતા નથી ત્યાં એકલી મમતા હોય છે. મમતા એટલે શુભાશુભરાગમાં મગ્નતા છે. શરીરની મમતા તો છે અને જે કાંઈ વિકલ્પ ઉઠે છે તેની પણ મમતા છે કે એ જ હું છું. આ મમતાને મિથ્યાત્વ કહેવામાં આવે છે.

**रमता राम न जानई** પુણ્ય–પાપના રાગ વિનાનો ભગવાન આત્મા પોતાના આનંદમાં રમનારો છે પણ તેનું જેને જ્ઞાન નથી તે જીવ અપરાધી છે. નિજપદમાં રમે તેને જ આત્મરામ કહેવાય. આત્માને તો જાણે નહિ અને રાગમાં રમ્યા કરે છે તે જીવ અપરાધી છે. એ ભલે દયા–દાન–વ્રતાદિની ક્રિયા બરાબર કરતો હોય તો પણ અપરાધી છે–ગુનેગાર છે. વ્યવહારની ક્રિયામાં જ મગ્ન છે તે મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગથી પોતાને લાભ માને છે માટે તે મિથ્યાદૃષ્ટિ–અપરાધી–ગુનેગાર છે. ક્રિયાને અને ઉદયને પોતાના માનનારો અને તે કરતાં કરતાં મારું કલ્યાણ થશે એમ માનનારો માત્ર અપરાધી છે એમ નહિ પણ મિથ્યામતિ છે, તેની દૃષ્ટિ જૂઠી છે. રાગને પાળે છે તે તો મિથ્યામતિ જ છે. રાગ વિનાના શુદ્ધ ચૈતન્યભગવાનને પાળે છે તે નિરાપરાધી ચેતનરામ છે. કોઈ પંડિત ધારાવાહીપણે આત્માની વાત કહી શકતા હોય તેથી એ સાચી દૃષ્ટિવાળા છે એમ નથી. ધારાવાહી અનુભવ કરે તે આત્મા જ્ઞાની છે–નિરાપરાધી છે. ધારાવાહી બોલે એ તો જડ વાણી છે અને ઉપદેશમાં તો વિકલ્પ છે. ઘણાં લોકો રંજિત થઈ જાય માટે એ આતમારામ છે એમ નથી. શુભ-ઉપયોગ કરતાં કરતાં શુદ્ધતા થઈ જશે એમ માનનાર અપરાધી છે, મિથ્યામતી છે અને નિર્દય છે–આત્માની હિંસા કરનાર છે.

પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં આવે છે કે રાગ છે એ જ હિંસા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા શુભરાગમાં પણ આત્માની હિંસા છે. આ તો વીતરાગમારગ છે. અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન આત્માનો સ્વભાવ વીતરાગમય છે તેનો આશ્રય ન લેતાં રાગને આશ્રયે ધર્મ માને છે તે નિર્દય છે, અપરાધી છે. પંચાસ્તિકાય આદિ શાસ્ત્રમાં નિશ્ચય સાધ્ય–સાધન અને વ્યવહાર સાધ્ય–સાધન કહ્યાં છે ત્યાં તો માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર સાધનથી નિશ્ચય સાધ્ય થાય એમ બિલકુલ નથી.

મિથ્યાદૃષ્ટિને બનારસીદાસજીએ કેવા કેવા વિશેષણ આપ્યા છે કે એ નિર્દય છે,



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અપરાધી છે, મિથ્યામતિ છે અને હૃદયનો આંધળો છે. પરને જ આત્મારૂપ માની માનીને એ કર્મોનો બંધ કરે છે. પરમાં રાગ પણ આવી જાય છે એને પરમાં મમત્વની એવી પક્કડ થઈ ગઈ છે કે તેને ફેરવવી બહુ મુશ્કેલ છે. શુદ્ધચૈતન્યને રાગની અપેક્ષા જ નથી છતાં રાગ હોય તો ધર્મ થાય એમ માનનારા હૃદયથી અંધ છે એટલે કે જ્ઞાન-અંધ છે.

પ્રવચનસારની ૧૭૨ ગાથામાં અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં આવે છે કે આત્મા પોતાથી જણાય એવો 'પ્રત્યક્ષ જ્ઞાતા' છે. આત્મા રાગથી જણાય એવો નથી, ઈન્દ્રિયથી જણાય તેવો નથી. ઈન્દ્રિય વડે જાણે તેવો આત્મા નથી. આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય જ નથી. આત્મા એકલા અનુમાનથી પરને જાણે એવો નથી અને પોતે પણ બીજાને અનુમાનથી જણાય તેવો નથી. આત્મા એ છે કે જે પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય તેવો છે.

**परकौ मानैं आतमा करै करमकौ बंध।** આત્મા પરને મારા માનીને કર્મ એટલે મિથ્યાત્વનો બંધ કરે છે. ઊંધે રસ્તે ચાલે છે અને માને છે કે અમે સવળે રસ્તે ચાલીએ છીએ. તેની દિશા ક્યારે ફરે?

**झूठी करणी आचरै**........આત્માના જ્ઞાન વિના, અંતર અનુભવ વિના, સ્વના શરણ વિના મુનિપણું લઈ લે ને મહાવ્રત પાળે, બાર વ્રત, તપ આદિ આચરે અને પોતાને જ્ઞાની માને એની ક્રિયા બધી જૂઠી છે. અર્થમાં છે ને! આત્મજ્ઞાન વિના તેનું તપાચરણ મિથ્યા છે. એ મોક્ષ માટે તપસ્યા કરે છે પણ ઊંડે ઊંડે જેને પુણ્યનો પ્રેમ છે તેને ઈન્દ્રિયસુખની જ આશા છે. પુણ્યના ભાવનો જેને પ્રેમ છે તેને પુણ્યના ફળ એવા ઈન્દ્રિયસુખનો જ પ્રેમ છે. અતીન્દ્રિય આત્માની તેને રુચિ નથી. ભોગ માટે જ એ પુણ્યને કરે છે. બંધ અધિકારમાં આવે છે કે એણે જે સુખને ભાવ્યું છે તેની જ એને ભાવના છે. અતીન્દ્રિય સુખનો એને અનુભવ જ નથી તેથી તેની ભાવના થતી નથી. જેને પુણ્યની રુચિ છે તેને જડની જ રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી.

આત્માનું સ્વરૂપ અનેકાંતમય છે. એક માણસ અન્યધર્મી હતો તેણે આ અનેકાંત-સ્વરૂપ સમજીને જૈનધર્મ અંગીકાર કર્યો તેથી તેને તેના મતના માણસો વ્યંગ કરે છે કે આણે બાપ–દાદાનો ધર્મ છોડીને સપ્ત ભંગીયાનો સંગ કર્યો! ત્યારે આ જવાબ આપે છે કે બાપ–દાદાના ધર્મમાં મેં એટલો કચરો ભેગો કર્યો હતો કે તેનો નિકાલ એક ભંગી વડે થાય તેમ ન હતો તેથી સપ્તભંગીની આવશ્યકતા પડી છે. સન્મતિસંદેશમાં આ વાત આવી છે. બીજું પણ દૃષ્ટાંત આવ્યું છે કે એક માણસ મરણપથારીએ પડ્યો છે તે પોતાના ત્રણેય દીકરાને પોતાની પાસે બેઠેલાં જોઈને કહે છે કે મોટો, નાનો, મજલો (વચલો) ત્રણેય તમે અહીં છો તો દુકાન કોણ ખોલશે? મરણ સમયે પણ એને દુકાનની પડી હતી! જુઓ આ જીવની દશા! (પછી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગુરુદેવશ્રીએ સન્મતિસંદેશમાંથી આ સપ્તભંગીનું દૃષ્ટાંત વાંચી સંભળાવ્યું.) તમારા સંપ્રદાયમાં રહીને મિથ્યાત્વનો એટલો બધો કચરો ભેગો થઈ ગયો છે કે તેને કાઢવા માટે એક–બે ભંગીથી ચાલે તેવું નથી.

એક સંપ્રદાયના સાધુએ ડોશીમાને વ્યંગ કર્યો કે માજી! તમારે રત્નપ્રભા જવું છે ને! (પહેલી નરકનું નામ રત્નપ્રભા છે) ત્યારે માજી કહે છે અરે મહારાજ! અમારા જેવા પામર રત્નપ્રભા ક્યાંથી જાય! આપ જેવા જાય. એને એમ કે રત્નપ્રભા એટલે કોઈ ઊંચું સ્થાન હશે!

સંપ્રદાય છોડીને કોઈ બીજો ધર્મ અંગીકાર કરે એટલે સંપ્રદાયવાળા એમ કહે કે અરે! એક ભવમાં બે બાપ કર્યા! અરે ભાઈ! બાપ તો એક જ હોય.

ચિદાનંદ ભગવાન આત્મા એક જ એની દૃષ્ટિનો પિતા છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ એની પ્રજા છે અને ત્રિકાળી આત્મા પિતા છે. શુભરાગ એ આત્માની પ્રજા નથી અને આત્મા શુભરાગનો પિતા નથી.

झूठी भगति हिए धरै, झूठे प्रभुको दास.......મિથ્યાદૃષ્ટિ રાગનો દાસ છે અને પોતાને પ્રભુનો દાસ ઠરાવે છે માટે જૂઠો છે. આ મોક્ષ-અધિકાર છે ને! મોક્ષમાર્ગમાં રાગ બિલકુલ કારણ નથી. રાગ તો વિઘ્ન કરનાર છે. માર્ગ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા છે. પ્રભુ પણ એમ કહે છે કે તારું સ્વરૂપ રાગરહિત છે તેનું અનુભવન કર તો તારો મોક્ષ થશે. છતાં આ એમ માને કે રાગ કંઈક તો મદદ કરશે એમ કરીને રાગને સેવે છે તે પ્રભુનો કે પ્રભુની આજ્ઞાનો પણ તે દાસ નથી.

હવે આગળ ૨૮ મા પદ્યમાં પણ બનારસીદાસજી મિથ્યાત્વની વિપરીત પ્રવૃત્તિને ખુલ્લી કરશે કે મિથ્યાદૃષ્ટિ જડ માટી એવા સોના–ચાંદીને પોતાની સંપત્તિ માને છે અને કર્મને તો અમૃત માને છે અને જે ખરેખર અમૃત છે એવા જ્ઞાનને ઝેર માને છે. આવી અજ્ઞાનીની વિપરીત ચાલને આગળ કહેવાશે.

www.vitragvani.com



# અજ્ઞાનીની અજ્ઞાન દશાનો ચિતાર

(સળંગ પ્રવચન નં. ૧૧૦)

આ, શ્રી સમયસાર નાટકનો મોક્ષદ્વાર છે. તેમાં ૨૮મુ પદ્ય લઈએ છીએ. અજ્ઞાનીજીવ વાસ્તવિક તત્ત્વને માનતો નથી તો શું માને છે તે કહે છે.

મિથ્યાત્વની વિપરીત વૃત્તિ

**माटी भूमि सैलकी सो संपदा बखानैं निज,**
**कर्ममैं अमृत जानै ग्यानमैं जहर है।**
**अपनौ न रूप गहै, औरहीसौं आपौ कहै,**
**साता तो समाधि जाकै असाता कहर है॥**
**कोपकौ कृपान लिए मान मद पान कियैं,**
**मायाकी मरोर हियैं लोभकी लहर है।**
**याही भांति चेतन अचेतनकी संगतिसौं,**
**सांचसौं विमुख भयौ झूटमैं बहर है॥२८॥**

અર્થ :—સોનુ–ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભ-ક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે. શાતાવેદનીયજનિત લૌકિક સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે, ક્રોધની તરવાર પકડી રાખી છે. માનનો શરાબ પીને બેઠો છે, મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાન્મુખ થઈને જૂઠમાં જ ગુંચવાઈ ગયો છે.

माटी.......જે સોનુ, ચાંદી, હીરા–માણેક આદિ લક્ષ્મી છે એ તો બધી પહાડની માટી છે તેને અજ્ઞાની પોતાની સંપદા માને છે અને જે પોતાની સંપદા છે એવા અનંત જ્ઞાન, દર્શન, સુખ, સત્તા આદિને માનતો નથી. જડ ધૂળને સંપત્તિ માનનારો મિથ્યાદૃષ્ટિ છે પછી ભલે તે સામાયિક, પોષા, વ્રત–તપ આદિ કરતો હોય પણ જડ લક્ષ્મીને પોતાના માને છે તો એ મિથ્યાદૃષ્ટિ જ છે. એને સામાયિક આદિ કરવાથી ધર્મ થતો નથી.

कर्ममैं अमृत जानै.......મિથ્યાદૃષ્ટિ શુભરાગની ક્રિયા જે દયા–દાન, વ્રત–ભક્તિ આદિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગ છે તેને જ અમૃત માને છે એટલે કે ધર્મ માને છે.

શ્રોતા :—શાસ્ત્રમાં એને અમૃત કહ્યાં છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, શાસ્ત્રમાં તેને અમૃત કહ્યાં છે પણ કોને? કે જેણે અમૃત સ્વરૂપ આત્માનો આશ્રય લીધો છે તેના વ્યવહારને નિશ્ચયનો આરોપ આપીને અમૃત કહ્યાં છે. જ્યારે અહીં તો અજ્ઞાની એકલા શુભભાવને જ અમૃત માને છે પણ તે અમૃત નથી. અમૃત તો ખરેખર એક જ પ્રકારનું છે પણ તેનું કથન બે પ્રકારે થાય છે. ભગવાન સર્વજ્ઞદેવને જે નિર્મળ પૂર્ણદશા પ્રગટ થઈ છે એવી જ મારામાં શક્તિ છે એવું હું દ્રવ્ય છું એમ જેને નિર્વિકલ્પ ભાન પ્રગટે તેની પર્યાયમાં જે શુભરાગ ઉઠે છે તેને વ્યવહારે અમૃત કહેવાય છે. નિશ્ચયઅમૃત તે જ અમૃત છે પણ નિશ્ચયઅમૃત-અનુભવ જેને પ્રગટ્યો છે તેના શુભરાગને વ્યવહારે અમૃત કહેવાય છે પણ એ ઝેર છે. કેમકે આત્મા અમૃતઆનંદસ્વરૂપ છે તેમાં આ જે–આમ કરું, તેમ કરું એવી વૃત્તિ ઉઠે છે તે તો આત્માના સ્વભાવથી ઉલટી વૃત્તિ છે–બહિરબુદ્ધિ છે. માટે ઝેર છે પણ જ્ઞાનીના મંદરાગને કથનમાત્રથી અમૃત કહેવાય છે, વસ્તુદૃષ્ટિએ તે અમૃત નથી.

મિથ્યાદૃષ્ટિ જ્ઞાનને ઝેર માને છે. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મામાં એકાગ્ર થવું તે તો આનંદ છે તેને અજ્ઞાની ઝેર જાણે છે. આવી તેની વિપરીત વૃત્તિ છે એ જ મિથ્યાદૃષ્ટિ–અજ્ઞાનીનું લક્ષણ છે. અનંતકાળથી રખડે છે પણ સત્ય શું અને અસત્ય શું એનો પત્તો એણે મેળવ્યો નથી. ધર્મના નામે સાધુ થયો તોપણ રાગની મંદતા અને ક્રિયાઓ કરીને મરી ગયો પણ આત્માની ઓળખાણ કરીને તેનું ધ્યાન કરવું એ એને માથાકૂટ લાગે છે. ચૈતન્ય આત્મા એકલો સમજણનો પિંડ છે તેમાં એકાગ્ર થવું એ એને ગોઠતું નથી–ગમતું નથી અને રાગમાં એકાગ્ર થવું ગમે છે. તેથી સમકિતીના રાગભાવને મોક્ષનું કારણ ઠરાવે છે પણ ભાઈ! જ્ઞાની હો કે મુનિ હો તેમનો શુભરાગ પણ બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી. આત્મા સિવાય બહારમાં જે વૃત્તિ જાય છે તે ઝેર જ છે.

**अपनौ न रूप गहै, औरहीसौं आपौ कहै**–પોતાના ચૈતન્યના શુદ્ધસ્વરૂપને તો ગ્રહે નહિ, અનુભવે નહિ, માને નહિ, જાણે નહિ અને અન્ય ભાવોને જ પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. **साता सौं समाधि**....પૂર્વનો સાતાવેદનીયનો ઉદય હોય, પૈસા, આબરૂ–કીર્તિ, મકાન, દુકાન બધું અનુકૂળ હોય તો પોતાને સમાધિ એટલે સુખી માને છે. શાતાના ઉદયમાં સુખ માને છે તે મૂઢ છે–પાપી છે. સુખ તો આત્મામાં છે તેને ન માનતાં સામગ્રીમાં સુખ માને છે તેને જ અસાતાના ઉદયમાં દુઃખ લાગે છે. શરીરમાં રોગ આવે, નિર્ધનતા થાય, દીકરો મરે, દીકરી વિધવા થાય, વીમાવાળો ભાંગે એ વખતે દુકાન સળગે.....આવા પ્રસંગો બને ત્યારે એને ઝેર જેવું લાગે છે. **असाता कहर** એટલે અસાતાના ઉદયમાં આપત્તિ ભાસે છે.

www.vitragvani.com



બહારની સામગ્રીમાં ફેરફાર થાય એમાં આપત્તિ શું આવી? આપત્તિ તો આત્માની અંદર મિથ્યાત્વ અને રાગ–દ્વેષ થાય છે તે આપત્તિ છે. ઘરમાં એક પછી એક વ્યક્તિની બિમારી ચાલતી હોય એટલે એને એમ થાય કે અરે! આ ખાટલો ખાલી થતો નથી એક પછી એક ઉપાધિ આવ્યા જ કરે છે.....પણ એમાં આપત્તિ ક્યાં આવી? પ્રતિકૂળતાને એ આપત્તિ માને છે એ એની વિપરીત માન્યતા જ એને આપત્તિરૂપ છે. તારા માપદંડ બધાં મૂર્ખાઈ ભરેલાં છે ભાઈ! ખરેખર મોહ, રાગ, દ્વેષ જ જીવને આપદારૂપ છે.

એક જગ્યાએ પ્લેગમાં એક ઘરમાંથી ફટાફટ એક પછી એક માણસો મરવા લાગ્યા હતા. બીજે વળી ઘાંચીને ત્યાં એક પછી એક જુવાન ત્રણ દીકરા મરી ગયા એટલે બધાં આપત્તિ માનીને દુઃખી દુઃખી થતાં જોયા હતા પણ બાપુ! એ તો સંયોગ છે તેનો વિયોગ થાય એમાં આપત્તિ નથી. તારી સંયોગદૃષ્ટિ તને આપત્તિરૂપ છે. સંયોગથી જ સુખ-દુઃખના માપ કાઢે છે પણ જે વસ્તુ પર છે તે તારી થઈને રહી છે કે પર તે પર જ છે? પરવસ્તુ ત્રણકાળમાં તારી થઈ જ નથી, થતી જ નથી. આ શરીર, પૈસા આદિ અજીવ, અજીવ થઈને જે રહ્યાં છે કે જીવ થઈ ગયા છે? એ અજીવનો વિયોગ થતાં આત્મામાં કાંઈ ઓછું થઈ જતું નથી.

**कोपकौ कृपान लिए**......અજ્ઞાનીએ ક્રોધની તલવાર હાથમાં જ રાખી છે. જરાંક પ્રતિકૂળતા આવે ત્યાં ક્રોધ થઈ જાય.....ચાલતાં ચાલતાં ઠેસ વાગે અને પડી જાય તો તરત ગુસ્સો આવે કે અહીં પથરો કોણે રસ્તામાં નાંખ્યો હતો? પોતે ધ્યાન ન રાખ્યું એમ નહિ વિચારે પણ કષાય કરીને આત્માના સ્વભાવને રેંશી નાખે છે.

**मान मद पान किये**.......મિથ્યાદૃષ્ટિએ માનનો તો દારૂ પીધો છે. અમે શેઠિયા છીએ, અમારું ઘર મોટું છે, અમારે મોટા ઘરની કન્યા જોઈએ...અમારું ઘર સાત પેઢીથી ખાનદાન છે, ક્યાંય અમને કલંક લાગ્યું નથી, મારી માતાનું કુળ ઊંચું હતું વગેરે.....પણ આત્માને માતા કેવી અને કુળ કેવું! પણ એ તો જ્યાં ત્યાં માન જ માંગે છે. મને આગળ કરો, મને પ્રમુખ કરો, સંઘપતિ બનાવો.....એમ જ્યાં ત્યાં હું.....હું......હું....કરતા અજ્ઞાનીએ માનનો દારૂ પીધો છે.

**मायाकी मरोर हिये**......મિથ્યાદૃષ્ટિને માયા–વક્રતાનો પાર નથી, સરળતાની તો ગંધ પણ નથી. કોઈ પણ રીતે સત્યને દુભાવવું અને અસત્યની પ્રસિદ્ધિ કરવી એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે.

આમ, મિથ્યાદૃષ્ટિ કપટમાં એકાકાર છે. માયામાં મરડાય છે. કલ્પનામાં ન આવે એવી માયા કરે છે. ભગવાન તો કહે છે આવા કપટી–માયાવી મરીને પશુ થાય છે. આડોડાઈના પરિણામના ફળમાં આડા શરીરને ધારણ કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



लोभकी लहर है। મિથ્યાદૃષ્ટિ લોભના ચક્કરમાં પડેલો છે. તેને આત્માના સ્વરૂપની ખબર નથી તેથી આત્માની ભાવના પણ ભાવતો નથી કે મારે તો મારા સ્વરૂપમાં સ્થિર થવું જોઈએ. ભાનના અભાવે લોભના ચક્કરમાં પડી જાય છે. જે હોય તે મેળવવાની જ ભાવના કર્યા કરે છે, ક્યાંય સંતોષ ધરતો નથી.

ક્રોધ અને માન એ દ્વેષના પ્રકાર છે અને માયા અને લોભ એ રાગના પ્રકાર છે. એમાં રોકાઈ ગયેલા મિથ્યાદૃષ્ટિને આત્માના આનંદની ખબર જ નથી. અરે, હું તો ચૈતન્યલક્ષ્મીનો સ્વામી છું, હું શરીરનો કે પત્નીનો કે પૈસાનો સ્વામી નથી એવા ભાનવાળા સમકિતી તો સંસારમાં રહ્યાં છતાં કોઈને 'મારા' માનતાં નથી. મારું હોય તે મારાથી જુદું ન હોય, જુદું હોય તે મારું નહિ....એવું જાણતાં જ્ઞાનીને ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીનું રાજ્ય હોય પણ ક્યાંય મારાપણું નથી. એક રાગનો કણ પણ મારો નથી ત્યાં છ ખંડનું રાજ્ય મારું ક્યાંથી હોય!

याही भांति चेतन अचेतनकी संगतिसौं.......જુઓ! આ મોક્ષ-અધિકારમાં મિથ્યાદૃષ્ટિ કેવા હોય તેની વ્યાખ્યા કરીને કહે છે કે આવી વૃત્તિવાન મિથ્યાદૃષ્ટિ મોક્ષના અધિકારી નથી. શરીર, લક્ષ્મી આદિ જડ અચેતન અને દયા-દાન આદિ અચેતનરાગના સંગથી મિથ્યાદૃષ્ટિ સત્યસ્વરૂપ ભગવાન આત્માથી વિમુખ થયો છે અને જૂઠમાં લીન છે. જે પોતાના નથી તેને પોતાના માનીને એમાં જ ગુંચવાઈ ગયો છે.

મોક્ષ-અધિકારમાં આ બહુ સારી વાત લીધી છે. એક મુમુક્ષુભાઈને આ શ્લોક બહુ ગમતો હતો એટલે બોલ્યા કરતા. દિગંબર શાસ્ત્રોનું વાંચન એને ઘણું હતું.

હવે હજુ પણ મિથ્યાદૃષ્ટિના લક્ષણ વધુ સ્પષ્ટ કરે છે.

तीन काल अतीत अनागत वरतमान,
जगमैं अखंडित प्रवाहकौ डहर है।
तासौं कहै यह मेरौ दिन यह मेरी राति,
यह मेरी घरी यह मेरौ ही पहर है।।
खेहकौ खजानौ जौरै तासौं कहै मेरौ गेह,
जहां बसै तासौ कहै मेरौही सहर है।
याहि भांति चेतन अचेतनकी संगतिसौ,
सांचसौं विमुख भयौ झूटमैं बहर है।।२९।।

www.vitragvani.com



અર્થ :—સંસારમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું ધારા–પ્રવાહ ચક્ર ચાલી રહ્યું છે, તેને કહે છે કે મારો દિવસ, મારી રાત્રિ, મારી ઘડી, મારો પહર છે. કચરાનો ઢગલો ભેગો કરે છે એને કહે છે કે આ મારું મકાન છે, જે પૃથ્વીના ભાગમાં રહે છે તેને પોતાનું નગર બતાવે છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાંગમુખ થઈને જૂઠમાં મુંઝાઈ રહ્યો છે.

આ બનારસીદાસે સ્વતંત્રપણે મોક્ષ-અધિકારમાં આ વાત મૂકી છે. **तीन काल......** જગતમાં ભૂત, વર્તમાન, ભાવિ કાળનો પ્રવાહ સહજપણે અખંડિત પ્રવાહ ચાલી રહ્યો છે તે કાળ કાંઈ આ જીવનો નથી છતાં મિથ્યાત્વી કહે છે કે હમણાં તો અમારા દિવસો છે હો, અમારી હાંકલ ચાલે છે, શહેરમાં, ગામમાં બધે હમણાં અમારી પ્રધાનતા છે એમ કહે. અમે તો રાતના રાજા છીએ.....અમારી રાત બહુ સારી જાય છે. પણ ભાઈ! રાત તો કાળદ્રવ્યનું પરિણમન છે તે રાત તારી ક્યાંથી થઈ ગઈ?

મારી ઘડી, મારો પ્રહર એમ માનીને આ કલાકમાં તો અમે અમારું કામ કરશું, પછીનો કલાક તમારો....સવારના પહોરમાં અમારે ચા–પાણી જોઈએ, પછી દિવસના બીજું....એમ સમયની સાથે પોતાની ગોઠવણી કરે છે....'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે.' પણ એલા! સમય બદલાતાં તું ક્યાં બદલી ગયો! એક સમય એવો હતો કે અમારી ખૂબ જાહોજલાલી હતી, સારાં ઘરના કેણ આવતાં હતા. હવે સમય બદલાઈ ગયો.....આવું આવું મૂઢ વિચારે છે, મિથ્યાત્વમાં તેને આવી જ સૂઝ પડે છે.

**खेहकौ खजानो......**પૈસા ભેગા કરવા એ રાખનો ખજાનો છે. મકાન એ પથ્થરનો ખજાનો છે તેને આ પાગલ મિથ્યાદૃષ્ટિ પોતાની મિલ્કત માને છે, તેને માટે દેખરેખ રાખે છે....આ અમારા સંગેમરમરના મકાન છે, આમાં લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે. ધંધામાં મહેનતથી પેદાશ કરીને આમાં ખર્ચ કર્યો છે.....ભાઈ! કોના પૈસા ને કોના મકાન! જડ ચીજ તારી ક્યાં હતી કે તેને તું વાપર! તું તો આત્મા છો, તું જડનો સ્પર્શ પણ ન કરનારો તેને વાપરવાની ક્રિયા કેમ કરી શકે! એ જડ ધન એના કારણે આવે છે અને એના કારણે બીજે જાય છે તેમાં તારો કાંઈ અધિકાર નથી. છતાં તું જડનો સ્વામી થઈને બેઠો છો એ તારી મૂઢતા છે.

પથ્થર ને ઈંટ વગેરે જોડીને બનાવેલા મકાનને પોતાનું માને છે. હું ખુરશી નાંખીને અહીં બેસતો ત્યારે આ મકાન બન્યું છે. આઠ મહિના થયા. મારી દેખરેખનું આ ફળ છે. સાધારણ મકાનમાં એને પોતાની માલિકી મનાય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી, દેવોએ બનાવેલાં મોટા મકાનમાં રહે છે પણ એક રજકણને પણ પોતાનો માનતા નથી. કેમ કે એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો જાણે છે કે હું જ્યાં છું ત્યાં રાગ નથી, હું જ્યાં છું ત્યાં મકાન નથી, હું જ્યાં છું ત્યાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ છે. મારા સ્વભાવમાં રાગ પણ નથી તો મકાન આદિ તો મારા કેમ હોય! રાણીઓ પણ અમારી નથી. એ તો મારાથી જુદાં આત્માઓ છે તે મારા કેમ થાય! એના શરીરના રજકણો–એ પણ મારા કેમ થાય! એ તો જડ છે.

જીવ અને અજીવની ભિન્નતાના ભાન વિના અજીવના સંગમાં રહેલો અજ્ઞાની આ બધું મારું છે એમ માની રહ્યો છે. અજ્ઞાન સહિત સાધુ થયો હોય તો શિષ્યોમાં મારાપણું કરે છે કે મારે તો આવા.....આવા.....આટલા શિષ્ય છે. અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ જે શહેરમાં વસે છે તેને પોતાનું માને છે.

આવા બધાં દૃષ્ટાંતો આપીને મિથ્યાદૃષ્ટિની વિપરીત વૃત્તિનું સ્વરૂપ બતાવ્યું છે કે 'હું જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છું' એવું પોતાનું ભાન ભૂલીને આ શરીર, મકાન, ધન, ગામ આદિ મારા છે એવા ભ્રમમાં એ ભૂલો પડ્યો છે. હું એવી વાણી બોલું કે લોકો ખુશ થઈ જાય......પણ ભાઈ! એ તો ભાષાનું કાર્ય છે. કંઠનો ધ્રૂજારો આત્મા કરી શકતો નથી. એક રજકણનો પણ ફેરફાર કરવો એ આત્માનું કાર્ય નથી છતાં અજ્ઞાની સત્યથી વિમુખ થઈને અસત્યમાં ગતિ કરી રહ્યો છે.

આ મિથ્યાદૃષ્ટિની વાત કરી. હવે સમ્યગ્દૃષ્ટિના વિચાર સાંભળો.

સમ્યગ્દૃષ્ટિ જીવોનો સદ્‌વિચાર

**जिन्हके मिथ्यामति नही, ग्यानकला घट मांहि।**
**परचै आतमरामसौं, तैं अपराध नांहि॥३०॥**

અર્થ :—જે જીવોની કુબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે અને જેમને આત્મસ્વરૂપની ઓળખાણ છે તે ભલા માણસ છે.

જેના અંતરમાંથી મિથ્યાબુદ્ધિ છૂટી ગઈ છે, સત્યદૃષ્ટિ પ્રગટ થઈ છે, જ્ઞાનની કળા અંતરમાં જાગૃત થઈ ગઈ છે. ઘટ એટલે આત્મામાં એવી જ્ઞાનકળા પ્રગટ થઈ છે કે હું તો શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ આત્મા છું, વિકલ્પ ઉઠે છે તે પણ મારો નથી એવી જ્ઞાનકળા જાગી છે તે જીવ મોક્ષનો અધિકારી છે. તેને આત્મરામનો જ પરિચય છે. જડની સંગતિ નથી, રાગનો અનુભવ પણ તે કરતો નથી. એ તો પોતાના ચૈતન્યનો અનુભવ કરે છે. એકલા રાગનું વેદન કરે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. દયા–દાનાદિનો વિકલ્પ પણ વિકાર છે તેને જ વેદે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનાદિથી મોક્ષનો મારગ તો આવો જ છે પણ લોકોએ સાંભળ્યો નથી એટલે એમ લાગે છે કે આવો મારગ!

બાપુ! તું તો ચૈતન્ય છો ને! રાગ ક્યાં તારો છે? રાગ જાણવાનું કામ કરે છે? જે પોતાને જાણતો નથી, પરને જાણતો નથી તે ચેતન ન હોય. એ તો અચેતન છે. જ્ઞાન વડે તે જણાય છે પણ જ્ઞાનનું એ સ્વરૂપ નથી માટે તેને પોતાનું સ્વરૂપ માને છે તે ગુનેગાર છે–અપરાધી છે; તો જે જુદાં દ્રવ્યો છે તેને પોતાના માનનારની તો શું વાત કરવી!

ભગવાન આત્મા જાણનાર–દેખનાર, શાંત, અનાકુળસ્વભાવી વસ્તુ છે તેનો પરિચય કરે, તેનું વેદન કરે–અનુભવ કરે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા! ભૂત–ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે—એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ!

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૧૯)*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સમકિતીના સદ્‌વિચારોનું વર્ણન

(સળંગ પ્રવચન નં-૧૧૧)

આ સમયસાર નાટક છે. તેમાં મોક્ષદ્વારનું ૩૧મુ પદ્ય છે. તેમાં સમ્યગ્દષ્ટિ જીવોના સદ્‌વિચાર કેવા હોય છે તેનું વર્ણન કર્યું છે.

जिन्हकै धरम ध्यान पावक प्रगट भयौ,
संसै मोह विभ्रम बिरख तीनौं डढ़े हैं।
जिन्हकी चितौनि आगे उदै स्वान भूसि भागै,
लागै न करम रज ग्यान गज चढे हैं।।
जिन्हकी समुझिकी तरंग अंग आगममैं,
आगममैं निपुन अध्यातममैं कढे हैं।
तेई परमारथी पुनीत नर आठौं जाम,
राम रस गाढ़ करैं यहै पाठ पढ़े हैं।।३१।।

અર્થ :—જેમની ધર્મધ્યાનરૂપ અગ્નિમાં સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણે વૃક્ષ બળી ગયાં છે, જેમની સુદૃષ્ટિ આગળ ઉદયરૂપી કૂતરા ભસતાં ભસતાં ભાગી જાય છે તેઓ જ્ઞાનરૂપી હાથી ઉપર બેઠેલા છે, તેથી કર્મરૂપી ધૂળ તેમના સુધી પહોંચતી નથી. જેમના વિચારમાં શાસ્ત્રજ્ઞાનની લહેરો ઉઠે છે, જે સિદ્ધાંતમાં પ્રવીણ છે, જે અધ્યાત્મિકવિદ્યાના પારગામી છે, તેઓ જ મોક્ષમાર્ગી છે—તેઓ જ પવિત્ર છે, સદા આત્મઅનુભવનો રસ દૃઢ કરે છે અને આત્મઅનુભવનો જ પાઠ ભણે છે.

जिन्हकै धरम ध्यान....જેને એટલે ધર્મીને આત્માના જ્ઞાનાનંદ સ્વભાવનું ધ્યાન—એકાગ્રતારૂપી અગ્નિ પ્રગટ થઈ છે તેથી સંશય, વિભ્રમ અને મોહ બળી ગયા છે. ધર્મી ધ્યાનમાં હોય ત્યારે જ ધર્મધ્યાન છે એમ નહિ પણ ધર્મીને કાયમ ધર્મધ્યાન હોય છે. રાગથી પૃથક્ શુદ્ધ ચૈતન્યવસ્તુમાં એકાગ્રતારૂપ ધ્યાનની શ્રેણી ધર્મીને સદાય રહે છે. ઉપયોગ આત્મામાં હોય ત્યારે જ ધર્મધ્યાન છે એમ કહ્યું નથી. નિરંતર ધર્મધ્યાનની ધારા વહે છે.

અનાદિથી જીવની રાગમાં એકાગ્રતા હતી તે મિથ્યાત્વભાવ હતો એ પણ ધ્યાન હતું–

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ધારા હતી. હવે જ્યાં ભગવાન આત્માના પવિત્ર પૂર્ણસ્વરૂપની સન્મુખતા અને એકાગ્રતા થઈ એવા ધર્મધ્યાનરૂપી અગ્નિમાં સંશય, વિમોહ અને વિભ્રમરૂપ વૃક્ષનો નાશ થઈ ગયો છે. વસ્તુસ્વરૂપ શું હશે? કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક કેમ જણાતા હશે? એવો સંશય સમકિતીને હોતો નથી. વિમોહ એટલે પરમાં સાવધાની— એકતા તેનો ધર્મીને અભાવ છે. વળી, કાંઈક હશે પણ મને કાંઈ સમજાતું નથી એવો વિભ્રમ પણ ધર્મીને હોતો નથી. આમ, સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણેય દોષ ધર્મીને બળી ગયા છે–નાશ પામ્યાં છે.

જેની દૃષ્ટિ પાસે ઉદયરૂપી કૂતરા તો ભસીને ભાગી જાય છે. ઝીણી વાત છે ભાઈ! પૂર્ણ ચૈતન્યવસ્તુ ઉપર એકાગ્રતા થઈ હોવાથી ધર્મીને કર્મનો ઉદય આવે છે તેમાં એકતા થતી નથી તેથી ઉદય આવીને ખરી જાય છે. મારામાં રાગ નથી, વિષયવાસના નથી, હું તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર છું એવું જ્યાં પ્રત્યક્ષ વેદન થયું છે તેને સમકિતી કહેવાય છે. એ સમકિતી પાસે ઉદયરૂપી કૂતરાઓ કાંઈ કરી શકતાં નથી. હાથીની સામે જેમ કૂતરા ભસી ભસીને ભાગી જાય છે, હાથીને કાંઈ કરી શકતાં નથી તેમ ધર્મીને કર્મનો ઉદય કાંઈ નુકશાન કરી શકતો નથી.

ધર્મીની સવારી રાગ અને ઉદય ઉપર નથી. ધર્મીની સવારી તો જ્ઞાનરૂપી હાથી ઉપર છે ત્યાં કર્મોની રજ પહોંચી શકતી નથી. ધર્મી તો અનંતગુણનું એકરૂપ જે આત્મા તેના સ્વભાવમાં આરૂઢ હોય છે. ધર્મી રાગના સ્વામી નથી, ધર્મી તો પોતાના શુદ્ધ આનંદના સ્વામી છે. જ્ઞાનગજ ઉપર ચડેલાં ધર્મીને નવા કર્મ બંધાતા નથી તેથી કહ્યું કે ઉદયરૂપી કૂતરા ભસીને ભાગી જાય છે.

સમકિતીને આગમનું જ્ઞાન એવું હોય છે કે તેમાંથી ન્યાયના તરંગ ઊઠે છે, સમ્યગ્જ્ઞાનના તરંગો ઊઠે છે કેમકે આગમનું અને આત્માનું સ્વરૂપ તેમના જ્ઞાનમાં છે. ભગવાને કહેલાં સિદ્ધાંતમાં જ્ઞાની નિપુણ હોય છે અને અધ્યાત્મવિદ્યામાં તો પારંગત હોય છે. બનારસીદાસે શબ્દ कढे વાપર્યો છે. કઢે એટલે કઢાયેલાં. જેમ દૂધને કઢીને ખીર બનાવે છે ને! તેમ ધર્મી અધ્યાત્મવિદ્યામાં એટલે આત્માના નિર્વિકલ્પ આનંદમાં કઢાયેલાં છે—આનંદના રસમાં ચડી ગયા છે. આત્માનો સ્વભાવ જ શુદ્ધોપયોગ છે. શુભ-અશુભરાગ એ એનો સ્વભાવ નથી, એ તો આસ્રવ તત્ત્વ છે. આત્માનું ભાન થતાં જે શુદ્ધ પરિણતિ વર્તી રહી છે તે શુદ્ધોપયોગ જ છે.

ધર્મીને અંતરમાં શ્રદ્ધા હોય છે કે જે ક્ષણે દેહ છૂટવાનો છે તેમાં એક ક્ષણનો પણ ફેર નહિ પડે. ઈન્દ્ર આવે કે નરેન્દ્ર આવે પણ તે દેહને છૂટતો રોકી શકવા સમર્થ નથી. કોઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેને મદદ કરી શકે તેમ નથી. પોતાનું આયુષ્ય પૂરું થતાં ઈન્દ્ર આદિ દેવો પણ મરી જાય છે તો બીજાને એ શું બચાવી શકે? દેવ મરીને તિર્યંચમાં ચાલ્યા જાય છે. પૂર્વે કાંઈક દયા-દાનાદિ પુણ્ય કર્યા હોય તેથી સ્વર્ગમાં તો જાય પણ મિથ્યાત્વ તો છૂટ્યું ન હોય તો વાસનાની એકતા સહિત મરીને ઢોર થાય છે. જુઓ આ સંસારની લીલા!

સમકિતી આત્મજ્ઞાનના સિદ્ધાંતોમાં પ્રવીણ હોય છે. બીજાં સિદ્ધાંતો જાણે કે ન જાણે તેની સાથે કાંઈ સંબંધ નથી. શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મામાં અશુદ્ધતા નથી. એવા જે સિદ્ધ થઈ ગયેલાં સિદ્ધાંતો તેમાં જ્ઞાની પ્રવીણ છે. આવા જ્ઞાની જીવો જ પરમાર્થ મોક્ષમાર્ગી છે—તેઓ જ પુનિત—પવિત્ર છે. છઢાળામાં લીધું છે કે સમકિતી પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક અને મુનિઓ એ બધા મોક્ષના માર્ગે ચાલનારા—મોક્ષગામી છે—તીનો અંતરાત્મા શિવમગચારી છે. કારણ કે રાગથી ભિન્ન પડેલાં જ્ઞાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયનો અંશ છે. આજે આ કૈલાશચંદજીનું લખાણ આવ્યું છે, તેમાં ધવલાનો આધાર આપીને લખ્યું છે કે અનંતાનુબંધી કષાય દર્શન અને ચારિત્ર બંનેનો ઘાત કરે છે. તેથી અનંતાનુબંધી કષાયનો નાશ થવાથી ચારિત્રનો પણ અંશ પ્રગટ થાય છે. ખરેખર અનંતાનુબંધીની પ્રકૃતિ ચારિત્રમોહની જ પ્રકૃતિ છે તેથી તેના નાશથી સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થાય છે, માટે ચોથા ગુણસ્થાનથી જ એટલી સ્થિરતા શરૂ થઈ જાય છે. જો સ્વરૂપાચરણ જેટલી સ્થિરતા ન હોય તો અનંતાનુબંધીના નાશનું ફળ શું?

ગુણસ્થાન પોતે વ્યવહારનયનો વિષય છે પણ ચોથાગુણસ્થાનનો વિષય અખંડ આત્મા છે. ચૌદેય ગુણસ્થાન પર્યાય હોવાથી વ્યવહારનયનો વિષય છે તેથી ચોથું ગુણસ્થાન પણ વ્યવહારનયનો વિષય છે, પણ તે પર્યાયનો વિષય પૂર્ણ શુદ્ધ અખંડ ચૈતન્ય છે.

**तेई परमारथी पुनीत नर**.....આવા પવિત્ર સમ્યગ્દૃષ્ટિ પરમાર્થી જ્ઞાની જીવ આઠેય પહોર ચેતનરામના રસને ગાઢ કરે છે. રાગના રસને ગાઢ કરતાં નથી. ચાર પહોર દિવસના અને ચાર પહોર રાતના—એમ આઠેય પહોર ધર્મી આત્માના આનંદના રસને ગાઢ કરે છે, તેમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતાગુણના રસની પ્રગટદશા છે. કેમકે ચોથા ગુણસ્થાને આત્માના બધાં ગુણોના અંશની વ્યક્તતા છે.

પ્રશ્ન થાય કે ધર્મી આઠેય પહોર આત્માના રસને ભોગવે છે તો સૂતા ક્યારે હશે? જમતાં ક્યારે હશે? બીજાં બધાં કામ ક્યારે કરતાં હશે?....અરે! આત્મા ક્યાં ખાય છે કે સૂએ છે? જ્ઞાનીજીવને તો નિરંતર શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા હોય છે તેથી આત્મારામનો રસ ગાઢ કરે છે, વ્યવહારના–રાગના રસને ગાઢ કરતાં નથી. વસ્તુની દૃષ્ટિ થઈ અને તેમાં સ્થિરતા થઈ એટલે તેનો જ રસ જ્ઞાનીને હોય છે. રાગનો રસ જ્ઞાનીને હોતો નથી. ભોગનો

www.vitragvani.com



વિકલ્પ હોય પણ તેનો રસ નથી. રાગ હો પણ રાગનો રસ નથી. જ્ઞાની તો બસ આત્માના અનુભવનો પાઠ પઢ્યાં કરે છે. શાસ્ત્રના પાના વાંચવા એ તો વિકલ્પ છે. જ્ઞાની તો તેના અનુભવના પાઠ ભણે છે.

આ ૩૧ કળશ થયો. હજુ સમ્યગ્દષ્ટિના સદ્‌વિચારનો જ વિસ્તાર કરે છે.

जिन्हकी चिहुंटि चिमटासी गुन चूनिबेकौं,
कुकथाके सुनिबेकौं दोऊ कान मढ़े हैं।
जिन्हकौ सरल चित्त कोमल वचन बोलै,
सोमदृष्टिलियैं डोलैं मोम कैसे गढ़े हैं॥
जिन्हकी सकति जगी अलख अराधिबेकौं,
परम समाधि साधिबेकौं मन बढे हैं।
तेई परमारथी पुनीत नर आठौं जाम,
राम रस गाढ करैं यहै पाठ पढ़े हैं॥३२॥

અર્થ :—જેમની બુદ્ધિ ગુણ ગ્રહણ કરવામાં ચીપિયા જેવી છે, વિકથા સાંભળવા માટે જેમના કાન મઢેલા અર્થાત્ બહેરાં છે, જેમનું ચિત્ત નિષ્કપટ છે, જે મૃદુભાષણ કરે છે, જેમની ક્રોધાદિ રહિત સૌમ્યદૃષ્ટિ છે, જે એવા કોમળ સ્વભાવવાળા છે કે જાણે મીણના જ બનેલાં છે, જેમને આત્મધ્યાનની શક્તિ પ્રગટ થઈ છે અને પરમ સમાધિ સાધવાને જેમનું ચિત્ત ઉત્સાહી રહે છે, તેઓ જ મોક્ષમાર્ગી છે, તેઓ જ પવિત્ર છે, સદા આત્મઅનુભવનો રસ દૃઢ કરે છે અને આત્મ-અનુભવનો જ પાઠ ભણે છે અર્થાત્ આત્માનું જ રટણ રહે છે.

ચિહુંટી એટલે બુદ્ધિ કે જે ચીપિયાની જેમ કામ કરે છે. ઝીણો ચીપિયો નાની વસ્તુને પણ ગ્રહણ કરી લે છે તેમ ધર્મીની સૂક્ષ્મબુદ્ધિ આત્માના સૂક્ષ્મભાવોને પણ પકડી લે છે. શાસ્ત્રનું જ્ઞાન ઓછું હોય કે સંસારનું ડહાપણ ઓછું હોય તેની સાથે કાંઈ સંબંધ નથી. અંતરમાં અનંતગુણના નાથને પકડવામાં જેની બુદ્ધિ કામ કરે છે તે જ્ઞાની છે.

ધર્મથી વિપરીત કથા તે કુકથા છે તેને સાંભળવામાં ધર્મીના કાન બંધ છે. "પાપમાં મજા છે, પુણ્યથી ધર્મ થાય છે, સંયોગ અનુકૂળ હોય તો આત્માને ધર્મ થાય".....એવી જે કથા તે કુકથા છે તેને ધર્મી સાંભળતા નથી કેમકે એ તો સમકિતનો નાશ કરનારી કથા છે. સુદૃષ્ટિતરંગિણીમાં ૨૫ પ્રકારની આવી કુકથાને સમકિત ભેદિની કથા કહી છે. બધાં ધર્મ સરખા છે, બધાં ધર્મ સત્ય છે....એ બધી કુકથા છે.

ધર્મીનું સરળ ચિત્ત સત્યને તરત ગ્રહણ કરી લે છે. સત્ય વાતને સમજવામાં ધર્મી મીણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેવા કોમળ હોય છે, જેમ વાળો તેમ વળે છે. વસ્તુનું ભાન તો છે પણ કોઈ વાતનો ખ્યાલ ન હોય અને પોતાને તેનો સાચો ખ્યાલ કોઈ આપે તો તેને યથાર્થપણે ગ્રહણ કરે છે. વસ્તુસ્વરૂપને સ્વીકારવામાં તેને કઠિનાઈ ન હોય–કોમળતા હોય. જેમ મીણ સહજમાં પીગળી જાય છે અને વાળવું હોય તેમ વળી જાય છે, તેમ જ્ઞાની તત્ત્વની વાત સહજમાં સમજી જાય છે. થોડામાં બધું સમજી જાય છે.

**जिन्हकी सकति जगी अलख अराधिबेकौं**......સમ્યગ્દૃષ્ટિ અને ધર્મીને અલખ એવા આત્માને આરાધવાની શક્તિ પ્રગટ થઈ છે. ભગવાન આત્મા ઈન્દ્રિયોથી દેખાય તેવો કે જણાય તેવો નથી માટે આત્માને અલખ કહ્યો છે. ધર્મી કદાચિત્ ચક્રવર્તીના રાજ્યમાં પડ્યો હોય તોપણ આત્માની આરાધના ચાલુ છે. ભરત ચક્રવર્તીને ખબર પડી કે કૈલાસપર્વત ઉપરથી ઋષભદેવ પ્રભુ નિર્વાણ પામ્યા છે તરત ત્યાં ગયા અને આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે...પોતે સમકિતી છે, ત્રણ ખંડના ધણી છે અને એ જ ભવે મોક્ષ જવાના છે, છ ખંડનું રાજ્ય છે, ૯૬ હજાર રાણી છે, ૯૬ કરોડ પાયદળ છે, ૪૮ હજાર પાટણ અને ૭૨ હજાર નગર છે પણ એ કોઈને પોતાના માનતાં નથી.

ઈન્દ્ર ભરતને કહે છે કે તમે તો આ ભવે જ મોક્ષગામી છો અને કેમ ભગવાનના વિરહમાં રડો છો? ત્યારે ભરત કહે છે કે અમે જાણીએ છીએ છતાં પરમાત્માનો રાગ અમને આવે છે તેથી રડાય જાય છે. પણ આ રાગ પણ અમારી ચીજ નથી એમ અમે જાણીએ છીએ. રાગમાં કે રુદનમાં અમે નથી....સમકિતી આવા હોય છે.

પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને વિકલ્પથી આરાધી શકાતું નથી. ધર્મીને તો ચૈતન્યગંજ પ્રભુ આત્મામાં એકાગ્રતાની આરાધના અંતરમાંથી જ જાગી છે. ધંધો કરીને કમાવાની કે બીજાંને ઉપદેશ આપીને સમજાવવાની શક્તિ જાગી છે એમ ન કહ્યું પણ આત્માને આરાધવાની શક્તિ જાગી છે એમ કહ્યું છે.

ધર્મીને શરીરમાં રોગ પણ આવે, સનત્કુમાર ચક્રવર્તીને મુનિ અવસ્થામાં ગલત્ કોઢનો રોગ થયો હતો ને! જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી રોગ પણ આવે છે પણ તેનો અર્થ એવો નથી કે રાગ છે માટે રોગ આવે છે. ધર્મી તો પોતાની પવિત્રતાના પ્રેમમાં પડ્યાં છે. શરીર ગળો કે રહો તેની સાથે ધર્મનો સંબંધ નથી. કોઈ પાપી હોય અને નીરોગી હોય. પણ તેથી શું! એ તો બધી શરીરની સ્થિતિ છે. ધર્મીને તો અલખને આરાધવાની શક્તિ જાગી છે, રોગને મટાડવાની શક્તિ જાગી નથી. કોઈના આશીર્વાદથી શરીરનો રોગ મટી જાય એવું વસ્તુનું સ્વરૂપ નથી.

ધર્મીનું મન તો પરમ શાંતિનાં ધામમાં જવા માટે વધેલું છે. તેમાં ઉત્સાહ છે. બીજાના કાર્યો સાધવાનો ઉત્સાહ નથી. મારી સત્તા જુદી અને પરની સત્તા જુદી—સ્વતંત્ર છે, માટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મારે પર સાથે કાંઈ સંબંધ નથી. સ્વરૂપ સાધવામાં ઉત્સાહી એવા પરમાર્થી–જ્ઞાની જીવ રાત-દિવસ સ્વરૂપનો રસ ગાઢો થાય એવો પાઠ ભણે છે. આત્માનો શાંતરસ કેમ વધે એવો અભ્યાસ કરે છે. બીજાં પાઠ આવડે કે ન આવડે તેની સાથે કાંઈ સંબંધ નથી. નવપૂર્વ ભણનારો મિથ્યાદૃષ્ટિ અભવિ પણ હોઈ શકે છે અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સિવાય કાંઈ નહિ જાણતો ભાવલિંગી મુનિ પણ હોય શકે છે. તેને બસ એક આત્માનું જ રટણ લાગ્યું રહે છે....હવે મુનિની સમાધિનું વર્ણન કરે છે.

સમાધિ વર્ણન

**राम-रसिक अर राम-रस, कहन सुननकौं दोइ।**
**जब समाधि परगट भई, तब दुविधा नहि कोइ॥३३॥**

અર્થ :—આત્મા અને આત્મ-અનુભવ એ કહેવા–સાંભળવામાં બે છે પણ જ્યારે આત્મધ્યાન પ્રગટ થઈ જાય છે ત્યારે રસિક અને રસનો અથવા બીજો કોઈ ભેદ રહેતો નથી.

અમૃતચંદ્રાચાર્યના મૂળ ૧૦મા કળશનો અર્થ તો એટલો જ છે કે જ્યાં પ્રતિક્રમણ કરવાના શુભરાગને પણ ભગવાને ઝેર કહ્યો છે ત્યાં અપ્રતિક્રમણ તો ઝેર છે જ. અહીં તો રામ રસિક અને રામ-રસમાં ભેદ નથી એમ કહેવું છે. ભેદ પાડવો તે રાગ છે. શુભરાગ છે તે પણ ઝેર છે તો પાપને અમૃત કોણ કહે! હિંસા, જૂઠ, વિષય-વાસના આદિ પાપરાગ તો ઝેરના ઝાડ જ છે. તો અમૃત શું છે?—કે શુભરાગથી પણ હટી અંતર-સ્વભાવમાં એકાગ્રતા કરવી તે અમૃત છે. શુદ્ધભાવ તે અમૃત છે.

માણસને મોટો પ્રભુ પરમાત્મા કે જે શુદ્ધ સ્વભાવનો સાગર છે તેની રુચિ અને પ્રેમ નથી અને રાગની રુચિ અને પ્રેમ છે તેનું શું ફળ આવે છે તેની એને ખબર નથી. જ્ઞાની તો પોતાના ભાગ્યોદયને પણ વિષ્ટા સમાન માને છે તે વાત આગળ આવી ગઈ છે. ૧૯૫ પાના ઉપર.

**सीठसौ सुजसु जानै बीटसौ वखत मानै,**
**ऐसी जाकी रीति ताहि बंदत बनारसी॥१९॥**

લોકો રાડ પાડી જાય એવી વાત છે ને! જ્ઞાની ભાગ્યોદયને વિષ્ટા માને છે. અજ્ઞાનીને તેમાં મોટાઈ લાગે છે કે અમારે તો છોકરાં સારાં પાક્યાં છે, દુકાન બહુ સારી ચાલે છે, પાંચ પાંચ લાખની તો મહિને પેદાશ છે....પહેલાંના જમાનામાં મોટા માણસો ચાર ચાર ઘોડાવાળી બગીમાં બેસતાં....એ જોઈને લોકોને અહાહા....થાય પણ જ્ઞાની તો એવા ભાગ્યને વિષ્ટા માને છે. બંધ અધિકારમાં આ વાત આવી ગઈ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અરે! જ્યાં શુભભાવને પણ ઝેર કહીને અમે જીવોને શુદ્ધભાવરૂપ અમૃતભૂમિમાં લાવવા માગીએ છીએ ત્યાં જીવો શુભભાવ છોડીને પાપ કરે છે! ઉપર જવાને બદલે નીચે ઉતરે છે....આ શું કરે છે! શુભભાવ છોડીને શુદ્ધમાં જવાનું કહીએ છીએ, અશુભમાં જવાનું અમે કહેતાં નથી. ગાથામાં કહેલાં આ ભાવોને બનારસીદાસજી એ ટૂંકામાં પદ્યમાં કહ્યાં છે. રામરસિક એટલે આત્મારામ અને રામ-રસ એટલે આત્માનો અનુભવ એ બંનેમાં ભેદ નથી. આનંદરસનો રસિયો ભગવાન આનંદરસમાં રમે એ વસ્તુ એક જ છે બે નથી. હું આત્માને અનુભવું છું એવો ભેદ પણ અનુભવમાં નથી. સમ્યગ્દૃષ્ટિને અનુભવકાળમાં હું આનંદનો રસીલો છું અને આનંદને અનુભવું છું એવો રાગ, વિકલ્પ કે ભેદ હોતો નથી. આવા અભેદના અનુભવનું જ નામ ધ્યાન અથવા નિર્વિકલ્પ સમાધિ છે. તે જ શુદ્ધોપયોગ છે. આવા સમકિતીને જ્ઞાની કહેવામાં આવે છે.

❀ ❀ ❀

તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીરું જીવને જ્ઞાની ગુરુ કહે છે : ભાઈ! તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એકવાર પ્રસન્ન થઈને જો કે—અહા! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને—મતિ-શ્રુતની પર્યાયને—લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માનાં દર્શન થશે; અને તને વિસ્મય થશે કે—'ઓહો! આ હું? આવા આત્માના દર્શન માટે મેં કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૫૫)*

www.vitragvani.com



# મુનિરાજને પ્રમત્ત-દશા પોસાતી નથી

(સળંગ પ્રવચન નં. ૧૧૨)

આ, શ્રી સમયસાર નાટકનો મોક્ષદ્વાર છે. તેમાં ૩૪મું પદ્ય લેવાનું છે.

**नंदन बंदन थुति करन, श्रवन चिंतवन जाप।**
**पढ़न पढ़ावन उपदिसन, बहुविधि क्रिया-कलाप॥३४॥**

અર્થ :—આનંદ માનવો, નમસ્કાર કરવા, સ્તવન કરવું, ઉપદેશ સાંભળવો, ધ્યાન કરવું, જાપ જપવો, ભણવું, ભણાવવું, વ્યાખ્યાન આપવું આદિ સર્વ શુભ ક્રિયાઓ છે.

આ મોક્ષ અધિકાર છે. તેમાં કહે છે કે શુભભાવ તો જ્ઞાની, મુનિ બધાંને આવે છે પણ તે બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. નંદન એટલે આનંદ–ધર્મનું શ્રવણ, ભક્તિ આદિમાં આનંદ આવે છે પણ તે શુભવિકલ્પ છે–શુભાચાર છે. મોક્ષમાર્ગમાં એવો ભાવ વચમાં આવે ખરો પણ તે મોક્ષમાર્ગ નથી.

ઈન્દ્ર ભગવાનને હજાર નેત્રથી જુએ છે ને! એ પણ શુભરાગ છે. પણ અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. મુનિને **विषं प्रणीतम्।** મુનિને શુભભાવ ઝેર જેવા લાગે છે. મુનિરાજને સ્વરૂપમાં સ્થિરતા હોવા છતાં પ્રમત્તભાવમાં—છઠ્ઠા ગુણસ્થાનમાં આવા ભાવ હોય છે.

પ્રશ્ન :—છઠ્ઠા ગુણસ્થાનમાં આવો શુભરાગ ન હોય તો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મુનિને શુદ્ધોપયોગ અને શુભોપયોગ બે જ હોય. શુદ્ધભાવ હોય ત્યારે શુભભાવ ન હોય અને શુભભાવ હોય ત્યારે શુદ્ધોપયોગ ન હોય એ સિવાય ત્રીજો ભાવ મુનિને ન હોય. મુનિદશા કોને કહે ભાઈ! જ્યાં સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડીને અનુભવ થયો છે. ઉપરાંત શાંતિની વૃદ્ધિ થઈ છે, પ્રચુર સ્વસંવેદન છે. એ શુદ્ધપરિણતિ સંવર અને નિર્જરાનું કારણ છે અને સાથે જે શુભરાગ છે તે બંધનું કારણ છે. આગળ કહેશે કે વસ્તુની વ્યવસ્થા જ આવી છે તે ભગવાને કહી છે. એવી જ હું કહું છું. તને કઠણ લાગે કે ન લાગે પણ **इहि विधि वस्तुव्यवस्था जैसी, जिनंद कही मैं तैसी।**

અરે! ચોરાશીલાખ યોનિનાં અવતારમાં જન્મ-મરણનાં દુઃખ કેટલાં આકરાં છે! આ તે કાંઈ આત્માને શોભે છે! આત્માની તો જ્ઞાન અને આનંદની દશા હોય પણ જીવને તેનું ભાન પણ

www.vitragvani.com



દુર્લભ થઈ પડ્યું છે. ત્યાં એ શાંતસ્વરૂપની દૃષ્ટિ થઈને અનુભવ થવો એ તો મહા અલૌકિક વાત છે. પણ અહીં તો તેનાથી પણ આગળની—મુનિદશાની વાત કરે છે. મુનિને પ્રચુર સ્વસંવેદન તો સુખદાયી છે પણ સાથે રહેલો શુભરાગ દુઃખદાયી છે–નુકશાનનું કારણ છે.

મુનિરાજને પણ પરમાત્માને નમસ્કાર કરવાનો ભાવ આવે છે. **णमो अरहंताणं।** એમ કહે છે એ પણ શુભરાગ છે, સ્તુતિ પણ મુનિરાજ કરે છે. ભગવાનની સ્તુતિ કરે, ગુરુની સ્તુતિ કરે, ગુણીજનની સ્તુતિ કરે એ પણ શુભરાગ છે. સમંતભદ્રાચાર્યે તો ૨૪ તીર્થંકરની સ્તુતિ કરી છે અને કહે છે કે મને તો સ્તુતિનું વ્યસન થઈ ગયું છે. એવો શુભભાવ ભૂમિકા પ્રમાણે હોય છે પણ તે શિવમારગ નથી.

વીતરાગની વાણીનું શ્રવણ કરવું એ પણ શુભરાગ છે. ગણધરો અને મુનિઓ પણ વાણી સાંભળે છે. આત્મા આવો છે.....આવો છે એમ ઘોલન કરવું એ પણ શુભરાગ છે. ધર્મ નથી, સંવર, નિર્જરાનું કારણ નથી. શાસ્ત્રવાંચન અને લખવાનો ભાવ પણ મુનિને આવે છે પણ જો અંતરમાં ઠરી જાય તો વાંચવા-લખવાનું રહેતું નથી. મુનિને શુભરાગ આવે છે પણ તેનો નિષેધ વર્તે છે પણ તેથી શુભરાગ ન આવે—એમ નથી. જો શુભરાગ જ ન આવતો હોય તો પ્રમત્તગુણસ્થાન જ ન રહે.

મુનિરાજને પાત્ર જીવોને ઉપદેશ આપવાનો વિકલ્પ ઉઠે છે તે પણ રાગ છે, ધર્મ નથી, માટે ઉપદેશ આપવાથી નિર્જરા થતી નથી. મુનિને નિર્દોષ આહાર લેવાનો ભાવ આવે છે તે પણ શુભરાગ છે સંવર નથી. આ પ્રમાણે અનેક પ્રકારના ક્રિયા-કલાપ એટલે શુભવિકલ્પ મુનિને પણ આવે છે તે રાગ છે, વીતરાગભાવ નથી. કેમ કે વીતરાગભાવ તો આત્માના લક્ષે પ્રગટ થાય. પરના લક્ષે વીતરાગભાવ પ્રગટ ન થાય.

પ્રભુ! વીતરાગનો મારગ તો તારો મારગ છે કેમ કે તારું સ્વરૂપ જ વીતરાગ છે. 'જિન સો હી હૈ આતમા' આત્માનું સ્વરૂપ જ અનાદિ-અનંત વીતરાગ સ્વરૂપ છે, તેમાંથી બહાર નીકળવું તે રાગ છે. શુભરાગની ક્રિયાઓને ધર્મનું નામ અપાય છે પણ તે ધર્મ નથી, બંધનું કારણ હોવાથી આત્માને ઘાતનાર છે. તેથી હવે કહે છે કે....

**सुद्धातम अनुभव जहां, सुभाचार तहां नांहि।**
**करम करम मारग विषैं, सिव मारग सिवमांहि॥३५॥**

અર્થ :—ઉપર કહેલી ક્રિયાઓ કરતાં કરતાં જ્યાં આત્માનો શુદ્ધ અનુભવ થઈ જાય છે ત્યાં શુભોપયોગ રહેતો નથી. શુભક્રિયા કર્મ-બંધનું કારણ છે અને મોક્ષની પ્રાપ્તિ આત્મઅનુભવમાં છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુભભાવ કરતાં કરતાં શુદ્ધ અનુભવ થાય છે એમ કહ્યું તેનો અર્થ એ છે કે સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ તો છે અને સાથે શુભરાગ પણ આવે છે તે છૂટીને જ્યારે સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આત્માની નિર્વિકલ્પશાંતિ અનુભવાય છે અને તેને જ નિર્જરા કહેવામાં આવે છે. જ્યારે આવા શુદ્ધોપયોગરૂપ સાતમું ગુણસ્થાન આવે છે ત્યાં શુભાચાર કે શુભરાગ હોતો નથી. મુનિ પ્રમત્તભાવથી છૂટીને અપ્રમત્તભાવમાં આવે છે ત્યારે મુનિને શુભાચારના ક્રિયાકલાપ હોતા નથી.

નંદન, વંદન આદિ આઠ પ્રકારના ક્રિયાકલાપ કહ્યાં છે તે બધાં બંધનો માર્ગ હોવાથી મુનિને તેનો નિષેધ વર્તે છે. એ બધો રાગ કર્મબંધના માર્ગમાં છે. મોક્ષમાર્ગ તો સિવમાંહિ એટલે આત્મામાં છે. આત્માના આશ્રયે દૃષ્ટિ–જ્ઞાન અને રમણતા છે તે મોક્ષમાર્ગ છે–શિવમાર્ગ છે. અત્યારે મોક્ષમાર્ગ ન હોય એમ માનનારની દૃષ્ટિમાં ઝેર છે. તે એને પોતાને નુકશાન કરે છે પણ એને ખ્યાલ નથી આવતો. મોક્ષનો માર્ગ તો શુદ્ધ ચૈતન્ય આનંદધામની ક્રિયામાં હોય, કાંઈ રાગની ક્રિયામાં મોક્ષમાર્ગ ન હોય. બંધ તો બંધના માર્ગમાં હોય અને મોક્ષ મોક્ષના માર્ગમાં હોય. બંને માર્ગ જુદાં છે. ભલે સમકિતી જ્ઞાની કે મુનિ હોય પણ તેને જે શુભરાગ આવે છે તે બંધનું જ કારણ છે. જેટલાં અંશે તેમને નિર્વિકલ્પ સ્થિરતા અને શુદ્ધપરિણતિ છે એટલાં અંશે મુક્તિ છે અને જેટલી રાગની પરિણતિ છે એટલાં અંશે બંધ છે.

રાગમાં ધર્મ મનાવવામાં મૂળ કારણ એ છે કે પોતાને અંતરના માર્ગની સૂઝ પડતી નથી એટલે જેમાં સૂઝ પડે છે એવા શુભરાગને જ મોક્ષમાર્ગ માની બેસે છે અને બીજાંને પણ એમ ઉપદેશે છે.

અહા! બહારમાં કોઈ ક્યાંય શરણ નથી. દેહ છૂટશે ત્યારે આંતરડા ખેંચાય કે છાતીમાં દુખાવો થાય ત્યારે તેનાથી ભેદજ્ઞાન નહિ કર્યુ હોય તો કોનું શરણ લઈશ? ભગવાનનું શરણ લઈશ તે પણ વિકલ્પ છે તેનાથી શાંતિ નહિ થાય. શાંતિ તો એકમાત્ર નિર્વિકલ્પ નિજ ચૈતન્ય ભગવાનના શરણે જ થશે. દામોદર શેઠનો દીકરો રાયચંદ છ મહિનાનાં પરણેતરે ગુજરી ગયો હતો. તેની તિથિમાં રોવાવાળી બાયુને બોલાવી હતી. એ સાંભળીને બધાનાં હૃદય પીગળી જતાં હતાં કોણ બચાવી શક્યું? કોણ શરણ થયું? આબરૂ, કીર્તિ કાંઈ કામ ન લાગ્યાં એ છોકરો પૂના ભણતો ત્યારે એકવાર બાપને કાગળમાં લખ્યું હતું કે અમારે ભણવાની ફી, રહેવા-જમવાના ખર્ચ ઉપરાંત ખીસ્સા ખર્ચના રૂા. ૨૦૦ જોઈશે. અમે કાંઈ ગરીબ ઘરના નથી કે થોડાં પૈસે ચલાવીએ. ઘરમાં રોકડાં પૈસા આવે છે ત્યારે ઉપાડવામાં કમ્મર અમારી ભાંગે છે, માટે પૈસા મોકલવામાં ખેંચ ન રાખશો. જુઓ! આ દીકરો ત્રણ મહિનાની બિમારીમાં ચાલ્યો ગયો. બિચારો સ્વરૂપની દૃષ્ટિ વિના ચાલ્યો ગયો. આત્માના ભાન વગરના મરણ એ કાગડાં-કૂતરાનાં મરણ જેવા છે. ચૈતન્યભગવાનનું શરણ એ જ સાચું શરણ છે. એ સિવાય કોઈ શરણ નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ ૩૫મુ પદ્ય થયું. करम करम मारग विषै, सिव मारग सिवमांहि। હજુ ૩૬મા પદ્યમાં એ જ વાત વિશેષ સ્પષ્ટ કરે છે.

इह बिधि वस्तुव्यवस्था जैसी।
कही जिनंद कही मैं तैसी॥
जे प्रमाद संजुत मुनिराजा।
तिनके सुभाचार सौ काजा॥३६॥

અર્થ :—ગ્રંથકાર કહે છે કે આ રીતે પદાર્થનું જેવું સ્વરૂપ જિનરાજે કહ્યું છે તેવું અમે વર્ણવ્યું. જે મુનિરાજ પ્રમાદ દશામાં રહે છે તેમને શુભક્રિયાઓનું અવલંબન લેવું જ પડે છે.

ટોડરમલ્લજી કહે છે કે ભગવાન સર્વજ્ઞદેવે વસ્તુની વ્યવસ્થા જે રીતે કહી છે તેવી જ અમે કહી છે. અમે કાંઈ કલ્પનાથી વસ્તુસ્થિતિ કહી નથી. છઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં મુનિને પ્રમત્ત દશામાં પંચમહાવ્રત આદિ ૨૮ મૂલગુણ પાલનનાં ભાવ આવ્યાં વગર રહેતા જ નથી. શુભરાગનો આશ્રય લેવો પડે છે તેનો અર્થ કે મુનિને ભૂમિકા અનુસાર શુભરાગ હોય જ છે.

जहां प्रमाद दसा नहि व्यापै।
तहां अवलंब आपनौ आपै॥
ता कारन प्रमाद उतपाती।
प्रगट मोख मारगकौ घाती॥३७॥

અર્થ :—જ્યાં શુભ-અશુભ પ્રવૃત્તિરૂપ પ્રમાદ નથી રહેતો ત્યાં પોતાને પોતાનું જ અવલંબન અર્થાત્ શુદ્ધોપયોગ હોય છે. તેથી સ્પષ્ટ છે કે પ્રમાદની ઉત્પત્તિ મોક્ષમાર્ગમાં બાધક છે.

જ્યાં અશુભભાવ તો નથી પણ શુભભાવ પણ નથી ત્યાં મુનિરાજને અંતરમાં પોતાનું–આત્માનું અવલંબન છે. ત્યાં મુનિને નિમિત્ત, વિકલ્પ કે ભગવાનનું પણ અવલંબન નથી. મરણ સમયે ભગવાનનું અવલંબન લે છે તે પણ વિકલ્પ છે–શુભરાગ છે. દેવલોકમાં દેવોને આયુ પૂરું થવાનું હોય ત્યાં ખ્યાલ આવી જાય છે તો સમકિતી દેવ ભગવાનની પ્રતિમા પાસે જઈને ચરણ ઉપર હાથ મૂકીને ધ્યાનમાં બેસે છે ત્યાં આયુષ્ય પૂરું થઈ જાય છે. એવા ભાવ પણ પર તરફના હોવાથી શુભરાગ છે. દેવલોકમાં મણિ-રતનના પ્રતિમા અને મંદિર હોય છે તેનું શરણ લેવું એ પણ રાગ છે એમ ભગવાન પોતે કહે છે. ભગવાન કહે છે કે મારું સ્મરણ કરીશ તોપણ તને રાગ થશે.

વીતરાગ સિવાય આવું કોણ કહે! બીજાં તો એમ કહે કે અમને યાદ કરો તો તમારી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુક્તિ થશે. અમારા સાધુને લાડવા આપો તો તમને વૈકુંઠમાં લાડવા મળશે....કાળા કેર છે ને!

ભૂમિકા પ્રમાણમાં શુભરાગ હોય પણ તે શરણ નથી. તેનાથી કલ્યાણ થશે એમ માને છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવ હોય છે પણ ખરેખર તેનું અવલંબન મુનિને નથી. **ता कारण प्रमाद उतपाती।** સમ્યગ્દર્શન સહિત અનુભવી જીવને અને ચારિત્ર સહિત મુનિને જે પ્રમાદની ઉત્પત્તિ થાય છે તે ઉતપાત છે. તે પ્રગટ મોક્ષમાર્ગનો ઘાત કરનાર છે. મહાવ્રતાદિ અઠ્યાવીસ મૂલગુણ પાલનનો વિકલ્પ આત્માની સ્થિરતાનો ઘાતક છે. આ ઊંચા દરજ્જાની વાત છે એમ નથી. આવો નિર્ણય તો પ્રથમ દરજ્જામાં જ કરવાનો છે. જેને નિર્ણયના ઠેકાણા નથી તેને સમકિત, વ્રત કે ચારિત્ર આદિ કાંઈ ન હોઈ શકે. ઘણા એવા હોય છે કે જે વિધિપૂર્વક બરાબર વ્રત, યાત્રાદિ કરવાથી કલ્યાણ થઈ જશે એમ માને છે. ભાઈ! એનાથી કલ્યાણ કદાપિ ન થાય. વિવિધ મહાવ્રત પાળવા તે પણ રાગ છે. તેમાં ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને રાગ તો આવે છે પણ તેને બંધનો માર્ગ માને છે. પ્રગટ મોક્ષમાર્ગનો ઘાતી છે એમ માને છે. દૃષ્ટિમાં મોટો ફેર છે.

**जे प्रमाद संजुगत गुसांई।**
**उठहिं गिरहिं गिंदुककी नांई॥**
**जे प्रमाद तजि उद्धत हौंहीं।**
**तिनकौं मोख निकट द्रिग सौंहीं॥३८॥**

અર્થ :—જે મુનિ પ્રમાદ સહિત હોય છે તેઓ દડાની પેઠે નીચેથી ઉપર ચડે છે અને પાછા નીચે પડે છે અને જે પ્રમાદ છોડીને સ્વરૂપમાં સાવધાન હોય છે, તેમની દૃષ્ટિમાં મોક્ષ બિલકુલ પાસે જ દેખાય છે.

પ્રથમ સમજણમાં તો લે કે માર્ગ કેવો છે! જેને સમજણનાં ઠેકાણાં નથી તેને સમ્યગ્દર્શન કે અનુભવ થાય નહિ. મૂળ વાંધો અનાદિથી એ છે કે જીવ પરની રુચિ અને પ્રેમમાંથી ખસતો જ નથી. અનાદિની આ દશા છે.

ગુસાઈ એટલે સાધુ. વિષ્ણુ લોકો સાધુને ગુંસાઈ કહે છે. પંચપરમેષ્ઠીમાં મળેલાં અને ભળેલાં સાધુ પણ જો પ્રમાદ સહિત છે તો દડાની જેમ આમથી તેમ વિકલ્પમાં અટકે છે. ઈર્યાસમિતિ સહિત હોવા છતાં શુદ્ધોપયોગની અપેક્ષાએ શુભરાગની ગતિ હલકી છે એમ બતાવે છે. રાગ છોડીને સ્વરૂપમાં સાવધાન થાય છે તેની ગતિ ઊંચી છે. તેને મોક્ષ નિકટમાં જ દેખાય છે. મોક્ષસ્વરૂપ છું એવો જ્યાં નિર્વિકલ્પ અનુભવ થયો અને નિર્વિકલ્પ ચારિત્ર થયું તેને મોક્ષ નજીક જ છે. અલ્પકાળમાં મારી મુક્તિ થશે એવું તેને ભાસે છે.

www.vitragvani.com



સંસારના સાધારણ ધંધામાં પણ એ એવો ગુંચવાયેલો હોય છે કે તેમાંથી નીકળી શકતો નથી. ક્યાં જવું છે તેનું તો ભાન પણ નથી. અહીં તો શુભભાવની ભૂમિકામાં રહેલાં મુનિને પણ દડા જેવી દશા કહી છે તો અજ્ઞાનીની તો વાત જ શી કરવી! શુભરાગનો પ્રમાદ પણ છોડી અપ્રમત્તદશામાં–આનંદમાં જાય છે તેને મુક્તિ નિકટ છે. શુદ્ધોપયોગી મુનિને અલ્પકાળમાં મુક્તિ છે.

વિશેષ :—સાધુદશામાં છઠ્ઠું ગુણસ્થાનક પ્રમત્તમુનિનું છે, તે છઠ્ઠામાંથી સાતમામાં અને સાતમામાંથી છઠ્ઠામાં અસંખ્યાતવાર ચડે–ઉતરે છે.

**घटमें है प्रमाद जब तांई।**
**पराधीन प्रानी तब तांई॥**
**जब प्रमादकी प्रभुता नासै।**
**तब प्रधान अनुभौ परगासै॥३९॥**

અર્થ :—જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ રહે છે ત્યાં સુધી જીવ પરાધીન રહે છે અને જ્યારે પ્રમાદની શક્તિ નષ્ટ થઈ જાય છે ત્યારે શુદ્ધ અનુભવનો ઉદય થાય છે.

શુભભાવ એ પ્રમાદની પ્રભુતા છે, આત્માની પ્રભુતા નથી. જુઓ! શુભભાવ પણ પરાધીન છે. પરાધીન એટલે પર કરાવે છે એમ નહિ પણ પોતે પરને આધીન થાય છે. કર્મને લઈને પ્રમાદ થાય છે એમ નથી. પોતે પ્રમાદના કારણે પરને આધીન થઈ જાય છે. અપ્રમાદ છે તે સ્વાધીન છે. રાગને આધીન છે તે પરાધીન છે. ૪૭ નયમાં ઈશ્વરનયમાં આવે છે કે જીવ પોતાની મેળે પરાધીન થાય છે, પર તેને આધીન કરાવતું નથી. સ્વભાવની અપ્રમત્તદશા છોડીને રાગમાં આવવું તે જ પરાધીનતા છે—વિભાવ છે.

૯૦ની સાલમાં સ્વાધીન-પરાધીનની ચર્ચા અમારે બહુ ચાલતી હતી. સામેવાળા કર્મને આધીન બધું થાય છે એમ માનતાં હતાં. કર્મ કાંઈ કરી શકતાં નથી, જીવ પોતે દ્રવ્યદૃષ્ટિએ સ્વાધીન હોવા છતાં પર્યાયદૃષ્ટિએ પોતે જ પોતાની મેળે જ પરાધીન થાય છે. અંશ ઉપર જેની દૃષ્ટિ છે તે પરાધીન છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્વાધીન છે. સ્યાદ્વાદ અધિકારમાં નવમાં પદ્યમાં આ વાત લીધી છે. પ્રવચનસારમાં ૪૭ નયમાં ૩૪મી નય ઈશ્વરનય છે. તેમાં દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે મુસાફરીમાં જતાં ધાવની દુકાને માણસ પોતાના બાળકને પોતે જ મૂકતો જાય છે. પોતે પોતાની મેળે પરાધીન થાય છે તેને કોઈ પરાધીન કરાવતું નથી. એવો જ જીવનો પર્યાયસ્વભાવ છે. અનીશ્વરનયે જીવ પોતે સ્વતંત્રતાને ભોગવનાર છે. દા.ત. હરણને સ્વછંદે ફાડી ખાનાર સિંહની માફક જીવ રાગ પણ સ્વતંત્રપણે કરે છે. આ બધું સમજવું પડશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**घटमैं है प्रमाद जब तांई....**શુભભાવ આવે છે તે જ પરાધીન દશા છે. રાગને આધીન થયો છે. ભાષા જ એવી વાપરી છે કે જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ રહે છે ત્યાં સુધી જીવ પરાધીન રહે છે, કર્મ એને પરાધીન કરાવે છે એમ નથી કહ્યું. કર્મની પર્યાય કર્મમાં છે અને જીવની પર્યાય જીવમાં છે

વ્યવહાર સમજણમાં જ જેને ફેર છે તેને તે સમ્યક્ થવાની યોગ્યતા પણ નથી.

જ્ઞાનીને-મુનિને જેટલાં અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એટલી તો સ્વાધીનતા છે જ પણ જેટલો રાગનો ભાગ છે એટલી પરાધીનતા હતી, તેનો પણ નાશ કરીને શુદ્ધઅનુભવદશા પ્રગટ થાય છે. શ્રીમદ્‌માં પણ આવે છે ને....ઉદય થાય ચારિત્રનો.... રાગની પરાધીનતા ટાળે અને સ્વભાવની સ્થિરતા પ્રગટ કરે—એ પોતાને આધીન છે. તેમાં જેટલો પ્રમાદ છે તે બંધમાર્ગ છે અને જેટલી સ્થિરતા છે તે મોક્ષમાર્ગ છે.

ખરેખર તો સમ્યક્‌જ્ઞાન થતાં સમકિતી રાગથી તો મુક્ત જ છે પણ અહીં ચારિત્રનો અધિકાર છે તેથી ચારિત્રમાં જેટલો પ્રમાદ છે તેટલી પરાધીનતા છે એમ સિદ્ધ કર્યું છે. ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં પણ બનારસીદાસજીએ "ચારિત્રગુણની સંકલેશ-વિશુદ્ધરૂપ ગતિ, સ્થિરતા–અસ્થિરતારૂપ શક્તિ અને મંદ-તીવ્રરૂપ જાતિ બધું પોતાને આધીન છે એ સ્પષ્ટ કર્યું છે. અહીં એ સિદ્ધ કર્યું છે કે પ્રમાદ છે ત્યાં સુધી પરાધીન છે અને જ્યારે પ્રમાદની પ્રભુતા નાશ થાય છે ત્યારે શુદ્ધ અનુભવનો ઉદય થાય છે.

❀ ❀ ❀

મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોંકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે. ઐસે ઐસે ઉપર ઉપરસે ન ચલે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૭૬)*

www.vitragvani.com



# પ્રમાદ અને પુરુષાર્થનું સાચું સ્વરૂપ

(સળંગ પ્રવચન નં. ૧૧૩)

આ, શ્રી સમયસાર-નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વાર ચાલે છે. સમયસાર એટલે આત્મા તેનું આ નાટક છે તેમાં આ મોક્ષદ્વારનું ૪૦મુ પદ્ય છે.

**ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।**
**परमादी जगकौ धुकै, अपरमादि सिव ओर॥४०॥**

અર્થ :–તેથી પ્રમાદ સંસારનું કારણ છે અને અનુભવ મોક્ષનું કારણ છે. પ્રમાદીજીવ સંસાર તરફ દેખે છે અને અપ્રમાદીજીવ મોક્ષ તરફ દેખે છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી શુદ્ધ વસ્તુ છે, તેને છોડીને જેટલો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ આવે છે તે બધી રાગની ક્રિયા હોવાથી પ્રમાદભાવ છે, જગતનો પંથ છે, સંસારમાર્ગ છે. માટે કહ્યું કે પ્રમાદ છે તે સંસારનું કારણ છે.

મુનિરાજને પણ આત્મધ્યાન અને શાંતિ વિશેષ હોવા છતાં જેટલાં પ્રમાણમાં પંચમહાવ્રતના પરિણામ અને અઠ્યાવીસ મૂળગુણનાં પાલનનો રાગ છે તે બધો પ્રમાદભાવ છે, તે સંસારભ્રમણનું કારણ છે. ખરેખર કોઈપણ રાગ છે તે સંસારના બંધનું કારણ છે. શુભરાગને પરંપરા મુક્તિનું કારણ કહેવાય છે તે અપેક્ષા જુદી છે. શુભરાગને છોડીને મુક્તિ થાય છે એમ પરંપરા છે.

**ता कारन जगपंथ इत।** શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુનું સ્વભાવ સન્મુખનું આચરણ-નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તે મોક્ષનું કારણ છે. તે સિવાય જેટલો રાગભાવ છે તે બધો સંસારનું કારણ છે. **उत सिव मारग जोर** આ બાજુ ભગવાન આત્મા તરફ ઢળતાં પરમાનંદનું આચરણ થતાં પ્રમાદનું આચરણ ટળી જાય છે. **परमादी जगको धुकै, अपरमादि सिव ओर।** સ્વાશ્રયે જે પરિણામ થાય છે તે બધો મોક્ષનો મારગ છે અને પરના લક્ષે જે પરિણામ થાય છે તે બધો બંધનો–સંસારનો મારગ છે. **धुकै** એટલે જુએ છે. રાગને જે જુએ છે એટલે કે તેનો આશ્રય અને લક્ષ કરે છે તે સંસારના પંથે છે.

જેને પોતાના અંતરમાં સુખ ભાસે છે બહાર ક્યાંય શરીર કે રાગાદિમાં સુખ ભાસતું નથી તે સ્વરૂપમાં ઠરનારો–અપ્રમાદી છે. તે મોક્ષમાર્ગે ચાલનારો છે. મોક્ષમાર્ગને દેખનારો છે અને આ શરીર તો જડ-માટીનું પુતળું છે. લક્ષ્મી જડ છે, શરીર જડ છે, દાળ, ભાત, રોટલા આદિ જડ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે, સ્ત્રીનું શરીર પણ જડ છે, લાડવા પણ જડ છે, તેમાં સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, મૂરખ છે. સુખ અને આનંદ તો આત્મામાં છે તેની સામે તો જોતો નથી.

સમ્યગ્દૃષ્ટિને અંતરમાં સુખ ભાસે છે જ્યારે મિથ્યાદૃષ્ટિને બહારમાં સુખ ભાસે છે– આટલો મોટો ફેર છે. જૈનધર્મ એટલે રાગને જીતીને સ્વભાવમાં ઠરવું તે જૈનધર્મ છે. તેની જેને ખબર નથી એને જ બહારમાં સુખ લાગે છે. તેથી તે પરમાં આકર્ષાય જાય છે. એ તેને માટે સંસારનું કારણ થાય છે. પર તરફનું આકર્ષણ હોય ત્યાં ભલે અશુભરાગ હોય કે પછી શુભરાગ હોય બંને બંધનું કારણ થાય છે. રાગથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. તેનાથી આત્માને પર્યાયમાં હાનિ થાય છે. વસ્તુ અબંધ છે પણ જ્યાં સુધી અબંધ પરિણામ પ્રગટ ન કરે ત્યાં સુધી પર્યાયમાં બંધ તો થાય જ છે.

વીતરાગમાર્ગ અલૌકિક છે, તેનો લૌકિકમાર્ગ સાથે મેળ ન હોય. જેને પરિણમનમાં અતીન્દ્રિય આનંદ આવ્યો છે તે જીવ મોક્ષના માર્ગે છે. ભલે તે ગૃહસ્થાશ્રમમાં અને રાગમાં રહેલો દેખાતો હોય છતાં તે એમાં નથી. એ મોક્ષના માર્ગમાં છે. ભરતજી ઘરમાં વૈરાગી હતા એમ આવે છે ને! કેમ કે એ મોક્ષમાર્ગી હતાં. ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામના સંયોગમાં ઊભા હતાં પણ અરે! એ અમે નહિ, એ અમારા નહિ...જ્યાં અમે છીએ ત્યાં એ નહિ...એવી જેને અંતરદૃષ્ટિ થઈ છે એવા સમકિતી સ્વરૂપને આચરનારા જ્ઞાની છે.

અરે! તારી ચીજ શું છે એની તને ખબર નથી. પરમેશ્વરદેવે જે પર્યાય પ્રગટ કરી છે તે પર્યાય ક્યાંથી આવી છે કે અંતરમાં શક્તિ છે તેમાંથી આવી છે. એવી જ શક્તિ તારામાં છે પણ તેની તને ખબર નથી.

**जे परमादी आलसी, जिन्हकैं विकल्प भूरि।**
**होई सिथल अनुभौ विषै, तिन्हकौं सिवपथ दूरि॥४१॥**

અર્થ :–જે જીવ પ્રમાદી અને આળસુ છે, જેમના ચિત્તમાં અનેક વિકલ્પો થાય છે અને જે આત્મ-અનુભવમાં શિથિલ છે તેમનાથી સ્વરૂપાચરણ દૂર જ રહે છે.

જેને સ્વરૂપના અનુભવમાં આળસ છે, પ્રમાદ છે તે જીવ શુભભાવ કરતો હોય તો પણ પ્રમાદી અને આળસુ છે. આહાહા...! પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરે તેને પુરુષાર્થી કહેવાય છે. આ તો ભાઈ! ગાગરમાં સાગર ભરી દીધો છે. વીતરાગતાનો ઉદ્યમ કરે છે તે જ ઉદ્યમી છે, બાકી શુભાશુભનો ઉદ્યમ કરે છે તે ઉદ્યમી નહિ પણ આળસી છે. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ કરવા તે પુરુષાર્થ નથી. સ્વરૂપની રચના કરે તેને વીર્યગુણ કહ્યો છે. રાગની રચના કરે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે વીર્ય નથી એ તો નપુંસકતા છે. 'આત્મવૈભવ' પુસ્તકમાં વીર્યગુણના વર્ણનમાં આ બધું આવી ગયું છે. સ્વરૂપની રચના કરે તેને પુરુષાર્થ કીધો છે. બાકી તો બધો પ્રમાદ છે–નિરુદ્યમ છે.

તું મહાપ્રભુ છો ભાઈ! જેટલાં વીતરાગ પરમાત્મા થયાં તે બધાં તારી જેવા આત્મા જ હતાં તેમાંથી પરમાત્મા થયા છે, કાંઈ બહારથી પરમાત્મા આવ્યા નથી. નજર કરે તેને નિધાન મળે તેમ છે પણ એણે નજર જ કરી નથી. ધર્મના નામે મહિના મહિનાના ઉપવાસ કરે તોપણ તે પુરુષાર્થી નથી, પ્રમાદી છે. વેપાર-ધંધામાં બહુ ઉદ્યમ કરે છે તેને પણ અહીં આળસુ કીધો છે. નિજઘરનો ઉદ્યમ નહિ અને પરઘરમાં ઉદ્યમ કરે તેને પુરુષાર્થી કેમ કહેવાય?

શ્રોતા :–શુભરાગને ધર્મનું સમર્થ નિમિત્તકારણ તો કહેવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–ના...ના...બિલકુલ નહિ. એ તો પાપનું કારણ છે. યોગીન્દ્રદેવે યોગસારમાં કહ્યું છે ને! પાપને તો પાપ સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે છે.

ભગવાન એમ કહે છે કે તને નવતત્ત્વની શ્રદ્ધાનો રાગ હોય કે પંચમહાવ્રતનો રાગ હોય કે અમારા પ્રત્યે પ્રેમ હોય એ બધો તારો નિરુદ્યમ છે–પ્રમાદ છે. પોતાના ભગવાન આત્માનો પ્રેમ નથી–સ્વસન્મુખતા નથી, તેને તરફનો પ્રયત્ન પણ નથી તેને ભગવાન પુરુષાર્થહીન કહે છે.

**जिन्हकैं विकल्प भूरि।** જેને રાગદ્વેષના તરંગો વારંવાર ઊઠ્યા જ કરે છે તે બધાં નિરુદ્યમી છે. સ્વરૂપનો પુરુષાર્થ કરવો જોઈએ તે કરતા નથી અને વિકલ્પ-શુભ-અશુભરાગની લાગણીઓ ઉત્પન્ન કર્યા કરે છે કે જે સ્વભાવમાં નથી. એ બધાં સ્વરૂપના આળસુ છે. આત્માની શુદ્ધતા, પવિત્રતા અને પ્રમાદરહિતતાને રુચે તે જ સાચું વીર્ય છે. બાકી, રાગની રચના કરે છે તેમાં તો નિજઘરમાં નુકશાન થાય છે. મહિનાના પાંચ પાંચ લાખની પેદાશ થતી હોય તો એને કેટલો હરખ થાય છે! છતાં તેને અહીં નિરુદ્યમી અને આળસુ કહેવામાં આવે છે.

ભગવાન કુંદકુંદઆચાર્ય પણ પંચાસ્તિકાય ગાથા ૧૭૦માં કહે છે કે જે અનુભવમાં આળસુ છે તેને દૂરતર નિર્વાણ છે. તેને ભલે તીર્થંકર ભગવાનની, નવતત્ત્વની, સૂત્રની રુચિ છે તોપણ નિર્વાણ દૂર છે. એ જ વાત અહીં કહે છે કે અનુભવમાં શિથિલ છે તેને મોક્ષ દૂર છે. ભલે તે જ્ઞાની અને મુનિ હોય તોપણ તેનું જ્ઞાન જ્યાં સુધી રાગમાં અટકે છે ત્યાં સુધી મોક્ષ દૂર છે. **होइ सिथल अनुभौ विषै, तिन्हकौं सिवपथ दूरि।**

શુભાશુભભાવ એ જીવનું સ્વરૂપ જ નથી. શુદ્ધોપયોગ એ જ એનું સ્વરૂપ છે, તો જ્યાં સ્વરૂપનું ભાન થાય છે ત્યાં તેની દૃષ્ટિમાં શુદ્ધોપયોગનું આચરણ આવે છે તેનું જ નામ સ્વરૂપાચરણ-ચારિત્ર છે. માટે કોઈ ચોથા ગુણસ્થાનમાં શુદ્ધોપયોગ ન હોય એમ કહે છે તે યોગ્ય નથી.

www.vitragvani.com



હવે ૧૧મા કળશ ઉપરનું ૪૨મું પદ્ય આ પ્રમાણે છે.

**जे परमादी आलसी, ते अभिमानी जीव।**
**जे अविकलपी अनुभवी, ते समरसी सदीव॥४२॥**

અર્થ :–જે જીવ પ્રમાદ સહિત અને અનુભવમાં શિથિલ છે, તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ કરે છે અને જે નિર્વિકલ્પ અનુભવમાં રહે છે તેમનાં ચિત્તમાં સમતારસ રહે છે.

મિથ્યાદૃષ્ટિ છે તે રાગનું અભિમાન કરે છે જ્યારે સમ્યગ્દૃષ્ટિને રાગનું અભિમાન નથી પણ રાગનું પરિણમન છે. તેથી મિથ્યાદૃષ્ટિને અભિમાની જીવ કહ્યો છે. જ્ઞાનીને રાગ ઉઠે છે પણ તેની કર્તાબુદ્ધિ નથી. જો રાગની કર્તાબુદ્ધિ છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની રાગના પરિણમનને દુઃખદાયક જાણે છે. જ્યારે અજ્ઞાની રાગના પરિણમનને સુખદાયક જાણે છે, હિતકર માને છે, તેથી તે રાગનો અભિમાની છે.

નગ્ન દિગંબર સાચા સંતને ત્રણ કષાયનો તો નાશ છે પણ સંજ્વલનકષાયમાં પંચમહાવ્રતાદિ રાગનું પરિણમન છે, તેને મુનિ દુઃખદાયક જાણે છે. પણ એટલી શિથિલતા છે ત્યાં સુધી રાગનું પરિણમન છે.

**जे अविकलपी अनुभवी, ते समरसी सदीव।** જે કોઈ જીવ રાગથી ભિન્ન પડી સ્વરૂપનો અનુભવ કરે છે તે અવિકલ્પી છે. અંતરના આનંદના અનુભવમાં વિકલ્પનો અભાવ છે. આવા અવિકલ્પી મુનિ સદૈવ સમરસમાં લીન છે.

પહેલાં કાંઈક વ્રત કરો, ભક્તિ કરો, દયા પાળો પછી ધર્મ થશે એવી વાત તો સંતો કરતાં જ નથી તેથી જીવોને સંતોની વાત આકરી લાગે છે. ધર્મ કરવા માંગે છે તેને એ કાળે એવો જ રાગ હોય છે, અશુભથી બચવા જ્ઞાનીને પણ એવો રાગ હોય છે છતાં એ રાગ છે તે અનુભવથી જુદી જ ચીજ છે. પુણ્ય-પાપ અધિકારમાં તો ત્યાં સુધી કહ્યું કે વ્યવહારરત્નત્રય જીવને અનુભવથી પતિત કરે છે માટે પાપ છે. પહેલાં જરાં વખાણ પણ કર્યા કે વ્યવહાર રત્નત્રય છે તે વ્યવહારે પવિત્ર છે વગેરે...પણ નિશ્ચયથી તેની મહિમા નથી. અતીન્દ્રિય અમૃતસાગરને સ્પર્શીને વેદવો એ જ ખરો મોક્ષમાર્ગ છે. અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...

સદા જ્ઞાતા-દ્રષ્ટાભાવમાં રહેનાર જીવ સમતારસનો આસ્વાદી છે–ધર્મી છે. તે જ્યારે અનુભવથી શિથિલ થાય છે ત્યારે રાગ આવે છે એમ અહીં કહેવું છે. અર્થમાં તેને શરીરાદિમાં અહંબુદ્ધિ થાય છે એમ કહ્યું છે પણ અહંબુદ્ધિ થતી નથી, માત્ર રાગ આવે છે. રાગમાં અને શરીરમાં અહંપણું કરે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાવવાની ભાષામાં એવું કથન આવે પણ ધર્મીને શરીરાદિમાં અહંબુદ્ધિ થતી જ નથી. હવે ૪૩મું પદ્ય કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जे अविकल्पी अनुभवी, सुद्ध चेतना युक्त।
ते मुनिवर लघुकालमैं, होंहि करमसौं मुक्त॥४३॥

અર્થ :–જે મુનિવર વિકલ્પરહિત છે, અનુભવ અને શુદ્ધ જ્ઞાનદર્શન સહિત છે, તેઓ થોડા જ સમયમાં કર્મરહિત થાય છે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે.

જે કોઈ રાગના વિકલ્પથી રહિત અને સ્વરૂપની દૃષ્ટિ સહિત આનંદના અનુભવમાં રહે છે તે જીવ શુદ્ધચેતનાથી યુક્ત છે, શુદ્ધ જ્ઞાનાનંદની પરિણતિથી સહિત છે. આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધચેતના યુક્ત છે એટલે કે જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતા અને રાગથી પૃથક્તા યુક્ત છે, જાગૃત છે. એવા મુનિવરો લઘુકાળમાં એટલે કે અલ્પકાળમાં જ કર્મથી મુક્ત થાય છે. શુદ્ધ ચેતનાના અનુભવ વિના માત્ર ક્રિયાકાંડ કરે છે તેની મુક્તિ થતી નથી. આનંદઘનજી જેવા પણ કહે છે કે—

કોઈ કહે સેવીએ વિવિધ કિરીયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે,
ફળ અનેકાંત કિરીયા કરી બાપડા, રડવડે ચારગતિમાંહિ લેખે.

જેના ફળમાં ચારગતિમાં રખડવાનું છે એવી ક્રિયાથી મુક્તિ નથી. સ્વભાવની એકતાના ફળમાં મુક્તિ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં એકરૂપ વીતરાગતા પ્રગટ થવી તે એક મોક્ષનું ફળ આપે છે. ક્રિયા કરવાના ફળમાં તો અનેકતા મળે છે...કોઈ શેઠ થાય કે કોઈ ભૂતડૂં થાય કે કોઈને શરીરની નિરોગતા આદિનું ફળ પ્રાપ્ત થાય છે.

સ્વસંવેદનજ્ઞાન, સ્વનું દર્શન અને સ્વમાં સ્થિરતાના ફળમાં જ અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત થાય છે.

હવે ૪૪મા પદ્યમાં વિશેષ સ્પષ્ટતા કરે છે કે વસ્તુદૃષ્ટિએ જ્ઞાનમાં સર્વજીવ એકસરખાં પરમાત્મસ્વરૂપ છે એમ ભાસે છે, પર્યાયદૃષ્ટિએ જોતાં જેની જે સ્થિતિ છે તે જણાય છે.

जैसैं पुरुष लखै परवत चढ़ि,
भूचर पुरुष ताहि लघु लग्गै।
भूचर-पुरुष लखै ताकौं लघु,
उतरि मिलैं दुहुकौ भ्रम भग्गै॥
तैसैं अभिमानी उन्नत लग,
और जीवकौं लघुपद दग्गै।
अभिमानीकौं कहैं तुच्छ सब,
ग्यान जगैं समता रस जग्गै॥४४॥

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ :–જેવી રીતે પર્વત ઉપર ચડેલા મનુષ્યને નીચેનો મનુષ્ય નાનો દેખાય છે અને નીચેના મનુષ્યને પર્વત પર ચડેલો મનુષ્ય નાનો દેખાય છે, પણ જ્યારે તે નીચે આવે છે ત્યારે બંનેનો ભ્રમ દૂર થઈ જાય છે અને વિષમતા મટી જાય છે. તેવી જ રીતે ઊંચું મસ્તક રાખનાર અભિમાનીને બધા મનુષ્ય તુચ્છ દેખાય છે અને બધાયને તે અભિમાની તુચ્છ દેખાય છે, પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માન-કષાય ગળી જવાથી સમતા પ્રગટ થાય છે. જ્ઞાનમાં કોઈ નાનું-મોટું દેખાતું નથી સર્વ જીવો એકસરખા ભાસે છે.

જેમ, આમાં પર્વત અને તળેટીનો દાખલો આપ્યો તેમ પ્લેનમાં બેઠેલા માણસને જમીન ઉપરના માણસો–ગામડાઓ–તળાવ વગેરે બધું નાનુ-નાનુ લાગે છે અને જ્યારે જમીન ઉપરના લોકોને પ્લેન, તેમાં બેઠેલાં માણસો બધું નાનું લાગે છે પણ જ્યારે ઉપરથી માણસ નીચે આવીને નીચેના માણસને મળે ત્યારે બંને જેવા છે તેવા દેખાય છે.

જોયું? ઉપરથી ઉતરીને માણસ નીચેના માણસને મળે છે એમ લખ્યું છે. નીચેનો માણસ ઉપર જઈને પહેલાને મળે છે એમ નથી કહ્યું કેમકે અભિમાનીની વાત કરવી છે ને! નીચેવાળો એને નાનો લાગતો હતો પણ ઉપરથી નીચે આવીને જુએ છે તો એ તો પોતાના જેવડો જ છે એમ જણાય છે તેથી ખોટો ભ્રમ દૂર થાય છે. એ જ રીતે મિથ્યાદૃષ્ટિ જ્ઞાની ધર્માત્માને તુચ્છ સમજે છે એ તેનું અભિમાન છે જ્યારે એ અભિમાન નીચે ઉતરે છે ત્યારે તેને જ્ઞાનીનું સાચું સ્વરૂપ સમજાય છે. સમ્યગ્દૃષ્ટિ તો બધાં જીવોને જેમ છે તેમ જ જાણે છે. કહ્યું છે ને! ''સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતા ધાર.'' સમતાથી જુએ તો બધાં જીવો જ્ઞાનમય છે એમ દેખાય છે. આ દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ વાત છે પણ તેનો અર્થ એવો નથી કે સર્વ જીવો જ્ઞાનમય છે માટે અજ્ઞાની પણ જ્ઞાની છે–એમ નથી. પર્યાયમાં જે ભાવ છે તેને જ્ઞાની બરાબર જાણે છે.

શ્રીમદ્જીએ નીચેની ગાથામાં સમભાવની વ્યાખ્યા કરતાં કહ્યું છે :–

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;<br>
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.

સમભાવનો અર્થ એવો નથી કે જ્ઞાનીને સમભાવ છે માટે કુદેવ આદિને પણ સુદેવ માને. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ખોટા છે એમ જ્ઞાની બરાબર જાણે અને કહે પણ ખરાં એ કાંઈ વિષમભાવ નથી. ધર્મીજીવને પોતાના સ્વરૂપનું ભાન છે તેથી દરેક જીવને દ્રવ્યદૃષ્ટિએ મારાં જેવા જ છે એમ દેખે છે. પણ પર્યાયદૃષ્ટિએ દરેક જીવની જેવી જેવી અવસ્થા છે તેવી બરાબર જાણે છે. પર્યાયદૃષ્ટિએ પણ બધાંને સમાન માને એ તો મૂઢ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમભાવનો અર્થ તો એ છે કે જેની દૃષ્ટિ વિપરીત છે, ચારિત્ર વિપરીત છે તેનાં પ્રત્યે પણ જ્ઞાનીને દ્વેષ નથી. નિયમસારમાં એક શ્લોક એવો આવે છે કે ધર્માત્માને કુગુરુ, કુદેવ પ્રત્યે દ્વેષ નથી અને સુગુરુ, સુદેવ પ્રત્યે રાગ નથી કે આ મારાં છે માટે મારું કલ્યાણ કરી દેશે. સામી વ્યક્તિ ગુણી હોય કે અવગુણી હોય ધર્માત્માને બંને પ્રત્યે સમભાવ છે. જ્ઞાનમાં બરાબર જાણે છે કે આ ગુણ છે અને આ અવગુણ છે પણ તેથી કરીને રાગ-દ્વેષ કરતાં નથી અને ગુણી કે અવગુણી એમ નથી કહેતાં કે તમે અમને જાણીને રાગ-દ્વેષ કરો.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આવે છે કે કેવળીના અનંતગુણો, નિર્મળપર્યાયો કે ભગવાનનું દ્રવ્ય એમ નથી કહેતું કે તું અમને જાણ! તું તને જાણ એમાં અમે તો સ્વયં જણાઈ જશું. રૂપ નથી કહેતું કે તું અમને જાણવા રોકા. શબ્દ એમ નથી કહેતાં કે તું અમને સાંભળ! જાણનાર પણ પોતાના ક્ષેત્રથી ખસીને તેની પાસે જાણવા જતો નથી પણ સહેજે જણાઈ જાય છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે.

અજ્ઞાનથી અભિમાનમાં ચડી ગયેલાંને બીજાં બધાં તુચ્છ દેખાય છે પણ જ્યારે તે અભિમાનથી નીચો ઉતરે તો એને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજાય. બીજાને સમજાવતાં આવડે તેથી કાંઈ એ મોટો થઈ જતો નથી. પોતે પોતાને સમજાવે તેમાં મહાનતા છે. ઘણાં વર્ષો પહેલાં પ્રશ્ન ચાલ્યો હતો કે બીજાને સમજાવે તે મોટા કે કોઈને સમજાવે નહિ, પોતે એકલાં પોતાનું કર્યા કરે તે મોટા?

હીરાભાઈના મકાનમાં રહેતાં હતાં ત્યારે એક માણસ આવ્યો હતો એ કહે કે પોતાનું જ કરવું એમાં શું મોટી વાત છે! કૂતરાં જેવા પણ પોતાનું પેટ ભરે છે, બીજાનું કરી જાણે તે મોટો મહાત્મા કહેવાય...અરે! પરનું કાર્ય કોણ કરી શકે? પરનું હું કરું છું એવું અભિમાન કરે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાતા તિર્યંચ સમકિતી છે તે કોનું કામ કરી દે છે કે કોને સમજાવવા જાય છે? એ તો પોતાના સ્વરૂપનું સાધન કરે છે. હજાર યોજનના મોટા મચ્છ હોય પણ પાંચમા ગુણસ્થાનવાળા હોય તો તેને સમકિતી દેવ કરતાં પણ શાંતિ વધી ગઈ છે. પોતાના સ્વરૂપનું સાધન કરવું એ જ પોતાનું કર્તવ્ય છે. પરને સમજાવવાનો વિકલ્પ હોય અને વાણી આવે તો સમજાવે પણ જ્ઞાની એ વિકલ્પ કે વાણીના સ્વામી પોતાને માનતાં નથી. બીજાને હું સમજાવી શકું છું એમ માનનાર તો બીજાનો સ્વામી થયો. શું બીજાની પર્યાયને આ જીવ કરી શકે ખરો?

અજ્ઞાની અભિમાની થોડું પુણ્ય વિશેષ હોય અને જ્ઞાનીને પુણ્ય વિશેષ ન હોય તો અભિમાની એમ કહે કે જુઓ! અમે આવીએ તો કેવા સ્વાગત થાય છે! કેટલાં લોકો અમને માન આપે છે! આને તો કાંઈ બોલતા પણ આવડતું નથી પણ પોતાને માન આપે છે! એમ

www.vitragvani.com



જ્ઞાનીને અભિમાની તુચ્છદૃષ્ટિથી જુએ છે. અરે ભાઈ! સાંભળ ને! જ્ઞાનીને ભલે બોલતાં ન આવડે તેથી શું એની અંદર જ્ઞાનદશા ચાલી જાય છે! સમકિતી પશુને નવતત્ત્વનાં નામ પણ આવડતાં નથી તેથી શું! અંતરમાં આનંદનું સાધન કરે છે એના વડે જ જ્ઞાની મોટાં છે.

**ग्यान जगै समतारस जग्गै।** અભિમાની બીજાને તુચ્છ સમજે છે અને બીજાઓ અભિમાનીને તુચ્છ સમજે છે પણ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે સાથે સમતારસ જાગે છે તેથી વિષમભાવ રહેતો નથી. દુનિયામાં કોઈ વૈરી કે સજ્જન મારાં માટે નથી. બધાં મારાં માટે જ્ઞેય છે. સાક્ષાત્ પરમેશ્વર ભગવાન પણ જ્ઞેય છે–પરજ્ઞેય છે. તે મારાં કદી થતાં નથી.

અભિમાનને કારણે પોતાના પરિણામમાં વિષમભાવ થાય છે કે આ સારો છે અને આ ખરાબ છે, આ વૈરી છે અને આ મિત્ર છે.... જ્ઞાન જાગૃત થતાં એવો વિષમભાવ રહેતો નથી. કોઈ પ્રત્યે વેરભાવ થતો નથી. વ્યક્તિનો અભિપ્રાય જૂઠો હોય તેને જૂઠો જાણે પણ દ્વેષ ન થાય. સામો વ્યક્તિ પર્યાયે પણ સિદ્ધ જેવો શુદ્ધ છે એમ ન જાણે પણ દ્વેષ પણ ન કરે.

હવે ૪૫મા પદ્યમાં અભિમાની જીવોની દશા બતાવતાં બનારસીદાસ કહે છે કે **करमके भारी समुझैं न गुनको मरम**, અજ્ઞાની અભિમાની જીવો, રાગરહિત ભગવાન આત્માના ગુણને સમજતાં નથી. તેને તો એમ થાય છે કે અમે કેટલો વ્યવહાર પાળીએ છીએ, કેટલી દયા-દાન-ભક્તિ કરીએ છીએ!....એ બધાં કર્મના ભારવાળાં છે તે ગુણના મર્મને જાણતાં નથી. રાગરહિત શુદ્ધ ચૈતન્યપ્રભુના અનુભવી કોણ છે તેને એ ઓળખતાં નથી. એને તો પુણ્યના ફળવાળાં મોટાં દેખાય છે પણ ગુણમાં મોટાને એ સમજી શકતાં નથી.

મોટાં પુણ્યવંતો હોય...આબરૂવાળાં હોય....દાનમાં ખૂબ પૈસા દેતાં હોય...એ અજ્ઞાનીને મન મોટાં પુરુષો લાગે છે. પૈસાવાળાઓ મંદિર, પાઠશાળા આદિમાં દાન આપે તેનાથી આ ધર્મ શોભે છે એમ એને લાગે છે. ભાઈ! ધર્મ પાસે પૈસાનું કાંઈ મૂલ્ય નથી. પૈસા કે પૈસાવાળાઓથી ધર્મની શોભા નથી.

❀

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# જ્ઞાની અજ્ઞાનીની દશાનું વર્ણન

(સળંગ પ્રવચન નં-૧૧૪)

આ, શ્રી સમયસાર નાટક ગ્રંથ છે, તેમાં મોક્ષદ્વાર ચાલે છે. ૪૫મા પદ્યમાં અભિમાની જીવોની દશાનું વર્ણન કરે છે. જેને આત્માનું ભાન નથી—હું શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છું એવી જેને ખબર નથી તે જીવો બાહ્ય ચીજોને પોતાની માનીને તેના અભિમાનમાં અને પુણ્ય-પાપના વિકલ્પના અભિમાનમાં જિંદગી ગાળે છે. આત્માનો સ્વભાવ રાગથી રહિત મુક્તસ્વરૂપ છે તેનો તો એને આધાર નથી અને બાહ્યપદાર્થનો આધાર માન્યો છે, શુભરાગનો આધાર માને છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ છે તેની દશા કેવી હોય છે તે પદ્યમાં વર્ણવે છે.

करमके भारी समुझैं न गुनकौ मरम,
परम अनीति अधरम रीति गहे हैं।
हौंहि न नरम चित्त गरम घरमहूतें,
चरमकी द्रिष्टिसौं भरम भूलि रहे हैं॥
आसन न खोलैं मुख वचन न बोलैं,
सिर नाये हू न डोलैं मानों पाथरके चहे हैं।
देखनके हाऊ भव पंथके बढाऊ ऐसे,
मायाके खटाऊ अभिमानी जीव कहे हैं॥४५॥

અર્થ :—જેમણે કર્મોના તીવ્ર બંધ બાંધ્યા છે, જેઓ ગુણોનું રહસ્ય જાણતાં નથી, અત્યંત અયોગ્ય અને પાપમય માર્ગનું ગ્રહણ કરે છે, કોમળ ચિત્તવાળા હોતા નથી, તડકાથી પણ અધિક ગરમ રહે છે અને ઇન્દ્રિય-જ્ઞાનમાં જ ભૂલી રહ્યા છે, દેખાડવા માટે એક આસને બેસી રહે છે અથવા ઊભા રહે છે, મૌન રહે છે, મહંત સમજીને કોઈ નમસ્કાર કરે તો ઉત્તરમાં અંગ પણ હલાવતાં નથી જાણે પત્થર જ ખોડ્યો હોય, દેખવામાં ભયંકર છે, સંસારમાર્ગને વધારનાર છે, માયાચારમાં પાકા છે એવા અભિમાની જીવ હોય છે.

અજ્ઞાની કર્મના તીવ્ર બંધને બાંધે છે, હું શરીર અને રાગથી તદ્દન ભિન્ન ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરતો નથી, છૂટવાનો માર્ગ લેતો નથી. મોક્ષ-અધિકાર છે ને! એટલે છૂટવાનો માર્ગ બતાવે છે પણ તે તેને લેતો નથી, બંધના માર્ગમાં જ પડ્યો છે. આકરાં કર્મ



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બાંધે છે. તેથી કહે છે કે કર્મનો ભાર વધારે છે પણ ગુણ વધારતો નથી. દોષને જ ગુણ માને છે. આત્મામાં થતાં જે શુભાશુભભાવ છે તે દોષસ્વરૂપ છે તેને અજ્ઞાની ગુણસ્વરૂપ માને છે.

મોક્ષઅધિકાર છે ને! આત્મા-ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ છે તેનો અજ્ઞાની આશ્રય લેતો નથી, માનતો નથી અને અનુભવતો નથી તેથી એને શુભાશુભરાગનો આશ્રય અને અનુભવ છે જે ખરેખર દોષરૂપ છે. બંધના કારણ છે તેને સેવીને અજ્ઞાની અભિમાની જીવ અત્યંત અનીતિ કરે છે. જે ત્રણેકાળ ટકે એવું તત્ત્વ નથી, આત્માનો સ્વભાવ નથી એવા રાગભાવને પોતે દોષરૂપ ન માનતાં ગુણરૂપ માને છે. મારે અને પરદ્રવ્યને તથા રાગને કાંઈ સંબંધ નથી એમ તે માનતો નથી તેથી તેનું ચિત્ત નરમ રહેલું નથી. અરે! હું તો આત્મા છું મારે રાગનું શું કામ છે! એમ નરમ થતો નથી, રાગનું અભિમાન કરે છે. અમે પૈસાવાળા છીએ, અમે બુદ્ધિવાળા છીએ, અમે કમાઈએ છીએ એવા અભિમાન કરીને રખડાઉ બુદ્ધિમાં રાચે છે. બહિરલક્ષી વિશેષ બુદ્ધિનો વિકાસ હોય અને વળી તેનું અભિમાન હોય, આગળ ખુરશીમાં સ્થાન મળતું હોય એટલે એને એમ થાય કે અમે તો ડાહ્યાં છીએ. અભિમાનના કારણે તેનું ચિત્ત એવું તડકા જેવું ગરમ રહે છે કે કોઈ જરાંક બોલાવે ત્યાં મગજ તપી જાય. ભાષા પણ એવી કઠોર બોલે કે જેમાં નરમાશ જરાય ન હોય.

**चरमकी द्रिष्टिसौं**.....ઈન્દ્રિયજ્ઞાનથી ભ્રમણામાં પડીને ભૂલી રહ્યાં છે. પાંચ ઈન્દ્રિયો વડે જાણવું એ તો ઈન્દ્રિય-જ્ઞાન છે તેના અભિમાનમાં ચડી જાય છે પણ આત્મજ્ઞાન શું ચીજ છે તેની અજ્ઞાનીને ખબર નથી. સાધુ નામ ધરાવીને પણ ઈન્દ્રિય-જ્ઞાનના ઉઘાડને અભિમાનનું સાધન બનાવીને બંધનું કારણ બનાવે છે. અમને શાસ્ત્રનો ઉઘાડ છે, પૂર્વનો ઉઘાડ છે એમ અભિમાન કરીને કર્મ બાંધે છે.

**आसन न खोलैं**.....એક આસને બરાબર બેસી રહે, મુખથી કાંઈ બોલે નહિ જાણે મૌનપણે સાધના કરે છે. ભલે ને! અંદરમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ચાલતું હોય પણ એ તો બહારમાં દેખાતું નથી. કલ્પનાથી તે વડે પોતાને અધિક માનીને ડોલે છે. સાધુ હોય તો કોઈ નમસ્કાર કરે તોપણ જાણે પત્થરની જેમ સ્થિર થઈ જાય છે, સામે પણ જોતો નથી.

**देखनके हाऊ**....અહીં અભિમાનીની દશા બતાવવામાં સાધુને પણ લઈ લીધા છે કે જોવામાં તો ભયંકર દેખાય છે અને ભવના પંથને વધારનારા છે. મોક્ષ-અધિકાર છે એટલે મોક્ષની સામે ભવપંથ લીધો છે કે આવા અજ્ઞાનીજીવો ચોરાશીના અવતારમાં ભવ કરનારા છે અને તેને જ વધારનારા છે.

માયાચારમાં તો આવા જીવો પાકા છે, પોતાની જેવી દશા છે તેને દેખાવા દેતાં નથી અને મિથ્યા અભિમાનને સેવે છે. તેની સામે બનારસીદાસજી જ્ઞાનીજીવોની દશા કેવી હોય તે બતાવે છે.

www.vitragvani.com



धीरके धरैया भव नीरके तरैया भय,
भीरके हरैया बरबीर ज्यौं उमहे हैं।
भारके भरैया सुविचारके करैया सुख,
ढारके ढरैया गुन लौसौं लहलहे हैं॥
रूपके रिझैया सब नैके समझैया सब,
हीके लघु भैया सबके कुबोल सहे हैं।
बामके बमैया दुख दामके दमैया ऐसे,
रामके रमैया नर ग्यानी जीव कहे हैं॥४६॥

અર્થ :—જે ધૈર્ય ધારણ કરનાર છે, સંસાર-સમુદ્રને તરનાર છે, સર્વપ્રકારના ભયોનો નાશ કરનાર છે, મહાયોદ્ધા સમાન ધર્મમાં ઉત્સાહી રહે છે, વિષય-વાસનાઓને બાળી નાખે છે, આત્મહિતનું ચિંતવન કર્યા કરે છે, સુખ–શાંતિની ચાલ ચલે છે, સદ્‌ગુણોના પ્રકાશથી ઝગમગે છે, આત્મસ્વરૂપમાં રુચિ રાખે છે, બધાં નયોનું રહસ્ય જાણે છે, એવા ક્ષમાશીલ છે કે બધાના નાનાભાઈ બનીને રહે છે અથવા તેમની સારી–નરસી વાતો સહન કરે છે, હૃદયની કુટિલતા છોડીને સરળ ચિત્તવાળા થયા છે, દુઃખ સંતાપના માર્ગે ચાલતા નથી, આત્મસ્વરૂપમાં વિશ્રામ કર્યા કરે છે એવા મહાનુભાવ જ્ઞાની કહેવાય છે.

બનારસીદાસજી કવિ છે ને! એટલે કવિતા બનાવી છે! શૃંગારી હતા ત્યારે શૃંગારની એવી કવિતા બનાવતાં હતાં પછી તેને તો ગોમતી નદીમાં નાંખી દીધી. આ કવિતાઓ તો આત્મજ્ઞાન થયા પછી લખી છે.

धीरके धरैया...જ્ઞાનીજીવો ધીરજવાળાં હોય છે. ખોટી ઉતાવળ કરતાં નથી. શાંતિથી ધીરજથી વિચાર કરે છે, ઉતાવળ કરીને આમ કરી નાખું...તેમ કરી નાખું....એવું જ્ઞાની કરતાં નથી.

भवनीरके तरैया......ધર્મીજીવો સંસારસમુદ્રને તરનારા છે. રાગ અને શુભપરિણામથી પણ ભિન્ન સ્વભાવમાં એકાગ્ર થવા માટે ધર્મી જીવો તત્પર હોય છે. ભવ કરાવે તેવી ભાવને રાખવા માટે ધર્મી તૈયાર હોતા નથી. વળી જ્ઞાની સર્વપ્રકારના ભયોથી રહિત–નિર્ભય હોય છે. આ ભવમાં મારું શું થશે એવો આલોકનો ભય ન હોય તેમ જ પરલોકમાં મારું શું થશે એવો પરલોકનો ભય પણ જ્ઞાનીને હોતો નથી. કેમ કે જ્ઞાની જાણે છે કે અમે તો અમારા સ્વરૂપમાં જવાના છીએ, બીજે ક્યાંય જવાના નથી.

જુઓ! આ મોક્ષના અધિકારી આવા હોય છે. ધર્મના ધરનારા....ધીરજના

www.vitragvani.com



ધરનારા....ભવને હરનારા....સંસારસમુદ્રને તરનારા હોય છે. અરે! રોગ આવે તો શું થશે? મૃત્યુ આવે તો શું થશે? એવો ડર ધર્મીને હોતો નથી. આનંદસ્વરૂપ ચૈતન્યસ્વભાવને જેણે જાણ્યો, માન્યો અને અનુભવ્યો છે તેને ભય શેનો! એ તો વીર—મહાયોદ્ધાની જેમ ધર્મમાં ઉત્સાહિત હોય છે, પોતાના આત્મસ્વભાવમાં ઉત્સાહી આવા ધર્મીને પરમાં ઉત્સાહ હોતો નથી.

भारके भैरया.....વિષયવાસનાઓને જ્ઞાનીજીવો મારી નાંખે છે કેમ કે તેને તો આનંદનો આસ્વાદ છે તેની પાસે વિષયોમાં ક્યાંય સુખ દેખાતું નથી. સ્ત્રી, પૈસા, આબરૂ આદિમાં ક્યાંય સુખ ભાસતું નથી, સુખ તો એક પોતામાં ભાસે છે. છખંડના ધણી જ્ઞાની ચક્રવર્તીને ૯૬ હજાર તો સ્ત્રીઓ હતી ને? ના. સ્ત્રીઓ એને ન હતી. એનું જે હતું તે તો એનામાં હતું, બાકી કાંઈ જ્ઞાનીનું ન હતું. આવો મારગ છે ભાઈ!

ધર્મી તો સુવિચાર એટલે આત્મહિતનું ચિંતવન કરતાં હોય છે. અભેદ જ્ઞાન અને આનંદ મારામાં છે એવું ચિંતવન ધર્મી કરે છે. રાગનું ચિંતવન કર્યા કરે તે જ્ઞાની નથી. ઘણાં મોટા પગારદાર અને હોશિયાર લોકો હોય પણ આત્માના વિષયમાં વિચાર પણ કરતાં નથી હોતાં. 'આત્મા છે' એટલો નિર્ણય પણ ન હોય....આવા જગતના પ્રાણી ક્યાં જશે? મોટી પદવી કે મોટા પગાર કે બુદ્ધિ શા કામની? રખડવાના કામની થાય છે! અરે આત્મા! તારે ક્યાં જવું છે અને શું કરવું છે? ક્યાં રહેવું છે? તેની તેને ખબર નથી.

જ્ઞાની જીવ તો સુવિચારના કરનારાં હોય છે. હું ત્રિકાળી આત્મા છું, આનંદ છું, રાગ મારા સ્વભાવમાં છે જ નહિ, કોઈ પરપદાર્થ સાથે મારે કોઈ સંબંધ નથી....આવી હિતરૂપ વિચારણા ધર્મી કરતા હોય છે.

सुख ढारके ढरैया.....જ્ઞાનીજીવો સુખના ઢાળામાં ઢળી ગયા હોય છે. રાગથી પાછા ફરીને આનંદમાં ઢળી ગયા છે. આત્મા સત્ ચિદ્ આનંદસ્વરૂપ છે તેની દૃષ્ટિ થઈ હોવાથી તેમાં ઢળી ગયા છે અને શુભાશુભની દુઃખરૂપ ચાલથી ખસી ગયા છે. વળી, જ્ઞાનીઓ સદ્ગુણોની જ્યોતિથી ઝગમગે છે. જ્ઞાનીઓ તેની પ્રગટ દશાથી ઝગમગે છે. ભૂખ લાગી હોય અને ઉજળા ઘઉંના લોટનો લહલહતો શીરો મળે તો કેવો આનંદ આવે! તેમ જ્ઞાનીને ઉજ્જ્વળ એવા આત્માના અનંતગુણો તેની પર્યાયમાં ઝગમગે છે, જ્ઞાની તેની મજા માણે છે. ભગવાન સર્વજ્ઞે કહેલી અને પ્રગટ કરેલી આનંદદશાને જ્ઞાની પણ પોતાની પર્યાયમાં અનુભવે છે અને મજા માણે છે. જ્ઞાનીને બીજે ક્યાંય મજા લાગતી નથી. ઈન્દ્રના કે ચક્રવર્તીના વૈભવમાં જ્ઞાનીને સુખ લાગતું નથી.

અહીં તો માણસને પાંચ દશ કરોડ થઈ જાય તો એમ લાગે કે આપણે સુખી છીએ. ધૂળેય સુખ નથી ભાઈ! તું તો દુઃખના ઢગલામાં પડ્યો છો. જ્ઞાની रूपके रिझैया છે. આત્મરૂપમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રંગાયેલા છે. ખુશ છે. પરથી જ્ઞાની ખુશ નથી. ધર્મી જ એને કહીએ કે જેને આત્માના આનંદ સ્વરૂપમાં જ રુચિ છે. બાહ્ય રૂપાળા શરીરની રુચિ નથી. વળી જ્ઞાનીને નિશ્ચયનય, વ્યવહારનય આદિ બધી નયનું યથાર્થ જ્ઞાન હોય છે. તેથી અહીં કહ્યું કે જ્ઞાની **सब नैके समझैया** છે.

જ્ઞાની બધાંના નાનાભાઈ થઈને રહે છે, કોઈ પાસે મોટાઈની અપેક્ષા નથી. દુનિયામાં પોતાની કાંઈ ગણતરી જ ન હોય–એમ રહે છે. પોતાની ખરી કે ખોટી કોઈ વાત કરે તેને સહન કરે છે, સમાધાન રાખે છે કે એને બોલવાની ક્રિયાનો કાળ હશે તો બોલાયું પણ મને તે ભાષાની કાંઈ અસર નથી. કોઈ વખાણ કરે તોપણ એ તો જ્ઞાતાદ્રષ્ટા રહે છે. કોઈ વખાણ કરે, નિંદા કરે પણ એ તો જ્ઞાતા-દ્રષ્ટા જ છે. કોઈના વખાણથી આત્મામાં કાંઈ વિકાસ થઈ જતો નથી અને કોઈ નિંદા કરે તેથી આત્મામાં સંકોચ થઈ જતો નથી.

**बामके बमैया**...વામ એટલે આડી દશા—અવળાઈ છોડીને ધર્મી સરળચિત્ત થઈ ગયા છે. દુઃખ થાય એવા રસ્તામાં ધર્મી ચાલતા જ નથી. સંકલ્પ અને વિકલ્પ ઉઠે છે તે દુઃખના પંથ છે તેથી તે માર્ગે ધર્મી જતાં નથી. એ તો આત્મારામમાં રમનારા છે. 'નિજપદ રમે સો રામ કહીએ' માટે જ્ઞાની જ ખરેખરા 'રામ' છે. રાગ અને પરદ્રવ્ય સાથે એની રમત હોતી નથી. આત્મસ્વરૂપમાં જ એનો વિશ્રામ છે કે જ્યાં જ્ઞાન અને આનંદ છે. રાગમાં એનો વિશ્રામ હોતો નથી. આવા ગુણવાળાને જ્ઞાની કહેવામાં આવે છે. અજ્ઞાનદશામાં પર અને રાગ-દ્વેષ આદિની એકત્વબુદ્ધ તરફ કરવટ હોય છે, જ્યાં જ્ઞાની થયો ત્યાં તેની કરવટ બદલાઈ ગઈ છે. રાગનું પડખું છોડીને આત્માના પડખે આરામ કરે છે. અજ્ઞાની અને જ્ઞાનીની દિશા ફેર હોવાથી દશામાં પણ આવો ફેર છે. નિજપદ-આરામી આવા મહાનુભાવને જ્ઞાની કહેવાય છે.

આ મોક્ષ-અધિકાર છે તેના ૧૨મા કળશ ઉપર ૪૭ થી ૫૦ એમ ચાર પદ્ય દ્વારા સમકિતી જીવોની મહિમા બતાવે છે કે જેઓ મોક્ષના પંથે ચડેલાં છે અને સંસારપંથથી નિવૃત્ત થયેલાં છે એવા જીવોની વાત છે.

**जे समकिती जीव समचेती।**
**तिनकी कथा कहौं तुमसेती॥**
**जहाँ प्रमाद क्रिया नहि कोई।**
**निरविकलप अनुभौ पद सोई॥४७॥**

**परिग्रह त्याग जोग थिर तीनौं।**
**करम बंध नहि होय नवीनौं॥**
**जहां न राग दोष रस मोहै।**
**प्रगट मोख मारग मुख सोहै॥४८॥**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



पूरब बंध उदय नहि व्यापै।
जहां न भेद पुन्न अरु पापै॥
दरब भाव गुन निरमल धारा।
बोध विधान विविध विस्तारा॥४९॥

जिन्हकी सहज अवस्था ऐसी।
तिन्हकै हिरदै दुबिधा कैसी॥
जे मुनि छपक श्रेणि चढ़ि धाये।
ते केवलि भगवान कहाये॥५०॥

અર્થ :—હે ભવ્યજીવો! સમતા સ્વભાવના ધારક સમ્યગ્દૃષ્ટિજીવોની દશા તમને કહું છું. જ્યાં શુભાચારની પ્રવૃત્તિ નથી ત્યાં નિર્વિકલ્પ અનુભવપદ રહે છે (૪૭). જે સર્વ પરિગ્રહ છોડીને મન-વચન-કાયાના ત્રણે યોગનો નિગ્રહ કરીને બંધ-પરંપરાનો સંવર કરે છે જેમને રાગ–દ્વેષ–મોહ રહેતા નથી તેઓ સાક્ષાત્ મોક્ષમાર્ગની સન્મુખ રહે છે (૪૮). જે પૂર્વબંધના ઉદયમાં મમત્વ કરતાં નથી, પુણ્ય–પાપને એકસરખા જાણે છે, અંતરંગ અને બાહ્યમાં નિર્વિકાર રહે છે, જેમના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રગુણ ઉન્નતિ પર છે (૪૯). આવી જેમને સ્વાભાવિક દશા છે, તેમને આત્મસ્વરૂપની દુવિધા કેવી રીતે હોઈ શકે? તે મુનિઓ ક્ષપકશ્રેણી ઉપર ચડે છે અને કેવળી ભગવાન બને છે (૫૦).

બનારસીદાસજીએ સમ્યક્ત્વથી લઈને કેવળજ્ઞાન સુધીની દશાની મહિમા લઈ લીધી છે.

આત્માનો અનુભવ કરીને જેણે સમ્યક્ત્વ પ્રગટ કર્યું છે એવા જીવની દશા હે ભવ્યો! તમને સંભળાવું છું. પ્રથમ તો પરદ્રવ્ય અને રાગથી ભિન્ન પડીને આ જીવ આત્માનુભવી સમકિતી થયો. પછી આગળ વધીને સ્વરૂપમાં શાંતિ અને વૃદ્ધિ પામ્યો એવા જીવને પ્રમાદ હોતો નથી. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપની સ્થિરતાની દશામાં આવ્યો એવા જીવને બીજો પ્રમાદ તો નથી પણ પંચમહાવ્રતરૂપ પ્રમાદદશા પણ તેને હોતી નથી. પરદ્રવ્ય પ્રત્યેનો ભાવ છોડી સ્વદ્રવ્ય-ભગવાન આત્માની રતિને પામ્યા છે. સ્વદ્રવ્યનો આશ્રય જ મુક્તિનો માર્ગ છે. પરદ્રવ્યનો આશ્રય તે મુક્તિનો માર્ગ નથી. ભલે તીર્થંકરદેવનું સમવસરણ હોય પણ એ પરદ્રવ્ય હોવાથી તેનો આશ્રય લેતાં રાગ જ થાય છે.

આત્માના શુદ્ધસ્વભાવ સિવાય જે કોઈ પરદ્રવ્ય છે તે રતિ કરવા યોગ્ય નથી માટે **त्यक्त्वाऽशुद्धिविधायि** અશુદ્ધતાનું કારણ જાણી પરદ્રવ્યની મમતા છોડી, સ્વદ્રવ્યમાં રતિ-પ્રીતિ કરવાયોગ્ય છે. જેની પ્રીતિ-રતિ આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં લાગી છે તે જીવ મોક્ષના પંથે

www.vitragvani.com



ચાલી રહ્યો છે એમ કહેવાય. જેને સ્વદ્રવ્યનો તો પ્રેમ નથી અને પરદ્રવ્યના પ્રેમમાં ફસાઈ ગયો છે તે સંસારના ફંદમાં પડેલો છે.

સમકિતી શ્રદ્ધા–જ્ઞાનમાં તો પ્રમાદથી જુદો પડી ગયો છે પણ પ્રમાદના વિકલ્પ ઉઠે છે, જ્યારે પ્રમાદના વિકલ્પોથી પણ છૂટીને સ્વરૂપમાં આનંદમાં સ્થિર થાય છે તેને મુનિ કહેવામાં આવે છે. મુનિનું પદ નિર્વિકલ્પપદ છે. ચારિત્રના રાગથી પણ રહિત અંતરની સ્થિરતા છે. અહીં તો સમ્યગ્દર્શનથી લઈને કેવળજ્ઞાન સુધીની વાત કરવી છે એટલે કહે છે કે પરદ્રવ્યના વલણવાળો ભાવ છોડી દઈને સ્વદ્રવ્યના વલણમાં આવ્યો છે, અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તે આગળ જઈને પ્રમાદના પરિણામને પણ છોડી દઈને નિર્વિકલ્પપદમાં આવ્યો છે તેને શુભાચારની પ્રવૃત્તિ પણ રહી નથી. જ્યાં સુધી શુભાચારનો વિકલ્પ રહે છે ત્યાં સુધી મુનિને પણ આસ્રવ-બંધ થયા જ કરે છે તો અજ્ઞાનીની તો શું વાત કરવી? જ્યારે મુનિરાજ પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે શુભવિકલ્પ પણ છૂટી જાય છે, અપ્રમાદદશા થઈ જાય છે.

**परिग्रह त्याग जोग**.....પછી સમ્યગ્દૃષ્ટિ આગળ વધીને પરિગ્રહનો ત્યાગ કરે છે. એક વસ્ત્રનો ટુકડો પણ એને હોતો નથી. અંતરંગમાં ત્રણ કષાયના અભાવની દશા અને બાહ્યમાં નગ્ન દિગંબર દશામાં આવે છે ત્યારે તે મન-વચન-કાયાના ત્રણેય યોગોનો નિગ્રહ કરીને સ્વરૂપ તરફની નિર્વિકલ્પતામાં આવી ગયો. આ મોક્ષનો માર્ગ છે. વચ્ચે અઠ્યાવીસ મૂળગુણનો ભાવ હોય છે પણ તે રાગ અને આસ્રવ છે. તેને પણ છોડીને જ્યારે અપ્રમત્તદશામાં આવે છે તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેયની એકતા થઈ હોવાથી કર્મોનું બંધન થતું નથી.

જ્યાં રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી અને સત્ ચિદાનંદ સ્વરૂપમાં જમવટ જામી ગઈ છે એવો જીવ સાક્ષાત્ મોક્ષમાર્ગની સન્મુખ છે. એ જીવ જ કેવળજ્ઞાનદશા સુધી પહોંચી જાય છે. એ જીવ કેવળજ્ઞાન પામવાને લાયક થઈ ગયો છે. પંચમહાવ્રત અને નગ્નદશાનું તેને અભિમાન નથી. એ તો સ્વરૂપમાં ઠરી ગયો છે. તેને પૂર્વ કર્મનો ઉદય આવે છે તે પણ નવા બંધનું કારણ થતો નથી. અબંધ પરિણામમાં ચડેલા જીવને બંધ કેવો! પૂર્વકર્મના ઉદયથી તો સમકિતી પણ વિરક્ત છે પણ મુનિરાજ તો અસ્થિરતાના ઉદયથી પણ વિરક્ત છે એમ સિદ્ધ કરવું છે કેમ કે આ જીવ મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યો છે.

શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એવો ભેદ તેને અસ્થિરતામાં પણ રહ્યો નથી. શ્રદ્ધામાં તો ભેદ નથી પણ ચારિત્રમાં પણ શુભભાવ આચરવાયોગ્ય છે અને અશુભભાવ છોડવાલાયક છે એવો ભેદ રહ્યો નથી. એ તો શુભાશુભ બંને ભાવને છોડીને સ્વરૂપમાં સ્થિર થયો છે.

આ તત્ત્વ જ કોઈ નિરાળુ છે. દેહથી જુદું, વાણીથી જુદું, શુભાશુભ વિકલ્પથી પણ જુદું–

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મોક્ષસ્વરૂપ ભગવાન આત્મતત્ત્વની પર્યાયમાં મોક્ષ થવા માટે આગળ વધી રહ્યો છે તે શુભાશુભના ભેદ પાડતો નથી. પ્રવચનસારમાં કહ્યું છે ને! જે કોઈ પુણ્ય અને પાપમાં ભેદ–તફાવત માને છે તે ઘોર સંસારમાં રખડશે (ગાથા–૭૭). શુભ અને અશુભ બંને ભાવ બંધના કારણ છે એમ જે માનતો નથી તે ઘોર અપાર સંસારમાં ભ્રમણ કરે છે.

'નથી માનતો એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આછન્ન ઘોર અપાર સંસારે ભમે.'

*—શ્રી પ્રવચનસાર ગાથા–૭૭*

શુભભાવ ઠીક છે અને અશુભભાવ અઠીક છે એમ જે બંધના કારણમાં ફેર પાડે છે તે મિથ્યાદૃષ્ટિ છે માટે સંસારમાં ભમશે.

આવી સ્પષ્ટ વાત છે છતાં હજી ગડબડ કરે છે. મોહથી ઢંકાયેલા જીવો જ શુભ-અશુભમાં ફેર માને છે. સમકિતી તો બંનેને બંધના કારણ જાણે છે. શુભાશુભ ઉપયોગ એક જાતનો છે, તેના ફળમાં મળતાં સંયોગોની જાત પણ એક છે અને પુણ્ય-પાપનું બંધન પણ એક જાતનું છે. આમ, પરમાર્થે બંધભાવમાં ફેર નથી, બંધનમાં ફેર નથી અને ફળમાં પણ ફેર નથી. બધી એક જડની જાત છે. પ્રવચનસારના પ્રથમ જ્ઞાન અધિકારમાં જ આ ગાથા આવી છે.

**दरब भाव गुन निरमल धारा**.....જેને અંતરંગમાં ત્રણ કષાયના અભાવરૂપ નિર્વિકાર પરિણતિ છે અને બાહ્યમાં નગ્ન દિગંબર નિર્વિકાર વેષ છે તેવા મુનિરાજને દ્રવ્યે અને ભાવે નિર્મલ ગુણોની ધારા વહે છે. **बोध विधान विविध विस्तारा** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વિધાનનો જેને વિવિધ પ્રકારે વિસ્તાર છે તે બધો મોક્ષમાર્ગનો જ વિસ્તાર છે. બંધમાર્ગનો વિસ્તાર નથી. જેની આવી સહજદશા છે તેને હૃદયમાં કોઈ પ્રકારની દ્વિધા હોતી નથી. શુભાચાર કરવા જેવા છે અને અશુભ છોડવા જેવા છે એવી દ્વિધા એમને મન હોતી નથી. અરે! આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એવો ભેદ પણ મુનિને નિર્વિકલ્પદશામાં હોતો નથી.

બહુ આકરી વાત છે! શરૂઆતથી આવો માર્ગ હશે?—અનાદિથી આવો મોક્ષમાર્ગ છે.

સ્વરૂપમાં લીનતા કરતાં કરતાં....ઉપયોગને અંતરમાં જમાવતાં મુનિરાજને સ્થિરતાની ધારા એવી વહે છે કે મુનિરાજ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ જાય છે. જેમ, હાથીના હોદ્દે બેસીને હાથીને દોડાવે તેમ આત્મ-સ્થિરતાની શ્રેણીમાં ચડેલાં મુનિરાજ કેવળજ્ઞાન લેવા દોડે છે અને કેવળજ્ઞાન લઈ લે છે અને તેની જ મુક્તિ થાય છે. તે જ ભગવાન કહેવાય છે.

*

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# સિદ્ધદશાનું વર્ણન

(સળંગ પ્રવચન નં-૧૧૫)

આ, શ્રી સમયસાર નાટક છે. મોક્ષદ્વારનો ૧૩મો કળશ છે. તેના ઉપર ૫૧મુ પદ્ય છે, તેમાં સમ્યગ્દૃષ્ટિજીવોને વંદના કરે છે. આમ તો સિદ્ધ પરમાત્માની વાત કરે છે પણ આવા સિદ્ધ પરમાત્માની પૂર્ણદશાની જેને મહિમા આવી છે એવા સમકિતીજીવોનો અહીં આદર કરે છે.

સંસારમાં તો ચોરાશીના અવતારમાં દુઃખ જ છે. સુખ તો એક મોક્ષમાં છે અને એ મોક્ષ પોતાના આત્માના સ્વભાવના આશ્રયથી થાય છે. જેણે આવા સ્વભાવનો આશ્રય લીધો છે તેને સમ્યક્ત્વ સહિત અતીન્દ્રિય આનંદ આવે છે કે જે આનંદ પૂર્ણ થતાં મોક્ષ થાય છે એ જ વાત અહીં બનારસીદાસજી કહે છે.

સમ્યગ્દૃષ્ટિજીવોને વંદન (દોહરા)

**इहि विधि जे पूरन भये, अष्टकरम वन दाहि।**
**तिन्हकी महिमा जो लखै, नमै बनारसि ताहि।।५१।।**

અર્થ :—જે આ રીતે આઠ કર્મોનું વન બાળીને પરિપૂર્ણ થયા છે તેમનો મહિમા જે જાણે છે તેને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

આગળ ૫૦મા પદમાં જે **समकिती जीव समचेती** થી લઈને તે **केवली भगवान कहाये** સુધીમાં બધો ક્રમ કહી દીધો હતો કે પ્રથમ, સમ્યગ્દર્શન તેને કહેવાય કે જે પરપદાર્થનો કર્તા તો ન થાય પણ વ્યવહારરત્નત્રયના શુભરાગનો પણ કર્તા ન થાય. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું ભણવું, પંચમહાવ્રતના પરિણામ.....એ બધો રાગ છે. એ રાગનો કર્તા થાય અને સ્વભાવને તો જાણતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિને સંસારમાં–ચારગતિના દુઃખમાં રખડવું પડે છે.

જેને પ્રથમ સમ્યક્ત્વ થાય પછી તેને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં ચારિત્રની દશા પ્રગટ થાય. જ્યાં સમ્યક્ત્વ જ ન હોય ત્યાં ચારિત્રદશા તો થાય જ નહિ અને ચારિત્ર વિના મોક્ષ તો થાય જ નહિ.

આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે તે એક રજકણનો પણ કર્તા નથી. જડની ક્રિયા ચેતનથી



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન થાય. આત્મા હાથ હલાવી શકતો નથી. વાણી બોલી શકતો નથી. આત્મા તો જાણનારસ્વભાવી હોવાથી રાગનો પણ કર્તા નથી તેથી આત્માને જાણનાર સમકિતી પણ રાગનો કર્તા થતો નથી. આત્માની ખાણમાં રાગનો અભાવ છે.

આત્માની પૂર્ણદશાને પ્રાપ્ત એવા સિદ્ધોનું જેને માહાત્મ્ય આવ્યું છે તેને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવ્યું છે કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ-શાંતિથી ભરેલો સિદ્ધ જેવો પદાર્થ છું. એમ જેને સ્વભાવ-સન્મુખ થઈને પ્રતીતિ થાય છે તેને અંતરમાં અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે એ સમકિતની નિશાની છે. દેવ-શાસ્ત્ર-ગુરુને માને છે, શાસ્ત્ર ભણે છે કે વ્રત પાળે છે માટે સમકિતી છે એમ નથી.

શ્રીમદ્‌જીએ સમકિતની ટૂંકી વ્યાખ્યા કરી છે કે 'સર્વગુણાંશ તે સમ્યક્‌ત્વ'. આપણે પણ આમાં આવે છે કે જેણે જ્ઞાનાદિ અનંતગુણનો એક અંશ નિર્મળપણે પ્રગટ કર્યો છે તેણે આખો આત્મા આનંદમૂર્તિ છે એવી પ્રતીતિ કરી છે, તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે હોય જ છે તે સમકિતી છે. આવા સમકિતના ભાન વિના સીધા વ્રત, નિયમ, તપસ્યા આદિ કરવા લાગે છે તે બધાં એકડાં વિનાના મીંડા છે. તેથી તો છઢાળામાં કહ્યું કે

'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.'

નિરઅતિચાર પંચમહાવ્રત પાળીને મુનિ નવમી ગ્રૈવેઈક જાય પણ સમકિત વિના મોક્ષ ન થાય. ચારગતિમાં રખડવાનું જ થાય. માટે, અહીં મોક્ષની વિધિ બતાવી છે. તેમાં પ્રથમ સમ્યગ્દર્શનનું સોપાન આવે છે. તેમાં સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાનનો અંકુર ફૂટે છે અને અતીન્દ્રિય આનંદ તથા અનંતાનુબંધી કષાયના અભાવની શાંતિ હોય છે. તે શાંતિ અને આનંદની દશા વધારતાં પાંચમા ગુણસ્થાનમાં વિશેષ શાંતિ અને આનંદ આવે છે. છઠ્ઠામા તેનાથી પણ વિશેષ શાંતિ અને આનંદ આવે છે. સાતમામા તેનાથી પણ વિશેષ આવે છે. એમ કરતાં......બારમા ગુણસ્થાનમાં શાંતિ અને આનંદ પૂર્ણ પ્રગટ થાય છે પણ અનંત નથી. એ કેવળજ્ઞાન થતાં અનંત જ્ઞાન અને અનંત આનંદ પ્રગટ થાય છે. આ વિધિ છે. આ સિવાય સીધું ચારિત્ર લઈ લે છે તે રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે—એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે.

અનંતકાળમાં નહિ આવેલી એવી શાંતિ અને આનંદનો અનુભવ સમકિત થતાં થાય છે. તે પછી ગુણસ્થાન વધતાં શાંતિ અને આનંદ વધતાં જાય છે પણ જેટલો પ્રમાદ છે, રાગ છે તે તો જ્ઞાનીને પણ દુઃખરૂપ છે. રાગ છે તે અનાચાર છે. પંચમહાવ્રત કે દેહનું નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આત્માના આશ્રયે જે શાંતિ અને આનંદના ઉગ્ર પરિણામ પ્રગટ થયા છે તેને ચારિત્રદશા કહેવામાં આવે છે.

www.vitragvani.com



इहि विधि जे पूरन भये.....પ્રથમ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો છેદ કર્યો અને સમકિત તથા સ્વરૂપમાં સ્થિરતાનો અંશ પ્રગટ કર્યો.....પછી અવ્રતનો નાશ થયો અને સ્વરૂપની શાંતિ અને આનંદની વૃદ્ધિ થઈ.... પછી બુદ્ધિપૂર્વક જે રાગ હતો તેને છોડીને સ્થિરતા થઈ....પછી અબુદ્ધિપૂર્વકનો રાગ પણ છૂટીને તેને સ્થિરતા થઈ.....આ મુક્તિ પ્રાપ્તિનો ક્રમ છે. આ સિવાય બીજી રીતે ધર્મ કરવા જાય તેને ધર્મ પણ નહિ થાય અને મુક્તિ પણ નહિ થાય.

ઉપર કહેલાં ક્રમથી જેણે વિધિ અનુસાર આઠ કર્મોના વનને બાળીને ભસ્મ કર્યું છે એવા સિદ્ધ પરમાત્માની સાચી મહિમા જેની દૃષ્ટિમાં આવી છે તે સમકિતી છે. કેમ કે સિદ્ધ જેવા પોતાના આત્માનો અનુભવ થાય ત્યારે જ એને ખ્યાલમાં આવે કે અહો! મારો આત્મા સિદ્ધ સમાન છે માટે સિદ્ધદશા પૂર્ણદશા કેવી હશે!! એમ સિદ્ધદશાનું માહાત્મ્ય તેને આવે છે. બનારસીદાસજી કહે છે કે આવા સમકિતીને હું નમન કરું છું.

હવે ફરી બનારસીદાસજી બાવનમા પદ્યમાં મોક્ષપ્રાપ્તિનો ક્રમ બતાવે છે.

### મોક્ષપ્રાપ્તિનો ક્રમ

भयौ सुद्ध अंकूर, गयौ मिथ्यात्व भूर नसि।
क्रम क्रम होत उदोत, सहज जिम सुकल पक्ष ससि॥
केवल रूप प्रकासि, भासि सुख रासि धरम ध्रुव।
करि पूरन थिति आउ, त्यागि गत भ्रमि परम हुव॥
इह विधि अनन्य प्रभुता धरत, प्रगटि बूंदि सागर थयौ।
अविचल अखंड अनुभव अखय, जीव दरब जग मंहि जयौ॥५२॥

અર્થ :—શુદ્ધતાનો અંકુર પ્રગટ થયો, મિથ્યાત્વ મૂળમાંથી દૂર થયું. શુક્લપક્ષના ચન્દ્રમા સમાન ક્રમે ક્રમે જ્ઞાનનો ઉદય વધ્યો, કેવળજ્ઞાનનો પ્રકાશ થયો. આત્માનો નિત્ય અને પૂર્ણ આનંદમય સ્વભાવ ભાસવા લાગ્યો. મનુષ્ય આયુષ્ય અને કર્મની સ્થિતિ પૂરી થઈ, મનુષ્ય ગતિનો અભાવ થયો અને પૂર્ણ પરમાત્મા બન્યા. આ રીતે સર્વશ્રેષ્ઠ મહિમા પ્રાપ્ત કરીને પાણીના ટીપામાંથી સમુદ્ર થવા સમાન અવિચળ, અખંડ, નિર્ભય અને અક્ષય જીવપદાર્થ સંસારમાં જયવંત થયો.

भयौ सुद्ध अंकुर......શુભ અને અશુભ બંને ભાવ અશુદ્ધ અને મલિન છે, એક શુદ્ધભાવ જ નિર્મળ છે તેનો અંકુર પ્રગટ થયો. એ અંકુરમાંથી જ હવે કેવળજ્ઞાન અને પૂર્ણતા પ્રગટ થવાની છે એમ કહે છે. ચોથા ગુણસ્થાને પોતાના નિર્મળાનંદ ભગવાનનો અનુભવ થતાં ત્યાં અતીન્દ્રિય આનંદ અને સંવર-નિર્જરા પ્રગટ થાય છે.

શુભ અને અશુભભાવ તો અનાદિથી જીવ કરતો આવ્યો છે, તેનું જ સેવન કર્યું છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને એ જ મિથ્યાત્વભાવ છે. હવે જ્યાં શુદ્ધાત્માના અનુભવથી શુદ્ધતાનો અંકુર પ્રગટ થયો એ જ ધર્મ અને એ જ મોક્ષમાર્ગની શરૂઆત થઈ ત્યાં અનાદિથી ચાલી આવતી ભ્રમણા તો એને મૂળમાંથી છૂટી ગઈ. સૂક્ષ્મ પણ જે વિકલ્પ—ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે છે તેનાથી લાભ થશે એવી ભ્રમણા પણ મૂળમાંથી છૂટી ગઈ.

**क्रम क्रम होत उदोत**......બીજનો ચંદ્રમા જેમ ક્રમે ક્રમે વધતો પૂનમનો ચંદ્રમા થઈ જાય છે તેમ ધર્મીને પ્રથમ શુદ્ધતાનો અંકુર ફૂટ્યો તે ક્રમે ક્રમે વધતો વધતો સિદ્ધદશાને–પૂર્ણતાને પામશે. ચોથા ગુણસ્થાને જે ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય છે તે આશ્રય વધતો વધતો પૂર્ણદશાને પ્રાપ્ત થાય છે. વળી, તે શુદ્ધતા સહજપણે વધે છે, પંચમહાવ્રત આદિના પરિણામ કરે તેનાથી શુદ્ધતા વધે—એમ નથી. લોકોને આ વાત ગળે ઉતરવી કઠણ પડે તેમ છે પણ મારગ તો જેમ છે તેમ છે. પ્રથમ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ વાત યથાર્થ નથી. નિશ્ચય વિના સાચો વ્યવહાર હોતો જ નથી. એકલો વ્યવહાર તો રાગ છે–આસ્રવ છે–ભાવબંધ છે–ઝેર છે તેનાથી ખસીને જે પોતાના અબંધ સ્વભાવની દૃષ્ટિ કરીને અબંધ પરિણામ પ્રગટ કરે છે તેને એક સમયમાં અનંત ગુણના અંશો પ્રગટ થાય છે અને પછી તો જેમ, શુક્લપક્ષનો ચંદ્ર સહજ વધ્યે જાય છે તેમ, ભગવાન આત્મા પોતાના અવલંબનથી સહજ વધ્યે જાય છે. તેને વધવામાં બાહ્ય ક્રિયાકાંડનો આશ્રય નથી. પૂર્ણ શુદ્ધ વસ્તુના આશ્રયથી જ પૂર્ણપણું પ્રગટ થાય છે.

**केवल रूप प्रकासि**......કેવળજ્ઞાન થતાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન અને પૂર્ણ વીર્ય એમ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ જાય છે. **करि पूरन थिति आऊ**.....અઘાતિકર્મ બાકી હતાં તેમાં પણ તેની સ્થિતિ પૂરી થતાં મનુષ્યઆયુ પૂરું કરી પોતાની અનન્ય પ્રભુતાને ધારણ કરે છે—**इहि विधि अनन्य प्रभुता धरत**..... આ વિધિથી આત્મા પોતાની પૂર્ણ પ્રભુતાને ધારણ કરે છે.

બહારમાં સુધારા-વધારા કરી દઉં, પૈસા ભેગા કરીને ઘણાં કામ કરી લેવા છે એવા બધાં ભાવ છે તે મિથ્યાત્વ છે. જગત પાસેથી પૈસા લઈને પાઠશાળા ચલાવું, પારકા કામ કરું, બીજાંને સુધારું એ બધો મિથ્યાત્વભાવ છે.

શ્રોતા :—જગત શી રીતે સુધરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જગતના જીવો પોતે પોતાથી સુધરે તો સુધરી શકે, કોઈ તેને સુધારી ન શકે. પરની પર્યાયને હું બનાઉં એ તો મિથ્યાત્વભાવ છે.

અહીં તો પોતાના અવલંબનથી જ શુદ્ધતાના અંશથી લઈને પૂર્ણતા પ્રગટ થાય છે એ વાત છે. સાદિ અનંત અનંત સમાધિનું સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય આ એક જ છે. **प्रगटि बूंदि सागर थयौ** અનુભવનો બુંદ પ્રગટ થયો હતો તેમાંથી આ કેવળજ્ઞાનનો સાગર પ્રગટ થઈ જાય છે. અંતરમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુસ્વભાવમાં જે કેવળજ્ઞાન અને અનંત આનંદ પડ્યો છે તેમાંથી અનુભવ થતાં જે અંકુર ફૂટ્યો તેમાંથી કેવળજ્ઞાન અને સિદ્ધપદનો સમુદ્ર પ્રાપ્ત થાય છે.

એ સિદ્ધદશા કેવી છે?—અવિચલ છે, અખંડ છે, અનુભય છે અને અક્ષય છે. સિદ્ધદશા પ્રગટ થઈ તે હવે કદી ચળવાની નથી એવી અચલ છે. પર્યાયની પૂર્ણતા પ્રગટ થઈ છે તેમાં ક્યાંય ખંડ નથી એવી અખંડદશા છે. સિદ્ધપદમાં કોઈ ભય નથી માટે તે અનુભય છે અને અક્ષય છે માટે તેનો હવે કદી ક્ષય થવાનો નથી. સિદ્ધપદનો ઉત્પાદ થયો તે વ્યય વિનાનો છે તેથી સિદ્ધપદનો કદી વ્યય નહિ થાય અને સંસારનો વ્યય થયો તેનો હવે કદી ઉત્પાદ નહિ થાય.

અહો! આવો જીવપદાર્થ જગતમાં જયવંત થાય છે કે જેણે સમ્યગ્દર્શન પૂર્વક આગળ આનંદનો વધારો કરીને પ્રચુર સ્વસંવેદનરૂપ ચારિત્ર–મુનિદશા દ્વારા અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ કરીને પૂર્ણદશા પ્રગટ કરી તે જયવંત વર્તે છે. જેને 'સિદ્ધ ગતિ' થઈ તેને 'આગતિ' ન રહી. સિદ્ધગતિમાંથી ફરી બહાર નીકળીને સંસારમાં આવવાનું ન રહ્યું.

જ્યાં સુધી પોતે હીણી દશા કરતો હતો ત્યાં સુધી જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનું નિમિત્ત હતું, બાકી, જ્ઞાનાવરણી કર્મ આત્માના જ્ઞાનનો નાશ કરે છે એમ ત્રણકાળમાં નથી. પરદ્રવ્ય આત્માને નુકશાન કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં કદી બની શકતું નથી. પોતે જ્ઞાનની દશા હીણી કરે ત્યારે જ્ઞાનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. એ જ રીતે દર્શન ઉપયોગને જીવ પોતે હીણો કરે ત્યારે દર્શનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. સુખ–દુઃખની કલ્પના પોતે કરે ત્યારે તેને વેદનીય કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. તેની સાથે મોહ પણ સુખ-દુઃખની કલ્પનાનું કારણ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે જીવ પોતે પરિણમે ત્યારે તેને દર્શનમોહ અને ચારિત્રમોહનું નિમિત્ત છે. કર્મ કાંઈ આત્માને હીણો કરી દે છે એમ નથી.

પોતે પોતાના સ્વરૂપનો લાભ લેતો નથી ત્યારે લાભાંતરાયકર્મનું નિમિત્ત હોય છે. સ્વરૂપનો ભોગ ન કરે ત્યારે ભોગાંતરાયકર્મનું નિમિત્ત હોય છે. સ્વરૂપનો વારંવાર ભોગ કરવો જોઈતો હતો તે નથી કરતો ત્યારે ઉપભોગ-અંતરાયકર્મનું નિમિત્ત કહેવાય છે. પણ કર્મ આત્માને કાંઈપણ નુકશાન કરી શકે છે એ વાત ત્રણકાળ ત્રણલોકમાં શક્ય નથી. આવી વસ્તુસ્થિતિ છે તે સ્થિતિને અનુભવમાં લઈને જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું તેનું શું પ્રગટ થાય છે તે હવેના પદ્યમાં કહે છે.

આઠ કર્મોના નાશપૂર્વક આઠ ગુણોનું પ્રગટ થવું.'

ग्यानावरनीके गयैं जानियै जु है सु सब,
दर्सनावरनके गयैतैं सब देखियै।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



वेदनी करमके गयैंतैं निराबाध सुख,
मोहनीके गयैं सुद्ध चारित विसेखियै॥
आउकर्म गयैं अवगाहना अटल होइ,
नामकर्म गयैंतैं अमूरतीक पेखियै।
अगुरु अलघुरूप होत गोत्रकर्म गयैं,
अंतराय गयैतैं अनंतबल लेखियै॥५३॥

પહેલાં ઉપાદાનથી વાત લીધી કે શુદ્ધતાના આશ્રયે ક્રમે ક્રમે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. હવે આ પદ્યમાં નિમિત્તની વાત કરી છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય કરતાં જ્ઞાનાવરણાદિ નિમિત્તો છૂટતાં જાય છે. આત્મા તે નિમિત્તોને છોડે છે–એમ નથી. જડકર્મો તો જગતના સ્વતંત્ર પદાર્થ છે તેને ગ્રહે કોણ અને છોડે કોણ! એ તો સ્વયં છૂટે છે. આત્મા જ્ઞાનાવરણીનો નાશ કરે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. આત્મામાં જ્ઞાનાનંદની દશાની પૂર્ણતા થતાં જ્ઞાનાવરણી કર્મ સ્વયં અકર્મરૂપ થઈ જાય છે ત્યારે તેનો નાશ આત્માએ કર્યો એમ કહેવાય છે. કેવળજ્ઞાન થતાં ત્રણકાળ ત્રણલોકનું જાણવું થવા લાગે છે.

શ્રોતા :—કેવળજ્ઞાનમાં જણાય છે એમ જ જગતમાં થાય છે તો પુરુષાર્થ કાંઈ ન રહ્યો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેવળજ્ઞાનમાં જણાય છે એમ જ જગતમાં થાય છે પણ એ કેવળજ્ઞાનને કોણ માની શકે? કે જે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં અખંડાનંદમૂર્તિને લે છે–અનુભવે છે તે જ કેવળજ્ઞાનને માને છે. એ જ પુરુષાર્થ છે.

એક જણે પ્રશ્ન કર્યો હતો કે ક્રમબદ્ધની વાત કરો ને! તો કીધું, જગતના પદાર્થની અવસ્થા જે કાળે જે થવાયોગ્ય હોય તે થયા જ કરે છે પણ તેને માનનારો કોણ હોય? કે જેની દૃષ્ટિ નિમિત્ત ઉપરથી ખસી, રાગથી ખસી, એક સમયની પર્યાયથી ખસી, ત્રિકાળ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડે અને અનુભવ થાય ત્યારે તેને ક્રમબદ્ધનું સાચું જ્ઞાન થાય છે. આકરી વાત છે. ક્રમબદ્ધમાં કર્તાપણાનો નાશ છે. જ્ઞાતાપણાનું ઉત્પન્ન થવું છે. ક્રમે ક્રમે જે સમયે જે રાગ થાય તેને પણ ક્રમબદ્ધ માનનારો જાણનાર રહે, કર્તા ન થાય. હું પરનું કરી દઉં.....રાગ કરું....એમ માનનારે ક્રમબદ્ધને માન્યું નથી.

દર્શનાવરણી કર્મના અભાવથી કેવલદર્શન થાય છે એટલે કે જેણે સ્વભાવનો આશ્રય લઈને કેવલદર્શન પ્રગટ કર્યું તેને દર્શનાવરણી કર્મ સ્વયં નષ્ટ થઈ જાય છે. આત્મા તે કર્મનો નાશ કરતો નથી. અરે! આત્મા રાગનો પણ નાશ કરતો નથી તો કર્મ તો પરદ્રવ્ય છે તેનો નાશ આત્મા શી રીતે કરે! કર્મ બાંધવું કે નાશ કરવો એ આત્માના સ્વભાવમાં જ નથી. પરમાર્થે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મા રાગનો નાશ કરનાર પણ નથી. જો રાગનો નાશ કરનાર થાય તો તો રાગની એને દૃષ્ટિ થઈ. આત્મા તો રાગરહિત તત્ત્વ છે. રાગ તો આસ્રવતત્ત્વ છે અને આત્મા જ્ઞાયકતત્ત્વ છે. એ બંને તત્ત્વને એક માને એ તો મૂઢ છે. આકરી લાગે તેવી વાત છે.

સિદ્ધભગવાનને વેદનીય કર્મના અભાવપૂર્વક નિરાબાધ–અવ્યાબાધ ગુણ પ્રગટ થાય છે, વેદનીય કર્મ ખસી જાય છે. મોહનીયમાં દર્શનમોહનો અભાવ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું અને પછી ચારિત્રમોહનો અભાવ થતાં ચારિત્ર પ્રગટ થયું. ચારિત્ર તો પોતાના પુરુષાર્થથી પ્રગટ થયું છે પણ ત્યારે ચારિત્રમોહનો નાશ થાય છે અને પોતાના આનંદમાં રમણતા થાય છે. આયુ કર્મના અભાવથી ટળે નહિ તેવી અવગાહના પ્રાપ્ત થાય છે. તે અવગાહનત્વગુણ છે. નામ કર્મના અભાવથી સિદ્ધને અમૂર્તિકપણું હોય છે. અમૂર્તસ્વભાવ હતો તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. ગોત્ર કર્મના અભાવથી સિદ્ધને અગુરુલઘુપણું પ્રાપ્ત હોય છે. સિદ્ધમાં કોઈ નાના-મોટાપણું હોતું નથી. સિદ્ધભગવાનને આઠ કર્મના અભાવપૂર્વક આવી દશા હોય છે.

સમ્યગ્દર્શન થતાં આઠેય કર્મના અંશનો નાશ હોય છે અને સિદ્ધદશા થતાં આઠેય કર્મનો પૂર્ણ નાશ હોય છે. સિદ્ધને અનંત અંતરાય નાશ થઈ ગયો છે અને અનંત પુરુષાર્થ પ્રગટ છે. તેથી કહ્યું કે अंतराय गयैं तैं अनंतबल लेखियै।

આ રીતે સિદ્ધભગવાનને અષ્ટગુણ હોય છે. આમ તો, અનંત ગુણ પૂર્ણ પ્રગટ છે પણ આઠ કર્મના નિમિત્તમાં આઠ ગુણની પર્યાય હીણી હતી તે પૂર્ણ પ્રગટ થઈ ગઈ તેથી વ્યવહારે સિદ્ધને આઠ ગુણ પ્રગટ્યા કહેવાય છે. નિશ્ચયથી તો અનંત ગુણો નિર્મળ છે.

હવે આ ૯મા અધિકારનો સાર કહે છે.

પ્રગટ હો કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે અને મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર, નિર્જરા તથા મોક્ષ છે. અહીં ખૂબી શું છે કે મિથ્યાત્વને જ આસ્રવ-બંધ ગણવામાં આવ્યો છે. અવ્રત, પ્રમાદ, કષાય આદિ તો સાધારણ છે તેની અહીં ગણતરી જ ગણી નથી. એ તો સામાન્ય પાપ છે. મિથ્યાત્વ જ મહાપાપ છે. કષાયખાના માંડવાના પાપ કરતાં પણ આ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે.

સમ્યગ્દર્શન થતાં એ જીવ એક પણ રજકણ કે રાગની ક્રિયાનો કર્તા થતો નથી. કર્તા થાય તો મિથ્યાત્વ છે. એ આસ્રવ-બંધ છે. લોકોને બાહ્યક્રિયાની એટલી કિંમત છે કે અમે વ્યવહાર પણ પાળીએ અને નિશ્ચયની શ્રદ્ધા રાખીએ એ અમારો અનેકાંત છે એમ માને છે. ભાઈ! એ અનેકાન્ત નથી. વ્યવહાર એટલે રાગ. એને પાળવો છે એવો ભાવ મિથ્યાત્વ છે. વીતરાગનો માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. રાગના ભાવથી શરૂ થાય એ વીતરાગમાર્ગ નથી.

www.vitragvani.com



મિથ્યાત્વ જ આસ્રવ-બંધ છે એમ કહ્યું છે તો એકાંત નહિ થતું હોય! ના. ભગવાનના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને ભૂલીને ક્યાંય પણ સ્વામીપણું મનાય તે મિથ્યાત્વભાવ જ છે તેનાથી જ આસ્રવ-બંધ થાય છે. ભલે તે ક્રિયા શુભ હોય–વ્રતાદિ પાળતો હોય, આજીવન બ્રહ્મચર્ય પાળતો હોય પણ એ શુભરાગની રુચિ છે અને સ્વભાવની રુચિ નથી તો મિથ્યાત્વ જ છે.

મને કોઈ પાસેથી લાભ થાય એવી હું ચીજ નથી. તેમ જ હું બીજાને લાભ પમાડું એવી હું ચીજ નથી, મને કોઈ નુકશાન કરી શકે એવો હું નથી. હું બીજાને નુકશાન કરી શકુ એવો હું નથી. માટે, હું પરને લાભ-નુકશાન આપું કે મને પરદ્રવ્ય લાભ-નુકશાન આપે એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે એ જ આસ્રવ અને બંધ છે. વીતરાગ સિવાય આવી વાત બીજે ન હોઈ શકે. દુનિયા અનેક પ્રકારે માને છે તે વીતરાગમાર્ગ નથી. જૈનના સાધુ સિવાય કોઈ સાધુ સાચા હોઈ શકે જ નહિ. કારણ કે જૈન એટલે વસ્તુસ્વરૂપ છે.

'જિન સો હી હૈ આતમા, અન્ય સો હી કર્મ,
યે હી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ.'

આત્મા જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ છે. તેમાં રાગ ન હોય. વીતરાગસ્વભાવમાંથી જ વીતરાગતા આવે છે. બહારથી નથી આવતી. વીતરાગસ્વભાવની વાત વીતરાગમાર્ગમાં જ હોય, બીજે ન હોઈ શકે?

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચેય બંધના કારણ હોવા છતાં બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ જ છે. બીજાં કારણો ગૌણ છે. મિથ્યાત્વનો અભાવ એ જ સમકિત, સંવર, નિર્જરા અને મોક્ષ છે. મિથ્યાત્વનો નાશ થતાં સમકિતરૂપી સંવરદશા અને સંવરપૂર્વક શુદ્ધતાના કારણે અશુદ્ધતાનો નાશ થાય છે અને પૂર્ણ શુદ્ધતા થતાં મોક્ષ થાય છે. જુઓ! શુ કીધું! સમકિત પોતે સંવર-નિર્જરા અને મોક્ષ છે અને મોક્ષ એ જ જીવનો સ્વભાવ છે અર્થાત્ જીવની કર્મમળ રહિત અવસ્થા છે.

નિશ્ચયથી વિચારવામાં આવે તો જીવનો મોક્ષ થતો નથી. કેમ કે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી. પર્યાય અપેક્ષાએ જીવને બંધન છે અને મુક્તિ થાય છે. વસ્તુઅપેક્ષાએ તો જીવ અબંધ જ છે.

આત્માને રાગનું બંધન કહેવું એ તો વ્યવહાર છે. તેથી રાગનો અભાવ કરવો અને મુક્તિ થવી એ પણ વ્યવહાર છે. રાગનું પરિણમન પર્યાયમાં છે તે છૂટીને મુક્તિ–સિદ્ધદશા પણ પર્યાયમાં છે માટે વ્યવહાર છે. નિશ્ચયથી જોઈએ તો આત્મા અબંધ છે માટે તેને છૂટવાનું પણ ક્યાં રહ્યું! જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારથી છે.

www.vitragvani.com



ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ જ છે. તેનો આશ્રય કરતાં પર્યાયમાં મુક્તિ થાય તે વ્યવહાર છે. જીવ તો સ્વભાવે હંમેશા મોક્ષસ્વરૂપ જ છે. શ્રીમદ્‌માં આવે છે કે જીવનો મોક્ષ સમજાય છે, મોક્ષ થતો નથી.....'દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે.' શ્રીમદે જે રીતે કહ્યું છે તે જ રીતે અહીં કહે છે કે જીવ શુદ્ધસ્વરૂપી છે તેને બંધ થયો જ નથી માટે મોક્ષ થવાપણું ક્યાં રહે! જીવે માનેલું છે કે 'હું બંધાયેલ છું' તે માનવું વિચાર વડે સમજાય છે કે, મને બંધન નથી, માત્ર માન્યું હતું તે માન્યતા શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતી નથી. માટે મોક્ષ સમજાય છે આ વાત નિશ્ચયનયની છે. પણ જો પર્યાયાર્થિકનયવાળાઓ આ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાના છે, કારણ કે પર્યાય અપેક્ષાએ વર્તમાનમાં મુક્તિ નથી. નિશ્ચયનયથી મુક્તિ છે. શ્રીમદ્‌ના ૩૨મા વર્ષમાં આ ૮૦મો બોલ છે ઈ જ વાત અહીં આવી છે.

ભગવાન આત્મા ત્રિકાળ વિકલ્પના વ્યવહારથી રહિત સ્વરૂપ છે. ૧૪-૧૫ ગાથામાં સમયસારમાં આવ્યું ને! જેણે આત્માને અબદ્ધ અને અસ્પર્શ જાણ્યો, માન્યો અને અનુભવ્યો એ જૈનશાસન છે. લોકોને વ્યવહારનો પક્ષ એટલો થઈ ગયો છે કે તેમાંથી નીકળવું મુશ્કેલ પડે છે.

પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે કે વ્યવહારથી બંધ અને મોક્ષ છે. નિશ્ચયથી જીવને બંધ અને મોક્ષ નથી. જે બંધાયેલો નથી તેને બંધાયેલો કહેવો તે ગાળ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદપ્રભુ વસ્તુસ્વભાવે મુક્ત જ છે તેનું અવલંબન લઈને જે મુક્તપર્યાય પ્રગટે તે વ્યવહાર છે, ત્રિકાળદ્રવ્ય તે નિશ્ચય છે.

❀

આત્મા જ્ઞાયક ને પર જ્ઞેય એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞેય તે આત્માનું વ્યાપ્ય નથી. જ્ઞેય સંબંધીના જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત હોવા છતાં જ્ઞેય આત્માનું વ્યાપ્ય અર્થાત્ કાર્ય નથી. એ રીતે જ્ઞાન તે જ જ્ઞાતાનું કર્મ છે—આમ વિકારાદિ પુદ્‌ગલપરિણામનો માત્ર જ્ઞાતા જ રહે છે તે જ્ઞાની છે.

*(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર, બોલ-૧૦૭)*



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# મુક્ત-સ્વરૂપની દૃષ્ટિ જ મુક્તિનું કારણ છે

(સળંગ પ્રવચન નં-૧૧૬)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. મોક્ષ અધિકાર ચાલી ગયો છે, તેનો સાર ચાલે છે.

પ્રગટ થાઓ...જાહેર થાઓ...પ્રસિદ્ધ થાઓ કે મિથ્યાત્વ તે જ આસ્રવ અને બંધ છે. મિથ્યાત્વ શું છે?–કે નિમિત્તનો આશ્રય કરવો, શુભાશુભભાવનો આશ્રય લેવો તે બધો મિથ્યાત્વભાવ છે. આ મિથ્યાત્વ જ વિકાર છે, આસ્રવ છે, બંધ છે અને સંસાર છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામની રુચિ, નિમિત્તોની રુચિ અને એક સમયની શુદ્ધપર્યાયની રુચિ તે પણ મિથ્યાત્વ છે.

પ્રશ્ન :—એક સમયની શુદ્ધ પર્યાયની રુચિ પણ મિથ્યાત્વ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મિથ્યાદૃષ્ટિને તો શુદ્ધપર્યાય છે જ ક્યાં? સમકિતીને શુદ્ધપર્યાય છે પણ તેની રુચિ નથી, રુચિ અને દૃષ્ટિ દ્રવ્યની છે. વસ્તુ સૂક્ષ્મ છે. ભાઈ! પ્રગટ નિર્મળ પર્યાયને પણ નિશ્ચયથી પરદ્રવ્ય કહેવામાં આવી છે.

નિમિત્ત અથવા સંયોગ દેવ-શાસ્ત્ર-ગુરુનો હો કે સ્ત્રી, કુટુંબ, પરિવારનો હો કે સમ્મેદશિખર કે શત્રુંજયનો હો...તેની રુચિ તથા દયા-દાન-વ્રતાદિ કે હિંસા-જૂઠ-અવ્રતાદિની રુચિ તથા એક સમયની પર્યાય–જે પ્રગટ અંશ છે તેની રુચિ એ જ સંસાર, એ જ મિથ્યાત્વ અને એ જ આસ્રવ-બંધ છે. જ્ઞાની સમકિતીને આ બધું જ હોવા છતાં તેની રુચિ નથી. રુચિ તો દ્રવ્યની છે કે જેમાં ગુણ રત્નોની ખાણ પડી છે.

જુઓ! આવી વાત જૈન સિવાય બીજે ક્યાંય હશે? ભગવાન ત્રણલોકના નાથે આત્માને ત્રિકાળ આનંદકંદ જોયો છે. સર્વજ્ઞ સિવાય આવી વસ્તુ બીજાં કોઈને જોવામાં આવતી નથી. માટે, સર્વજ્ઞે કહેલાં આગમ અને સર્વજ્ઞ અનુસારિણી વાણી જ 'પ્રમાણ' છે, તે સિવાય અજ્ઞાનીની વાણી કે દલીલ આદિ કાંઈ પ્રમાણ નથી.

ભાઈ! મિથ્યાત્વ જ સંસાર છે. રાગની, નિમિત્તની કે પર્યાયની રુચિ એટલે દ્રવ્ય સાથે તેની મૈત્રી કરવી તે મિથ્યાત્વ છે. વીતરાગપર્યાયમાં પણ રુચિ તો દ્રવ્યની છે. વીતરાગપર્યાયમાંથી વીતરાગતા આવતી નથી, સમ્યગ્દર્શન પર્યાયમાંથી સમ્યક્ચારિત્ર આવતું નથી. ત્રિકાળી દ્રવ્યસ્વભાવની રુચિથી સમ્યક્ત્વાદિ પર્યાયો પ્રગટ થાય છે. દૃષ્ટિનો વિષય તો ધ્રુવ જ છે.

www.vitragvani.com



ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ, ચૈતન્યઘન, આનંદકંદ છે પણ તેનો એને વિશ્વાસ નથી અને શરીર મારું, વાણી મારી, રાગ મારો છે અને એક સમયનો અંશ જ હું છું એવો વિશ્વાસ છે તે જ મિથ્યાત્વ છે, એ જ આસ્રવ-બંધભાવ છે, સંસારભાવ છે. આવી વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય ન હોય.

'મિથ્યાત્વ જ સંસાર છે' એમ શબ્દો કહ્યાં છે તો તેમાં એકાંત તો નથી થતું ને? મિથ્યાત્વ એક જ સંસાર હોય તો અવ્રત, પ્રમાદ, કષાય અને યોગને શું કહેશો? શું એ સંસાર નથી? શું એ આસ્રવ-બંધના કારણ નથી? એમ પ્રશ્ન ઉઠે. તો કહે છે કે અવ્રત, પ્રમાદ, કષાય, યોગ તો અલ્પ આસ્રવ છે તેની કોઈ ગણતરી નથી. અનંત સંસારનો આસ્રવ કરનાર તો મિથ્યાત્વભાવ જ છે. માટે, મિથ્યાત્વ જ આસ્રવ છે–બંધ છે–દુઃખ છે–સંસાર છે અને તેનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે જ સંસારનો અભાવ છે, દુઃખના નાશનો ઉપાય છે. સમ્યક્ત્વ તે જ સંવર, નિર્જરા અને મોક્ષ છે. મિથ્યાત્વ તે સંસાર છે તો તેની સામે સમ્યક્ત્વ તે મોક્ષ છે.

અરે પ્રભુ! તારી એક એક શક્તિમાં અનંતી તાકાત છે એવો અનંત શક્તિવાન તું પરમાત્મા છો, તું જિનસ્વરૂપ આત્મા છો. તેની રુચિ છોડીને રાગની રુચિ કરે છે એ પામરતાની રુચિ છે. એ રુચિ તારી પ્રભુતાને લૂંટી લે છે. અનંતકાળમાં તે પોતાની ચીજનું અવલંબન લીધું જ નથી. બાહ્ય ચીજનું અવલંબન લીધું છે. હવે, જો રાગની–વ્યવહારની રુચિનો, પરની રુચિનો, એક સમયની પર્યાયની રુચિનો અભાવ અને ત્રિકાળ જ્ઞાયકભાવની રુચિનો સદ્ભાવ થાય તો એ સમ્યક્ત્વ છે. પરમ સત્ ત્રિકાળી ભગવાનનો આશ્રય લેવો તે જ સમ્યક્ત્વ છે, તે સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ છે. આ મૂળ વાત છે.

અહા! સમ્યગ્દર્શન શું છે તે લોકોને ખબર નથી. એટલે વ્રત લઈ લો, તપ કરો, સંયમ-પાળો એમ બાહ્ય ક્રિયા અને રાગની ક્રિયા કરતાં કરતાં આત્માનો આશ્રય થઈ જશે એમ માને છે, તે મિથ્યાદૃષ્ટિની મૂઢતા છે.

ત્રિકાળી આનંદકંદ પ્રભુ જ મૂળ વસ્તુ છે, તે જ સત્ય છે, તે જ ભૂતાર્થ છે, તે જ યથાર્થ છે, તેની સન્મુખ થઈને સ્વદ્રવ્યનું જ્ઞાન કરીને પ્રતીતિ કરવી એ જ સમ્યગ્દર્શન છે, એ જ સંવર નિર્જરા અને મોક્ષ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે તેની પ્રતીતિ અને અનુભવ થવો તે મોક્ષ છે. અસ્થિરતાનો થોડો ભાગ બાકી છે તે ગૌણ છે, એ તો નીકળી જશે. મૂળ હાથ આવી ગયું પછી શું બાકી રહે!

આત્મા પોતે સાક્ષાત્ ભગવાન છે. 'વસ્તુ' તરીકે આવા ભગવાન આત્માનો અનુભવ કરતાં જે આનંદ સહિત પ્રતીતિ આવે છે તેનું નામ સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ છે. પ્રભુ પોતે મહા ખજાનો છે, તેનો વિશ્વાસ લાવવા જેવો છે. આત્મા પરમ અમૃતનો સાગર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લોકોને એમ લાગે કે શું સમકિત થયું એટલે મોક્ષ થઈ ગયો? અરે ભાઈ! જેણે ત્રિકાળી શક્તિના નાથને અનુભવ સહિત પ્રતીતિમાં લીધો તેણે આખા આત્માને કબજે કરી લીધો છે. જેમાં અનંત ચારિત્રશક્તિ પડી છે, અનંત વીર્ય પડ્યું છે, અનંત આનંદ પડ્યો છે તે બધું કબજે થઈ ગયું. તેનું વીર્ય હવે સ્વ તરફ ગતિ કરવા લાગે છે.

જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે! સમ્યગ્દર્શન સંવર છે, સમ્યગ્દર્શન નિર્જરા છે અને સમ્યગ્દર્શન મોક્ષ છે. કાલે શ્રીમદ્‌માંથી કહ્યું હતું ને! દિગંબરના આચાર્યો એમ માને છે કે આત્મામાં મોક્ષ થતો નથી–મોક્ષ સમજાય છે. અજ્ઞાનમાં એણે માન્યું હતું કે હું રાગાદિ બંધસ્વરૂપ છું, સમ્યક્ત્વ થતાં એ છૂટી ગયું અને પોતાને બંધરહિત–અબંધસ્વરૂપ દેખાવા લાગ્યો. માટે કહ્યું કે જીવનો મોક્ષ થતો નથી પણ હું મોક્ષસ્વરૂપ છું એમ સમજવામાં આવી જાય છે.

સાધારણ માણસને અઘરી લાગે પણ મૂળ મારગની વાતો તો આવી છે ભાઈ! મૂળ મારગ તો સમજ્યા વિના બધું નિરર્થક છે. વૃક્ષનું મૂળ કાપે તો પાંદડા તો પંદર દિવસમાં સૂકાઈ જવાના. તેમ, સંસારવૃક્ષનું મૂળ મિથ્યાત્વ છે, તેનો સ્વભાવના આશ્રયે નાશ કર્યો તો રાગના પાંદડા તો સૂકાઈ જવાના. મૂળમાંથી પોષણ ન મળે એટલે પાંદડા સૂકાઈ જાય. તેમ મિથ્યાત્વરૂપી મૂળનો નાશ થતાં અવ્રત, પ્રમાદ, કષાય આદિને પોષણ નહિ મળતા તે ટળી જાય છે.

સાક્ષાત્ ચૈતન્ય પરમાત્માને અનુસરી ને જે પરિણતિ પ્રગટ થાય એ જ સમ્યગ્દર્શન છે, એ જ સંવર, નિર્જરા અને મોક્ષ છે. સમ્યગ્દૃષ્ટિને વ્રતનો વિકલ્પ આવે છે તે પણ આસ્રવ છે, તો મિથ્યાદૃષ્ટિ વ્રત લઈ લ્યો....વ્રત લઈ લ્યો તો સંસાર છૂટી જશે એમ માને છે પણ એ તો આસ્રવભાવ જ છે. સ્ત્રી-પુત્રાદિ છોડી દઉં તો મારો સંસાર છૂટી જાય...ભાઈ! તને અજીવ અને આસ્રવતત્ત્વની પણ ખબર નથી. જે છૂટાં જ પડ્યાં છે એવા અજીવતત્ત્વને તારાથી ભિન્નપણે જાણ તો એ તો છૂટાં જ છે.

મોક્ષ આત્માનો નિજસ્વભાવ અર્થાત્ જીવની કર્મમળરહિત અવસ્થા છે. અષ્ટપાહુડમાં મોક્ષપાહુડની એક ગાથામાં આવે છે કે સમ્યક્ત્વનું ધ્યાન કરવાથી અષ્ટકર્મનો નાશ થાય છે. હું પૂર્ણ આનંદમય પૂર્ણ શુદ્ધ છું એવું ધ્યાન કરવાથી આઠ કર્મોનો નાશ થાય છે. રાગાદિ મળથી રહિત 'મોક્ષ' એ આત્માની નિર્મળદશા છે.

વાસ્તવમાં વિચારવામાં આવે તો જીવ મોક્ષસ્વરૂપ હોવાથી તેનો મોક્ષ થતો નથી કેમ કે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી–અબંધ છે અને જ્યારે અબંધ છે ત્યારે છૂટશે શું? જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારમાત્ર છે. જીવ તો હંમેશા મોક્ષરૂપ જ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

યથાર્થ દૃષ્ટિએ જોઈએ તો જીવનો મોક્ષ થતો નથી. શ્રીમદે પણ આ વાત ૩૨મા વર્ષમાં લખી છે કે દિગંબરના આચાર્યોએ એવું સ્વીકાર્યું છે કે 'જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે'. હું ત્રિકાળ રાગરહિત છું, મારે બંધન જ નથી. સમયસારમાં ૧૪-૧૫ ગાથામાં પણ આવ્યું કે જીવ અબદ્ધ છે. અબદ્ધ એટલે બંધાયેલો નથી, મોક્ષસ્વરૂપ છે. તે એ રીતે કે આત્મા શુદ્ધસ્વરૂપ છે. આસ્રવ અને બંધ આત્માના સ્વરૂપમાં નથી, માત્ર પર્યાયમાં છે. પુણ્ય-પાપ અને ભાવબંધ આત્માના સ્વરૂપમાં ક્યાં છે! આત્મા તો ભાવબંધ અને ભાવઆસ્રવથી રહિત શુદ્ધસ્વરૂપી છે. વસ્તુમાં બંધ કેવો! વસ્તુસ્વભાવમાં બંધ હોય તો બંધનો અભાવ કદી થાય જ નહિ. પર્યાય અપેક્ષાએ તો અબંધ છે. અંતરમાં અનુભવમાં આવી પ્રતીતિ આવવી તેમાં અનંત પુરુષાર્થ છે. તેની કિંમત નહિ અને બહારથી ક્રિયા કરવામાં રસ છે તેને અંતર અનુભવ ક્યાંથી થાય!

આત્માને દ્રવ્ય અપેક્ષાએ બંધ થયો જ નથી તો પછી મોક્ષ ક્યાંથી થાય! અજ્ઞાનથી એણે માન્યું હતું કે હું રાગસહિત છું અને હું જ બંધાઉં છું.... વિચાર વડે કરી સમજાય છે–સમ્યગ્જ્ઞાન વડે સમજાય છે કે ખરેખર હું રાગથી બંધાયેલો નથી. મારામાં દ્રવ્યબંધ તો નથી જ પણ રાગમાં રોકાવારૂપ જે 'ભાવબંધ' તે પણ મારું સ્વરૂપ નથી.

આ તો વીતરાગમારગ છે બાપુ! સર્વજ્ઞદેવ એક સમયમાં અનંતા કેવળીઓને જાણે, ભૂત, ભવિષ્ય, વર્તમાનને ત્રણકાળને જાણે...અરે! એ જ્ઞાનની સત્તાનું માહાત્મ્ય કેટલું! એક સમયની પર્યાયની એટલી તાકાત છે તો એ દ્રવ્યનું માહાત્મ્ય કેટલું! દ્રવ્ય સ્વભાવે હું મુક્ત જ છું, મને બંધન નથી. માત્ર, માન્યતા એવી હતી કે હું રાગી છું, એવું માનવાપણું શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતું નથી. માટે 'મોક્ષ સમજાય છે' આ વાત શુદ્ધનયની–નિશ્ચયનયની છે. પર્યાયનયવાળા એટલે કે રાગ મારો છે, પુણ્ય મારું છે એમ વળગી રહેલાં જીવો જો આમ આચરણ કરવા લાગે કે મારે કાંઈ બંધ નથી, હું તો મુક્ત છું– તો એ રખડી મરવાના છે કારણ કે પર્યાયબુદ્ધિમાં તો પડેલાં છે અને શુદ્ધનય જેવું આચરણ કરવા લાગે તો શું થાય!

બે વસ્તુ હોય તો બંધ થાય ને! એકલાં આત્માને બંધ કેવો! પ્રવચનસારમાં આવે છે કે 'ભાવબંધ છે તે દ્વિતીય છે, આત્માની ચીજ નથી'. અબંધસ્વરૂપી આત્મા જ્ઞાનમાં આવ્યો તેને મોક્ષ જ છે. એકડે એક અને બગડે બે. બે થાય તો બંધ થાય. એકરૂપ શુદ્ધસ્વરૂપમાં બંધ નથી. સમ્યગ્દર્શનના વિષયભૂત ધ્રુવવસ્તુ અબંધ છે તે અલૌકિક ચીજ છે. તેનું સમ્યગ્દર્શન થયું તેને સમ્યગ્જ્ઞાન અને મોક્ષ થશે જ. જ્યાં અબંધ વસ્તુનું ભાન થયું, શ્રદ્ધા થઈ તે પરિણામ પણ અબંધ થઈ ગયા. દ્રવ્ય અને ગુણો તો અબંધ છે અને પરિણામ પણ અબંધ થઈ ગયાં.

આ મૂળ ચીજ છે તેની સમજ વિના વ્રત-તપ કરીને મરી જાય તો પણ એ એકડા વિનાના મીંડા છે, રણમાં પોક મૂકવા જેવું કાર્ય છે. અરણ્યરૂદનને કોણ સાંભળે!

www.vitragvani.com



ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી પ્રભુ અબંધ જ છે તો એ છૂટશે શું! પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ભગવાન આત્મા કર્મ અને કર્મના નિમિત્તે થતાં વિકારથી **असमाहित** છે. જડ કર્મ અને રાગરૂપી આસ્રવથી આત્મા રહિત છે તેને સહિત માનવો એ ભવનું બીજ છે. ભવનું બીજ એટલે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જ ભવનું બીજ છે.

જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારમાત્ર છે. નિશ્ચયથી તો જીવ ત્રિકાળી જ્ઞાયકભાવ જ છે. સિદ્ધદશા અને સંસારદશા પર્યાય છે માટે વ્યવહાર છે. વીતરાગે કહેલો ત્રિકાળી આત્મા એ જ ખરો 'આત્મા' છે. વીતરાગ સિવાય બીજો કોઈ આત્માની વાત કરે છે તે યથાર્થ આત્મા નથી. કેવળજ્ઞાનમાં ભગવાને એક એક આત્માને જેવો જોયો છે તે આ અબંધ અને શુદ્ધસ્વરૂપી આત્મા છે તેને મોક્ષ કહેવો એ વ્યવહાર છે, પર્યાય છે. દ્રવ્ય તો સદા મોક્ષસ્વરૂપ જ છે.

આ વાત જગપ્રસિદ્ધ છે કે જે મનુષ્ય બીજાના ધન ઉપર પોતાનો અધિકાર જમાવે છે તે મૂર્ખને લોકો અન્યાયી કહે છે. જો તે પોતાની જ સંપત્તિનો ઉપયોગ કરે છે તો લોકો તેને ન્યાયશીલ કહે છે. નિયમસારમાં પણ આવું દૃષ્ટાંત આવે છે કે નિધિ પામીને જીવ એકાંતમાં તેનો ભોગ કરે છે. આ બહારની નિધિનું દૃષ્ટાંત છે. પોતાના પુણ્યના કારણે મળેલી લક્ષ્મી પોતે ભોગવે તો તેને ચોર ન કહેવાય. લૌકિક અપેક્ષાએ તેને ન્યાય કહેવાય, ધર્મ અપેક્ષાએ નહિ. ધર્મની અપેક્ષાએ તો જ્યારે આત્મા પરદ્રવ્યોમાં અહંકાર કરે છે ત્યારે તે અજ્ઞાની મિથ્યાત્વી છે અને જ્યારે આવી ટેવ છોડીને તે અધ્યાત્મિકવિદ્યાનો અભ્યાસ કરે છે તથા આત્મિકરસનો સ્વાદ લે છે ત્યારે તે જ્ઞાની થાય છે.

આ પરદ્રવ્ય મારાં છે, રાગ તે હું છું, પર્યાય માત્ર જ હું છું એમ અહંકાર કરે છે તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આત્મા તો ખરેખર પરદ્રવ્યને તો સ્પર્શતો નથી પણ રાગને પણ સ્પર્શતો નથી. આત્માને માટે 'કરના સો મરના' જેવી વાત છે. આત્માને રહેવાનું સ્થાન–આયતન પોતાનો આત્મા છે, બાકી બધાં પરદ્રવ્ય આત્માને માટે અનાયતન છે. માટે, ભલે તે મુનિ હો, પંચમહાવ્રત પાળતાં હો પણ રાગની ક્રિયા કરવી તે જ મારું કાર્ય છે અને એક સમયની પર્યાય જેવડો જ હું છું એમ માને છે તો તે અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ છે.

રાગમાં અને એક સમયના પરિણમનમાં જ પોતાપણું માનવું તે બદ્ આદત છે (ખરાબ ટેવ) છે. બાહ્ય વિદ્યાઓ પણ બધી નકામી છે, મૂર્ખાઈ છે. આ તમારી બેરીસ્ટરની વિદ્યાને કેવી કહેવી?

રામજીભાઈ :—એ વિદ્યા તો રખડાવનારી વિદ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ડૉટરની વિદ્યા, વકીલની વિદ્યા આદિ બધી વિદ્યા મૂર્ખાઈ ભરેલી છે. જ્યારે હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા, રાગથી ભિન્ન છું એવી આધ્યાત્મિક વિદ્યાનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અભ્યાસ કરે છે–સ્વભાવથી અભિન્ન અને રાગથી ભિન્નપણાનો અભ્યાસ કરે છે ત્યારે તેને સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે, ત્યારથી આત્મિક અતીન્દ્રિય આનંદરસનો સ્વાદ આવે છે. અધ્યાત્મવિદ્યાની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે ત્યારથી અતીન્દ્રિય આનંદ શરૂ થયો તે પાંચમા–છઠ્ઠા–સાતમામાં વધતો વધતો બારમા ગુણસ્થાને પૂર્ણ આનંદ પ્રગટ થઈ જાય છે અને તેરમામાં તો અનંત આનંદ આવે છે. શુભભાવ ઠીક અને અશુભભાવ અઠીક એવો ભાવ પણ તેને હોતો નથી. પ્રમાદમાત્રનું પતન કરીને પુણ્ય-પાપનો ભેદ મટાડી દે છે. આત્માનો આનંદ આવવો તે અપ્રમાદ છે, તેની પાસે શુભભાવ પણ પ્રમાદ છે.

બહિર્મુખતાથી ખસવું અને અંતરમુખ ઝુકવું એ જ અધ્યાત્મ વિદ્યા છે. તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તે કારણે પ્રમત્તભાવનો નાશ થાય છે. અંદરમાં સ્થિરતાની ધારા વધતાં વધતાં ક્ષપકશ્રેણીએ ચડીને કેવળજ્ઞાન પામે છે. પ્રથમ, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું પછી પ્રમાદ છોડી અપ્રમાદમાં આવ્યા અને પછી શુક્લધ્યાનની ધારામાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. જુઓ! આ પરમાત્મા થવાની રીત છે.

કેવળી થયા ત્યાં જ ભગવાનને ચાર ઘાતિકર્મોનો તો નાશ થઈ ગયો. ચાર અઘાતિકર્મ બાકી રહ્યાં તે પણ અલ્પકાળમાં ટળીને ભગવાન આઠગુણ સહિત સિદ્ધપદને પામે છે. પછી તો સાદિ અનંત અનંત કાળ 'પ્રભુ સિદ્ધ' સમાધિસુખમાં જ રહે છે.

મોક્ષ અધિકારમાં આ રીતે સિદ્ધપદપ્રાપ્તિનો ઉપાય બતાવ્યો. અહીં મુખ્ય અભિપ્રાય મમતા દૂર કરવાનો અને સમતા લાવવાનો છે. રાગાદિ મારાં છે એવો અભિપ્રાય છે તે મિથ્યાત્વની મમતા છે. કોઈ એમ કહે કે અમે તો વ્યવહારનું આચરણ કરીએ છીએ અને શ્રદ્ધામાં નિશ્ચય રાખીએ છે તે વાત સાચી નથી. રાગનું કરવું–વ્યવહારનું કરવું–એ આત્માનું કાર્ય નથી.

રાગ કરવાની વાત લોકોને પસંદ બહુ પડે તેથી એ સાંભળવામાં તો મોટી મોટી સભાઓ ભરાય પણ ત્યાં સત્યનું શરણ નથી. ભાઈ! સત્યના શરણ કોઈ જુદી જ ચીજ છે. ત્યાં બીજા સાથે સમન્વય ક્યાંથી થાય! આત્માનો ધર્મ એ જ એક ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી. બધાં ધર્મોને સમાન માને એ લોકો બહુ ઉદાર લાગે પણ બધે ધર્મ ક્યાં છે! ધર્મ તો ભગવાન આત્મા સિવાય બીજે ક્યાંય નથી.

ટૂંકમાં, મુખ્ય અભિપ્રાય એ છે કે પરદ્રવ્યની સંભાળ છોડવી અને સ્વદ્રયની સંભાળ લેવી આ મુખ્ય વસ્તુ છે.

પહેલો છોકરો એક્સીડન્ટમાં વણાઈ ગયો તે બહુ યાદ આવે છે....ડ્રાઈવરની બાજુમાં, વાહનમાં બેઠેલો, સામેથી ટ્રક આવી તેમાં ખેંચાઈ ગયો અને બે વાહન વચ્ચે વણાઈ ગયો. આવી દશા એની થવા યોગ્ય હતી તે થઈ છે પણ મા-બાપને તો મોહનું દુઃખ લાગે છે ને! મા રોતી

www.vitragvani.com



રોતી નીકળી હતી કે બેટા! હું હવે ક્યાં જઈશ! ૨૪ વર્ષનો જુવાનજોધ આમ ચાલ્યો ગયો એટલે ગામ આખામાં ત્રાસ થઈ ગયો. ગામ બંધ રહ્યું. તિથિ ઉપર માણસો કેટલાં બધાં આવ્યા. આવી સ્થિતિ આ જીવની અનંતવાર થઈ છે.

જેમ બહારમાં બે વાહન વચ્ચે માણસ વણાઈ ગયો તેમ રાગમાં એકત્વ માનીને આત્મા મિથ્યાત્વમાં વણાઈ ગયો છે. પોતાના શુદ્ધસ્વરૂપની રુચિ છોડીને, દયા-દાન આદિ એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિએ આત્માની શાંતિને કચરી નાંખે છે, આત્માનો નાશ કરે છે.

આ શરીર તો માંસના પૂતળા છે. પહેલો છોકરો રોટલીની જેમ વણાઈ ગયો તેમ તારી સાથે પણ આવી દશા અનંતવાર ભજી છે ભગવાન! માટે, માંસના પુતળામાં રસ લેવા જેવો નથી. ભાઈ! શરીરની સુંદરતા જોઈને મજા માનવી તે મૂર્ખતા છે. તારી મજા તો તારી પાસે છે. પરથી મજા માનવારૂપ મિથ્યાત્વમાં તો આત્માનો નાશ થાય છે. માટે પરમાંથી આનંદની ગંધ લેવી તે પણ મિથ્યાત્વ છે.

જેમ સોનીના સંગે સોનાની જુદી જુદી અવસ્થાઓ થાય છે પરંતુ તેનું સુવર્ણપણું ચાલ્યું જતું નથી, ગાળવાથી પાછું સોનાનું સોનું જ બન્યું રહે છે. આભૂષણ અનેક પ્રકારના બનાવો તો પણ સોનાનું સોનાપણું ક્યાંય ચાલ્યું જતું નથી. તેમ, આ જીવાત્મા, અનાત્માના સંસર્ગથી અનેક વેષ ધારણ કરે છે પરંતુ તેનું ચૈતન્યપણું ક્યાંય ચાલ્યું જતું નથી. રાગના અને વિકલ્પના સંસર્ગથી આત્મા અનેક વેષ ધારણ કરે છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય.....પંચેન્દ્રિય, સ્ત્રી, પુરુષ આદિ પર્યાયો ધારણ કરે છે પરંતુ તેની ચેતનતા ક્યાંય ચાલી જતી નથી. 'ચૈતન્યનું 'ચેતનપણું' જે ધ્રુવસ્વરૂપે છે તે ક્યાં જાય!' આભૂષણ થવાથી સોનાનું સોનાપણું કાંઈ ચાલ્યું જતું નથી તેમ એકેન્દ્રિય આદિ પર્યાયો ધરવાથી ચેતનનું ચેતનપણું કાંઈ ચાલ્યું જતું નથી, ચેતનપણું તો એવું ને એવું જ રહે છે. આનંદસ્વરૂપ બ્રહ્મ તો આનંદસ્વરૂપ જ રહે છે. આવી દૃષ્ટિ થવામાં અનંત પુરુષાર્થ છે. રાગ ઉપર દૃષ્ટિ છે તેની ગુલાંટ મારીને હું તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવી દૃષ્ટિ કરવામાં અનંત પુરુષાર્થ છે.

❀

**સમયસાર નાટક ઉપર પ્રવચન**
**બીજો ભાગ સંપૂર્ણ**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.